# तेवीस तीर्थंकर


जग रक्खण
जग बन्धव
जग सत्थवाह
जगनाह
जगभावावियक्खण
चउवीसंपि जिणवर
जयंत
जगचिंतामणि
अप्पडिहय सासण
कम्मट्ठ विणासण
उसरे

# તેવીસ તીર્થંકર

: લેખક :

**પ્રોફેસર ચિમનભાઈ ભાઈલાલભાઈ શેઠ,**

એમ. એ. બી. ટી., એલ. એલ. બી.

નિવૃત્ત અધ્યાપક અને ઈતિહાસ વિભાગના અધ્યક્ષ,

એલ. ડી. આર્ટસ કોલેજ. અમદાવાદ.

" જૈનીઝમ ઈન ગુજરાત " અને મહાવીર ચરિત્રના કર્તા.

## સહયોગ

આ પુસ્તક પ્રોફેસર ચિમનભાઈ ભાઈલાલભાઈ શેઠ અને શ્રી. કીર્તીકરભાઈ ચુનીલાલભાઈ શાહના સહયોગથી પ્રસિદ્ધ થાય છે. લેખક પ્રોફેસર ચિમનભાઇ શેઠે પોતાના પુસ્તક માટે કાંઈપણ વેતન લીધું નથી એટલું જ નહિ પણ પ્રકાશન અંગેનું બધું જ કામ વિના વેતન કર્યું છે શ્રી કીર્તિકરભાઈ ચુનીલાલ શાહે પ્રકાશન અંગેની આર્થિક જવાબદારી સંભાળી છે.

## લેખકના "જૈનીઝમ ઈન ગુજરાત" વિષે કેટલાક અભિપ્રાયો

## મુંબઈ સમાચાર, મુંબઈનો અભિપ્રાય.

# ગુજરાતમાં જૈન ધર્મ

(અંગ્રેજીમાં)

લેખક : પ્રોફેસર ચીમનલાલ ભાઈલાલ શેઠ, એમ. એ., એલ. એલ. બી., બી. ટી.

પૃષ્ઠ સંખ્યા—૨૮૨
કિંમત—પાચ રૂપિયા

પ્રકાશક : શ્રી વિજય દેવસૂર સંઘ, ગોડીજી જૈન મંદિર, પાયધુની, મુંબઈ—૩.

ગુજરાતના ઈતિહાસ વિષે આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલા પણ મૌલિક પુસ્તકો નથી. ત્યારે તેમાં પ્રો. ચીમનલાલ શેઠનું અંગ્રેજી ભાષામાં લખાયેલું ઉપરોક્ત પુસ્તક આવકાર દાયક ઉમેરો કરે છે. આ પુસ્તકના પ્રકાશનથી ગુજરાતના ઈ.સ. ૧૧૦૦થી ૧૬૦૦ સુધીના ઈતિહાસ પરનું સાહિત્ય ખરેખર સમૃદ્ધ બન્યું છે. "ઈતિહાસ એટલે રાજાઓના જીવનની જ કથા નહિ, પણ માનવ જીવનની કથા" એ દષ્ટિ બિન્દુ આ પુસ્તકમાં સ્વીકારવામાં આવ્યું છે અને જૈનોએ ગુજરાતના સામાજીક તથા સાંસ્કૃતિક જીવનમાં આપેલા યશસ્વી ફાળાની અહીં સવિસ્તર નોંધ લેવામાં આવી છે. પ્રોફેસર ચીમનલાલે સંસ્કૃત, પ્રાકૃત, જુની ગુજરાતી, ફારસી વગેરેમાં ઉપલબ્ધ એવા સાહિત્યનો અભ્યાસ કરીને આ પુસ્તક લખ્યું છે. અને દરેક વિગત માટે દસ્તાવેજી પુરાવાઓ આપ્યા છે.

ગુજરાતના રાજાઓની ધર્મ સહિષ્ણુતા આપણું ખાસ ધ્યાન ખેંચે છે. કુમારપાળ રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો હતો. છતાં તે રાજા તરીકેનો પોતાનો ધર્મ ભૂલ્યો ન હતો અને જ્યારે ભાવ બૃહસ્પતિએ કુમારપાળને વિનંતી કરી કે સોમનાથનું મંદિર સમરાવવાની જરૂર છે ત્યારે કુમારપાળે તે નવું બાંધી આપ્યું હતું. આમાં જૈનાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યની ઉદારતા પણ તરી આવે છે. તેઓશ્રીએ પણ કહ્યું કે સોમનાથનું મંદિર સમરાવીને તેણે પોતાનો રાજધર્મ બજાવવો જોઈએ.

ગુજરાતના રાજાઓએ ધર્મને નામે કોઈના પર જુલમ ગુજાર્યો નથી. (અજયપાળ એક અપવાદ હતો.) સિદ્ધરાજ જયસિંહના પૂર્વજો શૈવધર્મ

પાળતા હતા. છતાં તેણે સિદ્ધપુરમાં મહાવીર સ્વામીનું અને અણહિલવાડમાં પાર્શ્વનાથ ભગવાનનાં દહેરાસરો બંધાવ્યા હતા. રાજાઓના પગલે પગલે તેમના મંત્રીઓ પણ ચાલતા હતા. વસ્તુપાળ અને તેજપાળ બન્ને ચુસ્ત જૈન હતા છતાં તેમણે અન્ય ધર્મીઓને ઉપયોગી થાય એવાં ઘણા કાર્યો કર્યા હતાં. જૈન મંત્રીઓની જેમ જૈનાચાર્યોએ પણ પોતાની લાગવગનો ઉપયોગ એકલા જૈનો માટે નહિ પણ સમાજના બધા વર્ગો માટે કર્યો છે.

ગુજરાતમાં મુસલમાનોના આગમન પછી બ્રાહ્મણોએ સરસ્વતી પૂજન બંધ કર્યું હતું. પણ જૈનાચાર્યોએ વિષમ કાળમાં પણ સરસ્વતીને અપૂજ રહેવા દીધી ન હતી આજે પણ સંસ્કૃત, પ્રાકૃત કે જૂની ગુજરાતીમાં જૈન મુનિઓએ લખેલાં સેંકડો પુસ્તકો ઉપલબ્ધ છે. પ્રોફેસર ચીમનલાલે આ પુસ્તકમાં કાળક્રમ પ્રમાણે તેમનો ઉલ્લેખ કર્યો છે.

આ પુસ્તક ગુજરાતના ઇતિહાસના અભ્યાસીઓને જ નહિ પરન્તુ મધ્યકાલીન હિન્દના અભ્યાસીઓને પણ અતિ ઉપયોગી થઈ પડશે. અંગ્રેજી ન જાણનારાઓને પણ ઉપયોગી થઈ પડે માટે તેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર થવું જોઈએ. ગુજરાતના ઇતિહાસ પર આવું અભ્યાસ પ્રચુર પુસ્તક લખવા માટે અમે લેખકને તેમજ તેને બહાર પાડવા માટે શ્રી વિજયદેવસૂરિ સંઘ જ્ઞાન સમિતિને અભિનંદન આપીએ છીએ.

મુંબઈ સમાચાર, મુંબઈ

# ઋણ સ્વીકાર

આ પુસ્તક લખવામાં અનેક પુસ્તકોનો આધાર લેવામાં આવ્યો છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિનું ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગરે કરેલો હેમચંદ્રસૂરિના પુસ્તકનો ગુજરાતી અનુવાદ શ્રી મફતલાલ ઝવેરચંદ પંડિતે આચાર્ય હેમચંદ્રના ઉપર્યુક્ત પુસ્તક પરથી લખેલું લઘુ ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, તીર્થંકર ચરિત્ર, જુદા જુદા તીર્થંકરોના ચરિત્રો, કલ્પસૂત્ર, પંચપ્રતિક્રમણસૂત્ર, શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા, પાટણે, પ્રસિદ્ધ કરેલું "જૈન દર્શન", આચાર્ય ભુવન ભાનુસૂરિનું પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ, શ્રી સિદ્ધચક્ર બૃહત પૂજનવિધિ, પંડિત ધીરજલાલ ટોકરસીનું પાર્શ્વનાથ ચરિત્ર, વિવિધ પૂજા સંગ્રહ, શ્રી જૈન–સાહિત્ય–વર્ધક–સભ્ય અમદાવાદ, તરફથી પ્રસિદ્ધ થયેલું શ્રી શાન્તિસ્નાત્રાદિ વિધિ સમુચ્ચયઃ તથા શ્રી સિદ્ધચક્ર યંત્રોદ્ધાર પૂજન વિધિઃ જૈન રામાયણ, જૈન મહાભારત વગેરે મુખ્ય ગ્રંથો છે. આ બધા ગ્રંથોના લેખકો અને પ્રકાશકોનો હું આભાર માનું છું.

– લેખક

મુદ્રક : પૃ ૧ થી ૪૦૦, વિઠ્ઠલભાઈ પરીખ દીપક પ્રિન્ટર્સ, ઘીકાંટા,, અમદાવાદ.

મુદ્રક : પૃ ૪૦૧ થી ૪૦૫ તથા પ્રસ્તાવના, અનુક્રમણિકા વગેરે-મુકુન્દભાઈ બ્રહ્મભટ્ટ, મહિલા પ્રેસ, શાહપુર, અમદાવાદ.

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૪ | ૨ | કુલહર | કુલકર |
| ૪૦ | ૧૮ | પાતાની | પોતાની |
| ૪૮ | ૧૨ | દિશાથા | દિશામાં |
| ૫૫ | ૨ | અક | એક |
| ૬૧ | ૧૦ | ગાણ | ગૌણ |
| ૫૮ | ૧૬ | જીતાયો છે | જીતાયો છું, |
| ૭૫ | ૬ | પડનો | પડતો |
| ૭૬ | ૧૫ | અટલે | એટલે |
| ૭૭ | ૧૯ | ધીર્ય | ધૈર્ય |
| ૯૭ | ૧૫ | આગ્યો | આપ્યો |
| ૮૩ | ૧૭ | નાખે | નામે |
| ૯૮ | ૧૪ | છક | છઠ્ઠ |
| ૧૧૨ | ૧૩ | સ્વશ્રય | સ્વશ્રેય |
| ૧૨૮ | ૩ | શત્ર | શત્રુ |
| ૧૬૨ | ૨૦ | પુત્રને | પુત્ર |
| ૧૬૨ | ૬ | અટલે | એટલે |
| ૧૮૪ | ૨૦ | ઘતપૂજા | ઘૃતપૂજા |
| ૧૯૭ | ૧૭ | તયાર | તૈયાર |
| ૧૪૨ | ૬ | ચડેલા | ચડેલા |
| ૨૧૨ | ૧૦ | રામને | રાજાને |
| ૨૧૩ | ૫ | ફૂર | ક્રૂર |
| ૨૧૫ | ૧૪ | મારાપિતાએ | મારીમાતાએ |
| ૨૨૦ | ૨ | જન | જૈન |
| ૨૪૭ | ૬ | ભરતાં | ભરતમાં |
| ૨૪૮ | ૫ | શીષરી | શિરીષ |

| | | | |
|---|---|---|---|
| ૨૪૯ | ૧ | તયાર | તૈયાર |
| ૨૫૫ | ૧ | જીલ | જીવ |
| ૨૫૫ | ૫ | ક્ષત્રમાં | નક્ષત્રમાં |
| ૨૫૫ | ૫ | શત્રુઓએ | શત્રુઓ |
| ૨૫૫ | ૧૯ | પત | તપ |
| ૨૫૫ | ૨૩ | અન્ય | અન્યત્ર |
| ૨૫૭ | ૧૭ | ચક્રવત્તી | ચક્રવર્તી |
| ૨૬૮ | ૬ | ચક | ચક્ર |
| ૨૫૯ | ૧૫ | ઉદ્દગ | ઉદ્વેગ |
| ૨૬૦ | ૨ | ચાદ | ચૌદ |
| ૨૬૨ | ૯ | ચંચલપુર | અચલપુર |
| ૨૬૨ | ૧૯ | ચંચળપુર | અચલપુર |
| ૨૬૩ | ૨ | ચંચગપુર | અચલપુર |
| ૨૬૩ | ૧૩ | જનધર્મ | જૈનધર્મ |
| ૨૬૫ | ૨૩ | વિષે | વિષ |
| ૨૬૬ | ૧૬ | સન્ય | સૈન્ય |
| ૨૬૭ | ૨૦ | ચનશન | અનશન |
| ૨૬૮ | ૪ | મત્રીને | મંત્રીને |
| ૨૬૯ | ૮ | અક | એક |
| ૨૭૦ | ૧૩ | કામ | કાળ |
| ૨૭૧ | ૧૯ | રૂપ તેનું | તેનું રૂપ |
| ૨૭૨ | ૧૯ | ચિરવત | ચિત્રવત |
| ૨૭૨ | ૨૫ | પત્નીઓનીઓવી | પત્નીઓથી |
| ૨૭૬ | ૧૨ | શંખકુમારને કહ્યું | શંખકુમારે |
| ૨૭૭ | ૧૨ | દીક્ષાઅને સ્વર્ગગમન | ચેકીનાખો |
| ૨૭૭ | ૧૮ | થયો | થયા |
| ૨૭૮ | ૧૨ | તેને | ચેકીનાખો |
| ૨૮૧ | છેલ્લી | સમુદ્રાવજય | સમુદ્રવિજય |
| ૨૮૩ | ૧૮ | મળવા ગયા | મળવા ગયા |

| | | | |
|---|---|---|---|
| | | વસુદેવને | ત્યારે રાજાએ વસુદેવને |
| ૨૮૪ | ૧૬ | સમુદ્રવિજય | સમુદ્રવિજયે |
| ૨૮૮ | ૧૪ | થળ્યો | મળ્યો |
| ૨૮૯ | ૧૨ | દીધા | દીધો |
| ૨૯૧ | ૧૨ | કુનકવતીનો | કનકવતીના |
| ૨૯૩ | ૪ | ચરણ્ય | અરણ્ય |
| ૨૯૬ | ૧૫ | નિદોપ | નિર્દોષ |
| ૨૯૬ | ૨૪ | કદળ | કદંબ |
| ૨૯૭ | ૧ | રાજાએએ | રાજાઓએ |
| ૨૯૭ | ૮ | ઘ્યુત | ઘુત |
| ૨૯૭ | ૨૧ | વરીની | વૈરીની |
| ૩૦૩ | ૧૫ | મૃત્યુ | મૃત્યુ |
| ૩૦૪ | ૧૩ | ચત્યમાં | ચૈત્યમાં |
| ૩૦૫ | ૧૬ | રૂપે | રૂવે |
| ૩૦૫ | ૨૦ | ચરસામાં | અરસામાં |
| ૩૦૬ | ૨ | ભોગાવ્યું | ભોગવ્યું |
| ૩૦૭ | ૧૯ | ધાધો | લીધો |
| ૩૧૦ | ૧૭ | મુક્ષ | પુત્ર |
| ૩૧૩ | ૧ | નસિકા | નાસિકા |
| ૩૧૫ | ૨૨ | મારા | મારી |
| ૩૨૦ | ૨૪ | ચત્યો | ચૈત્યો |
| ૩૨૧ | ૯ | ગ્રવ ર્ | ગર્વ |
| ૩૨૨ | ૧૦ | શ્રકૃષ્ણ | શ્રીકૃષ્ણ |
| ૩૨૨ | ૧૩ | પ્રતિજ્ઞા | પ્રતિમા |
| ૩૩૦ | ૧૩ | કંઈ વખત | કોઈ વખત |
| ૩૩૩ | ૫ | રાજાઓએ | રાજાઓ |
| ૩૩૫ | ૭ | અષ્ટનેમિ | અરિષ્ટનેમિ |
| ૩૩૫ | ૧૨ | ભગવાન | ભગવાને |

| | | | |
|---|---|---|---|
| ૩૩૬ | ૨૦ | સ્વીકાર્ય | સ્વીકાર્યું |
| : ૩૩૬ | ૧૧ | વિચાર્ય | વિચાર્યું |
| : ૩૩૭ | ૪ | ચિંતાતર | ચિંતાતુર |
| : ૩૩૭ | ૧૪ | નેમિનાથ | નમિનાથ |
| : | | તીર્થંકરે | તીર્થંકરે |
| : ૩૩૮ | ૧૭ | પરણાવા | પરણવા |
| : ૩૪૧ | છેલ્લી | નેમિકમારને | નેમીકુમારને |
| : ૩૪૨ | ૨૨ | કાજાણીન | કાજણીના |
| : ૩૪૩ | ૫ | કાઠા | કાંઠા |
| ૩૪૫ | છેલ્લી | સાંભળવ | સાંભળવા |
| ૩૫૦ | ૭ | મૂછયું | પૂછયું |
| ૩૫૧ | ૩ | પૂર્વભવાં | પૂર્વભવમાં |
| ૩૫૫ | ૬ | યોગ્ય હોય | યોગ્ય હોયતે |
| ૩૫૬ | ૨૪ | પ્રયત્ય | પ્રયત્ન |
| ૩૫૮ | ૧૦ | વાસુદેના | વાસુદેવના |
| ૩૫૮ | છેલ્લી | અંતરાકર્મ | અંતરાયકમ |
| ૩૫૯ | ૧૩ | યયેલો | થયેલા |
| ૩૬૧ | છેલ્લી | વશાખ | વૈશાખ |
| ૩૬૨ | ૨૨ | સ્વશ્રય | સ્વશ્રેય |
| ૩૬૪ | ૨ | પચ્ચમાણ | પચ્ચખાણ |
| ૩૬૫ | ૭ | પથી | પછી |
| ૩૬૬ | ૧૫ | સાયંકાએ | સાંયંકાળે |
| ૩૬૮ | ૧૬ | તેને | તેના |
| ૩૬૮ | ૧૭ | મોટે | મોટો |
| ૩૭૦ | ૬ | ઉપાર્જને | ઉપાર્જન |
| ૩૭૨ | ૫ | અંત?પુર | અંતઃપુર |
| ૩૭૪ | ૨૪ | મથાળાવાળી આખી લીટી ચેકી નાખો. | |

| | | | |
|---|---|---|---|
| ૩૭૫ | ૧૫ | મથાળું ચેકી નાખો | |
| ૩૭૮ | ૧૫ | બ્રહ્મદત્ત | બ્રહ્મદત્તે |
| ૩૮૦ | ૧૬ | બ્રહ્મદત્ત | બ્રહ્મદત્તે |
| ૩૮૦ | ૧૮ | શ્રષ્ઠિ | શ્રેષ્ઠી |
| ૩૮૧ | ૧૬ | દતને | દૂતને |
| ૩૮૫ | ૫ | મૃત્યું | મૃત્યુ |
| ૩૮૯ | ૧૩ | અટ્ઠુતરતસ | અટ્ઠુતરસય |
| ૩૯૦ | ૧૧ | પ્રાલમ્બભદ્દ | પ્રાલમ્બભૂદ્દ |
| ૩૯૪ | છેલ્લી | સના | સૌને |
| ૩૯૬ | ૯ | સશ્કરે | લશ્કરે |
| ૩૯૬ | ૧૩ | આવી | આપી |

## પ્રાપ્તિ સ્થાન

(૧) કીર્તિકરભાઈ ચુનીલાલ શાહ, ૧૦ આદર્શ સોસાયટી, નવરંગપુરા,
**અમદાવાદ-૯**

(૨) ચીમનભાઈ ભાઈલાલભાઈ શેઠ,
ચચંળ નિવાસ, ૧૯૭, આઝાદ સોસાયટી, આંબાવાડી,
**અમદાવાદ-૧૫**

(૩) સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ, **અમદાવાદ-૧**

(૪) **જૈન પ્રકાશન મંદિર,**
જસવંતલાલ ગીરધરલાલ, ડોશીવાડાની પોળ, **અમદાવાદ.**

(૫) મેઘજી હીરજી જૈન, બુકસેલર,
૨૧૯-A કીકાસ્ટ્રીટ, ગોડીજી ચાલ, **મુંબઇ નં. ૨.**

# જ્ઞાનપિપાસુ કીર્તિકરભાઈની જીવન પરિમલ

જ્ઞાની પુરૂષોએ માનવજીવનને શ્રેષ્ઠ જીવન કહ્યું છે. માનવ પોતાનાં જીવનને શ્રેષ્ઠ સમજીને સમયે સમયની કિંમત આંકે તો મહાન બની શકે છે. જ્ઞાન પિપાસુ કીર્તિકરભાઈનો જન્મ ઇ.સ. ૧૯૯૮માં સુરત શહેરમાં થયો હતો. ધર્મનિષ્ઠ ચુનીલાલભાઈને ત્યાં થયેલ. માતાનું નામ મણીબેન હતું. નાની ઉંમરમાં જ માતાવિયોગી બન્યા. તેમના પિતાશ્રી સુરતથી અમદાવાદ ધંધાર્થે આવી વસ્યા ને કીર્તિકરભાઈને વિદ્યાભ્યાસ માટે સી. એન. છાત્રાલયમાં મુકયા. શાળાનો અભ્યાસ પૂર્ણ કરીને કોલેજમાં દાખલ થયા. આર્થિક પરિસ્થિતિને કારણે અભ્યાસ છોડીને કેલિકો મિલમાં સર્વિસ શરૂ કરી. ન્યાય-નીતિ -પ્રમાણિકતા અને કાર્ય કુશળતા જોઈને મિલ-માલિકે ઇંગલેન્ડમાં મોકલ્યા. પરદેશમાં વ્યવસાય નિપુણતા પ્રાપ્ત કરીને સ્વદેશમાં પાછા ફર્યા.

વ્યાપારની જવાબદારી પોતાનાં પુત્રોને સોંપી નિવૃત્તિ લઈને ધર્મપરાયણ જીવન શરૂ કર્યું. નવરંગપુરા જૈનસંઘમાં તેમનું સ્થાન અગ્રગણ્ય છે. સંઘના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ છે. સ્વભાવે ખૂબ જ સરળ-મિલનસાર પ્રકૃતિ, ભક્તિ પરાયણ, પરોપકાર-ગંભીરતા-નિસ્પૃહતા ઉદારતા આદિ અનેક ગુણો તેઓશ્રીમાં છે. બંને સમય પ્રતિક્રમણ -સામાયિક-પૂજા-નમસ્કાર મહામંત્રનો તથા લોગસ્સ-ઉવસગ્ગહરં-સ્ત્રોત્રનો જાપ, ગુરૂસેવા-સંઘસેવા, રાત્રી ભોજન ત્યાગ, અનુષ્ઠાનો સાથે સમ્યગ્જ્ઞાન મેળવવાનો-વાંચવા-વંચાવવા-ખરીદવાનો ખૂબ જ રસ હોવાથી પુસ્તકાલય ઘરે બનાવ્યું છે. કિંમતી પુસ્તકો પણ

પોતાની લાયબ્રેરીમાં મળે જ. આ તેમની જ્ઞાનપિપાસા કેટલી છે, તે જણાવે છે. તેમનાં ધર્મપત્નિ શારદાબેન પણ તેમની દરેક ધાર્મિક પ્રવૃતિમાં સહયોગ આપી રહ્યાં છે. તેઓ પણ ધર્મિષ્ઠ અને સરળ સ્વભાવનાં છે.

લક્ષ્મીની સાચી કમાણી કરવા માટે તેમણે અનેક સંસ્થાઓમાં જેમકે મહેસાણા સિમંધરસ્વામિ જિનાલયમાં રૂ. ૧૧૦૦૦–૦૦, ચંદ્રસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં રૂ. ૫૦૦૦–૦૦, શ્રમણ ભગવાન મહાવીરસ્વામિ ત્રેવીસ તીર્થંકરોનું જીવનચરિત્ર લખાવવામાં રૂ. ૯૦૦૦–૦૦, હીરસૌભાગ્યનાં પ્રકાશનમાં રૂ. ૪૦૦૦–૦૦, પાલીતાણા ગીરીવિહારમાં રૂ. ૫૦૦૦–૦૦, નવરંગપુરાનાં બંને ઉપાશ્રયમાં રૂ. ૪૫૦૦–૦૦, ધ્યાનદિપિકામાં રૂ. ૫૦૦૦–૦૦, નારોલ ઉપાશ્રયમાં રૂ. ૧૦૦૦–૦૦, સી.એન. વિદ્યાલયમાં રૂ. ૧૩૦૦૦–૦૦, સ્વજ્ઞાતિમાં આર્થિક વર્ગને સહાય કરવા માટે રૂ. ૧૦,૦૦૦. આમ આર્થિક, સામાજિક, ધાર્મિક ક્ષેત્રોમાં ઉદારતાપૂર્વક તેમનો હાથ લંબાયેલો છે અને સદૈવ દરેક ક્ષેત્રોમાં સક્રિય લાભ લેતાં રહે તેવી નમ્ર વિનંતિ. કીર્તિકરભાઇને સમ્યગ્જ્ઞાન–દર્શન–ચરિત્રમાર્ગ તરફ અભિરૂચિનું–વાતાવરણ મળેલું હોવાથી તેમનાં સુપુત્રોમાં પણ વાત્સલ્યપ્રેમથી વિનય, નમ્રતા, સભ્યતા, સરળતા, આદિ સંસ્કારરૂપ ગુણોનું સિંચન કર્યું છે. વૃધ્ધાવસ્થાની ટોચે પહોંચેલા હોવા છતાં તેઓ દરેક–કાર્યોમાં સ્ફૂર્તિવાળા અને પરમાર્થના કામોમાં રકત છે.

જ્ઞાન–ધ્યાન–દયા–દાન અને શીલથી જેમણે સ્વજીવનને, ફુલની ફોરમની જેમ સુગંધિત બનાવ્યું છે. તે કીર્તિકરભાઈ વિશેષાધિક સત્કાર્યો કરી ઉત્તરોત્તર સાધના દ્વારા આત્મોન્નતિ સાધે અને પરમ-કૃપાળુ પરમાત્મા તેમને દીર્ઘાયુષ્ય બક્ષે એજ **મંગલમય મનોકામના.**

## ગૌહતિ યુનિવર્સિટી જર્નલ, ગૌહતિ (આસામ) નો અભિપ્રાય

Jainism in Gujarat (1100 to 1600 A. D) by Chimanlal Bhailal Sheth, M. A., L L B., B. T. Ahmedabad. Published by shri Bigay devsur Sangh, Pydhoni, Bombay-3. 1953 p. p. 282 Rs. 5

In the eight chapters of **Jainism in Gujart**. prof. Chimanlal Bhailal Sheth traces the growth of Jainism in Gujarat for five centuries from 1100 A. D. to 1600 A. D. The author has derived his materials from authoritative primary and secondary Sources and he has ably established his thesis that Jainism was in a flourishing Condition in Gujarat during the period under review, receiving the patronage of the rulers of Gujarat, their ministers, and the leading citizens of the state, merchant princes, ladies of the aristocracy and the generous public.

The book throws interesting light on the political and cultural history of Gujarat during the ascendancy of Jainism. Jainism was so deeply rooted in the heart of the people that even political disruptions could not disturb the full vigour of the religion. It not only survived the onslaught of Alauddin khilji, emper or of Delhi but it also spread in and around Delhi and the Jain monks and scholars were honoured by Akbar The great, Moghul Emperor.

The Jain monks were eminent Scholars and they wrote valuable treatises of various types, such as

commentary biography prabandha, poem, kavya, grammar, logic.

This book of Mr. sheth will be useful not only to the students of Jainism but be indirectly helpful to the students of Teachers' Training Colleges in our Country, inasmueh as it adds to our knowledge of the Educatonal activities of the time

**D. C. Dasgupta**
GAUHATI UNIVERSITY
Journal

## પ્રોફેસર કેશવલાલ હિંમતરામ કામદાર, વડોદરાનો અભિપ્રાય

I read wiih great interest the comprehensive and well-documented narrative of the Jain Contribution to the history and culture of Gujarat and Saurastra written by Mr. Chimanlal B. Sheth in English. The writer has consulted all a vailable literature which is extant in Sanskrit Prakrit anj Gujarati on the subject and he has tried, his utmost to connect it with the relevant persian literature of thc period.

The Treatment is lucid and balanced

**K. H. Kamdar,**
Professor of History and Politics,
Baroda College,

# અર્પણ

મારા પરમ ઉપકારી પૂ. પિતાશ્રી, સ્વ. ચુનીલાલ ઉત્તમરાય શાહ, સ્વ. માતુશ્રી રંભાબહેન, સ્વ. ભાઈશ્રી મનુભાઈ તથા સ્વ. ભત્રીજા શ્રી ચંદ્રકાન્તભાઈને આ પુસ્તક અર્પણ કરું છું.

એજ લિ. સ્નેહાધીન,

**કીર્તિકર ચુનીલાલ શાહ**



**સ્વ. રંભાબેન ચુનીલાલ શાહ**



**સ્વ. મનુભાઈ ચુનીલાલ શાહ**



**સ્વ. ચંદ્રકાન્ત મનુભાઈ શાહ**



**શ્રી કીર્તિકર ચુનીલાલ શાહ**

# પ્રસ્તાવના

આ પુસ્તકમાં આદિનાથથી પાર્શ્વનાથ સુધીના ત્રેવીસ તીર્થંકર ભગવાન અને તેમનાં શાસનમાં થયેલા ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવના ચરિત્ર આપવામાં આવ્યા છે. આ મહામાનવો મોક્ષપદ પામ્યા છે અથવા પામવાના છે. ત્રેવીસ તીર્થંકરો તો તેજ ભવે મોક્ષે ગયા છે. બાર ચક્રવર્તીઓમાંથી આઠ તો તેજ ભવે મોક્ષ પદ પામ્યાં છે. વાસુદેવ અને પ્રતિવાસુદેવ હવે પછી મોક્ષે જશે. બળદેવોમાંથી કેટલાક મોક્ષે ગયા છે, અને બાકીના હવે પછી મોક્ષ પદ પામશે.

મોક્ષગામી જીવો પણ સુખદુઃખથી પર ન હતા પણ તેમના દુઃખો માટે તેમણે બીજાને દોષ દીધો નથી. તેઓએ દુઃખને દૂર કર્યું નથી પણ દુઃખને સુખમાં ફેરવી નાખવાની કળા તેઓ જાણતા હતા. અર્થાત્ તેઓએ મનને એવી રીતે ઘડયું હતું કે દુઃખ અને સુખ બન્નેમાં તેઓના મનની સમતા ટકી રહે.

પુસ્તકમાં જૈનશાસ્ત્રોના આધારે માહિતી આપવામાં આવી છે છતાં અનુપયોગે જીન આજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ લખાયું હોય તો તેની માફી માગું છું અને તે સુધારવા આચાર્ય ભગવન્તો અને જૈન ગીતાર્થોને વિનંતી કરું છું.

સાધારણ ભણેલો માણસ પણ પુસ્તકનો લાભ લઇ શકે એ હેતુથી ભાષા સાદી વાપરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પુસ્તકનું કદ મોટું ન થઈ જાય માટે મહાવીર સ્વામીનું ચરિત્ર જુદું છપાવવામાં આવ્યું છે.

મોક્ષ પદ પામેલા અથવા પામવાવાળા મહામાનવોના જીવન ચરિત્રોમાંથી પ્રેરણા મેળવી સૌ સુખી થાઓ, પારકાનું હિત કરવાની ભાવનાવાળા બનો અને રાગ દ્વેષથી વિમુક્ત થઈ મુક્તિ સુખ મેળવો એજ અભિલાષા.

શ્રાવણ સુદ આઠમ, વીર નિર્વાણ પચીસમી શતાબ્દિ વર્ષ

૧૪–૮–૭૫ —ચીમનલાલ ભા. શેઠ

# અનુક્રમણિકા

## ઋષભદેવ ચરિત્ર અને ભરત ચક્રવર્તી ચરિત્ર

ઋષભદેવ સ્વામીના પૂર્વ ભવ-(પૃ.-૨-૧૦) પ્રથમભવ-ધનસાર્થવાહ (પૃ.૨) -ચોથો ભવ-મહાબળ વિદ્યાધર (પૃ.૩-૪)-પાંચમો ભવ-લલિતાંગ દેવ (પૃ.૪) -છઠ્ઠોભવ વજ્રજંઘ રાજા (પૃ.૫-૬)- નવમો ભવ જીવાનંદ વૈદ્ય (પૃ.૬)-અગિયારમો ભવ વજ્રનાથ ચક્રવર્તી (પૃ.-૧૦)

આદિનાથના ચ્યવન અને જન્મ કલ્યાણક (પૃ.૧૦-૧૩)-છપ્પન દિગ્ કુમારિકાઓએ કરેલો જન્મ મહોત્સવ (પૃ.૧૪-૧૭)-૬૪ ઈન્દ્રો અને દેવોએ કરેલી પ્રભુની સ્નાત્ર પૂજા (પૃ.૧૭ થી ૨૨)

આદિનાથપ્રભુનો ગૃહસ્થાશ્રમ (૨૩-૨૮) - પ્રથમ રાજા (૨૮-૩૧) -અગ્નિની ઉત્પત્તિ અને કુંભકાર આદિ કલાનું પ્રભુએ કરેલું પ્રવર્તન (૩૧-૩૩) સાંવત્સરિક દાન અને દીક્ષા (૩૪-૩૬.)

શુદ્ધ આહારની અપ્રાપ્તિ અને કચ્છ મહાકચ્છ વગેરેનું જટાધારી તાપસ થવું (૩૭-૩૮) નમિ વિનમિની ભગવાન પાસે રાજ્યની માગણી (૩૮-૩૯) નમિ વિનમિને ધરણેન્દ્રે વિદ્યાધર બનાવ્યા (૩૯-૪૦) શ્રેયાંસકુમારે પ્રભુને કરાવેલ પારણું (૪૩-૪૪) ઋષભદેવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ. કેવળજ્ઞાનનો મહોત્સવ, સમવસરણની રચના અને પ્રભુનો સમવસરણમાં પ્રવેશ (૪૫-૪૮) ભરતનું મરૂદેવી માતા સાથે સમવસરણ તરફ પ્રયાણ (૫૦-૫૧)-ચતુર્વિધ સંઘની સ્થાપના (૫૧-૫૩) ગણધરોની સ્થાપના અને બલિઉત્ક્ષેપ (૫૩-૫૪) પ્રભુના પુત્રોની દીક્ષા (૫૪-૫૬) બાહુબલિનું તપ અને કેવળજ્ઞાન (૫૬-૫૭) પુંડરિક વગેરે મુનિઓને શત્રુંજય ઉપર કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્તિ (૫૮-૫૯) પ્રભુનો પરિવાર (૫૯) પ્રભુનું નિર્વાણ (૫૯-૬૦)

ભરત ચક્રવર્તીનો દિગવિજય (૬૧) સુંદરીની દીક્ષા અને ભરત ચક્રીને આરિસા ભુવનમાં કેવળ જ્ઞાન (૬૧-૬૨).

## વિભાગ બીજો

**શ્રી અજીતનાથજીથી શ્રી શીતલનાથસ્વામી સુધી નવ તીર્થંકરોના ચરિત્ર તથા સગર ચક્રવર્તી ચરિત્ર.**

અજીતનાથના પૂર્વભવ–૬૫. અજીતનાથ ચરિત્ર–૬૫–૭૩. સગર ચરિત્ર ૭૩–૭૯. સંભવનાથ ચરિત્ર ૮૦–૮૩. અભિનંદન સ્વામી ચરિત્ર. ૮૪–૮૬. સુમતિનાથ ચરિત્ર ૮૭–૯૦. પદ્મપ્રભુ ૯૦–૯૩. સુપાર્શ્વનાથ ૯૩–૯૬. ચંદ્રપ્રભુ–૯૬–૯૯. સુવિધિનાથ ૯૯–૧૦૨. શીતલનાથ ૧૦૪–૬.

## વિભાગ ત્રીજો

શ્રેયાંસનાથ–૧૦૭–૧૧૦. વાસુપૂજ્ય સ્વામી ૧૧૦–૧૪–બીજા વાસુદેવ દ્વિપૃષ્ઠ, બળદેવ વિજય અને પ્રતિવાસુદેવ તારક ચરિત્ર –૧૧૪–૧૭.

વિમળનાથ–૧૧૭–૨૦. ત્રીજા વાસુદેવ, ત્રીજા બલદેવ અને ત્રીજા પ્રતિવાસુદેવ –૧૨૦–૨૩.

અનંતનાથ ૧૨૩–૨૭–ચોથા વાસુદેવ, ચોથા બળદેવ અને ચોથા પ્રતિવાસુદેવનાં ચરિત્રો ૧૨૭–૩૦.

ધર્મનાથ–૧૩૧–૩૪. પાંચમા વાસુદેવ પુરૂષસિંહ, બલદેવ સુદર્શન અને પ્રતિવાસુદેવ નિશુંભ ચરિત્ર – ૧૩૪–૩૮. મઘવા ચક્રવર્તી – ૧૩૮–૪૦. સનતકુમાર ચક્રવર્તી ૧૪૦–૪૬.

શ્રી શાન્તિનાથ ચરિત્ર – સ્તુતિ –૧૪૬–૫૦. – પૂર્વભવો – પ્રથમ ભવ શ્રીષેણરાજા – ૧૫૦–૫૨. ચોથો ભવ – અમિતતેજ વિદ્યાધર – ૧૫૨–૫૪. છઠ્ઠો ભવ – અપરાજિત બળદેવ – ૧૫૫ –૫૭ આઠમો ભવ – વજ્રાયુદ્ધ ચક્રવર્તી ૧૫૭–૫૯ દશમો ભવ – મેઘરથ રાજા –૧૫૯–૬૧ શ્રી શાન્તિનાથ ભગવાન અને શાન્તિનાથ ચક્રવર્તી – ૧૬૧–૬૪.

શ્રી કુંથુનાથ સ્વામી – છઠ્ઠા ચક્રવર્તી અને સત્તરમા તીર્થં-કર – ૧૬૪–૬૭.

સાતમા ચક્રવર્તી અને અઢારમા તીર્થંકર શ્રી અરનાથસ્વામી ચરિત્ર – ૧૬૭–૭૦. છઠ્ઠા બલદેવ, છઠ્ઠા વાસુદેવ અને છઠ્ઠા પ્રતિ-વાસુદેવ ચરિત્ર –૧૭૦–૭૨. સુભૂમ ચક્રવર્તી ચરિત્ર – ૧૭૨–૭૫. નંદન બલભદ્ર, દત્ત વાસુદેવ અને પ્રલ્હાદ પ્રતિવાસુદેવ ચરિત્ર – ૧૭૫–૭૭.

શ્રી મલ્લિનાથ ચરિત્ર – ૧૭૭–૮૨.

શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર – ૧૮૨–૮૭. નવમા મહાપદમ ચક્રવર્તી ચરિત્ર – ૧૮૭–૧૯૦.

## વિભાગ ચોથો

## જૈન રામાયણ

પ્રતિવાસુદેવ રાવણનો જન્મ – ૧૯૧–૯૨. રાવણ દિગ્વિજય – ૧૯૨–૩. રાવણ, વિભીષણ અને કુંભકર્ણની વિદ્યા સાધના – ૧૯૩–૯૪. મંદોદરી વગેરે સાથે લગ્ન ૧૯૪–૯૫. રાવણને લંકાની પ્રાપ્તિ – વૈશ્રવણની દીક્ષા – ૧૯૬–૯૭ રાવણે યમરાજનો કરેલો પરાજય – ૧૯૭. વાલીનું રાવણ સાથે યુદ્ધ ૧૯૭–૯૮, રાવણે કરેલી અષ્ટાપદ પર પ્રભુભક્તિ – ૧૯૮–૯૯. રાવણે અટકાવેલ મરૂત રાજાનો યજ્ઞ – ૨૦૦–૧ 'અજ'ના અર્થભેદથી થયેલ યજ્ઞહિંસા–૨૦૧ રાવણના વિજયો – ૨૦૧–૨. પવનંજય અને અંજના ૨૦૨–૬ હનુમાનનું પરાક્રમ – ૨૦૬.

બલદેવ, રામ અને વાસુદેવ લક્ષ્મણનો જન્મ – ૨૦૯, રામનું પરાક્રમ – ૨૦૯–૧૧, દશરથનો વૈરાગ્ય – ૨૧૨, રામની વનવાસ જવા માટે માગણી – ૨૧૨–૧૪. સિંહોદરની લક્ષ્મણને હાથે હાર – ૨૧૪–૧૫ વિજયપુરના રાજા મહિધરની હાર – ૨૧૬–૧૭ નંદા-વર્તના રાજા અતિવીર્યનો પરાભવ અને દીક્ષા – ૨૧૭ દેવના ઉ-પસર્ગમાંથી રામ લક્ષ્મણે મુનિઓને બચાવ્યા – ૨૧૮–૯. દંડકારણ્યની

ઉત્પત્તિ - ૨૧૯-૨૧ સીતાનું હરણ - ૨૨૨-૩ - ખરનું લક્ષ્મણને હાથે મરણ - ૨૨૪. સાહસગતિનો રામે કરેલો સંહાર - ૨૨૫, લક્ષ્મણે કોટિશિલા ઉપાડી - ૨૨૬-૭, હનુમાનના પરાક્રમો - ૨૨૭--૮, અશોક વનમાં હનુમાન - ૨૨૯-૩૦, બિભીષણની રાવણને સલાહ - ૨૩૧-૨, બિભીષણ રામના સેવક તરીકે - ૨૩૨, હસ્ત, પ્રહસ્ત, અને વજ્રોદરનો વધ - ૨૩૨, કુંભકર્ણ અને સુગ્રીવનું યુદ્ધ - ૨૩૨-૩, લક્ષ્મણની મૂર્છા - ૨૩૫, રાવણનો વધ - ૨૩૫-૬. ઈન્દ્રજિત, મેઘવાહન અને મંદોદરીના પૂર્વભવ - ૨૩૭. રામ સીતાનું મિલન - ૨૩૮. સીતા ઉપર ખોટું કલંક - ૨૩૯-૪૧. સીતાનો ત્યાગ - ૨૪૨. સીતાએ રામને મોકલાવેલ સંદેશ (૨૪૨-૩) લવણ, અંકુશે રામ લક્ષ્મણને બતાવેલ પરચો - ૨૪૪-૪૫. સીતાના સતીત્વની સાબિતી અને દીક્ષા-૨૪૫-૬, રામ, લક્ષ્મણ, સીતા, રાવણ અને બિભીષણના પૂર્વભવ-૨૪૭. લક્ષ્મણના પુત્રોની દીક્ષા - ૨૪૮-૯. લક્ષ્મણનું મૃત્યુ અને રામની દીક્ષા - ૨૪૯-૫૨, રામનો અભિગ્રહ અને મુક્તિ - ૨૫૨-૩.

## વિભાગ પાંચમો

નમિનાથ ચરિત્ર - ૨૫૪-૭. હરિષેણ ચક્રવર્તી ચરિત્ર - ૨૫૭-૯. જય ચક્રવર્તી ચરિત્ર ૨૫૯-૬૦.

બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમી (નેમીનાથ) પ્રભુના પૂર્વભવ. પહેલો ભવ-ધનકુમાર - ૨૬૧-૬૪. ત્રીજો ભવ-ચિત્રગતિ વિદ્યાધર - ૨૬૪-૬૭. પાંચમો ભવ - અપરાજિત રાજા - ૨૬૪-૭૩. સાતમો ભવ - શંખ રાજા - ૨૭૪-૭૭.

વસુદેવનો પૂર્વભવ - ૨૭૮-૭૯ કંસનોપૂર્વ ભવ-૨૭૯-૮૦ મથુરાનો રાજા કંસ ૨૮૧-૮૨, વસુદેવનો ગૃહત્યાગ - ૨૮૩-૪ શ્યામા વગેરે સ્ત્રીઓ સાથે વસુદેવના લગ્ન - ૨૮૪-૭, નવકાર મંત્રનો પ્રભાવ - ૨૮૭, કનકવતી - ૨૮૮-૯, વસુદેવ અને કનકવતીનાં લગ્ન - ૨૮૯-૯૧.

કનકવતીના પૂર્વભવ. પહેલો ભવ મમ્મણ રાજાની વીરમતી રાણી - ૨૯૧-૯૨ ત્રીજો ભવ - ધન્ય આહીરની ધુંસરી નામે પત્ની - ૨૯૨-૯૩. છઠ્ઠો ભવ નળ રાજાની દમયંતી રાણી. દમયંતીનો સ્વયંવર - ૨૯૫ - નળે ગુમાવેલું રાજ્ય - ૨૯૭-૮, દમયન્તીનો ત્યાગ - ૨૯૯-૩૦૦. તાપસપુરની સ્થાપના - ૩૦૦-૧. દમયન્તી માસીને ત્યાં-૩૦૨-૩. જૈનધર્મનો પ્રભાવ - ૩૦૩. માતા, પિતા અને પુત્રીનું મિલન-૩૦૩-૪. દમયન્તીના ત્યાગ પછી નળનો વૃત્તાન્ત - ૩૦૪- ૫. નળ દમયન્તી મિલન-૩૦૫. નળ દમયન્તીનું સ્વર્ગારોહણ-૩૦૫-૬. સમુદ્રવિજય અને વસુદેવનું મિલન - ૩૦૭.

કૃષ્ણ વાસુદેવ અને બળભદ્ર રામના પૂર્વભવ-૩૦૭-૮. વસુદેવ અને દેવકીનાં લગ્ન - ૩૦૯-૧૦. કૃષ્ણનો જન્મ - ૩૧૦. ગોપૂજાની ઉત્પત્તિ - ૩૧૧. નેમિનાથ ભગવાનનો જન્મ - ૩૧૨, કૃષ્ણના પરાક્રમો - ૩૧૩-૧૬. કંસનો વધ - ૩૧૬-૧૭, યાદવો અને જરાસંધ - ૩૧૮-૧૯. દ્વારકાની સ્થાપના-૩૨૦. કૃષ્ણની પટરાણીઓ - ૩૨૧-૨૩. પ્રદ્યુમ્ન - ૩૨૩-૨૬. શામ્બ - ૩૨૭-૩૨. પાંડવોની ઉત્પત્તિ અને દ્રૌપદી સ્વયંવર - ૩૩૨-૩૩. પાંડવોનો વનવાસ-૩૩૪. કૃષ્ણનો રાજ્યાભિષેક-૩૩૪. શંખેશ્વરા પાર્શ્વનાથતીર્થ - ૩૩૪-૩૫.

બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિચરિત્ર - નેમિનાથ અને કૃષ્ણની બળ પરીક્ષા - ૩૩૬-૭. કૃષ્ણની પટરાણીઓએ પ્રભુને પરણવા માટે મનાવવા કરેલા પ્રયત્નો ૩૩૮-૪૦. પશુઓનો આર્તસ્વર સાંભળી નેમિનાથનું પાછા ફરવું - ૩૪૩. વિવાહ માટે આગ્રહ કરતા શિવાદેવીને પ્રભુએ આપેલો ઉત્તર - ૩૪૪. રાજીમતીનો વિલાપ - ૩૪૪-૪૫. વિવાહ માટે આગ્રહ કરતા સમુદ્રવિજયને પ્રભુનો ઉત્તર ૩૪૬-૭.

અરિષ્ટનેમિની દીક્ષા - ૩૪૭. રથનેમિનો વૃત્તાન્ત ૩૪૭-૮. શ્રી નેમિપ્રભુને કેવળજ્ઞાન-૩૪૮ તીર્થસ્થાપના - ૩૪૮-૯.

દ્રૌપદી હરણ-૩૪૯-૫૦. દેવકીને છ પુત્રોનો મેળાપ-૩૫૦-૫૧. ગજ સુકુમાલ ચરિત્ર-૩૫૧-૫૩. નભઃસેને સાગરચંદ્રને કરેલ ઉપસર્ગ-૩૫૩. કૃષ્ણને દૈવી ભેરીની પ્રાપ્તિ-૩૫૩-૪. વર્ષાકાળમાં રાજ મંદિરમાં રહેવાનો કૃષ્ણે લીધેલો અભિગ્રહ-૩૫૫. વીરો સાળવી-૩૫૫-૭. કૃષ્ણે મુનિવંદનથી ઉપાર્જેલ તીર્થંકર નામ કર્મ-૩૫૭ ઢંઢણ મુનિ-૩૫૮-૯. રાજીમતી અને રથનેમી-૩૫૯-૬૦. પાલક અને શાંબનું નેમિનાથ પ્રભુને વંદન ૩૬૦. દ્વારકાનો નાશ ૩૬૧-૪ કૃષ્ણનું મૃત્યુ-૩૬૪.-૫ નેમિનાથ પ્રભુનો પરિવાર -૩૬૬-૭.

નેમિનાથ પ્રભુના તીર્થમાં થયેલાં શ્રી બ્રહ્મદત્ત ચક્રવર્તી ચરિત્ર પૂર્વભવ-૩૬૭-૭૨ જન્મ-૩૭૨. બ્રહ્મદત્તનો ગૃહત્યાગ-૩૭૩. ઋષિના આશ્રમમાં બ્રહ્મદત્તનો વિદ્યાભ્યાસ-૩૭૪-૫. બ્રહ્મદત્તનાં લગ્ન-૩૭૫-૬. બ્રહ્મદત્તના મિત્ર વરધનુનો વૃત્તાન્ત-૩૭૬-૮૦. બ્રહ્મદત્તને ચક્રવર્તીત્વની પ્રાપ્તિ-૩૮૧-૮૨. બ્રહ્મદત્તને પૂર્વભવોનું સ્મરણ-૩૮૩-૪. નાગકન્યાનો દુરાચાર જોઈ બ્રહ્મદત્તે કરેલી શિક્ષા-૩૮૪-૫ બ્રહ્મદત્તનું મૃત્યુ ૩૮૬-૭.

શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.-સ્તુતિ-૩૮૭-૯૦ પાર્શ્વનાથ પ્રભુના પૂર્વભવ-પહેલો ભવ-પુરોહિત પુત્ર મરૂભૂતિ-૩૯૦-૯૧. ચોથો ભવ -કિરણવેગ વિદ્યાધર-૩૯૧-૯૨. છઠ્ઠો ભવ-રાજકુમાર વજ્રનાભ મુનિ -૩૯૨ આઠમો ભવ -સુવર્ણ બાહુ ચક્રવર્તી-૩૯૨-૩. દશમો ભવ-પાર્શ્વનાથ પ્રભુ. જન્મ-૩૯૪. કલિંગના રાજાએ કુશસ્થલને ઘેરો ઘાલ્યો-૩૯૫. કુશસ્થલના રાજાની વિનંતીથી અશ્વસેને પાર્શ્વકુમારની સરદારી નીચે મદદ મોકલી-૩૯૬-કલિંગ રાજાએ ઘેરો ઉઠાવી લીધો-૩૯૬. પાર્શ્વકુમારનું લગ્ન-૩૯૭. કમઠ-૩૯૮-૯૯ પાર્શ્વપ્રભુએ સર્પને બચાવી ધરણેન્દ્ર બનાવ્યો-૩૯૯. પાર્શ્વનાથ પ્રભુની દીક્ષા-૩૯૯-૪૦૦. કલિકુંડતીર્થ-૪૦૧. અહિછત્રા તીર્થ-૪૦૧. કુર્કટેશ્વર તીર્થ-૪૦૨-૩. પાર્શ્વ પ્રભુને કેવળજ્ઞાન-૪૦૪-૫. પાર્શ્વ પ્રભુનો પરિવાર-૪૦૫. પાર્શ્વ પ્રભુનું નિર્વાણ-૪૦૫.

# ઋષભદેવ ચરિત્ર
# અને
# ભરત ચક્રવર્તી ચરિત્ર

સકલાર્હત્ પ્રતિષ્ઠાન, મધિષ્ઠાનં શિવશ્રિયઃ ।
ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાન, માર્હન્ત્યં પ્રણિદધ્મહે ॥

—હેમચંદ્રાચાર્ય

ભાવાર્થ : સર્વને પૂજાના સ્થાન રૂપ, મોક્ષ લક્ષ્મીના નિવાસરૂપ, મનુષ્યલોક, પાતાળલોક અને દેવલોકના સ્વામી એવા અર્હંતના ભાવનું (સમૂહનું) અમે ધ્યાન ધરીએ (કરીએ) છીએ.

નામાકૃતિ દ્રવ્ય ભાવૈઃ પુનત સ્ત્રિજગજ્જનં ।
ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિ ન્નર્હતઃ સમુપાસ્મહે ॥

—હેમચંદ્રાચાર્ય

ભાવાર્થ : સર્વ ક્ષેત્રને વિષે અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળને વિષે નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્ય નિક્ષેપ અને ભાવ નિક્ષેપ વડે (કરીને) ત્રણ જગતના લોકોને પવિત્ર કરતા એવા અર્હંત પ્રભુઓની વંદના, સત્કાર અને સન્માદિકથી (અમે) સેવા કરીએ છીએ.

આદિમં પૃથિવીનાથ, માદિમં નિષ્પરિગ્રહં ।
આદિમં તીર્થનાથં ચ, ઋષભ સ્વામિનં સ્તુમઃ ॥

—હેમચંદ્રાચાર્ય

ભાવાર્થ : પહેલા પૃથિવીના પતિ (રાજા), પ્રથમ પરિગ્રહત્યાગી સાધુ અને પહેલા તીર્થંકર એવા ઋષભ સ્વામીની અમે સ્તુતિ કરીએ છીએ.

# શ્રી ઋષભદેવ સ્વામીના પૂર્વભવ

## પ્રથમભવ—ધનસાર્થવાહ

ધનસાર્થવાહને સમ્યક્ત્વ પ્રાપ્તિ :

જંબુદ્વીપમાં મેરૂ પર્વતની પશ્ચિમમાં, વિદેહ ક્ષેત્રમાં ક્ષિતિ પ્રતિષ્ઠિત નામનું નગર હતું. આ નગરમાં પ્રિયંકર (પ્રસન્નચંદ્ર) નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં ધન નામે ઘણો ધનાઢ્ય શેઠ રહેતો હતો. તે એક વખત ઘણા માણસો સાથે વેપારાર્થે વસન્તપુર જવા નીકળ્યો. તે વખતે ધર્મઘોષસૂરિ નામના આચાર્યે પણ ઘણા સાધુઓ સાથે જવાની તેમની ઈચ્છા જણાવી. શેઠે ઘણા હર્ષ સાથે આચાર્યને સાથે લીધા. ચોમાસુ બેઠું એટલે સાર્થવાહે અટવીમાં તંબુઓ નાખી મુકામ કર્યો આચાર્યને મણિભદ્ર નામના સાર્થવાહના મિત્રે નિર્જીવ જગ્યા જોઈ આશ્રમ આપ્યો. ચોમાસાના ચાર માસ ગયા ત્યાં સુધી શેઠ આચાર્યને ભૂલી ગયા અને તેમની કાંઈ ખબર લીધી નહીં. ચોમાસુ પુરું થયે ધન-સાર્થવાહ આચાર્ય પાસે ગયો અને પોતાની ભૂલનો પશ્ચાતાપ કરી, તેમના બે શિષ્યોને આહાર વહોરવા તેડી લાવ્યો. બીજી કાંઈ વહોરવા યોગ્ય વસ્તુ નહીં હોવાથી શેઠે ઘણા ઉત્કૃષ્ટ ભાવપૂર્વક તાજું ઘી વહોરાવી વંદન કરી સમકીત પ્રાપ્ત કર્યું.

ચોમાસુ પૂરું થયા પછી શેઠે પ્રયાણ કર્યું અને તે વસંતપુર પહોંચ્યો અને ઘણું દ્રવ્ય ઉપાર્જન કરી ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરે પાછો આવ્યો અને આયુષ્ય પૂર્ણ થતાં આરાધનાપૂર્વક મૃત્યુ પામ્યો.

## બીજો અને ત્રીજો ભવ–યુગલિક અને દેવભવ

ધનસાર્થવાહ મૃત્યુ પામી મુનિદાનના પ્રભાવથી ઉત્તર કુરુક્ષેત્રમાં યુગલિક થયો અને ત્યાં યુગળિયાનું આયુષ્ય પૂર્ણ કરી. ધન શેઠનો જીવ પૂર્વ જન્મના દાનના ફળથી, સૌધર્મદેવલોકમાં દેવ થયો.

# ચોથો ભવ—મહાબળ વિદ્યાધર

## સ્વયંબુદ્ધ મંત્રીનો ઉપદેશ :

દેવલોકથી ચ્યવી, ધનસાર્થવાહનો જીવ પશ્ચિમ મહાવિદેહની ગંધીલાવતી (મંગલાવતી) વિજયમાં વૈતાઢ્ય પર્વત ઉપર, ગંધ સમૃદ્ધિ નગરમાં, શતબલ રાજાની ભાર્યા રાણી ચંદ્રકાન્તાની કૂખે પુત્રપણે ઉત્પન્ન થયો. રાજાએ તેનું મહાબળ એવું નામ પાડયું. કુંવર મોટો થયા પછી એક દિવસ શતબળ રાજાએ આ શરીર ક્ષણભંગુર જાણી, મહાબળને રાજ્ય સોંપી દીક્ષા લીધી.

મહાબળ રાજા કુમંત્રીઓના યોગે વિષયાંધ અને ધર્મરહિત બનવા લાગ્યો તેથી તેને સાચા રાહે લાવવા સ્વયંબુદ્ધ નામના મુખ્ય મંત્રીએ ભર રાજ્ય સભામાં કહ્યું : " હે મહારાજ ! જેમ કાષ્ઠથી અગ્નિ, નદીઓથી સમુદ્ર, સમુદ્રના જળથી વડવાનળ અને જંતુ-ઓથી યમરાજ તૃપ્તિ પામતા નથી તેમ આ જીવ વિષયોથી તૃપ્તિ પામતો નથી. જે માણસ ઉત્તમ કુળમાં જન્મ પામી ધર્મ નથી કરતા તે બીજા ભવમાં બિડાલ, સર્પ વગેરે નીચ યોનિમાં જાય છે. માટે આપ સુજ્ઞ છો તો સંસારની વાસનાઓમાં મોહ નહીં પામતા ધર્મનો આશ્રય કરો."

આ સાંભળી રાજાએ કહ્યું, " હે મંત્રીશ્વર ! તમે ધર્મ ગ્રહણ કરવાનું કહ્યું તે યુક્ત છે. યોગ્ય અવસરે ધર્મ કરવો જોઈએ. પણ અત્યારે મારી યુવાવસ્થા છે અને તેમાં તો રંગરાગને પોષક વસ્તુ જ અવસરોચિત છે."

મંત્રીએ કહ્યું, "મહારાજ ! આપ યુવાવસ્થામાં છો તે હું જાણું છું, છતાં મેં આપને અવસર સિવાય ધર્મ કરવાની વિજ્ઞપ્તિ કરી તેનું કારણ એ છે કે આજે નંદનવનમાં બે ચારણ મુનિ પધાર્યા હતા. મેં તેમને આપનું આયુષ્ય હાલ કેટલું બાકી છે તે પૂછયું

હતું. તેમણે મને આપનું આયુષ્ય એક માસ બાકી છે એમ જણાવ્યું હતું. આથી હું આપને ધર્મ કરવાની વિનંતી કરું છું."

મહાબળ રાજાએ કહ્યું, "હે સ્વયંબુદ્ધ! હે બુદ્ધિના સમુદ્ર! મારો ખરો બંધુ તો તું જ છે. તેં મને મોહ નિદ્રામાંથી જાગૃત કર્યો. હવે મને કહે કે હું કેવી રીતે ધર્મ કરું. આયુષ્ય થોડું રહ્યું છે તો તેટલા વખતમાં મારે કેટલો ધર્મ સાધવો? અગ્નિ લાગ્યા પછી તત્કાળ કૂવો ખોદવો તે કેમ બને?"

મહાબળે લીધેલી દીક્ષા :

સ્વયંબુદ્ધે કહ્યું, "મહારાજ, ખેદ ન કરો, એક દિવસની પણ દીક્ષા પાળનારો માણસ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, તો હજી એક માસ તો ઘણો છે." પછી મહાબળ રાજાએ તેનું કહેવું માન્ય કરી પોતાના પુત્રને ગાદીપર બેસાડી દીક્ષા અંગીકાર કરી. બાવીસ દિવસનું અણસણ પાળી મહાબળ રાજર્ષિ સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા.

## પાંચમો ભવ—લલિતાંગદેવ

મૃત્યુ બાદ, મહાબળ બીજા દેવલોકમાં શ્રીપ્રભ વિમાનનાં અધિપતિ લલિતાંગ દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં તેણે પ્રાણથી પણ વહાલી સ્વયંપ્રભા દેવી સાથે ક્રીડા કરતાં ઘણો કાળ પસાર કર્યો. સમય જતા સ્વયંપ્રભા દેવી ચ્યવન પામી. લલિતાંગ દેવ શોક વિહ્વળ બની રોવા લાગ્યો. આ અવસરે એક મિત્રે આશ્વાસન આપતાં જણાવ્યું, "હે મહાનુભાવ, તમે ખેદ ન કરો. તમારી દેવી હાલમાં યુગંધર મુનિ પાસે અણસણ કરીને રહેલી છે. તમે ત્યાં જાઓ અને તમારું રૂપ દેખાડો જેથી તમારામાં આસક્તિ પામી નિયાણાપૂર્વક મૃત્યુ પામી તમારી પત્ની થાય." લલિતાંગદેવે તેમ કર્યું અને સ્વયંપ્રભા દેવી મેળવી આનંદ પામ્યો અને ક્રીડામાં આસક્ત બન્યો.

## છઠ્ઠો ભવ—વજ્રજંઘ રાજા

લલિતાંગ દેવ દેવલોકથી ચ્યવી, જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં, પુષ્કલાવતી નામની વિજયમાં, લોહાર્ગલ નામના નગરમાં, સુવર્ણ જંઘ રાજાની લક્ષ્મી નામે સ્ત્રીની કુક્ષિથી પુત્રપણે જન્મ્યો. અહીં માતા–પિતાએ તેનું નામ વજ્રજંઘ પાડયું. સ્વયંપ્રભા દેવી પણ ત્યાંથી ચ્યવી, તે જ વિજયમાં, પુંડરિકિણી ગિરિ નગરીના વજ્રસેન ચક્રવર્તી રાજાની રાણી ગુણવતીની કુક્ષિથી પુત્રીપણે ઉત્પન્ન થઈ. માત–પિતાએ તેનું નામ શ્રીમતી પાડયું. સમય જતાં એક વખત પોતાના મહેલની ગોખમાં બેઠી હતી ત્યારે તેણે નગરના ઉદ્યાનમાં એક મુનિવરના કેવળજ્ઞાન ઉત્સવમાં જતા દેવોને જોયા. દેવતાઓને જોતાં જ તેને મૂર્છા આવી અને તેને જાતિસ્મરણ જ્ઞાનથી પોતાનો સ્વર્ગનો પૂર્વભવ યાદ આવ્યો.

પોતાના પૂર્વભવના જીવનના પ્રસંગોનું ચિત્રપટમાં આલેખન કરાવી પંડિતાધાત્રી દ્વારા રાજમાર્ગમાં તેણે તે ચિત્રપટનું પ્રદર્શન કર્યું. ઘણા લોકોએ તે ચિત્રપટને જોયું અને તેના વખાણ કર્યા. એક વખત વજ્રજંઘ કુમાર તે ચિત્રપટ આગળ આવી ચડયો. ચિત્રપટ જોતાં જ તેનું મગજ ભમવા લાગ્યું અને મૂર્છા ખાઈ એકદમ તે જમીન પર પડયો. શિતોપચાર પછી જાગૃત થઈ તેણે જણાવ્યું કે, "આ ચિત્ર મારા પૂર્વભવનું છે. આ હું લલિતાંગદેવ અને આ મારી પ્રાણ પ્રિયા સ્વયંપ્રભા; મારા જીવનનું યથાર્થ સ્વરૂપ ઓળખનાર તે સ્વયંપ્રભા દેવી જ હોવી જોઈએ." આ વાત સાંભળી વજ્રસેન ચક્રવર્તીએ વજ્રજંઘને બોલાવ્યો અને તેને શ્રીમતી પરણાવી. રાજાની રજા લઈ વજ્રજંઘ લોહાર્ગલ ગયો અને ત્યાં તેના

પિતા સુવર્ણજંઘે તેને રાજ્યગાદી સોંપી દીક્ષા લીધી.

થોડા સમય પછી સાગરસેન અને મુનિસેનના સંપર્કથી વજ્રજંઘે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. રાત્રે તે 'સવારે પુત્રને ગાદી આપી મારે દીક્ષા ગ્રહણ કરવી' તેવા ચિંતનપૂર્વક સૂતો; પણ રાજગાદી માટે તલપાપડ થયેલા રાજકુમારે વિષ ધૂપથી તેના શયનખંડને વાસિત કરી પોતાના માતા–પિતાના પ્રાણ લીધા.

## સાતમો અને આઠમો ભવ—યુગલિક અને દેવભવ

વજ્રજંઘ અને શ્રીમતી બન્ને મૃત્યુ પામી ઉત્તર કુરુક્ષેત્રમાં યુગલિયાપણે ઉત્પન્ન થયાં. યુગલિક આયુષ્ય પૂર્ણ થયે સૌધર્મ દેવલોકમાં તે બન્ને મિત્ર દેવપણે ઉત્પન્ન થયાં.

## નવમો ભવ—જીવાનંદ વૈદ્ય

દેવલોક સંબંધી ભોગ ભોગવી, આયુષ્ય પૂર્ણ થયે વજ્રજંઘનો જીવ ત્યાંથી ચ્યવી ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં સુવિધિ વૈદ્યને ઘેર જીવાનંદ નામે પુત્રપણે ઉત્પન્ન થયો. શ્રીમતીનો જીવ દેવલોકથી ચ્યવી, ઈશ્વરદત્ત શેઠને ત્યાં કેશવ નામે પુત્રપણે ઉત્પન્ન થયો. પૂર્વભવના સંસ્કારથી જીવાનંદ અને કેશવ મિત્ર થયા. મહીધર, સુબુદ્ધિ, પૂર્ણભદ્ર અને ગુણાકર પણ તેમના મિત્ર હતા.

### જીવાનંદે કરેલી મુનિની સારવાર :

એક વખત વૈદ્ય પુત્ર જીવાનંદને ઘેર એક મુનિરાજ વહોરવા પધાર્યા. તેમનું શરીર તપથી સુકાઈ ગયું હતું અને શરીરે કોઢનો રોગ થયો હતો. તો પણ તે ઔષધની યાચના કે સ્પૃહા કરતા ન હતા. જીવાનંદને વ્યાધિનું અને ઔષધનું સારું જ્ઞાન હતું. ચિકિત્સામાં પણ તે કુશળ હતો. મહીધર મિત્રની પ્રેરણાથી

જીવાનંદે મુનિની રજા લઈ તેમની સારવાર કરી. આથી મુનિ નિરોગી અને કાન્તિવાન થયા.

કેટલાક સમય પછી છએ મિત્રોએ વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી અને અનશનવ્રત ગ્રહણ કરી પોતાનો દેહ છોડયો.

## દશમો ભવ—અચ્યુત દેવલોકમાં દેવ

જીવાનંદ વૈદ્યનો જીવ મૃત્યુ પામી અચ્યુત નામના બારમા દેવલોકમાં ઇંદ્રનો સામાનિક દેવ થયો કેશવ વગેરે જીવાનંદના મિત્રો પણ તેજ દેવલોકમાં ઇન્દ્રના સામાનિક દેવ થયા.

## અગિયારમો ભવ-વજ્રનાભ ચક્રવર્તી

જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરિકિણી નામે એક નગર હતું. ત્યાં વજ્રસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે રાણી હતી; દેવલોકથી ચ્યવી, જીવાનંદ વૈદ્યનો જીવ ધારિણીની કુક્ષિ વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. આ સમયે ધારિણી રાણીએ ચૌદ મહાસ્વપ્નો જોયાં. સ્વપ્નલક્ષણપાઠકોએ જણાવ્યું કે રાણીનો કુંવર ચક્રવર્તી થશે. યોગ્ય અવસરે ધારિણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. રાજાએ તેનું નામ વજ્રનાભ પાડયું. જીવાનંદ વૈદ્યના ચાર મિત્રો—મહીધર, સુબુદ્ધિ, પૂર્ણભદ્ર અને ગુણાકર—ના જીવો પણ ધારિણીની કુક્ષિ વિષે પુત્રપણે ઉત્પન્ન થયા અને કેશવનો જીવ સુયશા નામનો રાજપુત્ર થયો.

વજ્રસેનની દીક્ષા :

લોકાન્તિક દેવતાઓએ એક દિવસ વજ્રસેન રાજાને વિનંતી કરી, "હે સ્વામી, ધર્મતીર્થ પ્રવર્તાવો" પછી વજ્રસેન રાજાએ વજ્રનાભને ગાદીએ બેસાડી સાંવત્સરિક દાન આપી દીક્ષા લીધી. પછી પૃથ્વીજળને પવિત્ર કરતા વિહાર કરવા લાગ્યા.

વજ્રનાભે પોતાના દરેક ભાઈને જુદા જુદા દેશ આપ્યા. સુયશાને સારથિ બનાવ્યો. વજ્રસેન પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે જ વખતે વજ્રનાભ રાજાની આયુધશાળામાં ચક્ર રત્ન ઉત્પન્ન થયું અને તેની સાથે બીજાં તેર રત્નો પણ ઉત્પન્ન થયાં. આ ચૌદ રત્નો દ્વારા વજ્રનાભે સમગ્ર પુષ્કલાવતી વિજય સાધ્યો અને સર્વ રાજાઓએ તેનો ચક્રવર્તીપણાનો અભિષેક કર્યો.

વજ્રનાભની દીક્ષા :

એક વખત વજ્રસેન તીર્થંકર ભગવાન સમવસર્યા. વજ્રનાભ ચક્રવર્તી બંધવ અને સારથિ સહિત ભગવંતને વાંદવા ગયો ભગવંતની દેશના સાંભળી વજ્રનાભનું હૃદય વૈરાગ્ય વાસિત થયું અને ભગવાન પાસે દીક્ષાની માગણી કરી. તીર્થંકર ભગવાને કહ્યું, "સારા કામમાં ઢીલ ન કરવી." વજ્રનાભે પુત્રને ગાદી ઉપર બેસાડી ચાર બાંધવો અને સારથિ સાથે દીક્ષા લીધી.

વજ્રનાભ મુનિને પ્રાપ્ત થયેલી લબ્ધિઓ :

વજ્રનાભ મુનિ ઉત્કટ વ્રતનું પાલન કરતા હતા. તેમને અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઈ. તપ, ત્યાગ અને કરૂણાના પ્રવાહથી તરબોળ બનેલ મુનિના શ્લેષ્મ વગેરે સમગ્ર જગતના પ્રાણીઓના ભયંકર રોગોને નાશ કરનારા થયા (ખેલૌષધિ લબ્ધિ). તેમના પાદ સ્પર્શે ભયંકર યાતનાથી પીડાતા માણસો નવીન તે જ પામી યાતના રહિત થવા લાગ્યા. તે મુનિને સ્પર્શીને આવતો પવન પણ જે માણસને સ્પર્શતો તે માણસ રોગ રહિત અને શુદ્ધ પરિણામવાળો બનતો (સર્વૌષધિ લબ્ધિ)

આ ઉપરાંત અનેક જાતની શક્તિઓ વજ્રનામ મુનિને પ્રગટ થઈ. સોયના નાકામાં પણ તંતુની પેઠે પ્રવેશ કરવાને સમર્થ થાય એવી અણુત્વ શક્તિ તેમને પ્રાપ્ત થઈ. મેરૂ પર્વત પણ જાનુ સુધી

આવે એવી પોતાના શરીરને મોટું કરવાની મહત્ત્વ શક્તિ તેમને પ્રાપ્ત થઈ. પોતાના શરીરને પવનથી પણ હલકું કરી શકે એવી લઘુત્વ શક્તિ પ્રગટ થઈ; ઇન્દ્રાદિક દેવો પણ સહન કરી શકે નહિ એવું વજ્રથી પણ ભારે કરવાની ગુરુત્વ શક્તિ તેમને પ્રાપ્ત થઈ. પૃથ્વી ઉપર રહ્યાં છતાં પણ ઝાડના પાંદડાની જેમ મેરૂના અગ્ર ભાગને અને ગ્રહાદિકોને સ્પર્શ કરી શકે એવી પ્રાપ્તિ શક્તિ તેમને પ્રગટ થઈ. ભૂમિની પેઠે જળમાં ગતિ થઈ. શકે અને જળની પેઠે ભૂમિકાને વિષે ઉન્મજ્જન નિમજ્જન કરી શકે એવી પ્રાકામ્ય શક્તિ તેમને પ્રાપ્ત થઈ. ચક્રવર્તી અને ઇન્દ્રની ઋદ્ધિ વિસ્તારવાને સમર્થ એવી ઈશત્વ શક્તિ તેમને પ્રગટ થઈ. જેથી સ્વતંત્ર એવા ક્રૂર જંતુઓ પણ વશ થઈ જાય એવી અપૂર્વ શક્તિ તેમને પ્રાપ્ત થઈ. છિદ્રની જેમ પર્વતના મધ્યમાંથી ગમન કરી શકે એવી અપ્રતિઘાતી શક્તિ તેમને પ્રગટ થઈ. પવનની પેઠે સર્વે ઠેકાણે અદશ્યરૂપ ધારણ કરી શકે એવું અપ્રતિહત અંતર્ધાન સામર્થ્ય તેમને પ્રાપ્ત થયું (બીજા શબ્દમાં કહીએ તો વજ્રનાભ મુનિને વૈક્રિય લબ્ધિ પ્રગટ થઈ.)

આદિ, અંત કે મધ્ય એવું એક પદ સાંભળવા માત્રથી વજ્રનાભ મુનિ આખા ગ્રંથને કહી શકતા (પદાનુસારિણી લબ્ધિ) પાત્રમાં પડેલા અલ્પ ભોજનથી સેંકડો મુનિઓને જમાડી શકતા. (અક્ષીણ મહાનસી લબ્ધિ) કર્મ રાજા જેમ રાયને રંક અને રંકને રાજા કરે તેમ મુનિ સર્વ કરી શકતા. આમ અનેક શક્તિઓ હોવા છતાં તે શક્તિઓનો ઉપયોગ મુનિ કરતા ન હતા. કેમ કે મુમુક્ષુ પુરુષો પ્રાપ્ત થયેલી વસ્તુઓમાં પણ આકાંક્ષા રહિત હોય છે.

વજ્રનાભ મુનિ શક્તિઓ–લબ્ધિઓના પ્રાદુર્ભાવથી અટક્યા નહિ તેમણે તો 'સવિજીવકરું શાસનરસી'ની ભાવના દૃઢ કરી

અને વીશ સ્થાનકની[1] આરાધના વડે તીર્થંકર નામ–ગોત્રકર્મ ઉપાર્જન કર્યું.

## બારમો ભવ–અનુત્તર વિમાનમાં દેવ

વજ્રનાભ મુનિ ખડગની ધારા સમાન સંયમવ્રત પાળી, અણસણ કરી, સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં દેવ થયા.

## ઋષભદેવ ભગવાનનો જન્મ

આદિનાથનું ચ્યવન :

ત્રીજા આરામાં ચોરાસી લાખ પૂર્વ, ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહ્યા ત્યારે અષાઢ માસની કૃષ્ણ ચતુર્થીને દિવસે વજ્રનાભનો જીવ આયુષ્ય પૂર્ણ કરી સર્વાર્થ સિદ્ધ વિમાનમાંથી ચ્યવી, નાભી કુલકરની સ્ત્રી મરૂદેવીની કુક્ષિમાં અવતર્યો. પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે પ્રાણી માત્રના દુઃખનો ઉચ્છેદ થવાથી ત્રૈલોક્યમાં સુખ થયું અને સર્વ સ્થાનકે મોટો ઉદ્યોત થયો.

મરૂદેવી માતાએ દીઠેલા ચૌદ સ્વપ્નો :

જે રાત્રીએ પ્રભુ દેવલોકમાંથી ચ્યવીને માતાની કુક્ષિમાં અવતર્યા તે જ રાત્રીએ નિવાસભવનમાં સૂતેલી મરૂદેવીએ ચૌદ મહાસ્વપ્નો દીઠાં. પ્રથમ સ્વપ્ને ઉજ્જવળ, પુષ્ટ સ્કંધવાળો, દીર્ઘ

---

૧. વજ્રનાભ મુનિએ (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) આચાર્ય (૫) સ્થવીર (૬) ઉપાધ્યાય (૭) સાધુ (૮) જ્ઞાન (૯) દર્શન (૧૦) વિનય (૧૧) ચારિત્ર (૧૨) બ્રહ્મચર્ય (૧૩) સમાધિ (૧૪) તપ (૧૫) દાન (૧૬) વૈયાવચ્ચ (૧૭) સંયમ (૧૮) અભિનવજ્ઞાન (૧૯) શ્રુતપદ અને (૨૦) તીર્થપદની આરાધના કરી આ વીસ પદમાંથી એક પદની પણ ઉત્કટભાવે આરાધના કરવામાં આવે તો સર્વ જીવની કલ્યાણ ભાવનાને ઝંખતા 'તીર્થંકરપદ'ને તે જીવ મેળવી શકે છે. વજ્રનાભ મુનિએ વીસે પદની આરાધના કરી તીર્થંકરપદ નામ કર્મનો બંધ કર્યો.

તેમજ સરલ પૃચ્છાવાળો, સુવર્ણની ઘુઘરમાળવાળો અને જાણે વિદ્યુત સહિત શરદ ઋતુનો મેઘ હોય તેવો વૃષભ જોયો. બીજે સ્વપ્ને શ્વેતવર્ણવાળો, ક્રમથી ઊંચો, નિરંતર ઝરતા મદની નદીથી રમણીય અને જાણે ચાલતો કૈલાસ પર્વત હોય તેવો ચાર દાંતવાળો હસ્તી જોયો. ત્રીજે સ્વપ્ને પીળા નેત્રવાળો, દીર્ઘ જીહ્વાવાળો, ચપલ કેશવાળીવાળો અને જાણે શૂરવીરોનો જયધ્વજ હોય તેમ પૂંછડાને ઉલાળતો કેશરી સિંહ દીઠો. ચોથે સ્વપ્ને, પદ્મ જેવા લોચનવાળી, પદ્મમાં નિવાસ કરનારી અને દિગ્ ગજેન્દ્રોએ પોતાની સૂંઢોથી ઉપાડેલા કુંભોથી શોભતી લક્ષ્મીદેવી દીઠી. પાંચમે સ્વપ્ને નાના પ્રકારના દેવવૃક્ષોનાં પુષ્પથી ગૂંથેલી, સરળ અને ધનુષ્ય ધારીએ આરોહણ કરેલા ધનુષ્ય જેવી લાંબી પુષ્પમાળા દીઠી. છઠ્ઠે સ્વપ્ને જાણે પોતાના મુખનું પ્રતિબિંબ હોય તેવું, આનંદના કારણરૂપ અને ક્રાન્તિ સમૂહથી જેણે દિશાઓને પ્રકાશિત કરેલી છે એવું ચંદ્રમંડળ દીઠું. સાતમે સ્વપ્ને સર્વ અંધકારનો નાશ કરનાર અને વિસ્તાર પામતી ક્રાન્તિવાળો સૂર્ય જોયો. આઠમે સ્વપ્ને ચપળ કાન વડે જેમ હસ્તી શોભે તેમ ઘુઘરીઓની પંક્તિના ભારવાળી અને ચલાયમાન એવી પતાકા વડે શોભતો મહાધ્વજ દીઠો. નવમે સ્વપ્ને વિકસિત કમળોથી જેનો મુખભાગ અર્ચિત કરેલો છે એવો સમુદ્ર મંથન કરવાથી નીકળેલા સુધાકુંભ જેવો અને જળથી ભરેલો-સુવર્ણનો કલશ દીઠો. દશમે સ્વપ્ને જાણે આદિ અર્હંતની સ્તુતિ કરવાને અનેક મુખવાળું થયું હોય તેમ ભ્રમરોના ગુંજારવવાળા અનેક કમળોથી શોભતું મહાન પદ્માકર ( પદ્મ સરોવર ) જોયું. અગ્યારમે સ્વપ્ને પૃથ્વીમાં વિસ્તાર પામેલા શરદઋતુના મેઘની લીલાને ચોરનાર અને ઊંચા તરંગોના સમૂહથી ચિત્તને આનંદ આપનાર

ક્ષીર નિધિ (ક્ષીર સમુદ્ર) દીઠો. બારમે સ્વપ્ને પૂર્વના સ્નેહથી આવ્યું હોય, તેવું કાંતિવાળું વિમાન દીઠું. તેરમે સ્વપ્ને જાણે કોઈ કારણથી તારાઓનો સમૂહ એકત્ર થયો હોય તેવો અને એકત્ર થયેલી નિર્મળ ક્રાન્તિનો સમૂહ રત્નપુંજ દીઠો. ચૌદમે સ્વપ્ને ત્રૈલોક્યમાં રહેલા તેજસ્વી પદાર્થોનું પિંડી ભૂત થયેલું તેજ હોય તેવો પ્રકાશમાન નિર્ધૂમ અગ્નિ મુખમાં પ્રવેશ કરતો દીઠો.

આવી રીતે ચૌદ સ્વપ્નો જોઈ મરૂદેવી માતા જાગ્રત થયાં અને તેમણે સર્વ વૃત્તાંત નાભિ રાજાને કહી સંભળાવ્યો. નાભિ રાજાએ સ્વપ્નનો વિચાર કરી કહ્યું, "તમને ઉત્તમ કુલકર પુત્ર થશે". કારણ કે તે સમયે નાભિકુલકર આગળ મોટામાં મોટું સ્થાન મનુષ્ય લોકમાં કુલકર હતું. તે વખતે ઇન્દ્રના આસનો કંપાયમાન થયા એટલે તેમને ઉપયોગ દેતા ભગવાનના ચ્યવનની ખબર પડી અને તત્કાળ સર્વ એકઠા થઈ ભગવાનની માતાને સ્વપ્નના અર્થ કહેવા માટે ત્યાં આવ્યા. પછી બે હાથ જોડી વિનયપૂર્વક સ્વપ્નના અર્થ કહેલા લાગ્યા.

ઇન્દ્રે કહેલા સ્વપ્નના અર્થ :

" હે સ્વામિનિ ! તમે પહેલા સ્વપ્ને વૃષભ જોયો તેથી તમારો પુત્ર મોહરૂપી કાદવમાં ખૂંચી ગયેલા ધર્મરૂપી રથનો ઉદ્ધાર કરવામાં સમર્થ થશે; હસ્તિના દર્શનથી તમારો પુત્ર ઘણા બળના એક સ્થાનરૂપ થશે. સિંહના દર્શનથી પુરુષોમાં સિંહ જેવા પરાક્રમ વાળો થશે. લક્ષ્મીદેવોના દર્શનથી તમારો પુત્ર ત્રૈલોક્યની સામ્રાજ્ય લક્ષ્મીનો પ્રભુ થશે. પુષ્પમાળા જોઈ તેથી તમારા પુત્રની આજ્ઞા માળાની પેઠે આખું જગત મસ્તક પર વહન કરશે, ચંદ્ર દીઠો તેથી મનોહર અને નેત્રને આનંદ આપનાર થશે. સુર્ય દીઠો તેથી તમારો પુત્ર મોહરૂપી અંધકારનો નાશ કરી જગતમાં ઉદ્યોત કરનાર થશે.

મહાધ્વજ દીઠો તેથી તમારો પુત્ર આપના વંશમાં મોટી પ્રતિષ્ઠાવાળો ધર્મધ્વજ થશે. પૂર્ણ કુંભ જોયો તેથી તમારો પુત્ર અતિશયોને ધારણ કરનાર થશે. પદ્મ સરોવર જોયું તેથી આપનો પુત્ર સંસારરૂપી અટવીમાં પડેલા મનુષ્યોના પાપરૂપ તાપને હરશે. સમુદ્ર દીઠો તેથી તમારો પુત્ર જેની સમીપ ન જઈ શકાય તેમની સમીપે પણ અવશ્ય જવા યોગ્ય થશે. વિમાન જોયું તેથી તમારા પુત્રની વૈમાનિક દેવો પણ સેવા કરશે. રત્નનો ઢગલો જોયો તેથી તમારો પુત્ર સર્વ ગુણરૂપ રત્નોની ખાણ તુલ્ય થશે. મુખમાં પ્રવેશ કરતો અગ્નિ જોયો તેથી તમારો પુત્ર અન્ય તેજસ્વીઓના તેજને દૂર કરનારો થશે. હે માતા! તમે ચૌદ સ્વપ્નો જોયાં તે એવું સૂચવે છે કે તમારો પુત્ર ચૌદ રાજલોકનો સ્વામી થશે."

આવી રીતે સ્વપ્નના અર્થ કહી, મરૂદેવી માતાને પ્રણામ કરી, સર્વ ઇન્દ્રો પોતાના સ્થાનકે ગયા.

આદિનાથનો જન્મ :

હવે મરૂદેવી માતા સૂર્યથી જેમ મેઘ માળા શોભે, મુક્તા ફળથી જેમ છીંપ શોભે અને સિંહથી જેમ પર્વતની ગુફા શોભે તેમ શોભવા લાગ્યાં. ગર્ભના પ્રભાવથી તેમનું લાવણ્ય વિશેષ વૃદ્ધિ પામવા લાગ્યું. એ પ્રમાણે નવ માસ અને સાડા સાત દિવસ થયા. પછી ચૈત્ર માસની કૃષ્ણ પક્ષની અષ્ટમીના દિવસે, અર્ધરાત્રીએ, સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં આવ્યા હતા અને ચંદ્રનો યોગ ઉત્તરાષાઢા નક્ષત્રમાં આવ્યો હતો તે વખતે, મરૂદેવી માતાએ જરાયુ અને રૂધિર વગેરે કલંકથી રહિત, યુગલધર્મી પુત્રને, સુખે કરી જન્મ આપ્યો. તે વખતે વીજળીના ચમકારાની પેઠે ત્રણ જગતમાં, ઉદ્યોત થઈ રહ્યો અને આકાશમાં દેવતાના દેવ દુંદુભી વાગવા લાગ્યા.

## છપ્પન દિગ્ કુમારિકાઓનું આગમન અને તેમણે કરેલો જન્મોત્સવ

આઠ દિગ્ કુમારિકાઓએ સંવર્ત વાયુથી કચરો દૂર કર્યો :

તે સમયે દિગ્ કુમારિકાઓએ આવી ભગવાનના જન્મનો મહોત્સવ શરૂ કર્યો. અધો લોકમાંથી આઠ દિગ્ કુમારિકાઓ[1] ભગવાનના સુતિકાગૃહ પાસે આવી તીર્થંકરની માતાને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદન કરી કહેવા લાગી, 'હે માતા, અમે આપને પ્રણામ કરીએ છીએ. અમે અધોલોકને વિષે રહેનારી આઠ દિગ્ કુમારિકાઓ છીએ. તીર્થંકરના જન્મને અવધિજ્ઞાનથી જાણી, તેમના પ્રભાવથી તેમનો જન્મ મહિમા કરવા માટે અત્રે આવ્યા છીએ. તેથી તમે અમારાથી જરાપણ ભય પામશો નહિ.' એમ કહી ઈશાન ભાગમાં જઈ તે દિગ્ કુમારિકાઓએ ત્યાં પૂર્વ દિશા તરફ મુખવાળુ અને એક હજાર થાંભલાવાળું સૂતિકાગૃહ રચ્યું પછી સંવર્ત નામના વાયુથી સૂતિકાગૃહની ચોતરફ એક યોજન સુધી કાંકરા અને કાંટા દૂર કરી, સંવર્ત વાયુથી સંહરી ભગવાનને પ્રણામ કરી, ગીત ગાતી ગાતી તેમની નજીક ઊભી રહી.

આઠે સુગંધી જળની વૃષ્ટિ કરી :

તેવી જ રીતે આસનના કંપવા વડે પ્રભુનો જન્મ જાણી મેરૂ પર્વત પર રહેનારી આઠ ઊર્ધ્વ લોકવાસી દિગકુમારિકાઓ[2]

---

૧. અધો લોકમાંથી ભોગકરી, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, પુષ્પમાલા અને અનિંદિતા નામની આઠ દિગ્ કુમારિકાઓ આવી હતી. સુવત્સા અને વત્સમિત્રને બદલે કેટલેક ઠેકાણે તોયધારા અને વિચિત્રા આવી હતી એમ જણાવવામાં આવ્યું છે.

૨. ઊર્ધ્વ લોકમાંથી મેઘકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા અને બલાહિકા નામની મેરૂ પર્વત પર રહેનારી આઠ દિગ્કુમારિકાઓ આવી હતી.

ત્યાં આવી અને જિનેશ્વર તથા જિનેશ્વરની માતાની સ્તુતિ કરી, સુગંધી જળની વૃષ્ટિ કરી એક યોજન સુધી છંટકાવ કર્યો અને ઢીંચણ સુધી પચરંગી પુષ્પોથી પૃથ્વીને શોભિત કરી, ઉચિત સ્થાને ઊભી રહી.

**આઠ દર્પણ લઈ ઊભી રહી :**

પૂર્વ રૂચકાદ્રિ[3] ઉપર રહેનારી આઠ દિગ્કુમારિકાઓ[4] વેગવાળા વિમાનોમાં બેસી ત્યાં આવી અને પોતાના હાથમાં દર્પણ રાખી, માંગલિક ગીત ગાતી ગાતી પૂર્વ દિશામાં ઊભી રહી.

**આઠે હાથમાં કળશ લીધા :**

દક્ષિણ રૂચકાદ્રિ પર રહેનારી દિગ્ કુમારિકાઓ[5] પ્રમોદ પામતી ત્યાં આવી અને પ્રથમની દિગ કુમારિકાઓની જેમ જિનેશ્વર અને તેમની માતાને નમન કરી પોતાનું કાર્ય નિવેદન કરી, હાથમાં કળશ ધારણ કરી, દક્ષિણ દિશામાં ગીત ગાતી ઊભી રહી.

**આઠે પંખા લીધા :**

પશ્ચિમ રૂચક પર્વત પર રહેનારી આઠ દિગ્ કુમારિકાઓ[6]

---

૩. રૂચક નામના ૧૩ મા દ્વીપમાં ચારે દિશાઓમાં તથા ચારે વિદિશાઓમાં પર્વતો છે, તેમાંના પુર્વ દિશાના પર્વત પર રહેનારી દિગ્ કુમારિકાઓ પ્રથમ આવી હતી.

૪. નંદા, નંદોત્તરા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયન્તી, જયન્તી અને અપરાજિતા નામની આઠ દિક્ કુમારિકાઓ પૂર્વરૂચકાદ્રિપરથી આવી હતી.

૫. સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુધરા નામની આઠ દિગ કુમારિકાઓ દક્ષિણ રૂચકાદ્રિપરથી આવી હતી.

૬. ઇલાદેવી. સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, અનવમિકા, ભદ્રા અને અશોકા નામની આઠ દિગ કુમારિકાઓ પશ્ચિમ રૂચક પર્વત પરથી આવી હતી.

ત્વરાથી આવી અને પ્રભુ તથા માતાને નમી, વિજ્ઞપ્તિ કરી, હાથમાં પંખા ધારણ કરી, ગીત ગાતી પશ્ચિમ દિશામાં ઊભી રહી.

આઠે ચામર લીધા :

ઉત્તર રૂચક પર્વત પરથી આઠ દિગ કુમારિકાઓ[૭] વેગથી ત્યાં આવી અને ભગવંત તથા તેમની માતાને નમસ્કાર કરી. પોતાનું કાર્ય વિદિત કરી, હાથમાં ચામર ગ્રહણ કરી, ગીત ગાતી ગાતી ઉત્તર દિશામાં ઊભી રહી.

ચારે દીપક લીધા :

વિદિશામાં રહેલા રૂચક પર્વત પરથી ચાર દિગકુમારિકાઓ[૮] પણ આવી અને હાથમાં દીપક રાખી ઈશાન વગેરે વિદિશાઓમાં ગાતી ગાતી ઊભી રહી.

પ્રભુ તથા માતાને રક્ષા પોટલી બાંધી :

રૂચક દ્વીપથી ચાર દિગ્ કુમારિકાઓ[૯] આવી ભગવાનના નાભી નાળને ચાર આગળ રાખી છેદન કર્યું અને એક ખાડો ખોદી તેમાં તે નાખી ખાડાને રત્ન અને વજ્રથી પૂરી દીધો અને તેના ઉપર દ્રોથી પીઠિકા બાંધી. પછી ભગવાનના જન્મગૃહને લગતા પૂર્વ, દક્ષિણ અને ઉત્તર દિશામાં ત્રણ કદલીગૃહ કર્યાં. તે દરેક ગૃહમાં મોટા સિંહાસનોથી શોભાયમાન ચોક રચ્યા. પછી પ્રભુને પોતાના હાથમાં લઈ જિન માતાને ટેકો આપી, દક્ષિણ દિશાના ચોકમાં લઇ ગઈ, ત્યાં બંનેને સિંહાસન ઉપર બેસાડી, સુગંધી લક્ષપાક તેલથી મર્દન કરવા લાગી.

---

૭. અલંબુસા, મિશ્રકેશી, પુંડરિકા, વારૂણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રી નામની આઠ કુમારિકાઓ ઉત્તર રૂચક પર્વત પરથી આવી હતી.

૮. ચિત્રા, ચિત્રકનકા, સતેરા અને સુત્રામણિ નામની ચાર દિગ કુમારિકાઓ વિદિશામાં રહેલા રૂચક પર્વત પરથી આવી.

૯. રૂપા, રૂપાસિકા, સુરૂપા અને રૂપકાવતી રૂચક દ્વીપથી આવી હતી.

પછી દિવ્ય પીઠીથી તેમણે બન્નેને ઉદ્વર્તન કર્યું અને પૂર્વ દિશાના ચોકમાં લઈ જઈ, સિંહાસન પર બેસાડી, નિર્મળ જળથી બન્નેને સ્નાન કરાવ્યું. પછી સુગંધી વસ્ત્રોથી અંગ લૂછીને, ગોશીર્ષ ચંદનના રસથી તેમને અર્ચિત કર્યાં અને આભરણો પહેરાવી, ઉત્તર દિશાના ચોકમાં જઈ, સિંહાસન ઉપર બેસાડ્યા. ત્યાં અરણીના બે કાષ્ઠથી અગ્નિ ઉત્પન્ન કરી, ગોશીર્ષ ચંદનના કાષ્ઠથી હોમ કર્યો અને તેની ભસ્મની રક્ષા પોટલી કરી, બન્નેને હાથે બાંધી. જો કે ભગવાન મોટા પ્રભાવવાળા હતા તો પણ દિગ્ કુમારિકાઓનો એવો ભક્તિ-ક્રમ છે. પછી "તમે પર્વત જેવા આયુષ્યવાળા થાઓ" એવું પ્રભુના કાનમાં કહી, પાષાણના બે ગોળા અફાળ્યા. અને પ્રભુને તથા માતાને સૂતિકાગૃહમાં શૈયા ઉપર સૂવાડી તેઓ માંગલિક ગીત ગાવા લાગી.

## જન્મ મહોત્સવ માટે સૌધર્મેન્દ્રનું આગમન

હવે તે સમયે સૌધર્મ દેવલોકના ઇન્દ્રનું આસન ચલાયમાન થવાથી અવધિ જ્ઞાન વડે તેણે જોયું તો ઋષભ પ્રભુનો જન્મ થયો છે એવું તેના જાણવામાં આવ્યું. તત્કાળ સિંહાસન ઉપરથી ઊઠી, સાત આઠ પગલાં પ્રભુનાં સામા આવી પંચાંગ નમસ્કાર કરી, નમુત્થુણં સ્તોત્ર વડે ભગવાનની સ્તુતિ કરી, બધા દેવતાઓને ભગવાનના જન્મ મહોત્સવ માટે બોલાવવાની પોતાના સેનાધિપતિ દેવને આજ્ઞા કરી. તે સેનાધિપતિએ સુઘોષા નામની ઘંટા ત્રણ વખત વગાડી. તેનો અવાજ થતાં બીજા સર્વ વિમાનોની ઘંટાઓનો અવાજ થવા લાગ્યો તેથી વિમાનોના દેવતાઓ સાવધાન થઈ ત્યાં આવ્યા. તેમને ઇન્દ્રના સેનાધિપતિએ કહ્યું, 'હે દેવતાઓ! ઇન્દ્ર આજ્ઞા કરે છે કે દેવી વગેરે

સર્વ પરિવાર સહિત જંબુદ્રીપના દક્ષિણ ભારતની મધ્યમાં નાભિરાજાને ત્યાં ચાલો. કારણ કે તેમને ત્યાં આદિ તીર્થંકરનો જન્મ થયો છે અને આપણે જન્મ કલ્યાણકનો મહોત્સવ કરવાનો છે."

ઇન્દ્રનો હુકમ થતાં સર્વ દેવતાઓ ઘણા હર્ષથી તૈયાર થઈ ત્યાં આવ્યા. એટલે ઈન્દ્રે પાલક નામના દેવને અનુપમ વિમાન રચવાની આજ્ઞા કરી. તરત જ તે દેવે ઇચ્છાનુગામી વિમાન રચ્યું. તે વિમાનમાં ઇન્દ્ર પોતાની આઠ પટરાણીઓ સહિત, સિંહાસનને પ્રદક્ષિણા દઈ, પૂર્વ તરફના પગથીઓથી સિંહાસન ઉપર ચઢ્યો અને પૂર્વાભિમુખ થઈ, પોતાના આસન ઉપર બેઠો. વિમાનની આગળ પતાકાઓથી શોભતો એક ઇન્દ્રધ્વજ ફરકી રહ્યો હતો. દુંદુભીના અવાજોથી અને ગંધર્વોના વાજીંત્રોના અવાજથી ગર્જનાવાળું તે વિમાન, બીજા વિમાનો સાથે, ઇન્દ્રની ઈચ્છાથી સૌધર્મ દેવલોકના મધ્યમાં થઈ વાયુ વેગે ચાલ્યું. થોડીવારમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર ઉલ્લંઘન કરીને નંદીશ્વર દ્વીપ આવ્યું. તે દ્વીપના રતિકર પર્વત ઉપર ઇન્દ્રે વિમાનને સંક્ષિપ્ત કર્યું. ત્યાંથી આગળ વધતાં કેટલાક દ્વીપ સમુદ્રને ઉલ્લંઘી, ઇન્દ્ર જંબુદ્રીપના દક્ષિણ ભારતમાં આદિ તીર્થંકરના જન્મભુવને આવી પહોંચ્યો. ત્યાં તેણે તે વિમાનમાં પ્રભુના સૂતિકાગૃહની પ્રદક્ષિણા કરી, ઈશાન ખૂણામાં તે વિમાન સ્થાપન કર્યું. પછી વિમાનમાંથી ઉતરીને શક્રેન્દ્ર પ્રભુ પાસે આવ્યો, અને માતા સહિત પ્રભુને પ્રણામ કરી પ્રદક્ષિણા દઈને મરૂદેવી માતાને કહ્યું, "હું સૌધર્મ દેવલોકનો ઇન્દ્ર છું. તમારા પુત્રનો જન્મોત્સવ કરવા હું અત્રે આવ્યો છું માટે તમારે ભય રાખવો નહિ."

## પાંચ રૂપ કરી સૌધર્મેન્દ્ર પ્રભુને મેરૂ પર્વત પર લઇ ગયો.

એવી રીતે કહી, સૌધર્મેન્દ્ર માતાને અવસ્વાપિનીકા નામની નિંદ્રા આપી, પ્રભુનું એક પ્રતિબિંબ કરી તેમના પડખામાં મુકયું, અને પોતાના પાંચ રૂપ વિકુર્વી, એક રૂપે ભગવંતની સમીપે આવી પ્રણામ કરી, વિનયથી નમ્ર થઈ બોલ્યો, હે ભગવન્ આજ્ઞા આપો. પછી ભગવાનને પોતાના બે હાથમાં લીધા. એક રૂપે ભગવાનને છત્ર ધર્યું, બે રૂપે સુંદર ચામરો ધારણ કર્યા અને એક રૂપે ભગવાનની આગળ વજ્ર ધારણ કર્યું. આ રીતે ઇન્દ્ર દેવો સહિત આકાશ માર્ગે ચાલ્યો અને મેરૂ પર્વત પર ગયો. ત્યાં પાંડુક વનમાં, દક્ષિણ ચૂલિકાની ઉપર, અતિપાંડુકંબલા નામની શિલાપર સિંહાસનમાં પ્રભુને પોતાના ખોળામાં લઈ બેઠો.

સૌધર્મેન્દ્ર ઉપરાંત બીજા ત્રેસઠ ઇન્દ્ર પણ પોતાના પરિવાર સાથે જન્મોત્સવમાં ભાગ લેવા આવ્યા. આમ વૈમાનિકના દશ ઇન્દ્ર, ભુવનપતિની દશનિકાયના વીસ ઇન્દ્ર, વ્યંતરોના બત્રીશ ઇન્દ્ર અને જ્યોતિષ્કોના બે ઇન્દ્રોએ પ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણીમાં ભાગ લીધો હતો.

પછી અચ્યૂત ઇન્દ્રના હુકમથી આભિયોગિક દેવતાઓએ એક હજારને આઠ, આઠ જાતના સુંદર કળશો બનાવ્યા. અને તેટલી જ સંખ્યાની સુવર્ણાદિ વસ્તુઓની ઝારીયો, દર્પણ, રત્નના કરંડિયા, દાબડા, થાળ, પત્રિકા અને ફૂલની ચંગેરીઓ વગેરે તત્કાળ ત્યાં લાવ્યા તેમજ સર્વ ક્ષેત્રોમાંથી જળ, પુષ્પો અને સુગંધી વસ્તુઓ ગ્રહણ કરી મેરૂ પર્વત ઉપર લાવ્યા.

## દેવોએ કરેલી પ્રભુની સ્નાત્ર પૂજા

ત્યાર બાદ અચ્યુત ઈન્દ્રે ઉત્તરાસંગ કરી, પારિજાત કલ્પવૃક્ષ વગેરેના ફૂલોની કુસુમાંજલી ગ્રહણ કરી, સુગંધી ધૂપના ધૂમ્રથી ધૂપિત કરી, પ્રભુની પાસે તે કુસુમાંજલી મૂકી. પછી દેવતાઓએ પુષ્પમાળાઓથી અર્ચિત કરેલા સુગંધી જળના કળશો ત્યાં લાવીને મૂકયા, તે કળશો લઈ અચ્યુત ઈન્દ્રે પ્રભુને અભિષેક કરવાનો પ્રારંભ કર્યો. તે વખતે દેવતાઓ દુંદુભીના નાદ કરવા લાગ્યા. અને 'હે જગન્નાથ, હે કૃપાસાગર! તમે જય પામો, તમે આનંદ પામો' એમ ચારણ મુનિઓ બોલવા લાગ્યા. આ રીતે અચ્યૂત ઇન્દ્ર અત્યંત ભક્તિપૂર્વક ભગવાનને કુંભોના જળથી અભિષેક કરતો હતો. તે વખતે આભિયોગિક દેવતાઓ તે કુંભોને બીજા કુંભોના જળથી પૂરતા હતા. એમ વારંવાર ખાલી થતા અને ભરાતા કુંભોથી અચ્યૂત ઇન્દ્રે પ્રભુને અભિષેક કર્યો. પછી દિવ્ય વસ્ત્ર વડે પ્રભુના અંગને લૂછયું. તે સ્નાત્રના જળમાંથી કેટલુંક દેવો પોતાના મસ્તક ઉપર સિંચન કરવા લાગ્યા અને બાકીનું થોડુંક, સુમંસ, નંદન તથા ભદ્રસાલ વન--ઉદ્યાનમાં, નદીઓ પેઠે પ્રવાહ થઈ વહેવા લાગ્યું. પછી ગોશીર્ષ ચંદનના રસથી પ્રભુના અંગ ઉપર વિલેપન કર્યું. તે સમયે કેટલાંક દેવો ઉત્તરાસણ ધારણ કરી, ધૂપ હાથમાં રાખી ઊભા રહ્યા. કેટલાંક છત્ર ધારણ કરવા લાગ્યા. કેટલાંક ચામર વિંઝવા લાગ્યા. કેટલાંક પંખા વડે પ્રભુને પવન નાખવા લાગ્યા. કેટલાંક દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા કેટલાંક સુવર્ણની વૃષ્ટિ કરવા લાગ્યા અને કેટલાંક મધુર સ્વરથી ભગવાનનું સ્તવન કરવા લાગ્યા. કેટલાંક નાચવા લાગ્યા, તો કોઈ કૂદવા લાગ્યા. એવી રીતે અનેક રીતે દેવો પોતાનો હર્ષ પ્રદર્શિત કરી રહ્યા હતા,

ત્યારે અચ્યૂત ઇન્દ્રે પ્રભુને વિલેપન કર્યું. ત્યાર પછી બીજા બાસઠ ઇન્દ્રોએ પણ તેવી જ રીતે પ્રભુની પૂજા કરી.

પછી સૌધર્મેન્દ્રની પેઠે ઈશાન ઈન્દ્રે પોતાના પાંચ રૂપ કર્યાં. તેમાનાં એક રૂપે પ્રભુને ખોળામાં ગ્રહણ કર્યા. એકરૂપથી છત્ર ધારણ કર્યું. બે રૂપે, બે બાજુએ પ્રભુને ચામર વિંઝવા લાગ્યો. અને એક રૂપે હાથમાં ત્રિશુળ રાખી પ્રભુની આગળ ઊભો રહ્યો.

પછી સૌધર્મેન્દ્રે પ્રભુની ચારે દિશાએ ચાર ઊંચા વૃષભ બનાવ્યા. તેમના શૃંગમાંથી જળની ધારાઓ ચાલવા લાગી. તે જળની ધારાઓ ઊંચે જઈ, ભેગી થઇ, પ્રભુ ઉપર પડવા લાગી. તે વડે શક્રેન્દ્રે ભગવાનને અભિષેક કર્યો પછી ઇન્દ્રે વૃષભોને સંહરી લીધા. પ્રભુના શરીરને દેવદુષ્ય વડે લુછ્યું, ઉત્તમ અંગરાગથી વિલેપન કર્યું, અને દિવ્ય વસ્ત્રોથી પૂજા કરી, પ્રભુના મસ્તક ઉપર વજ્ર માણેકનો સુંદર મુગટ, કાનને વિષે કુંડળો, કંઠને વિષે દિવ્ય મોતીની માળા, હાથે બાજુબંધ, કાંડે કંકણ, કમ્મરે સોનાનો કંદોરો, ચરણે તોડા વગેરે આભુષણોથી પ્રભુને અલંકૃત કર્યાં. પછી પારિજાતના ફૂલોની માળા પહેરાવી, પછી પ્રભુની સન્મુખ ઊભા રહી, જરા પાછા ખસી, ત્રણ વાર આરતી ઉતારી શક્ર સ્તવ વડે પ્રભુને વંદન કર્યું.

પછી સૌધર્મેન્દ્ર, પાંચ રૂપ કરી, આકાશ માર્ગે ચાલી, મરૂદેવી માતાના મંદિરે આવ્યો. પ્રથમ મૂકેલ તીર્થંકરનું પ્રતિબિંબ લઈને તે સ્થાનકે માતાની પાસે પ્રભુને મૂકયા અને મરૂદેવી માતાની અવસ્વાપિની નિંદ્રા દૂર કરી. પછી દિવ્ય અને રેશમી વસ્ત્ર યુગલ અને રત્નમય કુંડળ પ્રભુના ઓશીકે મૂકયાં અને એક રત્નજડિત સોનાનો ગેડીદડો ત્યાં મૂકયો. પછી ઇન્દ્રે કુબેરને આજ્ઞા કરી કે બત્રીસ કોટિ સુવર્ણ, બત્રીસ નંદાસન, ભદ્રાસન તથા બીજા અતિ મનોહર વસ્ત્ર વગેરે સંસારિક સુખને આપનારી વસ્તુઓ

પ્રભુના ભવનમાં મૂક્યા. કુબેરે તરતજ તે પ્રમાણે જૃંભક નામના દેવતા પાસે તે વસ્તુઓ મૂકાવી. પછી ઇન્દ્રે આભિયોગિક દેવતાઓને આજ્ઞા કરી કે તમે ચારે નિકાયના દેવતાઓમાં ઉદ્‌ઘોષણા કરો કે 'અર્હંતનું અને તેમની માતાનું જે કોઈ અશુભ ચિંતવશે તેનું મસ્તક અર્જકમંજરીની પેઠે સાત પ્રકારે ભેદાશે' આભિયોગિક દેવોએ ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોને ઇન્દ્રનો હુકમ કહી સંભળાવ્યો. પછી ઇન્દ્રે પ્રભુના અંગુઠામાં અમૃતનો સંચાર કર્યો અને ભગવાનનું સર્વ પ્રકારનું ધાત્રીકર્મ કરવા પાંચ અપ્સરાઓને ત્યાં રહેવા આજ્ઞા કરી.

ઇન્દ્ર ભગવંતને મૂકવા આવ્યા તે સમયે ઘણા દેવો મેરૂ શિખરથી સીધા નંદીશ્વર દ્વીપ ગયા અને ત્યાં તેમણે જુદા જુદા અંજનગિરિ પર્વતોમાં શાશ્વતી પ્રતિમાઓનો ઉત્સવ કર્યો. ઇન્દ્ર ભગવાનના ગૃહથી નંદીશ્વર દ્વીપ ગયો ત્યાર પછી સર્વ દેવો સ્વસ્થાને ગયા.

# શ્રી આદિનાથ પ્રભુનો બાલ્યકાળ અને ગૃહસ્થાશ્રમ

## શ્રી ઋષભ દેવનો બાલ્યકાળ

મરૂદેવી માતા પ્રભાતે જાગ્યા એટલે તેમણે દેવોના આવાગમન સંબંધી રાત્રીનું વૃત્તાન્ત નાભી રાજાને કહ્યું. પ્રભુના ઉરૂને વિષે ઋષભનું ચિહ્ન હતું, તેમજ માતાએ સર્વ સ્વપ્નોમાં પ્રથમ ઋષભ જોયો હતો; તેથી પ્રભુનું ઋષભ એવું નામ પાડયું. તે સાથે યુગ્મધર્મે પ્રસવેલી કન્યાનું સુમંગળા એવું નામ પાડયું. શ્રી ઋષભ દેવ પ્રભુ અદ્ભૂત સ્વરૂપવાળા હતા. અનેક દેવદેવીઓથી પરિવરેલા અને સકલગુણો વડે તે યુગલિક મનુષ્યોથી ઉત્કૃષ્ટ એવા પ્રભુ અનુક્રમે વધવા લાગ્યા. બાલ્યાવસ્થામાં પ્રભુને જ્યારે આહારની અભિલાષા થતી ત્યારે દેવે સંક્રમાવેલા અમૃતના રસવાળા અંગુઠાને પ્રભુ મુખમાં નાખતા. એવી રીતે બીજા તીર્થંકરો પણ બાલ્યાવસ્થામાં આહારની ઈચ્છા થતાં દેવે સંક્રમાવેલા અમૃતના રસવાળા અંગુઠાને પોતાના મુખમાં નાખે છે અને બાલ્યાવસ્થા વ્યતીત થતાં તેઓ અગ્નિથી પકાવેલા આહારનું ભોજન કરે છે; પણ શ્રી ઋષભ દેવે તો દીક્ષા લીધી ત્યાં સુધી દેવોએ આણેલા ઉત્તર કુરુક્ષેત્રના કલ્પવૃક્ષના ફળોનું ભોજન કર્યું હતું.

## પ્રભુના વંશ અને ગોત્રનું સ્થાપન

ઈક્ષ્વાકુ વંશ–કાશ્યપ ગોત્ર :

પ્રભુની ઉંમર એક વર્ષથી કાંઈક ઓછી હતી ત્યારે "પ્રથમ તીર્થંકરના વંશની સ્થાપના કરવી એ શક્રનો આચાર છે." એમ વિચારી તથા "પ્રભુ પાસે ખાલી હાથે કેમ જાઉં"

એમ વિચારી શક્રેન્દ્ર એક મોટી ઈક્ષુયષ્ટિ (શેરડીનો સાંઠો) લઈને નાભિ કુલકરના ખોળામાં બેઠેલા પ્રભુ પાસે આવીને ઊભો રહ્યો. શેરડીનો સાંઠો દેખી હર્ષિત વદનવાળા પ્રભુએ પોતાનો હાથ લાંબો કર્યો, ત્યારે સ્વામીના ભાવને જાણનાર ઈન્દ્રે પ્રભુને પ્રણામ કરી, 'આપ શેરડી ખાશો?' એમ કહી ભેટણાની પેઠે તે ઈક્ષુયષ્ટિ સ્વામીને અર્પણ કરી. ત્યાર પછી "પ્રભુને ઈક્ષુનો અભિલાષ થયો તેથી તેમનો વંશ ઈક્ષ્વાકુ નામનો થાઓ અને તેમનું ગોત્ર કાશ્યપ નામનું થાઓ" એમ કહી શક્રેન્દ્રે પ્રભુના વંશની સ્થાપના કરી.

અનુક્રમે બાળવયનું ઉલ્લંઘન કરી પ્રભુ યૌવનાવસ્થાને પ્રાપ્ત થયા. ભગવાનનું શરીર, અનેક રત્નોથી રત્નાગારની પેઠે, નાના પ્રકારના અનેક અસાધારણ લક્ષણથી શોભતું હતું. ઇન્દ્ર તેમને હસ્તાવલંબન આપતો. યક્ષો ચામર વિંઝતા. ધરણેન્દ્ર તેમનો દ્વારપાળ હતો અને બીજા અસંખ્ય દેવો 'ઘણું જીવો, ઘણું જીવો' એમ બોલતા ચો તરફ વીંટાઈને રહેતા. પ્રભુની આગળ દેવો તથા અપ્સરાઓ અનેક પ્રકારનાં નાટક વગેરે કરી પ્રભુને ખુશી કરતા હતા. તે સઘળું ભગવાન અનાસક્તિપણે જોતા.

## સુનંદા—ઋષભ પત્ની તરીકે

યુગલિકનું અકાળ મરણ :

એક દિવસ બાળપણને યોગ્ય, પરસ્પર ક્રીડા કરતું કોઈ યુગલિયાનું જોડું તાડ વૃક્ષ નીચે ગયું. તે વખતે કર્મયોગે તાડ વૃક્ષનું મોટું ફળ તેના ઉપર તૂટી પડ્યું. તેનો મસ્તક ઉપર પ્રહાર થતાં તેમાંનો બાળક–પુરુષ મરણ પામ્યો અને બાલિકાને તેના માતા–પિતા ઘેર લાવ્યા અને તેને ઉછેરી

મોટી કરી અને સુનંદા એવું તેનું નામ પાડયું. કેટલેક દિવસે તેનાં માતા-પિતા મરણ પામ્યાં. માતા-પિતા મરણ પામતાં એકલી પડેલી તે બાળા વનમાં ભ્રમણ કરવા લાગી. તે જોઈ કેટલાંક યુગલિયાઓએ તેને નાભિ રાજા પાસે લાવી સર્વ હકીકત કહી. આ બાલિકા ઋષભની પત્ની થાઓ એમ કહી નાભિ રાજાએ તે બાલિકાને પોતાને ત્યાં રાખી.

## પ્રભુનો વિવાહ

સૌધર્મેન્દ્ર પ્રભુના વિવાહ સમયને અવધિ જ્ઞાનથી જાણી પ્રભુ પાસે આવ્યા અને વિનંતી કરી કે " હે નાથ! હું આપનો અભિપ્રાય જાણ્યા સિવાય કહું છું. તેથી આપ મારા ઉપર અપ્રીતિ કરશો નહિ. હું જાણું છું કે આપ ગર્ભવાસથી જ વીતરાગ છો અને અન્ય પુરુષાર્થની અપેક્ષા નહિ હોવાથી ચોથો પુરુષાર્થ જે મોક્ષ છે તેને માટે સજ્જ થયેલા છો. તથાપિ હે નાથ! મોક્ષમાર્ગની પેઠે લોકોનો વ્યવહાર માર્ગ પણ આપનાથી જ પ્રકટ થવાનો છે. તેથી તે લોકવ્યવહારના પ્રવર્તન માટે હું આપનો પાણિગ્રહણ મહોત્સવ કરવાની ઈચ્છા રાખું છું. આપ પ્રસન્ન થાઓ. હે સ્વામી! ભુવનમાં ભૂષણરૂપ રૂપવતી અને આપને યોગ્ય એવી સુનંદા અને સુમંગળાને આપ પરણવાને યોગ્ય છો. "

લગ્ન વિધિ :

તે સમયે ઋષભદેવ ભગવંતે અવધિ જ્ઞાન વડે પોતાને ત્યાશી લાખ પુરવ સુધી ભોગવવાનું દઢ ભોગ કર્મ છે અને તે અવશ્ય ભોગવવું જ પડશે એમ જાણી નીચું જોઈ રહ્યા. ઇન્દ્રે સ્વામીનો અભિપ્રાય જાણી લગ્નનો આરંભ કરવા માટે દેવોને બોલાવ્યા. તુરત જ દેવતાઓએ હાજર થઈ એક સુંદર મંડપ

રચ્યો અને તેને સુધર્મા સભા જેવો શણગાર્યો અને દેવીઓ અને અપ્સરાઓ તે મંડપમાં આવી ઘણા હર્ષથી લગ્નની સામગ્રીઓ તૈયાર કરવા લાગી. કેટલીક દેવીઓએ સુનંદા અને સુમંગળાને અનેક ઉત્તમ દ્રવ્યોથી અભ્યંગ કરી સ્નાન કરાવ્યું. ત્યાર પછી દિવ્ય વસ્ત્રાભરણો પહેરાવી તે દેવીઓએ તેમને તેડી, માતૃ ભુવનની અંદર સોનાના આસન ઉપર બેસાડી. એક તરફ દેવતાઓ પ્રભુને સ્નાન વિલેપન કરી, આભૂષણોથી શણગારી, દિવ્ય વાહનમાં બેસાડી, મંડપ સમીપ લાવ્યા. પછી પ્રભુ વાહનમાંથી ઉતરી મંડપ દ્વાર પાસે આવીને ઉભા રહ્યા. તુરત જ મંડપની સ્ત્રીઓ-માંથી કોઈએ, અગ્નિ અને મીઠું અંદર હોવાથી, તડતડાટ કરતું એક સરાવ, સંપુટ દ્વારના મધ્ય ભાગમાં મૂકયું. તેમજ મંગળ પદાર્થોવાળો રૂપાનો થાળ પ્રભુની આગળ મૂકયો. એક સ્ત્રી કસુંબી વસ્ત્ર પહેરી, જાણે પ્રત્યક્ષ મંગળ હોય એવા પંચ શાખે યુક્ત રવૈયાને ઊંચો કરી, અર્ધ આપવા ઊભી રહી. 'હે અર્ઘ આપનારી, આ અર્થ આપવા લાયક વરને અર્ઘ આપ. ક્ષણવાર માખણ ઉડાડ. થાળમાં દહીં લાવીને ફેંક. આ વરરાજા તોરણ દ્વારમાં આવી ઊભા છે. તેમણે દેહને ઉત્તરીય વસ્ત્રના અંતરપટથી આચ્છાદિત કર્યો છે. વાયુથી પુષ્પો ખરી પડે છે. અને ચંદન સૂકાઇ જાય છે. માટે હવે વરને ઘણીવાર રોકી ન રાખ." એવી મતલબના ગીત ગાતાં ગાતા એક દેવીએ વરરાજાને અર્ઘ આપ્યો. પછી તે દેવીએ ધવલમંગળની પેઠે શબ્દ કરતા પોતાના કંકણ સહિત પ્રભુના કપાળને, ત્રણવાર રવૈયાથી ચુંબન કર્યું. પછી પ્રભુએ પોતાની વામ પાદુકા વડે સરાવ સંપુટ ભાગી નાખ્યું.

હસ્તમેળાપ—અષ્ટ મંગળ પુરા થતાં સુધી અગ્નિ પ્રદક્ષિણા :

પછી અર્ઘ દેનારી દેવીએ કંઠમાં કસુંબી વસ્ત્ર નાખીને પ્રભુને માતૃ ભુવનમાં ખેંચી જઈ સિંહાસન ઉપર બેસાડયા. સુંદરીઓએ

શમીવૃક્ષ અને પીંપળાની છાલનું ચૂર્ણ કરી તેનો લેપ બન્ને કન્યાના હાથમાં કર્યો. જ્યારે લગ્ન સમય થયો ત્યારે સાવધાન થયેલા પ્રભુએ શુભ મુહૂર્તે બન્ને બાળાઓના હાથ પોતાના હાથથી ગ્રહણ કર્યા. તે વેળા ઇન્દ્રે બન્નેના હસ્ત સંપુટમાં એક વીંટી નાખી. લગ્નની ક્રિયા ચાલતી હતી ત્યારે સામાનિક દેવતાઓ પ્રભુ પાસે અણવર થઈ રહ્યા હતા. કન્યા તરફથી સ્ત્રીઓમાં જે મશ્કરી કરવામાં ચતુર હતી તેઓ અણવર ઉપર કૌતુક ધવલ ગાવા માંડી, તે સાંભળી દેવતાઓ સ્થિર થઈ ગયા. લોકને વિષે આ વ્યવહાર બનાવવો યોગ્ય છે એમ ધારીને વિવાદમાં નિમાયેલા મધ્યસ્થ માણસની પેઠે પ્રભુ તેની ઉપેક્ષા કરતા હતા. પછી પ્રભુના છેડા સાથે બન્ને વધુના છેડા ઇન્દ્રે બાંધ્યા. ત્યાર પછી ઇન્દ્ર પોતે ભક્તિથી પ્રભુને કેડે બેસાડી વેદીગૃહમાં લઈ જવા ચાલ્યા. એટલે તુરત જ બે ઈન્દ્રાણીઓ આવી બે કન્યાઓને તેડી સ્વામીની સાથે ચાલી. ત્રણ જગતના શિરોમણી રૂપ તે વરે પૂર્વ તરફના દ્વારથી પ્રવેશ કર્યો એટલે તુરત જ એક દેવે અગ્નિ પ્રગટ કર્યો. પછી સ્ત્રીઓ મંગળ ગીત ગાતી હતી તે વખતે પ્રભુએ સુનંદા અને સુમંગલા સાથે અષ્ટમંગળ પૂરા થતાં સુધી, અગ્નિની પ્રદક્ષિણા કરી. પછી આશિષના ગીત ગવાતાની સાથે ઇન્દ્રે, છેડા છેડી પણ છોડી.

પછી પ્રભુના લગ્નોત્સવનો હર્ષ દેખાડવા ઇન્દ્રે ઇન્દ્રાણીઓ સહિત નાચવા માંડયું. તેમને જોઈ બીજા દેવતાઓ પણ નૃત્ય કરવા લાગ્યા. કોઈ જય જય શબ્દ કરવા લાગ્યા. કોઈ ગાવા, કોઈ વાજીંત્ર વગાડવા, કોઇ કૂદવા અને કોઈ પ્રતિહારની પેઠે લોકોને દૂર ખસેડવા લાગ્યા. ત્યાર પછી પ્રભુ સુનંદા અને

સુમંગળાની સાથે દિવ્ય વાહનમાં બેસી સ્વસ્થાને ગયા. દેવતાઓ પણ પોતે પોતાને સ્થાને ગયા. એવી રીતે પ્રભુએ બતાવેલી વિવાહની વિધિ લોકમાં પ્રવર્તી.

## પ્રભુનો પુત્ર, પુત્રી આદિ પરિવાર

સુનંદા અને સુમંગળા સાથે ભોગ ભોગવતા પ્રભુને લગભગ છ લાખ પૂર્વ વ્યતીત થયાં. તે સમયમાં સુમંગળાએ ભરત અને બ્રાહ્મીરૂપ યુગલને જન્મ આપ્યો તથા સુનંદાએ બાહુબલિ અને સુંદરીરૂપ યુગલને જન્મ આપ્યો. ત્યાર પછી સુમંગળાને બીજાં ઓગણ પચાસ પુત્ર યુગલ એટલે અઠ્ઠાણું પુત્ર થયા.

## પ્રથમ રાજા

કુલકરોના સમયમાં ચાલતી દંડ નીતિ :

પહેલાં યુગલિયાઓ ઘણા સરળ હતા, તેથી તેઓમાં વિવાદ થતો નહિ. પણ કાળના પ્રભાવથી તેઓમાં અનુક્રમે કષાય વધવા લાગ્યો અને તેઓ પરસ્પર વિવાદ કરવા લાગ્યા. તેથી વિમલવાહન નામના પહેલા કુલકર અને ચક્ષુષ્માન નામના બીજા કુલકરના વખતમાં હકારરૂપ દંડનીતિ થઈ. તે વખતે જે યુગલિયો અપરાધ કરતો, તેને હકારરૂપ દંડ નીતિથી શિક્ષા કરવામાં આવતી. જેમ સમુદ્રની ભરતીનું જળ મર્યાદાને ઉલ્લંઘે નહિ તેમ હકાર શબ્દથી શિક્ષા કરેલ યુગલિયા તેની મર્યાદા ઉલ્લંઘતા નહિ. ત્યાર પછી અનુક્રમે વધારે પડતો ખરાબ કાળ આવતો ગયો, તેથી યશસ્વી નામના ત્રીજા કુલકર અને અભિચંદ નામના ચોથા કુલકરના વખતમાં યુગલિયાઓ તે હકારરૂપ દંડ નીતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા. તેથી તે ત્રીજા અને ચોથા કુલકરના વખતમાં થોડો અપરાધ થતાં હકારરૂપ દંડ નીતિ અને મોટો અપરાધ થતાં મકારરૂપ દંડ નીતિ થઈ. ત્યાર પછી

તેથી પણ વધારે પડતો કાળ આવ્યો, અને યુગલિયાઓ તે બન્ને દંડ નીતિને ગણકારવા ન લાગ્યા તેથી પ્રસેનજિત નામના પાંચમા કુલકર, મરૂદેવ નામના છઠ્ઠા કુલકર અને નાભિ નામના કુલકરના વખતમાં અલ્પ અપરાધ થતાં હકારરૂપ દંડનીતિ, મધ્યમ અપરાધ થતાં મકારરૂપ દંડ નીતિ અને ઉત્કૃષ્ટ અપરાધ થતાં ધિક્કારરૂપ દંડ નીતિ થઈ. નાભિ કુલકર યુગલિયાઓનો અપરાધ થતાં એ ત્રણે દંડનીતિ વડે શિક્ષા કરતા; પરંતુ પડતા કાળના પ્રભાવથી યુગલિયાઓમાં ક્રોધાદિ કષાયો અધિક વધવા લાગ્યા તેથી તેઓ ત્રણે દંડ નીતિનું ઉલ્લંઘન કરવા લાગ્યા. દિવસે દિવસે અપરાધ વધવા લાગ્યા, તેથી યુગલિયાઓએ એકત્ર થઈ પ્રભુને જ્ઞાનાદિ ગુણોથી અધિક જાણી તેમને હકીકત નિવેદન કરી. પ્રભુએ કહ્યું, "લોકમાં જેઓ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તેમને શિક્ષા કરનાર રાજા હોય છે, અને તે રાજા અભિષેક કરેલો હોય છે અને તેને સલાહ આપવા પ્રધાનમંડળ હોય છે." આ પ્રમાણે પ્રભુના વચનો સાંભળી યુગલિયા બોલ્યા, "અમારો પણ આવો રાજા હો." પ્રભુએ કહ્યું, 'તમે નાભિ કુલકર પાસે જઈ રાજાની માગણી કરો." ત્યાર પછી યુગલિયાઓએ નાભિ કુલકર પાસે જઈ રાજાની માગણી કરી, ત્યારે નાભિ કુલકરે કહ્યું, "તમારો રાજા ઋષભ જ થાઓ." તે સાંભળી હર્ષ પામેલા યુગલિયાઓએ પ્રભુ પાસે જઈ તે હકીકત નિવેદન કરી, પ્રભુનો રાજ્યાભિષેક કરવા માટે પાણી લેવા સરોવર તરફ ગયા.

ઇન્દ્રે કરેલો પ્રભુનો રાજ્યાભિષેક :

આ સમયે શક્રેન્દ્રનું સિંહાસન કંપ્યું. અવધિ જ્ઞાનથી પ્રભુનો રાજ્યાભિષેક જાણી અને પ્રથમ તીર્થંકરને રાજ્યાભિષેક કરવાનો

પોતાનો આચાર જાણી, તુરત દેવતાઓ સહિત પ્રભુ પાસે આવ્યો. પછી તે સૌધર્મેન્દ્રે, સુવર્ણની વેદિકા કરી તે ઉપર સિંહાસન સ્થાપ્યું અને દેવોએ લાવેલા તીર્થજલ વડે પ્રભુને સ્નાન કરાવ્યું. પછી તેણે પ્રભુને દિવ્ય વસ્ત્રો પહેરાવ્યા અને યોગ્ય સ્થળે રત્નના અલંકારો તથા મસ્તક ઉપર મુગટ પહેરાવી પ્રભુનો રાજ્યાભિષેક કર્યો.

એટલામાં યુગલિયા કમળના પત્રમાં જળ લઈ આવ્યા. તેઓ પ્રભુને દિવ્ય વસ્ત્રો અને આભૂષણોથી અલંકૃત થઈ સિંહાસન ઉપર બેઠેલા દેખી વિસ્મય પામ્યા "દિવ્ય વસ્ત્રો અને આભૂષણોથી અલંકૃત થયેલા સ્વામીના મસ્તક ઉપર જળ નાખવું ન ઘટે "એમ ક્ષણવાર વિચાર કરી તેઓએ પ્રભુના ચરણ ઉપર જળ નાખ્યું. તે દેખી સંતુષ્ટ થયેલા ઇન્દ્રે વિચાર્યું, "અહો! આ મનુષ્યો વિનીત એટલે વિનયવાળા છે એમ વિચારો તેણે કુબેરને આજ્ઞા કરી કે, અહીં બારયોજન લાંબી અને નવયોજન પહોળી એવી વિનીતા નામની નગરી બનાવો. એ પ્રમાણે કુબેરને આજ્ઞા કરી, ઇન્દ્ર પોતાને સ્થાને ગયો ઇન્દ્રની આજ્ઞા મુજબ કુબેરે બારયોજન લાંબી અને નવ યોજન વિસ્તારવાળી, હવેલીઓની પંક્તિથી તથા ફરતા કિલ્લાથી સુશોભિત એવી વિનીતા નગરી વસાવી.

ઋષભદેવ પ્રભુ પોતાના સંતાન પેઠે પ્રજાનું પાલન કરવા લાગ્યા. તેમણે ઊંચી જાતના ઘોડા, હાથી, બળદ અને ગાયો વગેરેનો સંગ્રહ કર્યો. વળી ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિયરૂપ ચાર કુળ સ્થાપ્યાં; તેઓમાં જેઓ ઉગ્ર દંડ કરનારા હતા તેઓને ઉગ્ર કુળમાં સ્થાપ્યા. કોટવાલ વગેરેનો આ ઉગ્ર કુળમાં સમાવેશ થતો જેઓ ભોગને યોગ્ય હતા તેમને ભોગ કુળમાં સ્થાપ્યા. જેઓ સમાન વયવાળા હતા તેમને રાજન્ય કુળમાં સ્થાપ્યા અને બાકીના પ્રધાન

પ્રજાલોકને ક્ષત્રિય કુળમાં સ્થાપ્યા.

## અગ્નિની ઉત્પત્તિ અને કુંભકાર આદિ કલાનું પ્રભુએ કરેલ પ્રવર્તન

હવે કાળની ઉત્તરોત્તર હાનિથી શ્રી ઋષભદેવ પ્રભુના સમયમાં કલ્પવૃક્ષના ફળો મળતાં ન હતાં; તેથી લોકો ઘણું ખરું વૃક્ષોનાં પત્ર, પુષ્પ અને ફળાદિ ખાતા. વળી તે વખતે અગ્નિ ન હોવાથી તેઓ ચોખા વગેરે ધાન્ય કાચું ખાતા. તે પણ ન પચવાથી તેઓ પ્રભુના કહેવા પ્રમાણે, ચોખા પ્રમુખ ધાન્યને હાથથી મસળીને, તેના ફોતરાં કાઢી નાખી, પાંદડાના પડીયામાં જલથી ભીંજાવી, કેટલોક વખત મૂઠીમાં ગરમી લાગે તેમ રાખી, પછી ખાવા લાગ્યા. તે પણ ન પચવાથી, પૂર્વોક્ત વિધિ પ્રમાણે ધાન્યને જલથી ભીંજાવી, કેટલોક વખત કાંખમાં ગરમી લાગે તેમ રાખી, પછી ખાવા લાગ્યા. આ પ્રમાણે ધાન્યને પચાવવા તેઓ ઘણા ઘણા ઉપાયો કરવા લાગ્યા.

એવામાં એક વખત, વૃક્ષો ઘસાવાથી નવીન અગ્નિ ઉત્પન્ન થયો અને તૃણ કાષ્ટાદિકને બાળવાથી તેની જ્વાળાઓ વધવા લાગી. કોઈપણ વખત ન દેખેલા તે અગ્નિને જોઈ વિસ્મિત થયેલ યુગલિયાઓએ, નવીન રત્ન સમજી, તેને ગ્રહણ કરવા હાથ લાંબા કર્યાં, પણ ઉલટા તેઓ બળવા લાગ્યા. અગ્નિથી હાથે દાઝેલા તેઓએ ભયભીત થઈ પ્રભુ પાસે આવી તે વાત જણાવી. પ્રભુએ અગ્નિની ઉત્પત્તિ જાણી તેઓને કહ્યું, " હે યુગલિકો ! એ અગ્નિ ઉત્પન્ન થયો છે, માટે હવે તમે તે અગ્નિમાં ચોખા વગેરે ધાન્ય સ્થાપન કરીને પછી ખાઓ, જેથી તે ધાન્ય તમોને સુખેથી પચશે. " આ પ્રમાણે પ્રભુના વચન સાંભળી, અજીર્ણથી કંટાળેલા તેઓ હર્ષ પામ્યા, પણ પકવવાનો અભ્યાસ ન હોવાથી, ઉપાયને

બરાબર ન જાણતા એવા તેઓ, ચોખા વગેરે ધાન્યને અગ્નિમાં નાખી, કલ્પવૃક્ષ પાસેથી જેમ ફળો માગતા હતા, તેમ અગ્નિ પાસેથી તે ધાન્ય માગવા લાગ્યા. પરંતુ અગ્નિથી તે બધું ધાન્ય બળી ગયેલું જોઈને, "અરે! આ પાપાત્મા પોતે જ બધું જ ખાઈ જાય છે. આપણને કાંઈ પણ પાછું આપતો નથી, માટે તેનો આ અપરાધ પ્રભુને કહી તેને શિક્ષા કરાવીશું." આ પ્રમાણે બોલતા અગ્નિને શિક્ષા કરાવવાની બુદ્ધિવાળા તે ભોળા મનુષ્યો પ્રભુ પાસે જવાને ચાલ્યા. તેઓ રસ્તામાં ચાલતા પ્રભુને હાથી ઉપર બેસીને સામા આવતા જોઈ, પ્રભુને યથાસ્થિત હકીકત નિવેદન કરતા બોલ્યા, "હે સ્વામિન્! એ અગ્નિ તો નાખેલા સમગ્ર ધાન્યને ભૂખાળવો થઈ એકલો જ ખાઈ જાય છે. અમને કાંઈ પણ પાછું આપતો નથી" પ્રભુએ કહ્યું, "તમારે વાસણ બનાવી ધાન્યને અગ્નિ ઉપર પકાવવું જોઈએ અને પછી જ ખાવું જોઈએ." એમ કહીને પ્રભુએ યુગલિકો પાસે જ ભીની માટીનો પિંડ મંગાવ્યો. તે પિંડને હાથીના કુંભસ્થલ ઉપર મૂકાવી, માવત પાસે તેનું વાસણ બનાવરાવી, પ્રભુએ પહેલું કુંભારનું શિલ્પ પ્રગટ કર્યું. પછી પ્રભુએ તેઓને કહ્યું, "આવી રીતે બીજા પણ પાત્રો બનાવો અને અગ્નિ ઉપર રાખી તેમાં ધાન્યને પકાવી, પછી ભક્ષણ કરો." પ્રભુએ બતાવેલી કલાને બરોબર ધ્યાનમાં રાખી, તે યુગલિયાઓ તે પ્રમાણે વાસણ બનાવવા લાગ્યા. એવી રીતે પહેલી કુંભારની કલા પ્રવર્તી. ત્યાર પછી પ્રભુએ લુહારની, ચિતારાની, વણકરની અને નાપિતની કલારૂપ ચાર કલાઓ પ્રગટ કરી. આ પાંચ મૂળ શિલ્પોનાં પ્રત્યેકના વીસ ભેદ થવાથી એકસો શિલ્પ થયાં.

લોકોની જીવિકા માટે ભગવંતે તૃણહર, કાષ્ઠહર, કૃષિ અને વ્યાપાર કર્મો ઉત્પન્ન કર્યાં. ભગવાને મોટા પુત્ર

ભરતને ૭૨ કળા શીખવી અને ભરતે તે કળા પોતાના બીજા ભાઇઓને તથા અન્ય પુત્રોને સમ્યક પ્રકારે શીખવી. બાહુ-બલિને પ્રભુએ હસ્તિ, અશ્વ, સ્રી અને પુરુષોના અનેક પ્રકારના ભેદવાળા લક્ષણોનું જ્ઞાન આપ્યું; બ્રાહ્મીને જમણા હાથ વડે અઢાર લીપિઓ બતાવી અને સુંદરીને ડાબા હાથથી ગણિત બતાવ્યું. વસ્તુઓના માન, ઉન્માન, અપમાન અને પ્રતિમાન પણ પ્રભુએ બતાવી લોકોને નિપુણ બનાવ્યા. આ પ્રમાણે પુરુષની બહોંતેર કલા, સ્રીની ચોસઠ કલાઓ અને સો શિલ્પોનો ઉપદેશ પ્રભુએ પ્રજાના હિત માટે કર્યો.

## લોકાંતિક દેવોની વિજ્ઞપ્તિ

છ એ ઋતુઓના સુખપૂર્વક વૈભવ, રાજ્ય ઋદ્ધિ અને પુત્ર પરિવારના આનંદથી પ્રભુએ ત્રેસઠ લાખ પૂર્વ ગૃહસ્થ અવસ્થામાં ગાળ્યા. પછી તેમનું ભોગાવલી કર્મ ક્ષીણ થયું અને તે વખતે તેમને અવધિજ્ઞાનથી અનુત્તર વિમાનના સુખનું સ્મરણ થતાં મોહ બંધ ગળી ગયો. તેમનું હૃદય વૈરાગ્યરંગિત થયું અને મોક્ષની સાધના માટે તત્પર બન્યું. આજ સમયે નવ લોકાંતિક દેવતાઓ પ્રભુના ચરણ સમીપ આવી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે, “ હે પ્રભુ! આપ જય પામો, જય પામો. હે ભગવાન, આપ બોધ પામો, દીક્ષા સ્વીકારો. તમે જેમ લોકની આ સર્વ વ્યવસ્થા પ્રથમ પ્રવર્તાવી તેમ હવે ધર્મ તીર્થ પ્રવર્તાવો” આ પ્રમાણે દેવતાઓ પ્રભુને વિજ્ઞપ્તિ કરી સ્વસ્થાને ગયા.

## ભરતનો રાજ્યાભિષેક

નંદન ઉદ્યાનમાંથી પોતાના રાજમહેલ તરફ પાછા વળી પ્રભુએ તુરત જ પોતાના સામન્ત વગેરેને તથા સર્વ પુત્રોને બોલાવ્યા પછી ભરતને કહ્યું, “ હે પુત્ર! તું રાજ્ય ગ્રહણ કર.” આવો પ્રભુનો

આદેશ થતાં, ભરતે રાજ્ય સ્વીકાર્યું; દેવતાઓએ ભરતનો રાજ્યાભિષેક કર્યો. રાજમંડળે નવા રાજાને પ્રણામ કર્યા.

પ્રભુએ બાહુબલિ વગેરે નવ્વાણું પુત્રોને યોગ્યતા પ્રમાણે દેશ વહેંચી આપ્યા.

## સાંવત્સરિક દાન

પછી પ્રભુએ સાંવત્સરિક દાન આપવાનો પ્રારંભ કર્યો. અને એવી ઉદ્‌ઘોષણા કરાવી કે જે જેનો અર્થી હોય, તેણે આવીને તે ગ્રહણ કરવું. સ્વામીએ દાન આપવાનું શરૂ કર્યું, તે વખતે ઇન્દ્રે આદેશ કરવાથી કુબેરે तिर्यग जृम्भक देवो द्वारा સર્વ જગ્યાએથી દ્રવ્ય લાવીને વરસાદ જેમ પાણી પુરે, તેમ પ્રભુના આવાસમાં દ્રવ્ય પુરવા માડયું. હંમેશાં સૂર્યનો ઉદય થાય ત્યાંથી તે ભોજનના સમય સુધીમાં પ્રભુ એક કોટિ અને આઠ લાખ સોનૈયાનું દાન આપતા હતા; એ પ્રમાણે એક વર્ષમાં પ્રભુએ ત્રણસો અઠયાશી કરોડ અને એંશી લાખ સોનૈયાનું દાન કર્યું.

## દીક્ષા મહોત્સવ

દીક્ષાનો વરઘોડો :

વાર્ષિક દાનને અંતે પોતાનું આસન ચલિત થવાથી, ઇન્દ્ર ભક્તિપૂર્વક ભગવંત પાસે આવ્યો. બીજા ઇન્દ્રોની સાથે રાજ્યાભિષેકની પેઠે, તેણે પ્રભુને દીક્ષા ઉત્સવ સંબંધી અભિષેક કર્યો. ભગવાને દિવ્ય અલંકાર તથા વસ્ત્રો ધારણ કર્યા. નાજુક વિમાન હોય તેવી સુદર્શના નામે એક શિબિકા ઇન્દ્રે પ્રભુ માટે તૈયાર કરી. પ્રભુ પણ જાણે લોકાગ્રરૂપી મંદિરની પહેલી નીસરણી ઉપર ચઢતા હોય તેમ તે શિબિકા ઉપર આરૂઢ થયા. પ્રથમ મનુષ્યોએ અને પછી દેવતાઓએ પોતાનો પુણ્યભાર હોય, તેમ તે શિબિકાને ઉપાડી. બે ચામરો પ્રભુના બન્ને પાર્શ્વ ભાગમાં વીંઝાઈ રહ્યા હતા. એવી

રીતે ભગવંતને જતા જોઈ સર્વે નગરવાસીઓ, બાળકો જેમ પિતાની પછવાડે દોડે, તેમ દોડવા લાગ્યા. પ્રભુ આવે છે એમ ધારી તેમને જોવાની ઇચ્છાવાળી કેટલીક સ્ત્રીઓ, બાળકોને તેડી ઉભી રહી હતી; કેટલીક સ્ત્રીઓ નાભિકુમાર ઉપર ધાણી નાખતી હતી. તેઓ પોતાના પુણ્યબીજ વાવતી હોય એમ જણાતી હતી. આ બાજુ પોતાના મોટા વિમાનોથી પૃથ્વીતલને છાયાવાળું કરતા ચારે પ્રકારના દેવતા, આકાશમાં આવવા લાગ્યા. પોતાના ગામે પહોંચેલા વટેમાર્ગુ માફક 'આ સ્વામી, આ સ્વામી' એમ પરસ્પર બોલતા તેઓ પોતાના વાહનોને સ્થિર કરતા હતા. વિમાનરૂપી હવેલીઓથી અને હાથી, ઘોડા તથા રથોથી આકાશમાં જાણે બીજી વીનિતા નગરી વસી હોય તેમ જણાતું હતું. પ્રભુ અનેક દેવતાઓ અને મનુષ્યોથી વિંટાઈ રહ્યા. તેમની બંને બાજુ ભરત અને બાહુબલિ શોભતા હતા. માતા મરૂદેવી, પત્નીઓ (સુનંદા અને સુમંગળા) પુત્રીઓ (બ્રાહ્મી અને સુંદરી) અને બીજી સ્ત્રીઓ, જાણે હિમકણ સહિત પદમીનીઓ હોય તેમ, અશ્રુ સહિત, પ્રભુની પાછળ આવતી હતી. આ રીતે સિદ્ધાર્થ નામના ઉદ્યાનમાં પ્રભુ પધાર્યા. મમતા-રહિત મનુષ્ય જેમ સંસારથી ઉતરે તેમ નાભિકુમાર તે શિબિકા-રત્નમાંથી, અશોક વૃક્ષ નીચે ઉતર્યા અને કષાયની પેઠે તેમણે વસ્ત્ર અને આભૂષણો તત્કાળ ત્યજી દીધાં. તે વખતે ઇન્દ્રે પાસે આવી ઉજ્જવળ અને ઝીણું દેવદુષ્ય વસ્ત્ર, પ્રભુના સ્કંધ ઉપર આરોપણ કર્યું.

ચોટલીનો લોચ ન કરવાની ઇંદ્રની વિજ્ઞપ્તિ પ્રભુએ સ્વીકારી :

ત્યારબાદ ચૈત્ર માસના કૃષ્ણ પક્ષની અષ્ટમીને દિવસે, ઉત્તરાષાઢા નક્ષત્રને વિષે, અસંખ્ય દેવતા અને મનુષ્યો સમક્ષ, પ્રભુએ ચાર મુષ્ઠિથી, પોતાના કેશનો લોચ કર્યો. પ્રભુના કેશને સૌધર્મપતિએ પોતાના વસ્ત્રમાં ગ્રહણ કર્યા. પ્રભુએ પાંચમી મુષ્ઠિથી બાકીના ચોટલીના કેશનો લોચ કરવાની ઇચ્છા કરી. એટલે ઇન્દ્રે પ્રાર્થના

કરી કે 'હે પ્રભુ ! એટલી કેશવલ્લી રહેવા દો, કેમ કે જ્યારે પવનથી તે તમારા સુવર્ણ જેવી કાન્તિવાળા ખભાના ભાગ ઉપર આવે છે ત્યારે મણિના જેવી શોભે છે' પ્રભુએ તે યાચના સ્વીકારીને તેને તેવી રીતે જ રહેવા દીધી, કારણ કે સ્વામીઓ પોતાના એકાંત ભક્તોની યાચનાનું ખંડન કરતા નથી. સૌધર્મપતિએ ત્યારબાદ તે કેશને ક્ષીર સમુદ્રમાં પધરાવ્યા.

## ચાર હજાર રાજાઓ સાથે પ્રભુની દીક્ષા

પછી નાભિકુમારે દેવ, અસુર અને મનુષ્યો સમક્ષ 'નમો સિદ્ધાણ' સિદ્ધને નમસ્કાર કરીને 'સઘળા સાવદ્યયોગનું પચ્ચખ્ખાણ કરું છું,' એમ કહી, મોક્ષ માર્ગના રથતુલ્ય ચારિત્ર ગ્રહણ કર્યું. પ્રભુના દીક્ષા સમયે નારકીના જીવોને પણ ક્ષણભર સુખ થયું. પછી દીક્ષાની સાથે સંકેત કરીને રહેલું હોય તેમ, સર્વસંજ્ઞી. પંચેદ્રિયજીવોના મનોદ્રવ્યને પ્રકાશ કરનારું મનઃપર્યવ જ્ઞાન પણ તુરત જ ઉત્પન્ન થયું. આ સમયે, કચ્છ, મહાકચ્છ વગેરે ચાર હજાર રાજાઓએ હર્ષથી પ્રભુની સાથે દીક્ષા લીધી.

જન્માભિષેક સમયની પેઠે, દેવતાઓ નંદીશ્વર દ્વીપે જઈ અઠ્ઠાઈ મહોત્સવ કરી, સ્વસ્થાને ગયા. ભરત, બાહુબલિ વગેરે, પ્રભુને પ્રણામ કરી ખિન્ન વદને, પોત પોતાના સ્થાન તરફ ગયા. આ પછી પ્રભુ કચ્છ, મહાકચ્છ વગેરે રાજાઓ સાથે પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા.

# શ્રમણ અવસ્થા

## શુદ્ધ આહારની અપ્રાપ્તિ

પારણાને દિવસે પ્રભુ એષણીય ભિક્ષા માટે નીકળ્યા; પણ લોકો તે વખતે ભિક્ષા અને ભિક્ષાચારથી અજ્ઞાત હોવાથી તેમને નિર્દોષ ભિક્ષા ન મળી. કોઇ ભગવાનને સુંદર હસ્તિ આપતા, તો કોઈ અશ્વ આપતા હતા; કોઈ ઘરેણાં, તો કોઈ સુંદર વસ્ત્રો આપતા હતા. ભગવાન તે સર્વ છોડી આગળ વધતા હતા અને ઉપવાસ કરતા હતા. ભગવાન ભૂખ, તૃષા કે પરિસહ ગણકાર્યા વિના તપ કરતા હતા.

## કચ્છ, મહાકચ્છ વગેરેનું જટાધારી તાપસ થવું

ભૂખ, તરસથી પીડાતા પ્રભુના શિષ્યોની મુંઝવણ :

ભગવંતની સાથે દીક્ષિત થયેલા રાજાઓ પોતાની બુદ્ધિ પ્રમાણે વિચારવા લાગ્યા કે "ભગવાન સુંદરમાં સુંદર ફળના ઢગ હોવા છતાં આરોગતા નથી. મિષ્ટ જળને સમુદ્રના પાણી સમાન માની પીતા નથી. ઉગ્ર તાપમાં વિહાર કરે છે, ટાઢને ગણતા નથી, નિદ્રાનું નામ લેતા નથી. ભૂખ, તરસની દરકાર રાખતા નથી, અને આપણે તેમના સેવક હોવા છતાં આપણી સામે નજર સરખી નાખતા નથી. આપણે આમ કેટલા દિવસ કાઢશું ? પ્રભુએ પુત્ર, કલત્ર, રાજ્યઋદ્ધિ સર્વ ત્યાગ્યું છે, છતાં કોણ જાણે ખડે પગે શું ચિંતવન કરે છે તેની પણ આપણને ખબર પડતી નથી." ધીરજ ખૂટતા તેઓ પોતાના મુખ્ય કચ્છ, મહાકચ્છને કહેવા લાગ્યા, " તમે પ્રભુના દીર્ઘ પરિચયવાળા સેવક છો આથી તમને ખબર હશે કે પ્રભુ શું ચિંતવન કરે છે. લોકો ડગલેને પગલે જાત જાતના ભેટણાં ધરે છે, છતાં ભગવાન કેમ કંઇ લેતા નથી ? ભગવાન તો ભૂખ, તરસ

સહન કરી શકે છે. આપણે તો અન્ન વિના મરવા પડીએ છીએ. હવે આપણે ઘેર જઈએ તો પણ આપણી ફજેતી થાય; આપણા રાજ્ય ભરતે લઇ લીધાં. શું હવે આપણે ભરતને શરણે જઈ ફરી માગણી કરીએ કે અમને અમારું રાજ્ય પાછું આપો ?" કચ્છ મહાકચ્છે જવાબ આપ્યો, "જે જાતનો તમને વિચાર આવે છે તે જ અમને આવે છે. ભગવાનના અમે સેવક છીએ, તેથી ભગવાન જે આદેશ આપે તે મુજબ અમે કાર્ય કરીએ. પણ ભગવાન તો બીલકુલ બોલતા જ નથી; અને હવે ઘેર પાછા જવામાં આપણી શી મહત્તા રહે ? સ્વયંભૂરમણ સમુદ્રનું તળિયું જેમ અગાધ છે તેમ પ્રભુ શું વિચારે છે તે જાણવું અમારે માટે મુશ્કેલ છે. જેમ તમે મુંઝાઓ છો તેમ અમે પણ મુંઝાઈએ છીએ ?" આખરે તે સર્વે એક વિચાર કરી, ગંગા નદીની નજીકના વનમાં ગયા અને ત્યાં તેઓ શુષ્ક, પત્ર ફળાદિક ખાઈ જીવન નિર્વાહ કરવા લાગ્યા અને જટાધારી તાપસો થઇ વિચરવા લાગ્યા.

## નમિ વિનમિની ભગવાન પાસે રાજ્યની માગણી

કચ્છ મહાકચ્છને નમિ વિનમિ નામે બે પુત્રો હતા, તે બન્ને ભગવાનની આજ્ઞાથી ભગવાનની દીક્ષા પહેલાં દૂર દેશાંતર ગયા હતા. તેઓ પાછા આવતાં વનમાં પોતાના પિતાને જોઇને વિચારવા લાગ્યા, " રાજ્ય વૈભવમાં રાચતા, સેવકોની ખમાખમ પોકારાતા આપણા પિતા આજે ખુલ્લા પગે જંગલના ઘાસની પેઠે આડાઅવળા વાળથી કદરૂપા બનેલા અને રેતથી વ્યગ્ર શરીરવાળા જંગલમાં કેમ ફરે છે ?" તેમણે નમ્રતાથી પૂછ્યું "ઋષભદેવ જેવા નાથ છતાં આપની આવી દશા કેમ થઈ ?" જવાબમાં તેમણે કહ્યું, "ભગવાને દીક્ષા લીધી તેથી અમે તેમની સાથે દીક્ષા લીધી છે. દીક્ષાના દિવસથી જ પ્રભુ મૌન રાખે છે. ટાઢ, તડકો, ભય

વગેરે કાંઈ ગણતા નથી. અમે પૃછીએ છીએ તેનો કોઈ જવાબ પણ તેમની પાસેથી મળતો નથી; આથી અમે તેમના જેવા ઉત્કટ પરિસહ નહિ સહન કરી શકવાથી આ તપોવનમાં વસીએ છીએ."

આ જવાબ સાંભળી નમિ વિનમિ પ્રભુ પાસે ગયા અને તેમને વંદન કરી કહેવા લાગ્યા, "પ્રભુ આપે અમને દેશાંતર મોકલ્યા અને પછીથી આપે ભરત વગેરેને સર્વ રાજ્ય વહેંચી આપ્યું. આપે અમને તો યાદ કર્યા જ નહીં. આપને અમારો શો અપરાધ લાગ્યો ? હે પ્રભુ ! અમને તો આપનો જ આધાર છે; અમારો બીજો કોઈ સ્વામી નથી કે તેની પાસે માગીએ."

ભગવાન તો મુદ્દલ ઉત્તર આપતા નથી નમિ વિનમિ પ્રભુની આગળ ત્રણ કાળ પુષ્પથી અને ક્ષેત્રની શુદ્ધિથી સેવા કરી, 'હે ભગવન્ત ! રાજ્ય આપો ' એ રીતે માગણી કરે છે.

## નમિ વિનમિને ધરણેન્દ્રે વિદ્યાધર બનાવ્યા

એક વખત નાગકુમારનો અધિપતિ ધરણેન્દ્ર ભગવાનને વન્દન કરવા ત્યાં આવ્યો. તેણે તે બન્ને રાજકુમારો ને રાજ્યલક્ષ્મીની યાચના કરતા અને પ્રભુની સેવા કરતા આશ્ચર્યથી જોયા. નાગરાજે તેમને પૂછ્યું, "તમે કોણ છો? નિઃસંગ પ્રભુ પાસે રાજ્યની માગણી કરો છો તો ભગવાને સાંવત્સરિક દાન આપ્યું ત્યારે તમે કયાં ગયા હતા? હાલ તો સ્વામી આકાંક્ષા રહિત અને રાગ દ્વેષથી મુક્ત થયા છે." આ પણ પ્રભુનો સેવક છે એમ ધારી બન્ને કુમારોએ માનપૂર્વક તેને કહ્યું, "પ્રભુએ આજ્ઞા કરી અમને કોઈ સ્થાને મોકલ્યા. પછી ભરત વગેરે પોતાના પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું. અમને શ્રદ્ધા છે કે પ્રભુ અમને રાજ્ય આપશે જ. તેમની પાસે છે કે નથી એવી સેવકે શા માટે ચિંતા કરવી? સેવકોએ તો સેવા કરવી." પછી

ધરણેન્દ્રે કહ્યું, "તમે ભરત પાસે જાઓ અને યાચના કરો." ત્યારે નમિ વિનમિએ કહ્યું, "આ વિશ્વના સ્વામીને પ્રાપ્ત કર્યા પછી અમે બીજો સ્વામી કરીશું નહિ. ભરત વગેરેનું કલ્યાણ થાઓ. જે મળશે તે પ્રભુ પાસેથી જ મળશે. આપ અમારી જરા પણ ચિન્તા ન કરો" ધરણેન્દ્ર તેમના જવાબથી પ્રસન્ન થયો અને કહ્યું, " તમે સત્ય કહો છો. પ્રભુ સેવા સામાન્ય રાજ્ય તો શું પણ ત્રણ લોકનું સામ્રાજ્ય અપાવી શકે છે. તમારી સ્વામિ ભક્તિથી સંતુષ્ટ થઈ હું તમને વિદ્યાધરોની રાજ્ય ઋદ્ધિ આપું છું. એ તમને પ્રભુની સેવાથી જ પ્રાપ્ત થયું છે એમ જાણજો" એમ કહી ગૌરી, પ્રજ્ઞપ્તિ વગેરે ગણવા માત્રથી જ સિદ્ધ થાય એવી વિદ્યાઓ આપી. આ પ્રભુ ભક્તિનો પ્રતાપ પોતાના પિતા તથા ભરતને જણાવી પોતાનો પરિવાર સાથે લઈ, બન્ને કુમારો વૈતાઢ્ય તરફ ઉપડયા. ત્યાં વિદ્યાના બળે નમિએ વૈતાઢ્ય પર્વત ઉપર દક્ષિણ શ્રેણિમાં પચાસ નગર વસાવ્યાં અને વિનમિએ ઉત્તર શ્રેણિમાં આઠ નગર વસાવ્યાં નમિએ પચાસ નગરની મધ્યમાં આવેલ રથનુપૂર ચક્રવાલમાં પોતાની રાજધાની સ્થાપી અને વિનમીએ સાઠ નગરોની મધ્યમાં આવેલ ગગનવલ્લભમાં પાતાની રાજધાની સ્થાપી દરેક નગરની મધ્યમાં ઋષભદેવ પ્રભુના બિંબને સ્થાપન કર્યું.

## ધરણેન્દ્રનો આદેશ

વિદ્યાધરો વિદ્યાથી છકી જઈ કોઈ અનર્થ ન કરે માટે ધરણેન્દ્રે તેમને જણાવ્યું, "તમને વિદ્યાઓ પ્રાપ્ત થઈ છે, છતાં પણ તમારામાંથી કોઈજો અભિમાનથી અક્કડ બની જિનેશ્વર ભગવાન, જિનચૈત્ય, ચરમ શરીરી અને કાઉસ્સગ્ગમાં રહેલા મુનિઓની આશાતના કરશે, તો આળસુને જેમ લક્ષ્મી

ત્યાગ કરે, તેમ તમારી વિદ્યાઓનો નાશ થશે તેમજ જે કોઈ બળાત્કારે પરસ્ત્રી ગમન કરશે કે સ્ત્રીના પતિને મારી નાખશે તેની પાસેથી વિદ્યાઓ ચાલી જશે." આ શિખામણ હરહંમેશ સ્મૃતિમાં રહે માટે રત્નભિત્તિમાં પ્રશસ્તિરૂપે લખાવી. પછી વિદ્યાધરોના રાજા તરીકે નમિ વિનમિને સ્થાપન કરી ઇન્દ્ર સ્વસ્થાને ગયો.

## પ્રભુનું ગજપુરમાં આગમન

ભગવન્ત નિરાહાર પણે અપ્રમત ભાવે પોતાનો વિહાર કરે છે અને વિચારે છે કે કર્મને દૂર કરવા તપ સિવાય બીજો માર્ગ નથી કારણ કે સર્વ મમત્વમાં દેહનું મમત્વ પ્રબળ છે અને તે દેહનો આધાર આહાર પાણી છે. પાણી ન મળવાથી લીલાછમ છોડવાઓ પણ થોડા વખતમાં કરમાઈ જાય છે અને બળવાન હાથીઓ પણ આહારના અભાવે નરમ પડી જાય છે. આથી તપ કરતાં દેહ મમત્વનો અભાવ અને તેના દ્વારા કર્મનો નાશ થાય છે. છતાં મારી સાથે દીક્ષા લેનારા બીજાઓ કચ્છ મહાકચ્છની પેઠે હતાશ થઈ ભાવીમુનિઓ મુનિ પણાનો ત્યાગ ન કરે માટે મારે શુદ્ધ આહારની ગવેષણા કરી તેમને ટકાવવા જોઈએ એમ વિચારી પ્રભુ ગજપુર પુરે પધાર્યા.

## શ્રેયાંસ, સોમપ્રભ અને સુબુદ્ધિને આવેલાં સ્વપ્નો

ગજપુરમાં બાહુબલિનો પુત્ર સોમપ્રભ રાજ કરતો હતો તેના રાજકુમાર શ્રેયાંસને ગઈ રાતે એક સ્વપ્ન આવ્યું હતું તેમાં તેણે એવું જોયું હતું કે મેરૂ પર્વતને તેણે દૂધના ઘડાઓથી અભિષેક કરી ઉજવળ કર્યો. સોમપ્રભ રાજાએ તે રાત્રે સ્વપ્નમાં

(૧) હેમાચાર્યના કથન પ્રમાણે ધરણેન્દ્રે નમિ વિનમિને ૪,૮૦૦ વિદ્યાઓ આપી હતી. બીજાઓ આ સંખ્યા ૧૬,૦૦૦ અથવા ૬૪,૦૦૦ની બતાવે છે.

એમ જોયું કે 'ઘણા શત્રુઓથી વીંટાયેલ કોઈ મહાન રાજાએ શ્રેયાંસની સહાયથી જય મેળવ્યો.' અને તે નગરના સુબુદ્ધિ શેઠે પણ સ્વપ્નમાં એમ જોયું કે "સૂર્યથી ચ્યવેલાં હજાર કિરણો શ્રેયાંસે પાછા સૂર્યમાં જોડી દીધાં." આ ત્રણે જણાએ રાજસભામાં પ્રભાતે પોતાના સ્વપ્નોનો વિચાર કર્યો પણ તેમાંથી, શ્રેયાંસને કોઈ અપૂર્વલાભ થશે એથી વધુ રહસ્ય શોધી શકયા નહિ.

## પ્રભુનું લોકોથી કરાતું આતિથ્ય

હવે પ્રભુ તે જ દિવસે ભિક્ષા માટે હસ્તિનાપુર (ગજપુરનું બીજું નામ) નગરમાં આવ્યા. પ્રભુને જોઈ પૌરજનો ઘણા હેતથી તેમની આસપાસ વીંટાઈ વળ્યા કોઇ કહેવા લાગ્યા "હે પ્રભુ., અમારા ઘર ઉપર અનુગ્રહ કરો, કેમકે વસંત ઋતુની જેમ તમે ચિરકાળે દેખાયા છો" કોઈ કહે, "સ્વામિન્! સ્નાન કરવાને યોગ્ય જળ, તેલ વસ્ત્ર અને પીઠી વગેરે પદાર્થો તૈયાર છે. તેથી આપ સ્નાન કરો અને પ્રસન્ન થાઓ" કોઈ કહે, "હે જગત રત્ન! કૃપા કરી મારા રત્ન અલંકારોને આપના અંગમાં ધારણ કરો" કોઈ કહે, "સ્વામિન્! દેવાંગના જેવી મારી કન્યાને આપ ગ્રહણ કરો; આપના સમાગમથી અમે ધન્ય થયા છીએ" કોઈ કહે, "હે રાજકુંવર! આપ પગે શા માટે ચાલો છો? પર્વત જેવા મારા કુંજર ઉપર આરૂઢ થાઓ" કોઈ કહે, "સૂર્યાશ્વ સમાન મારા ઘોડાને આપ ગ્રહણ કરો, આતિથ્ય ગ્રહણ ન કરવાથી અમને અયોગ્ય કેમ કરો છો" કોઈ કહે "આ જાતવંત ઘોડાઓ જોડેલા મારા રથનો સ્વીકાર કરો; આપ સ્વામી જયારે પગથી ચાલો ત્યારે એ રથની અમારે શી જરૂર છે?" કોઈ કહે, "હે સ્વામી! અમે શો અપરાધ કર્યો છે કે આપ સાંભળતા જ ન હોય તેમ ઉત્તર આપતા નથી?"

એવી રીતે લોકો તેમની પ્રાર્થના કરતા હતા. તથાપિ તે સર્વ વસ્તુને અકલ્પ્ય જાણી, પ્રભુ તેમાંનું કાંઈ પણ સ્વીકારતા ન હતા.

**શ્રેયાંસ કુમારે પ્રભુને કરાવેલ પારણું–અક્ષય તૃતીયા**

આ સમયે શ્રેયાંસ પોતાના આવાસમાં ગોખમાં બેઠો હતો તેવામાં તેણે દૂર દૂર થતાં લોકોનો કોલાહલ સાંભળ્યો; લોકોની મધ્યમાં મેરૂ સમાન નિષ્કંપ પ્રભુને તેણે જોયા. પ્રભુને જોતાં જ ગોખ છોડી ઉઘાડે પગે દોડયો અને ભગવાનને નમ્યો તેને જાતિ સ્મરણ (પૂર્વ ભવ સ્મરણ) જ્ઞાન થયું. જ્ઞાનથી તેણે જાણ્યું 'પૂર્વ ભવે આ પ્રભુ વજ્રનાભ ચક્રવર્તી હતા અને હું તેમનો સુયશ નામનો સારથિ હતો. ભગવાનની સાથે મેં પણ દીક્ષા લીધી હતી. વજ્રનાભ તીર્થંકરે તે વખતે કહ્યું હતું કે વજ્રનાભ અવસર્પીણીની પહેલી ચોવીસીના પ્રથમ તીર્થંકર થશે." ભગવાનને કેવી ભિક્ષા જોઈએ તે શ્રેયાંસના ખ્યાલમાં આવી ગયું તેણે પોતાની પાસે આવેલ એષણીય ઈક્ષુરસ વહોરવા વિનંતી કરી. યોગ્ય આહાર જાણી ભગવંતે અંજલી ધરી. શ્રેયાંસકુમારે સમગ્રરસ પ્રભુની અંજલીમાં નાખ્યો. તે સર્વ તેમાં સમાયો. દાન દેતાં શ્રેયાંસ થનથન નાચી ઊઠયો. તેના હર્ષનો પાર ન હતો. તેને પોતાનો જન્મ, વૈભવ અને રાજય ઋદ્ધિ ભગવંતને આપેલ દાનથી કૃતાર્થ લાગ્યાં. દેવોએ 'અહોદાન'ની ઉદ્‌ઘોષણા પૂર્વક પંચ દિવ્ય પ્રગટ કર્યાં. શ્રયાંસકુમારે આ ઈક્ષુરસ પ્રભુને વૈશાખ સુદ ત્રીજને દિવસે વહોરાવ્યો હતો. તેથી તે તીથી અક્ષયતૃતીયા તરીકે પ્રસિદ્ધ થઈ અને જ્યાં આગળ પ્રભુને ઈક્ષુરસ વહોરાવવામાં આવ્યો ત્યાં શ્રયાંસકુમારે રત્નપીઠિકા (ઓટલી) કરાવી. તે રત્નપીઠિકા જતે દિવસે આદિત્ય મંડળ તરીકે ઓળખાવા લાગી. લોકો તે રત્નપીઠિકા ઉપર રહેલ પ્રભુના હસ્ત અને ચરણ

ક્રમળનું પૂજન કર્યા પછી જ ઉચિત કાર્ય કરતા હતા.

પ્રભુએ કરેલ પારણાથી અને તે વખતે થયેલ રત્નાદિકની વૃષ્ટિથી વિસ્મય પામી રાજાઓ અને નગર લોકો શ્રયાંસના મંદિરમાં આવવા લાગ્યા. કચ્છ અને મહાકચ્છ વગેરે તાપસો પણ પ્રભુના પારણાની વાત સાંભળી ત્યાં આવ્યા. રાજાઓ, નાગરિકો વગેરે શ્રયાંસને આ પ્રમાણે કહેવા લાગ્યા "હે કુમાર! તમે ધન્ય છો અને પુરુષોમાં શિરોમણિ છો, કેમકે તમારો આપેલ ઈક્ષુરસ પણ સ્વામીએ ગ્રહણ કર્યો અને અમે સર્વસ્વ આપતા હતા તો પણ તેને તૃણ તુલ્ય ગણી પ્રભુએ સ્વીકાર્યું નહિ અને અમારા ઉપર પોતે પ્રસન્ન થયા નહીં પ્રભુ એક વર્ષ સુધી ગ્રામ, આકર, નગર અને અટવીમાં ફર્યા તો પણ અમારૂં કોઈનું આતિથ્ય ગ્રહણ કર્યું નહી; તેથી ભક્તપણાનું માન ધરાવનાર અમને ધિક્કાર છે. અમારા મંદિરમાં વિશ્રામ કરવો તથા અમારા વસ્તુનું ગ્રહણ કરવું તે તો દૂર રહો; પણ આજ સુધી વાણીથી પણ પ્રભુએ અમને સંભાવિત કર્યા નહીં. જેમણે પૂર્વે વર્ષો સુધી અમારૂં પુત્રોની પેઠે પાલન કર્યું, તે પ્રભુ જાણે પરિચય જ ન હોય તેમ અમારી સાથે વર્તે છે."

## શ્રેયાંસે કરેલો ખુલાસો

શ્રયાંસે કહ્યું; "તમે શા માટે એમ કહો છો? આ સ્વામી પૂર્વની પેઠે હાલમાં પરિગ્રહધારી રાજા નથી; પણ હાલમાં તો તેઓ સંસાર સમુદ્ર પાર કરવા માટે યતિ થયેલા છે. જેને ભોગની ઈચ્છા હોય તે સ્નાન, અંગરાગ, આભૂષણ અને વસ્ત્રનો ઉપયોગ કરે, પણ તેથી વિરક્ત થયેલા પ્રભુને તે વસ્તુઓની શી જરૂર હોય. જેઓ કામને વશ હોય તે કન્યાનો સ્વીકાર કરે, પણ કામદેવને જીતનારા સ્વામિને તો કામિનીઓ અત્યંત પણે પાષાણ

સમાન છે. જે પૃથ્વીના રાજ્યની ઈચ્છાવાળા હોય તે હાથી, ઘોડા વગેરે ગ્રહણ કરે, પણ સંયમરૂપી સામ્રાજ્યને ગ્રહણ કરનારા પ્રભુને તો એ સર્વે દગ્ધ થયેલા વસ્ત્ર જેવા છે. જે હિંસક હોય તે સજીવ ફલાદિ ગ્રહણ કરે. આ દયાળુ પ્રભુ તો સર્વે જીવને અભય આપનારા છે. તેઓ ફક્ત એષણીય, કલ્પનીય અને પ્રાસુક અન્નાદિકને ગ્રહણ કરે છે; પણ તમે તે જાણતા નથી. પ્રભુના દર્શનથી મને જાતિ સ્મરણ જ્ઞાન થયું છે. તેથી એષણીય આહાર કોને કહેવાય તેની મને ખબર પડી. એટલે મેં પ્રભુને એષણીય ઈક્ષુરસ વહોરાવ્યો."

બાહુબલિએ કરેલી ધર્મચક્રની સ્થાપના.

પારણા બાદ વિહાર કરતા કરતા પ્રભુ તક્ષશિલાના પરિસરમાં આવ્યા અને તક્ષશિલાની બહાર ઉદ્યાનમાં કાઉસ્સગ ધ્યાને રહ્યા. ઉદ્યાનપાલકે રાતે બાહુબલિને વધામણી આપી કે 'પ્રભુ ઉદ્યાનમાં પધાર્યા છે' બાહુબલિએ મહોત્સવપૂર્વક પ્રભુને વંદન કરવા જવાનો વિચાર કર્યો અને તે અંગે રાતોરાત તડામાર તૈયારીઓ પણ કરાવી; પણ ઉદ્યાને પહોંચતા બાહુબલિને ખબર પડી કે 'ભગવંત વિહાર કરી ગયા છે' બાહુબલિના પશ્ચાતાપનો પાર રહ્યો નહિ. પશ્ચાતાપ કરતા બાહુબલિને આશ્વાસન આપતા પ્રધાને કહ્યું, "પ્રભુની આ પાદરેખાને પ્રભુનું પ્રતીક માની તેનું પૂજન કરો" બાહુબલિએ તે પગલાંને વંદન કર્યું અને તેને કોઈ ઉલ્લંઘન કરી આશાતના ન કરે એ બુદ્ધિથી ત્યાં હજાર આરાવાળુ રત્નમય ધર્મચક્ર બનાવી પ્રતિષ્ઠિત કર્યું.

પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ.

પ્રભુ પવનની પેઠે અપ્રતિબદ્ધપણે વિહાર કરતા હતા. પોતાના દર્શનથી અનાર્ય લોકોને પણ ભદ્રિક પરિણામી બનાવતા તેમણે

એક હજાર વર્ષ અનાર્ય દેશમાં પસાર કર્યાં. ત્યારબાદ અનુક્રમે વિહાર કરતા અયોધ્યાના પુરિમતાલ પરામાં પધાર્યા. ત્યાં અઠ્ઠમનો તપ કરી વડના ઝાડ નીચે ભગવન્ત કાઉસ્સગ્ગધ્યાને રહ્યા. ફાગણ વદ અગિયારસને દિવસે પ્રભાતકાળે પ્રભુને અનંત વસ્તુના વિષય-વાળું અથવા અવિનાશી અને અનુપમ એવું પ્રધાન કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું.

## કેવળ જ્ઞાનનો મહોત્સવ–સમવસરણની રચના

ઈન્દ્રાદિ દેવોનું આગમન.

આ સમયે સર્વ ઇંદ્રોના આસન કંપાયમાન થયાં. દેવલોકમાં સુંદર શબ્દવાળી ઘંટાઓ વાગવા લાગી. દેવતાઓ અવધિજ્ઞાનથી પ્રભુનો કેવળજ્ઞાનનો સમય જાણી સમવસરણમાં આવવાની તૈયારીઓ કરવા લાગ્યા. પ્રથમ સૌધર્મેન્દ્ર આવ્યો બીજા ઇન્દ્રો પણ ઘણી ત્વરાથી ત્યાં આવી પહોંચ્યા.

સમવસરણનું વર્ણન.

તે સમયે વાયુકુમાર દેવતાએ સમવસરણને માટે એક યોજન પૃથ્વી કાંટા–કાંકરા કાઢી સાફ કરી. મેઘકુમાર દેવતાઓએ તે ભૂમિ ઉપર સુગંધી જળના વૃષ્ટિ કરી. વ્યંતર દેવોએ સુવર્ણ, માણેક અને રત્નોના પાષાણથી ભૂમિતળ બાંધ્યું અને તેની ઉપર પચરંગી સુગંધીદાર પુષ્પો વેર્યાં. તેમ જ રત્ન, માણેક અને સુવર્ણના તોરણો બાંધી દીધાં. સમવસરણની અંદરના ભાગનો પ્રથમ ગઢ વિમાનવાસી દેવોએ રત્નમય બનાવ્યો; મધ્યમાં જ્યોતિષ દેવતાઓએ સુવર્ણનો બીજો ગઢ અને તેની ઉપર રત્નમય કાંગરા બનાવ્યા. ત્રીજો રૂપાનો ગઢ ભુવનપતિ દેવોએ બાહ્ય ભાગ ઉપર રચ્યો. દરેક ગઢમાં ચાર ચાર દરવાજા હતા. તે દરવાજાને ચાર રસ્તાવાળી સુવર્ણકમળની વાપિકાઓ કરી હતી. બીજા ગઢમાં ઇશાન ખૂણે પ્રભુને વિશ્રામ કરવા માટે એક દેવછંદ રચ્યું હતું. અંદરના પ્રથમ ગઢમાં, પૂર્વ

દ્વારમાં, બન્ને તરફ, સુવર્ણના જેવા વર્ણવાળા, બેવૈમાનિક દેવ દ્વારપાળ થઈ ને રહ્યા હતા. દક્ષિણ દ્વારમાં બન્ને બાજુએ પ્રતિબિંબ હોય તેવા ઉજજળ વ્યંતર દેવતા દ્વારપાળ થયા હતા. પશ્ચિમદ્વારમાં સાંયકાળે જેમ સૂર્ય અને ચંદ્ર સામસામા આવીને રહે તેમ, રક્ત-વર્ણા જયોતિષ્ક દેવતા દ્વારપાળ થયા હતા. અને ઉત્તરદ્વારે કૃષ્ણ વર્ણવાળા ભુવનપતિ દેવતાઓ દ્વારપાળ થઇને ઊભા રહ્યા હતા. બીજા ગઢના ચારે દ્વારે બબ્બે દેવીઓ પ્રતિહાર થઈ ઊભી રહી હતી. છેલ્લા બહારના ચાર દ્વારે ચાર દેવતાઓ દ્વારપાળ થયા હતા. સમવસરણની મધ્યમાં વ્યંતરોએ ત્રણકોશ ઊંચું એક ચૈત્ય વૃક્ષ રચ્યું હતું. તે જાણે જ્ઞાન, દર્શન, ચારિત્રના ઉદયને જાહેર કરતું હોય એવું જણાતું હતું. વૃક્ષની નીચે વિવિધ રત્નની એક પીઠ રચી હતી. અને તે પીઠ ઉપર અપ્રતિમ મણિમય એક છંદક રચ્યો હતો. છંદકના મધ્યમાં, પૂર્વદિશા તરફ પાદ પીઠ સહિત સિંહાસન રચ્યું હતું અને તેની ઉપર, ત્રણ જગતના સ્વામીપણાના ત્રણ ચિન્હો હોય તેવાં ત્રણ છત્રો રચ્યાં હતાં. સિંહાસનની બે બાજુએ બે યક્ષો ઉજ્વળ ચામરો લઇ ઊભા રહ્યા હતાં સમ-વસરણના ચારે દ્વારની ઉપર અદ્ભૂત કાંતિના સમૂહવાળું એકએક ધર્મચક્ર સુવર્ણના કમળમાં રાખ્યું હતું.

## પ્રભુનો સમવસરણમાં પ્રવેશ

હવે પ્રાતઃકાળે ચાર પ્રકારના અસંખ્ય દેવતાઓથી વીંટાયેલા પ્રભુ સમવસરણમાં પ્રવેશ કરવા ચાલ્યા. તે વખતે દેવોએ સહસ્રપત્ર વાળા સુવર્ણના નવ કમળો રચ્યાં. બે કમળ ઉપર પ્રભુ પગ મૂકતા હતા. અને બાકીના કમળો દેવતાઈ પ્રભાવથી આગળ આવતાં હતાં. આ રીતે કમળ ઉપર પાદન્યાસ કરતા પ્રભુએ પૂર્વદ્વારથી પ્રવેશ કરી ચૈત્યવૃક્ષની પ્રદક્ષિણા કરી; અને પછી 'નમો તિત્થસ્સ'

કહી ભગવાન સિંહાસન પર આરૂઢ થયા. આ વખતે વ્યંતરોએ, બાકીની ત્રણદિશાએ, રત્નના ત્રણ સિંહાસન ઉપર પ્રભુના ત્રણ પ્રતિબિંબો કર્યાં. તે પ્રભુના પ્રભાવથી પ્રભુના જેવાં જ થયા હતા. પ્રભુની સમીપ એક રત્નમય ધ્વજ હતો. તે જાણે ધર્મે આ એક જ પ્રભુ છે એમ કહેવાને પોતાનો એક હાથ ઊંચો કર્યો હોય તેવો શોભતો હતો.

હવે વૈમાનિક દેવતાઓની સ્રીઓએ પૂર્વદ્વારથી પ્રવેશ કરી, ત્રણ પ્રદક્ષિણા દઈ તીર્થંકર તથા તીર્થને નમસ્કાર કરી પ્રથમ ગઢમાં સાધુ સાધ્વીનું સ્થાન છોડી દઇ, તેઓના સ્થાનકના મધ્ય ભાગમાં, અગ્નિખૂણે ઊભી રહી. ભુવનપતિ,જ્યોતિષ્ક અને વ્યંતરોની સ્રીઓ દક્ષિણ દિશાનાદ્વારથી પ્રવેશી, પૂર્ત્ર પ્રમાણે વિધિપૂર્વક વાયવ્ય દિશાથાં બેઠી. વૈમાનિક દેવો, મનુષ્યો ઉત્તર દિશાનાદ્વારથી પ્રવેશ કરી, પૂર્વ વિધિ પ્રમાણે ક્રમથી ઈશાન દિશામાં બેઠા. ત્યાં પ્રથમ આવેલા, અલ્પઋદ્ધિવાળા જે કોઇ આવે તેને નમતા અને આવનાર પ્રથમ આવેલ હોય તેને નમીને આગળ જતા. પ્રભુના સમવસરણમા કોઈને પ્રતિબંધ નથી, કોઈ જાતની વિકથા નથી. વિરોધીઓને પણ પરસ્પર વૈર નથી. તેમ કોઇને એકબીજાનો ભય નથી. બીજાગઢની અંદર તિર્યંચો આવીને બેઠા. ત્રીજા ગઢની બહારના ભાગમાં કેટલાય તિર્યંચો, મનુષ્યો અને દેવતાઓ પ્રવેશ કરતા અને નીકળતા દેખાતા હતા.

## મરૂદેવામાતાનો વિલાપ-ભરતનું આશ્વાસન

ભગવાન ઋષભદેવની દીક્ષા બાદ, નિરંતર તેમની ઝંખના કરતા મરૂદેવામાતાને અયોધ્યામાં અશ્રુપાતથી આંખે પડળ આવી ગયાં હતાં. હવે તે આંખે દેખી શકતાં ન હતાં. એક વખત પાતઃ કાળે માતામહીને વંદન કરવા ભરત મહારાજા આવ્યા. તેમણે

માતાના ચરણને સ્પર્શ કરી કહ્યું, "હે માતા ! હું ભરત આપને કુશળ છે ને ?" આ શબ્દ સાંભળતાં માતાનું હૃદય ભરાઇ આવ્યું અને તેમણે આંખમાં આંસુ સાથે ભરતને આશીર્વાદ આપ્યા અને પછી કહેવા લાગ્યાં, "હે ભરત ! મારો પુત્ર ઋષભ મને, તને અને સઘળી રાજ્યઋદ્ધિ છોડી ચાલતો થયો. ગહન વનમાં એકાકી ફરતો, તાઢ તડકો સહન કરતો અને ભૂખ તરસથી પીડાતો સાંભળું છું ત્યારે મને થાય છે કે હું સાંભળ્યા છતાં કેમ જીવું છું ? તું મને રોજ પૂછે છે 'માતા ! કુશળ છે ને !' મારી કુશળતા ઋષભની કુશળતામાં છે. હર હંમેશ જેને માથે ઉજ્વળ ચંદ્રકાન્તિ જેવા છત્ર રહેતાં, તેનું માથું આજે સૂર્યના તાપથી તપી રહ્યું છે. રથ અને હસ્તિ ઉપર બીરાજી સેંકડો માણસોથી જોવાતો મારો ઋષભ કાંટા, કાંકરા અને ઝાંખરામાં તેમજ પર્વત, ખીણો અને જંગલોમાં ઉઘાડે પગે રખડે છે. જેના આહાર અને ખાનપાન માટે કલ્પવૃક્ષના ફળ અને ક્ષીર સમુદ્રના પાણી હાજર થતાં, તે મારો ઋષભ ઘેર ઘેર ભિક્ષા માટે રખડે છે. અને તે ભિક્ષા પણ કોઈક વાર મળે અને કોઈવાર ન પણ મળે. મારો ઋષભ જ્યારે ત્રણે ઋતુઓમાં નિરાધાર ભીલોની પેઠે દુઃખ સહન કરી રહ્યો છે, ત્યારે તમે ભરત, બાહુબલિ વગેરે રાજ્યવૈભવમાં રાચો છો. મારા પુત્રની તમે થોડી જ દરકાર લો છો. મારા ભાગ્યને જ ધિક્કાર હો. ઋષભ જેવા પુત્રને પામી છતાં તેથી વિયોગી બની. તે પુત્ર પણ જ્ઞાન, નિધાન અને વાત્સલ્યપણું હોવા છતાં મને સાવ વિસરી ગયો છે. હું તેની સાર સંભાર લેવા જાઉં. પણ મેં તેના દુઃખને લઈ અશ્રુપાતથી આંખો ગુમાવી છે એટલે લાચાર છું. ભરત, તું મને તેની ખબર તો આપ્યા કરજે" આમ બોલી મરૂદેવામાતા રડી પડયા.

ભરત મહારાજા ધૈર્ય ધારણ કરી માતાને કહેવા લાગ્યા, "આપ

ત્રિભુવનસ્વામી ઋષભદેવની માતા છો. ત્રણ જગતના આધાર સત્વશાળી જે પ્રથમ તીર્થંકર થવાના છે તે આદીનાથની આપ જનની છો. જેના નામના સ્મરણથી બીજાને ઉપદ્રવો નથી થતા, તે તમારા પુત્રને ઉપદ્રવો શાના થાય? તેમને વનમાં વાઘ, વરૂ કે હિંસક પ્રાણીનો ભય નથી. તે જંગલમાં તાઢ, તડકો, વરસાદ વગેરે સહન કરે છે તે કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે છે અને તે તેમને થવાનું જ છે. આપ મનમાં ઓછું ન લાવો. જગતને તારનાર પુત્ર રત્નના કાર્યની અનુમોદન કરો."

## કેવળ જ્ઞાન અને ચક્રની ઉત્પત્તિની વધામણી

આ પ્રમાણે ભરત માતાને આશ્વાસન આપે છે તેટલામાં યમક અને સમક નામના બે રાજપુરુષો ભરત મહારાજા પાસે આવ્યા. યમકે કહ્યું, "હે રાજન્ પુરિમતાલ નામના પરામાં શકટાનન ઉદ્યાનમાં પ્રભુ ઋષભદેવને કેવળજ્ઞાન પ્રગટ થયું છે." પછી સમકે કહ્યું, "હે નરાધિપ ! આપની આયુદ્ધશાળામાં સૂર્ય મંડળ સરખું તેજસ્વી અને હજાર આરાવાળું ચક્રરત્ન ઉત્પન્ન થયું છે."

આ બન્ને વધામણીઓ સાથે સાંભળી ભરત મહારાજા ક્ષણવાર વિચારમાં પડ્યા કે, મારે આ બેમાં પ્રથમ પૂજા કોની કરવી; તુરત જ વિચાર કર્યો કે 'જગતને અભય આપનાર પિતાજી ક્યાં અને પ્રાણીઓનો ઘાત કરનારા ચક્ર ક્યાં!' એમ વિચારી પ્રથમ પ્રભુની પૂજા કરવાનો નિશ્ચર્ય કર્યો.

## ભરતનું મરૂદેવા માતા સાથે સમવસરણ તરફ પ્રયાણ

યમક સમકને વધામણી બદલ યોગ્ય ઈનામ આપી, ભરત મહારાજાએ પોતાના સામંતોને કેવળજ્ઞાનના મહોત્સવ માટે પ્રયાણ કરવાની આજ્ઞા આપી. ત્યારબાદ ભરતે મરૂદેવા માતાને કહ્યું, 'હર હંમેશ જેનું હૃદયમાં દુઃખ ધરી ચિન્તા કરો છો તે તમારા પુત્ર

ઋષભદેવ કેવળજ્ઞાન પામ્યા છે. અસંખ્ય દેવો અને માનવો તેમના કેવળ જ્ઞાનનો મહોત્સવ કરવા ઉપડયા છે. આપ મારી સાથે પુત્રની ઋદ્ધિ જોવા પધારો" એમ કહી; મરૂદેવામાતાને હાથી ઉપર બેસાડી, ભરત મહારાજા ચતુરંગ સૈન્ય સહિત સમવસરણ તરફ ચાલ્યા. દૂરથી સથવસરણમાં રહેલ ઇંદ્રધ્વજ દેખાવા લાગ્યો. રત્નગઢની જ્યોત આકાશમાં ઝળહળતી દેખી, ભરત માતાને કહેલા લાગ્યો, 'હે માતા! જુઓ આકાશમાંથી આ દેવો તમારા પુત્રને 'હું પહેલો જોઉં, હું પહેલો જોઉં' એમ કહી સ્પર્ધા પૂર્વક વેગથી દોડી રહ્યા છે. તમારા પુત્રને કેવળ જ્ઞાન થયું છે તેના મહોત્સવ નિમિત્તે દેવતાઓ દેવ દુંદુંભી વગાડી રહ્યા છે અને ગંધર્વો ગીત ગાય છે સમવસરણની રચના થઈ છે. હે દેવિ! એકવાર તમારા પુત્રની ઋદ્ધિ જુઓ."

આ સાંળળી મરૂદેવા માતાને હર્ષના આંસુ આવવા લાગ્યાં, આનંદાશ્રુ વડે આંખના પડળ ધોવાઇ ગયાં; અને પોતાના પુત્રની અતિશય સહિત તીર્થંકર પણાની લક્ષ્મી પોતાની આંખોથી જોઇ અને તેમાં એકતાન થઇ ગયાં. તેમને લાગ્યું, 'મેં પુત્રનો શોક ફોગટ કર્યો. તે તો ત્રિભુવનસ્વામી થયો છે. રાગદ્વેષ તજી તેણે કેવળ જ્ઞાન ઉપાર્જન કર્યું છે. હું કેવળ મોહમૂઢ બની. જગતમાં કોઈનું કોઇ નથી." આમ વૈરાગ્ય ભાવનાની શ્રેણીએ આગળ વધતાં કેવળજ્ઞાન પામ્યાં અને તેજ વખતે આયુષ્ય પૂર્ણ થવાથી મોક્ષે ગયાં. આ રીતે અવસર્પિણીમાં મરૂદેવા માતા પ્રથમ સિદ્ધ થયા જાણી દેવતાઓએ તેમના શરીરનો સત્કાર કરી, તેમના મૃતકને ક્ષીર સમુદ્રમાં પધરાવ્યું.

### ચતુર્વિધ સંઘની સ્થાપના

ભરતે રાજ્ય ચિહ્નોનો ત્યાગ કરી, પગ પાળા ચાલી, ઉત્તર દિશાના સમવસરણમાં પ્રવેશ કર્યો. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ,

પંચાંગ પ્રણિપાત કરી, પછી સહેજ પાછા ખસી, તે ઇંદ્રની પાછળ બેઠા. જોત જોતામાં પ્રભુની પર્ષદા ત્રણ લોકના જીવોથી ભરપુર બની. સૌ વૈરભાવ તજીને, કેવળ પ્રભુના મુખ સામે દૃષ્ટિ રાખી, તેમનો ઉપદેશ સાંભળવા તત્પર થયા એટલે ભગવાને દેશના દેવા માંડી.

ઋષભદેવ પ્રભુની દેશના અને તેની થયેલી અસર

"આધિ, વ્યાધિ, ઘડપણ અને મરણરૂપી સેંકડો જવાળાઓથી આકુળ એવો આ સંસાર પ્રાણીઓને અગ્નિ સમાન છે. તેથી તેમાં વિદ્વાનોએ લેશ માત્ર પ્રમાદ કરવો નહિ.

"આ મનુષ્ય જન્મ પ્રાપ્ત થવો ઘણો દુર્લભ છે. પરલોકની સાધના કરવાથી પ્રાણીઓનો મનુષ્ય ભવ સફળ થાય છે. આયુષ્ય, ધન અને યૌવન એ સર્વ નાશવંત છે અને જવાની ત્વરાવાળાં છે. આ સંસારની ચારે ગતિમાં કંઈ પણ સુખ નથી; છતાં પ્રાણીઓ વારંવાર અજ્ઞાનથી આ સંસારમાં પરિભ્રમણ કરે છે. દૂધ વડે સર્પનું પોષણ કરવાની પેઠે, તમે તમારા મનુષ્ય જન્મ વડે સંસારનું પોષણ કરશો નહીં. સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચારિત્રરૂપી ત્રણ રત્નોનું પાલન કરી મોક્ષ મેળવો."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળી, ભરતના પુત્ર ઋષભસેને નમસ્કાર કરી વિનંતી કરી કે "હે સ્વામી! તમે તત્ત્વામૃતને વરસાવી આ સર્વ પ્રાણીઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે અને આ સંસારથી ભય પામેલા પ્રાણીઓને આપ આપ્ત થયા છો. આ સંસારનાં સર્વ સગા સંબંધી સંસાર ભ્રમણમાં એક હેતુ રૂપ છે, તેથી મારે તેમની જરૂર નથી. મેં આપનો જ આશ્રય લેવાનો નિર્ણય કર્યો છે. માટે મને દીક્ષા આપો."

આ પ્રમાણે કહી ઋષભસેને ભરતના બીજા પાંચસો પુત્રો અને સાતસો પૌત્રોની સાથે વ્રત ગ્રહણ કર્યું. વળી સુર અસુરોએ કરેલો પ્રભુનો કેવળજ્ઞાન મહિમા જોઈ ભરતના પુત્ર મરિચિએ પણ દીક્ષા લીધી. ભરતે આજ્ઞા આપવાથી બ્રાહ્મીએ પણ દીક્ષા લીધી. બાહુબલીએ મુક્ત કરેલી સુંદરીને પણ વ્રત ગ્રહણ કરવાની ઈચ્છા હતી, પણ ભરતે રજા ન આપી તેથી તે શ્રાવિકા થઈ. ભરતે પણ શ્રાવકપણું અંગીકાર કર્યું. આ રીતે કોઈએ દીક્ષા, કોઈએ શ્રાવકપણું તો કોઈએ સમકિત ગ્રહણ કર્યું. કચ્છ મહાકચ્છ સિવાય સર્વ રાજતાપસોએ પ્રભુ પાસે આવી ફરીથી દીક્ષા ગ્રહણ કરી. આમ ચતુર્વિધ સંઘની વ્યવસ્થા ત્યારથી ચાલુ થઈ.

ગણધરોની સ્થાપના – બલિ ઉત્ક્ષેપ

પ્રભુએ ઋષભસેન વગેરે ચોરાસી બુદ્ધિવાન શિષ્યોને, સર્વ શાસ્ત્ર જેમા સમાયેલા છે એવી ઉત્પાદ, વ્યય અને ધ્રુવ નામની પવિત્ર ત્રિપદીનો ઉપદેશ કર્યો. તે ત્રિપદીને અનુસારે ચૌદ પૂર્વ અને દ્વાદશાંગી રચાઈ. પછી ઇંદ્ર દિવ્ય ચૂર્ણથી પૂર્ણ ભરેલો એક થાળ લઈને પ્રભુના ચરણ પાસે ઊભો થઈ રહ્યો એટલે ભગવંતે ઊભા થઈ તેમની ઉપર ચૂર્ણક્ષેપ કરી સૂત્રથી અર્થાત સૂત્રાર્થથી, દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી અને નયથી, અનુયોગ, અનુજ્ઞા તથા ગણની અનુજ્ઞા આપી. ત્યાર પછી દેવતાઓએ દુંદુભીના નાદપૂર્વક તેમના પર ચોતરફથી વાસ-ક્ષેપની વૃષ્ટિ કરી. પછી સર્વ ગણધરો અંજલિ જોડી ઊભા રહ્યા. પ્રભુએ પૂર્વાભિમુખ સિંહાસન પર બેસી ફરીથી દેશના આપી તે વખતે પહેલી પોરસી પૂરી થઇ. પછી ચક્રવર્તીએ કરાવેલો અને દેવતાઓએ સુગંધિત કરેલો અખંડ ફોતરા

રહિત બનાવેલો શાલિનો બલિ ઉછાળવામાં આવ્યો. બલિના અર્ધ ભાગને દેવતાઓએ અંતરિક્ષમાં જ ગ્રહણ કર્યો. નીચે પડયો તેમાંથી અર્ધ ભાગ ભરત રાજાએ લીધો અને બાકીનો લોકોએ વહેંચી લીધો. પછી પ્રભુ સિંહાસન પરથી ઊઠી ઉત્તર દ્વારના માર્ગથી બહાર નીકળ્યા અને દેવ છંદમાં વિશ્રામ લેવા બેઠા. તે સમયે મુખ્ય ગણધર ઋષભસેને, ભગવાનના પાદ પીઠ ઉપર બેસી, ધર્મદેશના આપી. ગણધરે દેશના સમાપ્ત કરી એટલે સર્વે પ્રભુને પ્રણામ કરી સ્વ-સ્થાને ગયા.

આ પ્રમાણે તીર્થ ઉત્પન્ન થતાં, ગોમુખ નામે યક્ષ અને ચક્રેશ્વરી નામે શાસનદેવી ઉત્પન્ન થઈ. પછી પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો. અને સંસારી જીવોને ઉપકાર કરતા તે પ્રભુ વાયુની પેઠે પૃથ્વી ઉપર અપ્રતિબદ્ધપણે વિહાર કરવા લાગ્યા

**પ્રભુના અઠ્ઠાણું પુત્રોની દીક્ષા**

ભરત ચક્રવર્તીએ સંપૂર્ણ ભરતક્ષેત્ર સાધ્યા બાદ પોતાના ભાઈઓને પોતાની આજ્ઞા પાળવા કહેવડાવ્યું ત્યારે તે ભગવંતને પૂછવા ગયા. પ્રભુ પાસે જઇ તેમણે કહ્યું, " હે પ્રભુ ! આપે સૌને દેશના ભાગ પાડી આપ્યા છે. ભરતને સૌ કરતાં મોટું રાજ્ય આપ્યું છે. છતાં તે લોભી આવી અમારા ઉપર તેની આજ્ઞા પાળવાનું કહેણ મોકલે છે; અમે શું કરીએ ?" પ્રભુએ તેમને કહ્યું, " જીવન ચંચળ છે, લક્ષ્મી કોઈ સ્થળે સ્થિર રહેનારી નથી. અને આ રાજ્ય પણ એક પછી એક ને આધીન થનારૂં છે. સમજુ પુરુષોએ તો આત્મ રમણમાં ચિત્ત પરોવી સ્વશ્રેય સાધવું જોઈએ" પ્રભુનો આ ઉપદેશ સાંભળી વૈરાગ્ય વાસિત બનેલા અઠ્ઠાણું પુત્રોએ પ્રભુ પાસે દીક્ષા લીધી.

ભરત મહારાજા અઠ્ઠાણુ ભાઈઓના દીક્ષાના સમાચાર સાંભળી દીલગીર થયા. આ અરસામાં એક દિવસ સુષેણ સેનાપતિએ મહારાજા ભરતને આવી કહ્યું, 'હે નરરત્ન, હજી તમારૂં ચક્ર આયુદ્ધશાળામાં પ્રવેશ કરતું નથી.' ભરતે કહ્યું, "આપણે છ ખંડ સાધ્યા તો હવે કોણ બાકી રહ્યું હશે કે ચક્રરત્ન અંદર નથી પ્રવેશ કરતું ?" થોડીકવાર વિચાર કરી સેનાપતિ બોલ્યા, "હે ચક્રવર્તી, આપનો નાનો ભાઈ બાહુબલિ જીતવો બાકી છે" ત્યારે ભરતે દૂત મારફતે બાહુબલિને પોતાને તાબે થવા કહેવરાવ્યું. પણ તેણે તેની અવગણના કરી યુદ્ધની જાહેરાત કરી. દેવોની વિજ્ઞપ્તિથી સંહારમય માણસોનું પરસ્પર યુદ્ધ બંધ રાખી બન્ને ભાઈઓનું દૃષ્ટિ યુદ્ધ, બાહુયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, વાગયુદ્ધ અને દંડયુદ્ધ થયું. આ દરેકમાં ભરત મહારાજા હાર્યા. આ પ્રમાણે બધા યુદ્ધમાં પરાભવ થવાથી લજ્જિત થયેલા ભરતે હાથમાં ચક્ર લઈ બાહુબલિ ઉપર છોડયું; પરન્તુ સગોત્રી ઉપર ચક્ર કંઇ પણ કરી શકે નહીં, તેથી તે ભરતના હાથમાં પાછું આવ્યું. પછી બાહુબલિ ક્રોધાતુર થઈ, મુષ્ટિ ઉપાડી ભરતને મારવા દોડયો. આ સમયે સૌને ભરતના જીવિતની શંકા થઈ. પરન્તુ બાહુબલિ ભરતની નજીક આવતાં સ્થિર થઈ ગયો અને વિચાર કરવા લાગ્યો કે ચક્રવર્તીની પેઠે રાજ્યમાં લુબ્ધ થઈ, મોટાભાઈનો વધ કરવા તૈયાર થયેલા એવા મને ધિક્કાર છે. ક્ષણવારમાં નાશ થનારી એવી રાજ્યલક્ષ્મીની ઈચ્છાએ હું મહા અનર્થ કરવા તૈયાર થયો છું. તો હવે મારાથી બીજો કયો પુરુષ અધમ કહેવાય ? એમ વિચારી તે ભરતને કહેવા લાગ્યો, "હે વડીલ બંધુ, મે આપને ઘણો ખેદ પમાડયો છે. રાજ્યલક્ષ્મીની લાલચે મેં ઘણું અધમ કાર્ય કર્યું છે; આપ મોટા છો તેથી આ કનિષ્ઠ બંધુના અપરાધને ક્ષમા કરજો" એમ કહી તે ઉગામેલી મુષ્ટિ વડે પોતાના મસ્તક ઉપરના કેશનો લોચ કર્યો.

એટલે દેવતાઓએ 'સાધુ, સાધુ' કહી પુષ્પ વૃષ્ટિ કરી અને આકાશવાણીમાં બોલ્યા કે "બળથી મોટાભાઈને જીતી બાહુબલિએ બન્ને ભાઈઓ વચ્ચે ભેદ કરનાર મોહને પણ ખરેખર જીત્યો છે"

## બાહુબલિનું તપ અને કેવળ જ્ઞાન

બાહુબલિએ રણાંગણ ભૂમિને કાઉસ્સગ્ગ ધ્યાનની ભૂમિ બનાવી અન્તે કેવળી થયા. પણ પ્રભુની પાસે ન ગયા. કારણ કે તે નાના ભાઇઓને વંદન કરવા માગતા ન હતા; અને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ માટે ત્યાં કાઉસ્સગ ધ્યાને રહ્યા. એક ચિતે નિશ્ચળ મેરૂસમાન રહી ઊંડું આત્મ રમણ કરતાં બાહુબલિએ દિવસો ઉપર દિવસો પસાર કર્યા. શિયાળો ઉનાળો પસાર થઈ ચોમાસું બેઠું. તેમના શરીરને લાકડાનું થડ માની આસપાસ લત્તાઓ વીંટાઈ. પક્ષીઓએ તેમાં માળા કર્યા; પણ દેહધારી બાહુબલિ અચેતન ઠુંઠાની પેઠે સ્થિર રહ્યા. ઉગ્રતપ, ત્યાગ અને ધ્યાનથી તેમણે કર્મોને ક્ષીણ કર્યા છતાં "કેવળજ્ઞાન પ્રગટ થયા પછી હું પિતાપાસે જાઉં જેથી મારે નાના ભાઇઓને વંદન કરવું ન પડે" તે ભાવના રહી ત્યાં સુધી કેવળજ્ઞાન ન પ્રગટયું.

એક વખત પ્રભુના કહેવાથી બ્રાહ્મી અને સુંદરી જ્યાં બાહુ-બલિ હતા ત્યાં આવી કહેવા લાગી, પ્રભુ કહે છે, "વીરા રે ગજ થકી ઉતરો, ગજ થકી કેવળ ન હોય" પછી બાહુબલિના ઉગ્રતપને અનુમોદન આપી બ્રાહ્મી અને સુંદરી સ્વસ્થાને ગઇ. બાહુબલિના મનમાં વિચાર આવ્યો કે, " અરણ્યમાં છું. અહીં કોઈ હાથી નથી. પ્રભુના વચનમાં પણ ફેરફાર ન હોય. ક્ષણમાં તેને સમજાયું કે પ્રભુ મારા ઉપકારી છે. મને જણાવે છે કે નાનાભાઇઓને ન વાંદવા રૂપ અભિમાન હાથીથી હેઠો ઉતાર. હું ભૂલ્યો; મોટો હું કે તે ભાઈઓ. તેમણે પહેલાં રાજ્યઋદ્ધિ છોડી. પહેલાં પિતાની સેવા

સ્વીકારી, પહેલા તપ તપ્યા, પહેલાં દીક્ષા લીધી અને પહેલાં જ્ઞાન પામ્યા. હું ત્યાં જાઉં અને તેમને વંદન કરૂં અને મારા આત્માને કૃત કૃત્ય બનાવું." આમ બોલી તેમણે પગ ઉપાડયો અને પગ ઉપાડતાંજ કેવળજ્ઞાન પ્રગટયું.

### ભરતનું ભાઇઓને ગોચરી માટે આમંત્રણ

એક વખત ભગવાન ઋષભદેવ અષ્ટાપદ પર્વત ઉપર સમવસર્યા. પર્વતના રક્ષકોએ આ સમાચાર ભરત મહારાજાને આપ્યા. ત્યારબાદ ચક્રવર્તી સર્વ પરિવાર સહિત અષ્ટાપદ પર્વતે ગયા અને ત્યાં પ્રભુને પ્રદક્ષિણા દઈ વાંદી દેશના સાંભળી. દેશનાના અન્તે મહાવ્રતને પાળનાર પોતાના ભાઇઓને જોઈ મનમાં ખેદ ધરી ભરત રાજા વિચાર કરવા લાગ્યા, "અગ્નિની પેઠે હંમેશાં અતૃપ્ત એવા મેં આ ભાઈઓના રાજ્યોને ગ્રહણ કરી ઘણું ખોટું કર્યું છે. માટે મારે તેમને તેમનાં રાજ્ય પાછાં આપવા જોઇએ" એમ વિચારી તે પ્રભુ પાસે ગયો અને ભાઈઓને રાજ્યો પાછા આપવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. ભગવન્તે કહ્યું, "ભદ્રિક ભરત! શરીર અને મનની પણ દરકાર ન કરનાર આ ઉત્તમ મુનિ પુંગવો વમન કરેલા ભોગરૂપ રાજ્યોને કેમ ગ્રહણ કરે?" ભરતે તુરત આહાર વગેરે સામગ્રી લાવી મુનિઓને આપવા માંડી. ત્યારે પ્રભુએ કહ્યું, "મુનિઓને તેમને માટે બનાવેલ આહાર ન ખપે." ભરતે ભગવંતને પોતાને ત્યાં તેમને માટે નહિ બનાવેલા આહાર વહોરી કૃતાર્થ કરવાની માગણી કરી. ભગવંતે કહ્યું, "ભરત મુનિઓને રાજપિંડ ન કલ્પે." આ સાંભળી ભરત ચક્રવર્તીને ઘણો પશ્ચાતાપ થયો.

### ઇન્દ્ર અને ભરતે મુનિઓને પોતાના ક્ષેત્રોમાં વિચરવાની આપેલી છૂટ

ઇન્દ્રે ભરતનું દુઃખ ઓછું કરવા પ્રભુને પૂછ્યું, "પ્રભુ! અવગ્રહ કેટલા છે?" ભગવન્તે કહ્યું, "ઇન્દ્ર સંબંધિ, ચક્રવર્તી

સંબંધી, રાજા સંબંધી, ગૃહસ્થ સંબંધી અને સાધુ સંબંધી આમ પાંચ પ્રકારે અવગ્રહ છે. ઇન્દ્રની ગેરહાજરીમાં ચક્રિની અનુજ્ઞાથી, ચક્રીની ગેરહાજરીમાં રાજાની અનુજ્ઞાથી સાધુઓ વિચરી શકે" પછી ઇન્દ્રે ઊભા થઈ કહ્યું, "મારા અવગ્રહમાં જે મુનિઓ વિચરે છે તેમને મારા ક્ષેત્રમાં વિચરવાની મેં રજા આપી છે." ત્યારબાદ ભરત ચક્રવર્તીએ કહ્યું, "મારા ક્ષેત્રમાં વિચરવાની હું પણ મુનિઓને રજા આપું છું".

## માહન બ્રાહ્મણોની ઉત્પત્તિ

ભરતને લાગ્યું કે રાજપિંડ હોવાથી મારે ત્યાં મુનિઓ વહોરા શકે નહિ તેથી તેણે શ્રાવકોને બોલાવી કહ્યું, "તમે મારે રસોડે હંમેશા ભોજન કરજો આરંભ સમારંભનો ત્યાગ કરી સ્વાધ્યાય કરજો અને મને જાગૃત રાખવા, "તમે જીતાયલા છો. ભય વૃદ્ધિ પામે છે. માટે કોઈ જીવને કે તમારા આત્મગુણને ન હણો અને સાવધ રહો (जितो भवान भयं भूरि. ततो माहन, माहन)" આટલા શબ્દો કહેજો. આ શ્રાવકો હંમેશાં આ પ્રમાણે શબ્દો કહે છે અને આ શબ્દો સાંભળતાં ભરતના હૃદયમાં ક્ષણવાર "હું કષાયોથી જીતાયો છે. મરણ અને સંસારનો ભય માથે છે વગેરે વગેરે વિચારો આવે છે અને ભય પામે છે. માહન માહન કહેનારા આ શ્રાવકો જતે દિવસે માહન એ નામથી પ્રસિદ્ધ થયા અને તેમાંથી બ્રાહ્મણો થયા.

## પુંડરીક વગેરે મુનિઓને શત્રુંજય ઉપર કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્તિ

એક દિવસ ભગવાન પુંડરીક વગેરે ગણધરો સાથે શત્રુંજય પર્વત ઉપર પધાર્યા. ત્યાં દેવોએ સમવસરણ રચ્યું. પ્રભુએ ઉપદેશ આપ્યો. પ્રથમ પોરસી પુરી થઇ એટલે પ્રભુ દેવછંદમાં જઈ બેઠા એટલે પુંડરીક ગણધરે પાદપીઠ ઉપર બેસી બીજી પોરસી પુરી

(૧) અવગ્રહ એટલે રહેવા તથા વિચરવાના સ્થાન માટે આજ્ઞા લેવી તે

થતાં સુધી ઉપદેશ આપ્યો. પછી પ્રભુએ વિહાર કર્યો. અનુક્રમે પુંડરીક ગણધર કોટિ મુનિસહિત, શુભધ્યાનથી કર્મ ખપાવી, ચૈત્ર સુદ પુનમને દિવસે કેવળજ્ઞાન પામ્યા. શુકલ ધ્યાનના ચોથા પાયે રહેલા તે મુનિઓ બાકી રહેલા અઘાતી કર્મનો ક્ષય કરી મોક્ષપદ પામ્યા. ત્યારથી શત્રંજય પર્વત પ્રથમ તીર્થરૂપ થયો. એ પર્વત ઉપર ભરત મહારાજાએ એક ચૈત્ય કરાવ્યું અને તેમાં પુંડરીકજીની પ્રતિમા સહિત શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા સ્થાપન કરી.

## ઋષભદેવ પ્રભુનો પરિવાર

| | | | |
|---|---|---|---|
| (૧) | સાધુઓ | ૮૪૦૦૦ | ચોરાસી હજાર |
| (૨) | સાધ્વીઓ | ૩૦૦૦૦૦ | ત્રણ લાખ |
| (૩) | શ્રાવકો | ૩,૫૦,૦૦૦ | ત્રણ લાખ પચાસ હજાર |
| (૪) | શ્રાવિકાઓ | ૫,૫૪,૦૦૦ | પાંચલાખ ચોપન હજાર |
| (૫) | ચૌદપૂર્વી | ૦૦૪૭૫૦ | ચારહજાર સાતસો પચાસ |
| (૬) | અવધિજ્ઞાની | ૦૦૯,૦૦૦ | નવહજાર |
| (૭) | કેવળી | ૦૨૦,૦૦૦ | વીસહજાર |
| (૮) | વૈક્રિયલબ્ધિવાળા | ૦૦૦,૬૦૦ | છ સો |
| (૯) | મનઃપર્યવજ્ઞાની | ૦૧૨,૬૫૦ | બાર હજાર છ સો પચાસ |
| (૧૦) | વાદી | ૦૧૨,૬૫૦ | બાર હજાર છ સો પચાસ |
| (૧૧) | અનુત્તર વિમાનવાસી મહાત્માઓ. | ૦૨૨,૦૦૦ | બાવીસ હજાર |

## પ્રભુનું નિર્વાણ

હવે દીક્ષા સમયથી લક્ષપૂર્વ વર્ષ વ્યતિત થયાં તે સમયે પોતાનો મોક્ષ કાળ જાણી પ્રભુ અષ્ટાપદ પર્વત પર પધાર્યા. ત્યાં દશ હજાર મુનિઓ સાથે પ્રભુએ છ ઉપવાસ કરી પાદોપગમન અણુસણ શરૂ કર્યું. આ વૃત્તાન્ત સાંભળી ભરત ચક્રવર્તી અત્યંત

શોકાતુર થયા, અને આંખમાંથી આંસુ વરસાવતા, પગે ચાલતા, અષ્ટાપદ ગયા. ત્યાં પ્રભુ પર્યંકાસને બેઠેલા હતા તેમને પ્રદક્ષિણા દઇ, પડખે બેસી ઉપાસના કરવા લાગ્યા. આ સમયે ઇંદ્રોના આસન ચલિત થવાથી બધા ઇન્દ્રો ત્યાં આવ્યા. મહાજ્ઞાની પ્રભુ અનુક્રમે શુકલ ધ્યાનનો ચોથો પાયો ધ્યાવતા માહવદ તેરસને દિવસે મોક્ષ પામ્યા.

આ સમયે પાસે બેઠેલા ભરત ચક્રવર્તી મૂર્છિત થઈ પૃથ્વી ઉપર ઢળી પડયા. એટલે ઇન્દ્ર પણ રૂદન કરવા લાગ્યા અને તેમની પાછળ સર્વ દેવતાઓ રૂદન કરવા લાગ્યા. ત્યારથી મરણ પાછળ રૂદન કરવાનો પ્રચાર પ્રવર્ત્યો. ઈંદ્રે બોધ આપી ભરત ચક્રવર્તીને શાન્ત કર્યો. પછી ઇન્દ્રે આજ્ઞા કરવાથી દેવતાઓ વનમાંથી ગોશીર્ષ ચંદનના કાષ્ઠ લાવ્યા અને પ્રભુના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો. ત્યારબાદ ક્ષીર સમુદ્રના જળ વડે અગ્નિ શાન્ત કરી સૌધર્મેન્દ્રે પૂજાને માટે પ્રભુની ઉપલી જમણી દાઢા ગ્રહણ કરી ઈશાનેન્દ્રે ડાબી, ચમરેન્દ્રે નીચલી જમણી અને બલીન્દ્રે નીચલી ડાબી દાઢા ગ્રહણ કરી. બીજા ઇંદ્રોએ દાંત અને દેવતાઓએ અસ્થિ ગ્રહણ કર્યા. કેટલાક શ્રાવકોએ માગણી કરવાથી દેવતાઓએ તેમને અગ્નિ આપ્યો, તેથી જતે દિવસે તેઓ અગ્નિ લેનારા અગ્નિહોત્રી બ્રાહ્મણો થયા. કેટલાક ચિતામાંથી ભસ્મ લઈ ચોળતા હતા તેથી જતે દિવસે તેઓ ભસ્મ ભૂષણધારી તાપસો થયા. પછી ચિતાસ્થાને દેવતાઓ સ્તુપની રચના કરી નંદીશ્વરદ્વીપ ગયા. ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કરી તેઓ સ્વસ્થાને ગયા.

ભરત ચક્રવર્તીએ સંસ્કાર પાસેની જમીન ઉપર ઊંચો પ્રાસાદ કરાવ્યો. તેમાં પ્રભુની પ્રતિમા સ્થાપના કરી, પૂજા કરી ઘેર આવ્યા. કેટલાક દિવસ ચક્રવર્તીએ શોકમાં જ નિર્ગમન કર્યા.

પછી મંત્રી વગેરે પુરુષોએ અનેક પ્રકારે સમજાવી, તેમને રાજ્ય-કાર્યમાં પ્રવર્તાવ્યા.

## ભરત ચક્રવર્તી

### ભરત ચક્રવર્તીનો દિગ્વિજય

ઋષભદેવ પ્રભુને જ્યાં સુધી કેવળ જ્ઞાન થયું ન હતું ત્યાં સુધી ભરત મહારાજા માંડલિક રાજા હતા. પ્રભુને આ બાજુ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું અને આ તરફ ભરતેશ્વરની આયુધ-શાળામાં હજાર આરાવાળું, સૂર્યસમાન દેદીપ્યમાન ચક્રરત્ન ઉત્પન્ન થયું. ભરત મહારાજાએ, ચક્રરત્ન ઉત્પન્ન થયું છે એમ સાંભળ્યા છતાં, આ જગતના વૈભવની ઈચ્છાને ગૌણ કરી, જગતભરનું કલ્યાણ કરનાર ઋષભદેવ પ્રભુના સમવસરણમાં, પરિવાર સહિત, પ્રભુને વંદન કરી, તેમની દેશના સાંભળી, પછી આયુધશાળામાં આવી ચક્રરત્નની પૂજા કરી.

ભરત મહારાજાએ (૧) દક્ષિણ ભરતાર્ધ અને (૨) ઉત્તર ભરતાર્ધ સાધ્યો. (૩) દક્ષિણ સિન્ધુનિષ્કૂટ, (૪) ઉત્તર સિન્ધુ નિષ્કૂટ, (૫) ઉત્તર ગંગા નિષ્કૂટ અને (૬) દક્ષિણ ગંગા નિષ્કૂટ નામના ચાર ક્ષેત્રો સુષેણ સેનાપતિને મોકલી સધાવ્યાં. આમ છ ખંડ સાધી સંપૂર્ણ ભરત ક્ષેત્ર સાધ્યું.

### સુંદરીની દીક્ષા

છ ખંડ સાધી, ચક્રવર્તીપણાના અભિષેક બાદ, ભરત ચક્રી પોતાના સ્વજનોને મળ્યા. તેમાં બાહુબલિની સાથે જન્મેલી સુંદરી, કે જે ઘણું તપ કરવાથી કૃશ અને દુર્બળ બની હતી, અને જેનું રૂપ તથા લાવણ્ય બેડોળ બન્યું હતું તેને નિહાળી ચક્રી ગૃહના અધિકારીઓને કહેવા લાગ્યા, "શું મારા મહેલમાં ખોરાક ઔષધની ખામી હતી કે જેથી સુંદરી આવી દશાને પ્રાપ્ત થઈ છે?" નિયોગીએ નમ્રપણે ચક્રીને કહ્યું, "મહારાજ ! દેવો જેને સાધ્ય છે તેવા આપને ત્યાં શાની ખામી હોય; પણ આપ દિગ્વિજય માટે નીકળ્યા ત્યારથી સુંદરી આયંબિલ તપ કરે છે.

આપે દીક્ષા માટે રોકયાં તેથી તે દીક્ષા ન લઈ શકયાં, પણ ભાવ દીક્ષા રાખી વિચરે છે." ભરતે સુંદરીને પૂછયું, "તું દીક્ષા લેવા ઇચ્છે છે?" સુંદરીએ હા કહેતાં ભરતે રજા આપી. અને આટલા દિવસ અંતરાય કર્યા બદલ પ્રશ્ચાતાપ કર્યો. ભરતની રજા મળી એટલે સુંદરીએ ભાવપૂર્વક દીક્ષા ગ્રહણ કરી.

આ અરસામાં ભરતના નાના અઠ્ઠાણુ ભાઈઓ બાહુબલિ અને સ્વજનોએ દીક્ષા લીધી.

## ભરત ચક્રીને આરિસા ભુવનમાં કેવળજ્ઞાન

એક વખતે ભરત ચક્રી વસ્ત્રપરિધાન બાદ પોતાનું રૂપ નિરખવા આરિસા ભુવનમાં પધાર્યા. પોતાનું રૂપ જુએ છે તેવામાં અચાનક રત્ન જડિત વીંટી આંગળીમાંથી સરકી પડી. આભૂષણ વિનાની આંગળી શોભા રહિત લાગી. ચક્રીએ માથા ઉપરનો મુગુટ દૂર કર્યો અને માથાને આરિસામાં જોયું. ત્યાર બાદ બાજુ બંધ અને ગળાના હાર દૂર મૂકયા. ચક્રીની વિચાર ધારા ઊંડી ઊતરી. તેને સમજાયું કે મારી ભૂષા ધરેણાંના પ્રતાપે છે. તે દૂર થતાં સમગ્ર દેહ શોભા વિનાનો છે. અને આ દેહમાંથી આત્મા જતાં તો શરીર પણ ઘરમાં રાખવા યોગ્ય રહેતું નથી. આ ઋદ્ધિ; સિદ્ધિ અને વૈભવ મારો નથી. મેં તેમાં કેળવેલું મમત્વ ખોટું છે. આ ભાવના ઉત્તરોત્તર વૃદ્ધિ પામી અને તે એટલી બધી આગળ વધી કે તેજ આરિસા ભુવનમાં ભરત ચક્રીને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું.

### ભરત કેવળીનું નિર્વાણ

ઇંદ્રનું આસન કંપ્યું. અવધિ જ્ઞાનથી ભરત ચક્રીને કેવળ જ્ઞાન થયાનું જાણી તેણે ચક્રીને મુનિવેશ આપ્યો. ભરતે સ્વયમેવ પંચ-મુષ્ટિ લોચ કરી સાધુ વેષ ગ્રહણ કર્યો. તેમની સાથે બીજા દશ હજાર માંડલિક રાજાઓએ પણ દીક્ષા લીધી. એક લાખ પુર્વ સુધી જગતના જીવોને પ્રતિબોધી ભરત કેવલી અષ્ટાપદ પર પધાર્યા અને અણસણ કરી નિર્વાણ પામ્યા.

# વિભાગ બીજો

## શ્રી અજીતનાથજીથી શ્રી શીતલનાથ સ્વામી સુધી નવ તીર્થંકરોનાં ચરિત્ર તથા શ્રી સગર ચક્રવર્તી ચરિત્ર

### અજીતનાથ ચરિત્ર

અરઈ રઇ તિમિર વિરહિઅ મુવરય જર મરણં
સુર અસુર ગરૂલ ભુયગ વઈ પયય પણિવઇઅં
અજીઅ મહમવિઅ સુનય નય નિઉણુમ ભયકરં
સરણ મુવસરિઅ ભુવિ દિવિજ મહિઅં સયય મુવણમે-
સંગયયં

ભાવાર્થ : અરતિ, રતિ તથા અજ્ઞાને રહિત, નાશ પામ્યા છે ઘડપણ અને મરણના દુઃખ જે થકી એવા, વૈમાનિક ભુવનપતિ અને સુવર્ણકુમારના સ્વામીએ નમસ્કાર કરાયલા, મનુષ્ય તથા દેવતાઓથી પૂજિત અને અભયદાનના કરનારા અજીતનાથને હું નિરંતર નમસ્કાર કરું છું.

વિમલ સસિ કલાઈ રેઅ સોમં
વિતિમિર સૂર કરાઈ રેઅ તેઅં
તિઅસ વઈ ગણાઈ રેઅ રૂવં
ધરણિધરપ્પવરાઈ રેઅ સારં—કુસુમલયા

સત્તે અ સયા અજીઅં
સારીરે અ બલે અજીઅં
તવ સંજમે અ અજીઅ
એસ થુણામિ જીણં અજીઅં
—ભુઅગપરિરિંગિઅં

ભાવાર્થ : નિર્મલ ચંદ્રકળાથી અધિક સૌમ્યતા છે જેની એવા, અંધકાર રહિત સૂર્યના કિરણોથી પણ અધિક છે તેજ જેનું એવા, દેવતાના પતિ ઇંદ્રિ કરતાં અધિક રૂપવાળા, પર્વતોમાં શ્રેષ્ઠ એવા મેરૂપર્વત કરતાં પણ અધિક ધૈર્યવાળા, સત્યને વિષે સદા અજીત, શારીરિક બળ વિષે અજીત, તપ અને સંયમ વિષે અજીત એવા શ્રી અજીતનાથ જીનેશ્વરની હું સ્તુતિ કરું છું.

અસુર ગરૂલ પરિવંદિઅં
કિન્નરોરગ નમંસિઅં, દેવ કોડિસય સંથુઅં
સમણ સંઘ પરિવંદિઅં–સુમુહં
અભયં અણહં, અરયં અરૂયં
અજિયં અજિયં પયઓ પણમે
—વિજ્જુવિલસિઅં

ભાવાર્થ : અસુર, સુવર્ણકુમાર આદિ ભવનપતિ દેવતા વડે કરી સમસ્ત પ્રકારે વંદિત, કિન્નર અને ઉરગ આદિ વ્યંતર દેવતા વડે કરી નમસ્કાર કરાએલા, શ્રમણ સંઘથી સર્વ પ્રકારે વંદના કરાએલા, ભય રહિત, પાપ રહિત, મોહ રહિત અને રાગાદિ દોષોથી પરાભવ નહિ પામેલા એવા અજીતનાથ ભગવાનને હું આદરપણે પ્રણામ કરું છું.

અર્હન્ત મજિતં વિશ્વ–કમલાકર ભાસ્કરમ્
અમ્લાન કેવલાદર્શ સંક્રાન્ત જગતં સ્તુવે

આ વિશ્વરૂપી કમળવાળા સરોવરને પ્રકાશ કરવામાં સુર્યના જેવા અને જેણે પોતાના નિર્મળ એવા કેવળજ્ઞાન રૂપી દર્પણમાં ત્રણ જગત પ્રતિબિંબિત કરેલું છે એવા પૂજન કરવા યોગ્ય 'અજીતનાથ' ભગવાનની હું સ્તુતિ કરું છું.

## પૂર્વભવ-પહેલો ભવ-વિમલવાહન રાજા

જંબુદ્વીપના ભરતક્ષેત્રની આ ચોવીસીમાં બીજા તીર્થંકર અજીતનાથ ભગવાન થયા. અજીતનાથ પ્રભુ પૂર્વજન્મમાં વત્સ નામના વિજયમાં, સુશીલા નામની નગરીમાં, વિમલવાહન નામે રાજા હતા. વિમલવાહન રાજા ન્યાયપ્રિય, કુશળ અને ધર્મદક્ષ હતા. ગૃહસ્થ ધર્મમાં, રાજ્યધર્મમાં અને લોકોત્તર ધર્મમાં કોઈને બાધ ન આવે તે રીતે પૂરું ધ્યાન આપતા હતા. એક વખત રાજાની વિચારધારા વૈરાગ્યમાર્ગે વળી. તેને લાગ્યું કે માનવભવ, સારું કુળ, આર્યક્ષેત્ર અને સુંદર શરીર હોવા છતાં તેનાથી જો માત્ર આ ભોગ સુખમાં જ રક્ત રહીશ તો ક્યાં જઈ પટકાઈશ. માટે સાધુનો પરિચય કરવો જોઈએ અને શરીર તથા આ વૈભવથી મારે સુકૃત કરવું જોઈએ. આમ વિચારે છે એવામાં કોઈએ ખબર આપ્યા કે અરિદમન નામના સૂરિ મહારાજ ઉદ્યાનમાં પધાર્યા છે. સૂરિની દેશના સાંભળી વિમલવાલન રાજાએ, પુત્રને ગાદી આપી દીક્ષા લીધી.

## બીજો ભવ-દેવ

વિમલવાહન રાજર્ષિ બાવીસ પરિસહ તેમજ ઉપસર્ગ સહન કરવા લાગ્યા. વિવિધ પ્રકારના એકાવલી, રત્નાવલી, કનકાવલી વગેરે તપો કર્યાં અને સિદ્ધ, ગુરૂ, બહુશ્રુત સ્થવીર, તપસ્વી, શ્રુતજ્ઞાન વગેરે વીસપદોનું આરાધન કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું અન્તે અણશણ કરી વિમલવાહન રાજર્ષિ વિજય નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયાં.

## અજીતનાથ ભગવાન

શ્રી ઋષભદેવ પ્રભુના ઇક્ષ્વાકુ વંશમાં અસંખ્ય રાજાઓ સિદ્ધિ ગતિ પામ્યા અને અસંખ્ય દેવલોકમાં ગયા. ત્યારબાદ

ઇક્ષ્વાકુ વંશમાં વિનીતા નગરીમાં જિતશત્રુ રાજા થયા. સુમિત્ર વિજય નામે યુવરાજ તેમના નાનાભાઈ હતા. જિતશત્રુ રાજાને વિજયા નામે રાણી હતી. આ રાણીની કુક્ષિમાં વૈશાખ સુદ તેરસને દિવસે, વિમલવાહન રાજાનો જીવ વિજય વિમાનમાંથી ચ્યવી, પુત્રપણે ઉત્પન્ન થયો. જ્યારે આ પુત્ર ગર્ભાવાસમાં આવ્યો ત્યારે વિજયા રાણીએ ચૌદ મહા સ્વપ્નો દીઠાં.

જિતશત્રુ રાજાના નાનાભાઈ સુમિત્ર વિજયની પત્ની વૈજયન્તી અથવા યશોમતીએ પણ તેજ રાત્રે ચૌદ મહા સ્વપ્ન જોયાં. સવારે રાજાએ સ્વપ્ન લક્ષણ પાઠકોને બોલાવ્યા. તેમણે કહ્યું. "અમારા શાસ્ત્ર મુજબ આ ચૌદ મહા સ્વપ્નો તીર્થંકર અને ચક્રવર્તીની માતા જુએ છે. પણ એકી સાથે બે તીર્થંકર કે બે ચક્રવર્ત્તી સંભવે નહિ. આથી આર્હત આગમથી અમે જાણીએ છીએ તે મુજબ બીજા અજીતનાથ તીર્થંકર વિજયા રાણીના પુત્ર થશે અને બીજા ચક્રવર્ત્તી સગર વૈજયન્તીના પુત્ર થશે. સ્વપ્ન ફળ જાણી સૌ આનંદ પામ્યાં. સ્વપ્ન લક્ષણ પાઠકોને પારિતોષિક આપી રાજાએ વિદાય આપી.

જેમ જેમ દિવસો પસાર થયા તેમ તેમ વિજયા રાણીની કાન્તિ વધવા લાગી. છીપમાં મોતીની પેઠે પુત્ર વૃદ્ધિ પામવા લાગ્યો. આઠ માસ અને પચીસ દિવસ પસાર થયા પછી મહા સુદ આઠમને દિવસે જ્યારે સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાને હતા ત્યારે વિજયા રાણીએ, ગજલાંછનથી અંકિત પુત્રને જન્મ આપ્યો.

તેજ રાત્રિએ યુવરાજ સુમિત્ર વિજયની પત્ની વૈજયન્તીએ પણ પુત્ર રત્નને જન્મ આપ્યો. શુભ દિવસે રાજાએ પોતાના પુત્રનું નામ અજીત અને ભાઈના પુત્રનું નામ સગર પાડયું.

ઉમર થતાં રાજાએ પુત્રને ભણવા મૂકવા વિચાર કર્યો. પણ અજીતનાથ પ્રભુ ત્રણ જ્ઞાન સહિત હોવાથી સ્વયમેવ સર્વ કળા ન્યાય, શબ્દ શાસ્ત્ર વગેરે શિખ્યા. સગરકુમારે રાજાની આજ્ઞાથી સારે દિવસે ઉપાધ્યાયની પાસે અધ્યયન કરવાનો આરંભ કર્યો.

સગરકુમારની કેળવણી

સમુદ્ર જેમ નદીઓના જળનું પાન કરે તેમ સગરકુમારે પણ શબ્દ શાસ્ત્રોનુ થોડા દિવસમાં પાન કર્યું. દીપક જેમ બીજા દીપકથી જયોતિને ગ્રહણ કરે, તેમ સગરકુમારે સાહિત્ય શાસ્ત્રનું જ્ઞાન ઉપાધ્યાયની પાસેથી વગર પ્રયાસે ગ્રહણ કર્યું. બુદ્ધિની પ્રતિભાના સમુદ્રરૂપ એવો પ્રમાણ શાસ્ત્રોને તેણે, પોતે મૂકી રાખેલા નિધિની જેમ, અવિલંબે ગ્રહણ કર્યા. અર્થશાસ્ત્ર રૂપ મોટા સમુદ્રનું તેણે સારી રીતે અવગાહન કર્યું. ઔષધિ, રસ, વીર્ય અને તેના વિપાક સંબંધી અષ્ટાંગ આયુર્વેદનું, તેણે કષ્ટ વિના અધ્યયન કર્યું. ચાર પ્રકારે વાગવાવાળું, ચાર પ્રકારની વૃત્તિવાળું, ચાર પ્રકારના અભિનયવાળું અને ત્રણ પ્રકારના તૂર્યજ્ઞાનના નિદાનરૂપ વાદ્યશાસ્ત્ર પણ તેણે ગ્રહણ કર્યું. દંતઘાત, મદાવસ્થા, અંગલક્ષણ અને ચિકિત્સાએ પૂર્ણ એવું ગજ લક્ષણ જ્ઞાન પણ તેણે ઉપદેશ વિના જાણી લીધું. વાહન વિધિ અને ચિકિત્સા સહિત અશ્વ લક્ષણ શાસ્ત્ર તેણે અનુભવથી અને પાઠથી હૃદયંગમ કરી લીધું. ધનુર્વેદ તથા બીજા શાસ્ત્રોનું લક્ષણ પણ શ્રવણ માત્રથી જ લીલા વડે પોતાના નામની પેઠે તેણે હૃદયમાં ધારણ કરી લીધું. ધનુષ, ફલક, અસિ, છરી, પરશુ, ભાલો, ગદા, કૃપાણ, દંડ, શક્તિ, શૂળ, હળ, મુસળ, યષ્ટિ, ગોફણ, ત્રિશુળ, શંકુ અને બીજા શસ્ત્રોથી તે સગરકુમાર, શાસ્ત્રના અનુમાન સહિત યુદ્ધકળામાં કુશળતાને પામ્યો. પર્વણીના ચંદ્રની જેમ તે સર્વ કળાઓમાં પૂર્ણ થયો અને ભૂષણોની જેમ વિનયાદિક ગુણોથી શોભવા લાગ્યો.

શાસ્ત્રોનો અભ્યાસ કરી સગરકુમારે નિયોગી પુરુષની જેમ પ્રભુની પાસે પોતાનો નિયોગ નિવેદન કર્યો. ઉપાધ્યાયે નહીં ભાગેલા સંશયો, સગરકુમાર અજીત સ્વામીને પૂછવા લાગ્યો. અજિતકુમાર મતિ, શ્રુત અને અવધિ જ્ઞાન વડે તેના સંદેહને છેદી નાખતા હતા. મોટા તોફાની હાથીને વશ કરી સગરકુમાર પ્રભુને પોતાની શક્તિ બતાવતો હતો. પર્યાણવાળા અથવા પર્યાણ વિનાના તોફાની અશ્વોને તે પાંચ ધારાથી (ગતિથી) પ્રભુની આગળ વહન કરતો હતો. બાણ વડે રાધા વેધ, શબ્દ વેધ, જળની અંદર રાખેલા લક્ષ્યનો વેધ અને ચક્ર તથા મૃતિકાનો વેધ કરીને પોતાનું ધનુષ્ય બળ તે અજીત સ્વામીને બતાવતો હતો. હાથમાં ફલક અને ખડગ લઈ, આકાશના મધ્ય ભાગમાં ચંદ્રની જેમ ફલકના વચમાં રહેલો તે, પોતાની પાદ ગતિ પ્રભુને બતાવી, આકાશમાં ચળકતી વીજળીની રેખાના ભ્રમને આપનારાં ભાલો, શક્તિ અને શવેલાને વેગથી ભમાવતો હતો. સર્વ પ્રકારની છુરીકા સંબંધી વિદ્યા પણ તેણે અજિત સ્વામીને બતાવી. બીજા પણ શસ્ત્રોની કુશળતા તેણે ગુરુ ભક્તિથી અને શિક્ષા લેવાની ઇચ્છાથી અજિત સ્વામીને બતાવી. પછી સગરકુમારને કળામાં જે કાંઈ ન્યૂન હતું તે અજિતકુમારે શિખવ્યું.

અજીતકુમારનું લગ્ન

પ્રભુએ યૌવનમાં પ્રવેશ કર્યો એટલે જિતશત્રુ રાજાએ વિવાહ માટે આગ્રહ કર્યો. ભોગાવલી કર્મ બાકી હોવાથી પ્રભુ મૌન રહ્યા. એટલે જિતશત્રુ રાજાએ રાજકન્યાઓ સાથે ભગવાનના લગ્ન કર્યાં. સગરને પણ રાજકન્યાઓ પરણાવી.

જિતશત્રુ રાજાને કેવળ જ્ઞાન

જિતશત્રુ રાજાને વૈરાગ્ય ભાવના જાગૃત થઈ એટલે તેમણે

અજિતકુમારનો રાજ્યાભિષેક કર્યો અને સગરને યુવરાજ બનાવ્યો. રાજવી અજિતનાથે પિતા જિતશત્રુનો ભવ્ય દીક્ષા મહોત્સવ કર્યો અને જિતશત્રુ રાજાએ ઋષભદેવ પ્રભુના તીર્થમાં વર્તતા સ્થવિર મુનિરાજ પાસે દીક્ષા લીધી. દીક્ષા બાદ ઉગ્ર તપશ્ચર્યા આરંભી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને અન્તે સિદ્ધિ ગતિ પામ્યા.

રાજા અજિતનાથ

રાજા અજિતનાથ ન્યાય, નીતિ અને પ્રેમથી પ્રજાનું પાલન કરવા લાગ્યા. તેમના રાજ્યમાં વધ, બંધન, તાડન, દહન વગેરે શિક્ષાઓ કોઈપણ વખતે કરવાનો પ્રસંગ આવતો નહિ તેવી રીતે પ્રજા વર્તતી હતી. ચારે રાજનીતિમાં નિપુણ હોવા છતાં અજિતનાથ રાજવીને દંડ કે ભેદ નીતિનો ઉપયોગ કરવો પડયો ન હતો. પ્રજા અને રાજા વચ્ચે ખુબ જ મેળ અને વાત્સલ્ય ભાવ ઊભરાતો હતો. આમ રાજ્ય પાળતાં અજિત પ્રભુને ત્રેપન લાખ પૂર્વ થયા. ઉંમરના પરિપાક સાથે ભોગાવલિ કર્મ પણ પરિપક્વ થયું અને આપોઆપ વૈરાગ્ય ભાવના જાગૃત થતાં તેમણે વિચાર્યું, "આ રાજ્યની સુંદર વ્યવસ્થા, ભાઈઓનો ભ્રાતૃપ્રેમ અને રાજ્ય ઋદ્ધિ ગમે તેવી સગવડતા ભરી હોય તો પણ તેથી આત્માને શું ઉપકાર કરનારી છે? આત્માને ઉપકાર કરનાર વસ્તુ તો જ્ઞાન, દર્શન અને ચારિત્રને પોષક પ્રવૃત્તિ જ છે. મારે પાપ પોષક પ્રવૃત્તિ ત્યજી આત્મ પ્રવૃત્તિ તરફ વળવું જોઈએ."

સાંવત્સરિક દાન

આમ વિચારી અજિતનાથ રાજવીએ સગરને બોલાવી તેનો રાજ્યાભિષેક કર્યો. અને પછી સાંવત્સરિક દાન આરંભ્યું. ચોકે ચોક અને ચૌટે ચૌટે ખુલ્લે હાથે દાન આપ્યાં છતાં એક વર્ષમાં ભગવાનને હાથે ત્રણસો અઠયાસી કરોડ અને એંશી લાખ સોનૈયા

જ દાનમાં ગયા. કારણ કે વરસાદ ગમે તેટલો વરસે પણ પાત્ર જેટલું હોય તેટલું જ ભરાય તેમ ભગવાન ગમે તેટલું આપે પણ યાચક પોતાના ભાગ્ય જેટલું જ મેળવી શકે છે.

વાર્ષિક દાનને અન્તે ઇન્દ્રનું આસન કંપ્યું. ઇન્દ પરિવાર સહિત પ્રભુના નિષ્ક્રમણ મહોત્સવમાં આવ્યો. પરમ આભૂષણથી સુસજ્જ થયેલા પ્રભુ સુપ્રભા નામની શિબિકા ઉપર આરૂઢ થઈ સહસ્રામ્રવનમાં પધાર્યા. જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ કિંમતી આભૂષણ ધારણ કરવા માટે અલ્પ મૂલ્ય પાર્થિવ આભૂષણોનો ત્યાગ કર્યો;

અજીત પ્રભુની દીક્ષા

અને મહા સુદ નોમને દિવસે, ચંદ્રમા રોહિણી નક્ષત્રમાં હતો ત્યારે સપ્તપૂર્ણ વૃક્ષની નીચે, પંચમુષ્ટિ લોચ પૂર્વક, 'કરેમિ સામાઈયં'ની ઉદ્‌ઘોષણા સાથે, એક હજાર રાજાઓની સાથે, છઠતપપૂર્વક દીક્ષા લીધી. તુર્તજ, દીક્ષાનું સહોદર હોય તેમ, પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ અને સગર વગેરેએ ભગવાનની સ્તુતિ કરી, શોકસહિત સ્વસ્થાને ગયા અને અજીત પ્રભુ, જગતને પવિત્ર કરતા, વિહાર કરવા લાગ્યા.

## અજીતનાથ પ્રભુને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ

પવનની પેઠે અપ્રતિબદ્ધ વિહાર કરતા પ્રભુ બીજે દિવસે બ્રહ્મદત્તને ઘેર આવી ચડયા અને ક્ષીરાન્નથી હસ્તપાત્રમાં પારણું કર્યું. ભગવાને જે સ્થળે ઊભા રહી આહાર ગ્રહણ કર્યો તે પવિત્ર સ્થાનને સાચવી રાખવા તેણે રત્નપીઠિકા બનાવી. આ સ્થાનને પૂજ્યા વગર બ્રહ્મદત્ત ભોજન પણ કરતો ન હતો.

સમદષ્ટિ પ્રભુએ પવનની પેઠે અપ્રતિબદ્ધ વિહાર આરંભ્યો. જે જંગલોમાં પશુઓની ભયંકર રાડો પડતી અને જયાં સર્પોના

ગુંચળા પડયા રહેતાં તેવી ભયંકર અટવીમાં અને ઊંચા ઊંચા શિખરોવાળા અને નજર ન પહોંચે તેવી ખીણોવાળા પ્રદેશોમાં, જંગલની ઊંચ, નીચાની અસ્વાભાવિક સ્થિતિનો વિચાર કરવા પ્રભુ વિચરવા લાગ્યા. કોઈ વખત પવનના ઠંડા સૂસવાટાથી પાણી પણ થીજી જાય તેવા ભાગમાં ભગવાન ખુલ્લી કાયે કાઉસગ્ગ ધ્યાને રહેતા. તો કોઈ વખત જે સ્થાનથી જોતાં માણસ ચકરી ખાઈ નીચે પડે તેવા શિખરો પર, પર્વત સમા પ્રભુ ધ્યાનારૂઢ બનતા. આમ વિહારમાં તેમણે અનેક તપ, અભિગ્રહ અને નિયમો ધારણ કરી બાર વર્ષ પસાર કર્યાં. ત્યારબાદ તેમને પોષ સુદ અગિયારસના દિવસે, રોહિણી નક્ષત્રમાં કેવળજ્ઞાન થયું. પ્રભુએ હસ્તકમળની પેઠે જગતના સર્વ ભાવો જાણ્યા.

## સમકિતનો પ્રભાવ

એક વખત અજીતનાથપ્રભુ કૌશાંબી નગરીના પરિસરમાં પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. પ્રભુ સિંહાસન ઉપરબેસી દેશના આપેછે તેવામાં ત્યાં એક બ્રાહ્મણ યુગલ આવ્યું. તેમાંથી બ્રાહ્મણે ભગવાનને પૂછયું. "હે ભગવાન, આવી રીતે કેમ છે!" ભગવાને કહયું 'તે સમકીતનો મહિમા છે' સભાને આમાં કાંઇ સમજ ન પડી. સભાની શંકા ટાળવા મુખ્ય ગણધરે પૂછયુ, "આ બ્રાહ્મણે શું પૂછયું ! અને આપે શો ઉત્તર આપ્યો ?" ભગવાને કહયું, શાલિગ્રામ નામે એક ગામડું છે. ત્યાં શુદ્ધ ભટ્ટ નામે બ્રાહ્મણ છે. તેને સુલક્ષણા નામે ભાર્યા છે શુદ્ધ ભટ્ટ એક વખત દુઃખી થતાં પરદેશ ગયો પાછળ રહેલ સુલક્ષણા સાધ્વીના પરિચયમાં આવી અને સમકિતવંત થઈ. કેટલાક કાળે શુદ્ધભટ્ટ ઘેર પાછો ફર્યો. તેણે સ્ત્રીને કહયું, "મારા વિના તારા દિવસો કેમ પસાર થયા ?" સ્ત્રીએ જવાબ આપ્યો, "સાધ્વીના પરિચયે મને સમકિત પ્રાપ્ત થયું તેથી જગતની સારાસારતા સમજી વિવેક ઉપજયો અને મેં મારા દિવસો પસાર

કર્યાં. શુદ્ધભટ્ટ સમકિત પામ્યો. જતે દિવસે તેમને એક પુત્ર થયો. આ ગામડામાં બધા મિથ્યાત્વી હતા. એક વખત પુત્રને લઈ શુદ્ધભટ્ટ બ્રાહ્મણોની સભામાં ગયો. સૌ આ શ્રાવક છે. દૂર ખસ કહી તેનો તિરસ્કાર કરવા લાગ્યા. શુદ્ધભટ્ટ લાગણીવશ થયો અને બોલી ઊઠયો, "જિનોકત ધર્મ શુદ્ધ ધર્મ નહોય તો મારો પુત્ર ભસ્મિભૂત થજો" એમ કહી બળતા અગ્નિકુંડમાં પુત્રને નાખ્યો. જોત જોતામાં એક દેવી તેને હાથમાં લઈ બહાર આવી. સભા દિગ્મૂઢ બની. બ્રાહ્મણ આનંદ પામ્યો. ઘેર આવી પત્નીને વાત કરી. પણ પત્નીએ કહયું; "આવું ફરી તમારે ન કરવું જોઈએ કારણ કે કોઈક વખત શાસનદેવ જાગૃત ન હોય તો ધર્મની નિન્દા થાય" બ્રાહ્મણને ધર્મમાં વધુ સ્થિર કરવા સુલક્ષણા તેને સાથે લઈ અહિં મારી પાસે આવી અને બ્રાહ્મણે પૂછ્યું, "આ પુત્ર ઉગર્યો તે સમકિતનો પ્રભાવ છે કે કેમ?" મેં તેને કહયું, "હા તેમજ છે; પર્ષદા આનંદ પામી" કોઈએ વ્રતતો કોઈએ સમકિત ગ્રહણ કર્યું. પોતાનો નિવાર્ણ સમય નજીક આવતા અજિતનાથ પ્રભુ સમેત શિખર પધાર્યા અને હજાર મુનિયો

અજિતનાથનુ નિર્વાણ

સાથે પાદોપગમન અણસણ સ્વીકારી, ચૈત્ર સુદમ પાંચમે નિર્વાણ પામ્યાં. સાથે અણસણ કરનાર મુનિઓ પણ કાલાનુક્રમે નિર્વાણ પામી સિદ્ધિ સુખને વર્યા.

## અજીત નાથ પ્રભુનો પરિવાર

અજિતનાથ પ્રભુનો પરિવાર નીચે પ્રમાણે હતો :-

| | |
|---|---|
| સાધુ | ૧૦૦૦૦૦ એક લાખ |
| સાધ્વી | ૩,૩૦,૦૦૦ ત્રણલાખ ત્રીશહજાર |
| ચૌદપૂર્વધારી | ૦૦૩૭૦૦ ત્રણહજાર સાતસો |
| મનઃપર્યવજ્ઞાની | ૦૦૧૪૫૦ એકહજાર ચારસો પચાસ |

| | |
|---|---|
| અવધિજ્ઞાની | ૦૦૯૪૦૦ નવહજાર ચારસો |
| કેવલી | ૦૨૨,૦૦૦ બાવીસ હજાર |
| વાદી | ૦૧૨૪૦૦ બારહજાર ચારસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૦૨૦,૪૦૦ વીસહજાર ચારસો |
| શ્રાવક | ૨,૯૮,૦૦૦ બે લાખ અઠાણું હજાર |
| શ્રાવિકા | ૫,૪૫,૦૦૦ પાંચલાખ પીસતાલીસ હજાર |
| ગણધરો | ૦૦૦૦૯૫ પંચાણુ |

અજીતનાથ પ્રભુના શાસ્રનમાં મહાયક્ષ નામે શાસન દેવ થયો અને અજીતબલા નામે શાસન દેવી થઈ

## સગર ચક્રવતી

અજીતનાથ પ્રભુએ દીક્ષા લેતા પહેલાં સગરનો રાજ્યાભિષેક કર્યો હતો ત્યાર બાદ એક વખતે સગરના શસ્રાગારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું એટલે ચક્રીએ તેની પૂજા કરી આ પછી છત્ર, દંડ, ખડગ, કાકિણી, મણિ, ચર્મ વગેરે પણ ચક્રીને પ્રાપ્ત થયા.

### છખંડની સાધના

શુભ મુહુર્તે સગરચક્રીએ ભરતક્ષેત્રના છ ખંડ સાધવા પ્રયાણ કર્યું ઉત્તર ભરતમાં આપાત જિલ્લા સિવાય કોઈએ ચક્રીનો સામનો ન કર્યો આપાત જિલ્લો પણ થોડો વખત હેરાન થઈ ચક્રી સમજી શરણે આવ્યો. ઠેર ઠેર સત્કાર પામતા સગર ચક્રીએ બત્રીસહજાર વર્ષે છ ખંડ સાધ્યા અને વિનિતા નગરીના પરિસરમાં પડાવ નાખ્યો.

## સ્રીરત્ન સુકેશા સાથે લગ્ન

એક દિવસ સગરચક્રી અશ્વારૂઢ થઇ ઘોડાને ફેરવેછે તેવામાં ઘોડાને ભૂત આવ્યું હોય અને નાસે તેમ નાસવા માંડયો જોતજોતામાં તે અદ્રશ્ય થયો અને ચક્રી ને ઘોર જંગલમાં

લાવી ઊભો રાખ્યો. ચક્રી નીચે ઉતર્યો કે તુરત ઘોડો ગુજરી ગયો. ચક્રી પગપાળા આગળ વધ્યો. ત્યાર પછી સરોવરમાં સ્નાન અને જલપાન કરી લટાર મારે છે તેવામાં તેણે દેવ કન્યા સમી રૂપવતી સ્ત્રી જોઇ એકબીજાના નયનો એક બીજામાં મળ્યાં તે સાથે જ બંન્ને કામબાણથી ઘવાયા સ્ત્રી સખીઓ સાથે ચાલી ગઇ પણ તુરત એક દાસી સગર પાસે આવી કહેવા લાગી "હે સ્વામિન! ગગન વલ્લભ નામના નગરમાં સુલોચન નામનો વિદ્યાધર છે તેને સહસ્ર નયન નામે પુત્ર અને સુકેશાનામે પુત્રી છે. એક વખત નિમિત્તિયાએ સુલોચનને કહેલકે તમારી પુત્રી ચક્રવર્તીની પટરાણી થશે. આથી ગમે તેવા માગાં આવ્યા પણ તે સર્વને વિદ્યાધરે પાછાં ઠેલ્યાં.

એકવખત રથનુપુરના રાજાએ સુકેશાની માગણી કરી સુલોચને તે ન સ્વીકારી એટલે તુર્ત તે લશ્કર સહિત સુલોચન ઉપર ચઢી આવ્યો. આ લડાઇમાં સુલોચન મરી ગયો પણ તેનો પુત્ર સહસ્ર નયન, શત્રુ ન જાણે તે રીતે સુકેશાને લઈ આ જંગલમાં રહયો છે. જયારથી સુકેશાએ તમને જોયા છે, ત્યારથી તે તમારૂં રટણ કરે છે આ અરસામાં સહસ્રનયન પણ ત્યાં આવી પહોંચ્યો; અને તેણે સગરને ચક્રી જાણી સુકેશા પરણાવી. ત્યારપછી સહસ્રનયન ને સાથે લઈ, સગરચક્રી વિમાનમાં બેસી ગગનવલ્લભ નગરે આવ્યા અને ત્યાં તેનો રાજ્યાભિષેક કર્યો. ત્યાર બાદ ચક્રી સુકેશાને સાથે લઈ વિનીતા આવ્યા. અઠમ તપ કર્યો અને મહોત્સવ પૂર્વક નગરમાં પ્રવેશ કર્યો દેવોએ અને રાજાઓએ ચક્રિપણાનો અભિષેક કર્યો. આ ચક્રીપદનો મહોત્સવ બાર વર્ષ ચાલ્યો. સમય જતાં સગર ચક્રીને

સાઠ હજાર પુત્રો થયા. આ પુત્રો યૌવન વય પામ્યા અને તેમનો વિર્યોલ્લાસ ખીલી નીકળ્યો તેમણે પિતાને કહયું, 'અમે આપ કહો તે દેશ જીતી યે' પિતાની આગળ ન હતા કોઈ દેશ સાધવાના બાકી કે ન હતા કોઈ દુર્જય રાજ્ય બાકી. આથી તેમણે કહયું "પુત્રો, ભાગ્યશાળી પુરૂષોને સુખ ભોગવવા પ્રયત્ન કરવો પડતો નથી. તેમને માટે તો બીજાએ પ્રયત્ન પૂર્વક સુખ હાજર રાખવુ પડે છે. તમે તમારી ઈચ્છા મુજબ વિચરો અને સુખ ભોગવી કાળ પસાર કરો"

સગરપુત્રોનું અષ્ટાપદ સમીપ આગમન

રાજાએ તેમને રજા આપી એટલે તેઓ સ્રી રત્ન સિવાય ચક્રવર્તીના સઘળાં રત્નો લઈ ચાલ્યા. રસ્તામાં ઘણા અપ શુકન થયા ફરતાફરતા તેઓ અષ્ટાપદપાસે આવ્યા. સુવર્ણ મુકુટસમા ચૈત્યથી શોભતા તે પર્વતને જોઈ મંત્રીઓને પૂછ્યું, "આ કયો પર્વત છે અને તેના ઉપર ચૈત્ય કોણે બંધાવ્યુ છે?" મંત્રીઓએ કહયું, "તમારા પૂર્વજ ઋષભદેવના પુત્ર ભરત ચક્રીએ આ ચૈત્ય બનાવેલ છે. આઠ પગથાર હોવાથી આ અષ્ટાપદ પર્વત કહેવાય છે. આ ચૈત્યમાં સ્વસ્વ દેહપ્રમાણ ચોવીસ તીર્થંકર ભગવાનોની રત્નમય પ્રતિમાઓ અને ભરત ચક્રીના નવાણું ભાઈઓની પાદુકા તથા મૂર્તિઓ કરાવી ભરતેશ્વરે પ્રતિષ્ઠાપૂર્વક પ્રતિષ્ઠિન કરેલ છે.

અષ્ટાપદ ફરતી ખાઈ ખોદવાથી નાગપતિને થયેલ કોપ–સગરપુત્રોનું ભસ્મીભૂત થવું

સગરના સાઠ હજાર પુત્રો અષ્ટાપદ પર ચઢયા. દર્શન કરી વિચારવા લાગ્યા કે આપણા વડીલોએ બનાવેલ આવા મંદિરની સદાકાળ રક્ષા થાય એવું કાંઇક આપણે કરીએ કારણ કે વિષમકાળમાં જતે દિવસે માણસો પ્રભુની રત્ન પ્રતિમાને ઉઠાવી જશે કેમકે 'ધન ભૂખ્યાને કોઈપણ અનાચરણીય હોતું નથી."

બધાએ અષ્ટાપદ ફરતી ખાઈ કરી મંદિરની રક્ષા કરવાનો નિર્ણય કરી, દંડરત્નથી પૃથ્વીને ખોદવા માંડી જોતજોતામાં હજાર યોજન ખોદી નાખ્યું. ત્યાં તો નાગલોકોના ઉત્પાતથી ક્રોધાતુર થયેલ નાગરાજ બહાર આવ્યો અને કહેવા લાગ્યો, "તમે ઉન્મત થઈ આ ઘણું અઘટિતકાર્ય કરો છો" તેઓએ કહયું, "હે નાગરાજ તમારા સ્થાનોનો ભંગ કરવા અમે આ કાર્ય કરતા નથી પરન્તુ આ પર્વતના રક્ષણ માટે કરીએ છીએ. માટે માફ કરશો" તે સાંભળી નાગરાજ શાન્ત થયો અને સ્વસ્પાને ગયો. પછી તે કુમારોએ તે ખાઈ પાણીથી પુરવાને દંડરત્ન વડે, ગંગાનદીનો પ્રવાહ ત્યાં વાળ્યો. તેથી નાગકુમારોનાં સ્થાન પાણીથી ભરાઈગયાં. આ બનાવથી જવલન પ્રભ ઇન્દ્રના કોપે માઝા મૂકી. તે નાગકુમારો સાથે બહાર આવ્યો અને સગરકુમારોનો તિરસ્કાર કરી કહેવા લાગ્યો, "હે સગરપુત્રો! તમે પિતાના વૈભવથી છકી ગયા છો તેથી તમે શાપને યોગ્ય નથી. પરન્તુ ગધેડાની પેઠે ડફણાનેજ યોગ્ય છો. એકવાર તમારો અપરાધ અમે સહન કર્યો અટલે તમે ફરીથી અપરાધ કર્યો" એમ કહી દષ્ટિવિષ વડે સગરના સાઠ હજાર પુત્રોને ભસ્મિભૂત કર્યા.

સગરકુમારોની સમગ્ર છાવણી રોકકળથી ગાજી ઉઠી. સેનાપતિ અને સૈનિકો શા મોંઢે પાછું ફરવું તે ન સૂઝવાથી મરવા તૈયાર થયા. તેવામાં એક ભગવા વસ્ત્રવાળા બ્રાહ્મણે તેમને આશ્વાસન આપ્યું અને કહ્યું, "હું ચક્રવર્તીનો શોક ઓછો કરી તેને શાન્ત પાડીશ. તમે આવા અકાળ મૃત્યુને ન વરો."

**સગરનું દુઃખ ઓછું કરવા બ્રાહ્મણનું યુક્તિયુક્ત કથન**

"હું લૂંટાયો છું. મારૂં કોઈ રક્ષણ કરો. બચાવો, બચાવો" એમ બૂમો પાડતો બાળમૃતકને લઈ એક વૃદ્ધ બ્રાહ્મણ રાજમાર્ગમાં ડૂસકે ડૂસકે રડતો હતો. આ શબ્દો સગરચક્રીએ સાંભળી તેને

રાજસભામાં બોલાવ્યો અને પૂછયું, "હે વિપ્ર ! મારા રાજ્યમાં તને કોણે લૂંટયો છે ? તું કોણ છે ? તારે શું દુઃખ છે ?" વિપ્રે જવાબ આપ્યો, "હું અશ્વભદ્ર નામના ગામડાનો અગ્નિહોત્રી બ્રાહ્મણ છું. પુત્રને તેની માતાને સોંપી હું વધુ અભ્યાસ કરવા બીજે ગામ ગયો. ત્યાંથી પાછાં ફરતાં ઘરમાં પેઠો ત્યારે પત્ની ડૂસકે ડૂસકે રોતી હતી અને એક બાજુ સર્પ દંશથી મૃત્યુ પામેલા પુત્રનુ મૃતક પડયુ હતું. મેં અને મારી પત્નીએ રોકકળ કરી મૂકી. મધ્યરાત્રિએ કુલદેવી પ્રગટ થઈ અને કહેવા લાગી, "તું મૂંઝાઇશ નહિ. જેને ઘેર મૃત્યુ ન થયું હોય તેના ઘેરથી મંગલિક અગ્નિ લાવ એટલે તારા પુત્રને હું તુર્ત જીવતો કરીશ." મને આશા પ્રગટી તેથી મંગલિક અગ્નિ માટે હું ઘેર ઘેર ભટકું છું. પણ કોઇને ત્યાંથી મંગલિક અગ્નિ મળતો નથી. આપ ચક્રી છો, કૃપાળુ છો, તો આ પ્રજાના બાળકને જીવાડવા મંગલિક અગ્નિ મળતો નથી. તે ગમે ત્યાંથી મંગાવી આપો. " સગર ચક્રીએ શોકમય છતાં વિવેકી વાણીથી કહ્યું, "હે વિપ્ર ! અમારૂં કુળ ઊંચું છે છતાં અમારા કુટુંબમાં પણ ઋષભદેવ, ભરત વગેરે પ્રતાપી પૂર્વજો મૃત્યુ પામ્યા છે. તું ગમે ત્યાં ફરે, પણ કોઇનું કુટુંબ કે ઘર મૃત્યુ વિનાનું નહિ મળે. આ જગતમાં સર્વ જીવો કાળવશ છે. જે જન્મે છે તે અવશ્ય મૃત્યુ પામે છે. તમે પંડિત અને ધીર છો તો ધૈર્ય ધારણ કરી જગત સ્થિતિનો વિચાર કરો." વિપ્રે કહ્યું, "હું આ બધું સમજું છું. પણ મારી ધીરજ રહેતી નથી. રાજન્! શાસ્ત્રવચન અને ધીરજની વાતો જ્યાં સુધી પોતાને સાક્ષાત્ અનુભવ નથી થયો હોતો ત્યાં સુધી રહે છે, પણ જ્યારે દુઃખ પોતાને માથે આવી પડે છે ત્યારે નથી રહેતી. હું સમજું છું કે જેને થોડા પુત્રો હોય તેના

થોડા નાશ પામે અને જેના વધારે હોય તેના વધારે મૃત્યુ પામે હે રાજન ! આપના વચનથી હું હવે શોક નહિ કરૂં પણ આપ આપના બધા પુત્રોના મૃત્યુ સમયે શોક ન કરશો. તો હવે સાંભળો હે સ્વામિન ! આપના સાઠ હજાર પુત્રો નાગરાજના દૃષ્ટિ વિષથી મૃત્યુ પામ્યા છે."

આ સમાચાર સાંભળી સગર શોકસ્તબ્ધ બની જડાઈ ગયો. ઘણી ધીરજ રાખવા છતાં રાજા ધીરજ ન રાખી શકયો અને જમીન ઉપર ઢળી પડયો. સર્વત્ર શોક ફેલાયો. પ્રજા પણ રાજાના શોકમાં સામેલ બની. સગર સમજી ગયો કે આ વૃદ્ધ વિપ્ર મારા પુત્રોના મૃત્યુ સમાચાર આપવા આવ્યો હતો, પણ તેણે મને બધુ આઘાત ન લાગે માટે પોતાના પુત્રના મૃત્યુની વાત આગળ કરી હતી. સુબુદ્ધિ મંત્રીએ સગરના આંસુ લુંછયા. સર્વેએ જુદાં જુંદાં દૃષ્ટાન્તો આપી રાજાને શોક રહિત બનાવ્યા.

ગંગા નદીના પ્રવાહથી ઘણા ગામ ડૂબી જવા લાગ્યાં. પ્રજાએ બૂમરાણ કરી મૂકી એટલે સગરે જન્હુના પુત્ર ભગીરથને મોકલ્યો. ભગીરથે અઠ્ઠમ તપ કરી, ગંગાને સમુદ્રમાં વાળી પ્રજાને સુરક્ષિત કરી. આથી ત્યારબાદ ભગીરથના નામથી ગંગા ભાગીરથી કહેવાઈ.

ભગીરથીને પ્રાપ્ત થયેલ કેવળી મુનિનો સમાગમ

ગંગાને સમુદ્રમાં મેળવી ભગીરથ પાછો ફરે છે તેવામાં તેણે માર્ગમાં કેવળી ભગવંતને જોયા. તેમને વંદન કરી ભગીરથે પૂછયું, "હે ભગવંત ! કયા કર્મથી મારા પિતા અને કાકાઓ એકી સાથે મૃત્યુ પામ્યા ?" ભગવન્તે કહ્યું, "હે ભગીરથ ! એક વખત શ્રાવકોનો એક સંઘ જાત્રા કરવા નીકળ્યો. રાત્રે એક ગામમાં કોઇ કુંભારના ઘર પાસે ઉતારો કર્યો. તે ગામના લોકો ચોર હતા. તેઓ આ સંઘને લૂંટવાથી પુષ્કળ ધન મળશે એમ ધારી લૂંટવાને તૈયાર

થયા. કુંભારે તેમને સમજાવી તેમ કરતા અટકાવ્યા. તેથી તે સંઘ બચી ગયો. એક વખત ગામના રાજાએ ચોર લોકોથી કંટાળી પોતાનું આખું ગામ બાળી મૂકયું તેથી સર્વ લોકો બળી ગયા. ફક્ત પેલો કુંભાર બહારગામ ગયો હતો તેથી બચી ગયો. તે સર્વલોક મૃત્યુ પામી વિરાટ દેશમાં જન્મ્યા અને કુંભારનો જીવ તેમનો રાજા થયો. ત્યાંથી તે લોકો સંસારમાં ભમતા ભમતા તારા પિતાઓ અને કાકાઓ થયા અને તું તેમનો પુત્ર થયો. ”

સગરમુનિ મોક્ષ પદ પામ્યા

આ વૃત્તાંન્ત સાંભળી ભગીરથ ઘેર આવ્યો. તેને સગર ચક્રવર્ત્તીએ રાજ્યાભિષેક કરી રાજય સોંપ્યું અને પોતે અજિતનાથ પ્રભુ પાસે વ્રત અંગીકાર કર્યું. અનુક્રમે ચારિત્ર પાળી, કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા.

# શ્રી સંભવનાથ જિન ચરિત્ર

## પૂર્વભવનુ વર્ણન

### પ્રથમ ભવ-વિમલવાહન રાજા

ધાતકી ખંડના ઐરાવત ક્ષેત્રમાં ક્ષેમપરા નામની નગરી હતી. તે નગરમાં વિપુલવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. એક વખત તે રાજાના રાજ્યમાં મહા દુકાળ પડયો અને હજારો લોકો ભૂખથી મરી જવા લાગ્યા. જ્યાં ત્યાં ભૂખે મરતા માણસોના કોલાહલથી રાજાને બહુ ખેદ થયો. પોતાના છતાં ચતુર્વિધ સંઘનો ક્ષય થતો જોઇ રાજાનું અંતઃકરણ દયાથી પીગળી ગયું અને રસોઈઆને આજ્ઞા કરી કે મારે માટે રાંધેલું અન્ન મુનિઓને વહોરાવવું અને બીજા અન્નથી શ્રાવકો જમાડવા. રાજાની આજ્ઞા થતાં રસોઇયા હંમેશાં નવાં નવાં ભોજન બનાવી શ્રાવકોને જમાડવા લાગ્યા અને રાજા દરરોજ તેમની દેખરેખ રાખવા લાગ્યા. આ પ્રમાણે જ્યાંસુધી દુકાળ રહ્યો ત્યાં સુધી ચતુર્વિધ સંધની ભક્તિ કરવાથી રાજાએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

એક વખત રાજા પોતાના મહેલની અગાશીમાં બેઠો હતો, તેવામાં આકાશમાં વાદળ ચઢી આવ્યું અને થોડી જ વારમાં વિખરાઈ ગયું. આ જોઈ રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે વિચારવા લાગ્યો, "જગતની સર્વ સંપત્તિ અને લીલા આ વાદળ જેવી છે તે ભેગી થાય છે. પણ કાળનો ઝપાટો આવતાં જલદી વિખરાય છે. મૂર્ખ માણસ જ તેને કાયમી માની તેની અંદર ગાંડોઘેલો બને છે. આ વાદળની છાયાની પેઠે સર્વ સંસારની સ્થિતિ છે. માટે મારે તેની આસક્તિ છોડવી જોઇએ." એમ વિચારી પોતાના કુંવર

વિમલકીર્તિને રાજ્યનો ભાર સોંપી સ્વયંપ્રભ નામના આચાર્ય પાસે દીક્ષા લીધી. શુદ્ધ ચારિત્ર પાળી વીસ સ્થાનકનું આરાધન કરી તીર્થંકર નામ કર્મનું સારી રીતે પોષણ કર્યું.

### બીજો ભવ—દેવલોકમાં દેવ

આયુષ્ય પૂર્ણ થતાં વિમલવાહનમુનિ મરણ પામી આનત નામના નવમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

### શ્રી સંભવનાથ ભગવાન—ત્રીજો ભવ

વિશ્વ ભવ્ય જનારામ—કુલ્યા તુલ્યા જયંતિતાઃ
દેશના સમયે વાચઃ શ્રી સંભવ જગત્પતેઃ

ભાવાર્થ : સમસ્ત જગતના ભવ્યજનો રૂપી બગીચાને સિંચન કરવામાં પાણીની નીક સમાન એવી જગતપતિ શ્રી સંભવનાથ ભગવાનની ઉપદેશ વખતની વાણી જયવંતી વર્તે છે.

ચ્યવન

નવમા દેવ લોકનાં સુખ અનુભવી, વિપુલવાહન રાજાનો જીવ આ જંબુ દીપના પૂર્વ ભરતાર્ધમાં આવેલ શ્રાવસ્તી નામની નગરીને વિષે, જીતારી રાજાની રાણી સેનાદેવીની કુક્ષિને વિષે ફાગણ સુદ આઠમને દિવસે પુત્ર પણે ઉત્પન્ન થયો તે વખતે રાણીએ ચૌદ સ્વપ્ન જોયાં. અનુક્રમે નવ માસ અને સાડા સાત દિવસ વ્યતીત થતાં, માગશર સુદ ચાદશના દિવસે અશ્વના

જન્મ

લાંછન વાળા સુવર્ણ વર્ણી પૂત્રને સેના દેવીએ જન્મ આપ્યો દિગકુમારિકાઓ, ઈન્દ્રો અને દેવોએ આચાર પ્રમાણે જન્મોત્સવ ઉજવ્યો

ભગવાન જયારે માતાની કુક્ષિમાં હતા ત્યારે સેબા (સીંગ મગ, મઠ વાલ, ચોળા વગેરે) અનાજ ઘણુ ઉત્પન્ન થયું હતું તેથી પિતાએ તેમનું નામ સંબવનાથ અથવા સંભવનાથ પાડયું

પ્રભુ બાલ્યકાળ પસાર કરી યૌવનને પામ્યા ત્યારે પિતાએ તેમને દેવકન્યાઓ જેવી રાજકન્યાઓ પરણાવી. તેમની સાથે અનેક પ્રકારના સુખ ભોગવતા પ્રભુને પંદર લાખ પૂર્વ નિર્ગમન થયાં તે વખતે જિતારી રાજાએ સંભવ પ્રભુને રાજ્ય સોંપી દીક્ષા લીધી સંભવનાથને પોતાની પ્રજાની પેઠે પ્રજાનું પાલન કરતાં ચાર પૂર્વાંગ સહિત ચુંવાલીસ લાખપૂર્વ વીત્યાં. પ્રભુ પોતાનો રાજ્ય કાળ સુખમાં પસાર કરતા હતા. છતાં તેઓ વિચારવા લાગ્યા કે "આ સંસારમાં વિષયસુખ વિષ મિશ્રિત મધુ અન્ન સરખું છે. મધુર અન્ન ખાતાં સારું લાગે છે પણ વિષ મિશ્રિત હોવાથી મરણ પમાડે છે. તેમ આ વિષયો ભોગવતાં ગમે તેટલા સારા લાગતા હોય તો પણ પરિણામ મહા અનર્થ ઉત્પન્ન કરે છે. માટે આ સર્વનો ત્યાગ કરવો જોઈએ." એવું ભગવાન વિચારે છે તેવામાં લોકાન્તિક દેવોએ વિજ્ઞપ્તિ કરી, "હે નાથ ! તીર્થ પ્રવર્તાવો', પ્રભુએ સાંવત્સરિક દાન દેવાની શરૂઆત કરી અને એક વર્ષમાં ત્રણસો અઠયાસી કરોડ અને એંશીલાખ સુવર્ણ મુદ્રાઓનું દાન આપ્યું.

દીક્ષા

વાર્ષિક દાન આપી પ્રભુએ માગશર સુદ પુનમને દિવસે દીક્ષા લીધી. આચાર પ્રમાણે ઇંદ્રાદિક દેવતાઓ દીક્ષામહોત્સવ કરી સ્વસ્થાને ગયા. બીજે દિવસે પ્રભુએ તેજ નગરમાં સુરેન્દ્ર દત્ત રાજાને ઘેર ક્ષીરથી પારણું કર્યું. તે વખતે પંચ દિવ્ય પ્રગટ થયાં. પ્રભુએ જયાં પારણું કર્યું હતું ત્યાં સુરેન્દ્ર દત્તે મણિપીઠ રચાવ્યો.

ત્યાર પછી પ્રભુએ ગ્રામ, નગર, વન, પર્વત, દ્રોણ મુખ વગેરે અનેક સ્થળે વિચરી ચૌદ વર્ષ પસાર કર્યા. ભગવાન નવા નવા અભિગ્રહો ધારણ કરતા હતા. ગુપ્તિ અને સમિતિને યથાર્થપણે પાળતા પ્રભુ ફરી સહસ્રામ્રવનમાં પધાર્યા. ત્યાં સાળ વૃક્ષ નીચે

કારતક વદ પાંચમને દિવસે પ્રભુને કેવળ જ્ઞાન થયું. ઇન્દ્રોનાં આસનો ચલાયમાન થયાં એટલે તેમણે ત્યાં આવી સમવસરણની રચના કરી. પ્રભુએ તીર્થને નમી દેશના આપી.

## સંભવનાથ પ્રભુનો પરિવાર

વિહાર કરતાં પ્રભુને નીચેનો પરિવાર થયોઃ-

| | | |
|---|---|---|
| ગણધર | ૧૦૨ | (એકસો બે) |
| સાધુ | ૨૦૦,૦૦૦ | (બે લાખ) |
| સાધ્વીઓ | ૩,૩૬,૦૦૦ | (ત્રણ લાખ છત્રીસ હજાર) |
| ચૌદ પૂર્વી | ૦૦૨,૧૫૦ | (બે હજાર એકસો પચાસ) |
| અવધિ જ્ઞાની | ૦૦૯,૬૦૦ | (નવ હજાર છસો) |
| મનઃપર્યવજ્ઞાની | ૦૧૨,૧૫૦ | (બાર હજાર એકસો પચાસ) |
| કેવળ જ્ઞાની | ૦૧૫,૦૦૦ | (પંદર હજાર) |
| વૈક્રિયલબ્ધિવાળા | ૦૧૯,૮૦૦ | (ઓગણીસ હજાર આઠસો) |
| વાદી | ૦૧૨૦૦૦ | (બાર હજાર) |
| શ્રાવકો | ૨,૯૩,૦૦૦ | (બે લાખ ત્રાણું હજાર) |
| શ્રાવિકાઓ | ૬,૩૬,૦૦૦ | (છ લાખ છત્રીસ હજાર) |

સંભવનાથ સ્વામીના શાસનમાં ત્રિમુખ નામે યક્ષ અને દુરિતારિ નામે શાસનદેવી ઉત્પન્ન થયાં.

### નિર્વાણ

કેવળ જ્ઞાન થયા પછી પ્રભુએ ચાર પૂર્વાંગ અને ચૌદ વરસ ન્યુન લાખ પુર્વ સુધી વિહાર કર્યો. પછી પ્રભુ પોતાનો મોક્ષ કાળ નજીક જાણી, પરિવાર સહિત, સમેતશિખર પર આવ્યા. ત્યાં એક હજાર મુનિઓ સાથે પાદોપગમન અનશન શરૂ કર્યું. એક માસને અન્તે ચૈત્ર સુદ પાંચમને દિવસે પ્રભુ મોક્ષપદ પામ્યા. તેમના દેહનો અગ્નિ સંસ્કાર ઇંદ્રોએ યથાવિધિ કર્યો.

# શ્રી અભિનંદન સ્વામી ચરિત્ર

અનેકાંતમતાંભોધિ, સમુલ્લાસન ચન્દમાઃ
દધ્યાત્ મંદમાનંદં, ભગવાન અભિનંદનઃ

સ્યાદ્વાદ મત રૂપી સમુદ્રને સારી રીતે ઉલ્લાસ કરવામાં ચંદ્ર જેવા ભગવાન અભિનંદન સ્વામી, અમને, ઘણો આનંદ આપો.

## પૂર્વભવ

### પ્રથમ ભવ – મહાબલરાજા; બીજો ભવ – દેવ

આ જંબુદ્વીપના પૂર્વ મહા વિદેહમાં મંગલાવતી નામે વિજય છે. આ વિજયમાં રત્ન સંચયા નામની નગરી હતી. તેમાં મહાબલ નામે રાજા રાજ્ય કરતો હતો. આ રાજા બુદ્ધિ નિધાન, પરાક્રમી અને ધર્મપરાયણ હતો. એક વખત તેને વૈરાગ્ય ભાવના જાગૃત થઈ. તેથી તેણે વિમલ સૂરિ નામના આચાર્ય પાસે દીક્ષા લીધી. દીક્ષા બાદ તેણે એકાવલી, રત્નાવલી વગેરે તપ વડે પોતાના આત્માને ભાવિત કર્યો અને વીશ સ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. અન્તે અણસણ કરી, મહાબલ રાજર્ષિ મૃત્યુ પામી, વિજય વિમાનને વિષે દેવ પણે ઉત્પન્ન થયા.

## શ્રી અભિનંદન સ્વામી

ચ્યવન અને જન્મ

જંબુદ્વીપના આ ભરત ક્ષેત્રમા અયોધ્યા–કોશલા નામે નગરીમાં ઈક્ષ્વાકુ–વંશનો સંવર નામે રાજા હતો. આ રાજાને શિયળવંતી સિદ્ધાર્થા નામે રાણી હતી. તેની કુક્ષિમાં મહાબલ રાજાનો જીવ વિજય વિમાનમાંથી ચ્યવી, વૈશાક સુદ ચોથને દિવસે પુત્ર પણે ઉત્પન્ન થયો. નવ માસ અને સાડા સાત દિવસ પછી, સિદ્ધાર્થા રાણીએ, મહા સુદ બીજને દિવસે, સૂર્ય જેવા તેજસ્વી, વાનર લંછન-

વાળા પુત્રને જન્મ આપ્યો. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે સર્વ-નગરીને અભિનંદન ( હર્ષ ) થયો હતો તેથી માતા પિતાએ શુભ મુહૂર્તે તેમનું નામ અભિનંદન પાડયું.

દીક્ષા

બાલ્ય કાળ પસાર થયા બાદ, પોતાનું ભોગાવલી કર્મ જાણી, માતા પિતાના આગ્રહથી, પ્રભુ રાજકન્યાઓ પરણ્યા. સંસાર સુખ ભોગવતાં, પ્રભુ જ્યારે સાડા બાર લાખ પૂર્વની વયવાળા થયા ત્યારે સંવર રાજાએ તેમનો રાજ્યાભિષેક કર્યો અને પોતે ચારિત્ર ગ્રહણ કર્યું. રાજ્યનું પાલન કરતાં પ્રભુએ આઠ પૂર્વાંગ સહિત સાડી–છત્રીસ લાખ પૂર્વ પસાર કર્યાં. અનુક્રમે પ્રભુને દીક્ષા લેવાની ઈચ્છા થઈ; એટલે વાર્ષિક દાન આપી, મહા સુદ બારસે એક હજાર રાજાઓ સાથે, સહસ્રામ્રવનમાં દીક્ષા અંગીકાર કરી. તેજ વખતે પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

કેવળજ્ઞાન

બીજે દિવસે પ્રભુએ અયોધ્યાના રાજા ઈન્દ્ર દત્તને ત્યાં, હસ્ત-પાત્રમાં, ક્ષીરનું પારણું કર્યું. પંચ દિવ્ય પ્રગટ થયાં. ત્યાંથી પ્રભુએ અપ્રમત્તપણે વિહાર કરતાં અઢાર વર્ષ પૂર્ણ કર્યાં. પરિસહ, ઉપસર્ગ અને અભિગ્રહને ધારણ કરતા પ્રભુ પાછા સહસ્રામ્રવનમાં પધાર્યા. અને છઠ તપ કરી, રાયણ વૃક્ષની નીચે, કાઉસ્સગ ધ્યાને રહ્યા. ત્યાં શુકલ ધ્યાને વર્તતાં, ઘાતી કર્મનો ક્ષય થવાથી, પ્રભુને પોષ સુદ ચૌદસે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

અવધિજ્ઞાની ઇન્દ્રોએ પ્રભુનું કેવળ જ્ઞાન જાણી, ત્યાં આવી સમવસરણની રચના કરી. પ્રભુએ સિંહાસન ઉપર બેસી દેશના દીધી. ત્રિપદી અનુસાર ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી.

પ્રભુના તીર્થમાં યક્ષેશ્વર નામે યક્ષ અને કાલિકા નામે શાસન-દેવી થઈ.

## પ્રભુનો પરિવાર

પ્રભુને વિહાર કરતાં નીચેનો પરિવાર થયોઃ–

| | | |
|---|---|---|
| ગણધરો | ૧૧૬ | એકસો સોળ |
| સાધુઓ | ૩,૦૦,૦૦૦ | ત્રણ લાખ |
| સાધ્વીઓ | ૬,૩૬,૦૦૦ | છ લાખ છત્રીસ હજાર |
| અવધિજ્ઞાનીઓ | ૦૦૯,૮,૦૦ | નવ હજાર આઠસો |
| ચૌદ પૂર્વી | ૦૦૧,૫,૦૦ | એક હજાર પાંચસો |
| મનઃપર્યવજ્ઞાની | ૦૧૧,૬૫૦ | અગીયાર હજાર છસો પચાસ |
| વાદલબ્ધિવાળા | ૦૧૪,૦૦૦ | ચૌદ હજાર |
| શ્રાવકો | ૨,૮૮,૦૦૦ | બે લાખ અઠયાસી હજાર |
| શ્રાવિકાઓ | ૫,૨૭,૦૦૦ | પાંચ લાખ સત્તાવીશ હજાર |

નિર્વાણ

પોતાનો નિર્વાણ કાળ સમીપ આવ્યો જાણી પ્રભુ સમેત શિખર પર્વત પર આવ્યા. ત્યાં એક માસના અનસનને અન્તે, એક હજાર મુનિઓ સાથે, વૈશાક સુદ આઠમે, અભિનંદન સ્વામી મોક્ષપદ પામ્યા. દેવતાઓ તેમના દેહને અગ્નિસંસ્કાર કરી, નંદીશ્વરદ્વીપે જઈ, અઠ્ઠાઈ ઉત્સવ કરી, પોતપોતાને સ્થાને ગયા.

દ્યુસત્ કિરીટ શાણાગ્રોત્તોજિતાંઘ્રિ નખાવલિઃ
ભગવાન્ સુમતિ સ્વામી તનોત્વભિમતાનિવઃ

ભાવાર્થ– દેવતાઓના મુકુટ રૂપી શરાણના અગ્રભાગ વડે જેમનાં ચરણના નખની શ્રેણી ઘણી તેજવંત થયેલી છે એવા ભગવાન સુમતિનાથ તમારા મનોવાંછિત વિસ્તારો.

# શ્રી સુમતિનાથ ચરિત્ર

## પૂર્વભવ

### પહેલો ભવ-પુરૂષસિંહ રાજકુમાર-બીજો ભવ-દેવ

જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં, પુષ્કલાવતી નામે વિજયને વિષે, શંખપુર નામના નગરમાં વિજયસેન નામનો રાજા હતો. તેને સુદર્શના નામે એક રાણી હતી. તેને કાંઈ સંતાન ન હતું. એક વખત નંદિષેણ શેઠના સુલક્ષણા પુત્રો જોઈ સુદર્શના રાણીને ખેદ થયો, અને રાજા આગળ પોતાનો ખેદ પ્રગટ કર્યો. તપ કરી, રાજાએ કુલ-દેવીની આરાધના કરી. દેવીએ દર્શન દીધાં એટલે રાજાએ પુત્રની માગણી કરી. દેવીએ વરદાન આપ્યું કે 'દેવલોકમાંથી દેવતા ચ્યવીને તારો પુત્ર થશે.' અનુક્રમે રાણીને, સિંહ સ્વપ્ને સૂચિત, ગર્ભ રહ્યો. ગર્ભના પ્રભાવથી રાણીને દયા પળાવવાનો તથા ચૈત્યોમાં અઠ્ઠાઈ ઉત્સવ કરાવવાનો દોહદ ઉત્પન્ન થયો. રાજાએ તે પૂર્ણ કરાવ્યો. પછી દિવસ પુરા થતાં પુત્રનો જન્મ થયો. રાજાએ તેનું નામ પુરૂષસિંહ પાડયું. ઉમરલાયક થતાં, રાજાએ તેને રાજકન્યાઓ પરણાવી. પુત્ર અને પુત્રવધૂ દેખી રાજા રાણી આનંદ પામ્યાં.

એક દિવસ પુરૂષસિંહ ક્રીડા સારૂ ઉદ્યાનમાં ગયો. ત્યાં તેણે વિનયનંદન નામના સૂરિને જોયા. તેમને વંદન કરી દેશના સાંભળવા બેઠો. દેશનાને અન્તે ઘેર આવી, દીક્ષા લેવાના વિચારથી પિતા પાસે જઈ રજા માગી. પિતાએ ઘણું સમજાવ્યો; પણ પુરૂષસિંહ દઢ નિશ્ચયી હતો એટલે તેણે મુનિ પાસે દીક્ષા લીધી અને વીશ સ્થાનકના આરાધનથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું અન્તે અણસણ કરી પુરૂષસિંહ મુનિ વૈજયન્ત નામના વિમાનમાં દેવ થયા.

# શ્રી સુમતિનાથ ભગવાન

## ત્રીજો ભવ

ચ્યવન

જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં વિનિતા નામની નગરી હતી. તેમાં મેઘ વાહન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને મંગલા નામે મંગળ મૂર્તિ રાણી હતી. તેની કુક્ષિમાં, અનુત્તર વિમાનમાંથી પુરૂષસિંહનો જીવચ્યવી, શ્રાવણ સુદ બીજને દિવસે ઉત્પન્ન થયો. મંગળા માતાએ ચૌદ મહાસ્વપ્ન દીઠાં અને શેષ રાત્રિ ધર્મજાગરણમાં પસાર કરી.

આ અરસામાં એક શેઠ પોતાની બે પત્નીઓને લઈ પરદેશ ગયો હતો. ત્યાં એક પત્નીને પુત્ર થયો. બંને પત્નીઓએ તે પુત્રને ઉછેરી મોટો કર્યો. ઘર તરફ પાછા ફરતાં, શેઠ દૈવ યોગે મૃત્યુ પામ્યો. સ્ત્રીઓ ઘેર આવી. તેમાં પુત્ર વગરની સ્ત્રી કપટી હતી. તે કહેવા લાગી, 'આ પુત્ર મારો છે.' આ ફરિયાદનો ઈન્સાફ ઘણે ઠેકાણે કરાવ્યો પણ તેનો કોઇ નિર્ણય ન આવ્યો. છેવટે આ ફરિયાદ રાજ-દ્વારે મેઘવાહન રાજા પાસે આવી. મેઘવાહન રાજા પણ તેનો નિર્ણય ન કરી શક્યા. મંગલા રાણીએ આ વાત રાજાના મુખથી જાણી. તેણે બે સ્ત્રીઓને બોલાવી કહ્યું, "હે સ્ત્રીઓ, મારા ગર્ભમાં રહેલ પુત્ર ત્રણ જ્ઞાન ધારણ કરનાર છે. તે જન્મ પામ્યા પછી તમારો સાચો નિર્ણય કરશે. અત્યારે આ પુત્રનો નિર્ણય કોઇ કરી શકે એમ નથી. કારણ કે તમારૂં રૂપ અને આકૃતિ સરખાં છે. થોડો વખત તમે થોભી જાવ તો સાચો ઈન્સાફ મળશે." આ સાંભળી અપરમાતા મૌન રહી, પણ ખરી માતા બોલી ઊઠી, "દેવી, તેટલા સમય સુધી મારાથી પુત્ર વગર કેમ રહી શકાય? માટે આપ જ ન્યાય આપો" પછી મંગળા માતાએ ખરી માતાને કહ્યું, "તારાથી પુત્ર વગર રહી શકાતું નથી માટે તું જ ખરી માતા છે" એમ કહી

તેને પુત્ર સોંપી બન્ને સ્ત્રીઓને વિદાય કરી. સભા આશ્ચર્ય પામી, અને સૌ કોઈ રાણીની આ બુદ્ધિ ગર્ભના પ્રભાવને લઈને છે એમ જણાવવા લાગ્યા.

જન્મ

પૂર્ણ માસે મંગલા માતાએ વૈશાક સુદ આઠમને દિવસે, ક્રૌંચ પક્ષીના લક્ષણવાળા અને સુવર્ણ સરખા વર્ણવાળા પુત્રને જન્મ આપ્યો. રાજાએ અને દેવોએ મહોત્સવ કર્યો. પ્રભુ ગર્ભમા હતા ત્યારે માતાને સારી મતિ ઉત્પન્ન થયેલી હોવાથી પિતાએ પ્રભુનું સુમતિનાથ નામ પાડ્યું.

દીક્ષા

અનુક્રમે મોટા થતાં રાજાએ રાજકન્યાઓ પરણાવી. તેમની સાથે સુખ ભોગવતાં પ્રભુએ દશ લાખ પૂર્વ નિર્ગમન કર્યાં, ત્યારે પિતાએ તેમને રાજ્યનો ભાર સોંપ્યો. પ્રભુએ ઓગણત્રીસ લાખ પૂર્વ સુધી રાજ્ય કર્યું. પછી લોકાંતિક દેવોની વિનંતીથી વાર્ષિક દાન આપી, વૈશાક સુદ નોમને દિવસે, સહસ્રામ્રવનમાં દીક્ષા લીધી.

કેવળજ્ઞાન

બીજે દિવસે પદ્મ રાજાને ઘેર પારણું કર્યું. પરિસહોને સહન કરતા પ્રભુ, વીસ વર્ષ સુધી પૃથ્વી તલ પર વિહાર કરી સહસ્રામ્રવનમાં આવ્યા. ત્યાં રાયણ વૃક્ષ નીચે કાયોત્સર્ગે રહ્યા. ચૈત્ર સુદ અગિયારસને દિવસે, છઠ તપવાળા પ્રભુને કેવળજ્ઞાન થયું. તે સમયે દેવોએ સમોવસરણ રચ્યું અને પ્રભુએ દેશના દીધી.

નિર્વાણ

પ્રભુને વીસ વર્ષ અને બાર પૂર્વાંગે ઉણાં એક લાખ પૂર્વ વિહારમાં ગયાં. પછી પોતાનો મોક્ષકાળ સમીપ જાણી સમેત શિખર ઉપર ગયા. ત્યાં એક હજાર મુનિઓ સાથે અણસણ લઈ, એક માસને અન્તે, ચૈત્ર સુદ નોમને દિવસે, પુનર્વસુ નક્ષત્રે એક

હજાર મુનિઓ સાથે મોક્ષપદ પામ્યા. ઇંદ્રોએ તેમનો શરીર સંસ્કાર વગેરે યોગ્ય કર્મ યથાવિધિ કર્યું.

## સુમતિનાથ પ્રભુનો પરિવાર

વિહાર કરતાં પ્રભુને નીચેનો પરિવાર થયો:-

| | | |
|---|---|---|
| સાધુ | ૩,૨૦,૦૦૦ | ત્રણ લાખ વીસ હજાર |
| સાધ્વી | ૫,૩૦,૦૦૦ | પાંચ લાખ ત્રીસ હજાર |
| ચૌદપૂર્વી | ૦૦૨,૪૦૦ | બે હજાર અને ચારસો |
| અવધિજ્ઞાની | ૦૧૧,૦૦૦ | અગિયાર હજાર |
| મનઃપર્યવજ્ઞાની | ૦૧૦,૪૫૦ | દશ હજાર ચારસો પચાસ |
| કેવળજ્ઞાની | ૦૧૩,૦૦૦ | તેર હજાર |
| વૈક્રિયલબ્ધિવાળા | ૧૮,૪૦૦ | અઢાર હજાર ચારસો |
| વાદલબ્ધિવાળા | ૧૦,૪૫૦ | દશ હજાર ચારસો પચાસ |
| શ્રાવક | ૨,૮૧૦૦૦ | બે લાખ એકાસી હજાર |
| શ્રાવિકા | ૫,૧૬૦૦૦ | પાંચ લાખ અને સોળ હજાર |

પ્રભુના તીર્થમાં તુંબરૂ નામે યક્ષ અને મહાકાલી નામે શાસન દેવી થઈ.

## શ્રી પદ્મ પ્રભુ જિન ચરિત્ર
### પૂર્વભવ

### પ્રથમ ભવ—અપરાજિત રાજા; દ્વિતીય ભવ—દેવ

ધાતકી ખંડના પૂર્વ વિદેહમાં, વત્સ નામના વિજયમાં, સુસીમા નામે નગરી હતી. ત્યાં અપરાજિત નામે રાજા શત્રુઓનો પરાજય કરવાથી યથાર્થ નામ વાળો હતો. આ રાજા તત્ત્વજ્ઞ, સમ્યક્ત્વવંત અને બુદ્ધિશાળી હતો. સંસારથી વૈરાગ્ય પામી તેણે પિહિતાશ્રવ આચાર્યની પાસે દીક્ષા લીધી. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરતા રાજર્ષિએ ખડગની ધારા પેઠે ઘણા સમય સુધી સંયમનું

પાલન કર્યું; તેમજ વીશ સ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. અન્તે શુભ ધ્યાને મૃત્યુ પામી નવમા ગ્રૈવેયકમાં દેવપણે ઉત્પન્ન થયા.

પદ્મ પ્રભ પ્રભોર્દેહ ભાસઃ પુષ્ણંતુ વઃ શ્રિયં
અંતરંગારિ મથને કોપાટોપા દિવારુણાઃ

ભાવાર્થઃ— અભ્યંતર (અંદરના) શત્રુઓનો નાશ કરવા, ક્રોધના પ્રબળપણાથી જાણે લાલ થઈ હોય તેવી, પદ્મ પ્રભ પ્રભુના શરીરની કાન્તિ તમારી મોક્ષ લક્ષ્મીનું પોષણ કરો.

## ત્રીજો ભવ—શ્રી પદ્મ પ્રભુ જિનેશ્વર

ચ્યવન

દેવલોકના સુખ ભોગવી, અપરાજિત રાજાનો જીવ, આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે આવેલ કોશાંબી નગરીમાં, ધર રાજાની રાણી સુશીમાની કુક્ષિને વિષે, મહા સુદ છઠના દિવસે, પુત્ર પણે ઉત્પન્ન થયો. સુશીમા માતાએ મહાસ્વપ્નો દીઠાં. દેવોએ તેમને ઘેર ધન વૃષ્ટિ કરી. આચાર પ્રમાણે દેવોએ ચ્યવન કલ્યાણક ઉજવ્યું.

જન્મ

નવમહિના અને સાડા સાત દિવસ ગયા બાદ, સુશીમાદેવીએ કારતક વદ અગિયારસના દિવસે, ચંદ ચિત્રા નક્ષત્રમાં હતો ત્યારે પદ્મવર્ણવાળા અને પદ્મના લાંછનવાળા, પુત્રને જન્મ આપ્યો. દિકકુમારિકાઓ, ઇંદ્રો, દેવો અને પિતાએ જન્મ મહોત્સવ કર્યો. પ્રભુ ગર્ભમાં હતા ત્યારે સુશીલામાતાને પદ્મની શૈય્યામાં સુવાનો દોહદ થયો હતો તેથી પિતાએ તેમનું પદ્મપ્રભ એવુ નામ પાડયુ.

દીક્ષા

અનુક્રમે વૃદ્ધિ પામતા પ્રભુ યૌવન પામ્યા એટલે માતાપિતાએ તેમને રાજકન્યાઓ પરણાવી. પ્રભુ સાડા સાત લાખ પૂર્વના થયા

ત્યારે પિતાએ તેમનો રાજ્યાભિષેક કર્યો. રાજ્યનું પાલન કરતાં પ્રભુએ સાડીએકવીશ લાખ પૂર્વ અને સોળ પૂર્વાંગ નિર્ગમન કર્યાં પછી વટેમાર્ગુને જેમ સારા સુકનો ચાલવાની પ્રેરણા કરે, તેમ સંસારનો પાર પામવાને ઇચ્છતા એવા પ્રભુને લોકાંતિક દેવતાઓએ આવી દીક્ષા લેવાની પ્રેરણા કરી. તરત જ પ્રભુએ વાર્ષિક દાન આપવા માંડયું. એ દાનનું દ્રવ્ય કુબેરની આજ્ઞાથી દેવતાઓએ લાવીને પૂરૂં કર્યું. પછી ઇંદ્રો અને રાજાઓએ જેમને અભિષેક કરેલો છે એવા પ્રભુ સુખકારી શિબિકામા આરૂઢ થઈ, સહસ્રામ્રવનમાં ગયા. ત્યાં છઠ્ઠનો તપ કરી, કાર્તિક કૃષ્ણ ત્રયોદશીને દિવસે, ચિત્રા નક્ષત્રમાં પ્રભુએ એક હજાર રાજાઓની સાથે દીક્ષા લીધી.

### કેવળજ્ઞાન

બીજે દિવસે બ્રહ્મસ્થળ નગરમાં સોમદેવ રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. ત્યાં દેવોએ પંચ દિવ્ય પ્રગટ કર્યાં; અને રાજાએ, પ્રભુએ જયાં પારણું કર્યું હતું ત્યાં એક રત્નપીઠ બનાવી. છ માસ સુધી બીજે ઠેકાણે વિહાર કરી પ્રભુ ફરી તેજ સહસ્રામ્રવનમાં પધાર્યા. ત્યાં છઠ તપ કરી કાઉસ્સગ ધ્યાને વડના વૃક્ષ નીચે રહ્યા અને તેમણે ચારઘાતિ કર્મનો ક્ષય કરી, ચૈત્ર સુદ પુનમના દિવસે, ચિત્રા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે કેવળજ્ઞાન ઉપાર્જન કર્યું. દેવોએ સમવસરણની રચના કરી અને પ્રભુએ પૂર્વ દ્વારથી પ્રવેશી દેશના દીધી. દેશના સાંભળી કોઈએ દીક્ષા તો કોઈએ શ્રાવકપણું સ્વીકાર્યું.

### નિર્વાણ

દીક્ષા લીધા પછી છ માસ અને સોળ પૂર્વાંગે ન્યુન એક લાખ પૂર્વ વ્યતિત થયે પોતાનો મોક્ષકાળ જાણીપ્રભુ સમેત શિખર

પધાર્યા. ત્યાં ત્રણસો આઠ મુનિઓ સાથે અનસન ગ્રહણ કર્યું. એક માસને અંતે માગસર વદ અગિયારસના દિવસે ચિત્રાનક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે ત્રણસો આઠ મુનિઓ સાથે પ્રભુ મોક્ષ પદ પામ્યા. ઈંદ્રો અને દેવોએ યથાવિધિ નિર્વાણ કલ્યાણક ઉજવ્યું.

## શ્રી પદમ પ્રભુનો પરિવાર

| | | |
|---|---|---|
| ગણધરો | ૧૦૭ | એકસો સાત |
| સાધુ | ૩,૩૦,૦૦૦ | ત્રણ લાખ ત્રીસ હજાર |
| સાધ્વી | ૪,૨૦,૦૦૦ | ચાર લાખ વીસ હજાર |
| ચૌદપૂર્વધારી | ૦,૦૨,૨૦૦ | બે હજાર બસો |
| અવધિજ્ઞાની | ૦,૧૦,૦૦૦ | દશ હજાર |
| મનઃપર્યવજ્ઞાની | ૦૧૦,૩૦૦ | દશ હજાર ત્રણસો |
| કેવળી | ૧૨,૦૦૦ | બાર હજાર |
| વૈક્રિયલબ્ધિવાળા | ૦૧૬,૧૦૮ | સોળ હજાર એકસો આઠ |
| વાદલબ્ધિવાળા | ૦૦૯૬,૦૦ | નવ હજાર છસો |
| શ્રાવક | ૨,૭૬,૦૦૦ | બે લાખ છોતેર હજાર |
| શ્રાવિકા | ૫૦૫૦૦૦ | પાંચ લાખ પાંચ હજાર |

પદમપ્રભુ સ્વામીના શાસનમાં કુસુમ નામે યક્ષ શાશન દેવ અને અચ્યુતાનામે યક્ષિણી શાસન દેવી થઈ.

## શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર

શ્રી સુપાર્શ્વજિનેન્દ્રાય, મહેન્દ્ર મહિતાંધ્રયે
નમશ્ચતુર્વણસંઘ, ગગનાભોગ ભાસ્વતે

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, એ ચતુર્વિધ સંઘ-રૂપી આકાશના પ્રકાશને વિસ્તારવાયાં સૂર્ય જેવા અને જેના ચરણોની ઈંદ્રોએ પૂજા કરી છે એવા શ્રી સુપાર્શ્વજિનેન્દ્રને નમસ્કાર હો.

## પૂર્વભવ

### પ્રથમ ભવ-નંદીષેણુ રાજા; દ્વિતીયભવ—દેવ

ધાતકી ખંડના પૂર્વ વિદેહમાં ક્ષેમપુરી નામે નગરી હતી. તેમાં નંદીષેણુ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા શક્ર જેવો સૌમ્ય, કુબેર જેવો ધનાઢય અને મહાપરાક્રમી હતો. ઘણા વર્ષ સુધી રાજ્ય કર્યા પછી તેણે અરિદમન આચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી વિવિધ તપશ્ચર્યાઓ કરી, વીસસ્થાનક તપથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. અંતે સમાધિથી મૃત્યુ પામી છટ્ઠા ગ્રૈવેયકમાં દેવપણે ઉત્પન્નથયો.

## શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ

### ત્રીજો ભવ

ચ્યવન

દેવલોક સુખ લાંબો સમય ભોગવી, નંદીષેણ રાજાનો જીવ ભરતક્ષેત્રમાં આવેલ વારાણસી નગરીમાં, પ્રતિષ્ઠ રાજાની પૃથ્વી નામની રાણીની કુક્ષિને વિષે, ભાદરવા વદ આઠમના દિવસે અનુરાધા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, પુત્રપણે ઉત્પન્ન થયો. પૃથ્વીમાતાએ ચૌદ મહાસ્વપ્નો દીઠાં અને શેષરાત્રિ ધર્મજાગરણમાં પસાર કરી. ગર્ભવૃદ્ધિ પામ્યો તે અરસામાં એક વખત માતાએ પોતાના આત્માને એક, પાંચ અને નવ ફણાવાળા નાગ શૈયા ઉપર સુતેલો જોયો.

જન્મ

ચંદ્રનો યોગ હતો ત્યારે, સ્વસ્તિક લંછનવાળા, સુવર્ણ-વર્ણવાળા પુત્રને પૃથ્વીમાતાએ જન્મ આપ્યો. દિગકુમારિકાઓ ઈંદ્રો, દેવો અને પ્રતિષ્ઠ રાજાએ જન્મ મહોત્સવ કર્યો. પ્રભુ ગર્ભમાં હતા ત્યારે માતાએ પડખે સર્પ શૈયા જોઇ હતી તેથી રાજાએ પુત્રનું નામ સુપાર્શ્વ રાખ્યું.

દીક્ષા

પ્રભુ યૌવન વય પામ્યા ત્યારે પિતાએ રાજકન્યાઓ પરણાવી. તેમની સાથે સુખ ભોગવતા પ્રભુને પાંચ લાખ પૂર્વ વ્યતીત થયાં. પછી પિતાએ તેમને રાજ્યનો ભાર સોંપ્યો. પ્રભુએ વીશપૂર્વાંગ અધિક ચૌદ લાખ પૂર્વ સુધી રાજ્યનું પાલન કર્યું. પ્રભુનો દીક્ષા કાળ સન્મુખ જાણી લોકાન્તિક દેવોએ વિજ્ઞપ્તિ કરી, 'હે નાથ ! ધર્મતીર્થ પ્રવર્તાવો' પછી પ્રભુએ સાંવત્સરિક દાન દીધું. બાદ શિબિકા ઉપર આરુઢ થઈ સહસ્રામ્રવન આવ્યા. અને જેઠ સુદ બીજના દિવસે, અનુરાધા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, એક હજાર રાજાઓ સાથે, દીક્ષા લીધી.

કેવળજ્ઞાન

બીજે દિવસે મહેન્દ્ર રાજાને ઘેર, પાટલીખંડ નગરમાં પ્રભુએ ક્ષીરથી પારણું કર્યું. પછી નવ માસ સુધી વિહાર કરી, પાછા સહસ્રામ્રવનમાં આવી કાઉસ્સગ ધ્યાને રહ્યા. અહિં ભગવાનને, ફાગણ વદ છઠના દિવસે, વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, શુકલ ધ્યાન ધ્યાવતાં, કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

નિર્વાણ

કેવળજ્ઞાન થયા પછી, નવ માસ અને વીશ પૂર્વાંગેન્યુન એવા લાખ પૂર્વ ગયા પછી પોતાનો નિર્વાણકાળ સમીપ જાણી પ્રભુ સમેત શીખરે પધાર્યા. પાંચસો મુનિઓ સાથે એક માસનું અણશણ કરી, પ્રભુ ફાગણ વદ સાતમને દિવસે મોક્ષ પદ પામ્યા ઈન્દ્રોએ અને દેવોએ નિર્વાણ કલ્યાણક યથાવિધિ ઉજવ્યું.

## શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનો પરિવાર

વિહાર કરતાં પ્રભુને નીચેનો પરિવાર થયો:—

| | | |
|---|---|---|
| ગણધર | ૯૫ | પંચાણું |
| સાધુ | ૩,૦૦,૦૦૦ | ત્રણ લાખ |

| | | |
|---|---|---|
| સાધ્વીઓ | ૪,૩૦,૦૦૦ | ચાર લાખ ત્રીસ હજાર |
| ચૌદ પૂર્વધર | ૦૨૦૩૦ | બે હજાર અને ત્રીશ |
| અવધિજ્ઞાની | ૯,૦૦૦ | નવ હજાર |
| મનઃપર્યવજ્ઞાની | ૯,૧૫૦ | નવ હજાર એકસો પચાસ |
| કેવળજ્ઞાની | ૧૧,૦૦૦ | અગિયાર હજાર |
| વૈક્રિયલબ્ધિવાળા | ૧૫,૩૦૦ | પંદર હજાર ત્રણસો |
| વાદલબ્ધિવાળા | ૮,૪૦૦ | આઠ હજાર ચારસો |
| શ્રાવકો | ૨,૫૭,૦૦૦ | બે લાખ સત્તાવન હજાર |
| શ્રાવિકાઓ | ૪,૯૩,૦૦૦ | ચાર લાખ ત્રાણુ હજાર |

સુપાર્શ્વ પ્રભુના શાસનમાં માતંગ નામે યક્ષ શાસન દેવ અને શાન્તા નામે યક્ષિણી શાસન દેવી થઈ.

## શ્રી ચંદ્રપ્રભ સ્વામી ચરિત્ર

ચંદ્ર પ્રભ પ્રભોશ્ચન્દ્ર, મરીચિનિચયોજ્જવલા
મૂર્તિ મૂર્ત સિતધ્યાન, નિર્મિતેવ શ્રિયેઽસ્તુવઃ

ચંદ્રપ્રભ પ્રભુની, ચંદ્રના કિરણોના સમુહ જેવી ધોળી, સાક્ષાત જાણે શુકલ ધ્યાન વડેજ બનાવી હોય તેવી પ્રતિમા, તમારી જ્ઞાન લક્ષ્મી માટે હો.

## પૂર્વભવ

### પ્રથમ ભવ–પદ્મરાજા બીજો ભવ—દેવ

ધાતકી ખંડના પૂર્વ વિદેહના મંડનરૂપ મંગલાવતી નામે વિજય છે. ત્યાં રત્નસંચયા નામની નગરીમાં પદ્મ નામે રાજા રાજ્ય કરતો હતો. આ રાજા ખુબ વિલાસી હતો અને હરહંમેશ સંગીત, નાચ અને ગાનમાં મશગુલ રહેતો હતો. તેનો રાજ્ય કારભાર મુખ્યત્વે મંત્રીઓજ ચલાવતા હતા.

એક દિવસ પદ્મ રાજાને વૈરાગ્ય આવ્યો અને તેણે યુગંધર આચાર્ય પાસે દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ પદ્મ રાજર્ષિએ

ઇન્દ્રિયોના નિગ્રહ પૂર્વક ઘણા કાળ સુધી શુદ્ધ રીતે ચારિત્ર પાળી અને વીશ સ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

આયુષ્ય પૂર્ણ થયે. પદ્મરાજાનો જીવ વૈજયન્ત નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો.

## શ્રી ચંદ્ર પ્રભ સ્વામી
## ત્રીજો ભવ

### ચ્યવન

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ચંદ્રાનના નામે નગરી છે. તે નગરીમાં મહાસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા ન્યાયી, ધર્મ-નિષ્ઠ અને સત્વશાળી હતો. તેને લક્ષ્મણા નામે સુલક્ષણા રાણી હતી પદ્મરાજાનો જીવ, વૈજયન્ત વિમાનમાં લાંબા સમય સુધી દેવતાના સુખ ભોગવી, ચૈત્ર વદ પાંચમના દિવસે, અનુરાધા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, ત્યાંથી ચ્યવી, લક્ષ્મણા માતાની કુક્ષિમાં, પુત્રપણે અવતર્યો. લક્ષ્મણા રાણીએ ચૌદ મહા સ્વપ્ન દીઠાં.

### જન્મ

દોહલાને પૂર્ણ કરી, પોષ વદ બારસની રાત્રે, અનુરાધા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, લક્ષ્મણા માતાએ પુત્રને જન્મ આપ્યો. દિગકુમારિકાઓ, ઇન્દ્રો અને દેવોએ યથાવિધિ જન્મોત્સવ ઉજવ્યો મહાસેન રાજાએ બાર દિવસ સુધી ભગવાનનો જન્મ મહોત્સવ કર્યો પ્રભુ જ્યારે માતાની કુક્ષિમાં હતા ત્યારે લક્ષ્મણા માતાને ચંદ્રના પાનનો દોહલો ઉત્પન્ન થયો હતો, તેથી તેમનું ચંદ પ્રભુ એવું નામ પાડયું.

પ્રભુ યૌવન વય પામ્યા ત્યારે માતા પિતાએ તેમને રાજ કન્યાઓ પરણાવી ત્યારબાદ પ્રભુનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

પ્રભુએ ચોવીસ પૂર્વાંગ સહિત સાડા છ લાખ પૂર્વ સુધી રાજ્ય-પાલન કર્યું, પછી લોકાંતિક દેવતાઓની વિનંતિથી વાર્ષિક દાન

દીક્ષા

આપી, પોષ વદ તેરસને દિવસે, અનુરાધા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે સહસ્રામ્રવનમાં આવી, એક હજાર રાજાઓ સાથે છઠ તપ કરી દીક્ષા લીધી. દેવોએ દીક્ષા કલ્યાણકનો મહોત્સવ કર્યો અને પ્રભુને દીક્ષા લેતાં જ મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

કેવળજ્ઞાન

બીજે દિવસે પદમપુર નગરમાં. સોમદત્ત રામને ઘેર, પ્રભુએ ક્ષીર અન્નથી, પારણું કર્યું. ત્યાં પંચ દિવ્ય પ્રગટ થયાં. ત્યાર બાદ પ્રભુ અન્યત્ર વિહાર કરી ગયા. પરિસહ અને ઉપસર્ગ સહન કરતા, નગર અને અરણ્યમાં વિહાર કરતા શત્રુ અને મિત્ર પર સમદષ્ટિ રાખતા. પ્રભુ ત્રણ માસ પછી સહસ્રા મ્રવનમાં ફરીથી પધાર્યા. ત્યાં પુન્નાગ વૃક્ષની નીચે કાઉસ્સગ ધ્યાને રહ્યા. ફાગણ વદ સાતમે અનુરાધા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ સમયે પ્રભુએ છઠ કર્યો હતો. આચાર પ્રમાણે ઇંદ્રાદિ દેવોએ સમોવસરણની રચના કરી. પ્રભુએ સિંહાસન ઉપર બેસી, અમૃત સમાન ધર્મદેશના આપી.

ચોવીશ પૂર્વાંગ અને ત્રણ ન્યુન એક લાખ પૂર્વ વિહાર કરી પ્રભુ સમેતશિખર પધાર્યા. ત્યાં એક હજાર મુનિઓ સાથે અનશન કર્યું. એક માસ અનશન કર્યા પછી, ભાદરવા વદ સાતમના દિવસે, શ્રવણ નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, પ્રભુ મુક્તિપદ પામ્યા. ઈન્દ્ર અને દેવોએ યથાવિધિ નિર્વાણ કલ્યાણક ઉજવ્યું.

## શ્રી ચંદ્રપ્રભ સ્વામીનો પરિવાર

પ્રભુને વિહાર કરતાં નીચેનો પરિવાર થયો:-

| | | |
|---|---|---|
| ગણધર | | ૯૩ ત્રાણું |
| સાધુઓ | ૨,૫૦૦૦૦ | અઢી લાખ |
| સાધ્વી | ૩,૮૦૦૦૦ | ત્રણલાખ એંસી હજાર |
| ચૌદ પૂર્વી | ૨,૦૦૦ | બે હજાર |
| અવધિજ્ઞાની | ૮,૦૦૦ | આઠ હજાર |
| મનઃપર્યવજ્ઞાની | ૮,૦૦૦ | આઠ હજાર |
| કેવળજ્ઞાની | ૧૦,૦૦૦ | દશ હજાર |
| વૈક્રિય લબ્ધિવાળા | ૧૪,૦૦૦ | ચૌદ હજાર |
| વાદલબ્ધિવાળા | ૭,૬૦૦ | સાત હજાર છસો |
| શ્રાવકો | ૨,૫૦,૦૦૦ | અઢી લાખ |
| શ્રાવિકાઓ | ૪,૯૧,૦૦૦ | ચાર લાખ એકાણુ હજાર |

ચંદ્ર પ્રભ સ્વામીના શાસનમાં વિજય નામે યક્ષ શાસન દેવ અને ભ્રકુટિનામે યક્ષિણી શાસનદેવી થયાં.

# શ્રી સુવિધિનાથ (પુષ્પદંત) ચરિત્ર

કરામલક વદ્વિશ્વં કલયન કેવલશ્રિયા

અચિંત્ય મહાત્મ્યનિધિઃ સુવિધિ બોધયેડસ્તુવઃ

જે પોતાની કેવળજ્ઞાન રૂપી લક્ષ્મીથી સર્વ વિશ્વને હાથમાં રહેલા નિર્મળ જળની માફક જાણે છે અને જે ન ચિંતવી શકાય એવી મોટાઈના ભંડાર રૂપ છે એવા શ્રીસુવિધિનાથ પ્રભુ તમારા સમકિતને માટે થાઓ.

### પૂર્વભવ

### પ્રથમ ભવ-મહાપદ્મ રાજા બીજો ભવ-દેવ

પુષ્કરવર નામે-દ્વીપના પુષ્કલાવતી નામે વિજયમાં પુંડરિકિણી

નામે નગરી હતી ત્યાં મહાપદ્મ નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા ધર્મિષ્ઠ હતો. દરરોજ નવીન નવીન કાંઈ ને કાંઈ વ્રતનો સ્વીકાર કરતો હતો. તેણે શ્રાવકના બાર વ્રત લીધા હતાં. નિર્મળ શ્રાવક ધર્મનું તે રૂડી રીતે પાલન કરતો હતો. વ્યાજથી આજીવિકા ચલાવનાર માણસ જેમ વ્યાજ વગરના પડી રહેલા ધનથી ખેદ પામે તેમ વિરતિ વગર એક મુહુર્ત માત્ર જવાથી રાજા ખેદ પામતો. સંતોષમાં જ નિષ્ઠાવાળો છતાં એ રાજા ધર્મના કાર્યમાં સંતોષ પામતો નહિ અને બીજાઓ અલ્પધર્મ કરનારા હોય તો પણ પોતાથી અધિક માનતો. સંસારનો પાર પામવાની ઈચ્છાથી તેણે જગન્નંદ ગુરુ પાસે દીક્ષા લીધી અને એકાવળી વગેરે તપ કરી અને અરિહંત ભગવન્તની ભક્તિ વગેરે કરીને તેણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું આયુષ્ય પૂર્ણ કરી મહાપદ્મ રાજર્ષિ વૈજંત નામના વિમાનને વિષે દેવતા થયો.

# શ્રી સુવિનાથ પ્રભુ (પુષ્પદંત પ્રભુ)

## ત્રીજો ભવ

ચ્યવન

આ ભરત ક્ષેત્રમાં કાકન્દી નામે નગરીમાં સુગ્રીવ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને રામા નામે રાણી હતી. દેવલોકના સુખ અનુભવી, મહાપદ્મ રાજાનો જીવ, ફાગણ વદ નોમના દિવસે, મૂલ નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ હતો ત્યારે, રામા માતાની કુક્ષિમાં પુત્રપણે અવતર્યો. રામા માતાએ ચૌદ મહાસ્વપ્નો દીઠાં. દેવોએ ચ્યવન કલ્યાણકનો મહોત્સવ કર્યો.

જન્મ

પૂર્ણ માસે, માગશર વદ પાંચમના દિવસે, મૂલ નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ હતો ત્યારે રામા માતાએ, મગરના લંછનવાળા,

શ્વેતવર્ણવાળા પુત્રને જન્મ આપ્યો. દિગકુમારિકાઓ, ઇન્દ્રો અને દેવોએ યથાવિધિ જન્મ મહોત્સવ કર્યો. સુગ્રીવ રાજાએ બાર દિવસ સુધી જન્મોત્સવ ઉજવ્યો. પ્રભુ જયારે માતાની કુક્ષિમાં હતા ત્યારે રામા માતા સર્વ વિધિઓમાં કુશળ હોવાથી પિતાએ પ્રભુનું નામ 'સુવિધિ નાથ' અને ગર્ભકાળ દરમિયાન રામાદેવીને પુષ્પના દોહલા થયેલા હોવાથી 'પુષ્પ દંત' રાખ્યું.

દીક્ષા

શ્વેતવર્ણવાળા સુવિધિનાથ ભગવાન જયારે યુવાવસ્થાને પામ્યા ત્યારે પિતાએ તેમને રાજકન્યાઓ પરણાવી. જન્મથી પચાસ હજાર પૂર્વ ગયાં ત્યાં સુધી પ્રભુ યુવરાજ રહ્યા. ત્યાર બાદ તેમનો રાજયાભિષેક કરવામાં આવ્યો. અઠયાસી પૂર્વાંગ સહિત પચાસ હજાર પૂર્વની વય સુધી રાજ્ય પાલન કર્યું. પછી લોકાન્તિક દેવોએ તીર્થ પ્રવર્તાવવાની વિનંતી કરી એટલે પ્રભુએ વાર્ષિક દાન દીધું. ત્યાર બાદ પ્રભુ સુરપ્રભા નામની શિબિકા ઉપર બેસી સહસ્રામ્ર વનમાં પધાર્યા અને એક હજાર રાજાઓ સાથે, માગસર વદ છઠના દિવસે, મૂલ નક્ષત્રમા ચંદ્રનો યોગ હતો ત્યારે, ત્રીજા પ્રહરે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા લીધા પછી તુરત જ પ્રભુને મનઃપર્યવ જ્ઞાન થયું.

કેવળજ્ઞાન

છઠનું પારણું પ્રભુએ શ્વેતપુર નગરમાં પુષ્પ રાજાને ઘેર પરમાન્નથી કર્યું ત્યાં પંચ દિવ્ય પ્રગટ થયાં. પુષ્પ રાજાએ, પારણાના સ્થળે, રત્નપીઠીકા રચાવી. પ્રભુએ ત્યાંથી ગ્રામ, નગર વગેરે સ્થળે ચાર માસ સુધી વિહાર કર્યો. પછી પ્રભુ ફરીથી સહસ્રામ વનમાં પધાર્યા અને પાલુર વૃક્ષની નીચે કાઉસ્સગ ધ્યાને રહ્યા. શુકલ ધ્યાનથી કર્મ ખપી જતાં, કારતક સુદ ત્રીજને દિવસે, મૂલ નક્ષત્રે,

પ્રભુને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. દેવોએ આચાર પ્રમાણે સમવસરણ રચ્યું પ્રભુએ પૂર્વાભિમુખે સિંહાસન પર બેસી દેશના દીધી.

નિર્વાણ

દીક્ષા લીધા પછી, અઠયાવીશ પૂર્વાંગ અને ચાર માસે ઉણાં એવા એક લાખ પૂર્વ પર્યન્ત પૃથ્વી તલ પર પ્રભુ વિચર્યા. પછી પોતાનો નિર્વાણકાળ નજીક જાણી સમેત શિખર ઉપર પધાર્યા. એક હજાર મુનિઓ સાથે અણશણ કરી, એક માસને અન્તે, કારતક વદ નોમના દિવસે, મૂલ નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, હજાર મુનિઓ સાથે મોક્ષ પદ પામ્યા. ઇન્દ્રોએ અને દેવોએ યથાવિધિ પ્રભુ અને મુનિઓના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો અને નિર્વાણોત્સવ ઉજવ્યો.

## શ્રી સુવિધિનાથ (પુષ્પ દંત) પ્રભુનો પરિવાર

પુષ્પ દંત પ્રભુને નીચેનો પરિવાર થયો :—

| | | |
|---|---|---|
| ગણધર | ૮૮ | અઠયાસી |
| સાધુ | ૨,૦૦,૦૦૦ | બે લાખ |
| સાધ્વી | ૧,૨૦,૦૦૦ | એક લાખ વીશ હજાર |
| અવધિજ્ઞાની | ૦૦૮,૪,૦૦ | આઠ હજાર ચારસો |
| ચૌદપૂર્વધારી | ૦૦૧,૫,૦૦ | દોઢ હજાર |
| મનઃપર્યવજ્ઞાની | ૦૦૭,૫૦૦ | સાડા સાત હજાર |
| કેવળ જ્ઞાની | ૦૦૭,૫૦૦ | સાડા સાત હજાર |
| વૈક્રિયલબ્ધિવાળા | ૧૩,૦૦૦ | તેર હજાર |
| વાદલબ્ધિવાળા | ૦૦૬,૦૦૦ | છ હજાર |
| શ્રાવક | ૨,૨૯,૦૦૦ | બે લાખ ઓગણત્રીસ હજાર |
| શ્રાવિકા | ૪,૭૨,૦૦૦ | ચાર લાખ બોંતેર હજાર |

સુવિધિનાથ સ્વામીના શાસનમાં અજિત નામે યક્ષ શાસન દેવ અને સુતારા નામે યક્ષિણી શાસન દેવી થઈ.

## મિથ્યાત્વનો પ્રચાર

શ્રી સુવિધિનાથ સ્વામીના નિર્વાણ પછી કેટલો કાળ જતાં સાધુઓનો ઉચ્છેદ થઇ ગયો. પછી જેમ માર્ગ ભ્રષ્ટ થયેલા વટેમાર્ગુઓ બીજા જાણીતા મુસાફરોને માર્ગ પૂછે તેમ ધર્મના અજ્ઞ લોકો સ્થવિર શ્રાવકોને ધર્મ પૂછવા લાગ્યા. જયારે તેઓ પોતાને અનુસારે ધર્મ કહેવા લાગ્યા, ત્યારે લોકો તેઓની શ્રાવકો ચિત અર્થપૂજા કરવા લાગ્યા; એવી રીતે પૂજા થવાથી દ્રવ્યાદિકમાં લુબ્ધ થઇને એ સ્થવિર શ્રાવકોએ તત્કાળ નવાં કૃત્રિમ શાસ્ત્રો રચી તેમાં વિવિધ જાતનાં મોટાં ફળવાળા દાનો પ્રગટ કર્યાં પ્રતિદિન દ્રવ્યાદિકમાં લુબ્ધ આચાર્યો થઇને તેઓએ આલોક અને પરલોકમાં નિશ્ચિત મોટાં ફળવાળા કન્યાદાન, પૃથ્વીદાન, લોહદાન, તિલદાન, કપાસદાન, ગોદાન, સુવર્ણદાન, રૂપ્ય દાન, ગૃહ દાન, અશ્વદાન, ગજદાન અને શૈય્યાદાન વગેરે વિવિધ દાનોને મુખ્યપણે ગણાવ્યાં, અને મોટી ઈચ્છાવાળા તેમજ દુષ્ટ આશયવાળા તેઓએ તે સર્વ દાન દેવા માટે યોગ્ય પાત્ર પોતે છે અને બીજા અપાત્ર છે એમ જણાવ્યું. એવી રીતે લોકોની વંચના કરતાં છતાં પણ તેઓ લોકોના ગુરૂ થઈ પડયા.

એવી રીતે શ્રી શીતળનાથ સ્વામીનું તીર્થ પ્રવર્તતા સુધી આ ભરત ક્ષેત્રમાં સર્વ પ્રકારે તીર્થોચ્છેદ રહ્યો. તેથી તે વખતે રાત્રિએ ઘુવડ પક્ષીની જેમ કનિષ્ઠ બ્રાહ્મણોએ આ ભરતક્ષેત્ર પર પોતાનું એક છત્ર રાજય ચલાવ્યું. તે પછી બીજા છ જીનેશ્વરોના અંતરમાં પણ એટલે ધર્મનાથ અને શાન્તિનાથના અંતર સુધી એવી રીતનું આંતરે આંતરે મિથ્યાત્વ પ્રવર્ત્યું અને તીર્થનો ઉચ્છેદ થવાથી તે સમયમાં મિથ્યા દષ્ટિઓનો અસ્ખલિત પ્રચાર થયો.

# શ્રી શીતલનાથ ચરિત્ર

સત્વાનાં પરમાનંદ, કંદોદ્ભેદ નવાં બુદઃ
સ્યાદ્વાદામૃત નિસ્યંદી, શીતલઃ પાતુ વો જિનઃ -હેમાચાર્ય

પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને ઉત્પન્ન કરવામાં નવા મેઘ સમાન અને સ્યાદ્વાદ મત રૂપી અમૃતને ઝરનારો શ્રી શીતલનાથ સ્વામી તમારૂં રક્ષણ કરો.

## પૂર્વભવ

## પહેલોભવ—પદ્મોત્તર રાજા; બીજો ભવ—દેવલોકના અધિપતિ

પુષ્કરવરદ્વીપના પૂર્વમહાવિદેહ ક્ષેત્રના આભૂષણ રૂપ વત્સ નામના વિજયમાં સુસીમા નામે નગરી હતી. ત્યાં પદ્મોત્તર નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા વીર અને શાન્ત રસની સાક્ષાત્ મૂર્તિ હતો. તેણે ઘણા વર્ષો સુધી રાજ્યનું પાલન કરી, સંસારથી વૈરાગ્ય પામી, ત્રિસાધ નામના આચાર્ય પાસે દીક્ષા લીધી. અતિચાર રહિત વ્રતોને આચરતા તે રાજર્ષિએ વીશસ્થાનક તપ કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. અન્તે આયુષ્ય પૂર્ણ કરી દશમા પ્રાણત દેવલોકના અધિપતિ થયા.

## શ્રી શીતલનાથ પ્રભુ

## ત્રીજો ભવ

ચ્યવન

દેવલોકનું સુખ ભોગવી, પદ્મોત્તર રાજાનો જીવ ભરતક્ષેત્રના ભદ્દિલપુર નામના નગરમાં દઢરથ રાજાની નંદા નામની રાણીની કુક્ષિને વિષે, વૈશાખ વદ છઠના દિવસે પૂર્વાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, પુત્રપણે ઉત્પન્ન થયો. નંદા માતાએ ચૌદ મહા-

સ્વપ્નો દીઠાં અને ઇન્દ્રાદિક દેવોએ ચ્યવન કલ્યાણકનો યથાવિધિ મહોત્સવ કર્યો.

જન્મ

પૂર્ણ માસે, નંદા માતાએ મહાવદ બારસના દિવસે, પૂર્વાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, શ્રી વત્સના લાંછનવાળા અને સુવર્ણ વર્ણવાળા પુત્રને જન્મ આપ્યો. દિગકુમારિકાઓ ઇન્દ્રો અને દેવોએ આચાર પ્રમાણે જન્મ કલ્યાણક મહોત્સવ કર્યો. રાજાએ પણ પુત્ર જન્મ નિમિત્તે ખૂબ દાન આપી જન્મોત્સવ ઉજવ્યો. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે રાજાને હરહંમેશ જે ખૂબ ગરમી રહ્યા કરતી હતી, તે નંદા દેવીના સ્પર્શથી એકદમ શાન્ત થઇ ગઇ હતી. તેથી રાજાએ પ્રભુનું શીતલનાથ એવું નામ પાડયું.

દીક્ષા

પ્રભુ ઉંમર લાયક થયા ત્યારે, દઢરથ રાજાએ તેમને રાજકન્યાઓ પરણાવી. જ્યારે તેઓ પચીસ લાખ પૂર્વના થયા ત્યારે રાજાએ તેમનો રાજ્યાભિષેક કર્યો. પચાસ હજાર પૂર્વ સુધી પ્રભુએ રાજ્યનું રૂડી રીતે પાલન કર્યું. પછી લોકાંતિક દેવોની પ્રેરણાથી વાર્ષિક દાન આપ્યું. વાર્ષિક દાનને અન્તે ઈન્દ્રોના આસનો ચલિત થયાં અને તેમણે દીક્ષા કલ્યાણક સંબંધી મહોત્સવ કર્યો. ત્યાર બાદ પ્રભુ આભૂષણોથી સજ્જ થઇ, ચંદ્ર પ્રભા નામની શિબિકામાં બેસી, સહસ્રામ્રવનમાં પધાર્યા, પંચમુષ્ટિ લોચ કરી, છઠ તપ પૂર્વક, એક હજાર રાજાઓની સાથે, મહા વદ બારસને દિવસે, પૂર્વાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા લીધા પછી તુરત જ પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

કેવળજ્ઞાન

બીજે દિવસે રિષ્ટ નગરમાં પુનર્વસુ રાજાને ઘેર પરમાન્નથી પ્રભુએ પારણું કર્યું પંચ દિવ્ય પ્રગટ થયાં. રાજાએ પારણાની

જગ્યાએ સુવર્ણ પીઠ રચાવી. ત્યાંથી વિહાર કરતા પ્રભુ ત્રણ માસે પાછા **સહસ્રામ્રવન** પધાર્યા અને પીપળાના વૃક્ષ નીચે કાઉસગ ધ્યાને રહ્યા. ઘાતી કર્મનો ક્ષય થતાં, પ્રભુને પોષ વદ ચૌદસના દિવસે પૂર્વાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે કેવળજ્ઞાન થયું. આચાર પ્રમાણે દેવોએ સમવસરણ રચ્યું. સિંહાસન પર બેસી પ્રભુએ દેશના દીધી.

નિર્વાણ

કેવળજ્ઞાન પામ્યા પછી પ્રભુ લગભગ પચીસ હજાર પૂર્વ પૃથ્વી ઉપર વિચર્યા. પછી પોતાનો નિર્વાણ કાળ સમીપ જાણી સમેત શિખર પધાર્યા. ત્યાં એક હજાર મુનિઓ સાથે અણશણ કર્યું. એક માસને અન્તે, વૈશાક વદ બીજને દિવસે, પૂર્વાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, એક હજાર મુનિઓ સાથે મુક્તિ પદ પામ્યા. ઇંદ્રોએ યથાવિધિ નિર્વાણ કલ્યાક ઉજવ્યું.

## શ્રી શીતલનાથ સ્વામીનો પારવાર

શીતલનાથ સ્વામીને નીચેનો પરિવાર થયોઃ—

| | | |
|---|---|---|
| ગણધર | ૮૧ | એક્યાસી |
| સાધુ | ૧,૦૦,૦૦૦ | એક લાખ |
| સાધ્વી | ૧૦૬,૦૦૦ | એક લાખ છ હજાર |
| ચૌદપૂર્વધારી | ૦૦૧,૪૦૦ | ચૌદસો |
| અવધિજ્ઞાની | ૦૦૭,૨૦૦ | સાત હજાર બસો |
| મનઃપર્યવજ્ઞાની | ૦૦૭,૫૦૦ | સાત હજાર પાંચસો |
| કેવળજ્ઞાની | ૦૦૭,૦૦૦ | સાત જાહર |
| વૈક્રિયલબ્ધિવાળા | ૦૧૨,૦૦૦ | બાર હજાર |
| વાદલબ્ધિવાળા | ૦૦૫,૮૦૦ | પાંચ હજાર આઠસો |
| શ્રાવક | ૨,૮૯,૦૦૦ | બે લાખ નેવ્યાસી હજાર |
| શ્રાવિકા | ૪,૫૮,૦૦૦ | ચાર લાખ અઠ્ઠાવન હજાર |

**શીતલનાથ સ્વામીના શાસનમાં બ્રહ્મ નામનો યક્ષ શાસન દેવ અને અશોકા નામે દેવી શાસન દેવી થઈ.**

# વિભાગ ત્રીજો

**તીર્થંકર ચરિત્ર–અગિયારમાથી વીશમા સુધી (શ્રેયાંસ નાથ સ્વામીથી મુનિસુવ્રતસ્વામી સુધી)**

**ચક્રવર્તી ચરિત્ર–ત્રીજાથી નવમા સુધી**

**વાસુદેવ બળદેવ અને પ્રતિવાસુદેવ ચરિત્ર } પહેલાથી સાતમા સુધી**

## શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર

ભવ રોગાર્ત જંતુનાં, મગદંકાર દર્શનઃ

નિશ્રેયસ શ્રી રમણઃ શ્રેયાંસઃ શ્રેયસે ડસ્તુવઃ– હેમાચાર્ય

જેમનું દર્શન સંસાર રૂપી રોગથી પીડાયેલા જીવોને વૈદ્ય સમાન છે અને જે મોક્ષ રૂપી લક્ષ્મીના સ્વામી છે, એવા શ્રી શ્રેયાંસ સ્વામી તમારા કલ્યાણને માટે થાઓ.

### પૂર્વભવ

**પહેલો ભવ–નલિની ગુલ્મ રાજા. બીજો ભવ–દેવ**

પુષ્કર વર દ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રના કચ્છ નામના વિજયમાં ક્ષેમા નામની નગરી હતી. તે નગરીમાં નલિની ગુલ્મ નામે રાજા રાજ્ય કરતો હતો. ઘણા રાજાઓએ તેનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હતું. શરીર, યૌવન, અને લક્ષ્મીને તે અસ્થિર માનતો હતો. રાજ્યમાં આસક્ત થયા વિના તે કાળ નિર્ગમન કરતો હતો. કેટલોક વખત રાજ્ય કર્યા પછી પુત્રને ગાદી સોંપી તેણે વજ્ર દત્ત મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી અને વીશ સ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું.

અન્તે સમાધિપૂર્વક મૃત્યુ પામી મહા શુક્ર દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયા.

## શ્રી શ્રેયાંસનાથ સ્વામી
### ત્રીજો ભવ

ચ્યવન

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં સિંહપુર નામે નગર હતું. ત્યાં વિષ્ણુરાજ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને વિષ્ણુદેવી નામે રાણી હતી. નલિની ગુલ્મ રાજાનો જીવ, મહા શુક્ર દેવલોકનાં સુખ લાંબો સમય ભોગવી, જેઠ વદ છઠના દિવસે, ચંદ્ર શ્રવણ નક્ષત્રમાં હતો ત્યારે, વિષ્ણુમાતાની કુક્ષિને વિષે, પુત્ર પણે ઉત્પન્ન થયો. વિષ્ણુ દેવીએ ચૌદ મહા સ્વપ્નો દીઠાં અને રાત્રિ ધર્મ જાગરણ કરી પસાર કરી. દેવોએ ચ્યવન કલ્યાણક મહોત્સવ ઉજવ્યો.

જન્મ

નવ મહિના અને સાડા સાત દિવસ પૂર્ણ થતાં, ભાદરવા વદ બારસના દિવસે, શ્રવણ નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, વિષ્ણુ માતાએ ગેંડાના લાંછનવાળા, સુવર્ણ વર્ણવાળા પુત્રને જન્મ આપ્યો દિગકુમારિકાઓ, ઇન્દ્રો અને દેવોએ આચાર પ્રમાણે જન્મ મહોત્સવ ઉજવ્યો. વિષ્ણુ રાજાએ પણ પુત્ર જન્મની વધામણી મળતાં પ્રાંતઃ-કાળે મોટો ઉત્સવ કર્યો. સારા મુહુર્તે પિતાએ શ્રેયાંસ એવું નામ પાડ્યું.

દીક્ષા

સમય જતાં પ્રભુ યુવાવસ્થાને પામ્યા. ભોગાવલિ કર્મ બાકી છે એમ જાણી પ્રભુએ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું. કુમાર વયમાં એક વીશ લાખ વર્ષ પસાર થયાં ત્યારે પિતાએ પ્રભુને ગાદી આપી. બેંતાલીસ લાખ વર્ષની ઉંમર સુધી પ્રભુએ રાજયનું પાલન કર્યું. લોકાન્તિક દેવોની વિનંતીથી પ્રભુએ વાર્ષિક દાન દેવા માંડયું.

સાંવત્સરિક દાનને અન્તે, પ્રભુએ ફાગણ વદ તેરસના દિવસે એક હજાર રાજાઓની સાથે, છઠ તપ પૂર્વક, સહસ્રામ્ર વનમાં, દીક્ષા લીધી.

કેવળજ્ઞાન

છઠનું પારણું પ્રભુએ સિદ્ધાર્થ નગરમાં નંદ રાજાને ઘેર ક્ષીરથી કર્યું. દેવોએ પંચ દિવ્ય પ્રગટ કર્યાં. નંદ રાજાએ પ્રભુના પારણાના સ્થળે રત્નપીઠ રચાવી. બે માસ સુધી છદ્મસ્થ પણે વિહાર કરી પ્રભુ ફરીથી સહસ્રામ્ર વનમાં પધાર્યા. શુકલ ધ્યાન ધ્યાવતાં મહાવદ અમાસને દિવસે, શ્રવણ નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, છઠ તપમાં વર્તતા પ્રભુને કેવળજ્ઞાન થયું. આચાર પ્રમાણે દેવોએ સમવસરણ રચ્યું. પ્રભુએ દેશના દીધી. લોકોએ યથાશક્તિ વ્રત લીધાં. પ્રભુના મુખથી ત્રિપદી સાંભળી ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી.

પ્રથમ વાસુદેવ અને પ્રથમ બળદેવ

શ્રેયાંસનાથ પ્રભુના સમયમાં પ્રથમ વાસુદેવ ત્રિપૃષ્ઠ, પ્રથમ બળદેવ અચલ અને પ્રથમ પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ થયા. મહાવીર સ્વામીના પૂર્વભવોના વૃત્તાન્તમાં ત્રિપૃષ્ઠ, અચલ અને અશ્વગ્રીવના ચરિત્રો આપવામાં આવ્યાં છે તેથી તેમના ચરિત્ર અત્રે આપવામાં આવ્યાં નથી.

એક વખત પોતન પુરના પરિસરમાં પ્રભુ સમવસર્યા. વનપાલે પ્રભુ સમવસર્યાના સમાચાર ત્રિપૃષ્ઠ વાસુદેવને આપ્યા. ત્રિપૃષ્ઠે વનપાલને સારૂં ઈનામ આપ્યું અને બલદેવ અને બીજા પરિવાર સાથે સમવસરણમાં ગયો. પ્રભુને વાંદી, સ્તુતિ કરી તે ઈન્દ્રની પાછળ બેઠો. ભગવાને દેશના દીધી. દેશના સાંભળી ત્રિપૃષ્ઠ વાસુદેવ અને અચળ બળદેવે સમકિત ગ્રહણ કર્યું.

નિર્વાણ

દીક્ષા લીધા પછી એકવીશ લાખ વર્ષ સુધી પૃથ્વી ઉપર વિચરી શ્રેયાંસ પ્રભુ પોતાનો મોક્ષ કાળ નજીક જાણી સમેત શિખર પધાર્યા

અને એક હજાર મુનિઓ સાથે એક માસનું અણસણ લીધું. એક માસને અન્તે, શ્રાવણ વદ ત્રીજના દિનસે, ધનિષ્ઠા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, એક હજાર મુનિઓ સાથે, શ્રેયાંસ પ્રભુ પરમ પદ પામ્યા.

## શ્રી શ્રેયાંસનાથ પ્રભુનો પરિવાર

| | | |
|---|---|---|
| ગણધર | ૭૬ | છોતેર |
| સાધુ | ૦૮૪,૦૦૦ | ચોરાસી હજાર |
| સાધ્વી | ૧૦૩૦૦૦ | એક લાખ ત્રણ હજાર |
| ચૌદપૂર્વધારી | ૦૦૧૩૦૦ | તેરસો |
| અવધિજ્ઞાની | ૦૦૬,૦૦૦ | છ હજાર |
| મનઃપર્યવજ્ઞાની | ૦૦૬,૦૦૦ | છ હજાર |
| કેવળજ્ઞાની | ૦૦૬,૫૦૦ | સાડા છ હજાર |
| વૈક્રિયલબ્ધિવાળા | ૦૧૧,૦૦૦ | અગિયાર હજાર |
| વાદ લબ્ધિવાળા | ૫,૦૦૦ | પાંચ હજાર |
| શ્રાવકો | ૨,૭૯,૦૦૦ | બે લાખ ઓગણ્યાએંશી હજાર |
| શ્રાવિકા | ૪,૪૮,૦૦૦ | ચાર લાખ અડતાલીસ હજાર |

શ્રેયાંસનાથ સ્વામીના શાસનમાં ઈશ્વર (અથવા મનુજ) નામે યક્ષ શાસનદેવ અને માનવી (શ્રી વત્સા) નામે યક્ષિણી શાસન દેવી થઇ.

## શ્રી વાસુપૂજ્ય સ્વામી ચરિત્ર

વિશ્વો પકારકી ભૂત, તીર્થકૃત કર્મ નિર્મિતઃ
સુરાસુરનરૈઃ પૂજ્યો, વાસુપૂજ્યઃ પુનાતુ વઃ

જેણે સર્વ વિશ્વને ઉપકાર કરનાર એવું તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે અને જે દેવ, અસુર અને મનુષ્યોને પૂજવા લાયક છે એવા શ્રી વાસુપૂજ્ય સ્વામી તમોને પવિત્ર કરો.

## પૂર્વભવ

### પૂર્વભવ-પદ્મોત્તરરાજા. બીજો ભવ-દેવ.

પુષ્કરવર દ્વીપાર્દ્ધમાં, પૂર્વવિદેહ ક્ષેત્રના આભૂષણ રૂપ મંગલાવતી નામના વિજયમાં, રત્ન સંચયા નામની નગરી હતી. ત્યાં પદ્મોત્તર નામનો રાજા રાજ્ય કરતો હતો. બીજા રાજાઓ જેવી રીતે તેના શાસનને ભક્તિથી મસ્તક પર ધારણ કરતા હતા, તેવી રીતે તે જિનેશ્વરના ઉજ્વળ શાસનને હંમેશાં હૃદયમાં ધારણ કરતો હતો. લક્ષ્મી વિદ્યુત જેવી ચપળ છે, શરીર નાશવંત છે, લાવણ્ય કમળના પત્ર ઉપર રહેલા જળબિંદુ જેવું અસ્થિર છે, અને બાંધવો માર્ગમાં એકઠા થયેલા વટેમાર્ગુની જેમ જુદા જુદા ચાલ્યા જવાના છે, એવી રીતે હૃદયમાં ભાવના કરતા એ રાજાને સંસાર ઉપરથી વૈરાગ્ય દશા પ્રાપ્ત થઇ. તેથી તેણે વજ્રનાથ ગુરુ પાસે દીક્ષા લીધી અને વીશ સ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

સમાધિ પૂર્વક મરણ પામી પદ્મોત્તર રાજર્ષિ દશમા દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયા.

### ત્રીજો ભવ-શ્રી વાસુપૂજ્ય સ્વામી

ચ્યવન

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં ચંપા નામે નગરી હતી. તે નગરીમાં વસુ પૃજ્ય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને જયા નામે રાણી હતી. પદ્મોત્તર રાજર્ષિનો જીવ, સ્વર્ગલોકના સુખ લાંબો સમય ભોગવી, જેઠ સુદ નોમને દિવસે, શતભિષાખા નક્ષત્રમાં, જયા માતાની કુક્ષિ વિષે, પુત્ર પણે ઉત્પન્ન થયો. જયા રાણીએ ચોદ મહા સ્વપ્ન દીઠાં અને ધર્મજાગરણ કરી શેષ રાત્રિ પસાર કરી. ઇંદ્રો અને દેવોએ ચ્યવન કલ્યાણક ઉજવ્યું.

જન્મ

પૂર્ણ દિવસે, જયા રાણીએ, ફાગણ વદ ચૌદશના દિવસે, શત

ભિષાખા નક્ષત્રમાં, રક્ત વર્ણવાળા અને મહિષના લાંછનવાળા, પુત્રને જન્મ આપ્યો. દિગકુમારિકાઓ, ઇંદ્રો, દેવો અને વસુ પૂજ્ય રાજાએ જન્મ મહોત્સવ કર્યો. શુભ દિવસે પિતાએ પુત્રનું નામ વાસુ પૂજ્ય પાડયું.

વસુપૂજ્ય રાજાએ દર્શાવેલ ઇચ્છા

અનુક્રમે પ્રભુ યૌવન વય પામ્યા. તેમને માટે દેશ દેશથી, કન્યાઓના પિતા વિવાહ માટે કહેવરાવવા લાગ્યા. વસુપૂજ્ય રાજાએ પુત્રને એકાંતમાં બોલાવી તેના લગ્ન કરાવવાની પોતાની ઈચ્છા પ્રગટ કરી. પ્રભુએ કહ્યું, "મારૂં ભોગાવલી કર્મ ક્ષીણ થયું છે. માટે મને લગ્નનો આગ્રહ ન કરો. મારી ઈચ્છા દીક્ષા લઈ શ્રેય સાધવાની છે." વસુપૂજ્ય રાજાએ ફરીથી આગ્રહ પૂર્વક કહ્યું, "આપણા વંશમાં થયેલા ઋષભદેવ વગેરે એ લગ્ન અને રાજય ભોગવી સ્વશ્રેય સાધ્યું છે, માટે તમે પણ લગ્ન કરી રાજય ભોગવી સ્વશ્રય સાધજો. પ્રભુએ જવાબમાં જણાવ્યું, "પિતાજી, સૌનો એક માર્ગ નથી. ઓગણીસમા તીર્થંકર મલ્લીનાથ અને બાવીસમા તીર્થંકર નેમિનાથ લગ્ન કર્યા વગર અને રાજય ભોગવ્યા વગર દીક્ષા લેશે. અને સ્વશ્રેય સાધશે. ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી ભોગાવલિ કર્મ થોડું હોવાથી લગ્ન કરશે પણ રાજય ભોગવ્યા વગર દીક્ષા લઇ મુક્તિ પદ પામશે. ઋષભદેવ વગેરે તીર્થંકરોને ભોગાવલી કર્મ બાકી હતું. તેથી તેઓએ સંસાર માંડયો હતો અને રાજય સ્વીકાર્યું હતું. મારૂં ભોગાવલી કર્મ ક્ષીણ થયેલું છે તેથી તમે લગ્નનો આગ્રહ ન કરો." પ્રભુના ઉપર પ્રમાણે વિચારો જાણી પિતાએ પુત્રને પરણાવવાનો વિચાર પડતો મૂક્યો.*

* વર્ધમાન સૂરિ કૃત વાસુપૂજ્ય ચરિત્રમાં પ્રભુએ પદમાવતી સાથે લગ્ન કર્યું હતું એમ લખ્યું છે. હેમાચાર્યના મત પ્રમાણે પ્રભુ બાલ બ્રહ્મચારી હતા.

દીક્ષા

પ્રભુ અઢાર લાખ વર્ષના થયા ત્યારે લોકાન્તિક દેવોના સૂચનથી વાર્ષિક દાન દીધું. પછી પૃથ્વી નામની શિબિકામાં આરૂઢ થઈ, વિહારગૃહ નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં છસો રાજાની સાથે, ફાગણ વદ અમાસના દિવસે, શતભિષાખ્યા નક્ષત્રમાં, ચતુર્થ તપ પૂર્વક, દીક્ષા ગ્રહણ કરી. તપનું પારણું પ્રભુએ, મહાપુર નગરમાં, સુનંદ રાજાને ઘેર, ક્ષીરાન્નથી કર્યું. પંચ દિવ્ય પ્રગટ થયાં. પ્રભુએ પારણું કર્યું હતું તે સ્થળ પર સુનંદ રાજાએ રત્નપીઠિકા રચાવી.

કેવળજ્ઞાન

વાસુપૂજ્ય પ્રભુ એક માસ પર્યન્ત છદ્મસ્થ પણામાં વિહાર કરી અનુક્રમે વિહારગૃહ નામના ઉદ્યાનમાં પધાર્યા અને પાટલ વૃક્ષની નીચે કાઉસગ ધ્યાને રહ્યા. ઘાતી કર્મનો ક્ષય થવાથી, પ્રભુને મહા સુદ બીજને દિવસે, શતભિષા નક્ષત્રમાં, કેવળજ્ઞાન થયું. દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુએ દેશના દીધી અને તીર્થની સ્થાપના કરી. ગણધરોએ પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગની રચના કરી.

એક વખત વાસુપૂજ્ય સ્વામી દ્વારકાની સમીપે સમવસર્યા. દેવોએ સમવસરણ રચ્યું ભગવાનના આગમનના સમાચાર સાંભળી દ્વિપૃષ્ઠ વાસુદેવ વિજયકુમાર બલદેવ સાથે ત્યાં આવ્યો. પ્રભુને નમી, સ્તુતિ કરી, ઈન્દ્રની પાછળ બેઠો. પ્રભુએ દેશના આપી દેશના સાંભળી દ્વિપૃષ્ઠ વાસુદેવે સમક્તિ ગ્રહણ કર્યું અને બલભદ્રે શ્રાવકપણાનો સ્વીકાર કર્યો.

નિર્વાણ

કેવળજ્ઞાન પછી લગભગ ચોપન લાખ વર્ષ પૃથ્વી ઉપર વિચર્યા. પછી પોતાનો નિર્વાણ કાળ નજીક જાણી પ્રભુ ચંપા નગરી પધાર્યા. ત્યા છસો મુનિઓ સાથે અણસણ લીધું. એક માસને અન્તે, અષાડ

સુદ ચાદશને દિવસે, ઉત્તરા ભાદ્ર પદ નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ હતો ત્યારે, વાસુપૂજ્ય સ્વામી છસો મુનિઓ સાથે, મોક્ષપદ પામ્યા.

વાસુપૂજ્ય પ્રભુને નીચેનો પરિવાર થયોઃ-

| | | |
|---|---|---|
| ગણધર | ૬૬ | છાસઠ |
| સાધુ | ૭૨,૦૦૦ | બોંતેર હજાર |
| સાધ્વી | ૧,૦૦,૦૦૦ | એક લાખ |
| ચૌદપૂર્વધારી | ૧,૨,૦૦ | એક હજાર બસો |
| અવધિજ્ઞાની | ૫,૪,૦૦ | પાંચ હજાર ચારસો |
| મનઃપર્યવજ્ઞાની | ૬,૧૦૦ | છ હજાર એકસો |
| કેવળજ્ઞાની | ૬,૦૦૦ | છ હજાર |
| વૈક્રિયલબ્ધિવાળા | ૧૦,૦૦૦ | દશ હજાર |
| વાદલબ્ધિવાળા | ૦૪,૭૦૦ | ચાર હજાર સાતસો |
| શ્રાવકો | ૨,૧૫,૦૦૦ | બે લાખ અને પંદર હજાર |
| શ્રાવિકાઓ | ૪,૩૬,૦૦૦ | ચાર લાખ અને છત્રીશ હજાર |

વાસુપૂજ્ય સ્વામીના શાસનમાં કુમાર નામે યક્ષ શાસન દેવ અને ચંદ્રા નામે યક્ષિણી શાસન દેવી થઈ.

## વાસુપૂજ્ય સ્વામીના સમયમાં થયેલા દ્વિતીય વાસુદેવ દ્વિપૃષ્ઠ, બળદેવ વિજય અને પ્રતિવાસુદેવ તારક ચરિત્ર

### બીજા બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવનો પૂર્વભવ

#### વિજય બળદેવનો પૂર્વભવ

પૃથ્વીપુર નગરમાં પવન વેગ નામનો રાજા રાજ્ય કરતો હતો. ઘણાં વર્ષો સુધી રાજ્ય કર્યા પછી તેણે શ્રમણસિંહ મુનિ પાસે દીક્ષા લીધી અને દુષ્કર તપ તપી, મૃત્યુ પામી અનુત્તર વિમાનમાં દેવ થયો.

#### વાસુદેવ અને પ્રતિવાસુદેવનો પૂર્વભવ

આ અરસામાં જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરતમાં વિંધ્યપુર નામનું નગર હતું. તે નગરમાં વિંધ્યશક્તિ નામે રાજા રાજ્ય કરતો હતો.

એક વખત એક ચર પુરૂષ તેની પાસે આવ્યો અને શક્તિપુરના પર્વત રાજાની ગુણમંજરી નામની વેશ્યાના ઘણા વખાણ કર્યા. તેથી વિંધ્યશક્તિએ પોતાના મંત્રીને પર્વત રાજા પાસે ગુણમંજરીનું માગું કરવા મોકલ્યો. પર્વત રાજાએ ગુણમંજરી મોકલવાની સાફ ના પાડી એટલે બન્ને વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધમાં પર્વતરાજ પરાજય પામી નાસી છુટયો અને તેણે સંભવ સૂરિ પાસે દીક્ષા લીધી. પર્વત રાજાના નાસી ગયા પછી વિંધ્યશક્તિએ પર્વત રાજાના નગર સાકેત પુરમાં પ્રવેશ કર્યો અને ગુણમંજરી, હાથી, ઘોડા, રત્નો વગેરે લઈ પોતાના નગરમાં આવ્યો.

પર્વત રાજર્ષિએ દીક્ષા રૂડી રીતે પાળી. પણ સંસાર વાસનાથી પૂર્ણ પણે મુક્ત નહિ થયેલ હોવાથી અને વિંધ્યશક્તિના હાથે મળેલ પરાભવ સાલતો હોવાથી, ઉગ્ર તપ કરતાં કરતાં પણ, "આ તપના પ્રભાવથી ભવાંતરમાં વિંધ્યશક્તિનો નાશ કરવાની શક્તિ મને પ્રાપ્ત થાઓ" એવું નિયાણું કર્યું. પછી અણસણ કરી મૃત્યુ પામી પ્રાણત દેવલોકમાં દેવ થયા.

બીજા પ્રતિ વાસુદેવ

રાજા વિંધ્યશક્તિ પણ કેટલોક વખત સંસારમાં ભ્રમણ કરી એક ભવમા દીક્ષા અંગીકાર કરી, રૂડી રીતે પાળી, દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી, વિંધ્યશક્તિનો જીવ વિજયપુર નગરમાં શ્રીધર રાજાની શ્રીમતી નામની રાણીની કુક્ષિને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ માતાપિતાએ તારક પાડયું. તે ઘણો પરાક્રમી અને તેજસ્વી હોવાથી ચક્રરત્નને મેળવી, પ્રતિવાસુદેવ થયો અને અર્ધ ભરત પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું.

બીજા બળદેવ

આ અરસામાં સૌરાષ્ટ્રમાં દ્વારિકા નામે નગર હતું. ત્યાં બ્રહ્મ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સુભદ્રા અને ઉમા નામે બે

રાણીઓ હતી. પવન વેગનો જીવ, અનુત્તર વિમાનમાંથી ચ્યવી, સુભદ્રાની કુક્ષિમાં પુત્ર પણે અવતર્યો. તે રાત્રે સુભદ્રા રાણીએ ચાર મહાસ્વપ્નો દીઠાં. પૂર્ણ માસે સુભદ્રાએ શ્વેત વર્ણવાળા પુત્ર રત્નને જન્મ આપ્યો. બ્રહ્મ રાજાએ તેનું નામ વિજય પાડયું.

બીજા વાસુદેવ

કેટલાક સમય પછી, પર્વત રાજર્ષિનો જીવ, પ્રાણત દેવલોકથી ચ્યવી ઊમા દેવીની કુક્ષિને વિષે પુત્ર પણે અવતર્યો. ઊમાદેવીએ વાસુદેવને સૂચવનારાં સાત મહાસ્વપ્ન દીઠાં. નવ માસ અને સાડા સાત દિવસ પૂર્ણ થતાં ઊમાદેવીએ શ્યામ વર્ણવાળા પુત્રને જન્મ આપ્યો. બ્રહ્મ રાજાએ પુત્રનો જન્મોત્સવ કર્યો અને શુભ મૂહુર્તે તેનું દ્વિપૃષ્ઠ એવું નામ પાડયું. દિવસે દિવસે દ્વિપૃષ્ઠ કુમાર વધવા લાગ્યો અને વિજયકુમાર સાથે તેને ગાઢ સ્નેહ બંધાયો. આ બન્ને બાંધવોએ ટુંક સમયમાં સર્વ કલાઓ શીખી લીધી અને અતિ પરાક્રમી થયા.

પ્રતિવાસુદેવને આપેલો પરાભવ

તારક રાજાને સમાચાર સાંપડયા કે બ્રહ્મ રાજાના પરાક્રમી પુત્રો–વિજય અને દ્વિપૃષ્ઠ–તેની આજ્ઞા માનતા નથી. તુરતજ તારકે તેમના વધ માટે હુકમ કાઢયો. પણ મંત્રીના સમજાવવાથી તે હુકમ પાછો ખેંચી લીધો અને બ્રહ્મ રાજાને દૂત મારફત કહેવરાવ્યું કે, 'તમારી પાસેના હાથી, ઘોડા, રત્નો વગેરે સારી સારી વસ્તુઓ પ્રતિવાસુદેવ તારકને મોકલી આપો. કારણ કે તે તમારો સ્વામી છે' દૂતના આ વચન સાંભળી દ્વિપૃષ્ઠના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે દૂતને કહ્યું," તારા સ્વામીને જઇને કહે જે કે તારા મસ્તકની સાથે હાથી, ઘોડા, રત્ન વગેરે અમે જ લેવા આવીએ છીએ" દૂત તારક પાસે ગયો અને તેણે દ્વિપૃષ્ઠના શબ્દો સંભળાવ્યા. તુરતજ તારકે સૈન્ય સજ્જ કરી દ્વારિકા તરફ પ્રયાણ કર્યું. તેનો સત્કાર કરવા બ્રહ્મરાજા

પોતાના કુંવરો તથા સૈન્ય સાથે સામો ઊભો હતો. યુદ્ધમાં તારકની હાર થવા લાગી એટલે તેણે દ્વિપૃષ્ઠ ઉપર ચક્ર છોડયું. દ્વિપૃષ્ઠે તેજ ચક્ર હાથમાં લઈ પ્રતિવાસુદેવ ઉપર છોડયું. ચક્રે તારક પ્રતિવાસુદેવનું માથું છેદી નાંખ્યું. અને પાછું દ્વિપૃષ્ઠનાં હાથમાં આવીને સ્થિર થયું અને તેનો યુદ્ધમાં સર્વત્ર જય જય કાર થયો. તારક પક્ષના રાજાઓ દ્વિપૃષ્ઠને નમી પડયા અને તેનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું. સર્વ રાજાઓએ મળી દ્વિપૃષ્ઠને સિંહાસન પર બેસાડી અર્ધચક્રી-પણાનો અભિષેક કર્યો અને ત્રણે ખંડમાં તેની આજ્ઞા પ્રવર્ત્તી.

લાંબો સમય રાજ્ય કરી દ્વિપૃષ્ઠ વાસુદેવ મૃત્યુ પામી છઠ્ઠી નરકે ગયો. વાસુદેવના મૃત્યુ પછી વિજય બલભદ્રે શ્રી વિજય સૂરિ પાસે દીક્ષા લીધી. નિરતિચાર ચારિત્ર પાળી બળદેવ મોક્ષ પદ પામ્યા.

# શ્રી વિમળનાથ ચરિત્ર

વિમલ સ્વામિનો વાચઃ કતક ક્ષોદ સોદરા;
જયંતિ ત્રિજગચ્ચે તો જલ નૈર્મલ્ય હેતવઃ

કતક ફળના ચૂર્ણ જેવી, ત્રણ જગતના ચિત્તરૂપી જળને નિર્મળ કરવામાં કારણ રૂપ, શ્રી વિમલ સ્વામીની વાણી જયવંતી વર્તે છે.

## પૂર્વભવ

### પહેલો ભવ—પદ્મસેન રાજા બીજો ભવ-દેવ

ધાતકી ખંડના પૂર્વ વિદેહમાં, ભરત નામના વિજયમાં, મહા-પુરી નામે નગરી હતી ત્યાં પદ્મસેન નામે રાજા રાજ્ય કરતો હતો. બળવાન અને વિવેકી જનોમાં આ રાજા અગ્રેસર હતો. જૈન શાસનમાં તેને અચળ શ્રદ્ધા હતી. નઠારા ઘરમાં રહેનાર જેમ ખેદયુક્ત રહ્યા કરે તેમ આ સંસારમાં તે ખેદયુક્ત નિવાસ કરતો. નિસર્ગ સંયમ

વાળા તે રાજાએ કેટલોક સમય રાજ્યનું પાલન કરી, સર્વગુપ્ત નામના આચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. અનુક્રમે વિધિપૂર્વક અર્હદ્ ભક્તિ વગેરે સ્થાનકોને સેવવાથી તેમણે આત્મ પરાક્રમ વડે, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

પછી ચિરકાળ સુધી તીવ્ર તપ તપી, અન્તે આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામી પદ્મસેન રાજર્ષિ સહસ્રાર દેવલોકમાં મહર્દ્ધિક દેવતા થયા.

## ત્રીજો ભવ શ્રી વિમળનાથ ભગવાન

ચ્યવન

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં કાંપિલ્યપુર નામે નગર હતું. ત્યાં કૃતવર્મા નામે પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. તેને શ્યામા નામે પટરાણી હતી. પદ્મસેન રાજાનો જીવ, સહસ્રાર દેવલોકમાંથી ચ્યવી, શ્યામા માતાની કુક્ષિ વિષે, વૈશાખ સુદ બારસના દિવસે, ઉત્તરાભાદ્ર પદ નક્ષત્રમાં, પુત્રપણે અવતર્યો. માતાએ ચૌદ મહા સ્વપ્નો દીઠાં અને રાત્રિ ધર્મજાગરણમાં પસાર કરી. ઈન્દ્રોએ આચાર પ્રમાણે ચ્યવન કલ્યાણક ઉજવ્યું.

જન્મ

પૂર્ણ માસે, મહા સુદ ત્રીજની મધ્ય રાત્રિએ, ઉત્તરાભાદ્ર પદ નક્ષત્રમાં, શ્યામા રાણીએ, ડુક્કરના લાંછનવાળા, સુવર્ણ વર્ણવાળા પુત્રને જન્મ આપ્યો. દિગ્કુમારીકાઓ, ઈંદ્રો અને દેવોએ, આચાર પ્રમાણે, જન્મ કલ્યાણક ઉજવ્યું. કૃતવર્મા રાજાએ પણ બાર દિવસ સુધી, પુત્ર જન્મ નિમિત્તે, મહોત્સવ કર્યો. પ્રભુ માતાની કુક્ષિમાં હતા ત્યારે શ્યામા માતા ખૂબ નિર્મળ થયાં હતાં, તેથી પિતાએ તેમનું નામ વિમળનાથ પાડયું.

દીક્ષા

અનુક્રમે પ્રભુ યૌવન પામ્યા એટલે પિતાએ રાજકન્યાઓ

પરણાવી અને જ્યારે તેઓ પંદર લાખ વર્ષના થયા ત્યારે રાજાએ તેમનો રાજ્યાભિષેક કર્યો. પ્રભુએ ત્રીશ લાખ વર્ષની ઉંમર સુધી રાજ્યનું પાલન કર્યું. પછી લોકાન્તિક દેવોની વિનતીથી પ્રભુએ વાર્ષિક દાન આપી, દેવદત્તા નામની શિબિકા ઉપર આરૂઢ થઈ, મહા સુદ ચોથના દિવસે, હજાર રાજાઓની સાથે, છઠ તપ પૂર્વક દીક્ષા લીધી. છઠનું પારણું, પ્રભુએ ધાન્ય કુટ નગરમાં, જય રાજાને ઘેર, પરમાન્નથી કર્યું. પંચ દિવ્ય પ્રગટ થયાં.

કેવળજ્ઞાન

બે વર્ષ સુધી સતત વિહાર કરી, વિમળનાથ પ્રભુ સહસ્રામ્ર-વનમાં પધાર્યા અને જંબુ વૃક્ષની નીચે કાઉસગ ધ્યાને રહ્યા. ઘાતી-કર્મનો ક્ષય થતાં, પ્રભુને પોષ સુદ છઠના દિવસે, ઉત્તરા ભાદ્ર પદ નક્ષત્રમાં, કેવળજ્ઞાન થયું. આચાર પ્રમાણે દેવોએ સમવસરણની રચના કરી. પૂર્વદ્વારથી પ્રવેશ કરી, સિંહાસન પર બેસી પ્રભુએ દેશના દીધી. આ દેશના સાંભળી કેટલાકે સાધુવ્રત અને કેટલાકે શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો. ગણધર ભગવન્તોએ, પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી.

ત્રીજા વાસુદેવને થયેલો વિમળનાથ સ્વામીનો સમાગમ.

વિહાર કરતાં કરતાં વિમળનાથ પ્રભુ દ્વારિકા પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. ત્રીજા વાસુદેવ સ્વયંભૂ પ્રભુનું આગમન સાંભળી બલભદ્ર સહિત સમવસરણમાં આવ્યો. પ્રભુને વંદન કરી સ્વયંભૂએ પ્રભુની સ્તુતિ કરી. પછી પ્રભુએ દેશના આરંભી. દેશનામાં ભગવાને જણાવ્યું કે, 'મનુષ્ય ભવમાં ધર્મ એ ભૂષણ રૂપ છે અને તેમાં પણ સમક્તિ રત્નની પ્રાપ્તિ મહા દુર્લભ છે.' દેશના સાંભળી સ્વયંભૂ વાસુદેવે સમક્તિ ગ્રહણ કર્યું અને બલભદ્રે બારવ્રતનો સ્વીકાર કર્યો.

નિર્વાણ

કેવળજ્ઞાન પછી લગભગ પંદર લાખ વર્ષ પૃથ્વી પર વિચરી, વિમળનાથ પ્રભુ, પોતાનો નિર્વાણકાળ નજીક જાણી, સમેત શિખર પધાર્યા અને છ હજાર મુનિઓ સાથે અણસણ વ્રત લીધું. એક માસને અન્તે, અશાડ વદ સાતમના દિવસે ચંદ્ર પુષ્ય નક્ષત્રમાં હતો ત્યારે પ્રભુ છ હજાર મુનિઓ સાથે મોક્ષ પદ પામ્યા.

## વિમળનાથ પ્રભુનો પરિવાર

વિમળનાથ પ્રભુને નીચેનો પરિવાર થયો :—

| | | |
|---|---|---|
| ગણધરો | ૫૭ | સત્તાવન |
| સાધુ | ૬૮,૦૦૦ | અડસઠ હજાર |
| સાધ્વી | ૧,૦૦,૮૦૦ | એક લાખ આઠસો |
| ચૌદપૂર્વધારી | ૦૦૧,૧૦૦ | અગિયારસો |
| અવધિજ્ઞાની | ૦૦૪,૮,૦૦ | ચાર હજાર આઠસો |
| મનઃપર્યવજ્ઞાની | ૦૦૫,૫૦૦ | પાંચ હજાર પાંચસો |
| કેવળજ્ઞાની | ૦૦૫,૫૦૦ | પાંચ હજાર પાંચસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૯,૦૦૦ | નવ હજાર |
| શ્રાવક | ૨,૦૮,૦૦૦ | બે લાખ આઠ હજાર |
| શ્રાવિકા | ૪,૩૪,૦૦૦ | ચાર લાખ ચોત્રીસ હજાર |

વિમળનાથ સ્વામીના શાસનમાં ષણ્મુખ નામે યક્ષ શાસન દેવ અને વિજયા નામે યક્ષિણી શાસન દેવી થઈ.

## વિમળનાથ સ્વામિના શાસનમાં થયેલા ત્રીજા વાસુદેવ સ્વયંભૂ, બલદેવ ભદ્ર અને ત્રીજા બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવના પૂર્વભવ

ત્રીજા બળદેવનો પૂર્વભવ

આ જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં આનંદકરી નામનું નગર હતું. ત્યાં નંદી સુમિત્ર (ચક્ષુષ્માન) નામનો રાજા

રાજ્ય કરતો હતો. રાજા ધાર્મિક વૃત્તિનો હતો તેથી તેણે સુવ્રત નામના આચાર્ય પાસે દીક્ષા લીધી. ચારિત્ર રૂડી રીતે પાળી, અન્ત-કાળે અણસણ કરી, નંદી મુનિ અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો.

ત્રીજા વાસુદેવ અને પ્રતિવાસુદેવના પૂર્વભવ

આ જંબુ દ્વીપના ભરત ક્ષેત્રમાં શ્રાવસ્તી નામની નગરી હતી. ત્યાં ધનમિત્ર નામનો રાજા હતો. એક વખત ધનમિત્ર રાજા પોતાના મિત્ર બલિ સાથે જુગાર રમતાં પોતાનું રાજ્ય હારી ગયો. બલિ રાજાએ ધનમિત્રના રાજય પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું. ધનમિત્ર રાજાની રાણીઓ પિયર ગઈ અને રાજ્ય વિહુણો રાજા પૃથ્વી પર ફરવા લાગ્યો. ફરતાં ફરતાં એક દિવસ તેને સુદર્શન મુનિનો સમાગમ થયો. સાધુનો ધર્મોપદેશ સાંભળી ધનમિત્રે દીક્ષા લીધી. રાજર્ષિએ તીવ્ર તપશ્ચર્યાઓ કરી, છતાં તે બલિના હાથે મળેલો પરાભવ વીસરી શક્યો નહિ. આથી ધનમિત્ર રાજર્ષિએ એવું નિયાણું બાંધ્યું કે "મારા તપના પ્રભાવથી હું ભવાંતરે બલિ રાજાનો વધ કરનાર થાઉં." અન્તે અણસણ કરી મૃત્યુ પામી બારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

બલિ રાજાએ પણ દીક્ષા લઈ રૂડી રીતે પાળી અન્તે અણસણ કરી, અવશાન પામી દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયો.

## ત્રીજા પ્રતિવાસુદેવ ત્રીજા બળદેવ અને ત્રીજા વાસુદેવ

ત્રીજા પ્રતિવાસુદેવ

દેવલોકનાં સુખ ભોગવી, બલિ રાજાનો જીવ, નંદન નામના નગરમાં સમર કેશરી રાજાની સુંદરી નામે રાણીની કુક્ષિ વિષે પુત્ર પણે અવતર્યો. પૂર્ણમાસે સુંદરીએ પુત્રને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ મેરાક પાડયું. અનુક્રમે મેરાક પ્રતિવાસુદેવ બની ત્રણ ખંડ ભોગવવા લાગ્યો.

ત્રીજા બલદેવ

આ અરસામાં ભરત ક્ષેત્રમાં દ્વારકા નગરીમાં સમુદ્ર જેવો ગંભીર રૂદ્ર નામે એક રાજા થયો. તેને સુપ્રભા અને પૃથ્વી નામે બે રાણીઓ હતી. તેમાંની સુપ્રભા દેવીની કુક્ષિમાં નંદન સુમિત્રનો જીવ, અનુત્તર વિમાનમાંથી ચ્યવીને, પુત્ર પણે અવતર્યો. સુખે સૂતેલા સુપ્રભાદેવીએ બલભદ્રના જન્મને સૂચવનારાં ચાર મહા સ્વપ્ન રાત્રીના શેષ ભાગમાં, અવલોકયાં. અનુક્રમે નવ માસ અને સાડા સાત દિવસ પછી સુપ્રભા દેવીએ કાન્તિથી ચંદ્ર જેવા એક પુત્રને જન્મ આપ્યો. રૂદ્ર રાજાએ તેનું નામ ભદ્ર પાડયું.

ત્રીજા બળદેવ–ત્રીજા વાસુદેવ

ધનમિત્રનો જીવ પણ અચ્યુત કલ્પમાંથી ચ્યવીને પૃથ્વી દેવીની કુક્ષિમાં પુત્ર પણે અવતર્યો. સુખે સૂતેલાં પૃથ્વી દેવીએ રાત્રીના શેષ ભાગે, વાસુદેવના જન્મને સૂચવનારા સાત મહા સ્વપ્નોને મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણ માસે પૃથ્વી દેવીએ શ્યામ અંગવાળા અતિ પ્રકાશમાન પુત્રને જન્મ આપ્યો. રૂદ્ર રાજાએ પુત્ર જન્મનો મહોત્સવ કરી તેનું નામ સ્વયંભૂ પાડયું. પાંચ ધાત્રીઓએ પાલન કરાતો એ પુત્ર નિત્ય વધવા લાગ્યો. શ્વેત અને શ્યામ વર્ણવાળા ભદ્ર અને સ્વયંભૂ, એ બન્ને કુમારો, શ્વેત તથા શ્યામ ગંગા યમુનાના પ્રવાહની જેમ હંમેશાં પ્રીતિથી સાથે રહેવા લાગ્યા.

પ્રતિવાસુદેવનો પરાજય

એક વખતે આ બન્ને રાજકુમારો ઉદ્યાનમાં ક્રીડા કરતા હતા ત્યારે તેમણે મોટું લશ્કર જોયું. આ લશ્કર શશિ સૌમ્ય રાજાએ પ્રતિવાસુદેવ મેરાકને દંડરૂપે મોકલ્યું હતું. સ્વયંભૂ વાસુદેવને આ દંડ સાલ્યો, તેથી મેરાકને શિખામણ આપવા તેના સૈન્યને લૂંટી લીધું. આ ખબર મેરાકને પડી એટલે તે સૈન્ય સહિત દ્વારિકા ઉપર

ચઢાઈ કરવા ઉપડયો. સ્વયંભૂ વાસુદેવ પણ વડીલ બંધુ ભદ્ર અને સૈન્ય સહિત સામે આવ્યો. બન્ને વચ્ચે પરસ્પર યુદ્ધ થયું. સર્વ શસ્ત્રો નિષ્ફળ જતાં મેરાકે સ્વયંભૂ ઉપર ચક્ર છોડયું. સ્વયંભૂએ તે ચક્ર હાથમાં લઈ મેરાક ઉપર છોડયું; તુરત જ મેરાકનું મસ્તક છેદાઈ ગયું. તેનું સૈન્ય સ્વયંભૂને સ્વાધીન થયું. સ્વયંભૂએ ત્રણ ખંડ સાધ્યા અને મહોત્સવ પૂર્વક દ્વારિકા પધાર્યા. દ્વારિકામાં રૂદ્રે અને સર્વ સામંત રાજાઓએ સ્વયંભૂનો વાસુદેવ 'અર્ધચક્રી-પણાનો' અભિષેક કર્યો.

સ્વયંભૂ વાસુદેવ લાંબુ આયુષ્ય પૂર્ણ કરી છઠ્ઠી નરકે ગયો. વાસુદેવના મૃત્યુ પછી બલદેવને ચેન પડયું નહિ. અન્તે મુનિચંદ્ર મુનિ પાસે દીક્ષા લઈ મોક્ષપદ પામ્યાં.

# શ્રી અનંતનાથ ચરિત્ર

સ્વયંભૂ રમણ સ્પર્દ્ધી, કરૂણા રસ વારિણા
અનંત જિદનં તાવઃ પ્રયચ્છતુ સુખ શ્રિયં.

સ્વયંભૂ રમણ (છેલ્લા) સમુદ્રની હરીફાઈ કરનાર અર્થાત તેથી પણ અધિક, કરૂણા રસરૂપી જળ વડે યુક્ત એવા શ્રી અનંતનાથ ભગવાન, જેનો અંત નથી એવી મોક્ષરૂપ લક્ષ્મી તમને આપો.

## પૂર્વભવ

### પહેલો ભવ–પદ્મરથ રાજા બીજો ભવ–દેવ

ધાતકી ખંડ દ્વીપમાં પ્રાગ્વિદેહ ક્ષેત્રના ઐરાવત નામના વિજયમાં, અરિષ્ટા નામે એક મોટી નગરી હતી. તેમાં પદ્મરથ નામનો મહારથી રાજા રાજય કરતો હતો. તેમણે સર્વ શત્રુઓના વિજયથી

બધી ઋદ્ધિ સાધી હતી. તથાપિ મોક્ષ લક્ષ્મી સાધવામાં ઉત્સુક થવાથી તે સર્વેને તૃણ સમાન ગણવા લાગ્યા. તેઓ ઉદ્યાનમાં વિહારલીલા, વાપીઓમાં જલક્રીડા, હાથી ઘોડા વગેરે વાહનોની વિચિત્ર ગતિનું દર્શન, વસંતના તથા કૌમુદીના મહોત્સવ જેવા ક્રીડા ઉત્સવનું નિરીક્ષણ, નાટકાદિક દશ રૂપકના અભિનયનો ઉત્સવ, સ્વર્ગના વિમાન જેવા મહેલોમાં નિવાસ અને વિચિત્ર વસ્ત્રના વેષ, અંગરાગ અને આભૂષણનું ધારણ—એ સર્વ માત્ર લોકરીતિને અનુસરીને અનુભવતા હતા, પણ રાગ પૂર્વક કોઈપણ અનુભવતા ન હતા.

આ પ્રમાણે કેટલોક સમય ઉલ્લંઘન કરી, અન્તે એ વિવેકી રાજાએ ચિત્તરક્ષ નામના ગુરુની પાસે દીક્ષા લીધી. પછી અર્હંતની ભક્તિ વગેરે સ્થાનોના આરાધન વડે તીર્થંકર નામ કર્મ બાંધી, મૃત્યુ પામી પ્રાણત દેવલોકમા, પુષ્પોત્તર વિમાને દેવ થયા.

## ત્રીજો ભવ શ્રી અનંતનાથ ભગવાન

ચ્યવન

આ જંબુદ્રીપના દક્ષિણ ભરતાર્ધમાં અયોધ્યા નામે નગરી છે. ત્યાં સિંહસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુયશા નામે રાણી હતી. તેની કુક્ષિને વિષે પદ્મરથ રાજાનો જીવ દેવલોકમાથી ચ્યવી, શ્રાવણ વદ સાતમના દિવસે, રેવતી નક્ષત્રમાં, પુત્ર પણે અવતર્યો. સુખે સૂતેલાં સુયશા દેવીએ, રાત્રીના શેષ ભાગે, તીર્થંકર અથવા ચક્રવર્તીના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્નો, મુખમાં પ્રવેશ કરતાં જોયાં. સુયશા માતાએ ધર્મ જાગરણ કર્યું.

જન્મ

પૂર્ણ માસે વૈશાક વદ તેરસના દિવસે, પુષ્ય નક્ષત્રમાં, સિંચાણાના ચિન્હવાળા અને સુવર્ણ વર્ણવાળા પુત્રને સુયશા માતાએ

જન્મ આપ્યો. દિગ્કુમારિકાઓ, ઇન્દ્રો અને દેવોએ જન્મ મહોત્સવ કર્યો. સિંહસેન રાજાએ પણ જન્મોત્સવ ઉજવ્યો. પ્રભુ માતાની કુક્ષિમાં હતા ત્યારે પિતાએ શત્રુના અનંત બળને જીત્યું હતું તેથી તેમનું નામ અનંતનાથ પાડ્યું.

દીક્ષા

પ્રભુ યૌવન પામ્યા ત્યારે પિતાએ રાજકન્યાઓ પરણાવી અને જ્યારે પ્રભુ સાડા સાત લાખ વર્ષની ઉંમરના થયા ત્યારે તેમને પિતાએ રાજ્ય સોંપ્યું. પંદર લાખ વર્ષની ઉંમર સુધી પ્રભુએ રૂડી રીતે રાજ્યનું પાલન કર્યું. લોકાન્તિક દેવોના સૂચનથી ભગવાને વાર્ષિક દાન દીધું. પછી સાગર દત્ત શિબિકા ઉપર આરૂઢ થઈ, પ્રભુ સહસ્રામ્ર વનમાં પધાર્યા. વૈશાખ વદ ચૌદશના દિવસે, રેવતી નક્ષત્રમાં છઠનો તપ કરી, હજાર રાજાઓની સાથે પ્રભુએ દીક્ષા અંગીકાર કરી. તુરતજ પ્રભુને મનઃપર્યવ જ્ઞાન થયું.

છઠનું પારણું પ્રભુએ વર્ધમાન નગરમાં વિજય રાજાને ત્યાં કર્યું. પંચ દિવ્ય પ્રગટ થયાં. વિજય રાજાએ પારણાના સ્થળે રત્નમય પીઠીકા રચાવી.

કેવળજ્ઞાન

દીક્ષા લીધા પછી પ્રભુએ ગ્રામ, નગર વગેરે સ્થળોએ ત્રણ વર્ષ સુધી વિહાર કર્યો. પછી સહસ્રામ્ર વનમાં પધાર્યા અને અશોક વૃક્ષ નીચે કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ઘાતી કર્મનો ક્ષય થવાથી, વૈશાખ વદ ચૌદસના દિવસે, રેવતી નક્ષત્રમાં, પ્રભુને કેવળ જ્ઞાન થયું. આચાર પ્રમાણે દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુએ પૂર્વ દ્વારથી સમોસરણમાં પ્રવેશ કર્યો અને દેશના દીધી. દેશના સાંભળી કેટલાકે મહાવ્રત અને કેટલાકે અણુવ્રત લીધાં. પ્રભુ પાસેથી ત્રિપદી પામી ગણધર ભગવન્તોએ દ્વાદશાંગીની રચના કરી.

એક વખત અનંતનાથ પ્રભુ દ્વારિકાના પરિસરમાં સમવસર્યા. દેવોએ સમવસરણની રચના કરી. પૂર્વદ્વારથી પ્રવેશ કરી, પ્રભુ તીર્થને નમસ્કાર કરી, સિંહાસન પર બેઠા. પુરૂષોત્તમ વાસુદેવ, પ્રભુ સમવસર્યાના સમાચાર સાંભળી મોટાભાઈ બલદેવ સાથે, સમવસરણમાં આવ્યો અને પ્રભુને વંદન કરી ઈન્દ્રની પાછળ બેઠો. પછી ઈન્દ્રે, વાસુદેવે અને બલભદ્રે ઊભા થઈ ભગવન્તની સ્તુતિ કરી. સ્તુતિ બાદ પ્રભુએ દેશના આરંભી. દેશના સાંભળી કેટલાકે દીક્ષા અંગીકાર કરી અને કેટલાકે શ્રાવકના વ્રત લીધાં. પુરૂષોત્તમ વાસુદેવે સમક્તિ સ્વીકાર્યું અને બલભદ્રે શ્રાવકપણુ સ્વીકાર્યું. પ્રથમ પોરિસી પૂર્ણ થયા પછી મુખ્ય ગણધરે પાદ પીઠ ઉપર બેસી દેશના દીધી. અને બીજી પોરિસી પૂર્ણ થતાં દેશના પૂર્ણ થઈ. ઈન્દ્ર, વાસુદેવ, બલદેવ વગેરે સ્વસ્થાને ગયા.

કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી લગભગ સાડા સાત લાખ વર્ષ પૃથ્વી ઉપર વિચરી, પોતાનો મોક્ષ કાળ નજીક જાણી અનંતનાથ પ્રભુ સમેત શિખર પધાર્યા અને એક હજાર સાધુઓ સાથે અણસણ વ્રત ગ્રહણ કર્યું. એક માસને અન્તે, ચૈત્ર સુદ પાંચમે, પુષ્ય નક્ષત્રમાં, પ્રભુ એક હજાર મુનિઓ સાથે મોક્ષ પદ પામ્યાં. ઈન્દ્રોએ પ્રભુના તેમજ મુનિઓના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો અને નંદીશ્વર દ્વીપ જઈ નિર્વાણોત્સવ કરી, સ્વસ્થાને ગયા.

## અનંતનાથ પ્રભુનો પરિવાર

વર્ષો સુધી વિહાર કરતાં પ્રભુને નીચેનો પરિવાર થયો:–

| | | |
|---|---|---|
| ગણધર | ૫૦ | પચાસ |
| સાધુ | ૬૬,૦૦૦ | છાસઠ હજાર |
| સાધ્વી | ૬૨,૦૦૦ | બાસઠ હજાર |

| | | |
|---|---|---|
| ચૌદપૂર્વધારી | ૦૦૯૦૦ | નવસો |
| અવધિજ્ઞાની | ૦૪,૩૦૦ | ચાર હજાર ત્રણસો |
| મનઃપર્યવજ્ઞાની | ૦૪,૫૦૦ | ચાર હજાર પાંચસો |
| કેવળજ્ઞાની | ૦૫,૦૦૦ | પાંચ હજાર |
| વૈક્રિયલબ્ધિવાળા | ૦૮,૦૦૦ | આઠ હજાર |
| વાદલબ્ધિવાળા | ૦૩,૨૦૦ | ત્રણ હજાર બસો |
| શ્રાવકે | ૨,૦૬૦૦૦ | બે લાખ છ હજાર |
| શ્રાવિકા | ૪,૧૪૦૦૦ | ચાર લાખ અને ચૌદ હજાર |

અનંતનાથ સ્વામીના શાસનમાં પાતાળ નામે યક્ષ શાસન દેવ અને અંકુશા નામે શાસન દેવી થઈ.

## અનંતનાથ સ્વામીના શાસનમાં થયેલ ચોથા વાસુદેવ પુરૂષોત્તમ, ચોથા બલદેવ સુપ્રભ અને ચોથા પ્રતિવાસુદેવ મધુરનાં ચારિત્રો

### ચોથા બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવના પૂર્વભવ

બળદેવનો પૂર્વભવ

આ જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં નંદપુરી નામે એક નગરી હતી. તેમાં શત્રુઓની સ્ત્રીઓને શોક આપનાર અને અશોક વૃક્ષની જેમ, પોતાના કુળરૂપી ઉદ્યાનમાં આભૂષણ રૂપ, મહાબલ નામે રાજા હતો. મોટા મનવાળો મહાબલ રાજા અનુક્રમે સંસાર વાસથી વિરક્ત થયો. તેથી તેણે ઋષભ મુનિના ચરણકમળમાં જઈ, પંચમુષ્ટિ વડે કેશનો લોચ કર્યો અને ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર રૂડી રીતે પાળી, પંચત્વ પામી તે રાજર્ષિ સહસ્રાર દેવલોકમાં દેવતા થયો.

વાસુદેવ અને પ્રતિવાસુદેવનો પૂર્વભવ

આ અરસામાં જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં કોશાંબી નામે નગરી હતી. તેમાં સમુદ્ર દત્ત નામે રાજા રાજ્ય કરતો હતો. એક વખત

સમુદ્ર દત્તનો મિત્ર, મલય ભૂમિનો રાજા ચંડ શાસન તેને ત્યાં આવ્યા નંદા રાણીને દેખી તેનું ચિત્ત ચકડોળે ચડ્યું. નંદા ઉપર તેણે કુદષ્ટિ કરી અને મિત્રના બહાના હેઠળ શત્ર થઇ ત્યાં કેટલોક કાળ રહ્યો.

એક વખત ચંડશાસન નંદાને ઉપાડી ગયો. સમુદ્રદત્તો તેને મેળવવા ઘણાં ફાંફાં માર્યા પણ તેમાં તે સફળ ન થયો. છેવટે કંટાળી શ્રેયાંસમુનિ પાસે દીક્ષા અંગીકાર કરી. મુનિપણામાં તીવ્ર તપશ્ચર્યા કરી, પણ નંદાને હરણ કરનાર ચંડશાસન ઉપરનું વૈર ન વિસરાર્યું; તેથી એવું નિયાણું બાંધ્યું કે આ તપના પ્રભાવથી આવતા ભવે હું ચંડશાસનનો વધ કરનારો થાઉ" આ પ્રમાણે અપરિમિત ફળવાળા તપને પરિમિત ફળવાળો કરી દઇ, કાળયોગે મૃત્યુ પામી, સમુદ્રદત્ત રાજર્ષિ, સહસ્રાર દેવલોકમાં દેવતા થયો.

## ચોથા બળદેવ, ચોથાવાસુદેવ અને ચોથા પ્રતિવાસુદેવ

ચોથા પ્રતિવાસુદેવ

કાળક્રમે ચંડશાસન પણ મૃત્યુ પામી, સંસાર સાગરની જળચક્રી જેવી અનેક યોનિયોમાં ભટકયો પછી ભરતક્ષેત્રમાં આવેલ પથ્વીપુર નગરમાં વિલાસરાજાની ગુણવતી રાણીની કુક્ષિને વિષે અવતર્યો. પૂર્ણ માસે ગુણવતી રાણીએ પુત્રને જન્મ આપ્યો રાજાએ તેનું નામ મધુ પાડ્યું. મધુ ચોથો પ્રતિવાસુદેવ થયો. તેણે ત્રણ ખંડ સાધ્યા, ચક્ર સાધ્યું અને સર્વ રાજાઓને પોતાનું સાર્વભૌમત્વ સ્વીકારવાની ફરજ પાડી. મધુને કેટભ નામે એક પરાક્રમી ભાઇ હતો.

આ અરસામાં દ્વારિકા નગરીમાં સોમનામે રાજા હતો તેને સુદર્શના

ચોથા બળદેવ

અને સીતા નામે બે રાણીઓ હતી. મહાબલ રાજાનો જીવ, સહસ્રાર દેવ લોકમાંથી ચ્યવી, સુદર્શના દેવીની કુક્ષિને વિષે પુત્ર પણે અવતર્યો. સુદર્શના દેવીએ બલભદ્રના જન્મને સૂચવનારાં, ચાર મહાસ્વપ્ન મુખમાં પ્રવેશ કરતાં જોયાં અને શેષ રાત્રિ ધર્મ જાગરણમાં પસાર કરી. નવ માસ અને સાડા સાત દિવસે સુદર્શનાએ, ચંદ્ર સમાન કાન્તિવાળા પુત્રને જન્મ આપ્યો. સોમ રાજાએ તેનું નામ સુપ્રભુ પાડ્યું.

ચોથા વાસુદેવ

આ અરસામાં સમુદ્ર દત્તનો જીવ સહસ્રાર દેવલોકમાંથી ચ્યવી સીતા રાણીની કુક્ષિને વિષે પુત્ર પણે અવતર્યો. સીતા દેવીએ, વાસુદેવના જન્મને સૂચવનારા સાત મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતા જોયાં અને શેષ રાત્રિ ધર્મજાગરણમાં પસાર કરી. પૂર્ણ સમયે સીતા રાણીએ નીલમણિના જેવી કાન્તિવાળા પુત્ર રત્નને જન્મ આપ્યો. સોમ રાજાએ શુભ દિવસે એનું નામ પુરૂષોત્તમ પાડ્યું.

અનુક્રમે સુપ્રભ અને પુરૂષોત્તમ યૌવન વય પામ્યા. બન્નેને સારી તાલીમ આપવામાં આપી હતી. બન્ને એક બીજાની સાથે હળી મળીને રહેતા હતા. એક વખતે નારદ મધુ રાજાની સભામાં જઈ ચડ્યા અને સોમ રાજાના પુત્રો સુપ્રભ અને પુરૂષોત્તમના બહુ વખાણ કર્યા. નારદના આ વખાણથી મધુ રાજાને ક્રોધ ચડ્યો અને સોમ રાજાના દરબારમાં દૂત મોકલ્યો. દૂતે સોમ રાજાને કહ્યું, "તમે પહેલાં અમારા રાજા તરફ ખૂબ ભક્તિ રાખતા હતાં પણ હમણાં પુત્રનાં પરાક્રમથી બદલાઇ ગયા છો મારા રાજાએ દંડ તરીકે તમારી પાસે જે કિંમતી વસ્તુઓ હોય તે મંગાવી છે." આવા દૂતનાં વચન સાંભળી પુરૂષોત્તમ કુમારે રોષથી કહ્યું, "હે દૂત ! તું દૂત

હોવાથી અવધ્ય છે, તેથી આવાં કડવાં વચન બોલે છે. પણ આ વચન બોલાવનાર તારો સ્વામી શું ઉન્મત્ત છે? મત્ત છે? પ્રમત્ત છે? કે પિશાચે ગૃહેલો છે? જેમ બાળકો ક્રીડામાં સ્વેચ્છાએ રાજા થઈએ રમે છે, તેવી જ રીતે તારો મૂઢ સ્વામી સર્વનો સ્વામી થવા પ્રવર્તે છે. પણ એ દુર્મદ રાજાને અમે સ્વામી તરીકે કયારે પણ સ્વીકારેલો નથી. દંડની ઈચ્છાવાળા તારા સ્વામીને યુદ્ધ કરવા અહિં મોકલ, જેથી તેના પ્રાણની સાથે તેની રાજ્ય લક્ષ્મીને હું બળાત્કારે લઈ લઈશ."

ચોથા પ્રતિવાસુદેવનો પરાભવ

દૂત વિલખો થઈ પાછો ફર્યો અને મધુ રાજાને સર્વ વાત કહી. મધુએ સૈન્ય લઇ દ્વારિકા તરફ પ્રયાણ કર્યું. પુરૂષોત્તમ વાસુદેવ, સૈન્ય અને સોમ રાજા તથા સુપ્રભ બલદેવ સાથે સામો આવ્યો. બન્ને વચ્ચે યુદ્ધ થયું. વાસુદેવે શંખ ફૂંકયો તેથી મધુના સૈનિકો ત્રાસ પામ્યા. સન્યને વિહવળ દેખી, મધુ ધનુષ્ય લઇ સામો આવ્યો. વાસુદેવ અને પ્રતિવાસુદેવ વચ્ચે રસાકસીભર્યું યુદ્ધ થયું. સર્વ શસ્ત્રો ખૂટતાં મધુએ પુરૂષોત્તમ વાસુદેવ પર ચક્ર છોડયું. વાસુદેવે ચક્ર હાથમાં લઈ પ્રતિવાસુદેવ મધુ ઉપર છોડયું. ચક્રે મધુનું મસ્તક છેદી નાખ્યું. મધુના ભાઇ કૈટભને વાસુદેવના સેનાપતિએ મારી નાખ્યો. મધુના સૈન્ય અને રાજાઓએ વાસુદેવનું શરણ સ્વીકાર્યું. વાસુદેવે ત્રણ તીર્થો સાધ્યાં, કોટિશિલા ઉપાડી અને દ્વારિકા આવ્યા. સોમ રાજા, બલદેવ અને બીજા રાજાઓએ પુરૂષોત્તમના વાસુદેવ-પણાનો અભિષેક કર્યો.

પુરૂષોત્તમ વાસુદેવ લાંબુ આયુષ્ય ભોગવી છઠ્ઠી નરકે ગયો. વાસુદેવના મૃત્યુ પછી સુપ્રભ બલદેવ વૈરાગ્ય પામ્યા અને મૃગાંકુશ મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી, કેવળજ્ઞાન પામી, લાંબુ આયુષ્ય ભોગવી, મોક્ષપદ પામ્યા.

# શ્રી ધર્મનાથ ચરિત્ર

કલ્પદ્રુમ સધર્માણ મિષ્ટપ્રાપ્તો શરીરિણાં,
ચતુર્દ્ધા ધર્મ દેષ્ટારં ધર્મનાથમુપાસ્મહે.

પ્રાણીઓને વાંછિત ફળ મેળવવા (મદદ કરવામાં) કલ્પવૃક્ષ જેવા અને દાન, શીલ, તપ તથા ભાવરૂપ ચાર પ્રકારના ધર્મને બતાવનાર શ્રી ધર્મનાથ પ્રભુની અમે ઉપાસના કરીએ છીએ.

## પૂર્વભવ

### પહેલો ભવ—દઢરથ રાજા બીજો ભવ—દેવ

ધાતકી ખંડ દ્વીપના પૂર્વમહા વિદેહમાં ભરત નામના વિજયમાં ભદ્રિલનામે એક વિશાળ નગર હતું. તેમાં દઢરથ નામે રાજા રાજ્ય કરતો હતો. સૂર્યની જેમ સર્વ રાજાઓના તેજ તેણે હરી લીધા હતા. મોટું સામ્રાજ્ય હોવા છતાંએ વિવેકી રાજા ઇંદ્રની સંપત્તિને પણ આકડાના તુલ જેવી ચપળ જાણી તેનો જરા પણ ગર્વ કરતો નહિ. વિષયરૂપી સુખ તે પૂર્ણ રીતે પામ્યો હતો, તથાપિ અતિથિની જેમ સંસારવાસમાં તેને જરાપણ આસ્થા ન હતી. ભોગને વિષે અત્યંત વૈરાગ્યવાન અને પોતાના શરીર ઉપર પણ નિસ્પૃહ એવા દઢરથ રાજાએ છેવટે શરીરના મળની પેઠે પોતાના રાજ્યને એકદમ છોડી દીધું અને વિમલવાહન ગુરૂપાસે ચારિત્ર ગ્રહણ કર્યું અનુક્રમે અર્હન્ત ભક્તિ વગેરે સ્થાનકોનું આરાધન કરીને સદ્બુદ્ધિવાળા તે મુનિરાજે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

અંતે અનશન કરી, સમાધિપૂર્વક મૃત્યુ પામી, દઢરથમુનિ વૈજયંત વિમાનમાં મહર્દ્ધિક દેવતા થયા.

## ત્રીજો ભવ–શ્રી ધર્મનાથ ભગવાન

ચ્યવન

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં રત્નપુર નગરમાં ભાનુ નામે રાજા હતો. તેને સુવ્રતા નામે રાણી હતી. તેની કુક્ષિને વિષે, દઢરથ રાજાનો જીવ, વૈજયંત વિમાનમાંથી ચ્યવી, વૈશાખ સુદ સાતમના દિવસે, પુષ્ય નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે પુત્રરૂપે અવતર્યો. સુખે સૂતેલાં સુવ્રત માતાએ ચૌદ મહા સ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. દેવોએ ચ્યવન કલ્યાણક મહોત્સવ કર્યો. અનુક્રમે પૂર્ણ માસે, મહા સુદ ત્રીજના દિવસે, પુષ્ય નક્ષત્રમા ચંદ્રનો યોગ હતો ત્યારે વજ્રના લાંછનવાળા, સુવર્ણવર્ણવાળા સુપુત્રને સુવ્રત માતાએ જન્મ આપ્યો. છપ્પન દિગકુમારિકાઓ, ચોસઠ ઈંદ્રો, અસંખ્ય દેવો અને ભાનુરાજાએ જન્મ મહોત્સવ કર્યો. પ્રભુ જયારે માતાની કુક્ષિમાં હતા ત્યારે તેમની માતાને ધર્મ કરવાનો દોહલો ઉત્પન્ન થયો હતો તેથી શુભ મુહુર્તે પિતાએ પ્રભુનું 'ધર્મનાથ' એવું નામ પાડ્યું.

દીક્ષા

યૌવનવય પામતા પ્રભુ પીસ્તાલીશ ધનુષ્યની કાયાવાળા થયા. પિતાએ તેમના રાજકન્યાઓ સાથે લગ્ન કર્યાં. જયારે પ્રભુ અઢીલાખવર્ષના થયા ત્યારે ભાનુ રાજાએ તેમનો રાજ્યાભિષેક કર્યો. પાંચલાખ વર્ષ સુધી પ્રભુએ રૂડી રીતે રાજ્યનું પાલન કર્યું. લોકાન્તિક દેવોએ તીર્થ પ્રવર્તાવવાની વિજ્ઞપ્તિ કરી એટલે પ્રભુ વાર્ષિક દાન આપી, નાગદત્તાનામની શિબિકામાં આરૂઢ થઈ, પ્રકાંચન ઉદ્યાનમાં પધાર્યા અને છઠ તપ કરી, મહાસુદ તેરસે, પુષ્ય નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી.

કેવળજ્ઞાન

છઠનું પારણું પ્રભુએ સોમનસપુરમાં ધર્મસિંહ રાજાને ત્યાં કર્યું. પંચદિવ્ય પ્રગટ થયાં. રાજાએ પ્રભુએ પારણું કર્યું હતું ત્યાં રત્નપીઠ રચાવી. બે વર્ષ છદ્મસ્થપણે વિહાર કરી પ્રભુ પ્રકાંચન નામના ઉદ્યાનમાં પધાર્યા અને દધિપર્ણ વૃક્ષની નીચે કાઉસગ ધ્યાને રહ્યા. ધાતી કર્મનો ક્ષય થતાં પ્રભુને પોષ સુદ પુનમને દિવસે, પુષ્ય નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ સમવસરણ રચ્યું. પ્રભુએ પૂર્વદ્વારથી પ્રવેશી સિંહાસન પર બેસી દેશના આપી. દેશનાને અંતે કેટલાકે મહાવ્રત અને કેટલાકે અણુવ્રત લીધા.

એક વખત પ્રભુ અશ્વપુર નગરના પરિસરમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. પાંચમાં વાસુદેવ પુરૂષસિંહ અને પાંચમાં બલદેવ સુદર્શનને ખબર પડતાં તેઓ પણ ત્યાં આવી ઇન્દ્રની પાછળ બેઠા. ઇંદ્ર, વાસુદેવે અને બળભદ્રે પ્રભુની સ્તુતિ કરી. ત્યાર બાદ પ્રભુએ દેશના આપી. દેશનાને અંતે વાસુદેવ સમક્તિ અને બલદેવે શ્રાવકપણું સ્વીકાર્યું બીજી પોરિસિએ ગણધર ભગવન્તે દેશના દીધી. દેશના પૂર્ણ થતાં સૌ પોતપોતાના સ્થાને ગયા.

નિર્વાણ

કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પ્રભુએ લગભગ અઢી લાખ વર્ષ સુધી પૃથ્વી પર વિહાર કર્યો. પછી પોતાનો નિર્વાણ કાળ નજીક જાણી પ્રભુ સમેતશિખર પધાર્યા અને એકસોઆઠ મુનિઓ સાથે અણસણ લીધું. એક માસને અંતે, જેઠ સુદ પાંચમે ચંદ્રનો યોગ પુષ્ય નક્ષત્રમાં હતો ત્યારે, ધર્મનાથ પ્રભુ, એકસોઆઠ મુનિઓ સાથે મુક્તિપદ પામ્યા. ઈન્દ્રોએ યથાવિધિ નિર્વાણોત્સવ ઉજવ્યો.

# શ્રી ધર્મનાથ પ્રભુનો પરિવાર

ધર્મનાથ પ્રભુને નીચેનો પરિવાર થયો :—

| | | |
|---|---|---|
| ગણધર | ૪૩ | તેંતાલીશ |
| સાધુ | ૬૪,૦૦૦ | ચોસઠહજાર |
| સાધ્વી | ૬૨,૪૦૦ | બાસઠ હજાર અને ચારસો |
| ચૌદ પૂર્વધારી | ૯,૦૦ | નવસો |
| અવધિજ્ઞાની | ૩,૬૦૦ | ત્રણ હજાર છસો |
| મનઃપર્યવજ્ઞાની | ૪,૫૦૦ | ચાર હજાર પાંચસો |
| કેવળજ્ઞાની | ૪,૫૦૦ | ચાર હજાર પાંચસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૭,૦૦૦ | સાત હજાર |
| વાદલબ્ધિવાળા | ૨,૮૦૦ | બે હજાર આઠસો |
| શ્રાવક | ૨,૪૦,૦૦૦ | બે લાખ ચાલીસ હજાર |
| શ્રાવિકા | ૪,૧૩,૦૦૦ | ચાર લાખ તેર હજાર |

ધર્મનાથ ભગવાનના શાસનમાં કિન્નર નામના યક્ષશાસનદેવ અને કંદર્પ નામે યક્ષિણી શાસન દેવી થઈ.

## ધર્મનાથપ્રભુના શાસનમાં થયેલા પાંચમા વાસુદેવ પુરૂષસિંહ, પાંચમા બલદેવ સુદર્શન અને પાંચમા પ્રતિવાસુદેવ નિશુંભ ચરિત્ર. બલદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવનો પૂર્વભવ

બળદેવનો પૂર્વભવ

જંબુદ્વીપના અપર (પશ્ચિમ) વિદેહ ક્ષેત્રને વિષે અશોકા નગરીમાં પુરૂષ વૃષભ નામે રાજા હતો. તે તત્ત્વજ્ઞાની અને સાત્વિક રાજાએ સંસારથી વિરકત થઇ પ્રજા પાલક મુનિ પાસે દીક્ષા લીધી રૂડી રીત ચારિત્ર પાળી એ રાજર્ષિ, આયુષ્ય પૂર્ણ થયે કાળ ધર્મ પ્રાપ્ત થતાં મૃત્યુ પામી સહસ્રાર દેવલોકમાં દેવતા થયા.

વાસુદેવ અને પ્રતિવાસુદેવનો પુર્વભવ

તે દેવના આયુષ્યના સોળ સાગરોપમ ગયા પછી પોતનપુર નામના નગરમાં વિકટનામે એક રાજા થયો. હાથી હાથીને જીતી લે, તેમ કોઈ રાજસિંહ નામના રાજાએ પોતાના પરાક્રમથી તેને રણભૂમિમાં જીતી લીધો, તે પરાક્રમથી લજ્જા પામેલા વિકટ રાજાએ પોતાના પુત્રને રાજ્ય આપી અતિભૂતિ નામના મુનિ પાસે દીક્ષા લીધી. પછી તીવ્ર તપસ્યા કરી તેણે એવું નિયાણું બાંધ્યું કે, આ તપના પ્રભાવથી હું ભવાંતરમાં રાજસિંહનો ઉચ્છેદ કરનારો થાઉં. આ પ્રમાણે નિયાણુ કરી કાળયોગે મૃત્યુ પામી, બીજા દેવલોકમાં દેવ થયો.

પાંચમા પ્રતિવાસુદેવ

રાજા રાજસિંહ ચિરકાળ સંસારમાં ભમી આ ભરતક્ષેત્રમાં હરિપર નામના નગરમાં નિશુભ નામે રાજા થયો. લીલા માત્રમાં તેણે દક્ષિણ ભરતાર્દ્ધને સાધ્યું તેથી તે પાંચમો અર્ધ ચક્રી (પ્રતિવાસુદેવ) કહેવાયો.

પાંચમા બલદેવની ઉત્પત્તિ

આ અવસરે ભરતખંડના અશ્વપુર નામે નગરમાં શિવ નામે રાજા થયો. તેને વિજયા અને અમકા નામે બે પ્રિય પત્નીઓ હતી પુરૂષ વૃષભનો જીવ સહસ્રાર દેવલોકમાંથી ચ્યવી વિજયા રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. સુખે સૂતેલાં વિજયા રાણીએ બલભદ્રના જન્મને સૂચવતાં ચાર મહા સ્વપ્નો જોયાં. ગર્ભકાળ પૂર્ણ થતાં રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. શિવ રાજાએ શુભ દિવસે, મોટો ઉત્સવ કરી, સારા દર્શનને લીધે પુત્રનું નામ સુદર્શન પાડયું.

પાંચમાં વાસુદેવની ઉત્પત્તિ

વિકટરાજાનો જીવ બીજા દેવલોકમાંથી ચ્યવી, અમકાની કુક્ષમાં પુત્રપણે અવતર્યો. અમકા રાંણીએ વાસુદેવના જન્મને સૂચવતાં

સાત મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણમાસે રાણીએ નીલવર્ણી પૂર્ણલક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. આ કુમાર અતિશય પરાક્રમથી પુરૂષોમાં સિંહરૂપ થશે એવું ધારીને રાજાએ તેનું પુરૂષ-સિંહનામ પાડ્યું. ધાત્રી જનોએ લાલન પાલન કરેલા, તાડ અને ગરૂડના ચિહ્નવાળા એ બન્ને કુમારો અનુક્રમે પરસ્પર ક્રીડા કરતા અને નીલા તથા પીળા વસ્ત્રને ધારણ કરતા વૃદ્ધિ પામવા લાગ્યા. ઉપાધ્યાય પાસેથી તેમણે સર્વ કળાઓ સાવધાન પણે શીખી લીધી. બન્ને કુમારોને એક બીજા પર અત્યંત સ્નેહ હતો.

વાસુદેવના માતાપિતાનું મૃત્યુ.

એક વખત શિવ રાજાએ સીમાડાના રાજાને વશ કરવા સુદર્શન બળદેવને મોકલ્યા. સ્નેહને લીધે પુરૂષસિંહ પણ તેની પાછળ ગયો. પણ બલભદ્રે વાસુદેવને સાથે આવતા રોકયા એટલે તે રસ્તામાં જ-રહ્યા. વિવિધ વિનોદથી ભ્રાતાના વિયોગનું દુઃખ સહન કરી વાસુદેવ ત્યાં રહ્યા હતા, તેવામાં પિતા તરફથી સંદેશો આવ્યો કે 'મને દાહ જ્વર ઉત્પન્ન થયો છે. માટે તું જલદી આવ.' પુરૂષસિંહ તુરત જ પોતાના નગરમાં પાછો ફર્યો. પુત્રના દર્શનથી શિવ રાજા આશ્વાસન પામ્યા પણ વ્યાધિ અસાધ્ય હતો એટલે રાજા પથારી-માંથી ઊઠી શકે એવી આશા ઓછી હતી. પુરૂષસિંહ પોતાની ચિંતામાં હતા તેવામા સેવકે સમાચાર આપ્યા કે 'રાજમાતા અગ્નિ-સ્નાન કરી જીવનનો અન્ત આણે છે' તુર્ત વાસુદેવ માતા પાસે દોડી ગયા અને ગદ્ગદ સ્વરે કહ્યું, "અરે! માતા! તમે પણ આ મંદ ભાગ્યવાળા પુત્રને છોડી દેશો. મારૂં ભાગ્ય કેવું વિપરીત કે માતાએ પણ આમ કરવા માંડયું." અમકા માતા બોલ્યા, "તારા પિતાના રોગની મેં બરાબર પરીક્ષા કરી લીધી છે. તે રોગ અવશ્ય તારા પિતાના પ્રાણ લેવા આવ્યો છે. વિધવા કહેવડાવવા હું તયાર

નથી. તારા પિતાની પહેલાં કસુંબાના વસ્ત્ર ઓઢીને હું તો ચાલી જઈશ. મારી આશિષથી સુદર્શન બંધુની સાથે તું આનંદ પામીશ. હું હવે અગ્નિ માર્ગે પતિની આગળ જઈશ. માટે હું તને એક છેલ્લી પ્રાર્થના કરું છું કે આ વિધિમાં નિષેધ કરે એવું તારે કાંઈપણ હવે કહેવું નહીં." આમ કહી અમકા માતાએ અગ્નિ-સ્નાન કરી જીવનનો અન્ત આણ્યો. થોડા સમય પછી શિવ રાજા પણ મૃત્યુ પામ્યા. વાસુદેવ વિલાપ કરવા લાગ્યો. સ્નેહીઓએ બોધ આપી પુરૂષસિંહને આશ્વાસન આપ્યું. પિતાના મૃત્યુના સમાચાર મળતાં, બલદેવ પણ સીમાડાના રાજાને વશ કરી વાસુદેવને મળ્યા.

પુરૂષસિંહનો વાસુદેવપણાનો અભિષેક

બન્ને કુમારો પિતાના શોકથી આકુળ વ્યાકુળ રહેતા હતા, તેવામાં નિશુંભ પ્રતિવાસુદેવનો દૂત આવ્યો. દૂતે નમસ્કાર કરી કહ્યું, "શિવ રાજાના સ્વર્ગ વાસથી તમારા સ્વામી નિશુંભને ઘણો શોક થયો છે. તમે હજી નાના છો તેથી રાજ્ય ન સાચવી શકાય. માટે તમે હમણાં મારી પાસે રહો." પુરૂષસિંહને દૂતનું વચન આકરું લાગ્યું. નિશુંભને તે પોતાના સ્વામી તરીકે સ્વીકારવા તૈયાર ન હતો. તેણે દૂતનું અપમાન કરી તેને કાઢી મૂકયો. દૂતે આ વાત નિશુંભને કહી એટલે તે અશ્વપૂર પર ચઢી આવ્યો. વાસુદેવ વડીલ બંધુ અને સૈન્ય સાથે, તેની સામે ગયો. પરસ્પર યુદ્ધ થયું. વાસુદેવે શંખ ફૂંકયો એટલે નિશુંભનું સૈન્ય હતાશ થયું. નિશુંભ પોતે પુરૂષસિંહ સામે આવ્યો. શસ્ત્રાસ્ત્ર ખૂટતાં નિશુંભે પુરૂષસિંહ ઉપર ચક્ર મૂકયું. પુરૂષસિંહે ચક્ર હાથમાં લઈ નિશુંભ ઉપર છોડયું. ચક્રે તુરત નિશુંભનું મસ્તક છેદી નાખ્યું. નિશુંભના સૈન્ય અને રાજાઓએ શરણાગતિ સ્વીકારી. ત્યાર બાદ પુરૂષસિંહે ત્રણ ખંડ સાધ્યા. કોટિ શિલા ઉપાડી. નગરમાં પાછા ફરતાં તેનો બલભદ્ર અને બીજા રાજાઓએ વાસુદેવપણાનો અભિષેક કર્યો.

વાસુદેવનું નરકગમન બલદેવની મુક્તિ

લાંબો સમય રાજ્યનું પાલન કરી, પુરૂષસિંહ વાસુદેવ મૃત્યુ પામી છઠ્ઠી નરકે ગયો. વાસુદેવના મૃત્યુ પછી બલભદ્રે કીર્તિધર મુનિની પાસે દીક્ષા અંગીકાર કરી. ઘાતી કર્મોનો ક્ષય થવાથી બળભદ્ર મુનિને કેવળજ્ઞાન થયું. અંતે અણશણ કરી મુનિ મોક્ષપદ પામ્યા.

# તૃતીય શ્રી મઘવા ચક્રવર્તી ચરિત્ર

## પૂર્વભવ

નરપતિ રાજા

આ ભરતક્ષેત્રમાં મહીમંડળ નામે નગરમાં, શ્રી વાસુપૂજ્ય સ્વામીના તીર્થ વિષે નરપતિ નામે રાજા હતો. એ ઉત્તમરાજા અનાથ જનોનો નાથ હતો અને ન્યાય આપવામાં હંમેશા સાવધાન હતો. તે કદિ એક પુષ્પથી પણ કોઈ જનને મારતો ન હતો. કેવળ નવીન પુષ્પની જેમ યત્ન વડે સર્વનું પાલન કરતો હતો. એ વિવેકી રાજા પગના આભૂષણની પેઠે અર્થ તથા કામને અને મુગટની પેઠે ધર્મને ધારણ કરતો. અનુત્તર સુખને આપનારા અરિહંત દેવ, સુસાધુ ગુરુ અને દયામયી ધર્મનું મંત્રાક્ષરની પેઠે તે ધ્યાન ધરતો હતો. એકદા નરપતિ રાજાએ રાજ્યને રોગની જેમ ત્યજી દઇ વિશ્વને અભય આપનારી દીક્ષા અંગીકાર કરી.

દેવ

ચિર કાળ વ્રત પાળી, પ્રાંતે કાળધર્મ પામી એ મહાત્મા મધ્યમ ગ્રૈવેયકમાં દેવતા થયા.

## મઘવા ચક્રવર્તી

જન્મ

આ જંબુદ્વીપમાં ભરત ક્ષેત્રને વિષે શ્રાવસ્તી નામે નગરી હતી. ત્યાં સમુદ્ર વિજય નામે રાજા રાજ્ય કરતો હતો. ગાયનું ગોવાળ રક્ષણ કરે તેમ યથાવિધિ પૃથ્વીનું પાલન કરી, યોગ્ય સમયે દૂધની જેમ કાંઇ પણ પીડા કર્યા વગર તે કર લેતો હતો. પવિત્ર લાવણ્યથી ભદ્ર અંગવાળી અને સર્વ ભદ્રના સ્થાન રૂપ, ભદ્રા નામે તેને રાણી હતી. તેની કુક્ષિને વિષે, નરપતિ રાજાનો જીવ, દેવ લોકમાંથી ચ્યવી અવતર્યો. ભદ્રા રાણીએ ચક્રવર્તીના જન્મને સૂચવનારા ચૌદ મહા-સ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણ સમયે, રાણીએ ઉત્તમ લક્ષણવાળા અને સુવર્ણની જેવા વર્ણથી શોભતા પુત્ર રત્નને જન્મ આપ્યો. આ પુત્ર પૃથ્વીમાં મઘવા (ઇંદ્ર) જેવો થશે એવું ધારીને સમુદ્ર વિજયે તેનું નામ મઘવા પાડયું.

દિગવિજય

મઘવા ઉંમર લાયક થયો એટલે સમુદ્ર વિજયે તેને રાજ્ય ગાદી સોંપી. ઘણા વર્ષ સુધી રાજ્યનું પાલન કર્યા પછી તેના શસ્ત્રાગારમાં એક વખત ચક્ર રત્ન ઉત્પન્ન થયું. તે પછી બીજા તેર રત્નો પણ તેને આવી મળયાં. મઘવાએ ચક્ર વગેરે રત્નોની પૂજા કરી બહુમાન કર્યું. પછી છ ખંડ સાધી પરિવાર સહિત મઘવા ચક્રવર્તી શ્રાવસ્તી નગરીમાં આવ્યો. રાજાઓએ તેનો ચક્રવર્તી પણાનો અભિષેક કર્યો.

મૃત્યુ

ચક્રવર્તી પણામાં અભિષિક્ત થયા પછી મઘવા મહારાજા બત્રીશ હજાર મુગટધારી રાજાઓથી નિરંતર સેવાતા હતા. નવ નિધિઓથી તેમના મનોરથ પૂર્ણ થતા હતા અને અંતઃપુરની સ્ત્રી-ઓની નયનકમળની માળાઓથી નિત્ય પૂજાતા હતા. આ સિવાય

બીજા પણ અનેક પ્રમાદનાં સાધનો તેમને સુલભ હતાં. તથાપિ તે પોતાની પિતૃ પરંપરાથી આવેલા શ્રાવક ધર્મમાં કદિ પણ પ્રમાદી થતા નહીં. તેમણે વિવિધ પ્રકારનાં ચૈત્યો જિનબિંબ સહિત કરાવ્યાં. તે દરરોજ ચૈત્ય પૂજા કરતા. સાધર્મિક વાત્સલ્ય કરી હંમેશાં નવા નવા વ્રત નિયમો ધારણ કરતા. પાછલી વયે મઘવા ચક્રવર્ત્તીએ દીક્ષા ગ્રહણ કરી રૂડી રીતે પાળી. અન્તે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતાં કરતાં પંચત્વ પામી, મઘવા ચક્રવર્તી દેવલોકમાં દેવતા થયા.

# ચોથા શ્રી સનત્કુમાર ચક્રવર્તી ચરિત્ર

## પૂર્વભવ

### વિક્રમયશા રાજા–સનત્કુમાર દેવલોકમાં દેવ.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં કાંચનપુરી નામે નગરી હતી. ત્યાં વિક્રમયશા નામે રાજા હતો અને નાગદત્ત નામે એક ઘણી સમૃદ્ધિ વાળો સાર્થવાહ હતો. નાગદત્તને વિષ્ણુશ્રી નામે સ્ત્રી હતી. એકદા એ સુંદર સ્ત્રી કાકતાલીય ન્યાયથી વિક્રમયશા રાજાની દૃષ્ટિએ પડી. તેને જોતાં જ કામદેવે રાજાનું વિવેકરૂપી ધન હરી લીધું. વિષ્ણુશ્રીનું હરણ કરી વિક્રમયશાએ તેને અંતઃપુરમાં દાખલ કરી અને પોતાની કીર્તિને કલંક લગાડયું, વિષ્ણુશ્રીનો પતિ નાગદત્ત સાર્થવાહ ગાંડો થઈ ગયો. અને 'વિષ્ણુશ્રી ! વિષ્ણુશ્રી !' એમ બૂમો પાડતો જયાં ત્યાં રખડવા લાગ્યો. વિષ્ણુશ્રીનો સંયોગ પામેલા રાજાનો કેટલોક કાળ સુખમાં નિર્ગમન થયો. પણ તેને હંમેશાં વિષ્ણુશ્રી સાથે જ રમતો જોઇ, તેના અંતઃપુરની બીજી રાણીઓએ ઇર્ષાથી કામણ કર્યું. રાજાએ ઘણું જતન કર્યા છતાં તે ન બચી અને

ક્ષય રોગીની જેમ ઘસાઈ ઘસાઈ મૃત્યુ પામી. વિષયાશક્તિથી ભાન ભૂલેલો રાજા વિષ્ણુશ્રીના મૃતદેહને ઉપાડવા દેતો ન હતો અને તેને જોઈ જોઈને પ્રલાપ અને વિલાપ કરતો. મંત્રીઓએ યુક્તિપૂર્વક મૃતકને અરણ્યમાં ખસેડયું. તેઓ એમ માનતા હતા કે રાજાનો શોક ધીમે ધીમે ઓછો થશે. પણ તેમની ધારણા ખોટી પડી. રાજાએ અન્ન પાણીનો ત્યાગ કર્યો. પ્રધાનો રાજાને જંગલમા લઈ ગયા અને વિષ્ણુશ્રીનું કલેવર તેને સોંપ્યુ. કલેવર જોતાં જ રાજા ચમકયો. મૃતદેહમાંથી દુર્ગંધ નીકળતી હતી. ચારે બાજુ કીડીઓ હતી. મોં બિહામણું બન્યું હતું. માખીઓ ગણગણાત કરી રહી હતી. નેત્રોમાં કાણાં પડયાં હતાં અને તેના સ્તન ગીધોએ કોચી નાખ્યા હતા. રાજાને જીવનની અનિત્યતા સાથે નિરસતા સમજાઇ. તે નગરમાં પાછો ફર્યો અને મૃતદેહ અગ્નિદાહ માટે સોંપ્યો. વિષ્ણુશ્રી જતાં રાજાની સર્વ સંસારમાયા ગઇ અને તેણે સુવ્રતાચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. પોતાના દેહ ઉપર નિસ્પૃહ થઇ તેણે તીવ્ર તપશ્ચર્યા આદરી અને પોતાના શરીરને શોષવી નાખ્યું. કાળયોગે મૃત્યુપામી વિક્રમયશા રાજર્ષિ સનત્કુમાર દેવલોકમાં શ્રેષ્ઠ આયુષ્ય-વાળો દેવતા થયો.

## સનત્કુમાર ચક્રીનો પૂર્વભવ (ચાલુ) જિનધર્મ શેઠ અને શૌધર્મેન્દ્ર

દેવસંબંધી આયુષ્ય પૂર્ણ કરી, વિક્રમયશાનો જીવ રત્નપુરનગરમાં જિનધર્મ નામે શ્રેષ્ઠીપુત્ર થયો. એ શ્રેષ્ઠીપુત્ર બાળપણથી જ બાર પ્રકાર ના શ્રાવક ધર્મને પાળતો હતો. આઠ પ્રકારી પૂજા વડે તીર્થંકરોની આરાધના કરતો હતો. એષણીય વગેરે દાનથી મુનિરાજ પ્રતિલાભતો હતો અને અસાધારણ વાત્સલ્ય ભાવથી સાધર્મિક જનોને દાનવડે પ્રસન્ન કરતો હતો. આ પ્રમાણે તેણે કેટલોક કાળ નિર્ગમન કર્યો.

આ તરફ નાગદત્ત સાર્થવાહ પ્રિયાના વિરહથી દુઃખી થઈ મૃત્યુ પામી કેટલાક ભવ કરી સિંહપુર નગરમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ થયો. કેટલાક કાળ પછી તે ત્રિદંડી બન્યો અને તે નગરનો હરિવાહન રાજા તેનો ભક્ત બન્યો. એક દિવસ હરિવાહને અગ્નિશર્માને ભોજન માટે નિમંત્રણ આપ્યું. અગ્નિશર્માએ દૈવયોગે રાજદ્વારમાં આવી ચડેલા પેલા જિનધર્મ નામના વણિકકુમારને જોયો. તેને જોતાંજ પૂર્વજન્મના વૈરથી અગ્નિશર્મા ઋષિના નેત્રો રોષથી રાતા થઇ ગયાં. અંજલિજોડી પાસે ઊભેલા હરિવાહન રાજાને તેણે કહ્યું, "આ શ્રેષ્ઠિના પૃષ્ઠભાગ ઉપર અતિઉષ્ણ દૂધપાકનું પાત્રમૂકી જો ભોજન કરાવશો તો ભોજન કરીશ, નહિ તો અકૃતાર્થ પણે આવ્યો તેમ ચાલ્યો જઈશ." રાજાએ તે કબુલ કર્યું. જિન-ધર્મને સુવરાવ્યો અને તેના પૃષ્ઠ ભાગ ઉપર ઉષ્ણ દૂધપાક મૂકી ત્રિદંડીને જમાડયો. જિનેધર્મે પૂર્વભવ સંચિતકર્મફળ જાણી સહન કર્યું. પણ પછી તેણે દીક્ષા લીધી. નવકાર મંત્રના ધ્યાનમાં તત્પર રહી સમ્યક પ્રકારે ઉપસર્ગો સહન કરી, મૃત્યુ પામી જિનધર્મશેઠ સૌધર્મ કલ્પમાં ઇન્દ્ર થયો. ત્રિદંડી મૃત્યુ પામી ઇન્દ્રનો ઐરાવત હાથી થયો ત્યાંથી મૃત્યુ પામી, વચ્ચે ભવ કરી અસિત નામે યક્ષરાજ થયો.

## સનત્કુમાર ચક્રવર્તી

સનત્કુમારનો જન્મ–અશ્વ સહિત અદૃશ્ય થવું.

આ જંબુદ્વીપમાં કુરૂ મંગલ દેશને વિષે હસ્તિનાપુર નામે નગર હતું. તેમાં અશ્વસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સહ-દેવી નામે મહારાણી હતી. દેવલોકનાં સુખ ભોગવી જિનધર્મ શેઠનો જીવ સહદેવીની કુક્ષિને વિષે પુત્ર પણે અવતર્યો. સુખે સૂતેલાં સહ-દેવીએ ચૌદ મહા સ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયા. અનુક્રમે પ્રસવ સમય આવતાં રાણીએ અદ્વિતીય રૂપ વૈભવવાળા, સુવર્ણના જેવી

કાન્તિવાળા અને સર્વ લક્ષણે પરિપૂર્ણ એક કુમારને જન્મ આપ્યો. અશ્વસેન રાજાએ તેનું સનત્કુમાર એવું નામ પાડયું. આ સનત્કુમારને મહેન્દ્રસિંહ નામે એક મિત્ર હતો. એક દિવસ બન્ને મિત્રો મકરન્દ નામના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા હતા. ત્યાં સનત્કુમાર પિતાએ ભેટ આપેલ જલધિ કલ્લોલ નામના અશ્વ ઉપર બેઠો. અશ્વ તુરત જ દોડવા લાગ્યો. જોત જોતામાં કુમાર સહિત અશ્વ અદશ્ય થયો. અશ્વસેન રાજાએ ઠેર ઠેર ઘોડેસ્વારો મોકલી તપાસ કરાવી પણ સનત્કુમારનો પત્તો લાગ્યો નહિ. આખરે સનત્કુમારના મિત્ર મહેન્દ્રસિંહે તેને શોધવાનું માથે લીધું.

બકુલમતિએ કહેલ સનત્કુમારનો વૃત્તાન્ત

એક વખત મહેન્દ્રસિંહે સનત્કુમારની શોધમાં અટવીમાં પ્રવેશ કર્યો. દૂર જતાં તેણે કેટલીક સ્ત્રીઓથી વીંટાયેલ, આનંદ કરતા એક યુવકને જોયો. યુવાને તેને તુરત ઓળખ્યો અને પૂછયું, " મહેન્દ્ર-સિંહ! તું અહિં કેમ અને કયાંથી આવ્યો છે?" મહેન્દ્રસિંહે તેના અદશ્ય થયા પછીની બધી વાત કહી અને તેનો વૃત્તાન્ત જાણવા તેની વાત પૂછી. સનત્કુમારે બકુલમતીને સર્વ વાત જણાવવાનું કહ્યું. બકુલમતીએ મહેન્દ્રસિંહને કહ્યું, "તે અશ્વ તમારા મિત્રને ભયંકર અટવીમાં લઈ ગયો અને બીજે દિવસે ઊભો રહ્યો. અશ્વ ઉપરથી તમારા મિત્ર ઉતર્યા કે તુર્ત અશ્વ મરણ પામ્યો. આર્યપુત્ર જલપાન કરવાનો વિચાર કરે છે તેટલામાં તે વનનો અધિષ્ઠાયક યક્ષ જલપાત્ર સાથે હાજર થયો. યક્ષે જલપાન કરાવ્યું અને માનસ સરોવરમાં સ્નાન કરાવ્યું. આ વખતે પૂર્વભવના શત્રુ અસિત યક્ષે આર્યપુત્રને જોયા અને તેણે અનેક ઉપસર્ગો કર્યા. તમારા મિત્રે બાહુ યુદ્ધથી યક્ષને હરાવ્યો. ત્યાર પછી આર્ય પુત્ર પગે ચાલીને અટવી બહાર આવ્યા. ત્યાં ભાનુવેગ વિદ્યાધરની આઠ કન્યાઓએ

તેમને જોયા. અને તેમની સાથે પિતાની સંમતિથી પરણી. એક વખત રતિગૃહમાં આર્ય પુત્ર સૂતા હતા તે સમયે અસિત યક્ષે તેમને ઉપાડી કોઈ ભયંકર અરણ્યમાં મૂકયા. જાગૃત થતાં તેમણે એક મહા પ્રાસાદ જોયો. તે પ્રાસાદમાં રહેલ ચંદ્ર યશાની સુનંદા કુમારીને પરણ્યા. સ્ત્રી રત્ન સુનંદા સાથે આર્ય પુત્ર હર્ષથી વાત કરે છે તેટલામાં વજ્ર વેગ વિદ્યાધર તેમના ઉપર ચઢી આવ્યો. પણ આર્ય પુત્રે તેને મારી નાખ્યો. વજ્ર વેગનો પિતા અશનિવેગ પુત્રના વૈરનો બદલો લેવા આર્ય પુત્ર ઉપર ચઢી આવ્યો પણ ચંદ્રવેગ અને ભાનુવેગે આર્ય પુત્રને સહાય કરી. ભયંકર યુદ્ધ થયું. છેવટે આર્ય પુત્રે અશનિવેગના મસ્તકને છેદી નાખ્યું. ચંદ્રવેગ વગેરે વિદ્યાધરો આર્ય પુત્રને વૈતાઢયગિરિ ઉપર લઇ ગયા. અને વિદ્યાધરોના મહારાજા બનાવ્યા. મારા પિતા ચંદ્રવેગે મારી સાથે તમારા મિત્રને બીજી વિદ્યાધર પુત્રીઓ પરણાવી. આજે અમે ક્રીડા કરવા આર્ય પુત્ર સાથે અહિં આવ્યાં છીએ."

ચક્રિપણાનો અભિષેક

બકુલમતીએ સનત્કુમારનો વૃત્તાન્ત જણાવ્યા પછી, કુમાર મહેન્દ્રસિંહને વૈતાઢયગિરિ ઉપર લઈ ગયો. મહેન્દ્રસિંહ મિત્રની ઋદ્ધિ સિદ્ધિ જોઇ આનન્દ પામ્યો. પણ તેને તો સનત્કુમારને અશ્વસેન રાજા પાસે લઈ જવો હતો એટલે તેણે મિત્રને કહ્યું, "તમારા વિના તમારા માતા પિતા ઝૂરે છે." તત્કાળ સનત્કુમાર વિદ્યાધરો સાથે હસ્તિનાપુર ગયા અને પત્નીઓ અને પરિવાર સહિત માતા પિતાને પગે લાગ્યા. પુત્રની ઋદ્ધિ સિદ્ધિ જોઈ રાજા રાણી આનંદ પામ્યા. સનત્કુમારને રાજયનો ભાર સોંપી, અશ્વસેન રાજાએ દીક્ષા લીધી અને સ્વશ્રેય સાધ્યુ.

સનત્કુમારને અનુક્રમે ચૌદ મહા રત્નો પ્રાપ્ત થયાં. તેણે ચક્ર રત્નને અનુસારી ભરત ક્ષેત્રના છ ખંડ સાધ્યા અને નૈસર્પ વગેરે

નવનિધિ સાધ્યા. રાજાઓએ ચક્રીપણાનો અભિષેક કર્યો. દેવોએ પણ તેમાં ભાગ લીધો. નગરમાં બાર વર્ષ સુધી આ ઉત્સવ ચાલ્યો. સમગ્ર હસ્તિનાપુર બાર વર્ષ પર્યન્ત દંડ, દાણ અને રાજસુભટોના પ્રવેશથી રહિત રહ્યું. કર વગેરેથી જરા પણ નહિ પીડતા સનત્કુમારે પોતાની પ્રજાનું પિતાની જેમ પાલન કર્યું. આ ત્રણ જગતમાં તેના જેવો પ્રતાપવાન અને રૂપવંત બીજો કોઇ થયો નથી.

સનત્કુમારની દીક્ષા

એક દિવસ ઈન્દ્રે સનત્કુમારના રૂપની પ્રશંસા કરતાં કહ્યું, 'તેના જેવું રૂપ કે કાન્તિ દેવ કે મનુષ્યમાં નથી.' ઈન્દ્રના આ શબ્દો સાંભળી બે દેવ બ્રાહ્મણનું રૂપ ધરી સનત્કુમારને જોવા આવ્યા. સનત્કુમાર તે સમય સ્નાનની તૈયારી કરતા હતા. તેનું રૂપ દેખી દેવોએ માથું ધુણાવ્યું અને મનમાં કહ્યું, "ઈન્દ્ર કહેતા હતા તેવું જ રૂપ અને કાન્તિ છે." સનત્કુમારે બ્રાહ્મણોને કહ્યું, "મારૂં રૂપ નિહાળવા તમે રાજસભામાં આવજો. તે વખતે મેં આભૂષણો પહેર્યાં હશે." બ્રાહ્મણો સારૂં કહી રાજસભામાં આવ્યા. તેમણે સનત્કુમારને જોયો. જોતાં જ તેમનું મુખ પલટાયું. સનત્કુમારે ગર્વથી કહ્યું, "સ્નાનાગારમાં તમે મને જોયો હતો તેના કરતાં અત્યારે હું કેટલો સુંદર દેખાઉં છું." બ્રાહ્મણોએ કહ્યું, "મહારાજ! તે રૂપ તો ગયું અત્યારે તો આપ ઘણા કદરૂપા લાગો છો." સનત્કુમારે શરીર ઉપર હાથ ફેરવ્યો તો કાયા રોગોથી ગ્રસિત બની દુર્ગંધમય બની હતી. દેવોએ પોતાનું સ્વરૂપ જણાવ્યું અને કહ્યું, "ઇન્દ્રની પ્રશંસાથી અમે તમને નિરખવા અહિં આવ્યા હતા. પણ સ્નાનાગારનું રૂપ અત્યારે નથી." સનત્કુમાર સમજયો, "મારા રૂપને મારા અભિમાને ગ્રસિત કર્યું છે. હું મૂર્ખ, અનિત્ય દેહમાં મૂર્છિત થઇ ભાન ભૂલ્યો." ચક્રીને વૈરાગ્ય આવ્યો અને તેણે વિનયધર મુનિ પાસે દીક્ષા લીધી.

મૃત્યુ

સનત્કુમાર રાજર્ષિને રોગો એક પછી એક વધતા ગયા. પણ રોગને તે સમતા ભાવે સહન કરતા. રોગના પ્રતિકારની તેમની પાસે લબ્ધિ હતી. છતાં તેઓ દેહ પર નિર્મમપણું દાખવતા. રૂડી રીતે ચારિત્રપાળી, અન્તે અણસણ કરી સનત્કુમાર રાજર્ષિ દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયા.

# શ્રી શાન્તિનાથ ચરિત્ર

શાંતિં શાંતિ નિશાંતં
શાંતં શાંતા શિવં નમસ્કૃત્ય
સ્તોતુઃ શાન્તિ નિમિત્તં
મંત્રપદૈઃ શાન્તયે સ્તૌમિ

ભાવાર્થઃ- જેનામાં ઉપદ્રવો શાન્ત થયા છે, જે રાગદ્વેષ રહિત છે, જે શાન્તિના સ્થાન રૂપ છે અને જે સ્તુતિ કરનારની શાન્તિના કારણરૂપ છે એવા શ્રી શાન્તિનાથ પ્રભુને નમસ્કાર કરીને શાન્તિ માટે મંત્રોથી તેમની સ્તુતિ કરૂં છું.

ઓમિતિ નિશ્ચિત વચસે
નમો નમો ભગવતેઽર્હંતે પૂજામ્
શાન્તિજિનાય જયવતે
યશસ્વિને સ્વામિને દમિનામ્

સકલાતિશેષક મહા સંપત્તિ
સમન્વિતાય શસ્યાય
ત્રૈલોક્ય પૂજિતાય ચ
નમો નમઃ શાંતિ દેવાય

સર્વામર સુસમૂહ સ્વામિક
સંપૂજિતાય નિ (ન) જિતાય
ભુવન જન પાલનોધત-
તમાય સતતં નમસ્તમૈ
સર્વ દુરિતૌઘ નાશન કરાય
સર્વા શિવ પ્રશમનાય
દુષ્ટ ગ્રહ ભૂત પિશાચ
શાકિનીનાં પ્રમથનાય

ભાવાર્થ:-ૐ એ પ્રમાણેના નિશ્ચિત વચનવાળા, પૂજાને યોગ્ય, રાગદ્વેષને જીતનારા, યશસ્વી, મુનિઓના સ્વામી, સંપૂર્ણ ચોત્રીશ અતિશય રૂપ મોટી સંપદાવાળા, પ્રશંસવા યોગ્ય, ત્રણ લોકના જીવોથી પૂજિત, સર્વ દેવતાઓના સમૂહ અને તેમના સ્વામિ ચોસઠ ઈન્દ્રો વડે પૂજાયેલા, દેવતાઓ વડે પણ નહિ જીતાયેલા, ત્રણ ભુવનના લોકોનું પાલન કરવામાં ઘણા સાવધાન, સર્વ પાપના સમૂહનો નાશ કરનાર, સર્વ ઉપદ્રવો શાન્ત કરનાર, તથા ખરાબ ગ્રહ, ભૂત, પિશાચ અને શાકિનીઓનો નાશ કરનારા એવા શ્રી શાન્તિનાથ ભગવાનને, હંમેશાં, વારંવાર નમસ્કાર થાઓ.

સંતિકરં સંતિજિણં જગસરણં
જયસિરીઈ દાયારં
સમરામિ ભત્ત પાલગ
નિવ્વાણી ગરૂડકયસેવં

ભાવાર્થ:- શાન્તિના કરનાર, જગતને શરણભૂત, જયલક્ષ્મીના આપનાર, ભક્તને પાળનાર અને નિર્વાણી દેવી અને ગરૂડ નામના યક્ષે જેની સેવા કરી છે એવા શ્રી શાન્તિનાથ ભગવાનનું હું સ્મરણ કરું છું.

તંચ-જિણુત્તમ-મુત્તમ-નિત્તમ-સત્તધરં,
અજ્જવ-મદ્દવ-ખંતિ-વિમુત્તિ-
સમાહિનિહિં; સંતિકરં
પણમામિ દમુત્તમતિત્થયરં
સંતિમુણી મમ સંતિ સમાહિવરં ।દસઉ.

ભાવાર્થઃ-તે જિનને વિષે ઉત્તમ તથા પ્રધાન, અજ્ઞાનરહિત અને ભાવયશને ધરનારને, નિર્માયિકપણું, નિરંહકારતા, ક્ષમા. નિર્લોભતા અને સમાધિના સાગરને, શાંતિના કરનારને તથા ઇન્દ્રિયોને દમવા વડે કરી ઉત્તમ તથા તીર્થના કરનારને હું પ્રણામ કરૂં છું. શ્રી શાંતિનાથ મુનિ મને શાંતિ અને ઉત્તમ સમાધિ રૂપ વરદાન આપો.

તં સંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વ ભયા
સંતિ થુણામિ જિણં, સંતિ વિહેઉમે

ભાવાર્થ- જે થકી સર્વ ભયો નાશ પામ્યા છે. તે શાંતિરૂપ અને શાંતિના કરનાર શાંતિનાથ જિનેશ્વરની હું સ્તુતિ કરૂં છું. તે મને શાંતિ કરો.

તિત્થવરપવત્તયં તમરય રહિયં, ધીરજણ થુઅચ્ચિઅં
ચૂઅકલિ કલુસં; સંતિસુહ
પ્પવત્તયં તિગરણ પયઓ,
સંતિમહં મહામુણં સરણમુવણમે

ભાવાર્થ- ઉત્તમ જે તીર્થ તેના પ્રવર્તાવનાર, અજ્ઞાન અને કર્મ થકી રહિત, ધીર પુરૂષો વડે સ્તુતિ કરાયેલ તથા પુષ્પાદિકે પૂજા કરાયેલ, છોડયું છે કલહનું પાપ જેણે એવા, મોક્ષ સુખના કરનાર મહામુનિ શ્રી શાંતિનાથને શરણે હું, ત્રિકરણ શુધ્ધે, જાઉં છું.

તં મહામુનિ મહંપિ પંજલી
રાગદોસ ભય મોહ વજ્જિઅં
દેવદાણવનરિંદ વંદિઅં
સંતિમુત્તમં મહાતવં નમે

ભાવાર્થ—રાગ, દ્વેષ, ભય અને મોહ રહિત, દેવ, દાનવ અને નરેન્દ્રથી પૂજાયેલ (પૂજિત), મોટું છે તપ જેનું એવા મહામુનિ શાંતિનાથને હું પણ હાથ જોડીને નમસ્કાર કરૂં છું.

શ્રીમતે શાન્તિનાથાય નમઃ
શાન્તિ વિધાયિને
ત્રૈલોકયસ્યામરાધીશ.
મુકુટાભ્યર્ચિતાંઘ્રયે
શાન્તિઃ શાંતિકરઃ શ્રીમાન્ શાન્તિં
દિશતુ મે ગુરુઃ
શાંતિરેવ સદા તેષા, યેષાં
શાંતિર્ગૃહે ગૃહે
ઉન્મૃષ્ટ રિષ્ટ દુષ્ટ ગ્રહ ગતિ દુઃસ્વપ્નદુર્નિમિત્તાદિ
સંપાદિત હિત સંપન્નામ ગ્રહણં
જયતિ શાંતેઃ

ભાવાર્થઃ—જ્ઞાનાદિક લક્ષ્મીવાળા, ત્રણ લોકના પ્રાણીઓની શાન્તિને કરનારા, તથા ઇન્દ્રોએ મુકુટો વડે પૂજ્યા છે ચરણ જેમના એવા શ્રી શાન્તિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.

શાંતિ કરનાર, જ્ઞાન લક્ષ્મીવાળા અને તત્ત્વનો ઉપદેશ કરનાર શ્રી શાન્તિનાથ ભગવાન મને શાંતિ આપો. જેમના ઘરને વિષે શાંતિનાથની પૂજા થાય છે તે લોકના ઘેર હંમેશાં શાંતિ જ છે.

દૂર કર્યા છે ઉપદ્રવ, દુષ્ટ ગ્રહની ગતિ તથા ખરાબ સ્વપ્નાં જે દુઃખના હેતુ અપશુકન વગેરે છે તેને એવા તથા સંપાદિત કરી છે હિતની સંપત્તિ જેણે એવું શ્રી શાંતિનાથ ભગવાનનું નામ ગ્રહણ ઉત્કૃષ્ટ વર્તે છે.

સુધા સોદર વાગજ્યોત્સ્ના નિર્મલીકૃત દિઙ્મુખઃ
મૃગલક્ષ્મા તમઃશાન્ત્યૈ શાન્તિનાથ જિનોડ સ્તુવઃ

પોતાની અમૃત જેવી વાણી રૂપી ચંદ્રિકાથી જેણે દિશાઓના મુખ ભાગોને નિર્મળ કર્યો છે અને જેમને મૃગનું ચિહ્ન (લાંછન) છે એવા શ્રી શાન્તિનાથ જિનેશ્વર તમારા અજ્ઞાનની શાન્તિ માટે થાઓ.

## પૂર્વભવ

### પ્રથમ ભવ-શ્રીષેણ રાજા

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં રત્નપુર નામનું નગર હતું. ત્યાં શ્રીષેણ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને અભિનંદિતા અને શિખીનંદિતા (સિંહનંદિતા) નામે રાણીઓ હતી. એક નખત અભિનંદિતા રાણીએ રાત્રે સૂર્ય અને ચંદ્ર બન્નેને એકી સાથે સ્વપ્નમાં દીઠા. પૂર્ણ માસે અભિનંદિતાએ સૂર્ય ચંદ્ર સરખા બે પુત્રોને જન્મ આપ્યો. રાજાએ તેમનાં ઈન્દુષેણ અને બિંદુષેણ એવાં નામ પાડ્યાં. અનુક્રમે બાળકો વૃદ્ધિ પામ્યા અને શસ્ત્ર તથા શાસ્ત્ર કળામાં પ્રવીણ થયા.

આ અરસામાં ભરતક્ષેત્રમાં અચલપુર નામનું નગર હતું ત્યાં સાંગ ચતુર્વેદ ભણનાર અને સર્વદ્વીજોમાં શિરોમણિ ધરણીજટ નામે એક વિખ્યાત બ્રાહ્મણ રહેતો હતો. તેને યશોભદ્રા નામે એક પત્ની હતી. આની સાથે સંસાર સુખ ભોગવતાં ધરણીજટને નંદિભૂતિ

અને શિવભૂતિ નામે બે પુત્રો થયા. આ બ્રાહ્મણને ત્યાં કપિલા નામે એક દાસી હતી. તેની સાથે પણ તે બ્રાહ્મણ ઘણા કાળથી રતિક્રીડા કરતો હતો. સ્વચ્છંદે ક્રીડા કરતાં તે દુષ્ટદ્વીજને ક્રમે કરીને કપિલ નામે એક પુત્ર થયો.

ધરણીજટે યશોભદ્રાના બે પુત્રોને રહસ્ય સહિત સાંગવેદ ભણાવ્યા. અતિ બુદ્ધિમાન કપિલમાત્ર મૌનપણે સાંભળી સાંભળીને વેદસાગરનો પારગામી થયો.

કપિલ દાસીપુત્ર હતો તેથી લોકોને કે ધરણીજટને તેને માટે માન ન હતું; તેથી કપિલે અચલગ્રામ છોડયું અને પોતાના હાથે જનોઈ પહેરી રત્નપુર નગરમાં આવ્યો. આ નગરમાં સત્યકી નામનો ઉપાધ્યાય હતો. તેના સંપર્કમાં કપિલ આવ્યો. ઉપાધ્યાયે પોતાની સત્યભામા નામે પુત્રી કપિલને પરણાવી. કપિલ સત્યભામા સાથે સુખ ભોગવતો પોતાનો કાલ નિર્ગમન કરતો હતો. આ અરસામાં કપિલ અને સત્યભામાના સંસારમાં વિષકંટક ઊભું થયું.

એક વખત કપિલ વર્ષાઋતુમાં નાટક જોઈ મોડી રાત્રે ઘેર આવ્યો. રસ્તામાં કપડાં ન ભીંજાય તે માટે તેણે તેને બગલમાં રાખ્યાં પણ ઘર નજીક આવતાં તેણે વસ્ત્ર પહેરી લીધાં વરસાદથી ભીંજાયેલા પતિની ઠંડી દૂર કરવા સત્યભામા વસ્ત્રો લઈ સામી આવી. કપિલે કહ્યું, "મેં વિદ્યા પ્રયોગથી મુશળધાર વરસાદમાં પણ મારાં વસ્ત્રો કોરાં રાખ્યાં છે." સત્યભામા પંડિત પુત્રી હોવાથી કપિલને જોતાંજ સત્ય પરિસ્થિતિ સમજી ગઈ. તેનો સર્વ દેહ ભીંજાયેલો હતો. શરીરમાંથી પાણી ઝળતું હતું. પતિની મંત્રની વાત તેને ભોઈઆનતી છે અને તે અષનિઘોષ નામનો વિદ્યાધર ઉપાડી ગયો કોપાયમાનસ ન કરશો." એમ કહી તેમણે વિદ્યાના બળે પ્રતારણી

કપિલદાસી પુત્ર છે એમ જયારે ધરણીજટ પાસેથી જાણવા મળ્યું ત્યારે સત્યભામા રાજાને આશ્રમે ગઈ અને વિવિધ તપશ્ચર્યા કરી પોતાનું જીવન વ્યતીત કરવા લાગી.

આ અરસામાં કોશાંબીના બલરાજાએ પોતાની પુત્રી શ્રીકાન્તા શ્રીષેણના પુત્ર ઈન્દુષેણને આપી. શ્રીકાન્તાની સાથે આવેલ અનંગમતિકા નામની વેશ્યા માટે શ્રીષેણના બે કુમારો લડી પડયા. પુત્રોની આવી તુચ્છ વઢવાડ દેખી રાજા કંટાળી ગયો અને તેણે વિષમિશ્રિત પુષ્પ સુંઘી જીવનનો અંત આણ્યો. શ્રીષેણના મૃત્યુના સમાચાર સાંભળી શિખિનંદિતા, અભિનંદિતા અને સત્યભામા પણ વિષમિશ્રિત કમળ સુંઘી મૃત્યુ પામ્યા.

## બીજો ભવ–યુગલિક મનુષ્ય

શ્રીષેણ અને અભિનંદિતાએ ઉત્તર કુરૂક્ષેત્રમાં પુરૂષસ્ત્રીના એક યુગલરૂપે જન્મ લીધો અને શિખિનંદીતા અને સત્યભામાએ બીજા યુગલરૂપે જન્મ ધારણ કર્યો.

## ત્રીજો ભવ-સૌધર્મ દેવલોકમાં દેવ

નિષ્પાપ યુગલિક જીવનજીવી શ્રીષેણ વગેરે ચારે જીવો સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયાં.

## ચોથો ભવ-અમિતતેજ વિદ્યાધર

અમિતતેજનો જન્મ

ભરત ક્ષેત્રના વૈતાઢય પર્વત ઉપરના રથનુપુર ચક્રવાળ નામે નગરને વિષે અર્કકીર્તિ નામે વિદ્યાધરોનો રાજા હતો. તેને જ્યોતિર્માલા નામે રાણી હતી. શ્રીષેણ રાજાનો જીવ સૌધર્મ દેવલોકમાંથી

એક વિખ્યાત બ્રાહ્મણ રહેતો હતો. તેને યશોભદ્રા નામે એક પત્ની હતી. આની સાથે સંસાર સુખ ભોગવતાં ધરણીજટને નંદિભૂતિ

સત્યભામા (દાસીપુત્ર કપિલની પત્ની)નો જીવ અર્કકીર્તિ રાજાની પુત્રીપણે ઉત્પન્ન થયો. રાજાએ તેનું નામ સુતારા પાડ્યું.

શ્રીષેણ રાજાની રાણી અભિનંદિતાનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવની રાણી સ્વયં પ્રભાના પુત્ર પણે ઉત્પન્ન થયો. તેનું નામ વિજય પાડવામાં આવ્યું. શ્રીષેણ રાજાની બીજી રાણી શીખી નંદિતાનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવની પુત્રી પણે ઉત્પન્ન થયો. તેનું નામ જયોતિ-પ્રભા પાડવામાં આવ્યું.

દાસી પુત્ર કપિલનો જીવ અષનિઘોષ નામે વિદ્યાધરોનો રાજા થયો. એક વખત અર્કકીર્તિ પરિવાર સહિત ત્રિપૃષ્ઠ વાસુદેવનો મહેમાન થયો ત્યારે ત્રિપૃષ્ઠે પોતાની પુત્રી જયોતિ પ્રભાને અમિતેજ વેરે પરણાવી. (આમ પૂર્વભવના રાજા શ્રીષેણ અને રાણી શિખિ-નંદિતા આ ભવમાં પતિ પત્ની બન્યા) અને અર્કકીર્તિએ પોતાની પુત્રી સુતારા ત્રિપૃષ્ઠ વાસુદેવના પુત્ર વિજય વેરે પરણાવી (આમ શ્રીષેણની રાણી અભિનંદિતા અને દાસી પુત્ર કપિલની પત્ની સત્યભામા) આ ભવમાં પતિ પત્ની બન્યા).

-સુતારાનું હરણ

એક દિવસ અષનિઘોષ (દાસી પુત્ર કપિલનો જીવ) વિદ્યાધરે પ્રતારણી વિદ્યા વિકુર્વી એક મૃગ બનાવ્યો. વિજય તેને મારવા ગયો. તે વખતે તેણે સુતારા (પૂર્વ ભવની પત્ની સત્યભામા)નું હરણ કર્યું અને કૃત્રિમ સુતારા બનાવી મને સર્પે ડંશ દીધો છે' એવો કૃત્રિમ પોકાર કર્યો. થોડી વારમાં કૃત્રિમ સુતારા મરણ પામી. પત્નીના મૃત્યુનું દુઃખ ન સહન થવાથી વિજયે બળી મરવા ચિતા સળગાવી. તેવામાં બે વિદ્યાધરોએ આવીને વિજયને કહ્યું, " તમારી પત્ની ભાઈઓનન્તી છે અને તે અષનિઘોષ નામનો વિદ્યાધર ઉપાડી ગયો કોપાયમાનસ ન કરશો." એમ કહી તેમણે વિદ્યાના બળે પ્રતારણી

વિદ્યા નષ્ટ કરી એટલે કૃત્રિમ સુતારા અટ્ટહાસ્ય કરતી ચાલી ગઈ.

અષનિઘોષ વિદ્યાધરનું દુષ્કૃત્ય જયારે અમિતતેજના જાણવામાં આવ્યું ત્યારે તેણે વિજયને વિદ્યાધર સામે લડવા મોકલ્યો અને પોતે અષનિઘોષની વિદ્યાઓને છેદ કરનારી મહાજવાળા નામની વિદ્યા સાધવા હિમવંત ગયો.

વિજય અને અષનિઘોષ વચ્ચે યુદ્ધ

અહિં અષનિઘોષ અને વિજય વચ્ચે લડાઈ થઇ. યુદ્ધમાં શસ્ત્ર વડે વિજયે અષનિઘોષનું મસ્તક છેદી નાખ્યું. એટલે એકના બે અષનિઘોષ થયા. અને તે બેના મસ્તક છેદયાં એટલે ચાર અષનિઘોષ થયાં. એમ થોડીક વારમાં સેંકડો અષનિઘોષ થઈ ગયા. વિજય ગભરાવા લાગ્યો. તેવામાં અમિતતેજ વિદ્યા સાધી ત્યાં આવ્યો એટલે તેની મહાજવાળા વિદ્યાના પ્રભાવથી એક અષનિઘોષનાં સઘળાં રૂપ શાન્ત થઇ ગયાં અને તેની સેના નાસી ગઈ. અષનિઘોષ નાસીને બીકનો માર્યો બળદેવ મુનિના સમવસરણમાં જઈ બેઠો. આ સાંભળી અમિતતેજ પણ ત્યાં ગયો. ત્યાં મુનિના મુખથી પોતાનો પૂર્વભવ સાંભળી તથા પોતે ભવિષ્યમાં તીર્થંકર થશે એવું વચન સાંભળી અમિતતેજે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યા.

અમિતતેજ ની દીક્ષા

એક દિવસ અમિતતેજે ચારણ મુનિઓને પૂછયું, " મારૂં આયુષ્ય કેટલુ છે ? " મુનિઓએ જવાબ આપ્યો. "તમારૂં આયુષ હવે છવીસ દિવસ બાકી રહ્યું " આ સાંભળી અમિતતેજે વિજય સાથે દીક્ષા લીધી.

## પાંચમો ભવ-દશમા દેવલોકમાં દેવ

શ્રી વિજય અને અમિતતેજ મૃત્યુ પામી પ્રાણ્ત એક પત્ની દશમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં સુસ્થિતાવર્ત્ત અને નંદિભૂતિ

વિમાનના સ્વામી મણિચુલ અને દિવ્યચુલ નામે દેવતા થઇ સુખે રહેવા લાગ્યા.

## છઠ્ઠો ભવ-અપરાજિત બળદેવ

અપરાજિત બળદેવનો જન્મ

જંબુદ્વીપના રમણીય વિજયમાં શુભા નામની નગરીને વિષે સ્મિત સાગર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને વસુંધરા અને અનુદ્ધરા નામે બે રાણીઓ હતી. અમિતતેજનો જીવ દેવલોકથી ચ્યવી વસુંધરા રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તે સમયે સુખે સૂતેલા વસુંધરા માતાએ બળભદ્રના જન્મને સૂચવનારા ચાર મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણ સમયે વસુંધરા રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ તેનું નામ અપરાજિત પાડયું.

વાસુદેવનો રાજ્યાભિષેક

વિજયનો જીવ દેવલોકનાં સુખ ભોગવી અનુદ્ધરાની કુક્ષિને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. અનુદ્ધરા રાણીએ વાસુદેવના જન્મને સૂચવનારાં સાત મહા સ્વપ્ન મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણ માસે રાણીએ પુત્રને જન્મ આપ્યો. સ્મિત સાગર રાજાએ તેનું નામ અનન્તવીર્ય પાડયું. બન્ને પુત્ર મોટા થયા એટલે રાજાએ અનંત-વીર્યને ગાદીએ બેસાડી દીક્ષા લીધી.

નારદમુનિએ દમિતારિને ઉશ્કેર્યો

એક વખત અનંતવીર્ય વાસુદેવ અને અપરાજિત બળદેવ પોતાની બર્બરી અને કિરાતી નામે દાસીઓનું ઘણું સારૂં નાટક જોવામાં લીન થયા હતા ત્યારે કલહ જોવામાં કુતુહલવાળા ત્રિદંડી નારદઋષિ સભામાં આવ્યા. નાટક જોવામાં લીન હોવાથી તે બન્ને ભાઈઓને નારદના આગમનની ખબર પડી નહિ. આથી નારદઋષિ કોપાયમાન થઈ, તેમને કષ્ટ પમાડવાના ઇરાદાથી વૈતાઢય પર્વતના

દમિતારિ રાજા પાસે ગયા. ત્યાં જઈ તેમણે બર્બરી અને કિરાતીનાં વખાણ કરી તેમને મેળવવા દમિતારિ રાજાને ઉશ્કેર્યો. પ્રતિવાસુદેવ દમિતારિએ દૂત મોકલી દાસીઓને મોકલી દેવા કહેવરાવ્યું. થોડા દિવસમાં મોકલી દઈશું એમ વાયદો કરીને અનંતવીર્યે દૂતને પાછો કાઢયો. પછી દમિતારિ સાથે લડવા માટે વિદ્યાઓ સાધવાનો વિચાર કરવા લાગ્યા એટલામાં પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાઓ પ્રત્યક્ષ થઇ કહેવા લાગી કે અમે તમારે આધીન છીએ. વિદ્યાઓ પ્રાપ્ત થયા પછી બન્ને ભાઈઓએ દાસીઓને મોકલી નહી એટલે દમિતારિ રાજાએ ફરીથી દૂત મોકલ્યો ત્યારે વિદ્યાના બળથી બન્ને ભાઇઓ બે દાસીઓનું રૂપ કરી ત્યાં ગયા અને પોતાની કળાથી રાજાને તથા સર્વજનોને મોહ પમાડયો. રાજાએ અતિ પ્રસન્ન થઈ તેમને પોતાની કુંવરી કનકશ્રીને નાટયકળા શિખવવા રાખ્યા. એક દિવસ તે બન્ને જણે કનકશ્રી આગળ અનંતવીર્યના ઘણા વખાણ કર્યા. તેથી કનકશ્રી અનંતવીર્ય ઉપર પ્રબળ રાગવાળી થઈ. પરંતુ તેની ઈચ્છા પાર પડવી અશક્ય ધારી નિઃસાસો નાખ્યો એટલે બન્ને ભાઇઓ પોતાનું રૂપ પ્રગટ કરી કનકશ્રીને લઇ ચાલતા થયા. જતી વખતે રાજાને ખબર આપી કે અમે કનકશ્રીને લઇ જઈએ છીએ રાજા દમિતારિ સૈન્ય તૈયાર કરી તેમની પાછળ પડયો એટલે તેમને સાત દિવ્ય પ્રગટ થયાં. દારૂણ યુદ્ધ થયું; છેવટે પ્રતિવાસુદેવ

દમિતારિનુ મૃત્યુ

દમિતારિએ વાસુદેવ ઉપર ચક્ર છોડયું. તેનાથી અનંતવીર્ય વાસુદેવ ક્ષણવાર મૂર્છિત થયો. પણ થોડીવારમાં જ સાવધ થઈ તેજ ચક્રથી દમિતારિનું મસ્તક છેદી નાખ્યુ. પછી બન્ને ભાઇઓ પોતાના નગર તરફ આવવા નીકળ્યા. રસ્તામાં કીર્તિધર કેવળી નામના મુનિના સમવસરણમાં દેશના સાંભળવા બેઠા. દેશનાને અંતે

કનકશ્રીએ પોતાનો વૃત્તાંત પૂછયો. કેવળીએ તેને તેનો પૂર્વભવ કહ્યો. તે સાંભળી કનકશ્રીએ વૈરાગ્ય પામી દીક્ષા લેવાનો વિચાર જણાવ્યો. ઘેર આવી ઉત્સવપૂર્વક કનકશ્રીએ દીક્ષા લીધી અને અનેક પ્રકારે તપ કરી મોક્ષ પદ પામી.

અપરાજિતની દીક્ષા

સમ્યકત્વ વડે શોભતા અપરાજિત અને અનંતવીર્ય રાજ્ય પાળવા લાગ્યા. લાંબુ આયુષ્ય ભોગવી અનંતવીર્ય પહેલી નારકીએ ગયો. ભાઈનાં મરણથી દુઃખ પામી અપરાજિત બળદેવે પુત્રને રાજ્ય સોંપી, જયધર ગણદેવ પાસે દીક્ષા લીધી અને રૂડી રીતે પાળી.

## સાતમો ભવ-દેવલોકમાં દેવ

અન્તે અણસણ કરી, સમાધિપૂર્વક મૃત્યુ પામી અપરાજિત બળદેવ અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

## આઠમો ભવ-વજ્રાયુદ્ધ ચક્રવર્તી

આ જંબુદ્વીપના પૂર્વ મહાવિદેહના મંગલાવતી વિજયમાં રત્નસંચયા નામે નગરીમાં ક્ષેમકર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને રત્નમાળા નામે રાણી હતી અપરાજિત બળદેવનો જીવ અચ્યુત દેવલોકમાંથી ચ્યવી રત્નમાળાની કુક્ષિને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો સુખે સૂતલા રત્નમાળા રાણીએ ચૌદ મહાસ્વપ્ન અને પંદરમું વજ્ર મુખમાં પ્રવેશ કરતું જોયું. પૂર્ણ માસે રત્નમાળા માતાએ પુત્રને જન્મ આપ્યો. માતાએ સ્વપ્નમાં વજ્ર જોયુ હતું તેથી પુત્રનું નામ વજ્રાયુદ્ધ પાડયું. અનુક્રમે મોટો થયો ત્યારે તેને લક્ષ્મીવતી નામની રાજકન્યા સાથે પરણાવ્યો. અનંતવીર્ય વાસુદેવનો જીવ અચ્યુત દેવલોકથી ચ્યવી લક્ષ્મીવતીની કુક્ષિને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. પૂર્ણ માસે લક્ષ્મીવતીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. પિતાએ તેનુ નામ સહસ્રા

યુદ્ધ પાડયું. તેને મોટો થતાં કનકશ્રી નામે રાજકન્યા સાથે પરણાવ્યો; તેનાથી શતબાળ પુત્ર થયો.

વજ્રાયુદ્ધને ઉપસર્ગ

એક વખત વજ્રાયુદ્ધ વસંતક્રીડા માટે ઉદ્યાનમાં ગયા હતા. ત્યાં ક્રીડા કરતા હતા તેવામાં વિદ્યુદ્દંષ્ટ્ર નામે દેવ જે પૂર્વભવમાં દમિતારી રાજા હતો તેણે વૈરભાવથી વજ્રાયુદ્ધ ઉપર એક મોટો પર્વત નાખ્યો. વજ્રાયુદ્ધે તે પર્વત મુષ્ટિ વડે પકડી તેના ચૂરેચૂરા કરી નાખ્યા. તે વખતે શક્રેન્દ્ર મહાવિદેહ ક્ષેત્રના જિનેન્દ્રને નમી નંદીશ્વર દ્વીપની યાત્રા કરવા જતા હતા. તેમણે વજ્રાયુદ્ધને જોયા, "આ વજ્રાયુદ્ધ આ ભવમાં ચક્રવર્ત્તી અને આવતા ભવમાં શ્રી શાન્તિનાથ નામે સોળમાં તીર્થંકર થશે" એમ ધારી ઇંદ્રિ, તેમની પૂજા કરી, નંદીશ્વરદ્વીપે ગયો.

ક્ષેમકર રાજાને કેવળજ્ઞાન

ક્ષેમકર રાજાએ લોકાંતિક દેવતાની પ્રેરણાથી રાજ્યનો ભાર વજ્રા યુદ્ધને સોંપી, વાર્ષિક દાન આપી, દીક્ષા લીધી. અનુક્રમે કેવળ-જ્ઞાન પામી પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

વજ્રાયુદ્ધની દીક્ષા

અહીં વજ્રા યુદ્ધને આયુધ શાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. ચક્રની પાછળ ફરી વજ્રાયુદ્ધે છ ખંડ પૃથ્વી સાધી લીધી. એક દિવસ ક્ષેમકર પ્રભુ ચક્રીના ઉદ્યાનમાં સમો સર્યા. તેમની દેશના સાંભળી, વજ્રયુદ્ધે રાજ્યનો ભાર સહસ્રા યુદ્ધને સોંપી દીક્ષા લીધી. ત્યાંથી વિહાર કરી વજ્રયુદ્ધ મુનિ સિદ્ધિ પર્વત પર આવ્યા અને હું ઉપસર્ગો સહન કરીશ' એવી બુદ્ધિથી વિરોચન નામના બે સ્થંભ ઉપર વાર્ષિક પ્રતિમા ધારણ કરી.

હવે અશ્વગ્રીવ પ્રતિવાસુદેવના પુત્ર, મણિકુંભ અને મણિકેતુ, ચિરકાલ ભવાટવિમાં ભમી, અન્તે બાલ તપ કરી, અસુરકુમાર દેવતા થયા. તેઓ ફરતા ફરતા સિદ્ધિ પર્વત પર આવી ચડયા. વજ્રાયુદ્ધ મુનિને જોઇ, પૂર્વના અમિતતેજના ભવના વૈરથી, તે બન્ને ઉપદ્રવ કરવા લાગ્યા. સિંહ થઈ તેમનું શરીર ઉઝરડવા લાગ્યા. હાથી થઇ દંતુશળ વડે પ્રહાર કરવા લાગ્યા. સર્પ થઈ તેમના શરીરે વિંટાઈ કચરવા લાગ્યા. એવામાં ઇંદ્રિની તિલોત્તમા વગેરે દાસીઓ અરિહંતને વાંદવા જતી હતી તે મુનિને ઉપસર્ગ થતા જોઈ ત્યાં આવી એટલે અસુરકુમારો ત્યાંથી ક્ષોભ પામી નાસી ગયા.

સહસ્રાયુધ્ધે ઘણાં વર્ષ રાજ્યનું પાલન કરી પિહિતાશ્રવ નામના ગણધર પાસે દીક્ષા લીધી. અનુક્રમે વિહાર કરતાં બન્ને પિતા પુત્ર એકઠા થયા અને ઈષત પ્રાગભારૂ નામના ગિરિ ઉપર ગયા.

## નવમો ભવ-દેવ

ગિરિ ઉપર અણસણ કરી, આયુષ્ય પૂર્ણ થયે સમાધિપૂર્વક મરણ પામી વજ્રાયુદ્ધ મુનિ ત્રીજા ગ્રૈવેયક દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયા.

## દશમો ભવ-મેઘરથ રાજા

જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં પુષ્કળાવતી વિજયને વિષે પુંડરીકીણી નામે નગરી હતી. ત્યાં દશરથ નામે મહારથી રાજા રાજ્ય કરતો હતો તેને પ્રિયમતી અને મનોરમા નામે બે રાણીઓ હતી. વજ્રાયુદ્ધનો જીવ દેવલોકથી ચ્યવી પ્રિયમતીની કુક્ષિને વિષે પુત્ર પણે ઉત્પન્ન થયો. પૂર્ણમાસે પ્રિયમતીએ પુત્રરત્નને જન્મ આપ્યો. રાજાએ તેનું નામ મેઘરથ પાડયું. આ અરસામાં સહસ્રાયુદ્ધનો જીવ ગ્રૈવેયેક વિમાનથી ચ્યવી મનોરમાની કુક્ષિ વિષે પુત્રપણે ઉત્પન્ન

થયો. પૂર્ણ માસે મનોરમારાણીએ પુત્રને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ દઢરથ પાડયું. બંને બાંધવો ઉંમર લાયક થતા પિતાએ તેમને પરણાવ્યા.

લોકાંતિક દેવતાઓની પ્રેરણાથી ધનરથ રાજાએ રાજ્યનો ભાર મેઘરથને સોંપી દીક્ષા લીધી. અનુક્રમે કેવળજ્ઞાન પામી તીર્થ પ્રવર્તાવવા લાગ્યા. એક દિવસ મેઘરથ રાજા પોષધમાં બેઠા હતા તેવામાં ભયથી થર થર ધ્રૂજતું એક કબુતર રાજાના ખોળામાં આવી બેઠું એટલે રાજાએ તેને અભયવચન આપ્યું. એટલામાં તેની પાછળ પડેલું એક બાજપક્ષી આવી રાજાને કહેવા લાગ્યું, 'હે રાજા! મારૂં ભક્ષ્ય તમારી પાસે આવ્યું છે તેને છોડી દો' રાજાએ કહ્યું, "અરે મૂર્ખ પક્ષી! ક્ષણિક સુખ માટે જીવ હિંસા કરી શા માટે નરકમાં જવા ઇચ્છે છે?" ત્યારે પક્ષી બોલ્યો, "તમે કબુતરને બચાવો છો તો મને પણ ક્ષુધાથી બચાવો. હું માંસ વિના બીજું કંઈ ખાતો નથી." રાજાએ કહ્યું, "કબુતરને બદલે હું મારા દેહનું માંસ તને આપું છું". પછી ત્રાજવું મંગાવી રાજાએ એક પલ્લામાં પક્ષી મૂકયું અને બીજા પલ્લામાં પોતાનું માંસ કાપી કાપી મૂકવા માંડયું. જેમ જેમ માંસ કાપી મૂકવા માંડયું તેમ તેમ કબુતર તોલમાં વધવા લાગ્યું. એટલે રાજા પોતે ત્રાજવામાં બેઠો એટલે સર્વલોક હાહાકાર કરી કહેવા લાગ્યા, "હે પ્રભુ! તમે આ શું કરો છો? એક પક્ષીને માટે તમે આવો અમૂલ્ય દેહ ગુમાવો છો! અમને તો એમ લાગે છે કે આ પક્ષી કોઈ માયાવી દેવ હોવો જોઈએ કારણ કે કોઈ પણ પારેવું આટલું બધુ ભારે હોઇ શકે નહિ" એટલામાં તો તે પારેવામા અધિષ્ઠિત થયેલો દેવ પ્રત્યક્ષ થઇ કહેવા લાગ્યો, "હે રાજા! ઈશાનેંદ્રની સભામાં તમારી પ્રસંશા થતી હતી તે મારાથી સહન ન થઈ તેથી હું તમારી પરીક્ષા

કરવા આ પારેવાના રૂપમાં આવ્યો હતો. મારો અપરાધ ક્ષમા કરો. મેં ઈન્દ્રની પ્રશંસા કરતાં પણ આપનામાં અધિક સત્વ નિહાળ્યું". આ પ્રમાણે કહી દેવ સ્વસ્થાને ગયો. બીજે દિવસે રાજાએ પોષધ પાળ્યો.

મેઘરથ રાજાને પારેવાના દષ્ટાંતથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. પોતાના પુત્ર મેઘસેનને રાજ્ય આપી વ્રત અંગીકાર કર્યું.

## અગીયારમો ભવ–દેવ

મેઘરથ રાજર્ષિએ વીશસ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. અંતે મેઘરથ અને દઢરથ મુનિ શુદ્ધ ચારિત્ર પાળી, સર્વાર્થ સિદ્ધનામના અનુત્તર વિમાનમાં દેવ પણે ઉત્પન્ન થયા.

## બારમો ભવ–શ્રી શાન્તિનાથ ભગવાન અને શાન્તિનાથ ચક્રવર્તી

ચ્યવન

આ જંબુદ્રીપના ભરત ક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. તેમાં વિશ્વસેન નામનો પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેમને અચિરા નામની પતિપરાયણ રૂપ ગુણ સંપન્ન રાણી હતી. મેઘરથ રાજાનો જીવ સર્વાર્થ સિદ્ધ વિમાનમાંથી ચ્યવી, મહાવદ સાતમને દિવસે, ભરણી નક્ષત્રમાં, અચિરા રાણીની કુક્ષિમાં પુત્ર પણે ઉત્પન્ન થયો. સુખે સૂતેલાં અચિરા માતાએ તીર્થંકર અને ચક્રવર્તી બન્ને પદને ધારણ કરનાર પુત્રને જન્મને સૂચવનારાં ચૌદ મહા સ્વપ્ન જોયાં. રાણીએ શેષ રાત્રિ ધર્મ જાગરણમાં પસાર કરી. દેવોએ ચ્યવન કલ્યાણકનો મહોત્સવ કર્યો.

જન્મ

નવ માસ અને સાડા સાત દિવસ પૂર્ણ થયા બાદ, જેઠ વદ તેરસને દિવસે, ભરણી નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, અચિરા

રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. છપ્પન દિગકુમારિકા, ચોસઠ ઈંદ્રો અને અસંખ્ય દેવોએ જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવ્યો. વિશ્વસેન રાજાએ પણ નગરમાં પુત્ર જન્મ મહોત્સવ ઉજવ્યો. શુભ મુહુર્તે પિતાએ પુત્રનું નામ શાન્તિનાથ પાડયું, કારણકે પ્રભુ માતાની કુક્ષિમાં હતા ત્યારે દેશમાં વ્યાપેલ ઉપદ્રવ શાન્ત થયો હતો.

અનુક્રમે પ્રભુ યૌવન વય પામ્યા એટલે રાજાએ તેમને રાજ-કન્યાઓ પરણાવી. તેમની સાથે સુખ ભોગવવા પૂર્વક પોતાનો કાળ નિર્ગમન કરે છે તેવામાં યશોમતી રાણીની કુક્ષિમાં, દઢરથ રાજાનો જીવ પુત્ર પણે ઉત્પન્ન થયો. યશોમતિએ સ્વપ્નમાં ચક્ર દેખ્યું. આથી પુત્રનો જન્મ થતાં, સ્વપ્નને અનુસરી પુત્રનું નામ ચક્રાયુદ્ધ પાડયું.

શાન્તિનાથ ચક્રવતી

ભગવાન જયારે પાંચ હજાર વર્ષના થયા ત્યારે વિશ્વસેન રાજાએ તેમને રાજ્ય સોંપી દીક્ષા લીધી. પછી શાન્તિનાથ ભગવાને રાજયની લગામ હાથમાં લીધી અને પ્રજાને સુખ વૈભવ સાથે ધર્મ અને નીતિના માર્ગે દોરી. સમય જતાં એક વખત શાન્તિનાથ ભગવાનના શસ્ત્રાગારમાં ચક્ર રત્ન ઉત્પન્ન થયું. અને ત્યાર પછી બીજા તેર રત્નો તેમને પ્રાપ્ત થયાં. રત્નના પ્રભાવથી તેમણે છ ખંડ સાધી અને ચક્રી પદ મેળવી શાન્તિનાથ ચક્રવર્તી થયા. દેવોએ અને મુગટ બદ્ધ રાજાઓએ ચક્રવર્તીપણાનો અભિષેક કર્યો. શ્રી શાન્તિનાથ ચક્રવર્તી ચૌદ રત્ન, નવ મહાનિધિ, ચોરાશી લાખ હાથી, ચોરાસી લાખ ઘોડા, ચોરાસી હજાર રથ, છન્નુ કરોડ ગામ, છન્નુ કરોડ પાયદળ, બત્રીશ હજાર મુગટ બદ્ધ રાજા વગેરેના રાજા હતા.

દીક્ષા

લોકાન્તિક દેવોની પ્રેરણાથી પ્રભુએ વાર્ષિક દાન આપ્યું. પછી પોતાના પુત્ર ચક્રાયુદ્ધને રાજય સોંપી જેઠ વદ ચૌદશને દિવસે ભરણી નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, સહસ્રામ્રવન નામના

ઉદ્યાનમાં, એક હજાર રાજાઓની સાથે, દીક્ષા લીધી. છઠનુ પારણું પ્રભુએ, મંદિરપુરમાં, સુમિત્ર રાજાને ઘેર કર્યું.

એક વરસ સુધી વિહાર કરી પ્રભુ પાછા સહસ્રામ્રવન ઉદ્યાનમાં આવ્યા અને છઠ કરી, નંદી વૃક્ષ નીચે કાઉસગ ધ્યાને રહ્યા. શુકલ ધ્યાન દયાવતાં પ્રભુનાં ઘાતિકર્મ ક્ષય થઈ ગયા એટલે પોષ સુદ નોમે, ભરણી નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, પ્રભુને કેવળજ્ઞાન થયું દેવોએ સમવસરણ રચ્યું. તેમાં બેસી પ્રભુએ દેશના દીધી. દેશના સાંભળી ચક્રા યુધે પાંત્રીસ રાજાઓ સાથે દીક્ષા લીધી.

નિર્વાણ

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુ લગભગ પચીસ હજાર વર્ષ પૃથ્વી પર વિચર્યા. પછી પોતાનો નિર્વાણ કાળ સમીપ આવ્યો જાણી પ્રભુ સંમેતશિખર પધાર્યા. ત્યાં નવસો મુનિઓ સાથે એક માસનું અનસન કરી, જેઠ વદ તેરસને દિવસે, ભરણી નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, પ્રભુ મોક્ષ પદ પામ્યા. ઈન્દ્રોએ યથાવિધિ પ્રભુના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો અને નંદીશ્વર દ્વીપે જઈ, નિર્વાણ કલ્યાણક ઉજવી સ્વસ્થાને ગયા.

### શ્રી શાન્તિનાથ પ્રભુનો પરિવાર

શાન્તિનાથ પ્રભુને નીચેનો પરિવાર હતોઃ—

| | | |
|---|---|---|
| ગણધર | ૩૬ | છત્રીસ |
| સાધુ | ૬૨,૦૦૦ | બાસઠ હજાર |
| સાધ્વી | ૬૧,૬,૦૦ | એકસઠ હજાર છસો |
| ચૌદપૂર્વધર | ૦૦,૮૦૦ | આઠસો |
| અવધિજ્ઞાની | ૦૩,૦૦૦ | ત્રણ હજાર |
| મનઃપર્યવજ્ઞાની | ૦૪,૦૦૦ | ચાર હજાર |
| કેવળજ્ઞાની | ૪,૩૦૦ | ચાર હજાર ત્રણસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૦૬,૦૦૦ | છ હજાર |

| | | |
|---|---|---|
| વાદલબ્ધિવાળા | ૦૨,૪૦૦ | બે હજાર ચારસો |
| શ્રાવક | ૨,૯૦,૦૦૦ | બે લાખ નેવુ હજાર |
| શ્રાવિકા | ૩,૯૩,૦૦૦ | ત્રણ લાખ ત્રાણુ હજાર |

પ્રભુના તીર્થમાં ગરૂડ યક્ષ શાસન દેવ અને નિર્વાણી દેવી શાસન દેવતા થયાં.

# છઠ્ઠા ચક્રવર્તી અને સત્તરમા તીર્થંકર

# શ્રી કુંથુનાથ સ્વામી ચરિત્ર

શ્રી કુંથુનાથો ભગવાન્ સનાથોઽતિશયર્દ્ધિભિઃ
સુરા સુર નૃનાથાના–મેકનાથોઽસ્તુ વઃશ્રિયે

ચોત્રીશ અતિશયોની સમૃદ્ધિઓ વડે યુક્ત અને દેવ અસુર તથા મનુષ્યોના સ્વામીઓ ઇંદ્ર, ચક્રવર્તી વગેરેના અદ્વિતીય પતિ, શ્રી કુંથુનાથ ભગવાન તમને કલ્યાણ રૂપી લક્ષ્મીને અર્થે હો.

## પૂર્વભવ

### પહેલો ભવ–સિંહાવહ રાજા–બીજો ભવ–દેવ

આ જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં આવર્ત નામે વિજયમાં ખડ્ગી નામે એક નગરી હતી ત્યાં સિંહાવહ નામે રાજા રાજ્ય કરતો હતો તે ધર્મનો આધાર, પાપનો કુઠાર, ન્યાયનું કુળ ગૃહ અને સમૃદ્ધિઓની જન્મભૂમિ જેવો હતો. તેનું પ્રભુપણું ઈન્દ્ર જેવું હતું અને ઉત્સાહ વિષ્ણુના જેવો હતો. સમુદ્રની પેઠે તેની મર્યાદા ઉલ્લંઘન થતી ન હતી; પરંતુ એ શક્તિમાન રાજા સ્વયમેવ આ જગતને મર્યાદામાં રાખતો હતો. તે ધર્મને માટે જ પૃથ્વીનું રાજ્ય કરતો હતો, દ્રવ્યને માટે નહિ. અનાસક્તપણે ભોગ ભોગવતાં તેણે કેટલોક કાળ નિર્ગમન કર્યો. પછી સવરાચાર્ય પાસે દીક્ષા લીધી. વીસ

સ્થાનક તપનું આરાધન કરી સિંહાવહ રાજર્ષિએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

કાળયોગે મૃત્યુ પામી એ સમદષ્ટિ અને સમાધિસ્થ મહાશય સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં દેવતા થયા.

## ત્રીજો ભવ-શ્રી કુંથુનાથ ભગવાન

આ જંબુદ્રીપના ભરત ક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. ત્યાં શૂર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રીદેવી નામે રાણી હતી. આ શ્રીદેવીની કુક્ષિને વિષે, સિંહાવહ રાજાનો જીવ, અનુત્તર વિમાનમાંથી ચ્યવી, શ્રાવણ સુદ નોમને દિવસે, કૃતિકા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, પુત્રપણે ઉત્પન્ન થયો. સુખે સૂતેલાં શ્રીદેવી માતાએ ચૌદ મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં અને રાત્રિ ધર્મજાગરણમાં પસાર કરી. દેવોએ ચ્યવન કલ્યાણ મહોત્સવ ઉજવ્યો.

જન્મ

પૂર્ણ માસે શ્રી દેવીમાતાએ, વૈશાખ વદ ચૌદસે, કૃત્તિકા-નક્ષત્રમાં, છાગના લંછનવાળા અને સુવર્ણવર્ણવાળા પુત્રને જન્મ આપ્યો. છપ્પન દિગકુમારિકાઓ, ચોસઠ ઇન્દ્રો, અનેક દેવો અને શૂર રાજાએ જન્મ મહોત્સવ કર્યો. પ્રભુ માતાની કુક્ષિમા હતા ત્યારે શ્રીદેવી માતાએ કુન્થુ નામનો રત્ન રાશિ જોયો હતો તેથી પિતાએ, શુભ મુહુર્તે તેમનું 'કુન્થુનાથ' એવું નામ પાડયું. અનુક્રમે પ્રભુ યૌવન વય પામ્યા એટલે પિતાએ તેમને રાજકન્યાઓ પરણાવી.

કુંથુનાથ ચક્રવર્તી

પ્રભુ જયારે ત્રેવીસ હજાર અને સાડા સાતસો વર્ષના થયા ત્યારે પિતાએ તેમનો રાજયાભિષેક કર્યો. એક વખત આયુદ્ધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. પ્રભુએ ચક્રને અનુસરીને છ ખંડ સાધ્યા અને

ત્રેવીસ હજાર અને સાડા સાતસો વર્ષ ચક્રવતીનો વૈભવ ભોગવ્યો.

દીક્ષા

પછી લોકાંતિક દેવતાઓની પ્રેરણાથી વરસીદાન આપી પ્રભુએ વૈશાખ વદ પાંચમે, કૃત્તિકા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, સહસ્રામ્રવનમાં, એક હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. છઠનું પારણું પ્રભુએ ચક્રપુર નગરમાં વ્યાઘ્રસિંહ રાજાને ઘેર પરમાન્નથી કર્યું.

કેવળજ્ઞાન

ચક્રપુર નગરમાંથી વિહાર કરી, ફરતા ફરતા સોળ વર્ષે પ્રભુ પાછા સહસ્રામ્રવનમાં આવ્યા અને છઠ તપ કરી, તિલક વૃક્ષ નીચે કાઉસ્સગ ધ્યાને રહ્યા. શુકલ ધ્યાન વડે ઘાતી કર્મોનો ક્ષય થતાં ચૈત્ર સુદ ત્રીજને દિવસે, ચંદ્ર કૃત્તિકા નક્ષત્રમાં આવતાં, પ્રભુને કેવળજ્ઞાન થયું. દેવોએ આવી સમવસરણ રચ્યુ. પ્રભુએ પૂર્વદ્વારથી પ્રવેશી, સિંહાસન પર બેસી દેશના દીધી. દેશના બાદ કોઈએ શ્રાવકપણું તો કોઈએ સાધુપણું અંગીકાર કર્યું ગણધરોએ પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી. પ્રથમ પોરિસી પૂર્ણ થતા સ્વયંભૂ ગણધરે દેશના આપી. દેશના પૂર્ણ થતાં, દેવો અને લોકો પ્રભુને વાંદી સ્વસ્થાને ગયા.

નિર્વાણ

કેવળજ્ઞાન થયા પછી કુંથુનાથ પ્રભુએ તેવીસ હજાર સાતસો ને ચોત્રીસ વર્ષ સુધી પૃથ્વી તલ પર વિહાર કર્યો. પછી પોતાનો નિર્વાણ કાળ નજીક આવ્યો જાણી સમેત શિખર પધાર્યા અને એક હજાર મુનિઓ સાથે અણસણ વ્રતનો સ્વીકાર કર્યો. એક માસને અન્તે વૈશાખ વદ એકમના દિવસે, કૃત્તિકા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, હજાર મુનિઓ સાથે મુક્તિ પદ પામ્યા. દેવોએ

આચાર પ્રમાણે નિર્વાણ ઉત્સવ ઉજવ્યો.

### કુંથુનાથ પ્રભુનો પરિવાર

પૃથ્વી તલ પર વિહાર કરતા પ્રભુને નીચેનો પરિવાર થયો–

| | | |
|---|---|---|
| ગણધર | ૩૫ | પાંત્રીસ |
| સાધુ | ૬૦,૦૦૦ | સાઠ હજાર |
| સાધ્વી | ૬૦,૬૦૦ | સાઠ હજાર છસો |
| ચૌદ પૂર્વધારી | ૬૭૦ | છ સો સિત્તોર |
| અવધિજ્ઞાની | ૨,૫૦૦ | અઢી હજાર |
| મનઃપર્યવજ્ઞાની | ૩,૩૪૦ | ત્રણ હજાર ત્રણસો ચાલીસ |
| કેવળજ્ઞાની | ૩,૨૦૦ | ત્રણ હજાર બસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૫,૧૦૦ | પાંચ હજાર એકસો |
| વાદ લબ્ધિવાળા | ૨,૦૦૦ | બે હજાર |
| શ્રાવક | ૧,૭૯,૦૦૦ | એક લાખને અગ્ન્યાએંસી હજાર |
| શ્રાવિકા | ૩,૮૧,૦૦૦ | ત્રણ લાખ એકાસી હજાર |

ગંધર્વ યક્ષ અને બલા દેવી પ્રભુના શાસન દેવતા થયા

# સાતમા ચક્રવર્તી અને અઢારમા તીર્થંકર શ્રી અરનાથ સ્વામી ચરિત્ર

## પૂર્વભવ

### પ્રથમભવ–ધનપતિ રાજા બીજો ભવ–દેવ

આ જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં વત્સ નામે વિજયને વિષે સુસીમા નામે નગરી હતી. ત્યાં ધનપતિ નામે રાજા હતો. કેટલોક સમય રાજય કર્યા પછી તેણે સંવર મુનિ પાસે દીક્ષા લીધી. ધન-

પતિ રાજર્ષિએ તીવ્ર તપશ્ચર્યા કરી અને વીશ સ્થાનક તપ કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. કાળ યોગે મૃત્યુ પામી એ સમદષ્ટિ અને સમાધિસ્થ મહાશય નવમા દેવલોકમાં મહર્ધિક દેવપણે ઉત્પન્ન થયા.

## ત્રીજો ભવ–શ્રી અરનાથ ભગવાન

ચ્યવન

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિપુર નામે નગર હતું તેમાં સુદર્શન નામે રાજા રાજય કરતો હતો. તેને મહા દેવી નામે પત્તિપરાયણ રાણી હતી. ફાગણ સુદ બીજને દિવસે, રેવતી નક્ષત્રમાં ધનપતિ રાજાનો જીવ મહાદેવી રાણીની કુક્ષિ વિષે પુત્ર પણે અવતર્યો. સુખે સૂતેલાં મહાદેવી માતાએ ચૌદ મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતા જોયા અને રાત્રિ ધર્મ જાગરણમાં પસાર કરી આચાર પ્રમાણે દેવોએ ચ્યવન કલ્યાણક મહોત્સવ કર્યો.

જન્મ

પૂર્ણમાસે મહાદેવી માતાએ, માગશર સુદ દશમે રેવતી નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે નંદ્યા વર્તના લાંછનવાળા અને સુવર્ણ વર્ણવાળા પુત્રને જન્મ આપ્યો. છપ્પન દિગ કુમારિકાઓ, ચોસઠ ઇન્દ્રો, અસંખ્ય દેવતાઓ અને સુદર્શન રાજાએ જન્મ મહોત્સવ કર્યો. પિતાએ તેમનું નામ અરનાથ પાડયું પ્રભુ યૌવન વય પામ્યા એટલે પિતાએ તેમને રાજકન્યાઓ પરણાવી.

અરનાથ ચક્રવર્તી

પ્રભુ જ્યારે એકવીસ હજાર વર્ષના થયા ત્યારે સુદર્શન રાજાએ તેમને રાજયનો ભાર સોંપ્યો. એકવીસ હજાર વર્ષ પછી તેમના શસ્ત્રાગારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું અને પછી બીજાં પણ તેર રત્નો ઉત્પન્ન થયાં. આ રત્નોથી તેમણે છ ખંડ સાધ્યા. અને

ચક્રવર્તી પદ મેળવ્યું. દેવોએ અને માંડલિક રાજાઓએ ચક્રવર્તી-પણાનો મહોત્સવ કર્યો.

દીક્ષા

એકવીસ હજાર વર્ષ ચક્રવર્તીનો વૈભવ ભોગવ્યા પછી, લોકાન્તિક દેવોની "તીર્થ પ્રવર્તાવો" ની વિજ્ઞપ્તિથી વાર્ષિક દાન આપ્યું. સાંવત્સરિક દાનને અન્તે પોતાના કુંવર અરવિન્દને રાજ્ય સોંપી, વૈજયન્તી શિબિકામાં બેસી, સહસ્રામ્રવનમાં પધાર્યા અને છઠ કરી, માગશર સુદ અગિયારસને દિવસે, ચંદ્રનો યોગ રેવતી નક્ષત્રમાં હતો ત્યારે એક હજાર રાજાઓની સાથે, દીક્ષા ચંગીકાર કરી. દીક્ષાનું સહોદર હોય તેમ તુરત જ પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. છઠનું પારણું પ્રભુએ અપરાજિત રાજાને ઘેર પરમાન્નથી કર્યું. દેવોએ પંચ દિવ્ય પ્રગટ કર્યાં. પારણાના સ્થાને અપરાજિત રાજાએ રત્નપીઠની રચના કરાવી.

કેવળજ્ઞાન

ત્રણ વર્ષ વિહાર કરી પ્રભુ પાછા સહાસ્રામ્રવનમાં પધાર્યા અને આમ્રવૃક્ષ નીચે કાઉસ્સગ ધ્યાને રહ્યા. શુકલ ધ્યાનથી ઘાતી કર્મનો ક્ષય થયો એટલે પ્રભુને કારતક સુદ બારસને દિવસે રેવતી નક્ષત્રમાં કેવળજ્ઞાન થયું આચાર પ્રમાણે દેવોએ સમવસરણની રચના કરી. સિંહાસન ઉપર બેસી પ્રભુએ દેશના દીધી. દેશનાને અન્તે લોકોએ યથાશક્તિ વ્રત લીધાં.

નિર્વાણ

દીક્ષા લીધા પછી પ્રભુ એકવીસ હજાર વર્ષ પૃથ્વી પર વિચર્યા પછી પોતાનો નિર્વાણ કાળ નજીક જાણી સંમેત શિખર પધાર્યા અને હજાર મુનિઓ સાથે અણશણ લીધું. એક માસને અન્તે માગશર સુદ દશમને દિવસે રેવતી નક્ષત્રમા એક હજાર મુનિઓ સાથે મુક્તિ પદ પામ્યા. દેવોએ યથાવિધિ નિર્વાણોત્સવ ઉજવ્યો.

## શ્રી અરનાથ પ્રભુનો પરિવાર

અરનાથ પ્રભુને નીચેનો પરિવાર થયો :–

| | | |
|---|---|---|
| ગણધર | ૩૩ | તેત્રીસ |
| સાધુ | ૫૦,૦૦૦ | પચાસ હજાર |
| સાધ્વી | ૬૦,૦૦૦ | સાઠ હજાર |
| ચૌદ પૂર્વધારી | ૦૦૬,૧૦ | છશો દશ |
| અવધિજ્ઞાની | ૦૨,૬,૦૦ | બે હજાર છસો |
| મન:પર્યવજ્ઞાની | ૦૨,૫,૫૧ | પચીસોને એકાવન |
| કેવળજ્ઞાની | ૦૨,૮,૦૦ | બે હજારને આઠસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૦૭,૩,૦૦ | સાત હજારને ત્રણસો |
| વાદલબ્ધિવાળા | ૦૧,૬,૦૦ | એક હજારને છસો |
| શ્રાવક | ૧,૮૪,૦૦૦ | એક લાખ અને ચોરાશી હજાર |
| શ્રાવિકા | ૩,૭૨,૦૦૦ | ત્રણ લાખ અને બોતેર હજાર |

અરનાથ સ્વામીના શાસનમાં ષણ્મુખ નામે યક્ષ શાસન દેવ અને ધારિણી નામે યક્ષિણી શાસન દેવી થઈ.

## છઠ્ઠા આનંદ બલદેવ, છઠ્ઠા પુરૂષ પુંડરિક વાસુદેવ અને છઠ્ઠા બલ પ્રતિ વાસુદેવનું ચરિત્ર

### છઠ્ઠા બલદેવ છઠ્ઠા વાસુદેવ અને છઠ્ઠા પ્રતિ વાસુદેવના પૂર્વ ભવ

વિજયપુર નામના નગરમાં સુદર્શન નામનો રાજા હતો. કેટલોક વખત રાજ્ય કર્યા પછી તેણે દમધર મુનિ પાસે દીક્ષા લીધી. અને સમાધિ પૂર્વક મરણ પામી સહસ્રાર દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયો.

આ ભરત ક્ષેત્રમાં પોતનપુર નામના નગરમાં પ્રિય મિત્ર નામે રાજા હતો. સુકેતુ નામના વિદ્યાધરે તેની રાણીનું હરણ

કર્યું. આ પરાભવથી વૈરાગ્ય પામી પ્રિય મિત્રે વસુ ભૂતિ મુનિ પાસે દીક્ષા લીધી. અને રૂડી રીતે પાળી છતાં "સુકેતુનો વધ કરનાર થાઉં" એવું નિયાણું બાંધ્યું અન્તે એ નિયાણાની આલોચના કર્યા વગર અણસણ કરી મૃત્યુ પામી પ્રિયમિત્ર રાજર્ષિ મહેન્દ્રકલ્પમાં મહર્દ્ધિક દેવ થયો.

**છઠ્ઠા બલદેવ, છઠ્ઠો વાસુદેવ અને છઠ્ઠા પ્રતિ વાસુદેવની ઉત્પત્તિ – વાસુદેવ અને પ્રતિ વાસુદેવ વચ્ચે યુદ્ધ**

સુકેતુ કેટલાકે ભવ ભ્રમણ કરી બલિ નામે પ્રતિ વાસુદેવ થયો. તેની કાયા છવ્વીશ ધનુષ્યની હતી અને દેહનો વર્ણ કૃષ્ણ હતો.

આ અરસામાં જંબુદ્વીપના દક્ષિણ ભરતાર્ધમાં ચક્રપુર નગરમાં મહાશીલ નામે રાજા હતો. આ રાજાને વૈજયન્તી અને લક્ષ્મી નામની બે રાણીઓ હતી. સુદર્શન રાજર્ષિનો જીવ દેવલોકથી ચ્યવી વૈજયન્તી દેવીની કુક્ષિ વિષે પુત્ર પણે ઉત્પન્ન થયો. સુખે સૂતેલા વૈજયન્તી માતાએ બલદેવના જન્મને સૂચવનારાં ચાર મહા સ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં પૂર્ણ સમયે રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. મહાશીલ રાજાએ તેનું નામ આનંદ પાડ્યું. પ્રિયમિત્રનો જીવ ચોથા દેવલોકથી ચ્યવી લક્ષ્મીવતીની કુક્ષિમા પુત્ર પણે અવતર્યો. લક્ષ્મીવતીએ વાસુદેવના જન્મને સૂચવનારાં સાત મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં અને રાત ધર્મજાગરણમાં પસાર કરી પૂર્ણ સમયે લક્ષ્મીવતીએ પુત્રને જન્મ આપ્યો રાજાએ તેનું નામ પુરૂષ પુંડરિક પાડ્યું. બન્ને કુમારોમાં પરસ્પર ખૂબ પ્રેમ હતો.

વાસુદેવ અને પ્રતિ વાસુદેવ વચ્ચે યુદ્ધ

રાજેન્દ્રપુર નગરના ઉપેન્દ્રસેન નામના રાજાએ પોતાની પદ્મા

વતી નામની કન્યા પુંડરિક વાસુદેવને આપી. પણ આ વાત પ્રતિ વાસુદેવ બલિને ન ગમી તેથી તે કન્યાનું હરણ કરવા આવ્યો. આનંદ અને પુંડરિકે અન્યાયી બલિનો સામનો કર્યો. બલિ અને પુંડરિક વચ્ચે મહાન યુદ્ધ થયું વાસુદેવે શંખ ફૂંક્યો. એટલે બલિનું સૈન્ય હતાશ થયું. આથી બલિ જાતે લડવા આવ્યો. બલિના સર્વ શસ્ત્રો ખૂટી ગયાં એટલે તેણે પુંડરિક ઉપર ચક્ર ફેંક્યું પુંડરિકે તે જ ચક્ર હાથમાં લઈ બલિ ઉપર ફેંક્યું. ચક્રે બલિનું મસ્તક છેદી નાખ્યું બલિનું સર્વ સૈન્ય પુંડરિકને શરણે આવ્યું.

વાસુદેવનું મૃત્યુ

પુંડરિકે ત્રણ ખંડ સાધ્યા કોટિશીલા ઉપાડી અને વાસુદેવ થયો. જયારે તે નગરમાં પાછો ફર્યો ત્યારે માંડલિક રાજાઓએ તેનો અર્ધચક્રી પણાનો અભિષેક કર્યો. પાંસઠ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી વાસુદેવ છઠ્ઠી નરકે ગયો.

વાસુદેવના મૃત્યુ પછી આનંદ બલભદ્રે કેટલોક કાળ વ્યતીત કર્યો. પણ તેને કાંઇ પણ ચેન પડયું નહિ આથી તેણે સુમિત્ર મુનિ પાસે દીક્ષા લીધી. રૂડી રીતે ચારિત્ર પાળી, કેવળજ્ઞાન પામી, આનંદ બલદેવ મોક્ષપદ પામ્યા.

## અરનાથ પ્રભુના તીર્થમાં થયેલા આઠમા શ્રી સુભૂમ ચક્રવર્ત્તી ચરિત્ર–પૂર્વભવ

આ ભરત ક્ષેત્રમાં વિશાલ નામે નગર હતું. ત્યાં ભૂપાલ નામે રાજા રાજય કરતો હતો. એક વખતે ઘણા શત્રુઓએ સાથે મળી તેને હરાવ્યો. આથી વૈરાગ્ય પામી ભૂપાલે સંભૂતિ મુનિ પાસે દીક્ષા લીધી અને તીવ્ર તપશ્ચર્યા કરી. તપતપતાં છતાં શત્રુઓના હાથે મળેલા પરાજયનું દુઃખ નહિ વિસરાયું હોવાથી તેણે નિયાણું બાંધ્યું કે "હું આ તપના પ્રભાવથી મહા ભોગને ભોગવનાર

મહારાજવી થાઉં" આ પાપને આલોચ્યા વિના ભૂપાલ રાજર્ષિ મૃત્યુ પામી મહાશુક્ર લોકમાં દેવ પણે ઉત્પન્ન થયા.

## પરશુરામ ચરિત્ર

વસંતપુરમાં અગ્નિક નામે એક દુઃખિયારો છોકરો હતો. તેના જન્મ પછી વંશના બધા માણસો નાશ પામ્યા. તે ફરતો ફરતો એક ઋષિના આશ્રમે આવી ચઢયો. આશ્રમના કુલ પતિ ચળ ઋષિએ તેને પુત્ર તરીકે રાખ્યો તેથી તેનુ નામ લોકમાં જમદગ્નિ પડયું, આ જમદગ્નિ તીવ્ર તપશ્ચર્યા કરતો હતો તેથી તે અગ્નિનાજેવો દુઃસહ તેજવાળો થયો અને લોકમાં અતિ પ્રસિદ્ધિ પામ્યો.

જમદગ્નિ નેમિકોષ્ટક નગરના જિતશત્રુ રાજાની કુંવરી રેણું-કાને પરણ્યો હતો. ઋતુકાળને પામેલી રેણુંકાને જમદગ્નિએ કહ્યું. "હું અજોડ બ્રાહ્મણ પુત્ર પ્રાપ્તિ માટે ચરૂમંત્ર સાધુ છું" રેણુંકાએ કહ્યું. "બ્રાહ્મણ ચરૂમંત્ર સાથે, મારી બહેન જે હસ્તિનાપુરના રાજા અનંતવીર્યની રાણી છે, તેને માટે ક્ષત્રિય ચરૂમંત્ર પણ સાધજો" મુનિએ 'સારૂ' કહી બન્ને ચરૂ સાધ્યા અને રેણુકાને આપ્યા રેણુકાએ વિચાર કર્યો, "બ્રાહ્મણ ચરૂ કરતાં ક્ષત્રિય ચરૂ હું જ ખાઉ" એમ વિચારી તેણે પોતે ક્ષત્રિય ચરૂ ખાધો અને બ્રાહ્મણ ચરૂ તેની બહેનને આપ્યો પછી રેણુકાને રામ નામે પુત્ર થયો. અને તેની બહેનને કૃતવીર્ય નામે પુત્ર જન્મ્યો. એક વખત અતિસાર રોગથી પીડાતા વિદ્યાધરને રામે ઔષધોપચારથી સાજો કર્યો તેથી તેણે રામને પરશુ વિદ્યા આપી. આ વિદ્યાની સાધનાથી રામ પરશુરામ કહેવાયો.

એક વખત રેણુકા પોતાની બહેનને ત્યાં ગઈ. રાજા અનંત-વીર્ય તેને જોઇ આસક્ત બન્યો અને અનંતવીર્યથી રેણુકાને એક પુત્ર થયો. સમય જતાં જમદગ્નિ પુત્ર સહિત રેણુકાને પોતાના

આશ્રમે તેડી લાવ્યો. આ જોઈ પરશુરામ કોપાયમાન થયો. અને તેણે પરશુ વડે માતા અને પુત્રને મારી નાખ્યાં. અનંતવીર્યે જયારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તે તુરત ત્યાં આવ્યો અને જમદગ્નિના આશ્રમનો નાશ કર્યો. મુનિઓનો કોલાહલ સાંભળી પરશુરામ પરશુ સહિત દોડી આવ્યો. અને તેણે અનંતવીર્યને મારી નાખ્યો.

## સુભૂમ ચક્રવર્ત્તી

અનંતવીર્યના મૃત્યુ પછી પ્રધાનોએ કૃતવીર્યને ગાદી ઉપર બેસાડયો. તેને તારા નામે રાણી હતી. તેની કુક્ષિને વિષે ભૂપાલ રાજાનો જીવ મહાશુક્ર દેવલોકમાંથી ચ્યવી અવતર્યો. પિતાના મૃત્યુના સમાચાર સાંભળી કૃતવીર્ય ફરી તાપસોના આશ્રમે આવ્યો તેણે જમદગ્નિને મારી નાખ્યો. આ સાંભળી પરશુરામે કૃતવીર્ય વગેરે તમામ ક્ષત્રિયોને મારી નાખ્યા. ગર્ભવતી તારા છૂપી રીતે ઋષિ-ઓના આશ્રમમાં ગઇ અને ત્યાં ચક્રવર્ત્તી પુત્રને જન્મ આપ્યો. ભૂમિગૃહમાં જન્મ થયેલો હોવાથી તેનું સુભૂમ એવું નામ પાડયું.

પરશુરામે ઘણા ક્ષત્રિયોને મારી નાખ્યા. પણ તેને હજી ભય મટયો ન હતો. તેણે કોઈ નિમિત્તિયાને પૂછ્યું. "મારો કોઈ પરાભવ કરી શકશે?" નિમિત્તિયાએ કહ્યું, "જે સિંહાસન ઉપર બેસી, ક્ષત્રિયોની દાઢાનો જે થાળ ભર્યો છે તેને ક્ષીર રૂપ બનાવી પી જશે તે તમારો પરાભવ કરશે." પરશુરામે દાન શાળાઓ ખોલી તેની આગળ સિંહાસન પધરાવ્યું. અને તેની ઉપર દાઢાનો થાળ મૂકયો.

આ તરફ સુભૂમ ભૂમિગૃહમાં મોટો થયો. નિમિત્તિયાના વચનથી મેઘનાદ વિદ્યાધરે પોતાની કન્યા પરણાવી. એક વખતે સુભૂમે માતાને પૂછ્યું. "આ લોક આટલે જ છે કે કેમ?" માતાએ પોતાની બધી પૂર્વ ઘટના કહી અને પરશુરામે પૃથ્વીને

ક્ષત્રિય વગરની કરી છે તે સમાચાર જણાવ્યા. સુભૂમ ભોંયરામાંથી બહાર નીકળ્યો. દાન શાળાએ જઈ સિંહાસન પર બેસી તત્કાળ ક્ષીર રૂપ થયેલા દાઢાનો થાળ પી ગયો. પરશુરામ પરશુ સાથે આવ્યો અને સુભૂમ ઉપર પરશુ મૂકી; પણ તે પરશુ પાણીમાં તણખો બુઝાય તેમ બુઝાઈ ગઈ. સુભૂમ પાસે કશું સસ્ત્ર ન હોવાથી તેણે દાઢાના થાળને પરશુ રામ તરફ ફેંક્યો. દૈવી પ્રભાવથી થાળ ચક્રરૂપ બન્યો અને પરશુરામનું મસ્તક છેદી નાખ્યું. પરશુરામે સાતવાર પૃથ્વી નિક્ષત્રીય કરી હતી. તેનું વેર સુભૂમે પૃથ્વી એકવીસવાર નિબ્રાહ્મણી કરી લીધું.

આ પછી સુભૂમે છ ખંડ સાધ્યા. રાજાઓ તથા દેવોએ તેને ચક્રીપદ પર આરૂઢ કર્યો. કાળયોગે મૃત્યુ પામી, સુભૂમ સાતમી નરકે ગયો.

## શ્રી અરનાથ પ્રભુના તીર્થમાં થયેલ સાતમા નંદન બલભદ્ર સાતમા દત્તવાસુદેવ અને સાતમા પ્રલ્હાદ પ્રતિ વાસુદેવ ચરિત્ર

### પૂર્વભવ

આ જંબુદ્વીપના પૂર્વ વિદેહ ક્ષેત્રમાં સુસીમા નામે નગરીમાં વસુંધર નામે રાજા હતો. તેણે લાંબો સમય રાજય કરી સુધર્મ મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી. અન્તે રૂડી રીતે ચારિત્ર પાળી બ્રહ્મલોકમાં દેવ પણે ઉત્પન્ન થયો.

આ જંબુદ્વીપના દક્ષિણ ભરતાર્ધમાં શીલપુર નામે નગર હતું. તેમાં મંદરધીર નામે રાજા હતો. તેને લલિતમિત્ર નામે પુત્ર હતો. રાજાના ખલનામના મંત્રીએ, કુમાર લલિત મિત્ર સબંધી આડું અવળું ભરાવી, રાજાના નાના ભાઈને યુવરાજ બનાવ્યો. આ પરાભવથી લલિત મિત્રને વૈરાગ્ય આવ્યો અને તેણે ઘોષસેન (બોધસેન)

મુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. લલિત મિત્રે તીવ્ર તપશ્ચર્યા કરી, પણ નિયાણું કર્યું કે "આ તપના પ્રભાવથી હું ખલ મંત્રીનો વધ કરનાર થાઉં." અન્તે, નિયાણાની આલોચના લીધા વગર મૃત્યુ પામી, લલિત મિત્ર સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

## પ્રતિ વાસુદેવ વાસુદેવ અને બલભદ્રની ઉત્પત્તિ વાસુદેવ અને પ્રતિ વાસુદેવ વચ્ચે યુદ્ધ

લાંબો સમય ભવાટવીમાં ભ્રમણ કરી, ખલ મંત્રીનો જીવ તિલકપુર નામના નગરમાં વિદ્યાધરોના ઇંદ્ર પ્રલ્હાદ નામે પ્રતિ વાસુદેવ થયો.

આ જંબુદ્વીપના ભરતાર્ધમાં વારાણસી નામે નગરીમાં અગ્નિસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને જયન્તી અને શેષવતી નામે બે રાણીઓ હતી. વસુંધર રાજાનો જીવ દેવલોકમાંથી ચ્યવી જયન્તીની કુક્ષિને વિષે પુત્ર પણે ઉત્પન્ન થયો. જયન્તી માતાએ બલભદ્રના જન્મને સૂચવતાં ચાર મહા સ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં, અને રાત્રિ ધર્મ જાગરણમાં પસાર કરી. પૂર્ણ સમયે જયન્તી રાણીએ પુત્રને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ નંદન પાડયું.

લલિત મિત્રનો જીવ દેવલોકથી ચ્યવી શેષવતી રાણીની કુક્ષિને વિષે પુત્ર પણે અવતર્યો. શેષવતી માતાએ વાસુદેવના જન્મને સૂચવનારાં સાત મહા સ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં અને શેષ રાત્રિ ધર્મ જાગરણમાં પસાર કરી. પૂર્ણ માસે શેષવતીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. અગ્નિસિંહે તેનું નામ દત્ત પાડયું.

એક વખત પ્રલ્હાદ પ્રતિ વાસુદેવે નંદન અને દત્તની પાસે ઐરાવણ જેવો હાથી છે એવું સાંભળી તેની માગણી કરી. તેમણે તેને આપ્યો. એટલે પ્રલ્હાદે નંદ અને દત્ત ઉપર ચઢાઈ કરી. પરસ્પર યુદ્ધ થયું. વાસુદેવે શંખ ફૂંકયો. એટલે પ્રલ્હાદનું સૈન્ય

હતાશ થયું. સર્વ શસ્ત્રાસ્ત્ર ખૂટતાં પ્રલ્હાદે દત્ત ઉપર ચક્ર છોડયું. દત્તે તે ચક્ર પ્રતિ વાસુદેવ ઉપર છોડયું. પ્રતિવાસુદેવનું મસ્તક છેદાઈ ગયું. તેનું લશ્કર વાસુદેવના શરણે આવ્યું પછી વાસુદેવે ત્રણ ખંડ સાધ્યા કોટિશીલા ઉપાડી અને આ ભરત ક્ષેત્રના સાતમા વાસુદેવ થયા. અન્તે પાપ કર્મ ઉપાર્જી પાંચમી નરકે ગયા.

દત્ત વાસુદેવના મૃત્યુ પછી, નંદન બલદેવને ચેન પડયું નહિ. તેમણે દીક્ષા લીધી અને તીવ્રતપ તપી, કેવળજ્ઞાન પામી, મોક્ષપદ પામ્યા.

# શ્રી મલ્લિનાથ ચરિત્ર

સુરાસુરનરાધીશ મયૂર નવ વારિદં
કર્મ દ્રૂન્મૂલને હસ્તી, મલ્લં મલ્લિમભિસ્તુમ:

દેવ, અસુર અને મનુષ્યના પતિ એવા ઇંદ્ર ચક્રવર્ત્તી આદિ રૂપી મયૂરોને ઉલ્લાસ કરવામાં નવીન મેઘ સમાન અને કર્મરૂપી વૃક્ષને ઉખેડી નાખવામાં ઐરાવત હસ્તી જેવા "શ્રી મલ્લિ નાથ"ની અમે સ્તુતિ કરીએ છીએ.

## પૂર્વભવ

### પહેલો ભવ - મહાબલ રાજા બીજો ભવ - દેવ

જંબુદ્વીપના અપર વિદેહમાં સલિલાવતી વિજયને વિષે વીતશોકા નામે નગરી હતી. તેમાં બલ નામે રાજા રાજય કરતો હતો. તે રાજાને ધારણી નામે રાણીથી મહાબલ નામે પુત્ર થયો. તે મહાબલને અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રવણ અને અભિચંદ્રએ છ રાજાઓ મિત્ર હતા. એક વખત તે મહાબલને દીક્ષા લેવાની ઇચ્છા થઈ. તે વાત પોતાના મિત્રોને કરતાં, અરસપરસ સ્નેહને

લીધે, તેના છ મિત્રોએ પણ દીક્ષા લીધી. તે સાતે મહાત્માઓની એવી પ્રતિજ્ઞા હતી કે આપણામાંથી જો કોઈ એક તપસ્યા કરે તો તે પ્રમાણે સર્વેએ કરવી પરન્તુ તેમાં મહાબલ, સર્વથી પોતાને અધિક ફળ મળે એવી ઇચ્છાથી, આજ મારૂં મસ્તક દુઃખે છે. આજે પેટમાં પીડા થાય છે, એવાં ખોટાં બહાનાં બતાવી, પારણાને દિવસે આહાર નહીં કરતાં, અધિક તપશ્ચર્યા કરવા લાગ્યા. આવા તેમના માયામિશ્ર તપ કરવા વડે સ્ત્રીવેદ, અને અર્હદ્ ભક્તિ વગેરે સ્થાનકોના આરાધન વડે મહાબલે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

ચોરાસી હજાર વર્ષ સુધી વ્રત પાળી, તે મહામુનિઓ વૈજયંત નામે અનુતર વિમાનમાં દેવતા થયા.

## ત્રીજો ભવ – શ્રી મલ્લિનાથ ભગવાન

ચ્યવન

આ જંબુદ્વીપને વિષે દક્ષિણ ભરતાર્ધમાં મિથિલા નામે નગરી હતી. તેમાં કુંભ નામે રાજા રાજય કરતો હતો. તેને પ્રભાવતી નામે રાણી હતી, દેવલોકમાંથી ચ્યવી, મહાબલ રાજર્ષિનો જીવ, ફાગણ સુદ ચોથને દિવસે, અશ્વિની નક્ષત્રમાં પ્રભાવતીની કુક્ષિને વિષે પુત્રી પણે અવતર્યો. સુખે સૂતેલાં પ્રભાવતી દેવીએ ચૌદ મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. અને શેષ રાત્રિ ધર્મ જાગરણમાં પસાર કરી. દેવોએ ચ્યવન કલ્યાણક ઉત્સવ ઉજવ્યો.

જન્મ

પૂર્ણ માસે પ્રભાવતી માતાએ, ફાગણ સુદ ચોથને દિવસે, ચંદ્રનો યોગ અશ્વિની નક્ષત્રમા હતો ત્યારે કુંભના લંછન સહિત નીલવર્ણી પુત્રીને જન્મ આપ્યો. પ્રભુ જયારે માતાની કુક્ષિમાં હતા ત્યારે તેમની માતાને ફુલની માળાની શૈયામાં સુવાનો દોહદ થયો હતો. તેથી પિતાએ તેનું મલ્લિકુમારી નામ પાડયું.

મલ્લિકુમારીના પૂર્વભવના મિત્રો

મલ્લિકુમારીના પૂર્વભવના મિત્ર અચળનો જીવ સાકેળપુર નગરમાં પ્રતિ બુદ્ધિનામે રાજા થયો.ધરણનો જીવ ચંપાપુરીમાં ચંદ્રછાય નામે રાજા થયો. પૂરણનો જીવ શ્રાવસ્તી નગરીમાં રૂકમી નામે રાજા થયો. વસુનો જીવ વારાણસી નગરીમાં શંખ નામે રાજા થયો. અભિચંદ્રનો જીવ કાંપિલપુર નગરીમાં જિતશત્રુ નામે રાજા થયો. હવે તે છએ રાજાઓએ પૂર્વભવના સ્નેહને લીધે મલ્લિકુમારીના રૂપથી મોહિત થઈ, તેને પરણવા સારૂ કુંભરાજા પાસે પોત પોતાના દૂત મોકલ્યા.

અહીં, મલ્લિકુમારિએ પોતાના પૂર્વભવના છ મિત્ર રાજાઓને અશોક વાડીમાં બોધ થવાનો છે એવું અવધિજ્ઞાનથી જાણી, તે વાડીની અંદર, મહેલના ઓરડાની મધ્યમાં મનોહર રત્નપીઠ ઉપર પોતાની સુવર્ણમય શુશોભિત પ્રતિમા કરાવીને સ્થાપન કરી તેના મસ્તક ઉપર સુવર્ણમય કમળનું ઢાંકણું કર્યું. તે ઢાંકણા વાટે દરરોજ તેમાં આહારનો એક એક કોળિયો નાખવા લાગ્યા.

મલ્લિકુમારીએ પોતાના ઉપર આસકતા થયેલા છ રાજાઓનો આપેલ બોધ

હવે તે છએ રાજાઓના આવેલા દૂતોને કુંભરાજાએ તિરસ્કાર કરી કાઢી મૂકયા. તેથી તે સર્વે પોતાનું લશ્કર લઇ, મિથિલાપુરી ઉપર ચઢી આવ્યા આથી કુંભ રાજા ચિંતાતુર થયા. મલ્લિકુમારીએ પિતાને કહ્યું. "તમે ચિંતા કરશો નહીં તે રાજાઓને કહેવરાવો કે તમે દરેક જણ મલ્લિકુમારીને ઓરડે આવજો" કુંભરાજાએ તે પ્રમાણે ગોઠવણ કરી એટલે રાજાઓ આવીને ત્યાં હાજર થયા. પછી તે બધા રાજાઓને કોઈ કોઈને જોઇ ન શકે એવી રીતે બેસાડયા. પછી તુરતજ સુવર્ણ પ્રતિમાના મસ્તક ઉપરનું ઢાંકણું ઉગાડયું. એટલે તેમાં નાંખેલું અનાજ કોહો જવાથી તેની દુર્ગંધ બધા ઓરડામાં ફેલાઈ એટલે તે બધા નાસિકાએ વસ્ત્ર ઢાંકી

અવળું મોં કરી બેઠા પછી મલ્લિકુમારિએ કહ્યું. "હે રાજાઓ! આ પ્રતિમા તો સુવર્ણની છે. પણ તે પ્રતિદિન આહારનો એક કોળિયો ખાય છે. તેથી તેની આવી ગંધ આવે છે. એક એક કવળના આહારની દુર્ગંધ સહન નથી કરી શકતા તો આ શરીર તો રૂધિર, માંસ, વિષ્ટા વગેરેથી ભરેલું છે તો તેની દુર્ગંધ કેવી રીતે સહન કરશો? વિવેકી પુરૂષો તો આવા શરીર ઉપર મોહ કરતા નથી, વળી તમે આજથી ત્રીજે ભવે મારી સાથે દીક્ષા લઈ તપ કર્યો હતો તે કેમ સંભારતા નથી?" આવાં મલ્લિકુમારીનાં વચન સાંભળી તેઓને જાતિ સ્મરણ જ્ઞાન થયું. અને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. તેઓ કહેવા લાગ્યા, "હે પ્રભુ? તમે અમને દુર્ગતિમાં પડતા બચાવ્યા. હવે અમને માર્ગદર્શન આપો." "સમય આવે ત્યારે દીક્ષા લેજો," એમ કહી મલ્લિકુમારીએ તેમને વિદાય કર્યા.

દીક્ષા અને કેવળજ્ઞાન

તુરત લોકાન્તિકદેવોએ આવી પ્રભુને કહ્યું, "તીર્થં પ્રવર્તાવો" દેવોએ વસુ વૃષ્ટિ કરી અને પ્રભુએ વાર્ષિક દાન દેવા માંડયું. વર્ષને અન્તે પ્રભુ જયંતિ શિબિકા ઉપર આરૂઢ થઈ સહસ્રામ્રવનમાં પધાર્યા અને એક હજાર પુરૂષો તથા ત્રણસો સ્ત્રીઓ સાથે, માગશર સુદ અગિયારસને દિવસે, અશ્વિની નક્ષત્રમાં અઠમ તપ કરી દીક્ષા લીધી તેજ દિવસે પ્રભુને મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાં.

દેવોએ સમવસરણની રચના કરી. વચ્ચે ત્રણસો ધનુષ્ય ઊંચું ચૈત્યવૃક્ષ રચ્યું. પ્રભુએ પૂર્વ દ્વારથી પ્રવેશ કર્યો. પછી ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી 'તીર્થાય નમઃ' કહી સિંહાસન ઉપર બેઠા કુંભરાજા અને પ્રતિબોધ પામેલા છ રાજાઓ ઇંદ્રની પાછળ આવી બેઠા. દેવોએ અને રાજાઓએ સ્તુતિ કર્યા બાદ પ્રભુએ દેશના આરંભી.

દેશના સાંભળી કોઈએ ચારિત્ર તો કોઈએ સમક્તિ ગ્રહણ કર્યું. ૭ મિત્ર રાજાઓએ દીક્ષા લીધી. કુંભ રાજાએ સમક્તિ ગ્રહણ કર્યું. ભગવાનની દેશના પછી બીજી પોરસીમાં ભિષક ગણધરે પાદપીઠ ઉપર બેસી દેશના દીધી. પછી સૌ પ્રભુને નમી સ્વસ્થાને ગયા.

નિર્વાણ

અઠમનું પારણું પ્રભુએ સહસ્રામ્રવનમાં રહેલ વિશ્વસેન રાજાને હાથે પરમાન્નથી કર્યું. પછી ભવ્ય લોકોને બોધ આપવા પ્રભુ ગ્રામ, નગર, આકર વગેરેમાં વિહાર કરવા લાગ્યા. ઘણો કાળ પૃથ્વી ઉપર વિચરી, પોતાનો નિર્વાણ કાળ સમીપ જાણી પ્રભુ સંમેત શિખર પધાર્યા. ત્યાં પાંચસો સાધુ અને પાંચસો સાધ્વીઓ સાથે અણશણ કર્યું. એક માસને અન્તે ફાગણસુદ બારસે, યામ્ય નક્ષત્રમાં પ્રભુ તે સર્વ સાધુઓ અને સાધ્વીઓની સાથે નિર્વાણપદ પામ્યા. ઈન્દ્રો અને દેવતાઓએ આવીને શ્રી મલ્લિનાથ પ્રભુનો યથાવિધિ નિર્વાણ મહોત્સવ કર્યો.

## શ્રી મલ્લિનાથ પ્રભુનો પરિવાર

મલ્લિનાથ પ્રભુને નીચેનો પરિવાર થયો:—

| | | |
|---|---|---|
| ગણધર | ૨૮ | અઠ્યાવીસ |
| સાધુ | ૪૦,૦૦૦ | ચાલીસ હજાર |
| સાધ્વી | ૫૫,૦૦૦ | પંચાવન હજાર |
| ચૌદપૂર્વધારી | ૦૦૬૬૮ | છસોને અડસઠ |
| અવધિજ્ઞાની | ૨,૨૦૦ | બે હજાર બસો |
| મનઃપર્યવજ્ઞાની | ૧,૭૫૦ | સત્તરસો ને પચાસ |
| કેવળજ્ઞાની | ૨,૨૦૦ | બે હજાર અને બસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૨,૯૦૦ | બે હજાર નવસો |
| વાદલબ્ધિવાળા | ૧,૪૦૦ | એક હજાર અને ચારસો |
| શ્રાવક | ૧,૮૩,૦૦૦ | એક લાખ અને ત્યાશી હજાર |

શ્રાવિકા 3,૭૦,૦૦૦ ત્રણ લાખ અને સીત્તેર હજાર
શાસનદેવ કુબેર
શાશનદેવી વૈરોટયા

# શ્રી મુનિ સુવ્રત સ્વામી ચરિત્ર

જગન્મહા મોહ નિદ્રા—પ્રત્યૂષ સમયો પમમ્
મુનિ સુવ્રત નાથસ્ય દેશના વચનં સ્તુમઃ

જગતના લોકોની મોટી મોહ રૂપી નિદ્રાને દૂર કરવાને પ્રભાત કાળની ઉપમા છે જેને એવી મુનિ સુવ્રત સ્વામીની ઉપદેશ વખતની વાણીની અમે સ્તુતિ કરીએ છીએ.

**પહેલો ભવ-શૂર શ્રેષ્ઠ રાજા બીજો ભવ-દેવ.**

આ જંબુદ્રીપના અપર વિદેહમાં ભરત નામના વિજયને વિષે ચંપા નામે એક નગરી હતી. ત્યાં શૂર શ્રેષ્ઠ નામે રાજા હતો. આ રાજા દાનવીર, રણવીર, ધર્મવીર અને આચારવીર હતો. કેટલોક વખત રાજયનું પાલન કર્યા પછી તેણે નંદન મુનિ પાસે દીક્ષા લીધી અને વીસ સ્થાનકતપનું આરાધન કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામી શૂર શ્રેષ્ઠ રાજા પ્રાણત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

**ત્રીજો ભવ—શ્રી મુનિ સુવ્રત સ્વામી**

ચ્યવન

આ ભરત ક્ષેત્રમાં મગધ દેશને વિષે રાજગૃહ નામે નગરમાં સુમિત્ર નામે રાજા હતો. તેને પદ્માવતી નામે પટરાણી હતી. શૂર શ્રેષ્ઠ રાજાનો જીવ પ્રાણત દેવલોકમાંથી ચ્યવી, શ્રાવણ સુદ પુનમે, ચંદ્રનો યોગ શ્રવણ નક્ષત્રમાં હતો ત્યારે, પદ્માવતી દેવીની કુખે, પુત્ર પણે અવતર્યો. સુખે સૂતેલાં પદમાવતી દેવીએ ચૌદ મહા

સ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં અને શેષ રાત્રિ ધર્મજાગરણમાં પસાર કરી. દેવોએ આચાર પ્રમાણે ચ્યવન કલ્યાણક મહોત્સવ કર્યો.

જન્મ

પૂર્ણ માસે, જેઠ વદ આઠમને દિવસે, પદ્માવતી માતાએ, શ્રવણ નક્ષત્રમાં કાચબાના લંછનવાળા અને શ્યામ કાન્તિવાળા પુત્રને જન્મ આપ્યો. છપ્પન દિક કુમારિકાઓ, ચોસઠ ઈન્દ્રો અને અસંખ્ય દેવોએ પ્રભુનો જન્મ મહોત્સવ કર્યો. પિતાએ બાર દિવસ સુધી જન્મ મહોત્સવ કર્યો પછી શુભ મુહૂર્તે પ્રભુનું નામ મુનિ સુવ્રત પાડયું, કારણકે ભગવાન જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતા મુનિ જેવાં સુવ્રત થયાં હતાં.

દીક્ષા

અનુક્રમે પ્રભુ યૌવન વય પામ્યા ત્યારે માતાપિતાએ તેમને પ્રભાવતી વગેરે રાજકન્યાઓ પરણાવી. તેમની સાથે સુખ ભોગવતાં પ્રભાવતી દેવીથી સુવ્રત નામે એક કુંવર થયો. મુનિ સુવ્રત સ્વામી જ્યારે સાડા સાત હજાર વર્ષના થયા ત્યારે પિતાએ તેમને રાજ્ય-ભાર સોંપ્યો. પૃથ્વીનું પાલન કરતાં પ્રભુ જ્યારે પંદર હજાર વર્ષના થયા ત્યારે લોકાંતિક દેવોની પ્રેરણાથી વાર્ષિક દાન દીધું. પછી સુવ્રત કુમારને રાજ્ય સોંપી ફાગણ સુદ બારસે, ચંદ્ર જ્યારે શ્રવણ નક્ષત્રમાં હતો ત્યારે, નીલ ગુહા નામના ઉદ્યાનમાં આવી, છઠ કરી, પ્રભુએ એક હજાર રાજાઓ સાથે દીક્ષા અંગીકાર કરી. બીજે દિવસે, રાજ-ગૃહ નગરમાં બ્રહ્મદત્ત રાજાને ઘેર, પરમાન્નથી પ્રભુએ પારણું કર્યું. પંચ દિવ્ય પ્રગટ થયાં. પારણા સ્થાને બ્રહ્મદત્ત રાજાએ રત્નપીઠીકા રચાવી.

કેવળજ્ઞાન

અગિયાર માસ સુધી વિહાર કર્યા પછી પ્રભુ પાછા તેજ નીલ ગુહા નામના ઉદ્યાનમાં પધાર્યા અને ચંપક વૃક્ષની નીચે કાઉસગ્ગ

ધ્યાને રહ્યા. ઘાતી કર્મનો ક્ષય થતાં, ફાગણ વદ બારસના દિવસે, પ્રભુને કેવળજ્ઞાન થયું. દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુએ પૂર્વદ્વારે પ્રવેશ કરી, ચાલીશ ધનુષ્ય ઊંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી, 'નમો તિત્થસ્સ' કહી, સિંહાસન પર બેસી દેશના દીધી. દેશના સાંભળી લોકોએ યથાશક્તિ વ્રત લીધાં.

અશ્વાવ બોધ તીર્થ

એક દિવસ વિહાર કરતા પ્રભુ ભૃગુકચ્છ (ભરૂચ) પધાર્યા. તે નગરનો જિતશત્રુ રાજા અશ્વ ઉપર બેસી પ્રભુને વંદન કરવા આવ્યો. તે વખતે જિતશત્રુ રાજાના અશ્વે ઊંચા કાન કરી પ્રભુની દેશના સાંભળી, દેશનાને અન્તે ગણધર ભગવન્તે પ્રભુને પૂછ્યું, "સ્વામી આ સમવસરણમા અત્યારે કોણ ધર્મ પામ્યું?" પ્રભુ બોલ્યા, 'જિત શત્રુ રાજાના અશ્વ સિવાય બીજું કોઈ ધર્મ પામ્યું નથી." તે સાંભળી જિત શત્રુ રાજા બોલ્યો, "પ્રભુ! એ અશ્વ કોણ છે તે કૃપા કરીને કહો." પ્રભુ બોલ્યા, "પદ્મિની ખંડ નગરમાં જિનધર્મ નામે એક શેઠ હતો. તેને સાગરદત્ત નામે મિત્ર હતો. એક વખત તેણે વ્યાખ્યાનમાં સાંભળ્યું કે જે અરિહંત પ્રભુના બિંબ કરાવે તે જન્માંતરમાં મોક્ષ મળે એવો ધર્મ પાળે. તે સાંભળી સાગર દત્તે એક સોનાનું બિંબ કરાવી ધામધુમથી સાધુ પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. સાગરદત્ત મિથ્યાત્વી હતો. તેથી તેણે નગરની બહાર પૂર્વે એક શિવાલય કરાવ્યું હતું. એક દિવસ ઉત્તરાયનનું પર્વ આવતાં સાગરદત્ત ત્યાં ગયો. ત્યાં શિવના પૂજારીઓ ઘતપૂજાને માટે પ્રથમથી સંગ્રહી રાખેલ ઘીના ઘડા ત્વરાથી ખેંચતા હતા. ઘણા દિવસથી પડી રહેલા ઘડાની નીચે, પીંડાકાર થઈને ઘણી ઉધાઈ ચોંટી હતી. તે ઘડા લેવાથી માર્ગમાં પડી જતી હતી. તે ઉધઈને ચગદાતી જોઈ સાગરદત્ત દયાથી વસ્ત્ર વડે તેને ખસેડવા લાગ્યો. તે જોઇ એક

પૂજારી બોલ્યો, "શું તને જૈન મુનિઓએ આ નવી શિક્ષા આપી છે?" એમ કહી તેણે ઉશ્કેરાઈને પગવડે ચગદી નાંખી. સાગરદત્ત વિલખો થઈ તેઓના આચાર્ય સામુ જોવા લાગ્યો. આચાર્યે પણ તે પાપની ઉપેક્ષા કરી, ત્યારે સાગરદત્તે વિચાર્યું. "આ નિર્દય પાપીઓને ધિક્કાર છે. આવા ગુરૂઓ પોતે દુર્ગતિમાં જાય છે. અને બીજાઓને લઈ જાય છે." આમ ગુરૂઓ ઉપર અશ્રદ્ધા રાખતો છતાં આગ્રહથી શિવપૂજા કરતો હતો. તેથી સમક્તિ પામ્યો હતો. અન્તે આયુષ્ય પૂર્ણ થતાં, મૃત્યુ પામીને સાગરદત્તનો જીવ આ અશ્વ થયો છે, તેને બોધ કરવા માટે જ હું અહિં આવ્યો છું. પૂર્વ જન્મમાં તેણે જિન પ્રતિમા કરાવી હતી. તેથી જ તે ક્ષણ-વારમાં બોધ પામ્યો છે. ભગવન્તના આ વચન સાંભળી રાજાએ અશ્વને ખમાવ્યો. ત્યાર પછી ભરૂચ અશ્વાવ બોધ તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

કાર્તિક શેઠનું વૃત્તાન્ત

મુનિસુવ્રત પ્રભુ એક વખત હસ્તીનાપુર પધાર્યા. આ નગરમાં ગૈરિકનામે એક તાપસ હતો. ત્યાં નો રાજા તાપસ ભક્ત હોવાથી તેને જમવાનું આમંત્રણ આપ્યું. ત્યારે તાપસે કહ્યું, "હે રાજન! જો કાર્તિક શેઠ મને ભોજન પીરસશે તો હું તમારે ઘેર પારણું કરીશ" રાજા તે વાત સ્વીકારીને કાર્તિક શેઠને ઘેર ગયો અને શેઠની પાસે માગણી કરી કે તમારે મારે ઘેર આવી ગૈરિક પરિવ્રાજકને પીરસવું. શેઠે કહ્યું, "હે સ્વામી! એવા પાખંડી પરિવ્રાજકોને પીરસવું તે અમારે યુક્ત નથી, તથાપિએ કાર્ય તમારી આજ્ઞાથી કરીશ." એમ કહી તેમ કરવાનું સ્વીકાર્યું. પછી શેઠ વિચારવા લાગ્યા, "જો પ્રથમથી દીક્ષા લીધી હોત તો આ કાર્ય કરવું ન પડત" એવો ખેદ કરતો કાર્તિક શેઠ યોગ્ય

સમયે રાજભવનમાં આવ્યો. જ્યારે કાર્તિક શેઠે પીરસવા માંડયું ત્યારે પરિવ્રાજક વારંવાર તર્જની આંગળી બતાવી તેનો તિરસ્કાર કરવા લાગ્યો. કાર્તિક શેઠે ઈચ્છા વગર તેને પીરસ્યા પછી વૈરાગ્ય ભાવથી ભગવાન સમવસર્યા જાણી ને, એક હજાર વણિકોની સાથે, પ્રભુ પાસે દીક્ષા લીધી. રૂડી રીતે ચારિત્ર પાળી, કાર્તિક શેઠ સૌધર્મ દેવલોકમાં ઇંદ્ર પણે ઉત્પન્ન થયો અને ગૈરિક તાપસ તેનું વાહન ઐરાવણ હાથી રૂપે ઉત્પન્ન થયો. ઇન્દ્રને દેખી તેને પૂર્વનું વૈર તાજું થયું. તેણે બે મસ્તક કર્યાં. ઈન્દ્રે બે રૂપ કર્યાં જેમ જેમ તે હાથીએ જેટલાં મસ્તક કર્યાં, તેટલાં ઇન્દ્રે પોતાના પણ સ્વરૂપ કર્યાં. પછી ત્યાંથી તેને પલાયન થતો, જોઇ, ઇંદ્રે વજ્રથી પ્રહાર કરી, પૂર્વ જન્મના વૈરીને તત્કાળ વશ કરી લીધો.

નિર્વાણ

અનુક્રમે નિર્વાણ કાળ સમીપ આવ્યો જાણી પ્રભુ સંમેત શિખર પર પધાર્યા. ત્યાં અણશણ કરી, એક હજાર મુનિઓ સાથે, જેઠ વદ નોમને દિવસે, ચંદ્રનો યોગ શ્રવણ નક્ષત્રમાં હતો ત્યારે પ્રભુ નિર્વાણપદ પામ્યા. ઈન્દ્રે અને દેવોએ યથાવિધિ નિર્વાણ મહોત્સવ કર્યો.

## શ્રી મુનિસુવ્રત પ્રભુનો પરિવાર

મુનિસુવ્રત પ્રભુને નીચેનો પરિવાર થયો છેઃ–

| | | |
|---|---|---|
| ગણધર | ૧૮ | અઢાર |
| સાધુ | ૩૦,૦૦૦ | ત્રીસ હજાર |
| સાધ્વી | ૫૦,૦૦૦ | પચાસ હજાર |
| ચૌદ પૂર્વધારી | ૦૦૫,૦૦ | પાંચસો |
| અવધિજ્ઞાની | ૦૧૮,૦૦ | અઢારસો |
| મનઃપર્યવજ્ઞાની | ૦૧૫,૦૦ | પંદરસો |
| કેવળજ્ઞાની | ૦૧૮,૦૦ | અઢારસો |

| | | |
|---|---|---|
| વૈક્રિય લબ્ધિવાળા | ૦૨,૦૦૦ | બે હજાર |
| વાદ લબ્ધિવાળા | ૦૧,૨૦૦ | એક હજાર અને બસો |
| શ્રાવકો | ૧,૭૨,૦૦૦ | એક લાખ અને બોંતેર હજાર |
| શ્રાવિકા | ૩,૫૦,૦૦૦ | ત્રણ લાખ અને પચાસ હજાર |

પ્રભુના શાસનમાં વરૂણ નામે યક્ષ શાસનદેવ અને નરદત્તા નામે યક્ષિણિ શાસન દેવી થઈ.

## શ્રી મુનિસુવ્રત સ્વામીના તીર્થમાં થયેલ નવમા મહાપદ્મ ચક્રવર્તી ચરિત્ર

ચક્રવર્તીનો પૂર્વભવ

આ જંબુદ્વીપના પૂર્વ વિદેહના સુકચ્છ નામના વિજયમાં શ્રીનગર નામે નગરી હતી. ત્યાં પ્રજાપાલ નામે રાજા હતો. એક વખત તેણે અકસ્માત વિદ્યુત્પાતને દેખ્યો અને તેથી વૈરાગ્ય પામ્યો સમાધિગુપ્ત નામના મુનિની પાસે દીક્ષાલઇ સુંદર ચારિત્ર પાળ્યું. અન્તે કાળ ધર્મ પામી બારમા દેવલોકમાં ઇંદ્ર પણે ઉત્પન્ન થયો.

## મહાપદ્મ ચક્રવર્તી

ચક્રવર્તીનો જન્મ

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. ત્યાં પદ્મોત્તર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને જવાળા નામે રાણી હતી. અને વિષ્ણુકુમાર નામે પુત્ર હતો. પ્રજાપાળ રાજાનો જીવ અચ્યુત દેવલોકમાંથી ચ્યવી જવાળા રાણીની કુક્ષિને વિષે અવતર્યો. સુખે સૂતેલાં જવાળા માતાએ ચૌદ મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં અને શેષ રાત્રિ ધર્મ જાગરણમાં પસાર કરી. પૂર્ણ સમયે, જવાળા રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ મહાપદ્મ પાડયું. વિષ્ણુકુમાર અને મહાપદ્મે ટૂંક સમયમાં સર્વ કલાઓ સંપાદન કરી. મહાપદ્મને વધુ બુદ્ધિશાળી જાણી પિતાએ યુવરાજ બનાવ્યો.

જૈનાચાર્યના હાથે નમુચિનો પરાભવ

તે સમયે ઉજ્જનમાં શ્રીવર્મ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને નમુચિ નામે મંત્રી હતો. એક વખત મુનિ સુવ્રત સ્વામીના તીર્થના સુવ્રત નામે આચાર્ય ઉજ્જનમાં સમોસર્યા. રાજા પરિવાર સાથે આચાર્યને વાંદવા નીકળ્યો. રાજાની સાથે મુનિને વંદન કરી નમુચિ જેમ તેમ પ્રશ્ન પૂછવા માંડયો. મુનિએ મુક્તિથી નમુચિનો પરાભવ કર્યો. નમુચિને ખૂબ લાગી આવ્યું. તેથી રાત્રે તલવાર લઈ મુનિને મારવા ગયો. પણ શાસન દેવીએ તેને સ્તંભિત કર્યો. સવારે લોકો તેને સ્તંભિત થયેલો દેખી તેની નિંદા કરવા લાગ્યા, તેથી નમુચિ ઉજ્જેન છોડી હસ્તિનાપુર ગયો. મહા પદ્મ કુમારે તેને પ્રધાન બનાવ્યો. હિંસબલ નામના એક દુર્જય સામન્તને વશ કરી મહા પદ્મ પાસેથી નમુચિએ વરદાન મેળવ્યું.

ચક્રીનો ગૃહત્યાગ

રથયાત્રાની બાબતમાં રાજા સાથે મતભેદ થવાથી મહાપદ્મ હસ્તિનાપુર છોડી ચાલી નીકળ્યો. અને એક મહા જંગલમાં આવ્યો. ત્યાં તાપસોએ તેનો સત્કાર કર્યો અને પોતાના આશ્રમમાં રાખ્યો. અહિં પત્ની મદનાવળીના સંપર્કમાં આવ્યો. આ આશ્રમમાં થોડા દિવસ રહી મહા પદ્મ સિંધુસદન નગર તરફ ચાલ્યો. અહિં રાજાનો હાથી ગાંડો થયો હતો તેને વશ કરી મહાસેન રાજાને પ્રસન્ન કર્યો. રાજાએ તેને ઘણી કન્યાઓ પરણાવી.

૭ ખંડની સાધના હસ્તિનાપુરમાં પુનરાગમન

એક વખત મહાપદ્મ વેગવતી વિદ્યાધરી સાથે વૈતાઢય ઉપર ગયો. અને રાજાની સંમતિથી જયચંદ્રા સાથે લગ્ન કર્યાં. પાછા ફરતા જયચંદ્રાના મામાના દીકરા ગંગાધરે અને મહાધરે તેની સાથે યુદ્ધ કર્યું પણ મહાપદ્મે તેમને હરાવ્યા. પછી ચક્રવર્તીને ચૌદ

રત્નો ઉત્પન્ન થયા તે રત્નોથી તેણે છ ખંડ સાધ્યા અને તાપસ આશ્રમમાં રહેલ મદનાવળીને પરણી તેને સ્ત્રીરત્ન બનાવ્યું. સંપૂર્ણ ઋદ્ધિ સહિત મહાપદ્મ ચક્રવતી હસ્તિનાપુર આવ્યો. માતા પિતાના આનંદનો પાર રહ્યો નહિ. આ અરસામાં સુવ્રતાચાર્ય હસ્તિનાપુર પધાર્યા માતા પિતાએ તેમની પાસે દીક્ષા લેવાની ઈચ્છા પ્રદર્શિત કરી. વિષ્ણુકુમારને રાજ્ય આપવા માંડયું પણ તેણે રાજ્યનો અસ્વીકાર કરી પિતાની સાથે સુવ્રતાચાર્ય પાસે દીક્ષા લીધી. પછી મહાપદ્મનો રાજ્યાભિષેક અને ચક્રી અભિષેક પણ થયો. મહાપદ્મે પોતાની માતાનો મનોરથ જૈનરથ કાઢી પૂરો કર્યો. પદ્મોત્તર રાજર્ષિ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો. વિષ્ણુકુમાર મુનિ ઉગ્ર તપશ્ચર્યાના બળે અનેક લબ્ધિઓ પામ્યા. આકાશ ગામિની લબ્ધિથી વિવિધ સ્થળે તીર્થ યાત્રા કરવા લાગ્યા. મહાપદ્મે પોતાના ચક્રીપણાના કાળમાં અનેક જિનમંદિરો બંધાવ્યા અને ઘણા ધાર્મિક કાર્યો કર્યાં.

અદ્ભુત લબ્ધિ પ્રભાવથી વિષ્ણુકુમારે નમુચિનો કરેલો પરાભવ

એક વખત સુવ્રતાચાર્ય શિષ્યો. સહિત ફરીથી હસ્તિનાપુર આવ્યા નમુચિએ તેમને જોયા અને વૈરનો બદલો લેવાની ઈચ્છા થઈ. તેણે રાજા પાસે મારો યજ્ઞ ચાલે ત્યાં સુધી રાજ્ય મારી પાસે રહે, તેવી વરદાન બદલ માગણી કરી, મહાપદ્મે તે માગણી કબુલ કરી તેને રાજ્ય સોંપ્યું. યજ્ઞમાં આશીર્વાદ આપવા સર્વ ધર્મના આચાર્યો આવ્યા. માત્ર જૈન શ્વેતાબરી સાધુઓ ન આવ્યા. નમુચિને જોઈતું બહાનું મળી રહ્યું. તેણે તેમને કહ્યુ, "રાજાનું અકલ્યાણ ઈચ્છનારાઓ તમો અહિંથી ચાલ્યા જાવ" સુવ્રતાચાર્યે કહ્યું, "હાલ અમારે ચાતુર્માસ છે. ચોમાસા પછી અમે જઇશું" નમુચિએ ન માન્યું. તેણે મુનિઓને સાત દિવસની મહેતલ આપી સુવ્રતાચાર્યે મરૂ- પર્વત પર રહેલ વિષ્ણુકુમાર પાસે એક મુનિ મોકલ્યો. વિષ્ણુકુમાર

મુનિ સાથે તુરત ત્યાં આવ્યા. નમુચિને તેમણે ખૂબ શાન્તિથી સમજાવ્યો. પણ નમુચિ એકનો બે ન થયો. વિષ્ણુકુમારે નમુચિને પૂછ્યું, "ત્રણ ડગલાં જમીન તો આપીશ કે નહિ?" નમુચિએ જવાબ આપ્યો, "હું તમને ત્રણ ડગલાં ભૂમિ આપું છું. પણ તે ભૂમિની બહાર જે રહેશે તેને તત્કાળ મારી નાખીશ." વિષ્ણુકુમારે 'તથાસ્તુ' એમ કહી સ્વીકાર કર્યો નમુચિ વિષ્ણુકુમારને ત્રણ ડગલાં જમીન લઈ લેવાનું જણાવી ઊભો રહ્યો. વિષ્ણુકુમાર મુનિએ પોતાની કાયા લાખ યોજન વિકુર્વી. માનવો, દેવો અને સર્વ જગત ક્ષોભ પામ્યું. બે ડગલા માત્રમાં મુનિએ સર્વ જગત રોકી લીધું. પછી નમુચિને પૂછ્યું. "બોલો ત્રીજો પગ કયાં મૂકું" મુનિએ ત્રીજું ડગ નમુચિના મસ્તક ઉપર મૂકયું. દેવો, ઈન્દ્ર મહાપદ્મ અને સકલસંઘ મુનિને કોપ સંહરી જગતની રક્ષા કરવાનું વિનવી રહ્યા હતા. મહાપદ્મે કહ્યું "આ મારો અપરાધ છે. મેં પૂરું ધ્યાન ન આપ્યું. આ મારા અને દુષ્ટ નમુચિના અપરાધથી બીજા ન દુ:ખી થાય તેમ કરો" મુનિએ સંઘની આજ્ઞા માથે ચડાવી પોતાનું શરીર હતું તેવું બનાવ્યું. ગુરુ પાસે આલોચના લીધી છેવટે કેવળજ્ઞાન પામી વિષ્ણુકુમાર મોક્ષે ગયા.

ચક્રીનું મોક્ષગમન

મહાપદ્મ ચક્રવર્તી આ બધા પ્રસંગો દેખી વૈરાગ્ય પામ્યો. તેણે છ ખંડ પૃથ્વી છોડી દીક્ષા લીધી. રૂડી રીતે ચારિત્ર પાળી, કેવળજ્ઞાન પામી, મોક્ષે ગયો.

# વિભાગ ચોથો

# જૈન રામાયણ

શ્રી રામચંદ્ર (બળદેવ), લક્ષ્મણ (પદ્મ) (વાસુદેવ)
અને રાવણ (પ્રતિવાસુદેવ) નાં ચરિત્ર

## જૈન રામાયણ

### પ્રતિવાસુદેવ રાવણનો જન્મ

પાતાળ લંકામાં માળીના ભાઈ સુમાળીને રત્ન શ્રવા નામનો એક પુત્ર હતો. તે દૃઢ નિશ્ચયી અને તપ સાધનામાં પ્રવીણ હતો. એક દિવસ એ એક મનોહર ઉદ્યાનમાં તપ કરતો હતો ત્યારે એક સુંદર યુવતી તેની સમક્ષ આવીને કહેવા લાગી, "હે રત્ન શ્રવા, સાંભળ હું કૌતુકમંગળ નામના નગરના રાજાની કુંવરી છું હમારો ભાણેજ વૈશ્રવણ હાલ લંકાની ગાદી પર છે. મારૂં નામ કૈકસી છે. મારા પિતાએ મને અહિં મોકલી છે."

રત્ન શ્રવા કૈકસી પ્રત્યે અનુરાગી બન્યો અને તેની સાથે પરણ્યો. થોડા સમય પછી કૈકસીએ એક પુત્ર રત્નને જન્મ આપ્યો એ બાળક નાનો હતો છતાં એણે પાસે પડેલા એક માણેકના હારને પોતાના કંઠમાં ધારણ કર્યો માતા કૈકસી આ જોઈ ઘણું આશ્ચર્ય પામી. રત્ન શ્રવા જ્યારે કૈકસી પાસે આવ્યો ત્યારે કૈકસી એ હારની વાત કહી સંભળાવી. રત્નશ્રવાને થોડા વખત પહેલાં એક મુનિએ કહેલું વચન યાદ આવતાં એણે કહ્યું, "હે કૈકસી રાક્ષસેન્દ્રે મારા પૂર્વજ મેઘવાહનને આપેલો હાર જે ધારણ કરશે તે

પ્રતિવાસુદેવ થશે એમ મને એક મુનિએ કહ્યું હતુ."

એ હારમાં રહેલા નવ માણેકની અંદર તે બાળકના મુખનાં નવ પ્રતિબિંબ પડયાં તેથી રત્નશ્રવાએ એનું નામ દશમુખ રાખ્યું. અનુક્રમે કૈકસીએ બિભીષણ અને કુંભકર્ણ નામના બે પુત્રો અને સુર્પનખા નામની પુત્રીને જન્મ આપ્યો.

## રાવણ દિગ્વિજય

એક દિવસ દશમુખે (રાવણે) વૈશ્રવણ રાજાને વિમાનમાં જતો જોયો. વૈશ્રવણને જોઇને રાવણે એની માતાને પૂછ્યું, "આ દૈવી વિમાનમાં ભારે ઠાઠમાઠ અને વૈભવથી આમ નિર્ભયપણે આકાશ માર્ગે જનાર આ વ્યક્તિ કોણ છે ?" કૈકસી બોલી, "મારી મોટી બહેન કૌશિકાનો એ પુત્ર છે. વિશ્રવા નામે વિદ્યાધરોના રાજાનો તે કુમાર છે અને સર્વ વિદ્યાધરોના સ્વામી ઈન્દ્ર રાજાનો એ મુખ્ય સુભટ છે. ઈન્દ્રે તારા પિતામહના જયેષ્ઠ બંધુ માળીને મારીને રાક્ષસ દ્વીપ સહિત આપણી લંકા નગરી આ વૈશ્રવણને આપી છે. ત્યારથી લંકા મેળવવાનો મનોરથ મનમાં રાખીને તારા પિતા આજ સુધી અહીં રહેલા છે. તારા પિતાના દુઃશ્મનનું મસ્તક કયારે ધૂળમાં જઇને પડે એજ વિચાર મને રાત દિવસ આવ્યા કરે છે. તારા જેવો પરાક્રમી અને બળવાન પુત્ર એની માતાનુ દુઃખ ઓછું નહિ કરે તો અન્ય કોણ કરશે ?"

રાવણે જવાબ આપ્યો, "લંકાનું ગુમાવેલુ રાજ્ય હું પાછું મેળવ્યા સિવાય જંપીને બેસવાનો નથી પણ મને એક બીજો વિચાર આવે છે કે જો હું વિદ્યાઓ સાધી લઉં તો વૈશ્રવણને તુરતજ વશ કરી શકાય અને એ રીતે એને પરાજિત કરી શકાય. આ વિદ્યાઓ કંઇ ઘરને ખૂણે બેસીને સાધી શકાતી નથી અને એ માટે અમારે ત્રણે ભાઇઓએ કોઈ વિકટ અરણ્યમાં જઇ ઉગ્ર તપશ્ચર્યા

કરવી પડશે આમ હસતે મુખે અમને જવાની રજા આપો જેથી અમે જીવનમાં મહાન પરાક્રમો કરી શકીએ."

## રાવણ, બિભીષણ અને કુંભકર્ણનું વિદ્યા સાધવા જવું

કૈકસી માતાએ ત્રણે ભાઇઓને આશીર્વાદ આપ્યા એટલે ત્રણે ભાઈઓએ જંગલ તરફ પ્રયાણ કર્યું. એક ઘોર અને ભયંકર જંગલમાં આવીને એમણે તપની શરૂઆત કરી. તપના પ્રભાવે એમણે અષ્ટાક્ષરી વિદ્યા સાધી; ત્યાર પછી એમણે ષોડશાક્ષર મંત્રનો જાપ જપવો શરૂ કર્યો.

આ ત્રણે ભાઇઓ આ પ્રમાણે તપ કરતા હતા ત્યાં એક દેવ એની દેવીઓ સાથે ત્યાં આવ્યો અને ભાઈઓના તપમાં ભંગ પડાવવા દેવીઓ મોકલી. પણ પેલી દેવીઓ આ સ્વરૂપવાન ભાઈઓને જોતાંજ તેમના મોહમાં પડી ગઈ અને કહેવા લાગી, "હે વીર પુરૂષો ! તમે તમારી આંખ ખોલીને અમારી સામે તો જુઓ અમે અપ્સરા જેવી દેવીઓ મોહિત થઈ તમને સ્વાધીન છીએ. તમે અમારી સાથે ભોગ વિલાસ ભોગવો અને તમારા જીવનને સાર્થક બનાવો."

દેવે રાવણ વગેરેને કરેલો ઉપસર્ગ

દેવીઓથી જ્યારે પેલા ભાઈઓ એમના ધ્યાનમાંથી સહેજ પણ ચલિત થયા નહિ ત્યારે પેલો દેવતા પોતે ત્યાં હાજર થયો અને કહેવા લાગ્યો, "હે વીર પુરૂષો ! તમારે આ કષ્ટ સાધનાની જરાપણ જરૂર નથી. તમારે કોઇપણ વરદાન જોઈતું હોય તો માગો; હું તમને તે આપીશ અને તમારા મનની કામના પરિપૂર્ણ કરીશ."

દેવના આ વચન સાંભળીને પણ પેલા ત્રણે ભાઇઓ ધ્યાનમાંથી લેશ માત્ર પણ ચલિત થયા નહિ આથી દેવના ક્રોધે માઝા મૂકી. એણે પોતાના નોકરોને બોલાવ્યા અને ભાઇઓનું ધ્યાન

છોડાવવા વિવિધ ઉપસર્ગો કરવાની આજ્ઞા કરી. અનુચરોએ અનેક પ્રકારના બિહામણા સ્વરૂપો ધારણ કરી તપસ્વી બંધુઓને ડગાવવા પ્રયત્નો કર્યા; પણ એમના બધાજ પ્રયત્નો નિષ્ફળ ગયા. એમણે કૈકસી, રત્નશ્રવા વગેરેનાં રૂપો ધારણ કર્યા અને એ લોકો મરી ગયા હોય એવાં માયાવી દશ્યો ઊભાં કર્યા. તો પણ ત્રણે ભાઈઓ ધ્યાન-માંથી લેશ માત્ર પણ ચલિત થયા નહિ.

આ જોઈ દેવનો ક્રોધ સળગી ઊઠયો. એણે માયાવી વિદ્યાથી ત્રણે ભાઈઓનાં માથાઓ છેદી નાંખેલાં દેખાડયાં. રાવણનું માથું કુંભકર્ણ અને બિભીષણ આગળ મૂકયું અને કુંભકર્ણ અને બિભીષણનાં માથાં રાવણની આગળ નાંખ્યાં.

મોટાભાઈ રાવણનું માથું જોઇને કુંભકર્ણ અને બિભીષણ ધ્યાનમાંથી સહેજ ચલિત થયા. પણ રાવણ તો પોતાના ધ્યાનમાંથી લેશ માત્ર ડગ્યો નહિ. તરતજ પ્રજ્ઞપ્તિ આદિ એક હજાર વિદ્યાઓ રાવણને પ્રાપ્ત થઈ કુભકર્ણને સમૃદ્ધિ આદિ પાંચ વિદ્યાઓ અને બિભીષણને સિદ્ધાર્થ આદિ ચાર વિદ્યાઓ સિદ્ધ થઈ.

પેલા ઉપસર્ગ કરનાર દેવે રાવણને પ્રણામ કરી માફી માગી અને પોતાના પાપના પ્રાયશ્ચિતરૂપે એણે રાવણને માટે સ્વયંપ્રભ નામનું શહેર વસાવ્યું.

વિદ્યાઓ ઉપરાન્ત રાવણે છ ઉપવાસ કરી ચંદ્રહાસ નામનું એક ઉત્તમ ખડગ સાધ્યું.

### મંદોદરી વગેરે સાથે લગ્ન

તે અરસામાં વૈતાઢય ગિરિ પર દક્ષિણ શ્રેણીના આભૂષણ ભૂત સૂર સંગીત નામના નગરમાં મય નામે વિદ્યાધરોનો રાજા હતો તેને હેમવતી નામે રાણી અને મંદોદરી નામે કુંવરી હતી. તે યૌવનવંતી થતાં તેનો પિતા મય વિદ્યાધર તેના વરને માટે વિદ્યા

ચરોના ગુણા ગુણનો વિચાર કરવા લાગ્યા. જ્યારે તેમાં કોઈ યોગ્ય વર તેના જોવામાં આવ્યો નહીં, ત્યારે તે ચિંતાતુર થયો. તેવામાં તેના મંત્રીએ કહ્યું, "સ્વામી ખેદ કરો નહિ, રત્નશ્રવાનો બળવાન અને રૂપવાન પુત્ર દશાનન તેને યોગ્ય વર છે. સહસ્ર વિદ્યાઓને સિદ્ધ કરનાર અને દેવતાઓથી પણ અકંપિત એ રાવણ જેવો વિદ્યાધરોમાં કોઈ રાજકુમાર નથી." તે સાંભળી, તારી વાત બરાબર છે, એવું કહી, હર્ષિત થઈ, બાંધવ, સૈન્ય અને અંતઃપુરના પરિવાર સાથે મંદોદરી લઈ, પ્રથમથી પોતાના આવવાની ખબર આપી, પોતાની કુંવરી રાવણને આપવા માટે, મયવિદ્યાધર સ્વયંપ્રભ નગરે આવ્યો. ત્યાં સુમાળી વગેરે ગોત્રવૃદ્ધ મહાશયો હતા. તેઓ રાવણ અને મંદોદરીનો સંબંધ કરવાને કબૂલ થયા. પછી શુભ મુહુર્તે સુમાળી અને મય વગેરેએ રાવણ અને મંદોદરીના લગ્ન કરાવ્યાં.

મેઘરવ નામના પર્વત પર આવેલા ક્ષીર સાગરમાં ક્રીડા કરવા માટે એક વખત રાવણ ગયો. એ ક્ષીર સાગરમાં છ હજાર ખેચર કન્યાઓ ત્યારે સ્નાન કરી રહી હતી. રાવણનું સ્વરૂપવાન મુખ અને સ્નાયુબદ્ધ સુંદર શરીર જોતાંજ એ છ હજાર કન્યાઓ તેના પર મોહિત થઈ ગઈ. રાવણ તેમની સાથે ગાંધર્વ વિધિથી પરણ્યો અને કન્યાઓને લઈ પોતાના નગર તરફ પાછો ફર્યો.

આ બાજુ કન્યાઓના રક્ષક પુરૂષોએ કન્યાઓના માતા-પિતાને ખબર આપી કે તમારી કન્યાઓને પરણીને કોઈ અજાણ્યો પુરૂષ ચાલ્યો જાય છે. એ સાંભળતાં જ કન્યાઓના માતાપિતાઓ વિદ્યાધરોના ઇન્દ્ર અમરસુંદર પાસે આવ્યા અને કોઈ પણ ઉપાયે પોતાની કન્યાઓને છોડાવી લાવવા આજીજી કરવા લાગ્યા તરતજ અમર સુંદર પેલી કન્યાઓના પિતાઓ અને સુભટો સાથે રાવણની પાછળ પડયો રાવણે મનમાં નિશ્ચય કર્યો હતો કે પેલા લોકોને

જાનથી મારી નાખવા નથી. એટલે એણે પ્રસ્વાપન નામનું અસ્ત્ર ફેંક્યું. આથી અમરસુંદર, કન્યાઓના પિતાઓ તથા સુભટો મોહિત થઈ ગયા. રાવણે એમને નાગ પાશ વડે પશુની જેમ બાંધી લીધા. કન્યાઓની આજીજીથી રાવણે અન્તે બધાને છોડી મૂકયા અને પોતે સ્વયંપ્રભ નગરમાં આવ્યો.

રાવણના રાણી મંદોદરીએ ઈન્દ્રજિત નામના એક પરાક્રમી પુત્રને જન્મ આપ્યો. થોડા સમય પછી એક બીજો પુત્ર પણ તેને થયો. તેનું નામ મેઘવાહન રાખવામાં આવ્યું.

## રાવણને લંકાની પ્રાપ્તિ–વૈશ્રવણની દીક્ષા

કુંભકર્ણ અને બિભીષણના મનમાં લંકાપતિ વૈશ્રવણ આંખમાં કણું ખૂંચે એમ ખૂંચી રહ્યો હતો. એ બન્ને ભાઈઓ લંકાવાસીઓને હેરાન કરવા લાગ્યા. વૈશ્રવણે દૂત મોકલીને સુમાળીને કહેવરાવ્યું, "આ બન્ને ભાઇઓને ઉપદ્રવ કરતા અટકાવો. જો તમે એમને એમ કરતાં નહિ અટકાવો તો હું મારી સર્વ શક્તિથી એમને હણી નાંખીશ. મારી શક્તિને હજી તમે પૂરેપૂરી જાણતા નથી માટે તમે તમારા હિતની ખાતર તે બન્ને ભાઈઓને ઉપદ્રવ કરતા અટકાવો" આવાં દૂતના વચન સાંભળી મહામનસ્વી રાવણ ક્રોધથી બોલ્યો, "અરે! એ વૈશ્રવણ કોણ છે? જે બીજાને કર આપે છે અને બીજાનો સેવક છે તે છતાં આવું ઉદ્ધત બોલતાં કેમ શરમાતો નથી? તું દૂત છે માટે તને મારતો નથી. તું અહીંથી ચાલ્યો જા." આ પ્રમાણે રાવણના કહેવાથી તે દૂતે તત્કાળ વૈશ્રવણ પાસે જઈને તે બધો વૃત્તાન્ત કહ્યો. દૂતના ગયા પછી તેની પાછળ તરતજ રાવણ પોતાના સહોદરોને અને સૈન્યને લઈ લંકા સમીપ આવ્યો. રાવણના આગમનના સમાચાર સાંભળી વૈશ્રવણ યુદ્ધ કરવા માટે મોટી સેના લઈ લંકાપુરીની બહાર નીકળ્યો. થોડા વખતમાં રાવણે

તેને સખત હાર આપી. આથી વૈશ્રવણને વૈરાગ્ય આવ્યો અને તેણે દીક્ષા લીધી. વૈશ્રવણ સાચો સાધુ બન્યો જાણીને અન્તે રાવણે લંકાનું રાજ્ય પોતાના હાથમાં લીધું પછી પુષ્પક વિમાનમાં બેસી રાવણ સંમેત શિખર પર અરિહંતની પ્રતિમાને વાંદવા ગયો. પાછાં ફરતાં તેને એક દિવ્ય હાથી પ્રાપ્ત થયો. રાવણે તેનું ભુવનાલંકાર એવું નામ પાડ્યું.

## રાવણે યમરાજનો કરેલો પરાજય

એક દિવસ રાવણ દરબાર ભરી બેઠો હતો ત્યાં પવનવેગ વિદ્યાધર આવ્યા અને યમરાજા વિરૂદ્ધ ફરિયાદ કરી, મદદ માગી. રાવણ તુરતજ પોતાની પ્રચંડ સેના લઇ યમરાજા સામે લડવા માટે રવાના થયો અને કિષ્કિંધાપુરી આવી પહોંચ્યો. ત્યાં સાત નરકોનો નાશ કરી પોતાના સેવકોને છોડાવ્યા નરકોના રક્ષકોએ એ સમાચાર યમરાજાને કહી સંભળાવ્યા એટલે યમરાજા રાવણની સામે લડવા આવ્યા. ભયંકર દંડ લઈ યમરાજા રાવણની સામે ધસ્યો પણ રાવણે પલક માત્રમાં એ દંડને નકામો બનાવી દીધો. યમરાજાએ ત્યારબાદ બાણોનો વરસાદ વરસાવવા માંડયો છતાં ફાવ્યો નહિ. અન્તે પરાભવ પામી યમરાજા રથનુપૂરના રાજા ઇન્દ્ર પાસે ગયો. ઇંદ્રરાજા રાવણ સાથે યુદ્ધ લડવા તયાર થયો પણ મંત્રીઓએ તેને તેમ કરતાં રોકયો. રાવણે કિષ્કિંધાપુરી આદિત્ય રાજાને અને ઋક્ષ પુર ઋક્ષરાજને આપીને લંકા પાછા ફર્યો.

## વાલીનું રાવણ સાથે યુદ્ધ

વાનરોનો રાજા આદિત્યરજાને ઇંદુ માલિની નામની એક સ્વરૂપવાન રાણી હતી. એ રાણીએ વાલી નામના એક મહાન પુત્રને જન્મ આપ્યો. વાલી બચપણથી ધર્મનો અનુરાગી હતો આદિત્યરજાને સુગ્રીવ નામે બીજો પણ પુત્ર થયો. આદિત્યરજાએ રાજ્યનો સર્વ

કારભાર પોતાના મોટા પુત્ર વાલીને સોંપી દીક્ષા લીધી

એક દિવસ રાવણના એક અનુચરે રાજસભામાં વાનરેશ્વર વાલીના વખાણ કર્યા. તરતજ રાવણે પોતાનો એક રાજદૂત વાલી પાસે મોકલ્યો અને કહેવરાવ્યું કે વાલીએ પોતાની સેવામાં હાજર થવું પણ વાલીએ રાવણને સ્વામી તરીકે સ્વીકારવાની ના પાડી એટલે બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. યુદ્ધમાં ઘણો સંહાર થતો જોઈ વાલીએ દ્વંદ્વ યુદ્ધનું સૂચન કર્યું. રાવણે તે સ્વીકાર્યું એટલે બંને યોદ્ધાઓએ યુદ્ધનો આરંભ કર્યો. રાવણે પોતાની સર્વ વિદ્યાઓ વાલી પર અજમાવી પણ વાલીએ એ સર્વ વિદ્યાઓનો સુંદર રીતે સામનો કર્યો અને રાવણની એક પણ વિદ્યા એણે કામમાં આવવા દીધી નહિ. છેલ્લે રાવણે દૈવી ચંદ્રહાસ નામનું ખડગ વાલીની સામે ઉગામ્યું. વાલીએ તરત જ ખડગ સાથે ધસી આવતા રાવણને કેડમાંથી ઊંચકયો અને થોડા સમયમાં રાવણને બગલમાં રાખીને પૃથ્વીની ચાર પ્રદક્ષિણા કરી રાવણને છોડી મૂકયો પછી પોતાના ભાઈ સુગ્રીવને ગાદી આપી વાલીએ દીક્ષા અંગીકાર કરી.

## રાવણે કરેલી અષ્ટાપદ પર પ્રભુ ભક્તિ

સુગ્રીવે રાવણને પોતાની બહેન શ્રીપ્રભા પરણાવી અને રાવણને સ્વામી તરીકે સ્વીકાર્યો. એક દિવસ રાવણ નિત્યાલોક નામના નગરમાં નિત્યલોક નામના રાજાની રત્નાવળી નામની કન્યાને પરણવા ચાલ્યો. માર્ગમાં અષ્ટાપદગિરિ ઉપર આવતાં તેનું પુષ્પક વિમાન સ્ખલિત થયું. કાઉસગ ધ્યાને રહેલા વાલીમુનિને પોતાના વિમાનની નીચે જોઈ પૂર્વનું વૈર યાદ કરી, રાવણે વાલિમુનિને હેરાન કરવાનો વિચાર કર્યો પણ વાલિમુનિએ પરચો બતાવતાં રાવણે મુનિની માફી માગી અને તેમને ભાવપૂર્વક

વંદના કરી.

વાલિમુનિને પ્રણામ કરી રાવણ ભરત રાજાના કરાવેલા ચૈત્ય સમીપ આવ્યો; ત્યાં ચૈત્યની બહાર શસ્ત્રો મૂકી પોતે અંતઃપુર સહીત અંદર જઈ અરિહંતની અષ્ટપ્રકારી પૂજા કરી પછી એ મહાસાહસિક રાવણે, ભક્તિથી પોતાની નસો ખેંચી, તેની તંત્રી કરી, ભૂજવીણા વગાડવા માંડી. દશાનન ગ્રામ રાગથી વીણા વગાવડતો હોય અને તેના અંતઃપુરની સ્ત્રીઓ સપ્ત સ્વરથી મનોહર ગીત ગાતી હતી. તેવામાં ધરણેન્દ્ર તે ચૈત્યની યાત્રા માટે આવ્યો. અરિહન્તની સ્તુતિ કરતા રાવણને જોઇ ધરણેન્દ્રએ કહ્યું, "હે રાવણ! તારી આ અનન્ય અને અજોડ ભક્તિ જોઈ હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તારી આ ભક્તિનું સાચું ફળ અથવા પરિણામ મોક્ષ જ હોઈ શકે. પણ હજુ તું સંસારી છે સંસારનો તેં ત્યાગ કર્યો નથી. સંસાર માટેની તારી લાલસા ક્ષય પામી નથી, તેથી તારે જોઈએ તે માગી લે." રાવણે ધીર ગંભીર સ્વરે જવાબ આપ્યો, "હે નાગેન્દ્ર! દેવાધિદેવ અરહંત પ્રભુના ગુણ સ્તવનથી તમે તુષ્ટ થયા તે તમને ઉચિત છે, કારણ કે તે તમારા હૃદયમાં રહેલી સ્વામિભક્તિનું ચિન્હ છે; પરંતુ જેમ વર-દાન આપવાથી તમારી સ્વામિભક્તિનો ઉત્કર્ષ થાય છે તેમ વરદાન લેવાથા મારી સ્વામિભક્તિ હીન થાય છે." રાવણના આ વચનો સાંભળી નાગેન્દ્ર સંતોષ પામ્યા. એમણે રાવણને અમોઘ વિજયા શક્તિ અને રૂપવિહારિણી વિદ્યાઓ આપી. રાવણે અષ્ટાપદ પર્વત પર રહેલા સર્વ તીર્થંકરોને ભાવપૂર્વક વંદન કરી પોતાની પ્રભુ ભક્તિ પૂર્ણ કરી. પછી તે નિત્યલોક નગરે ગયો અને રત્નાવલિ સાથે લગ્ન કરી લંકા પાછો ફર્યો. તે સમયે વાલિમુનિને કેવળજ્ઞાન થયું.

## સહસ્રાંશુ રાજાની હાર અને દીક્ષા

રાવણ દિગવિજય માટે નીકળ્યો. સુર્પણખાનો પતિ ખર અને એના ચૌદ હજાર વિદ્યાધરો રાવણની સાથે હતા. સુગ્રીવ પણ પોતાની પ્રચંડ સેના સાથે રાવણની સાથે ચાલતો હતો રેવા નદીના પટ પર અરિહંતની પ્રતિમા સ્થાપન કરી રાવણ જયારે પૂજા કરતો હતો ત્યારે રેવા નદીમાં પૂર આવવાથી પૂજામાં ભંગ પડયો. તપાસ કરતાં માલમ પડયું કે સહસ્રાંસુ રાજાએ જળક્રીડા કરી દુષિત કરેલું જળ રેલાવી પ્રભુ ભક્તિમાં ભંગ પાડયો હતો તેથી તેને શિક્ષા કરવા રાવણે સૈન્ય મોકલ્યું પણ સહસ્રાંશુએ રાવણની સેનાને હરાવી એટલે રાવણ જાતે સહસ્રાંશુ સામે ગયો અને તેણે તે રાજાને હરાવી કેદ કર્યો. જયારે રાવણને ખબર પડી કે સહસ્રાંશુ શતબાહુ મુનિનો પુત્ર હતો, અને જાણી જોઇને પ્રભુભક્તિમાં ભંગ પાડે નહિ ત્યારે તેણે સહસ્રાંશુને મુક્ત કર્યો. પણ સહસ્રાંશુને વૈરાગ્ય આવ્યો હતો તેથી પોતાનો પુત્ર રાવણને સોંપી તેણે દીક્ષા અંગીકાર કરી. સહસ્રાંશુની દીક્ષાની વાત સાંભળી તેના પરમ મિત્ર અયોધ્યાના રાજા અનરણ્યે પણ પુત્ર દશરથને ગાદી સોંપી દીક્ષા લીધી.

## રાવણે અટકાવેલો મરૂત રાજાનો યજ્ઞ

આ અરસામાં દષ્ટિના પ્રહારથી વેદના પામેલા નારદ રાવણની સભામાં હાજર થઈ બોલવા લાગ્યા. “ અન્યાય ! અન્યાય !” રાવણે પૂછ્યું, “આપ શાન્ત થાઓ અને તમને કોણે અને કેવી રીતે અન્યાય કર્યો છે તે જણાવો.” નારદે કહ્યું. “રાજપુરનગરમાં મરૂત નામે રાજા છે. તે દુષ્ટ બ્રાહ્મણોના સહવાસથી હિંસક યજ્ઞ કરે છે. યજ્ઞમાં હોમ કરવા માટે નિરપરાધી પશુઓને પૂરી રાખવામાં આવ્યા છે. પશુઓનો પોકાર સાંભળી મેં મરૂતરાજાને પૂછ્યું, “આ શું આરંભ્યું છે?” મરૂતે કહ્યું.” અહીં બ્રાહ્મણોએ કહેલ યજ્ઞ થાય છે.

દેવની તૃપ્તિ માટે પશુઓને હોમવાના છે. આ મહાધર્મ છે અને તે સ્વર્ગનો હેતુ કહેલો છે." મેં તેમને જણાવ્યું, "મરૂત રાજા, આ બધું મિથ્યા છે. શરીર એ યજ્ઞ છે અને આપણા જે કષાયો છે એ અંદર હોમવાના છે. જે માણસ પોતાના કુકર્મોને એ યજ્ઞમાં હોમે છે એજ માણસ સાચા મોક્ષનો અધિકારી બને છે મૂંગા પ્રાણીઓને હોમવાથી તો આપણે નરકનાજ અધિકારી બનીએ છીએ. આપ આવા યજ્ઞ બંધ કરાવો ને પશુઓને અભયદાન આપો. મારૂં આ કથન સાંભળીને યજ્ઞ કરાવનાર બધા પુરોહિતો ગુસ્સે થઈ ગયા અને હાથમાં દંડ અને લાકડાં લઈ મને મારવા માંડયો. ત્યાંથી નાસીને હું તમારી પાસે આવ્યો છું. તમારે એ મરૂત રાજાને આવા પાપ કર્મથી બચાવવો જોઈએ."

તરતજ રાવણ મરૂત રાજા પાસે ગયો અને હિંસાત્મક યજ્ઞ બંધ કરાવ્યો.

## 'અજ'ના અર્થ ભેદથી થયેલ યજ્ઞ હિંસા

અજૈર્યષ્ટવ્યમ્' એવો ઋગ્વેદમાં ઉલ્લેખ છે. આ 'અજ' શબ્દના બે અર્થ થાય છે. અજ એટલે બકરૂં અને અજ અટલે ત્રણ વર્ષનું જુનું ધાન્ય. ક્ષીર કંદબ નામના નારદના ગુરૂના પુત્ર પર્વતે અજ્ઞાનથી 'અજ' નો અર્થ બકરૂં કર્યો. વસુરાજાએ પર્વતના અર્થને ટેકો આપ્યો. અંગત વૈરનો બદલો લેવા મહાકાળ અસુરે પણ અજનો અર્થ બકરૂં કર્યો. ધીમે ધીમે આ ખોટા મતનો પ્રચાર થયો. અને યજ્ઞોમાં પશુઓ હોમાવા લાગ્યાં.

## રાવણે મેળવેલ નલકુબરરાજા પર વિજય

ઇન્દ્ર રાજાના પૂર્વ દિકપાલ દુર્લંધ્યપુરના નલકુબરે નગર ફરતો એક અગ્નિમય કિલ્લો બાંધ્યો હતો. એ કિલ્લાનો ઘેરાવો

સો યોજન હતો. દુર્લંઘ્યપુરને જીતવા રાવણે બિભીષણ અને કુંભકર્ણને મોકલ્યા પણ જ્યારે તેમને સફળતા સાંપડી નહિ ત્યારે રાવણ જાતે ગયો અને આશાળી વિદ્યા શિખી નલકુબરને હરાવ્યો.

### રથનુપુરના રાજા ઇન્દ્રની હાર

નલકુબરને હરાવ્યા પછી રાવણને રથનુપુરના રાજા ઈન્દ્ર સાથે યુદ્ધ કરવાની ફરજ પડી યુદ્ધને ટાળવા રાવણે ઇન્દ્રને ઘણો સમજાવ્યો પણ ઇન્દ્રે રાવણની સલાહ માની નહિ તેથી અન્તીમ ઉપાય તરીકે રાવણે વિગ્રહ જાહેર કર્યો.

રાવણના લશ્કરની સામે ઇન્દ્ર પણ એક પ્રચંડ સેના લઈ આવ્યો. રાવણને વિચાર આવ્યો કે જો આ બન્ને લશ્કરો સામસામા લડશે તો ઘણીજ માનવ ખુવારી થશે. એવી હિંસા ઉચિત નથી. આથી એણે ઈન્દ્રને કહેરાવ્યું કે આપણે બે જ યુદ્ધ કરીએ દ્વંદ્વ યુદ્ધમાં જે જીતે તેજ વિજયી થયો ગણાશે લશ્કરો લડાવી હિંસા શા માટે કરવી ? ઇન્દ્રે રાવણની દરખાસ્તનો સ્વીકાર કર્યો.

દ્વંદ્વ યુદ્ધમાં રાવણે ઈન્દ્રનો પરાભવ કરી એને કેદ કરી લીધો અને લંકા લાવ્યો. પણ ઇન્દ્રના પિતા સહસ્રારની વિનંતીથી રાવણે તેને મુકત કર્યો. ઇન્દ્ર પોતાના નગરમાં પાછો ફર્યો. થોડા સમય પછી પોતાના પુત્ર દત્તવીર્યને રાજ્ય સોંપી ઇન્દ્રે દીક્ષા લીધી.

### પવનંજયનો અંજના સાથે વિવાહ

મહિન્દ્રપુરના રાજા મહેન્દ્રને અંજના સુંદરી નામની એક સ્વરૂપવાન પુત્રી હતી અંજનાના લગ્ન માટે બે જણનાં નામ બોલાતાં હતાં એક પ્રહલાદ રાજાના પુત્ર પવનંજયનું અને બીજું હિરણ્યાભના પુત્ર વિદ્યુત્પ્રભનુ પરંતુ જોષીઓએ મહેન્દ્ર રાજાને એમ જણાવ્યું હતુ કે વિદ્યુત્પ્રભનું આયુષ્ય ટુંકું છે આથી મહેન્દ્ર રાજાએ અંજનાનો

વિવાહ પવનંજય સાથે કરવા વિચાર કર્યો.

લગ્ન પહેલાં એક વખત પવનંજય અંજનાને મળવા તેના ઉદ્યાનમાં ગયો. આ સમય તેની એક સખી પવનંજયના વખાણ કરતી હતી અને બીજી વિદ્યુત્પ્રભનાં વખાણ કરતી હતી લજ્જાને લીધે અંજના પોતાની સખીને વિદ્યુત્પ્રભનાં વખાણ કરતી અટકાવતી ન હતી. આથી પવનંજયને ખોટું લાગ્યું. તે અંજનાને પરણ્યો ખરો પણ તે તેને બોલાવતો નહિ.

પવનંજયનું રાવણની મદદે જવું.

આજ અરસામાં રાવણને ઇન્દ્રરાજાના દિગપાળ વરૂણની સાથે યુદ્ધમાં ઉતરવાની ફરજ પડી. વરૂણ રાજા બળવાન અને પરાક્રમી હોવાથી રાવણે વિદ્યાધર રાજાઓની પણ મદદ માગી. પ્રહલાદ રાજાએ પુત્ર પવનંજયને રાવણની મદદે મોકલવાનો નિશ્ચય કર્યો. પવનંજયે રાવણની મદદે જવાનું કબૂલ કર્યું, પણ જતી વખતે એણે અંજનાને બે મીઠા શબ્દો પણ કહ્યા નહિ અને તેને રડતી મૂકી એ વિદાય થયો.

રસ્તામાં એક દિવસ પવનજય એક સરોવરના કિનારે બેઠો હતો. ધરતી પર ચાંદનીનો પ્રકાશ અમીધારા રેલાવી રહ્યો હતો એટલામાં પવનંજય એક ચક્રવાકીને જોઈ. એ ચક્રવાકી પોતાના પતિના વિયોગથી ભયંકર કલ્પાંત કરી રહી હતી.

એ જોતાં જ પવનંજયને વિચાર આવ્યો કે, "આહો, આખો દિવસ આ ચક્વાકીએ એના પતિ સાથે ક્રીડા કરી હશે તો પણ એ રાત્રિના પતિવિરહને સહી શકતી નથી અને ઘોર કલ્પાંત કરે છે. જો એને પતિવિરહ આટલી બધી વેદના ઉત્પન્ન કરે છે તો મારી પત્ની અંજનાની શી દશા હશે? મેં એના પ્રત્યે ઉદાસીન વૃત્તિ સેવીને મોટો અપરાધ કર્યો છે. એ અપરાધ મારે એની

પાસે કબૂલ કરવો જ જોઈએ."

પવનંજય અને અંજનાસુંદરીનો મેળાપ

આ વાત પવનંજયે પોતાના મિત્ર પ્રહસિતને જણાવી પછી બંને જણ આકાશમાં ઊડીને અંજનાના મહેલમાં આવ્યા. પવનંજયે અંજનાની માફી માગી. પ્રહસિત પહેરેગીર બની બહાર ઊભો રહ્યો. પવનંજય અને અંજના આનંદમાં એટલાં બધાં મગ્ન બની ગયાં કે રાત્રિના પહોરનું પણ એમને ભાન રહ્યું નહિ. પ્રહસિતે પવનંજયને બૂમ પાડીને બોલાવ્યો એટલે તે મહેલની બહાર આવ્યો. પવનંજયને મનમાં બીક લાગી કે જો તે પોતાના માતા પિતા કે અન્ય સગાંઓને પોતાના આગમનની જાણ કરશે તો તે લોકો તેને ધિક્કારશે. આ બીકે તે છાનો માનો સરોવર ભણી જતો રહ્યો.

## અંજના સુંદરીને માથે આવી પડેલું દુઃખ

અંજનાસુંદરીને તે દિવસથી ચડતા દિવસ રહ્યા. સગાંવહાલાંને એ વાતની ખબર પડી. એની સાસુએ કહ્યું, "મારો પુત્ર યુદ્ધમાં છે અને તને ગર્ભ કઈ રીતે રહ્યો? તું વ્યભિચારિણી છે માટે મારા ઘરમાંથી બહાર નીકળ."

પવનંજયે જતી વખતે અંજનાને પોતાના નામની સંજ્ઞાવાળી એક રત્નજડિત મુદ્રિકા આપી હતી એ મુદ્રિકા અંજનાએ બતાવી અને કહ્યું, "તમે મારા પર વિશ્વાસ રાખો. તેઓ રાત્રે અહીં આવ્યા હતા. મેં પરપુરૂષનો સંગ કર્યો નથી" પણ અંજનાનું કહ્યું કોઇએ માન્યું નહિ. રાજાના અનુચરો તેને રથમાં બેસાડી તેના પિતાના નગર મહેન્દ્રપુર નજીક મૂકી આવ્યા અંજનાની સાથે એની પ્રિય સખી વસંતતિલકા પણ હતી.

અંજનાના પિતાએ પણ તેને આશ્રય આપ્યો નહિ તેના ભાઇ પ્રસન્ન કીર્તિએ અંજનાને 'કલંકિતા' કહી તેનો તિરસ્કાર કર્યો. પ્રતિહારીએ અંજનાનો હાથ ખેંચી એને બારણા બહાર ધકેલી દીધી. ચોધાર આંસુએ રડતી અંજના એની પ્રિય સખી વસંત-તિલકા સાથે પાછી ફરી.

પાછી ફરીને એ કયાં જાય ? ઊંચે આભ અને નીચે ધરતી. એને આશરો આપનાર કોઈ ન હતું. એના ભગ્ન હૃદયને આશ્વાસન આપનાર પણ કોઈ ન હતું. આ અરસામાં અમિતગતિ મુનિ મળ્યા. ધર્મલાભ આપી, અંજનાને તેનો પૂર્વભવ કહી સંભળાવી ધીરજ આપી.

## હનુમાનનો જન્મ

પૂર્ણ માસે અંજનાએ એક પરાક્રમી પુત્રને જન્મ આપ્યો. એવામાં પ્રતિસૂર્ય નામનો અંજનાનો મામો ત્યાં આવ્યો અને બધાંને એક વિમાનમાં બેસાડી પોતાના નગર હનુમાનપુર જવા નીકળ્યો. રસ્તામાં અંજનાનો પુત્ર વિમાનમાં રહેલા ઝુમખાને પકડવા માતાના ખોળામાંથી કૂદી પડયો. તે બાળક એક પર્વત પર પડયો અને તેના પગના આઘાત માત્રથી તે પર્વતના ચૂરેચૂરા થઈ ગયા. પ્રતિસૂર્યે તે બાળકને પાછો તેની માતાના ખોળામાં લાવી મૂકયો. તે બાળક પ્રથમ હનુમાન પૂર નગરમાં આવેલ હોવાથી તેનું નામ હનુમાન રાખવામાં આવ્યું. અને પર્વતના ચૂરેચૂરા કરેલ હોવાથી એનું બીજું નામ શ્રી શૈલ રાખવામાં આવ્યું. અનુક્રમે હનુમાન મોટો થયો.

## અંજના અને પવનંજયનો મેળાપ

રાવણની સાથે ગયેલ પવંનજયે વરૂણનો પરાજય કર્યો અને

રાવણની રજા લઈ ઘેર આવ્યો ત્યારે તેને ખબર પડી કે ગર્ભ સંભાવનાને લીધે અંજનાને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી છે. પવનંજય અંજનાના પિયર ગયો. ત્યાં પણ અજંનાનો કોઇએ સત્કાર કર્યો ન હતો એ સાંભળીને પવનંજય ઘણો દુઃખી થયો. તેણે અગ્નિ પ્રવેશ કરવાનો નિર્ણય કર્યો અને એના માતા પિતાને પોતાના આ અગ્નિ પ્રવેશના નિણર્યની જાણ કરી. અંજનાની શોધ કરવા પ્રહ્લાદ રાજાએ દશે દિશામાં અનુચરો મોકલ્યા. અનુચરો ફરતા ફરતા હનુપુર પહોંચ્યા. અંજનાએ પવનંજયનો નિર્ણય જાણી વિલાપ કરવા માંડયો એનો વિલાપ સાંભળી પ્રતિસૂર્યે એને આશ્વાસન આપ્યું એક વિમાનમાં અંજના તથા હનુમાનને બેસાડી જયાં પવનજય હતો તે જંગલમાં આવી પહોંચ્યો. પોતાની પ્રિયાને જોઈ તત્કાળ પવનંજય સમુદ્રની જેમ દુઃખની ભરતીથી નિવૃત્ત થયો અને પોતાની ભૂલની માફી માગી.

## વરૂણ સાથે રાવણનું બીજું યુદ્ધ-હનુમાનનું પરાક્રમ

આ અરસામાં રાવણને વરૂણ સાથે બીજી વાર યુદ્ધ કરવાની ફરજ પડી તેમાં હનુમાન કેટલાક સામંતો લઈ યુદ્ધમાં ગયો. વરૂણ પોતાના સો પુત્રો ને લઇ યુદ્ધ કરવા આવ્યો. હનુમાને એના સો પુત્રો ને પશુઓની જેમ બાંધી લીધા. રાવણ અને વરૂણ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અન્તે રાવણ વરૂણ અને તેના પુત્રોને કેદ કરી પોતાની છાવણીમાં લાવ્યો અને પછી બધાને છોડી મૂકયા. હનુમાનના પરાક્રમથી પ્રસન્ન થઈ વરૂણે પોતાની સત્યવતી નામની કુંવરી હનુમાન ને પરણાવી અને રાવણે સુર્પનખાની પુત્રી હનુમાનને આપી પછી ઘણી કન્યાઓ પરણી હનુમાન ઘેર પાછો ફર્યો

## બલદેવ રામ-વાસુદેવ લક્ષ્મણ

અયોધ્યા નામના નગરમાં ઇક્ષ્વાકુ વંશમાં સૂર્યવંશી અનેક

રાજાઓ થઈ ગયા આજ કુળમાં અનરણ્ય નામનો રામ થયો. તેને અનંત રથ અને દશરથ એમ બે પુત્રો હતા. અનરણ્યે પોતાના મોટા કુંવર અનંતરથ સાથે દીક્ષા લીધી અને એક માસના દશરથને ગાદીએ બેસાડયો.

અનુક્રમે દશરથ યુવાવસ્થા પામ્યો. એની કીર્તિ ચારે દિશામાં ફેલાવા લાગી. એક મહાન રાજવી તરીકે એણે નામના મેળવી. એ દર્ભસ્થળ નગરના રાજા સુકોશલની કુંવરી અપરા જિતા (કૌશલ્યા), કમળ-સંકુલ નગરના રાજા સુબંધુ તિલકની કુંવરી સુમિત્રા અને સુપ્રભા નામની રાજકુંવરી એમ ત્રણ સુંદર કન્યાઓ પરણ્યો.

રાવણના મૃત્યુની આગાહી

એક દિવસ રાવણને એક નૈમિત્તિકે જણાવ્યું "હવે પછી થનારી જનક રાજાની પુત્રી જાનકીના કારણને લીધે, દશરથ રાજાના હવે પછી થનારા પુત્રથી તમારૂં મૃત્યુ થશે" આ સાંભળી રાવણના નાના ભાઇ વિભીષણે દશરથ તથા જનકરાજા ને મારી નાખવાનો દઢ સંકલ્પ કર્યો પછી મોટાભાઇ રાવણના આશીર્વાદ લઈ પોતાના આ કાર્ય માટે પ્રયાણ આદર્યું.

દશરથ તથા જનકનું છુપાવેશે પરિભ્રમણ

વિભીષણ દશરથ તથા જનકરાજાને મારવા જાય છે એ વાતની નારદને ખબર પડી એટલે તરત જ નારદ દશરથ રાજા પાસે આવ્યા અને દશરથને સર્વ વાતથી વાકેફ કર્યા. દશરથે પોતાના મંત્રીઓને બોલાવ્યા અને આ વિષે શું કરવું તેનો તેઓ વિચાર કરવા લાગ્યા અન્તે એમ નક્કી કરવામાં આવ્યું કે દશરથ રાજાની લેપ્યમય મૂર્તિ બનાવી રાજમહેલની અંદર રાખવી ને દશરથ રાજાએ રાજ્યની બહાર છાનામાનાં ચાલ્યા જવું. જનક રાજાના મંત્રીઓએ પણ જનકને આવી જ શિખામણ આપી. દશરથ તથા જનક પૃથ્વી પર

છૂપાવેશે ફરવા લાગ્યા.

વિભીષણ અયોધ્યા આવ્યો અને રાજમહેલમાં અંધકારમાં રહેલી દશરથની લેપ્યમય મૂર્તિના મસ્તકને તેણે ખડગથી છેદી નાખ્યું. તે વખતે બધા નગરમાં કોલાહલ થઈ રહ્યો. અંતઃપુરમાં મોટો આક્રન્દધ્વનિ થયો. સામંત રાજાઓ અંગરક્ષક સહિત તૈયાર થઈને ત્યાં દોડી આવ્યા. મંત્રીઓએ રાજાની સર્વ પ્રકારની ઉત્તર ક્રિયા કરી. દશરથ રાજાને મૃત્યુ પામેલા જાણી વિભીષણ લંકા તરફ ચાલ્યો ગયો. એકલા જનકરાજાથી કાંઈ થઈ શકે એમ નથી એવું ધારી તેણે જનકને માર્યો નહિ.

કૈકેયીને વરદાન

દશરથ અને જનકરાજા છૂપાવેશમાં ફરતા ફરતા દ્રોણમુખ રાજાની બહેન કૈકેયીના સ્વયંવરમાં આવ્યા. કૈકેયીએ દશરથને વરમાળા પહેરાવી, સ્વયંવરમાં આવેલા બધા રાજાઓ દશરથ પર ગુસ્સે થયા. એમણે દશરથની સાથે યુદ્ધ કર્યું યુદ્ધમાં કૈકેયીએ દશરથરાજાના સારથી તરીકે કામ કર્યું. દશરથે સર્વ રાજાઓનો પરાભવ કર્યો. દશરથને લાગ્યુ કે આ વિજયનો સાચો યશ કૈકેયીને ફાળે જાય છે. એની મદદ વિના આ યુદ્ધ કદાચ ન જીતી શકાયું હોત; આથી દશરથ રાજાએ કૈકેયીને વરદાન માગવા કહ્યુંઃ કૈકેયીએ કહ્યું, "સમય આવશે ત્યારે હું વરદાન માગીશ. ત્યાં સુધી એ વરદાન તમારી પાસે થાપણ રૂપે રહો" દશરથ રાજાએ તેમ કરવા કબૂલ કર્યું.

ત્યારબાદ દશરથ રાજાએ મગધપતિનો પરાજય કર્યો. અયોધ્યા જવાનું ઉચિત ન લાગવાથી તેણે મગધદેશની રાજગૃહીમાં જ રહેવાનું રાખ્યું. અયોધ્યાથી પોતાના અંતઃપુરને પણ એણે રાજગૃહીમાં બોલાવી લીધું.

બલદેવ રામનો જન્મ

અન્યદા અપરાજિતા પટ્ટરાણીએ રાત્રિના શેષ ભાગે બળભદ્રના જન્મને સૂચવનારા હાથી, સિંહ, ચંદ્ર અને સૂર્ય એ ચાર સ્વપ્ન જોયાં. તે વખતે કોઇ દેવ દેવલોકમાંથી ચ્યવીને અપરાજિતાની કુક્ષિ વિષે અવતર્યો. પૂર્ણ માસે અપરાજિતા માતાએ એક પુત્ર રત્નને જન્મ આપ્યો. પ્રથમ અપત્ય રત્નના મુખકમળના દર્શનથી રાજા અતિ હર્ષ પામ્યો. તેણે યાચકોને દાન આપ્યું અને પુત્રનું નામ પદ્મ પાડયું. લોકમાં તે રામ એવા નામથી પ્રખ્યાત થયો.

વાસુદેવ લક્ષ્મણનો જન્મ

ત્યાર પછી અન્યદા રાણી સુમિત્રાએ રાત્રિનાશેષ ભાગે વાસુદેવના જન્મને સૂચવનારાં હાથી, સિંહ, સૂર્ય, ચંદ્ર અગ્નિ, લક્ષ્મી અને સમુદ્ર એ સાત સ્વપ્ન જોયાં. તે સમયે એક પરમર્દ્ધિક દેવ દેવલોકમાંથી ચ્યવી સુમિત્રા દેવીની કુક્ષિ વિષે પુત્રપણે અવતર્યો. પૂર્ણમાસે સુમિત્રા માતાએ પુત્ર રત્નને જન્મ આપ્યો. તે સમયે દશરથ રાજાએ અરિહંતના સર્વનગર ચૈત્યોમાં સ્નાત્રપૂર્વક અષ્ટપ્રકારી પૂજા રચાવી અને કારાગૃહમાં પૂરેલા શત્રુઓને છોડી મૂકયા. પિતાએ પુત્રનું નારાયણ એવું નામ પાડયું પણ લોકોમાં તે લક્ષ્મણ એવા બીજા નામથી પ્રખ્યાત થયો. કૈકયીએ ભરતનામના પુત્રને જન્મ આપ્યો. સુપ્રભાના પુત્રનું નામ શત્રુઘ્ન પાડવામાં આવ્યું.

રામનું પરાક્રમ

જનકરાજાને અર્ધબર્બર દેશના મ્લેચ્છો વારંવાર હેરાન કરતા હતા. એટલે એમની સામે યુદ્ધ કરવા તેમણે નિશ્ચય કર્યો અને પોતાના મિત્ર દશરથની મદદ માગી. દશરથે રામના આગ્રહથી રામ તથા બીજા કુંવરોને સેના સહિત મોકલ્યા. શરૂઆતમાં

મ્લેચ્છોએ ઘણું પરાક્રમ દાખવ્યું. પણ રામે બાણોનો વરસાદ વરસાવ્યો એટલે તેઓ ટકી શકયા નહિ અને તેમનો પરાજય થયો. રામનું આવુ અદ્‌ભુત પરાક્રમ જોઈ જનકે પોતાની પુત્રી સીતા તેને આપી. લગ્ન પછી રામ મિથિલામાં જ થોડા દિવસ રહ્યા.

સીતાનાં રૂપનાં વખાણ સાંભળી નારદ અંતઃપુરમાં આવ્યા પણ સીતા નારદને ઓળખતી ન હોવાથી તેમજ નારદનું વિચિત્ર સ્વરૂપ જોઈ ભય પામી. સીતાની દાસીઓએ નારદને પકડયા. નારદ માંડમાંડ તેમના હાથમાંથી છૂટયા. નારદને આથી ઘણું લાગી આવ્યું. તે ભામંડળને મળ્યા ને સીતાની છબી બતાવી ભામંડળને તેની પ્રત્યે અનુરાગી બનાવ્યો. ભામંડળના પિતા ચંદ્રગતિને આ વાતની ખબર પડી. ભામંડળની ઈચ્છા સીતા સાથે પરણવાની જાણી ચંદ્રગતિએ જનકરાજાને પોતાને ત્યાં બોલાવ્યા અને સીતાનુ લગ્ન ભામંડળ સાથે કરવાનું કહ્યું. જનકે કહ્યું કે સીતા તો મેં રામને આપી છે પણ ચન્દ્રગતિએ માન્યુ નહિ તેણે કહ્યું, "હે જનક જોકે હું તે સીતાનુ હરણ કરવા સમર્થ છું પણ સ્નેહવૃદ્ધિ કરવા માટેજ તમને અહીં બોલાવીને મેં તેની યાચના કરી છે. જો કે તમે તમારી પુત્રી રામ માટે કલ્પી છે. તથાપિ તે રામ જો અમારો પરાજય કરશે તો તે તેને પરણી શકશે, માટે દુઃસહ તેજવાળા વજાવર્ત અને અર્ણવાવર્ત નામે બે દૈવી ધનુષ્ય તમે લઇ જાવ. જો તે બે ધનુષ્યમાંથી એકને પણ રામ ચઢાવશે તો તેનાથી અમે પરાજિત થઈ ગયા એમ સમજવુ. પછી તે તમારી પુત્રી સીતાને સુખે પરણે."

જનકરાજા મિથિલા આવ્યા. નિયત દિવસે પેલા બે ધનુષ્યો રાજસભામાં લાવવામાં આવ્યા ભામંડળ પણ એના સામન્તો સાથે મિથિલા આવ્યો. રામે તો ધનુષ્યની દોરીને ઘણીજ આસાનીથી કાન

સુધી ખેંચી તીર છોડયું. ભામંડળ શરમાયો. તેણે સભાત્યાગ કર્યો દશરથને રામના આ પરાક્રમની જાણ કરવામાં આવી અને તેમને મિથિલા આવવા આમંત્રણ પાઠવવામાં આવ્યુ. દશરથે આમંત્રણ સ્વીકાર્યું અને તે મિથિલા આવ્યા. આ સમયે જનકના ભાઈ કનકે પોતાની પુત્રી ભરતને પરણાવી. પછી દશરથ મિથિલામાંથી પરિવાર સાથે અયાધ્યા પાછા ફર્યા.

એકદા દશરથ રાજાએ મોટી સમૃદ્ધિથી ચૈત્ય મહોત્સવ અને શાન્તિ સ્નાત્ર કરાવ્યા. પછી રાજાએ સ્નાત્ર જળ અંતઃપુરના અધિકારી વૃદ્ધ પુરૂષની સાથે પ્રથમ પોતાની પટ્ટરાણીને મોકલ્યું અને પછી દાસીઓ દ્વારા બીજી રાણીઓને સ્નાત્ર જળ મોકલાવ્યું યૌવન વયને લીધે શીઘ્ર ચાલનારી દાસીઓએ ઉતાવળે આવીને બીજી રાણીઓને સ્નાત્રજળ પહોંચાડયું એટલે તેમણે તત્કાળ તેને વંદન કર્યું. પેલો અંતઃપુરનો અધિકારી વૃદ્ધપણાને લીધે મંદ મંદ ચાલતો હતો તેથી પટ્ટરાણીને સ્નાત્ર જળ તરત મળ્યુ નહીં એટલે તે વિચારવા લાગી કે "રાજાએ બધી રાણીઓને જિનેન્દ્રનું સ્નાત્ર જળ મોકલ્યું અને હું પટ્ટરાણી, છતાં મને મોકલાવ્યું નહિ; માટે મારા જેવી મંદ ભાગ્યાને જીવીને શું કરવું છે? માનના ધ્વંશ થયા છતાં જીવવુ તે મરણથી પણ વિશેષ દુઃખરૂપ છે" આ પ્રમાણે વિચારી મરવાનો નિશ્ચય કરી કૌશલ્યાએ અંદરના ખંડમાં જઈ વસ્ત્ર વડે ફાંસો ખાવાનો આરંભ કર્યો તેટલામા રાજા દશરથ ત્યાં આવી ચડયા તેને તેવી સ્થિતિમાં, તેના આપઘાતના પ્રયાસથી ભય પામી રાજાએ તેને પોતાના ઉત્સંગમાં બેસાડી પૂછ્યુ, "તેં આવુ દુઃસાહસ કેમ આરંભ્યુ છે દૈવયોગે મારાથી તો કાંઇ તારૂં અપમાન નથી થયું? તે ગદ્ગદ્ સ્વરે બોલી, "તમે બધી રાણીઓને જિનસ્નાત્રનુ જળ મોકલાવ્યું અને મારે માટે મોકલાવ્યુ નહિં" આ પ્રમાણે તે કહેતી

હતી તેટલામાં પેલો વૃદ્ધ કંચુકી,"આ સ્નાત્ર જળ રાજાએ મોકલાવ્યું છે એમ બોલતો ત્યાં આવ્યો રાજાએ કંચુકીને પૂછ્યુ, "તુ આટલો મોડો કેમ આવ્યો ?" કંચુકી બોલ્યો, "સ્વામી મોડા થવામાં મારી વૃદ્ધાવસ્થાજ કારણરૂપ છે " રાજાને લાગ્યુ મારે પણ વૃદ્ધાવસ્થા મને પાંગળો કરે તે પહેલા સ્વશ્રેય સાધવું જોઇએ.

એવામાં ચતુર્જ્ઞાની મુનિ સમવસર્યા. મુનિની દેશના તથા પોતાનો પૂર્વભવ સાંભળી દશરથને વૈરાગ્ય આવ્યો. એણે બધાને બોલાવ્યા અને પોતાનો વિચાર જણાવ્યો. ભરતે પિતાની સાથે દીક્ષા લેવા તૈયારી બતાવી. કૈકેયીને લાગ્યું કે તે પતિ અને પુત્ર બન્ને ગુમાવશે. તેથી તેણે દશરથ રામને કહ્યું, "મારૂં એક વરદાન તમારી પાસે લેણુ છે. હું માગુ છું કે મારા પુત્ર ભરતને તમારૂં રાજ્ય આપો."

રામની વનવાસ જવા માટે માગણી.

ભરત આ સાંભળી ઘણો વિસ્મય પામ્યો અને રામ હોય ત્યાં સુધી પોતાથી ગાદી પર બેસાય નહિ એમ જણાવ્યું. રામે ભરતને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તેને નિષ્ફળતા મળી. આથી રામે વિચાર્યું કે હું હોઈશ ત્યાં સુધી ભરત રાજય સ્વીકારશે નહિ. માટે મારે વનમાં જવું જોઈએ" રામે પોતાનો વનવાસ જવાનો વિચાર દશરથને જણાવ્યો. તે સાંભળી રાજા મૂર્છા પામ્યા.

રામ કૌશલ્યાની રજા લેવા ગયા પણ કૌશલ્યાએ જયારે રામના વનવાસની વાત સાંભળી ત્યારે તે મૂર્છા પામી. સીતા પોતાની પાસે રહેશે એ વિચારથી તે ભાનમાં આવી પણ જયારે સીતાએ રામની સાથે જવાની રજા માગી ત્યારે કૌશલ્યાની આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસવા લાગ્યો. લક્ષ્મણ ને જયારે રામ વનમાં જાય છે

એમ ખબર પડી ત્યારે તેના ક્રોધે માઝા મૂકી પણ તેણે રામની સેવા કરવા તેમની સાથે જવાનો દઢ સંકલ્પ કર્યો. સુમિત્રા માતાની રજા લઈ તે રામ અને સીતાની પાછળ ગયો.

રામ, લક્ષ્મણ અને સીતા નગરની બહાર નીકળ્યા ત્યારે નગરજનો પ્રેમથી તેમની પાછળ દોડવા લાગ્યા અને ક્રૂર કૈકેયીના અત્યંત અપવાદ બોલવા લાગ્યા. રાજા દશરથ પણ અંતઃપુરના પરિવાર સહિત રૂદન કરતા કરતા રામની પાછળ ચાલ્યા. જયારે રામ અને પ્રજાજન રામની પછવાડે બહાર નીકળ્યા ત્યારે બધી અયોધ્યાપુરી જાણે ઉજજડ હોય એવી દેખાવા લાગી. રામે પિતા અને માતાઓને વિનયથી સમજાવીને માંડ માંડ પાછા વાળ્યા. ઘટિત વચનોથી પુર જનોને પણ વિસર્જન કરી, રામ, સીતા અને લક્ષ્મણ સહિત આગળ વધ્યા. માર્ગમાં ગામે ગામે અને શહેરે શહેરે, વૃદ્ધ પુરુષો તેમને રહેવાની પ્રાર્થના કરતા હતા, પણ રામ કોઈ ઠેકાણે રોકાતા ન હતા.

ભરતે રાજય સ્વીકાર્યું નહિ એટલે દશરથે રામ લક્ષ્મણ ને પાછા લાવવા સામંતો અને મંત્રીઓ મોકલ્યા. પણ રામે સામંતો અને મંત્રીઓને પાછા મોકલ્યા અને પોતે ગંભીરા નામની નદી પાર કરી આગળ ચાલ્યા. સામંતોને પાછા આવેલા જોઈ ભરતને ભારે ખેદ થયો. તે પશ્ચાતાપ કરતી કૈકેયી તથા અન્ય અનુચરો સાથે રામને પાછા બોલાવવા ગયો, પણ રામ પાછા આવ્યા જ નહિ. તેમણે કહ્યું, " ભરત, તારી ભ્રાતૃ ભક્તિ હું સમજું છું પણ લીધેલી પ્રતિજ્ઞા હું તોડું તો આપણા રઘુ કુળની કીર્તિને કલંક લાગે "

પછી કૈકેયીએ રામને મનાવવાનો પ્રયત્ન કર્યો. તેણે કહ્યું, "ભરતનું વચન માન્ય કરી તમે પાછા ફરો. આ વિષયમાં તમારા પિતા કે ભરતનો દોષ નથી. દોષ મારો જ છે. પતિને, પુત્રોને, તેમની માતાઓને અને પ્રજાજનોને અત્યંત દુઃખ ઉત્પન્ન કરનારું

જે કર્મ મેં કર્યું છે તેને માટે મને ક્ષમા કરો; કારણ કે તમે પણ મારા પુત્ર છો."

રામે જવાબ આપ્યો, "હે માતા ! હું દશરથ જેવા પિતાનો પુત્ર થઇ પ્રતિજ્ઞાનો કેમ ભંગ કરું ? પિતાએ ભરતને રાજ્ય આપ્યું અને તેમાં હું સંમત થયો, તો અમો બંને જીવતાં એ વાણી અન્યથા કેમ થાય ? માટે અમારા બંનેના આદેશથી ભરત રાજા થાઓ." પછી સીતાએ લાવેલા જળ વડે સર્વ સામંતની સાક્ષીએ ત્યાં જ ભરતનો રાજ્યાભિષેક કર્યો. પછી કૈકેયીને પ્રણામ કરી, સર્વને અયોધ્યા તરફ વિદાય કરી, રામ દક્ષિણ દિશા તરફ ચાલ્યા.

ભરત અયોધ્યામાં આવ્યો અને પિતા તથા વડીલ બંધુની આજ્ઞાથી તેણે રાજ્યભાર સ્વીકાર્યો પછી રાજા દશરથે મહામુનિ સત્ય ભૂતિ પાસે દીક્ષા લીધી.

રામ, લક્ષમણ અને જાનકી ફરતા ફરતા અવન્તીદેશમા આવી પહોંચ્યા.

એ સમયે અવન્તીમાં સિંહોદર નામે રાજા હતો. તેનો વજ્રકર્ણ નામનો એક સામંત દશાંગપુરમાં રહેતો હતો. તેણે એક મુનિના ઉપદેશથી મનમાં નક્કી કર્યું કે તીર્થંકર સિવાય કોઈને નમવું નહિ. તેણે પોતાની આંગળીની વીંટીમાં તીર્થંકરની પ્રતિમા રાખી હતી. સિંહોદરને આ છળ સંબંધી ખબર પડી તેણે દશાંગપુરને ઘેરો ઘાલ્યો.

### સિંહોદરની લક્ષમણને હાથે હાર

રામ પણ ચાલતા ચાલતા દશાંગપુર નજીક આવી પહોંચ્યા અને તેમણે આ સઘળી હકીકત જાણી. એમણે લક્ષ્મણને દશાંગપુર મોકલ્યો અને પોતે સીતાની સાથે બહાર ઉદ્યાનમાં રહ્યા વજ્રકર્ણે લક્ષ્મણનો સારો સત્કાર કર્યો ત્યાંથી લક્ષમણ સિંહોદર પાસે ગયો

સિંહોદરે ભરતની આણ સ્વીકારી લક્ષ્મણે સિંહોદરને વજ્રકર્ણ સાથે સંધિ કરવા કહ્યું, પણ સિંહોદરે લક્ષ્મણની વાત સ્વીકારી નહિ તેથી બન્ને વચ્ચે યુદ્ધ થયું. લક્ષ્મણે પોતાના અદ્‌ભુત પરાક્રમથી સિંહોદરને બાંધી લીધો અને રામ સમક્ષ ખડો કર્યો, સિંહોદરે રામને નમસ્કાર કરી માફી માગી. પછી તેણે વજ્રકર્ણ સાથે સંધિ કરી અને ભરતની આણ માથે ચડાવી.

રામે વાલિખિલ્યને છોડાવ્યો

થોડે દૂર ચાલ્યા એટલે તેઓ કલ્યાણ નામના રાજાના પ્રદેશમાં આવ્યા. અહીં રાજાના અતિથિ તરીકે તેમણે ભોજન કર્યું. પછી બીજા પરિવારને છોડી કલ્યાણમાળા સ્ત્રીનો સ્પષ્ટ વેશ લઈ એક મંત્રીની સાથે ત્યાં આવી. રામે તે સ્ત્રીને કહ્યું, “ પુરૂષનો વેશ લઇ તારા સ્ત્રી ભાવને કેમ ગોપવે છે ? ” કલ્યાણમાળાએ કહ્યું, “મારા પિતા વાલિખિલ્યને મલેચ્છો હરાવી પકડી ગયા તે વખતે મારા પિતાએ મને જન્મ આપ્યો, મંત્રીઓએ વિચાર કર્યો કે પુત્રીનો જન્મ થયો છે એમ જાહેર કરીશું તો બીજો કોઈ ગાદી પચાવી પાડશે એટલે એમણે પુત્રનો જન્મ થયો છે એમ જાહેર કર્યું. ત્યારથી હું રાજ કરું છું. પણ મારા પિતાને હજી સુધી છોડાવી શકી નથી. આપને વિનંતી કરું છું કે આપ મારા પિતાને છોડાવો.” આથી રામ, લક્ષ્મણ અને જાનકી મલેચ્છોના દેશ ભણી ગયા અને મલેચ્છોને હરાવી વાલિખિલ્યને છોડાવ્યો.

મલેચ્છોના દેશમાંથી તેઓ અરૂણ નામના નગરમાં આવ્યા ત્યાં કપિલ નામના એક ક્રોધી બ્રાહ્મણને ઘેર તેઓ રહ્યા. કપિલની પત્ની સુશર્માએ તેમને પ્રેમપૂર્વક જમાડયા એટલામાં કપિલ આવી પહોંચ્યો. તેણે રામ લક્ષ્મણનું ભયંકર અપમાન કર્યું. લક્ષ્મણને આથી ખોટું લાગ્યું. તેણે કપિલને ગળામાંથી પકડયો.

અંતે રામની આજ્ઞાથી તેને મુક્ત કર્યો.

કપિલ અને ગોકર્ણ યક્ષનો વૃત્તાંત :

ગોકર્ણ યક્ષના સૂચનથી રામ વગેરે રામપુરી નામની નગરીમાં ચોમાસા માટે આવ્યા. એક દિવસ પેલો કપિલ રામપુરીમાં લાકડા લેવા આવ્યો અને અચાનક ગોકર્ણ યક્ષને મળ્યો. યક્ષે કપિલને બળદેવ રામ, અને વાસુદેવ લક્ષ્મણ સંબંધી વાત કરી. કપિલને પોતાના કૃત્ય માટે પસ્તાવો થયો. તેણે બળદેવ અને વાસુદેવની માફી માગી અને પોતાની ગરીબી દૂર કરવા રામને વિનંતી કરી. રામે તેને ઘણું દ્રવ્ય આપી ધનિક બનાવ્યો. પછી કપિલ પોતાને ગામ ગયો અને થોડા સમય પછી દીક્ષા લીધી. ચાતુર્માસને અંતે રામે જ્યારે વિદાય લીધી ત્યારે ગોકર્ણ યક્ષે રામ, લક્ષ્મણ અને જાનકીને સુંદર ભેટો આપી.

## વિજયપુરના રાજા મહિધરની હાર

વિજયપુરના રાજા મહિધરની કુંવરી વનમાળા નાનપણથી જ લક્ષ્મણને મનથી વરી ચૂકી હતી: પણ રાજા મહિધરે તેનો વિવાહ બીજા સાથે કરવાનું નક્કી કર્યું હતું. આથી વનમાળા કંટાળી વનમાં ચાલી ગઈ અને ત્યાં ઝાડની ડાળે ગળે ફાંસો ખાવાની તૈયારી કરવા લાગી એટલામાં રામ અને લક્ષમણ ત્યાં આવી પહોંચ્યા. તેમણે તેના આપઘાતનું કારણ પૂછ્યું. વનમાળાએ કારણ જણાવ્યું એટલે લક્ષ્મણે કહ્યું, "હું લક્ષ્મણ છું અને તારો સ્વીકાર કરું છું.' એટલામાં રાજા મહિધર સૈન્ય સહિત ત્યાં આવી અને પોતાની પુત્રીનું હરણ કરનાર લક્ષ્મણને ચોર માની એણે આક્રમણ કર્યું પણ લક્ષ્મણની લડાયક શક્તિ આગળ તેનું કંઇ ચાલ્યું અંતે જ્યારે મહિધરને ખબર પડી કે તેનો પ્રતિસ્પર્ધી વાસુદેવ છે ત્યારે તેણે યુદ્ધ બંધ કર્યું અને પોતાની કુંવરી વનમાળા લક્ષ્મણને

પરણાવી. મહિધરના આગ્રહથી રામ, લક્ષ્મણ અને જાનકી થોડા દિવસ વિજયપુરમાં રહ્યા.

## નંદાવર્તના રાજા અતિવીર્યનો પરાભવ અને દીક્ષા

રામ અને લક્ષ્મણ વિજયપુરમાં મહિધર રાજાના મહેમાન તરીકે રહેતા હતા તેવામાં નંદાવર્તપુરના રાજા અતિવીર્યનો દૂત રાજસભામાં આવ્યો તેણે ભરત સાથે લઢવા મહિધરની મદદ માગી. મહિધરે ભરત સાથેના યુદ્ધમાં અતિવીર્યને મદદ આપવાનું કહી રાજદૂતને વિદાય આપી પણ આ સાંભળી રામ અને લક્ષ્મણ નવાઈ પામ્યા. પણ મહિધરે અતિવીર્યને મદદ કરવાને બદલે રામ, લક્ષ્મણ અને પોતાના સૈન્ય સાથે નંદાવર્તપુર તરફ કૂચ કરી અને શહેરના એક ઉપવનમાં પડાવ નાખ્યો. શત્રુના સૈન્યનો સામનો કરવા અતિવીર્યે યુદ્ધ આરંભ્યું પણ તેનો પરાજય થયો બળદેવ અને વાસુદેવને અતિવીર્યે ઓળખી કાઢયા અને તેણે તેમની માફી માગી. પોતાની ભૂલ માટે પશ્ચાતાપ થતાં, અતિવીર્યે કુંવર વિજય રથને ગાદીએ બેસાડી, દીક્ષા લીધી.

વિજયરથે પોતાની બહેન રતિમાળા લક્ષ્મણને આપી અને વિજયરથ ભરતની સેવા કરવા અયોધ્યા ગયો રામે મહિધર રાજાની અને લક્ષ્મણે વનમાળાની રજા લઈ અન્યત્ર પ્રયાણ કર્યું.

## લક્ષ્મણનું પાંચ શક્તિના પ્રહારનું સહન કરવું–જિતપદ્મા કન્યાનું ગ્રહણ

રામ વગેરે ત્યાંથી આગળ ચાલ્યા. અનુક્રમે કેટલાક વનો ઉલ્લંઘન કરી ક્ષેમાંજલિ નામે નગરીની પાસે આવ્યા. રામની આજ્ઞા લઈ લક્ષ્મણે તે નગરીમાં પ્રવેશ કર્યો. ત્યાં ઊંચે સ્વરે થતી એક ઉદ્‌ઘોષણા તેના સાંભળવામાં આવી કે 'જે પુરૂષ આ નગરીના રાજાની શક્તિનો પ્રહાર સહન કરશે તેને રાજા પોતાની કન્યા

પરણાવશે' તે સાંભળી લક્ષ્મણે આવી ઉદ્ઘોષણા કરાવવાના હેતુ વિષે એક પુરૂષને પૂછ્યું એટલે તેણે કહ્યું, "અહીં શત્રુદમન નામે એક રાજા છે તેને જિતપદ્મા નામે એક કન્યા છે. તેના વરના બળની પરીક્ષા કરવા રાજાએ આવો આરંભ કર્યો છે, પરન્તુ તેવો વર મળતો નથી તેથી દરરોજ ઉદ્ઘોષણા થયા કરે છે. "આ પ્રમાણે તે પુરૂષ પાસેથી હકીકત સાંભળી લક્ષ્મણ રાજસભામાં ગયો અને એકને બદલે પાંચ પ્રહાર સહન કર્યા એટલે જિતપદ્માએ લક્ષ્મણના કંઠમાં વરમાળા નાખી. પછી રાજા રામ વગેરેને પોતાને ઘેર તેડી લાવ્યો. અને તેમનો સત્કાર કર્યો, તેમનો સત્કાર ગ્રહણ કરી રામ ત્યાંથી ચાલ્યા, તે વખતે લક્ષ્મણે કહ્યું, " જયારે હું પાછો ફરીશ ત્યારે તમારી કુંવરી જીતપદ્મા સાથે લગ્ન કરીશ."

## દેવના ઉપસર્ગમાંથી રામ લક્ષ્મણે મુનિઓને બચાવ્યા

ત્યાંથી નીકળી રામ વગેરે વંશશૈલ્ય નામના ગિરિના તટ ઉપર રહેલા વંશસ્થળ નામના નગર પાસે આવી પહોંચ્યા. ત્યાં રાજા અને સર્વ લોકોને તેમણે ભયભીત સ્થિતિમાં જોયા; તેથી રામે એક પુરૂષને તેમના ભયનું કારણ પૂછ્યુ. તે પુરૂષે કહ્યું, " અહીં ત્રણ દિવસથી રાત્રે આ પર્વત ઉપર ભયંકર ધ્વનિ થાય છે. તે ભયથી સર્વ નગરજન બીજે સ્થળે જઇ રાત્રિ પસાર કરે છે. અને પ્રાતઃકાળે પાછા અહીં આવે છે. એવી રીતે આ લોકોની મહા-દુઃખદાયી સ્થિતિ છે " તે સાંભળી, લક્ષ્મણની પ્રેરણાથી રામ તે ગિરિ પર ચડયા. ત્યાં બે મુનિ કાઉસગ ધ્યાને રહેલા તેમના જોવામાં આવ્યા. રામ, લક્ષ્મણ અને જાનકીએ તેમને ભક્તિપૂર્વક વંદના કરી. પછી રામે વીણા વગાડવા માંડી, અને રાગથી મનોહર એવું ગાયન કર્યું અને સીતાદેવીએ અંગહારથી વિચિત્ર નૃત્ય કર્યું. રાત્રે અનેક વેતાળોને વિકુર્વીને અનલપ્રભ નામે એક દેવ ત્યાં

આવ્યો. અને પોતે પણ વેતાળનું રૂપ લઈ બન્ને મુનિઓને ઉપદ્રવ કરવા લાગ્યો. તત્કાળ રામ, લક્ષ્મણ સીતાને મુનિ પાસે મૂકી, કાળ રૂપ થઈ, તે વેતાળને મારવા ઉદ્યત થયા. તેજ વખતે તેમના પ્રહારને સહન કરવાને અસમર્થ થઈ તે દેવ ત્યાંથી પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. આ અરસામાં બન્ને મુનિઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી વંશસ્થળનો રાજા સુરપ્રભ ત્યાં આવ્યો. તેણે રામની સેવા કરી અને એ પર્વત જતે દિવસે રામગિરિ નામે ઓળખાયો.

## દંડકારણ્યની ઉત્પત્તિ

રામચંદ્ર સુરપ્રભ રાજાની રજા લઈ ત્યાંથી ચાલ્યા અને નિર્ભય થઇને મહાપ્રચંડ એવા દંડકારણ્યમાં પ્રવેશ કર્યો. ત્યાં એક મોટા પર્વતની ગુફામાં નિવાસ કરીને તે પોતાના ઘરની જેમ સ્વસ્થપણે રહ્યા. એક દિવસ ત્રિગુપ્ત અને સુગુપ્ત નામના બે ચારણ મુનિ ત્યાં આવ્યા. તેઓ બે માસના ઉપવાસી હતા. સીતાએ તેમને પારણું કરાવ્યું. તે સમયે દેવતાઓએ સુગંધી જળની વૃષ્ટિ કરી. સુગંધી જળની ગંધથી તે વૃક્ષ પર રહેલ કોઈ ગીધ જાતિનો રોગી પક્ષી, મૂર્છા ખાઈને પેલા મુનિઓના ચરણોમાં પડયો. એટલે તે મુનિને પ્રાપ્ત થયેલી સ્પર્શૌષધિ લબ્ધિના પ્રભાવથી, મુનિ ચરણના સ્પર્શ વડે તે તાત્કાલિક નીરોગી થયો. તેના માથા પર રત્નાંકુરની શ્રેણી જેવી જટા દેખાઇ તેથી તે પક્ષીનું નામ જટાયુ પડયું.

### જટાયુનો પૂર્વભવ

રામે જટાયુનો પૂર્વભવ પૂછયો. મુનિએ જણાવ્યું, " આ પક્ષી પહેલાં કુંભકારકર નગરમાં દંડક નામે રાજા હતો. તે સમયે શ્રાવસ્તીમાં જિતશત્રુ રાજા હતો. તેને સ્કંદક નામે પુત્ર અને પુરંદરયશા નામે પુત્રી હતી. દંડકરાજા પુરંદરયશાને પરણ્યો. એક વખત દંડકે પાલક નામના બ્રાહ્મણ દૂતને જિત શત્રુ પાસે મોકલ્યો.

પાલક ત્યાં આવ્યો તે વખતે જિતશત્રુ રાજા ધાર્મિક ચર્ચા કરતો હતો. પેલો દૂત જૈન ધર્મને દુષિત કરવા લાગ્યો સ્કંદકુમારે તેને સુંદર દલીલ યુક્તિઓથી હરાવી નિરૂત્તર બનાવી દીધો. આથી સભ્ય જનોએ પાલકનો ઉપહાસ કર્યો. પાલકને સ્કંદકુમાર પર ક્રોધ ચડયો.

પાલકનુ કારસ્થાન

એક વખત સ્કન્દકુમારે પાંચસો રાજકુમારો સાથે મુનિસુવ્રત પ્રભુ પાસે દીક્ષા લીધી. પછી પોતાની બહેન જે જિતશત્રુ રાજાની રાણી હતી, તેને બોધ આપવા કુંભકારકટ નગરે જવા પ્રભુની રજા માગી. પ્રભુ બોલ્યા, "ત્યાં જવાથી તમને મરણાંત ઉપસર્ગ થશે. "સ્કન્દ મુનિએ ફરીથી પ્રભુને પૂછ્યુ, " ઉપસર્ગ નડશે તેમાં અમે આરાધક થઈશું કે નહિં ? પ્રભુએ કહ્યું, "તમારા વિના સર્વે આરાધક થશે." સ્કન્દે કહ્યું, "તો ઘણું સારૂં મારે બધું પૂર્ણ થયું એમ હું માનીશ" આમ કહી, પ્રભુને વાંદી, પાંચસો મુનિઓ સાથે તે કુંભકારકટ નજીક આવ્યા. તેની પેલા પાલકને ખબર પડતાં તેણે એ ઉદ્યાનની જમીનમાં શસ્ત્રો દાટયાં. મુનિની દેશના સાંભળી આવેલા દંડક રાજાને પાલકે કહ્યું, "આસ્કંદક મુનિ બગભક્ત તેમજ પાખંડી છે. એ મહાશઠ મુનિ હજાર હજાર યોદ્ધાઓ સાથે યુદ્ધ કરી શકે તેવા મુનિ વેશધારી પાંચસો પુરૂષોને લઈ, તેના વડે તમને મારી તમારૂં રાજ્ય લેવા અહીં આવેલ છે આ ઉદ્યાનમાં એ મુનિ વેષધારી સુભટોએ પોતપોતાના સ્થાનમાં ગુપ્ત રીતે શસ્ત્રો દાટેલાં છે તે આપ જાતે જોઈને ખાત્રી કરો."

"રાજાએ ઉદ્યાનની જમીન ખોદાવી તો તેમાંથી શસ્ત્રો મળી આવ્યાં. દંડકે સ્કંદક અને અન્ય મુનિઓને શિક્ષા કરવાનું કામ પાલકને સોંપ્યું. પાલકે બધા જ મુનિઓને એક યંત્રમાં પીલવા

માંડયા આ સર્વ મુનિઓ ત્યાં ને ત્યાં અંતકૃત કેવળી થયા છેવટે સ્કંદકને પણ પીલી નાખ્યો. મરતી વખતે સ્કંદકે નિયાણુ બાંધ્યું કે, "હું આ દંડક, પાલક, એના કુળ અને રાજ્યનો નાશ કરનાર થાઉં." કાળ ધર્મ પામી સ્કંદક મુનિ અગ્નિકુમાર નામે દેવ થયો તેણે પાલક, દંડક અને નગરજનોને બાળીને ભસ્મ કરી દીધા તે દિવસથી કુંભકારકટ નગર દંડકારણ્ય બન્યું.

"દંડક અનેક યોનિઓમાં પરિભ્રમણ કરીને અન્તે અહીં ગીધ જાતિના રોગિષ્ટ પક્ષીપણે ઉત્પન્ન થયો આ જટાયુ તમને ઉપયોગી થશે."

પછી જટાયુ સાથે રામ, લક્ષ્મણ અને જાનકી રથમાં બેસી આગળ ચાલ્યા

## ચંદ્રહાસ ખડગ વડે શંબુકનો લક્ષ્મણથી થયેલો શિરચ્છેદ

એ અરસામાં ખર અને ચંદ્રણખાનો પુત્ર શંબુક ચંદ્રહાસ નામના ખડગને સાધવા માટે જંગલમાં તપ કરવા ચાલી નીકળ્યો ત્યાં જંગલની અંદર આવેલી એક ગાઢ વાંસની ગુફામાં એણે પોતાનું તપ આદર્યું. બાર વર્ષ અને ચાર દિવસ સુધી એણે તપ કર્યું. એના ઉગ્ર તપના બળે ચંદ્રહાસ ખડગ આકાશમાં પ્રકાશ ફેલાવતું વાંસ ગુફા નજીક આવ્યું.

એજ વખતે ત્યાં લક્ષમણ અચાનક આવી પહોંચ્યો. એના જોવામાં પેલું ખડગ આવ્યું. તરત જ લક્ષ્મણે તે ખડગ હાથમાં લીધું અને વંશજાળ ઉપર ઘા કર્યો. આથી એ વંશ જાળમાં રહેલા શંબુકનું માથું કપાઇ ગયું અને લક્ષ્મણના પગ પાસે તે મસ્તક આવીને પડયું. ગુફામાં પ્રવેશ કરી લક્ષ્મણે જોયું તો વડની ડાળી પર માથા વિનાનું ધડ તેણે લટકતું જોયું. નિરપરાધી

માણસને મારવા બદલ લક્ષ્મણને ઘણો જ પશ્ચાતાપ થયો

ચંદ્રણખાની નિષ્ફળ યાચના :

એ સમયે પાતાળ લંકામાં રાવણની બહેન ચંદ્રણખાને વિચાર થયો કે, " આજે અવધિ પૂરી થઇ છે તેથી મારા પુત્રને ખડગ જરૂર સિદ્ધ થશે. માટે ઉતાવળથી તેને માટે પૂજાની સામગ્રી અન્નપાન લઈને ત્યાં જાઉ" જંગલમાં આવીને તે જુએ છે તો શંબુકનું માથું છેદાયેલું તેની નજરે પડયું. પછી જમીન પર પડેલી લક્ષ્મણના પગલાંની મનોહર પંક્તિ તેના જોવામાં આવી; જેણે મારા પુત્રને મારી નાખ્યો છે તેનાં પગલાંની આ પંક્તિ છે એવો નિશ્ચય કરીને ચંદ્રણખા તે પગલે પગલે વેગથી ચાલી. થોડે દૂર ચાલતાં એક વૃક્ષ નીચે સીતા લક્ષ્મણ સાથે બેઠેલા નેત્રાભિ-રામને તેણે દીઠા. રામને જોઈને ચંદ્રણખા તત્કાળ રતિવશ થઇ ગઈ એણે તુરત રામ સાથે પરણવા નિશ્ચય કર્યો અને સુંદર નાગકન્યાનું સ્વરૂપ ધારણ કર્યું. પછી તેણે રામને પોતાની સાથે પરણવા કહ્યું. રામ અને લક્ષ્મણને ખબર પડી ગઈ કે આ સાચી નાગકન્યા નથી એટલે તેની માગણીનો અસ્વીકાર કરવામાં આવ્યો આમ ચંદ્રણખાની યાચના નિષ્ફળ ગઈ.

પોતાની યાચના નિષ્ફળ ગઈ એટલે ચંદ્રણખા પાતાળલંકામાં પાછી આવી અને પતિ ખરને શંબુકના મૃત્યુની વાત કરી. ખર મહાસૈન્ય સાથે ત્યાં આવી પહોંચ્યો પછી ચંદ્રણખા પોતાના ભાઇ રાવણ પાસે ગઈ ને શંબુકના મરણની વાત કરી. તે ઉપરાંત સીતાના રૂપની વાત કરી જેથી રાવણને સીતા ઉપર આસક્તિ ઉત્પન્ન થઈ. તરત તે પુષ્પક વિમાનમાં બેસી દંડકારણ્યમાં આવ્યો.

**સીતાનું હરણ–ખર સાથે લક્ષ્મણનું યુદ્ધ–ખરનું મરણ**

ખરની સાથે લક્ષ્મણ લડવા ગયો હતો ત્યારે રામે તેને

સૂચના આપી હતી કે કષ્ટ પડે લક્ષ્મણે સિંહનાદ કરી પોતાને બોલાવવો. પૂર્વ સંકેત અનુસાર રાવણના એક અનુચરે લક્ષ્મણના જેવો સિંહનાદ કર્યો, તેથી સીતાને એકલી મૂકી રામ યુદ્ધભૂમિ પર ગયા. સીતાને એકલી જોઈને રાવણે તેને વિમાનમાં બેસાડી દીધી અને લંકા તરફ પોતાના વિમાનને રવાના કર્યું. જટાયુએ રાવણને રોકવા પ્રયત્ન કર્યો પણ રાવણે તેની પાંખો કાપી નાંખી સીતાનું રૂદન સાંભળી રત્નજટા વિદ્યાધરે રાવણનો સામનો કર્યો, પણ રાવણે તેને હરાવી કંબુદ્વીપ ઉપર નાખ્યો. રાવણે વિમાનમાં બેસીને આકાશમાર્ગે સમુદ્ર પર ચાલતાં, કામાતુરપણે સીતાને કહ્યું, "હે જાનકી! સર્વ ખેચર અને ભૂચર લોકોનો હું સ્વામી છું. તેની પટ્ટરાણીના પદને તમે પ્રાપ્ત થયા છો. તે છતાં તમે રૂદન કેમ કરો છો? હર્ષને સ્થાને તમે શોક શા માટે કરો છો? પૂર્વે મંદ ભાગ્યવાળા રામ સાથે તમને જોડી દીધા એ વિધિએ યોગ્ય કર્યું ન હતું; તેથી મેં હવે યોગ્ય કર્યું છે. તમે મને પતિ તરીકે સ્વીકારો એટલે સર્વ ખેચર અને ખેચરીઓ તમારા દાસ-દાસી થઈને રહેશે." સીતાએ જવાબ આપ્યો કે રાવણને તેના અપકૃત્ય બદલ મૃત્યુ મળવાનું છે. લંકામાં રાવણના મંત્રીઓએ સીતાનો સત્કાર કર્યો અને તેને દેવરમણ નામના એક ઉદ્યાનમાં એક અશોકવૃક્ષ નીચે રાખવામાં આવી. તે સમયે સીતાએ એવો અભિગ્રહ લીધો કે "જ્યાં સુધી રામ અને લક્ષ્મણના કુશળ સમાચાર આવશે નહિ ત્યાં સુધી હું ભોજન કરીશ નહિ." સીતાને ફરતા ચોકીદારો ગોઠવી મનમાં હર્ષ પામતો રાવણ પોતાના રાજમહેલમાં ગયો.

બીજી તરફ, સિંહનાદ સુણી રામ રણભૂમિ પર પહોંચ્યા. રામને અચાનક આવેલા જોઇ લક્ષ્મણે પૂછ્યું, "આપનું આગમન

અત્રે શાથી થયું?" રામે કહ્યું. "તેં સિંહનાદ કર્યો તેથી હું આવ્યો છુ" લક્ષ્મણે કહ્યું, "મેં સિંહનાદ કર્યો નથી. જરૂર કોઈ માયાવી પુરુષે સીતાનું હરણ કરવા એવો સિંહનાદ કર્યો હોવો જોઈએ. માટે આપ હવે પાછા જાવ. ત્યાં સીતાજી એકલાં છે."

લક્ષ્મણના આવા વચન સાંભળી રામચંદ્ર સત્વર પોતાના સ્થાનકે પહોંચ્યા. ત્યાં જાનકી જોવામાં આવ્યાં નહિ તેથી તત્કાળ મૂર્છા ખાઈને તે પૃથ્વી પર પડી ગયા. થોડી વારે સંજ્ઞા આવવાથી બેઠા થઈને જોયું તો ત્યાં મરણોન્મુખ થયેલા જટાયુ પક્ષીને તેમણે જોયો. રામે જટાયુને નવકાર મંત્ર સંભળાવ્યો. નવકાર મંત્રના પ્રભાવે જટાયુ મરીને દેવતા થયો.

રણભૂમિ પર લક્ષ્મણે ખરના ભાઇ ત્રિરાશીનો વધ કર્યો. તે વખતે પાતાળ લંકાના રાજા ચંદ્રોદરનો પુત્ર વિરાધ સૈન્ય લઇ ત્યાં આવી પહોંચ્યો. તેણે લક્ષ્મણને કહ્યું, " આ રાક્ષસોએ મારા પિતાને પાતાળ લોકમાંથી કાઢી મૂકયા છે એટલા માટે તેઓ મારા શત્રુ છે અંધકારનો નાશ કરવામાં સૂર્યનો સહાયકારી કોણ થઈ શકે? તથાપિ આ તમારા શત્રુઓનો નાશ કરવામા કિંચિત માત્ર સહાયકારી થવા માટે હું તૈયાર છુ" લક્ષ્મણે હસતાં હસતાં કહ્યું, "હું હમણાં જ આ શત્રુઓને મારી નાખીશ તે તું જોઈ લેજે."

હવે ખર અને લક્ષ્મણ વચ્ચે દારૂણ જંગ જામ્યો. લક્ષ્મણે ખરનું માથું કાપી નાખ્યું ખરના મરણ પછી ખરનો ભાઈ લક્ષ્મણ સાથે લડવા આવ્યો પરંતુ લક્ષ્મણે એનો પણ વધ કર્યો.

વિરાધે કરેલી સીતાની નિષ્ફળ શોધ :

યુદ્ધ કરી લક્ષ્મણ વિરાધ સાથે રામ પાસે આવ્યો. સીતાના હરણથી રામ બેબાકળા બની વિલાપ કરી રહ્યા હતા. લક્ષ્મણે રામને આશ્વાસન આપ્યું. વિરાધે પોતાના સનિકોને સીતાની

શોધ માટે ચારે દિશાભણી દોડાવ્યા. સૈનિકો ચારે દિશા જોઈ વળ્યા પણ સીતાનો પત્તો લાગ્યો નહિ એટલે નિરાશ થઈ તેઓ પાછા ફર્યાં.

રામનું પાતાળ લંકામાં આગમન :

વિરાધે રામ અને લક્ષ્મણને પાતાળલંકા આવવા આમંત્રણ આપ્યુ. રામ અને લક્ષ્મણ પાતાળ લંકામાં આવ્યા. ખરના પુત્ર સુદને તેમણે ગાદી પરથી ઉઠાડી મૂકી લંકા તરફ હાંકી કાઢયો.

## સાહસગતિનો રામે કરેલો સંહાર

સુગ્રીવના દુશ્મન સાહસગતિએ તપ કરી પ્રતારણી વિદ્યા પ્રાપ્ત કરી. આ વિદ્યાના બળે તેણે સુગ્રીવનું રૂપ ધારણ કર્યું અને કિષ્કિંધાપુરી પાસે આવ્યો. જે વખતે સુગ્રીવ ક્રીડા કરવા ઉદ્યાનમાં ગયો હતો તે વખતે તેણે તારાદેવીના અંતઃપુરમાં પ્રવેશ કર્યો થોડીવારમાં સાચો સુગ્રીવ ઉદ્યાનમાંથી પાછો ફર્યો. તેને અટકાવી દ્વારપાળોએ કહ્યું, "સુગ્રીવ રાજા તો અંદર ગયા છે." એકજ સ્વરૂપવાળા બે સુગ્રીવને જોઇ વાલીના પુત્રના મનમાં સંદેહ ઉત્પન્ન થયો. તેથી અંતઃપુરમાં કોઇ પ્રકારની હાનિ ન થાય માટે તે ત્યાં ગયો અને અંતઃપુરમાં પેસતાં જ જાર સુગ્રીવને અટકાવ્યો.

મોટી સેના અને હનુમાનથી જાર સુગ્રીવનો પરાભવ ન થઇ શકયો. એટલે રામ લક્ષ્મણની મદદ મેળવવા તે પાતાળ લંકા ગયા અને બન્ને ભાઇઓને પોતાની વિતક કથા કહી સંભળાવી.

રામે સુગ્રીવને સીતાહરણની વાત કરી. સીતાનું હરણ થયું જાણી સુગ્રીવને ઘણું દુઃખ થયુ. તેણે રામને કહ્યું, "આપ મારા દુઃશ્મનનો પરાભવ કરશો તો હું આપને સીતાની શોધ કરવામાં મદદ કરીશ, મારા પર આપ વિશ્વાસ રાખો."

રામ લક્ષ્મણ સુગ્રીવને મદદ કરવા ગયા. રામની સામે જાર સુગ્રીવ લડવા આવ્યો. રામે ધનુષ્યનો ટંકાર કરી જાર સુગ્રીવની પ્રતારણી વિદ્યાનો નાશ કર્યો એટલે જાર સુગ્રીવ એના અસલ રૂપમાં પ્રગટ થયો. તરતજ રામે તેના પર બાણ ફેંક્યું એટલે જાર સુગ્રીવનું પ્રાણ પંખેરૂં ઊડી ગયું. પછી સાચા સુગ્રીવને ગાદી પર બેસાડી રામ પાતાળ લંકામાં પાછા ફર્યા.

આ બાજુ રાવણની પાસે ચંદ્રણખા અને સુંદ આવ્યા અને પોતાની વિતક કથા કહી સંભળાવી. રૂદન કરતી પોતાની બહેનને સમજાવીને રાવણે કહ્યું, "તારા પતિ, પુત્રને હણનારને હું ટૂંક સમયમાં મારી નાખીશ."

રાવણે એવો નિયમ લીધો હતો કે 'નહિ ઈચ્છતી એવી કોઈ પરસ્ત્રીને હું કદિ પણ ભોગવીશ નહિ' એટલે તે સીતાને સમજાવીને તેની સાથે પરણવા માગતો હતો. મંદોદરીને તેણે સીતાને સમજાવવા મોકલી. પણ સીતાએ મંદોદરીનું માન્યું નહિ. રાવણે પણ સીતાને પોતાની સાથે પરણવા કહ્યું પણ સીતાએ તેનો તિરસ્કાર કર્યો. પછી રાવણે સીતાને પુષ્પક વિમાનમાં બેસાડી પોતાની સમૃદ્ધિ બતાવી પણ પતિવ્રતા સીતાએ તેના પર નજર પણ નાખી નહિ. નિરાશ થઈ રાવણ સીતાને અશોકવનમાં મૂકી ગયો.

બીજી તરફ રામ સીતાના વિરહથી શોકમાં દિવસો પસાર કરી રહ્યા હતા. સુગ્રીવે રામને મદદ કરવાનું વચન આપ્યું હતું પણ તે ભૂલી ગયો હતો. પણ લક્ષ્મણે જ્યારે તેની ભૂલ માટે ઠપકો આપ્યો ત્યારે તે સત્વર મહાસૈન્ય સાથે રામની પાસે આવ્યો અને સીતાની શોધ માટે સૈન્યના સૈનિકો મોકલ્યા.

લક્ષ્મણે કોટિશિલા ઉપાડી

સીતાહરણની જાણ થતાં ભામંડળ રામને મળ્યો સુગ્રીવને રત્નજટી પાસેથી ખબર મળી કે સીતાનું હરણ રાવણે કર્યું છે

અને તે સીતાને લંકા લઈ ગયો છે. સુગ્રીવ પાસેથી આ વાત લક્ષ્મણે સાંભળી એટલે તેણે રાવણને મારી સીતાને પાછા લઈ આવવાની પ્રતિજ્ઞા લીધી. સુગ્રીવ અને બીજા વિદ્યાધરોએ લક્ષ્મણને કહ્યું, "જ્ઞાનીનું વચન છે કે જે કોટિશિલા ઉપાડે તે વાસુદેવ બની પ્રતિવાસુદેવનો પરાભવ કરશે માટે આપ કોટિશિલા ઉપાડો." પછી લક્ષ્મણે કોટિશિલા ઉપાડી તેથી વિદ્યાધરો બોલ્યા, "લોકોને રંજાડનાર રાવણનો પરાભવ તમારા હાથે જ નિર્માયો છે." પછી સૌ રામને કહેવા લાગ્યા કે રાવણની સાથે યુદ્ધ જાહેર કરો. પરંતુ યુદ્ધ કર્યા વગર કામ પાર પડતું હોય તો યુદ્ધ ન જ કરવું એવું નક્કી કરી રામે હનુમાનને દૂત તરીકે રાવણ પાસે મોકલ્યો અને રાવણનો જવાબ લઈ તથા સીતાની સ્થિતિ જોઈ તરત પાછા ફરવાની સૂચના આપી.

## હનુમાનના પરાક્રમો

મહેન્દ્ર રાજાનો પરાભવ

વડીલોના આશીર્વાદ લઈ વાયુપુત્ર હનુમાન લંકા તરફ રવાના થયો. લંકા તરફ ઊડતાં ઊડતાં વાયુપુત્ર માતામહ મહેન્દ્ર રાજાના રાજ્યમાં આવ્યો. પોતાની માતા અંજનાને સંકટના સમયે નહિ સંઘરનાર મહેન્દ્ર પર હનુમાનને ક્રોધ ચડ્યો અને તેણે રાજા મહેન્દ્ર સાથે યુદ્ધ જાહેર કર્યું. મહેન્દ્ર અને હનુમાન વચ્ચે ખૂનખાર જંગ ખેલાયો. મહેન્દ્ર અને તેનો પુત્ર પ્રસન્નકીર્તિ કેદ પકડાયા. પછી હનુમાને મહેન્દ્ર રાજાને નમીને કહ્યું, "હું અંજનાનો પુત્ર અને તમારો ભાણેજ છું. રામની આજ્ઞાથી સીતાની શોધ કરવા લંકા તરફ જતાં માર્ગમાં અહીં આવતાં મારી માતાને તમે કાઢી મૂકેલ તે મને સાંભરી આવ્યું. તેથી ક્રોધ ઉત્પન્ન થવાને લીધે મેં તમારી સાથે યુદ્ધ જાહેર કર્યું છે તે ક્ષમા કરશો. હવે હું સ્વામીના કાર્ય

માટે જાઉં છું. તમે મારા સ્વામી રામની પાસે જાઓ" મહેન્દ્રે ભાણેજને આલિંગન દઈ કહ્યું, "પ્રથમ લોકોના મુખથી તારા પરાક્રમની વાતો સાંભળી હતી. આજે ભાગ્યયોગે તું પરાક્રમી ભાણેજ અમારા જોવામાં આવ્યો છે. હવે તું શીઘ્ર સ્વામીના કાર્ય માટે જા. તારું માર્ગમાં કુશળ થાઓ." આ પ્રમાણે કહી મહેન્દ્ર રાજા પોતાના સૈન્ય સહિત રામ પાસે ગયા અને હનુમાન લંકા તરફ જવા ઉપડયો.

### મહેન્દ્ર તથા ગંધર્વરાજનું રામ પાસે આગમન

રસ્તામાં દધિમુખ નામનો દ્વીપ આવ્યો. ત્યાં બે મુનિઓ અને ત્રણ કુમારિકાઓ ધ્યાન ધરતી હતી. એટલામાં અચાનક દાવાનળ સળગ્યો. આથી હનુમાને તરત જ સાગરમાંથી જળ લાવી દાવાનળ ઓલવી મુનિ તથા કન્યાઓને બચાવી લીધાં. પૂછપરછ કરતાં હનુમાનને માલુમ પડયું કે તેઓ તથા તેમના પિતા સાહસગતિ વિદ્યાધરના વધ કરનારની શોધમાં હતાં એટલે તેણે જણાવ્યું કે સાહસગતિ વિદ્યાધરનો વધ કરનાર રામ છે. કન્યાઓએ તેમના પિતા પાસે જઈ આ વાત કહી એટલે ગંધર્વરાજ ત્રણ કન્યાઓ લઈ રામની પાસે ગયો.

### લંકાસુંદરી અને હનુમાનનાં લગ્ન

આ બાજુ હનુમાન લંકા પહોંચ્યો અને લંકાનો કિલ્લો તોડી દ્વારપાળનો વધ કર્યો. આથી લંકાસુંદરી નામની દ્વારપાળની પુત્રી હનુમાન સાથે યુદ્ધ કરવા આવી. લંકાસુંદરીના સર્વ શસ્ત્રો હનુમાને નિષ્ફળ બનાવ્યા. હનુમાનના આ પરાક્રમથી લંકાસુંદરી હનુમાન પર મોહિત થઈ અને તેણે હનુમાનને પોતાની સાથે પરણવા વિનંતી કરી. હનુમાને લંકાસુદરીની વિનંતી માન્ય રાખી તેની સાથે લગ્ન કર્યાં.

અશોક વનમાં હનુમાન

બીજે દિવસે હનુમાન બિભીષણને ઘેર ગયો. બિભીષણે સત્કાર કરીને હનુમાનને આવવાનું કારણ પૂછ્યું એટલે હનુમાને કહ્યું, "તમે રાવણના બંધુ છો, તેથી શુભ પરિણામનો વિચાર કરીને તેણે હરણ કરેલી રામની પત્ની સતી સીતાને તેની પાસેથી છોડાવો" બિભીષણ બોલ્યો, "તમે બરાબર કહો છો. પ્રથમથી સીતાને છોડી દેવા મેં મારા વડીલ બંધુને કહ્યું હતું અને ફરીવાર પણ કહીશ." પછી હનુમાન ત્યાંથી ઊડીને અશોક વનમાં રહેલી સીતા પાસે ગયો. સીતાની આંખમાંથી ટપક ટપક આંસુ વહી રહ્યાં હતાં. હનુમાને ઝાડ ઉપર રહી પોતાની જાતને છુપાવી રામે આપેલી મુદ્રિકા સીતાના ખોળામાં ફેંકી. રામની મુદ્રિકા જોઇ સીતા આનંદમાં આવી ગઇ. સીતાને આનંદિત જોઈ તેની ચોકી કરતી એક રાક્ષસીએ એ વાત રાવણને કરી. રાવણે સીતાને સમજાવવા મંદોદરીને તેની પાસે મોકલી પણ મંદોદરીને તેના કાર્યમાં સફળતા મળી નહિ.

મંદોદરીના ગયા પછી હનુમાન સીતા પાસે આવ્યો અને કહ્યું, "હે માતા ? તમારી શોધ કરવા રામની આજ્ઞાથી હું આવેલો છું. તમારા વિયોગથી રામ રાત દિવસ પરિતાપ પામ્યા કરે છે. મેં જ તમારા ખોળામાં રામની મુદ્રિકા ફેંકી હતી જેથી આપને વિશ્વાસ આવે કે હું રામનોજ દૂત છું. મારે તમારી પાસેથી ચૂડામણિ લેતા જવાનો છે જેથી રામચંદ્રને ખાત્રી થાય કે હું આપને મળ્યો છું." પછી રામના સમાચારથી હર્ષ પામી. હનુમાનના આગ્રહથી એકવીશ અહોરાત્રિને અન્તે, સીતાએ તે દિવસે ભોજન કર્યું. પછી સીતા બોલ્યાં, "આ મારો ચૂડામણિ નિશાની લઇ તું સત્વર અહીંથી ચાલ્યો જા. અહીં વધારે વખત રહેવાથી તને ઉપદ્રવ થશે."

હનુમાને નિર્ભયતાથી જવાબ આપ્યો, "હે માતા! ત્રણ જગતને જિતનાર રામ લક્ષ્મણનો હું દૂત છું. મારી આગળ સૈન્ય સહિત બિચારો રાવણ કોણ માત્ર છે? કહો તો રાવણ અને તેના સૈન્યનો પરાભવ કરી, આપને મારા વિશાળ સ્કંધ ઉપર બેસાડી રામ પાસે લઈ જાઉં" સીતા હસીને બોલ્યાં, "તમે તમારા સ્વામી રામ ભદ્રની કીર્તિને લજાવશો નહિ એની મને ખાત્રી છે. પણ મારે જરા પણ પર પુરૂષનો પરિચય યોગ્ય નથી. એટલે હું તમારા સ્કન્ધ પર બેસી શકું નહિ. માટે તમે હવે સત્વર રામ પાસે પહોંચી જાવ. તમારા પહોંચ્યા પછી જ આર્ય પુત્ર રામ જે ઉદ્યોગ કરવા યોગ્ય હશે તે કરવા માંડશે." પછી સીતાએ પોતાનો ચૂડામણિ આપી હનુમાનને વિદાય આપી.

**અક્ષયકુમારનું મૃત્યુ**

જતાં જતાં પોતાના પરાક્રમનો પરચો બતાવવા, હનુમાને અશોકવન અને દેવ રમણ ઉદ્યાનમાં આવેલાં અસંખ્ય ઝાડો અને છોડોને મૂળમાંથી ઉખેડી નાખ્યા. ઉદ્યાન રક્ષકોનો જ્યારે હનુમાને પરાભવ કર્યો ત્યારે રાવણે પોતાના પુત્ર અક્ષયકુમારને હનુમાન સામે યુદ્ધ કરવા મોકલ્યો. હનુમાને પલક વારમાં જ અક્ષયકુમારનો શિરચ્છેદ કર્યો. એટલે રાવણે બીજા પુત્ર ઇંદ્રજિતને હનુમાનની સામે મેદાનમાં ઉતાર્યો. ઇંદ્રજિતે હનુમાનને નાગપાશ અસ્ત્રથી બાંધી લીધો. હનુમાન ધારત તો ક્ષણવારમાં નાગપાશમાંથી મુક્ત થઈ શકત પણ તેને તો રાવણને પોતાની શક્તિનો પરચો બતાવવો હતો એટલે એણે નાગપાશને એમને એમ રહેવા દીધો.

**રાવણનું અપમાન અને પરાભવ**

હનુમાનને રાવણ સમક્ષ હાજર કરવામાં આવ્યો. રાવણે તેને પોતાનું સ્વામીત્વ સ્વીકારવા સમજાવ્યો. પણ હનુમાને જવાબ

આપ્યો, "પર સ્ત્રી પર કુદૃષ્ટિ કરીને તેં તારી નીચતાની જાણ જગતમાં કરી છે. તારી અધમ મનોવૃત્તિ જરૂર તારૂં મૃત્યુ લાવશે. એકલા લક્ષ્મણથી જ તારી રક્ષા કરે એવો કોઈ પુરુષ તારા પરિવારમાં મારા જોવામાં આવતો નથી. તો તેના વડીલ બન્ધુ રામ આગળ તો કોણ જ રક્ષા કરશે?"

હનુમાનનાં આવાં વચન સાંભળી રાવણના ક્રોધે માઝા મૂકી. તેણે પોતાના સેવકોને હનુમાનને ગધેડા પર બેસાડી આખી લંકા નગરીમાં ફેરવવા હુકમ કર્યો. તરતજ હનુમાને નાગપાશ તોડી નાખ્યો અને રાવણના મસ્તક પર રહેલા મુગટને પગની લાત મારી. મુગટના ચુરે ચુરા કરી નાખ્યા. એ જોઇ રાવણના અનુચરો એને પકડવા દોડયા પણ તેમને સફળતા મળી નહિ. પાદ પ્રહારથી લંકાને ખેદાન મેદાન કરતો હનુમાન આકાશ માર્ગે ઊડયો અને રામની પાસે જઈ, ચુડામણિ આપી. સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો.

## રાવણ વધ

સીતાના ચોક્કસ સમાચાર આવી જવાથી સુગ્રીવ વગેરે સુભટોથી વીંટાયેલા રામ, લક્ષ્મણ સહિત લંકાનો વિજય કરવા માટે આકાશ માર્ગે ચાલ્યા. ભામંડલ, નલ, નીલ, મહેન્દ્ર, હનુમાન, વિરાધ, સુષેણ, જાંબવાન, અંગદ વગેરે રાજાઓ તેમના પક્ષમાં હતા. રસ્તામાં સમુદ્ર, સેતુ અને સુવેલ રાજાઓનો પરાભવ કરવામાં આવ્યો.

બિભીષણની રાવણને સલાહ

રામભદ્ર નજીક આવ્યાના ખબર પડતાં જ રાવણે પણ પોતાની સેનાને સાબદી કરવા માંડી તે સમયે બિભીષણે રાવણની પાસે આવી કહ્યું, "બંધુ? શુભ પરિણામવાળાં મારાં વચનોનો વિચાર કર. પૂર્વે બે લોકનો ઘાત કરનારૂં પર સ્ત્રી હરણનું કામ તેં વિચાર્યા વગર કરેલું છે અને તેથી તારૂં કુળ લજ્જા પામેલું છે; હવે આ

રામભદ્ર પોતાની સ્રીને લેવા માટે આવેલા છે તો તેની સ્રી તેને સોંપી દે. આ ઇંદ્રથી પણ અધિક એવી તમારી સંપત્તિ એક સીતાના કારણથી છોડી દો નહિ." બિભીષણનાં આ વચનોથી રાવણના ક્રોધે માઝા મૂકી. એના પુત્ર ઇંદ્રજિતે બિભીષણને બાયલો કહ્યો. રાવણ અને બિભીષણ યુદ્ધ કરવા તૈયાર થયા. પણ ઇંદ્રજિત અને કુંભકર્ણે તેમને તેમ કરતાં અટકાવ્યા. પછી રાવણે બિભીષણને લંકા છોડી ચાલ્યા જવાનું કહ્યું એટલે રાવણના કેટલાક સૈનિકો સાથે તે રામને જઇ મળ્યો. રામે બિભીષણને સેવક તરીકે સ્વીકાર્યો અને લંકાનું રાજ્ય તેને આપવા વચન આપ્યું.

હસ્ત, પ્રહસ્તનો વધ.

રામની સેનામાં રહેલ વાનરોએ પ્રથમ રાવણના લશ્કર સાથે યુદ્ધ કરવા માંડ્યું. એમાં રાવણના બે મહા પરાક્રમી સુભટો હસ્ત અને પ્રહસ્તનો વધ રામના બે કપિસુભટોને હાથે થયો. રાવણના સુભટોની ઘણી ખુવારી થઈ. સૂર્યાસ્ત સાથે પ્રથમ દિવસનું યુદ્ધ બંધ થયુ.

વજ્રોદરનો વધ

બીજે દિવસે સૂર્યોદય થતાં રાવણ પોતે યુદ્ધ ભૂમિ પર હાજર થયો. રાવણની હાજરીથી રાક્ષસોમાં નવું જોમ આવ્યું અને તેમણે વાનર સેનાને પીછેહઠ કરવાની ફરજ પાડી. આ જોઇ હનુમાન પોતે રાક્ષસોની સામે લડવા ગયો. માલીને તેણે અસ્ત્ર વિહીન બનાવી દીધો અને વજ્રોદરનો વધ કર્યો. વજ્રોદરના વધથી દુષિત થઈ રાવણનો પુત્ર જંબુમાલિ હનુમાન સામે આવ્યો. એ પણ હનુમાન સામે ટકી શક્યો નહિ. પછી ઘણા રાક્ષસો હનુમાન સામે યુદ્ધ કરવા આવ્યા. પરન્તુ પરાક્રમી હનુમાને એ સર્વનો પરાભવ કર્યો.

કુંભકર્ણ અને સુગ્રીવનું યુદ્ધ

રાક્ષસોના કરૂણ અંજામથી કોપિત થયેલ કુંભકર્ણ યુદ્ધ

મેદાનમાં બહાર પડ્યો અને વાનરોનો સંહાર કરવા માંડયો. વાનરોએ પણ કુંભકર્ણના રથ, હાથી, અને અશ્વોનો સંહાર કરવા માંડયો. કુંભકર્ણ ગદા લઈ સુગ્રીવની સામે ધસ્યો અને ગદાના એક જ પ્રહારે એણે સુગ્રીવના રથના ચુરે ચુરા કરી નાખ્યા. સુગ્રીવના વિદ્યુત અસ્ત્રથી કુંભકર્ણ મૂર્છિત થઈ પૃથ્વી પર ઢળી પડયો. પરન્તુ થોડી વારમાં તે તુરત જ બેઠો થયો અને હનુમાનને ગદા મારી, મૂર્છિત કરી બગલમાં લઇ નાસવા લાગ્યો.

હનુમાન અને સુગ્રીવની મુક્તિ

એટલામાં અંગદ હનુમાનને બગલમાં નાખી લઈ જતા કુંભ-કર્ણની સાથે યુદ્ધ કરવા લાગ્યો. અંગદનો પ્રતિકાર કરવા માટે જેવો કુંભકર્ણે પોતાના હાથ ઊંચો કર્યો કે તરતજ હનુમાન તેની બગલમાંથી છટકી ગયો. આ બાજુ બિભીષણ ઇન્દ્રજિત અને મેઘ-વાહન સાથે યુદ્ધ કરવા આવ્યો, પણ પોતાના કાકાને યુદ્ધ કરવા આવતા જોઈ ઇન્દ્રજિત તથા મેઘવાહને સુગ્રીવ તથા ભામંડળને ત્યાંજ મુક્ત કર્યા કારણકે કાકાની સાથે યુદ્ધ કરવું એ પિતાની સામે યુદ્ધ કરવા બરોબર છે એમ એ ભાઇઓ માનતા.

## રાવણ સામે યુદ્ધ માટે બિભીષણનું આગમન-રાવણ અને બિભીષણ વચ્ચે સંવાદ

ત્રીજે દિવસે પરાભવ પામતાં પોતાના લશ્કરને જોઈ રાવણ પોતે યુદ્ધમાં ઉતર્યો. રાવણની આગળ કપિવીરોમાંનો એક પણ ટકી શકયો નહિ. તેથી તેની સાથે યુદ્ધ કરવા આવેલા રામને વિનયથી રોકીને બિભીષણ રાવણ સામે આવ્યો. તેને જોઈને રાવણ બોલ્યા, “અરે બિભીષણ! તું કોને આશ્રયે ગયો છે કે જેણે આ રણ વિષે ક્રોધ પામેલા મારા મુખમાં પ્રથમ ગ્રાસની પેઠે તને નાખી દીધો? હજી તારી ઉપર મારો સ્નેહ છે. માટે તું જલદી ચાલ્યો જા. આજે હું એ રામ લક્ષ્મણને સૈન્ય સહિત મારી નાખીશ

તેથી તે મરનારાઓની અંદર તું સંખ્યા પૂરનાર થા નહિ. તું ખુશીથી સ્વસ્થાને ચાલ્યો જા." રાવણનાં આવાં વચન સાંભળી બિભીષણ બોલ્યો, "રામ યમરાજની પેઠે ક્રોધ કરીને તારા ઉપર આવતા હતા, પણ મેંજ તેમને અટકાવ્યા છે અને યુદ્ધને બાને તને બોધ કરવા માટે હું અહીં આવ્યો છું, માટે હજી પણ તું સીતાને છોડી દે. હું મૃત્યુના ભયથી કે રાજ્યના લોભથી રામની પાસે આવ્યો નથી પણ માત્ર અપવાદના ભયથીજ આવ્યો છું, તેથી જો તું સીતાને પાછી અર્પણ કરી તે અપવાદ ટાળી નાંખે તો હું રામને છોડીને તરતજ તારે આશ્રયે આવું." તેના આવાં વચન સાંભળી રાવણ ક્રોધથી બોલ્યો, "શું તું મને બીવરાવે છે? મેં તો માત્ર ભ્રાતૃહત્યાના ભયથી જ તને આ પ્રમાણે કહ્યું હતું, બીજો કોઈ હેતુ ન હતો." આવી રીતે કહીને રાવણે તરતજ ધનુષ્યનું આસ્ફાલન કર્યું. બિભીષણે જવાબ આપ્યો, "મેં પણ ભ્રાતૃહત્યાના ભયથી જ આ પ્રમાણે કહેલું છે. મારો પણ બીજો કોઈ હેતુ નથી" એમ કહી બિભીષણે પણ ધનુષ્યનું આસ્ફાલન કર્યું. પછી બન્ને ભાઇઓ ઉધ્ધતપણે યુદ્ધ કરવા લાગ્યા.

રામ અને લક્ષ્મણની સાથે ઈન્દ્રજિત અને કુંભકર્ણે યુદ્ધ કરી સામનો કર્યો પણ થોડીજ વારમાં તેઓ નાગપાશથી બંધાઈ ગયા અને રામની આજ્ઞાથી તેમને છાવણીમાં લઈ જવામાં આવ્યા. રાવણ પોતાના મહાસુભટોનો પરાભવ દેખી ધુંધવાયો અને અમોઘવિજયા નામની શક્તિ હાથમાં લઇ બિભીષણને કહેવા લાગ્યો કે 'ભ્રાતૃદ્રોહનુ ફળ તને હમણાં જ આપું છું'. રામે આ વખતે લક્ષ્મણને કહ્યું, "બિભીષણ આપણો અતિથિ છે. તે મરણ પામે તેમાં આપણી શોભા નથી" આથી લક્ષ્મણ વચ્ચે આવ્યો. રાવણે લક્ષ્મણ ઉપર અમોઘ વિજયાશક્તિ ફેંકી. લક્ષ્મણ મૂર્છા ખાઈ ભૂમિ ઉપર પડયો. રામ અને સીતાને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તેઓ દુઃખી

થયા અન્તે વિશલ્યાના પાદ જળથી લક્ષ્મણ ભાનમાં આવ્યો.

લક્ષ્મણની મૂર્છા

લક્ષ્મણને મૂર્છા વળી છે એવી રાવણને ખબર પડી એટલે તેના મંત્રીઓએ સીતાને છોડી દેવા ફરી સલાહ આપી. પણ રાવણે તે સ્વીકારી નહિ. ઉલટું તેણે દૂત મારફત રામને કહેવડાવ્યું, "તમે મારા પુત્રોને છોડી મૂકો અને સીતાને મારી સાથે પરણાવો. જો તમે મારી માગણીનો ઈન્કાર કરશો તો હું તમારો સર્વ નાશ કરીશ." જવાબમાં રામે જણાવ્યું, 'દૂત, તારા સ્વામીની દરખાસ્ત હું સ્વીકારતો નથી.' લક્ષ્મણે પણ દૂતને જણાવ્યું, " તારા રાવણને યુદ્ધ કરવા મોકલ. તેને મારવાને મારો ભુજ તૈયાર થઇ રહેલો છે."

રાવણની વિદ્યા સાધના

દૂતના પાછા આવ્યા પછી મંત્રીઓએ રાવણને સીતા રામને સોંપી દેવા જણાવ્યું. પણ રાવણે પોતાનો હઠાગ્રહ છોડયો નહિ. શાન્તિનાથ પ્રભુના ચૈત્યમાં જઈ તેણે બહુરૂપા નામની વિદ્યાની સાધના કરી. પછી તે સીતા પાસે ગયો અને ગમે તેવો બકવાદ કર્યો. સીતાએ તેને કહ્યું, "રામ, લક્ષ્મણ યુદ્ધમાં મરણ પામશે તો પણ હું તારે સ્વાધીન તો નહીં જ થાઉં; પણ અનશન વ્રત લઈ દેહત્યાગ કરીશ" સીતાના આવાં વચન સાંભળી રાવણે વિચાર્યું, "બિભીષણ અને મંત્રીઓની સલાહનો અસ્વીકાર કરીને મેં કુળને કલંકિત કર્યું છે, પરન્તુ જો હવે હું સીતાને છોડી દઉં તો તે વિવેક ગણાશે નહિ. પણ ઉલટું 'રામથી દબાઈને સીતાને આપી દીધી. એવો અપયશ પ્રાપ્ત થશે; માટે રામલક્ષ્મણને બાંધીને અહીં આવું અને પછી તેમને આ સીતા અર્પણ કરૂં તો તે કાર્ય ધર્મ અને યશ વધારનારૂં થશે."

રાવણનો વધ

બીજે દિવસે રાવણ અને લક્ષ્મણ વચ્ચે તુમુલ યુદ્ધ થયું

બહુરૂપા વિદ્યા વડે રાવણે અનેક રૂપો વિકુર્વ્યા. ભૂમિ ઉપર, આકાશમાં, પૃષ્ઠ ભાગે, અગ્ર ભાગે અને બન્ને પડખે વિવિધ પ્રકારના આયુધોને વર્ષાવતા અનેક રાવણો લક્ષ્મણના જોવામાં આવ્યા. લક્ષ્મણ એકલો હોવા છતાં અનેક રાવણોને બાણો મારવા લાગ્યો. વાસુદેવ લક્ષ્મણના બાણોથી રાવણ અકળાઈ ગયો. એટલે તેણે પ્રતિવાસુદેવનું ચક્ર છોડયું. લક્ષ્મણે તે ચક્ર પોતાના જમણા હાથમાં ઝીલી લીધું અને રાવણ પર છોડયું. રાવણ મૃત્યુ પામી ચોથી નરકે ગયો.

## સીતાનો ત્યાગ

રાવણના મૃત્યુ પછી રાક્ષસો ભયભીત થયા અને કયાં નાસી જવું તેની ગડમથલમાં પડયા. તેવામાં બિભીષણે તેમને આ પ્રમાણે આશ્વાસન આપ્યું, " હે રાક્ષસવીરો ! રામ અને લક્ષ્મણ આઠમા બળદેવ અને વાસુદેવ છે. તેઓ શરણ કરવા યોગ્ય છે, માટે નિઃશંક થઈને તેમને શરણે જાઓ." વિભીષણનાં આવા વચનથી તેઓ રામ લક્ષ્મણને શરણે આવ્યા.

બિભીષણને આશ્વાસન

હવે બિભીષણે મરણ પામેલા પોતાના બંધુ રાવણને જોઈ શોકના આવેશ વડે મરવાની ઇચ્છાથી પોતાની છરી ખેંચી. તે, છરીથી પોતાના ઉદરમાં ઘા કરત, પરન્તુ 'હે ભાઈ ! હે ભાઇ ! એમ ઊંચા સ્વરે રૂદન કરતા બિભીષણને રામે એકદમ પકડી લીધો અને કહ્યું, " તમારે શોક કરવાનું કાંઇ કારણ નથી. તમારો ભાઈ રાવણ પ્રતાપી હતો. તેની સાથે સંગ્રામ ખેલવાની હિમત દેવતાઓ પણ કરતા ન હતા. વીરવૃત્તિથી મૃત્યુ પામેલો તમારો બન્ધુ અમર થયો છે. કોઇને મોડું તો કોઈને વહેલું મૃત્યુ તો આવેજ છે; માટે હવે તમે તેનુ ઉત્તર કાર્ય સારી રીતે કરો." આ પ્રમાણે કહી રામે

કુંભકર્ણ, ઈન્દ્રજિત, મેઘવાહન વગેરેને છોડી દીધા. પછી બિભીષણ વગેરે સગાસંબંધીઓએ રાવણનો અગ્નિસંસ્કાર કર્યો. અને રામ સહિત ઘણાએ તેને અંજલિ આપી.

આ અરસામાં અપ્રમેયબલ નામના જ્ઞાની મુનિ પધાર્યા. તેમની દેશના સાંભળી, ઈન્દ્રજિત અને મેઘવાહને વૈરાગ્ય પામી, પોતાના પૂર્વભવ પૂછયા.

## ઇન્દ્રજિત મેઘવાહન અને મંદોદરીનો પૂર્વભવ

મુનિ બોલ્યા, "આ ભરતક્ષેત્રની કોશાંબી નગરીમાં તમે બે પ્રથમ અને પશ્ચિમ નામે નિર્ધન ભાઈઓ હતા. કાળક્રમે દીક્ષા લઈ ફરતા ફરતા પાછા કોશાંબીના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં પોતાની ઈંદુમુખી રાણીની સાથે રાજાને ક્રીડા કરતો જોઈ પશ્ચિમ મુનિએ નિયાણું બાંધ્યું કે, "આ તપસ્યા કરવાથી આવી ક્રીડા કરનાર આ રાજા અને રાણીનો જ હું પુત્ર થાઉં" બીજા સાધુઓએ ઘણા વાર્યા તો પણ તે આવા નિયાણાથી નિવૃત્ત થયા નહિ તેથી મરણ પામીને તે પશ્ચિમ મુનિ રતિવર્ધન નામે તેમના પુત્ર થયા. પ્રથમ નામના મુનિ મૃત્યુ પામી, નિયાણા સહિત તપના બળથી પાંચમા કલ્પમાં દેવ થયા. તેમણે અવધિજ્ઞાનથી પોતાના ભાઈ પશ્ચિમને જોયો અને મુનિરૂપ લઇ તેની પાસે આવી, તેનો પૂર્વભવ કહ્યો. આથી રતિવર્ધને દીક્ષા લીધી અને તે પણ દેવ થયો. ત્યાંથી ચ્યવી બે ભવ કરી, પ્રથમ તે રાવણનો ઇન્દ્રજિત નામે પુત્ર થયો અને પશ્ચિમ તે મેઘવાહન નામે કુંવર થયો. ઈન્દુ મુખી પણ ભવભ્રમણ કરી, તમારી માતા મંદોદરી નામે થઇ."

આ પૂર્વભવ સાંભળી ઇન્દ્રજિત, મેઘવાહન, મંદોદરી વગેરેએ દીક્ષા લીધી.

## રામસીતાનું મિલન બિભીષણને મળેલું લંકાનું રાજ

પછી રામે મુનિને નમસ્કાર કરી લક્ષ્મણ સહિત લંકામાં પ્રવેશ કર્યો અને તે પ્રથમ સીતાને મળ્યો. વિદ્યાધરો હર્ષથી બોલી ઊઠયા, "મહાસતી સીતાનો જય ! લક્ષ્મણ વગેરે સીતાને પગે લાગ્યા. પછી રામ ભુવનાલંકાર નામના હાથી પર બેસી રાવણના મંદિરમાં આવ્યા અને શાન્તિનાથ પ્રભુની પૂજા કરી. પછી આપેલ વચન પ્રમાણે રામે લંકાના રાજ્ય ઉપર બિભીષણનો અભિષેક કર્યો રામે લંકામાં છ વર્ષ વીતાવ્યાં. તે અરસામાં વિન્દયસ્થલ ઉપર ઈન્દ્રજિત અને મેઘવાહન મોક્ષ પામ્યા તેથી તે સ્થળ મેઘરથ નામનું તીર્થ થયું અને નર્મદા નદીના કાંઠે કુંભકર્ણ મોક્ષે ગયા તેથી તે પૃષ્ટ રક્ષિત નામે તીર્થ થયું.

અયોધ્યામાં રામલક્ષ્મણની માતાઓ પુત્રના સમાચાર નહિ મળવાથી દુઃખી થઈ જીવન પસાર કરતી હતી, તેવામાં અકસ્માત નારદ ત્યાં આવી ચડયા અને માતાઓને પૂછ્યું, "તમે કેમ દુઃખી છો ?" કૌશલ્યાએ કહ્યું, "રામ લંકા ગયા છે. રાવણે શક્તિથી લક્ષ્મણને પ્રહાર કર્યો છે. તે શક્તિનું શલ્ય દૂર કરવા વિશલ્યા ને ત્યાં લઈ ગયા. ત્યાર પછી લક્ષ્મણ જીવ્યા કે નહિ તે અમે જાણતા નથી." નારદે કહ્યું, "તમારા પુત્રની પાસે હું જઈશ અને તેઓને અહીં લઈ આવીશ." પછી નારદ લંકામાં આવ્યા અને રામ, લક્ષ્મણને તેમની માતાઓ દુઃખી થાય છે તે જણાવ્યું રામ, લક્ષ્મણ જાનકી વગેરે પરિવાર સાથે અયોધ્યા આવ્યા. ભરત અને શત્રુઘ્ને તેમનું હાર્દિક સ્વાગત કર્યું. રામ, લક્ષ્મણ અને જાનકી માતાઓ અને સ્વજનોને મળ્યા અને આશીર્વાદ મેળવ્યા. ભરતે રામના આગમનનો અયોધ્યામાં મોટો ઉત્સવ કર્યો.

અન્યદા ભરતે અને કૈકેયીએ દીક્ષા લીધી અને રૂડી રીતે

પાળી મોક્ષપદ પામ્યા. ભરતની દીક્ષા પછી રાજાઓએ રામને રાજયગાદી સ્વીકારવા વિનતી કરી પણ રામે તેમને કહ્યું, આ લક્ષ્મણ વાસુદેવ છે, માટે તેનો રાજ્યાભિષેક કરો." તેઓએ તત્કાળ તેમ કર્યું અને રામને પણ બલદેવપણાનો અભિષેક કર્યો. પછી રામ આઠમા બલદેવ અને લક્ષ્મણ આઠમા વાસુદેવ બની રાજ્ય કરવા લાગ્યા. જે જે મિત્રોએ તેમને વનવાસ કામમાં મદદ કરી હતી તેમને રામે જુદા જુદા પ્રદેશ આપ્યા. શત્રુઘ્નની ઈચ્છાથી તેને મથુરાનું રાજય આપવામાં આવ્યું.

## સીતા ઉપર ખોટું કલંક

### સીતાનું સ્વપ્ન

એક વખતે સીતા ઋતુસ્નાન કરીને સુતા હતા ત્યારે રાત્રિને અન્તે સ્વપ્નમાં બે અષ્ટાપદ પ્રાણીને વિમાનમાંથી ચ્યવીને પોતાના મુખમાં પ્રવેશ કરતા તેણે જોયા. તેણે તે સ્વપ્ન રામને કહ્યું, એટલે રામ બોલ્યા, "તમારે બે વીર પુત્ર થશે, પણ વિમાનમાંથી બે અષ્ટાપદ પ્રાણી ચ્યવ્યા એવું જે તમે દીઠું છે તેથી મને હર્ષ થતો નથી." જાનકી બોલ્યા, "હે પ્રભુ ! ધર્મના અને તમારા માહાત્મ્યથી બધું શુભ જ થશે." તે દિવસથી સીતાએ ગર્ભ ધારણ કર્યો. સીતા પ્રથમ પણ રામને અતિ પ્રિય હતા, તે ગર્ભ ધારણ કર્યા પછી વિશેષ પ્રિય થયા.

### શોકયોનું કાવત્રું

સીતાને સગર્ભા જાણી તેની સપત્નીઓને (શોકયો ને) ઈર્ષ્યા ઉત્પન્ન થઇ. તેમણે હસતાં હસતાં એકવાર પૂછયું, "સીતા, રાવણનું રૂપ કેવું હતું." સીતાએ કહ્યું "મેં એના પગ સિવાય કાંઈ જોયું જ નથી." શોકયોએ કહ્યું, 'પગ તો પગ ઓળખી બતાવ' સીતાએ કહ્યું, 'એ પાપીના પગ ઓળખીને શું કામ છે' શોકયોએ કહ્યું, 'હવે તો એ ગયો. આપણે કૌતુક તો પુરૂં કરીએ આલેખ !

આલેખ!" શોકયોના આગ્રહથી સીતાએ રાવણના બે ચરણ આલેખ્યા. તે સમયે અકસ્માત રામ ત્યાં આવી ચડયા એટલે તત્કાળ શોકયો બોલી ઊઠી, "સ્વામી ! જુઓ તમારી સીતા અદ્યાપિ રાવણને સંભારે છે. જુઓ, આ સીતાએ પોતે રાવણના બે ચરણ આલેખ્યા છે. હજી સીતા તેની જ ઇચ્છા કરે છે તે આપ ધ્યાનમાં રાખજો." તે જોઇ તથા સાંભળી રામે ગંભીરપણે મોટું મન રાખ્યું અને સીતાથી ન જણાય તેમ ત્યાંથી તત્કાળ પાછા વળી ગયા. શોકયોએ આ વાત દાસીઓ દ્વારા લોકોમાં વહેતી મૂકી અને લોકો અપવાદ બોલવા લાગ્યા.

લોકાપવાદ

એક વખત રામને મળવા કેટલાક અધિકારીઓ આવ્યા. અને નમન કરી ઊભા રહ્યા. રામે કહ્યું, 'તમારે શું કામ છે? જે હોય તે જણાવો.' અધિકારીઓ બોલી શકતા નથી અને કંઠે આવેલા શબ્દો પાછા હૃદયમાં ઉતારી જાય છે. તેઓને રામે કહ્યું, 'હે નગરીના મહાન અધિકારીઓ! તમારે જે કહેવાનું હોય તે કહો. મારા તરફથી તમને ઉપદ્રવ થશે નહિ.' રામના અભય વચનથી નિશ્ચિત થઇ વિજય નામનો મુખ્ય અધિકારી બોલ્યો, " લોકો કહે છે 'રતિ ક્રીડા કરવાની ઇચ્છાવાળા રાવણે સીતાનું હરણ કરીને તેને પોતાના ઘરમાં એકલાં રાખ્યા. સીતા તેના ઘરમાં લાંબો કાળ સુધી રહ્યા. સીતા રક્ત હોય કે વિરક્ત હોય, પણ સ્ત્રીમાં લોલુપ એવો રાવણ તેને સમજાવીને અથવા બળાત્કારે ભોગથી દુષિત કર્યા વગર રહે નહિ. તે માયાવી પિશાચ આગળ અબળા સીતાનું શું ગજું ? આપણે પ્રજા છીએ એટલે બહુ બોલાય નહિ. રામને સીતા ઉપર ભલે ભરોસો રહ્યો. આપણે તો આવી રીતે સ્ત્રી ઉપર ભરોસો ન રાખી શકીએ." રામને અધિકારીઓના વચન સાંભળી વિવિધ

વિચારો આવ્યા. પણ તે સર્વ મનમાં સમાવી અધિકારીઓને કહ્યું, "હું લોકોના અપવાદ દુર કરીશ અને સ્રીની ખાતર કુળની કીર્તિને ઝાંખપ નહિ લાગવા દઉં." અધિકારીઓ વિદાય થયા. રામ વેશપલટો કરી ઠેર ઠેર ફર્યા.

તેમણે પણ લોકોને મોઢે સાંભળ્યું. "રામ સીતાના રાગી છે તેથી તેના માન્યામાં આવતું નથી બાકી વિષયી રાવણના ઘરમાં સીતા લાંબો વખત રહ્યા છતાં પવિત્ર રહે એ કેમ બની શકે? અને આટલા વખત રાવણના ઘરમાં રહેલી સીતાને પવિત્રમાની ફરી ઘરમાં રાખનાર રામ સિવાય બીજો કોણ રાગી જડે?" રામે પછી બીજા બાતમીદારો મોકલ્યા. તેઓએ પણ ઉપર પ્રમાણે લોકાપવાદ કહ્યા.

રામની સ્થિતિ વિષમ બની. તે જાણતા હતા કે સીતા નિષ્કલંક છે. પણ લોકોપવાદ આગળ શું કરવું તે તેમને સૂઝયું નહિ. ઘડીક તેમને લોકાપવાદને તરછોડવાની વૃત્તિ જાગી. તો ઘડીક સીતાના ત્યાગની વૃત્તિ જાગી. અંતે લોકાપવાદથી રામ મહાત થયા અને સંમેત શિખરની યાત્રાનું બહાનું કાઢી, સીતાને રથમાં બેસાડી, જંગલમાં મૂકી આવવાનું કામ સેનાપતિ કૃતાંતવદનને સોંપ્યું. આ વાત લક્ષ્મણે જાણી ત્યારે તેણે રામને કહ્યું, "લોકોના કહેવા ઉપરથી સીતાનો ત્યાગ કરશો નહિ, કેમ કે લોકો તો ગમે તેમ બોલે, કાંઈ તેમના મુખ બંધાતાં નથી સારા રાજ્યમાં પણ લોકો રાજાના દોષ શોધે છે, તેથી રાજાએ તેમને શિક્ષા કરવી જોઈએ. શિક્ષા કરવી ઉચિત ન લાગે તો રાજાએ તેમની ઉપેક્ષા કરવી." રામે કહ્યું, "હું પણ જાણું છું કે સીતા શુદ્ધ છે. છતાં રાજવીએ લોકવિરૂદ્ધનો ત્યાગ કરવો જોઈએ." લક્ષ્મણ રડતા રહ્યા આ બાજુ કૃતાંતવદન સીતાને રથમાં બેસાડી મધ્ય જંગલમાં લઈ ગયો. મધ્ય જંગલમાં રથ ઊભો રાખી નીચે ઉતરી

આંખમાં આંસુ લાવી કૃતાંતવદન કહેવા લાગ્યો, "હે માતા! હું દુર્વચન શી રીતે બોલી શકું? સેવક છું એટલે મારે આ અકૃત્ય કરવું પડયું છે. તમે રાવણને ઘેર રહ્યા તે સંબંધી લોકાપવાદથી ભય પામીને રામે છેવટે આ ગાઢ જંગલમાં તમને ત્યજી દેવાનું કહ્યું છે." સેનાપતિના આવાં વચન સાંભળી સીતા મૂર્છા પામ્યા થોડીવારે વનના શીતળ વાયુથી સચેત થઇ સીતા બોલ્યા, "મારો આટલો સંદેશો રામને બરાબર કહેજે કે;

સીતાએ રામને મોકલાવેલ સંદેશો.

"જો તમે લોકાપવાદથી ભય પામ્યા હતા તો મારી પરીક્ષા કેમ ન કરી? સર્વલોકો જ્યારે શંકા પડે છે ત્યારે દિવ્ય વગેરેથી પરીક્ષા કરે છે. હું મંદ ભાગ્યશાળી તો આ વનમાં પણ મારાં કર્મ ભોગવીશ. પરન્તુ તમે તમારા વિવેકને કે કુળને યોગ્ય કામ કર્યું નથી. જેવી રીતે દુર્જનની વાણીથી તમે મને એકદમ છોડી દીધી, તેમ મિથ્યા દૃષ્ટિની વાણીથી શ્રી જિનભાષિત ધર્મને છોડશો નહિ." આ પ્રમાણે કહીને સીતા મૂર્છા ખાઈ ભૂમિ પર ઢળી પડયા. ફરીવાર સાવધાન થઈ બોલ્યા, 'હે વત્સ! રામને કલ્યાણ અને લક્ષ્મણને આશીષ કહેજે. માર્ગમાં તને નિરૂપદ્રવપણું થાઓ. હવે તું રામની પાસે સત્વર જા."

## સીતાની શુદ્ધિ અને વ્રત ગ્રહણ

સીતા વનમાં ફરતાં હતાં એટલામાં ત્યાંનો રાજા વજ્રજંઘ હાથીઓ પકડવા સૈન્ય સાથે ત્યાં આવ્યો દુઃખી સીતાને વનમાં રખડતાં જોઇ તે તેની પાસે આવ્યો અને નામઠામ પૂછયું સીતાનો વૃત્તાંત સાંભળી વજ્રજંઘે સીતાને પોતાના ઘેર આવવા જણાવ્યું સીતાએ એને ભાઇ તરીકે ગણીને તેની સાથે પુંડરિક પુરી ગઈ.

બીજી તરફ કૃતાંતવદન સેનાની અયોધ્યામાં આવ્યો. તેણે રામચંદ્ર પાસે જઇ કહ્યું. સીતાએ તમને આ મતલબનો સંદેશો કહેવડાવ્યો છે કે "નીતિશાસ્ત્રમાં, સ્મૃતિમાં કે કોઇ દેશમાં એવો આચાર હશે કે એક પક્ષના કહેલા દોષથી બીજા પક્ષને પૂછયા સિવાય શિક્ષા થાય? તમે સદા વિચારીને કાર્ય કરનારા છો, છતાં આ કાર્ય વિચાર્યા વગર કર્યું. છે, પણ તેમાં હું મારા ભાગ્યનો જ દોષ માનું છું તમે તો સદા નિર્દોષ જ છો; પરંતુ નિર્દોષ છતાં જેવી રીતે દુર્જનના વચનથી તમે મારો ત્યાગ કર્યો તેવી રીતે હવે મિથ્યા દષ્ટિના વચનથી જૈન ધર્મનો ત્યાગ કરશો નહિ.

## રામે કરેલી સીતાની નિષ્ફળ શોધ

સીતાનો સંદેશો સાંભળી રામને ઘણો જ પશ્ચાત્તાપ થયો. લોકોના કહેવાથી સીતાનો ત્યાગ કર્યો એ વિચારથી ખેદ પામીને, અને મંત્રીઓ તથા સ્વજનોના આગ્રહથી વિમાનમાં બેસી રામ સીતાની શોધ કરવા નીકળી પડયા. દુઃખી હૃદયે એમણે એકે એક સ્થાન જોયું પણ સીતાનો પત્તો ક્યાંય લાગ્યો નહિ. સીતા જરૂર મરણ પામ્યાં હશે એમ માની નિરાશ થઈ તેઓ અયોધ્યા પાછા ફર્યા.

વજ્રજંઘ રાજાને ઘેર સીતાએ યુગલ પુત્રને જન્મ આપ્યો. તેમના અનંગલવણ અને મદનાંકુશ એવાં નામ પાડયાં કાળક્રમે બન્ને ભાઈઓ યુવાન વય પામ્યા અને સિદ્ધાર્થ નામના એક સિદ્ધ પુરૂષ પાસેથી વિદ્યા મેળવી સર્વ કળા વિશારદ બન્યા, વજ્રજંઘે પોતાની પુત્રી શશિચૂલા અને બીજી કન્યાઓ લવણને પરણાવી. મદનાંકુશ માટે પૃથ્વીપુરના રાજા પૃથુની પુત્રી કનકમાલાની માગણી કરી. પણ એ કુમારોનો વંશ નહિ જાણવાથી પૃથુ રાજાએ એ માગણી સ્વીકારી નહિ એટલે લવણ અને અંકુશ યુદ્ધ કરવા ગયા.

યુદ્ધમાં બન્ને ભાઇઓનું પરાક્રમ જોઈ પૃથુરાજાએ તરત જ પોતાની કન્યા કનકમાળા અંકુશ સાથે પરણાવી. પછી નારદ પાસેથી લવણ અંકુશનો વંશ જાણી પૃથુરાજા અત્યંત હર્ષ પામ્યો.

**લવણ અંકુશની રામ લક્ષ્મણ સાથે યુદ્ધ કરવાની ઇચ્છા**

લવણ અંકુશ રામ લક્ષ્મણને પરચો બતાવવા માગતા હતા. આ વાત તેમણે વજ્રજંઘ તથા સીતાને કરી. વજ્રજંઘે સંમતિ આપી. સીતાએ પિતા તથા કાકા સાથે યુદ્ધ કરવાની ના પાડી, છતાં બન્ને પરાક્રમી પુત્રો ન અટકયા અને સૈન્ય સાથે કુચ આરંભી અયોધ્યા પહોંચી તેમણે રામ લક્ષ્મણના સૈન્યની સારી એવી ખુવારી કરી. આથી રામ લક્ષ્મણ જાતે યુદ્ધ કરવા આવ્યા. લવણ અંકુશ રામ લક્ષ્મણને ઓળખતા હોવાથી સંભાળીને એમની સાથે ખેલવા લાગ્યા. પરન્તુ રામ લક્ષ્મણ સંબંધને જાણતા ન હોવાથી નિરંકુશતાથી યુદ્ધ ખેલવા લાગ્યા. રામે વજાવર્ત ધનુષ્ય આદિ સર્વ અમોઘ શસ્ત્રો ફેંકી જોયાં પરંતુ બધાં જ શસ્ત્રો પાછા આવ્યાં લક્ષ્મણનાં પણ બધાં જ શસ્ત્રો નિષ્ફળ નીવડયાં. અંકુશે એક બાણ લક્ષ્મણને માર્યું; આથી લક્ષ્મણ મૂર્છા ખાઈ જમીન પર ઢળી પડયો. ભાનમાં આવતાં લક્ષ્મણ ફરી વખત અંકુશની સામે લડવા આવ્યો અને વાસુદેવનું ચક્ર અંકુશ તરફ ફેંકયુ. પરંતુ તે ચક્ર અંકુશની પ્રદક્ષિણા કરી લક્ષ્મણ તરફ પાછું વળ્યું. બીજી વખત ફેંકયું તોપણ એમજ બન્યું. રામ અને લક્ષ્મણ આથી વિમાસણમાં પડી ગયા. એટલામાં નારદ ત્યાં આવી પહોંચ્યા અને રામ લક્ષ્મણને લવણ અંકુશનો પરિચય આપ્યો એટલે રામ લક્ષ્મણની સાથે લવણાંકુશની પાસે જવા ચાલ્યા. તેમને આવતા જોઈ લવણાંકુશ તત્કાળ રથમાંથી ઉતરી સર્વ અસ્ત્રો ત્યજી દઈ રામ લક્ષ્મણના ચરણમાં પડયા. તેમને આલિંગન કરી ઉત્સંગ

પર બેસાડી, રામે તેમના મસ્તક પર ચુંબન કર્યું. સીતાએ આ દશ્ય દૂરથી જોયું એટલે તે હર્ષ પામી પુંડરીક ચાલ્યાં ગયાં.

## સીતાનો અગ્નિ પ્રવેશ

સુગ્રીવ આદિ સુભટોએ રામને સીતાની વાત કરી. રામે સીતાને બોલાવી લાવવા સેવકો મોકલ્યા. અયોધ્યાની પ્રજાનો અને રામનો અત્યંત આગ્રહ છે એમ જાણીને સીતા અયોધ્યા આવ્યાં પરંન્તુ નગરમાં પ્રવેશવાની એમણે ના પાડી અને પોતાની શુદ્ધિની સાબીતી માટે દિવ્ય કરવાની ઇચ્છા દર્શાવી રામે ત્રણ સો હાથ પહોળો એક બે પુરૂષ પ્રમાણ ઊંડો એકખાદો કરાવ્યો અને તે ચંદનના કાષ્ઠોથી પૂરાવ્યો.

સીતાના સતીત્વની સાબીતી

સળગતી ચિતા સમક્ષ આવી સર્વજ્ઞનું સ્મરણ કરી, સીતા બોલ્યાં; 'હે લોક પાળો હે લોકો! સર્વ સાંભળો જો મેં રામ વિના બીજા કોઈ પુરૂષની અભિલાષા કરી હોય, તો આ અગ્નિ મને બાળી નાખે, પણ જો હું મનવચન કાયા એ પવિત્ર હોઉં તો આ ભડભદ બળી રહેલી અગ્નિ શિખાઓ શાંત થઈ જાઓ" આ પ્રમાણે કહી નમસ્કારમંત્રનું સ્મરણ કરી સીતાએ અગ્નિકુંડમાં પ્રવેશ કર્યો. જેવા સીતા તેમાં પડયા તેવો જ તત્કાળ અગ્નિ બુઝાઇ ગયો અને તે ખાડો સ્વચ્છ જળથી પૂરાઇને વાપી રૂપ થઇ ગયો. તેના સતી પણાથી સંતુષ્ટ થયેલા દેવના પ્રભાવથી સીતા લક્ષ્મીની જેમ તે જળની ઉપર કમળ પર રચેલા સિંહાસનમાં બિરાજમાન થયા

સીતાની દીક્ષા

પોતાની માતાનો પ્રભાવ જોઈલવણાં કુશ ઘણાં હર્ષ પામ્યા. પછી હંસની જેમ તરતા તરતા તે બન્ને તેની પાસે ગયા. સીતાએ મસ્તકપર સુંઘીને તેમને પોતાને બે પડખે બેસાડયા તે વખતે

લક્ષ્મણ, શત્રુઘ્ન, ભામંડળ, વિભીષણ, સુગ્રીવ વગેરે વીરો એ સીતાને ભક્તિથી નમસ્કાર કર્યો પછી. રામે સીતાને પોતાની સાથે અયોધ્યામાં આવવા જણાવ્યું. પરન્તુ સીતાએ ના કહી કારણ કે તેમને હવે સંસાર પર મોહ રહ્યો ન હતો. પોતાની મુષ્ઠિથી કે શનો લોચ કરી તે કેશ તેમણે રામને અર્પણ કર્યો આથી રામને મૂર્છા આવી. રામ શુદ્ધિમાં આવે તે પહેલાં તો સીતા ત્યાંથી ચાલી ગયાં અને જય ભૂષણ નામના મુનિ પાસે વિધિપૂર્વક દીક્ષા લીધી.

## રામનું નિર્વાણ

મૂર્છિત થયેલા રામને પરિવારે જળ છાંટયું એટલે તે સ્વસ્થ થઈ બોલ્યા. "એ મનસ્વિની સીતા દેવી કયાં છે? અરે ભૂચરો અને ખેચરો! જો તમારે મરવાની ઇચ્છા ન હોય તો મારી સીતા મને સત્વર બતાવો! હે લક્ષ્મણ! ધનુષ્ય લાવ હું હમણાંજ સીતાને લઈ આવું." આ પ્રમાણે કહીને ધનુષ્ય ગ્રહણ કરતા રામને લક્ષ્મણે કહ્યું, "હે. આર્ય! આ શું કરો છો. આ સર્વ લોક તમારા સેવક છે, ન્યાય નિષ્ઠ એવા તમે દોષના ભયથી જેમ સીતાનો ત્યાગ કર્યો હતો, તેમ સ્વાર્થ નિષ્ઠ સીતાએ સંસારના ભયથી આપણા સર્વનો ત્યાગ કર્યો છે. તમારી પ્રિયા સીતાએ અહીં પ્રત્યક્ષ પોતાની મેળે પોતાના કેશનો લોચ કરી જય ભૂષણ મુનિ પાસે જઈ વિધિપૂર્વક દીક્ષા લીધી છે. એ મહર્ષિને હમણાં જ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું છે. તેનો મહિમા કરવો એ તમારૂં પણ કૃત્ય છે વળી મહા વ્રતધારી સીતા સ્વામિની પણ ત્યાં રહેલાં છે" લક્ષ્મણનાં આવાં વચન સાંભળી રામ બોલ્યા, 'હે બન્ધુ કેવળી પાસે મારા પ્રિયાએ વ્રત ધારણ કર્યું તે બહુ સારૂં કર્યું" આ પ્રમાણે કહી રામ પરિવાર સહિત જયભૂષણ મુનિપાસે ગયા અને નમસ્કાર કરી દેશના સાંભળી દેશનાને અન્તે રામે મુનિને પૃછયું, "હું ભવ્ય છું કે અભવ્ય? કેવળ

બોલ્યા, "હે રામ તમે કેવળ ભવ્ય છો એટલું જ નહિ પણ આ જન્મમાં જ કેવળજ્ઞાન પામીને સિદ્ધિ ને પણ પામનારા છો"

## રામ, લક્ષ્મણ, સીતા રાવણ અને વિભીષણના પૂર્વભવ

સભામાં વિભીષણ, લક્ષ્મણ, લવણ, અંકુશ વગેરે બેઠા હતા તેમણે પોતાના પૂર્વ ભવ વિષે પૂછયું. મુનિએ કહ્યું, "આ દક્ષિણ ભરતાં ક્ષેમપુર નગરમાં નયદત્ત નામે વાણિયો હતો. તેને સુનંદા નામની સ્ત્રીથી ધનદત્ત અને વસુદત્ત નામે બે પુત્ર થયા. આ બન્ને પુત્રોને યાજ્ઞવલ્કય નામનો મિત્ર હતો. આજ નગરમાં સાગરદત્ત શેઠને ગુણધર નામે પુત્ર અને ગુણવતી નામે પુત્રી હતી. આ પુત્રીનો વિવાહ ધનદત્તની સાથે તેના પિતાએ કર્યો હતો. તેની માતાએ ધન લોભથી લલચાઈ શ્રીકાન્ત નામના એક ધનાઢયની સાથે ગુપ્ત રીતે તેને આપવાનું નકકી કર્યું હતું આવાતની ખબર યાજ્ઞવલ્કય દ્વારા વસુદત્તને પડતાં તે શ્રીકાન્ત પાસે ગયો અને ત્યાં પરસ્પર લડી બન્ને મૃત્યુ પામ્યા આમ ગુણવંતીને કારણે વસુદત્ત અને શ્રીકાન્તની વૈરપરંપરા જાગી અને યાજ્ઞવલ્કય, વસુદત્ત અને ધનદત્તની પરસ્પર પ્રેમ પરંપરા જાગી.

ગુણવતી મરી, ભવભ્રમણ કરી સીતા થઇ, વસુદત ભવ ભ્રમણ કરી લક્ષ્મણ થયો. ગુણવતી જેને આપી હતી તે ભદ્રિક ધનદત્ત ભવાટવીમાં ભમી રામ થયા. શ્રીકાન્તનો જીવ ભવભ્રમણ કરી રાવણ થયો. યાજ્ઞવલ્કય, પૂર્વભવમાં ધનદત્ત અને વસુદત્તનો મિત્ર હોવાથી સંસારમાં રખડી બિભીષણ થયો અને રામ લક્ષ્મણનો મિત્ર બન્યો.

લવણ અંકુશના પૂર્વભવ

કાકંદી નગરીમાં લવણ અને અકુશના જીવ સસુનંદ અને સુનંદ નામે બે બ્રાહ્મણ હતા, માસો પવાસી મુનિને ભાવથી પ્રતિલાભી અને શુભ ભાવથી મૃત્યુ પામી બન્ને રાજકુમારો થયા.

અન્તે દીક્ષા લઇ, મૃત્યુ પામી દેવલોકે જઇ લત્રણ અંકુશ થયા

આ પ્રમાણે જયભૂષણ મુનિ પાસેથી પૂર્વભવ સાંભળી ઘણા લોકો સંવેગ પામ્યા. રામના સેનાપતિ કૃતાન્તે તત્કાળ દીક્ષાલીધી રામ લક્ષ્મણ જયભૂષણ મુનિને વંદન કરી ત્યાંથી ઊઠીને સીતા પાસે આવ્યા. સીતાને જોઈ રામે વિચાર્યું "આ સીતા શીષરીના પુષ્પ જેવી કોમળ રાજપુત્રી છે, તે શીત અને આતાપના કલેશને કેમ સહન કરી શકશે? વળી આ સ્ત્રી સર્વભારથી અધિક અને હૃદયથી પણ દુર્વહ એવા સંયમના ભારને કેવી રીતે વહન કરી શકશે? અથવા જેના સતી વ્રતને રાવણ પણ ભગ્ન કરી શકયો નહિ એવી આ સતી સંયમમાં પણ પોતાની પ્રતિજ્ઞા પાળનારા થશે" આમ વિચાર કરી રામે સીતાને વંદના કરી એટલે લક્ષ્મણ અને બીજારાજાઓએ પણ વંદના કરી. પછી રામ પરિવાર સાથે અયોધ્યા આવ્યા.

સીતાનું સ્વર્ગગમન

સીતાએ ઉગ્ર તપ કરવા માંડયું. આઠ વર્ષ સુધી વિવિધ તપ કરી, ત્રીશ દિવસ અનશન આરાધી મૃત્યુ પામી અચ્યુતેન્દ્ર થયા.

## મંદાકિની તથા ચંદ્રમુખીનો સ્વયંવર
## લક્ષ્મણના પુત્રોએ લીધેલી દીક્ષા

વૈતાઢયગિરિ પર આવેલા કાંચનપુરમાં કનકરથ નામે વિદ્યાધરનો રાજા હતો. તેને મંદાકિની અને ચંદ્રમુખી નામે બે કન્યા હતી. તેમના સ્વયંવરમાં તેણે રામ લક્ષ્મણાદિક રાજાઓને પુત્ર સહિત બોલાવ્યા. સર્વ રાજાઓ આવીને સ્વયંવરમંડપમાં બેઠા. મંદાકિની સ્વેચ્છાએ અનંગલવણને અને ચંદ્રમુખી મદનાંકુશને વરી. તે જોઈ લક્ષ્મણના પુત્રો ક્રોધ કરી યુદ્ધ કરવા તૈયાર થયા

તેમને યુદ્ધ માટે તયાર થતા સાંભળી લવણઅંકુશ બોલ્યા, 'તેઓની સાથે કોણ યુદ્ધ કરે ! કારણ કે ભાઈઓ અવધ્ય છે. જેમ મારા પિતામાં મોટાનો કે નાનાનો કશો ભેદ નથી. તેમ તેઓના પુત્રો શ્રીધરાદિ અને અમે તેમાં પણ ભેદ થાઓ નહિ. ' આવાં તેમનાં વચનો બાતમીદારો પાસેથી જાણીને લક્ષ્મણના પુત્રો, પોતે આવા અકૃત્યનો આરંભ કર્યો તેને માટે પોતાના આત્માને નિંદવા લાગ્યા અને તત્કાળ વૈરાગ્ય પામી માતા પિતાની આજ્ઞા લઈ તેઓએ મહાબલમુનિના ચરણકમળમાં જઈ દીક્ષા લીધી. પછી અનંગલવણ અને મદનાંકુશ તે કન્યાઓને પરણી રામલક્ષ્મણ સાથે અયોધ્યા આવ્યા.

લક્ષ્મણના પુત્રોએ લીધેલી દીક્ષા

## હનુમાનની દીક્ષા અને મોક્ષપ્રાપ્તિ

અન્યદા ચૈત્રી પૂર્ણિમાએ, શાશ્વતા ચૈત્યની વંદના કરવા માટે હનુમાન મેરૂપર્વત ગયો હતો. ત્યાં તેણે સૂર્યને અસ્ત થતો જોયો. તે જોઈ તેને વિચાર આવ્યો, “આ જગતમા સર્વનો ઉદય અને અસ્ત થયા કરે છે. સૂર્ય આ બાબતનું પ્રત્યક્ષ દષ્ટાંત છે. માટે જેમાં સર્વ નાશવન્ત છે એવા આ જગતને ધિક્કાર છે” આવો વિચાર કરી હનુમાને પોતાના નગરમાં જઈ પુત્રને રાજય આપી ધર્મરત્ન આચાર્ય પાસે દીક્ષા લીધી તેની સાથે સાડા સાતસો રાજાઓએ દીક્ષા લીધી અનુક્રમે હનુમાન મુનિ, ધ્યાન રૂપ અગ્નિથી સર્વ કર્મોને મૂળમાંથી બાળી નાખી; શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરી, મોક્ષપદ પામ્યા.

## લક્ષ્મણનું મૃત્યુ

હનુમાને દીક્ષા લીધી એ ખબર જાણી રામ વિચારવા લાગ્યા, “ભોગ સુખનો ત્યાગ કરી હનુમાને કષ્ટકારી દીક્ષા કેમ લીધી

હશે ?" આવા રામની વિચારધારા અવધિજ્ઞાન વડે જાણી સૌધર્મેન્દ્રે સભા વચ્ચે કહ્યું કર્મની ગતિ વિચિત્ર છે. રામ જેવા ચરમદેહી પુરુષ અત્યારે ધર્મને હસે છે એટલું જ નહિ, પણ ઉલટા વિષય સુખની પ્રશંસા કહે છે. મારા જાણવામાં આવ્યું છે કે રામલક્ષ્મણને પરસ્પર ગાઢ સ્નેહ છે તેથી રામચંદ્રને સંસાર પર વૈરાગ્ય આવતો નથી. આ વાત બે દેવોના ગળે ન ઉતરી. તેમણે લક્ષ્મણની આગળ રામની પાછળ આક્રંદ કરતી એ અંતઃપુરની રાણીઓ બતાવી. આ જોતાંજ લક્ષ્મણ અતિ ખેદ પામી બોલ્યા, "મારા જિવિતનું પણ જીવીતવ્ય રામ મૃત્યુ પામ્યા ? છળથી ઘાત કરનાર યમરાજે આ શું કર્યું ?" આ વચનની પૂર્ણાહુતિ સાથે લક્ષ્મણના પ્રાણ નીકળી ગયા.

## લક્ષ્મણ મરણ પામવા છતાં મોહથી રામનો મરણનો અસ્વીકાર

લક્ષ્મણને મૃત્યુ પામેલા જોઈ અંતઃપુરની સ્ત્રીઓ કેશ છૂટા મૂકી પરિવાર સહિત મહાઆક્રંદ કરવા લાગી. તેમનું આક્રંદ સાંભળી રામ ત્યાં દોડી આવ્યા અને બોલ્યા, "કાંઈ પણ અમંગળ જાણ્યા વગર તમે આ શું આરંભ્યું છે ? હું જીવું છું અને મારો અનુજ બંધુ લક્ષ્મણ પણ જીવે છે. કોઇ રોગ તેને પીડે છે તો તેનો ઉપાય હમણાં ઔષધોથી કરીએ છીએ" આ પ્રમાણે કહી રામે વૈદોને અને જ્યોતિષી ઓને બોલાવ્યા. તેમજ મંત્રતંત્રના અનેક પ્રયોગો કરાવ્યા. સર્વ પ્રયોગો નિષ્ફળ જતાં રામને મૂર્છા આવી. ક્ષણવારમાં સંજ્ઞા મેળવી ઊંચા સ્વરે વિલાપ કરવા લાગ્યા. કૌશલ્યાદિક માતાઓ પુત્રવધૂઓની સાથે અશ્રુ પાડતી, કરૂણ સ્વરે આક્રંદ કરવા લાગી. નગરજનોએ શોક પાળ્યો લવણઅંકુશે રામની રજા લઇ દીક્ષા લીધી અને અનુક્રમે મોક્ષપદ પામ્યા.

ભાઇના મરણથી અને પુત્રના વિયોગથી રામ વારંવાર મૂર્છા

ખાઈ મોહથી ગમે તેમ બોલતા. કોઈવાર લક્ષ્મણના શબને સ્નાન-ગૃહમાં લાવી રામ પોતાની મેળે સ્નાન કરાવતા પછી સ્વહસ્તે ચંદનનું વિલેપન કરતા. કોઈ વાર ભોજન મંગાવી, ભોજનથી પાત્ર પુરીને તે લક્ષ્મણના શબની પાસે મૂકતા. કોઇ વાર પોતાના ઉત્સંગમાં લઈ તેના મુખ પર વારંવાર ચુંબન કરતા. કોઇવાર વસ્ત્ર ઓઢાડી શૈય્યા પર સુવાડતા. કોઇવાર પોતે બોલાવીને પોતેજ પ્રત્યુત્તર આપતા. આ પ્રમાણે સ્નેહમાં ઉન્મત્તપણે બીજું સર્વ કામ ભૂલી જઈને વિકળપણાથી ચેષ્ટા કરતા છ માસ પસાર થયા. રામ આવા ઉન્મત્ત થઇ ગયા છે એ વાત અવધિજ્ઞાનથી જાણી એક મિત્રદેવ રામને બોધ કરવા ત્યાં આવ્યો. મનુષ્યનું રૂપ ધારણ કરી, પોતાના સ્કંધ ઉપર એક સ્ત્રીનું શબ લઈ, દેવ રામની પાસે થઈને નીકળ્યો તે જોઈ રામ બોલ્યા, "આ સ્ત્રીના શબને સ્કંધ ઉપર વહન કરે કરે છે તેથી તું ઉન્મત્ત થયો હોય એમ લાગે છે." દેવ બોલ્યો. "અરે! તમે આવું અમંગળ કેમ બોલો છો? આ મારી પ્રિય પત્ની તો જીવતી છે. પણ તમે આ શબને કેમ વહન કરો છો! જો મેં વહન કરેલી મારી પત્નીને તમે મરેલી માનો છો તો તમારા સ્કન્ધ ઉપર રાખેલા મૃતક પૂરૂષને મરેલો કેમ નથી જાણતા!" આથી રામને ચેતના પ્રાપ્ત થઈ એટલે તેણે તત્કાળ વિચાર્યું, "ખરેખર આ મારો અનુજ બંધુ લક્ષ્મણ જીવતો નથી મરણ જ પામ્યો છે."

## રામની દીક્ષા

પછી રામે અનુજ બંધુ લક્ષ્મણનું મૃતકાર્ય કર્યું અને દીક્ષા લેવાની ઇચ્છાથી શત્રુઘ્નને રાજ્ય સ્વીકારવા કહ્યું. પણ શત્રુઘ્ને દીક્ષા લેવાની ઈચ્છા દર્શાવી એટલે લવણના પુત્ર અનંગદેવને રાજ્ય આપ્યું અને સુવ્રત નામના મહામુનિ પાસે દીક્ષા લીધી. જ્યારે

રામભદ્રે દીક્ષા લીધી ત્યારે તેમની સાથે સોળ હજાર રાજાઓ અને સાડત્રીશ હજાર સ્ત્રીઓએ પણ સંસાર ત્યાગ કર્યો.

## રામનો અભિગ્રહ

ગુરૂના ચરણ પાસે ચૌદ પૂર્વ અને દ્વાદશાંગી રૂપ શ્રુતનો અભ્યાસ કરતા રામભદ્ર મુનિએ વિવિધ પ્રકારના અભિગ્રહ સહિત સાઠ વર્ષ તપસ્યા કરી. પછી ગુરૂની આજ્ઞાથી રામે એકલવિહારીપણું અંગીકાર કર્યું અને ગિરિગુફામાં રહી અવધિજ્ઞાન ઉપાર્જન કર્યું. લક્ષ્મણને નરકમાં દેખી ધ્યાનમાં વધુ લીન બન્યા, એક વખત તેમણે સ્યન્દન નામના નગરમાં પારણું કરવા પ્રવેશ કર્યો. લોકોએ તેમને જોઈ હર્ષની કીકીયારીઓ કરી. નગરની સ્ત્રીઓ તેમને ભિક્ષા આપવા માટે પોતાના ગૃહદ્વારે વિચિત્ર ભોજનથી પૂર્ણ એવાં પાત્રો હાથમાં લઈ ઊભી રહી. નગરજનોના કોલાહલથી હાથીઓ ખીલા ઉખેડીને નાઠા અને ઘોડાઓ ઊંચા કાન કરીને ભડકયા. રામ ત્યાંથી આહાર લીધા વગર પાછા ફર્યા અને રાજગૃહમાં જઇ શુષ્ક આહાર લીધો અને પછી અરણ્યમાં ચાલ્યા ગયા. ‘ હવે ફરીથી નગરમાં ક્ષોભ ન થાઓ અને કોઈને મારો સંઘટ્ટ ન થાઓ ’ એવી બુદ્ધિથી રામે અભિગ્રહ ધારણ કર્યો કે “ જો અરણ્યમાં જ ભિક્ષાને અવસરે ભિક્ષા મળે તો જ મારે પારણું કરવું; નહિ તો કરવું નહિ ”

## રામની મુકિત-રામ અને લક્ષ્મણનો આગામી વૃત્તાંત

રામ મુનિ ભવનો પાર કરવાની ઈચ્છાએ એક માસે, બે માસે ત્રણ માસે અને ચાર માસે પારણું કરવા લાગ્યા. કોઈવાર પર્યંકાસને રહેતા. કોઈ વાર ભુજા પ્રલંબિત કરી ઊભા રહેતા. કોઈવાર ઉત્કટિત આસને રહેતા. કોઈવાર ઊંચા બાહુ કરીને રહેતા, કોઈ વાર અંગુઠા ઉપર રહેતા. કોઈવાર પગની એડી ઉપર રહેતા એમ વિવિધ પ્રકારનાં

આસનો વડે ધ્યાન ધરતા રામ દુસ્તપ તપ તપવા લાગ્યા, આ આ વખતે ઇન્દ્ર બનેલ સીતાના જીવે વિચાર્યું. "રામ થોડા જ વખતમાં મુક્તિ પામશે અને અમારો સદાકાળનો વિયોગ થશે. લાવ, એક પ્રયત્ન કરૂં અને તેમને દેવલોકમાં લાવું" આ પછી સીતેન્દ્રે રામને અનુકૂળ ઉપસર્ગો કર્યા. પણ રામભદ્ર મહામુનિ જરાપણ ક્ષોભ પામ્યા નહિ જેથી માઘ માસની શુકલ દ્વાદશીએ રાત્રિના છેલ્લા પહોરે તેમને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. સીતેન્દ્રે ક્ષમા માગી અને ભક્તિપૂર્વક કેળવજ્ઞાનનો મહિમા કર્યો. રામ કેવળીએ દેશના આપી. દેશનાના અન્તે સીતેન્દ્રે રાવણ અને લક્ષ્મણની ગતિ પૂછી. કેવળીએ કહ્યું. રાવણ અને લક્ષ્મણ ચોથી નરકમાં છે. તું ભરત ક્ષેત્રમાં સર્વ રત્નપતિ નામે ચક્રવર્તી થઈશ ત્યારે રાવણ અને લક્ષ્મણના જીવ ભવ ભ્રમણ કરી તારા પુત્રો થશે રાવણનો જીવ ત્રણ ભવ કરી તીર્થંકર બનશે તે સમયે તું તેનો ગણધર થઇશ. અન્તે તમે બન્ને મોક્ષે જશો લક્ષ્મણનો જીવ અનેક ગતિ કરી રત્નચિત્રા નગરીમાં ચકવર્તી થઇ તીર્થંકર બની મોક્ષ પદ પામશે."

રામ બળભદ્ર કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પચીસ વર્ષ પૃથ્વી ઉપર વિચરી ભવ્ય જીવોને બોધ કરી મોક્ષપદ પામ્યા.

# વિભાગ પાંચમો

## (૧) તીર્થંકર ચરિત્ર-શ્રી નમિનાથ થીપાર્શ્વનાથ સુધી

## (૨) કૃષ્ણ વાસુદેવ, બળભદ્ર રામ અને પ્રતિવા સુદેવ જરા સંઘ ચરિત્ર

## (૩) વસુદેવ ચરિત્ર

## (૪) ચક્રવર્ત્તી ચરિત્ર-દશમાથી બારમા સુધી

## શ્રી નમિનાથજી ચરિત્ર

લુઠંતો નમતાં મૂર્ધ્નિ, નિર્મલીકાર કારણમ્
વારિપ્લવા ઇવ નમેઃ પાંતુ પાદનખાંશવ;

નમસ્કાર કરતા ( એવા ) પ્રાણીઓના મસ્તક ઉપર પડતા, જળના પ્રવાહની માફક ( આત્માને ) નિર્મળ કરવાના કારણ રૂપ, શ્રી નમિ ભગવાનના ચરણના નખોના કિરણો તમારી રક્ષા કરો.

### પૂર્વ ભવ

### પહેલો ભવ-સિદ્ધાર્થ રાજા બીજો ભવ-દેવ

જંબુદ્વીપના પશ્ચિમ વિદેહમાં ભરત નામના વિજયમાં કોશાંબી નામે નગરી હતી તે નગરીમાં ઈંદ્રની જેવા અખંડ શાસનવાળો, અને સર્વ અર્થને સિદ્ધ કરનાર સિદ્ધાર્થ નામે રાજા હતો. તેનામાં ગાંભીર્ય, ધૈર્ય, ઔદાર્ય, વીર્ય અને બુદ્ધિ વગેરે અદ્દ્ભૂત ગુણો હતા. તે રાજાની સંપત્તિ માર્ગવૃક્ષની છાયાની જેમ વિશ્વના ઉપકાર માટે હતી. તેના અત્યંત નિર્મળ મનમાં એક ધર્મજ નિવાસ કરી રહ્યો હતો.

અન્યદા એ સિદ્ધાર્થ રાજાએ ભયથી વિરક્ત થઈ, તૃણની જેમ સર્વ લક્ષ્મીને છોડી દઈ, સુદર્શન મુનિ પાસે દીક્ષા લીધી તે રાજર્ષિ વીરાસ્થાન કોમાંના કેટલાક સ્થાનકો ના આરાધન વડે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરી, સમ્યક્ પ્રકારે વ્રત પાળી, કાળ ધર્મ પામી, અપરાજિત વિમાનમાં દેવ પણે ઉત્પન્ન થયા.

### ત્રીજો ભવ-શ્રી નમિનાથ ભગવાન

ચ્યવન

આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં મિથિલા નામે નગરી હતી.ત્યાં વિજય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને વપ્રા નામે રાણી હતી

સિદ્ધાર્થ રાજાનો જીવ, અપરાજિત વિમાનથી ચ્યવી વપ્રા રાણીની કુક્ષિને વિષે પુત્ર પણે અવતર્યો. સુખે સૂતેલાં વપ્રામાતાએ ચૌદ મહાસ્વપ્નો મુખમા પ્રવેશ કરતાં જોયાં દેવોએ ચ્યવન મહોત્સવ કર્યો

જન્મ

પૂર્ણમાસે, વપ્રામાતાએ, શ્રાવણ વદ આઠમ ને દિવસે, અશ્વિની ક્ષત્રમાં, નીલ કમળના લાંછનવાળા અને સુવર્ણ વર્ણવાળા પુત્રને જન્મ આપ્યો છપ્પનદિક કુમારિકાઓ ચોસઠ ઇદ્રો અસંખ્ય દેવો અને વિજય રાજાએ જન્મ મહોત્સવ કર્યો. પ્રભુ જયારે ગર્ભમાં હતા ત્યારે શત્રુઓએ મિથિલા નગરીને ઘેરો ઘાલ્યો હતો. તે વખતે વપ્રાદેવી મહેલ ઉપર ચઢયાં અને શત્રુઓની છાવણી ઉપર નજર નાખી. તેમને જોઈ, ગર્ભના પ્રભાવથી, સર્વ શત્રુઓએ આવી વિજય રાજાને નમી પડયા તે ઉપરથી રાજાએ તેમનું નામ નમિનાથ પાડયુ

દીક્ષા

પ્રભુ યૌવન વય પામ્યા એટલે વિજય રાજાએ તેમને રાજ-કન્યાઓ પરણાવી. અઢી હજાર વર્ષના થયા એટલે પિતાએ પ્રભુને રાજયગાદી સોંપી. રાજ્યાવસ્થામાં પાચ હજાર વર્ષ ગયાં એટલે લોકાંતિક દેવોએ આવીને પ્રભુને કહ્યું, 'તીર્થ પ્રવર્ત્તાવો' પ્રભુ સુપ્રભ નામના પુત્રને રાજયગાદી સોંપી, વાર્ષિક દાન આપી, દેવ કુરુ નામની શિબિકા ઉપર આરૂઢ થઈ સહસ્રામ્રવનમાં પધાર્યા અશાડ વદ નોમ ને દિવસે, અશ્વિની નક્ષત્રમાં છઠ પત કરી પ્રભુએ દીક્ષા લીધી. આચાર પ્રમાણે દેવોએ દીક્ષા કલ્યાણક ઉજવ્યું. બીજે દિવસે વીરપુર નગરમાં, દત્ત રાજાને ઘેર પ્રભુએ ક્ષીરાન્નથી પારણું કર્યું. પંચ દિવ્ય પ્રગટ થયાં દત્તરાજાએ પારણાના સ્થળે મણિપીઠ રચાવી અને પ્રભુએ ત્યાંથી અન્ય વિહાર કર્યો.

કેવળજ્ઞાન

નવ માસ વિહાર કર્યા પછી પ્રભુ પાછા સહસ્રામવનમાં પધાર્યા

અને છઠ તપ કરી, બોરસલીના વૃક્ષનીચે કાઉસ્સગ ધ્યાને રહ્યા. ત્યાં માગશર સુદ અગિયારસના દિવસે, અશ્વિની નક્ષત્રમાં પ્રભુને કેવળ જ્ઞાન થયું. દેવોએ સમવસરણની રચના કરી. તીર્થને નમી, સિંહાસન પર આરૂઢ થઈ પ્રભુએ દેશના દીધી. દેશનાને અન્તે કેટલાકે દીક્ષા લીધી અને કેટલાકે શ્રાવક વ્રત સ્વીકાર્યાં. ગણધર ભગવન્તોએ પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી. પ્રથમ પોરસી બાદ, બીજી પોરસીમાં, પ્રભુની પીઠ પર બેસી કુંભ નામના ગણધરે દેશના દીધી. દેશના પૂર્ણ થતાં, દેવો પ્રભુને નમી સ્વસ્થાને ગયા.

નિર્વાણ

કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પ્રભુ લગભગ અઢી હજાર વર્ષ પૃથ્વી પર વિચર્યા. પછી પોતાનો નિર્વાણ કાળ નજીક આવ્યો જાણી પ્રભુ સંમેત શિખર પધાર્યા. ત્યાં એક હજાર મુનિઓ સાથે પ્રભુએ અનશન કર્યું. એક માસને અન્તે વૈશાખ વદ દશમના દિવસે અશ્વિની નક્ષત્રમાં પ્રભુ મુનિઓ સાથે મોક્ષ પદ પામ્યા. અવધિજ્ઞાનથી પ્રભુનું નિર્વાણ જાણી ઇંદ્રિ દેવો સહિત ત્યાં આવ્યા અને યથાવિધિ નિર્વાણોત્સવ ઉજવ્યો.

## શ્રી નમિનાથ પ્રભુનો પરિવાર

નમિનાથ પ્રભુને નીચેનો પરિવાર થયો :–

| | | |
|---|---|---|
| ગણધર | ૧૭ | સત્તર |
| સાધુ | ૨૦,૦૦૦ | વીશહજાર |
| સાધ્વીઓ | ૪૧,૦૦૦ | એકતાલીસ હજાર |
| ચૌદપૂર્વધારી | ૪૫૦ | સાડા ચારસો |
| અવધિજ્ઞાની | ૧,૬૦૦ | એક હજાર અને છસો |
| મનઃપર્યવજ્ઞાની | ૧,૨૦૮ | બારસોને આઠ |

| | | |
|---|---|---|
| કેવળજ્ઞાની | ૧,૬૦૦ | સોળસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૫,૦૦૦ | પાંચ હજાર |
| વાદલબ્ધિવાળા | ૧,૦૦૦ | એક હજાર |
| શ્રાવક | ૧,૭૦,૦૦૦ | એક લાખ અને સિત્તોરહજાર |
| શ્રાવિકા | ૩,૪૮,૦૦૦ | ત્રણ લાખ અને અડતાલીસ હજાર |
| શાસનદેવ | | ભ્રૂકુટિ |
| શાસનદેવી | | ગાંધારી |

## શ્રી નમિનાથ પ્રભુના શાસનમાં થયેલા દશમા શ્રી હરિષેણ ચક્રવર્તી ચરિત્ર

### **પૂર્વભવ**–નરાભિરામ રાજા અને દેવ

ભરતક્ષેત્રમાં અનંતનાથ ભગવાનના શાસનમાં નરપુર નામના નગરમાં નરાભિરામ નામે રાજા રાજ્ય કરતો હતો. તેણે કેટલોક વખત રાજ્ય કર્યા પછી સંસારથી ઉદ્વેગ પામી દીક્ષા લીધી. રૂડી રીતે ચારિત્ર પાળી નરાભિરામ રાજર્ષિ મૃત્યુ પામી સનત્કુમાર દેવલોકમાં દેવ થયા.

### હરીષેણ ચક્રવર્ત્તી

પાંચાલ દેશમાં આવેલા કાંપિલ્યપુર નામના નગરમાં મહાહરિ નામે રાજા રાજ્ય કરતો હતો તેને મહિષી નામે રાણીની કુક્ષિ વિષે નરાભિરામ રાજાનો જીવ સનત્કુમાર દેવલોકમાંથી ચ્યવી પુત્ર પણે ઉત્પન્ન થયો. સુખે સૂતેલાં મહિષી માતાએ ચક્રવર્તીના જન્મને સૂચવનારા ચૌદ મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણ માસે રાણીએ સુવર્ણ સમાન વર્ણવાળા પુત્રને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ હરિષેણ પાડયું.

## હરિષેણ ચક્રવર્ત્તીનો દિગ્વિજય

હરીષેણ કુમાર અનુક્રમે વૃદ્ધિ પામતો પંદર ધનુષ્યની કાયાવાળો થયો એટલે પિતાએ તેને યુવરાજ બનાવ્યો. પિતાનું રાજ્ય પાળતા હરિષેણને અન્યદા આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થયું. પછી અનુક્રમે પુરોહિત, વર્દ્ધકી, ગૃહપતિ અને સેનાની વગેરે તેર રત્નો પણ પ્રગટ થયાં. પછી પ્રથમ પૂર્વ દિશા તરફ ચક્રની પાછળ ચાલતાં માગધ તીર્થે ગયા. ત્યાં માધવકુમાર દેવને સાધ્યો ત્યાંથી દક્ષિણ દિશા તરફ જઇ દક્ષિણ સમુદ્રમાં રહેલા વરદામપતિને વશ કર્યો. પછી પશ્ચિમ દિશામાં જઈ પ્રભાસદેવને સાધ્યો. ત્યાંથી મહા નદી સિન્ધુ સમીપ જઇ સિન્ધુદેવીને વશ કરી. પછી વૈતાઢયાદ્રિ કુમારદેવને સાધ્યો અને ત્યાં જ એ કૃતાર્થ વીરે તમિસ્રા ગુફાના અધિષ્ઠાયક દેવને પણ સાધ્યો. પછી સેનાપતિ પાસે સિન્ધુ નદીનું પશ્ચિમ નિષ્કૂટ જીતાવી લીધું. દંડ રત્નથી સેનાપતિએ તમિસ્રા ગુફાના દ્વાર ઉઘાડયાં અને ગુફામાં કાંકિણી રત્નથી માંડલા દોર્યાં. આથી ગુફા પ્રકાશથી ઝળહળી ઊઠી. હરિષેણ સૈન્ય સાથે ગુફામાં આગળ વધ્યો અને વાર્ધકીરત્ને બાંધેલ પુલ વડે ઉન્મગ્ના નદી પાર ઊતર્યો. ગુફાનું ઉત્તમ દ્વાર આપોઆપ ઉઘડી ગયું. ગુફામાંથી બહાર નીકળી હરિષેણ ચક્રવર્ત્તીએ આયાત જાતિના મલેચ્છોને જીતી લીધા અને સેનાપતિ પાસે આવી તેના અધિષ્ઠાયક દેવને જીતી લીધો. પછી કાંકિણી રત્ન વડે ઋષભકૂટ ઉપર પોતાનું નામ લખીને, આગળ ચાલતાં ગંગા નદી પાસે આવી. ગંગાદેવીને સાધી લીધી વૈટાઢય ઉપર બન્ને શ્રેણિના વિદ્યાધરોની ભેટ સ્વીકારી, ચક્રવર્તીએ ખંડપ્રપાતા ગુફાના સ્વામી નાટયપાલ દેવને સાધી લીધો અને ગુફામાં પ્રવેશ કર્યો. તે ગુફામાં ચક્રને અનુસરીને ચાલતાં પ્રથમની જેમ બહાર નીકળ્યા પછી સેનાપતિ પાસે ગંગાનુ પૂર્વ-

નિષ્કૂટ સધાવી ગંગાના કિનારા ઉપર પડાવ નાખ્યો. ત્યાં તેમના ઉત્કૃષ્ટ પુણ્ય પ્રભાવથી ગંગાના મુખપાસે વસનારા નવનિધિઓ તેમને સ્વયંમેળ પ્રાપ્ત થયા.

આ પ્રમાણે ચક્રવર્ત્તીની સંપૂર્ણ લક્ષ્મી મેળવી ષટખંડ ભરતનો વિજય કરી. હરિષેણ ચક્રવર્તી કાંપિલ્યપુરમાં પાછા આવ્યા. દેવોએ અને માનવોએ તેમને ચક્રવર્તીપણાનો અભિષેક કર્યો. નગરમાં બાર વર્ષ સુધી મહોત્સવ પ્રવર્ત્યો, લાંબા સમય સુધી રાજ્ય સુખ ભોગવી ચક્રવર્તીએ દીક્ષા લીધી. ઘાતીકર્મનો નાશ કરી કેવળજ્ઞાન પામી હરિષેણ મોક્ષે ગયા.

## નામિનાથ ભગવાનના તીર્થમાં થયેલા અગિયારમા શ્રી જય ચક્રવર્તીનું ચરિત્ર

### પૂર્વભવ

### વસુંધર રાજા-દેવલોકમાં દેવ

આ જંબુદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં શ્રીપુર નામે નગર હતું. ત્યાં વસુંધર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પદ્માવતી નામે અતિ પ્રિય રાણી હતી. રાણીના મૃત્યુથી ઉદ્વેગ પામેલા રાજાએ પુત્રને ગાદીએ બેસાડી વરધર્મ નામના મુનિ પાસે દીક્ષા લીધી. ચિરકાળ દીક્ષા પાળી, મૃત્યુ પામી તે સાતમા કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો.

### જય ચક્રવર્તી જન્મ

મગધ દેશમાં રાજગૃહ નામે નગર હતું. ત્યાં વિજય નામનો રાજા રાજય કરતો હતો. તેને વપ્રા નામે શીલવતી રાણી હતી. રૂપલાવણ્યની સંપત્તિથી તે પૃથ્વી પર રહેલી કોઇ દેવી હોય તેવી જણાતી હતી. કેટલોક કાળ ગયા પછી વસુંધર રાજાનો જીવ દેવ-

લોકમાંથી ચ્યવી વપ્રાદેવીની કુક્ષિ વિષે પુત્રપણે અવતર્યો. સુખે સૂતેલાં વપ્રારાણીએ ચાદ મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણ માસે વપ્રા માતાએ પુત્રરત્નને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ જયકુમાર પાડ્યું.

## ચક્રવર્તીના ચૌદ રત્નો

યૌવન વય પામ્યો એટલે પિતાએ તેને ગાદીએ બેસાડયો. અન્યદા તેના આયુધગૃહમાં ચક્રવર્તીના પ્રથમ ચિન્હ રૂપ ચક્રરત્ન ઉત્પન્ન થયું. પછી અનુક્રમે છત્રરત્ન, મણિરત્ન, દંડરત્ન, ખડગ રત્ન, ચર્મરત્ન અને કાંકિણીરત્ન એમ કુલ સાત એકેંદ્રિય રત્નો ઉત્પન્ન થયાં. તે સિવાય પુરોહિત રત્ન. ગૃહપતિ રત્ન, હસ્તિ રત્ન, અશ્વરત્ન, સેનાપતિ રત્ન, વાર્દ્ધકિરત્ન અને સ્રીરત્નએ સાત પંચેદ્રિય રત્નો ઉત્પન્ન થયાં.

કેવળજ્ઞાન અને મોક્ષ

પછી જયચક્રવર્તીએ ચક્રને અનુસરી છ ખંડ સાંધ્યા. ચક્રવર્તીની સંપૂર્ણ લક્ષ્મી મેળવી જયચક્રવર્તી પોતાના નગરમાં પાછા ફર્યા. દેવોએ અને માનવોએ ચક્રીપણાનો અભિષેક કર્યો લાંબો કાળ છખંડ ભોગવી, ચક્રવર્તીએ દીક્ષા લીધી અને રૂડી રીતે પાળી. ઘાતકી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી, જય ચક્રવર્તી મોક્ષે ગયા.

## શ્રી અરિષ્ટનેમિના પૂર્વભવનું વર્ણન

યદુવંશ સમુદ્રેંદુઃ કર્મ કક્ષ હુતાશન :
અરિષ્ટ નેમિર્ભગવાન ભૂયાદ્વોડરિષ્ટનાશનઃ

યાદવવંશરૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અને કર્મરૂપી વનખંડમાં અગ્નિ સમાન શ્રી અરિષ્ટ નેમિ ભગવાન તમારા ઉપદ્રવનો નાશ કરનાર થાઓ.

## શ્રી નેમિનાથ ચરિત્ર

### પહેલો ભવ-ધનકુમાર બીજો ભવ-દેવ

આ જંબુદ્રીપના ભરતક્ષેત્રમાં અચલપુર નામે નગર હતું. ત્યાં વિક્રમધન નામે રાજા રાજય કરતો હતો. તેને ગુણ, શીલ સંપન્ન ધારિણી નામે રાણી હતી. એક વખત એ ધારિણી દેવીએ રાત્રિના શેષ ભાગમાં એક આંબાના વૃક્ષને ફલિત થયેલું સ્વપ્નમાં જોયું. તે વૃક્ષને હાથમાં લઈ કોઇ રૂપવાન પુરૂષે કહ્યું. "આ આમ્રવૃક્ષ આજે તારા આંગણામાં રોપાય છે, તે જેમ કાળ વ્યતીત થશે તેમ તેમ ઉત્કૃષ્ટ ફળવાળું થઈને જુદે જુદે સ્થાન કે નવ વાર રોપાશે" આ સ્વપ્નનું વૃત્તાન્ત રાણીએ રાજાને કહ્યું એટલે રાજાએ સ્વપ્ન લક્ષણ પાઠકોને બોલાવી તેમની સાથે તેનો વિચાર કર્યો. સ્વપ્ન લક્ષણ પાઠકોએ કહ્યું, "આ સ્વપ્નથી એમ સિદ્ધ થાય છે કે તમારે એક ઉત્કૃષ્ટ ભાગ્યવાન પુત્ર થશે અને સ્વપ્નગત આમ્રવૃક્ષ જે જુદે જુદે ઠેકાણે નવ વાર રોપાશે એમ કહ્યું, તેનો આશય તો માત્ર કેવળી જાણે, અમારા જાણવામાં આવતો નથી" નિમિત્તિઆનાં આવાં વચન સાંભળી ધારિણી દેવી ઘણી ખુશી થઇ અને ત્યારથી તેણે ઉત્તમ ગર્ભ ધારણ કર્યો. પૂર્ણમાસે ધારિણી માતાએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ પુત્રનો જન્મ મહોત્સવ કર્યો અને શુભ દિવસે તેનું નામ ધનકુમાર પાડયું. અનુક્રમે તેણે સર્વ કળાઓ સંપાદન કરી અને યૌવનવય પામ્યો.

એ સમયે કુસુમપુર નામના નગરમાં સિંહ નામે રાજા હતો. તેને વિમળા નામે રાણી હતી. સિંહરાજાને તે રાણીથી ઘણા પુત્રો પછી એક પુત્રી થઈ રાજાએ કન્યાનું નામ ધનવતી પાડયું. અનુક્રમે કુંવરી વૃદ્ધિ પામી અને તેણે સર્વ કળા સંપાદન કરી. એક વખતે ધનવતી સખી સાથે ઉદ્યાનમાં ક્રીડા કરતી હતી તેવામાં એક

અશોકવૃક્ષ નીચે હાથમાં ચિત્રપટ લઈ ઊભો રહેલો એક વિચિત્ર ચિત્રકાર તેના જોવામાં આવ્યો. તેની પાસેથી ધનવતીની એક સખીએ બળાત્કારે તે ચિત્રપટ લઈ લીધું. તે ચિત્રપટમાં સુંદર પુરૂષનું રૂપ ચિતરેલું જોઈ વિસ્મય પામીને તેણે ચિત્રકારને પૂછ્યું, "સુર અસુર અને મનુષ્યોમાં આવું અદ્ભુત રૂપ કોનું છે? તેઓમાં કોઇનું આવું રૂપ સંભવતું નથી, તેથી શું તારૂં કૌશલ્ય બતાવવા માટે તેં આ રૂપ માત્ર સ્વબુદ્ધિથીજ આલેખ્યું છે?" તે સાંભળી ચિત્રકાર બોલ્યો, "આ ચિત્રમાં મેં જેવું રૂપ જોયું તેવું જ આળેખેલું છે. તેમાં મારૂં જરા પણ કૌશલ્ય નથી. ચંચલપુરના વિક્રમ રાજાના યુવાન પુત્ર ધનકુમારનું આ ચિત્ર છે. જેઓ એ કુમારને પ્રત્યક્ષ જોઈ પછી આ ચિત્રને જુએ છે તેઓ મને ઊલટા 'કૂટ લેખક' કહી વારંવાર મારી નિંદા કરે છે. હે મુગ્ધે! તેં કુમારને જોયો નથી તેથી આ ચિત્ર જોઇ તું વિસ્મય પામે છે; કેમકે તું કુવાના દેડકા જેવી છે; પણ તે ધનકુમારનું અદ્ભૂત રૂપ જોઇ દેવાંગનાઓ પણ મોહ પામે છે." આ સમયે ત્યાં પાસે ઊભેલી ધનવંતી તે વાત સાભળીને અને ચિત્ર જોઇને ધનકુમાર ઉપર રાગી બની.

ધનવતી અને ધનકુમારનાં લગ્ન

એક વખત કુસુમપુરમાં ચંચળપુરથી એક દૂત આવ્યો. સિંહ રાજાએ પોતાની કનકવતી કન્યા સાથે ધનકુમારનો વિવાહ કરવા માટે તે જ દુતને વિક્રમધન રાજા પાસે મોકલ્યો. ભાવતા ભોજન-રૂપ પિતાએ કરેલ આ વિવાહથી ધનવતી ખુબ આનંદ પામી અને ધનકુમાર પણ જેવું જોઇએ તેવું મળ્યાથી આનંદ પામ્યો. શુભ અવસરે માતપિતાએ તેમનાં લગ્ન કર્યાં.

ધનકુમારનો જીવ બાવીશમો તીર્થંકર થશે,

એક દિવસ ચંચલપુરના ઉદ્યાનમાં ચતુર્જ્ઞાની વસુંધર નામના મુનિ પધાર્યા. વિક્રમધન રાજા કુટુંબ સહિત વાંદવા ગયો. ધર્મ દેશના પૂર્ણ થયા પછી વિક્રમધન રાજાએ મુનિને પૂછ્યું, "આ ધનકુમાર ગર્ભમાં હતો ત્યારે તેની માતાએ એક આમ્ર વૃક્ષ જોયું હતું. તે વખતે કોઈ પુરૂષે કહ્યું હતું કે જુદે જુદે ઠેકાણે નવ વાર આ વૃક્ષ રોપાશે અને તેને ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થશે. એ કુમારનો જન્મ થવાથી એ સ્વપ્નનું ફળ તો અમારા જાણવામાં આવ્યું છે પણ નવ વાર આરોપણ થવાનો શો અર્થ છે ?" મુનિએ મનઃપર્યવ અને અવધિજ્ઞાન વડે કેવળી પાસેથી જાણી લઈ કહ્યું, "આ તમારો પુત્ર ધનકુમાર આ ભવથી માંડીને ઉત્તરોત્તર શ્રેષ્ઠ એવા નવ ભવ કરશે અને નવમા ભવમાં આ ભરતક્ષેત્રને વિષે યદુ વંશમાં ઉત્પન્ન થઇ તે બાવીશમા તીર્થંકર થશે." આવું મુનિનું વચન સાંભળી સર્વે અતિશય હર્ષ પામ્યા અને જનધર્મમાં વધુ દઢ બન્યા.

ધનકુમારે સ્વીકારેલો ગહસ્થ ધર્મ

એક વખત ધનકુમાર ધનવતી સાથે ક્રીડા કરવા સરોવર ઉપર ગયો. ત્યાં તેણે એક મૂર્છા પામેલા મુનિને જોયા. ધનકુમારે અનેક પ્રકારના શીતળ ઉપચાર કરી તેમને સચેત કર્યા. મુનિએ ધર્મોપદેશ આપ્યો એટલે ધનકુમારે ધનવતી સહિત મુનિની આગળ સમ્યકત્વ પ્રધાન ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો પછી તેમણે તે મુનિને ઘેર લઈ જઈને અન્નપાનથી પ્રતિલાભિત કર્યા અને ધર્મ શિક્ષાને માટે કેટલાક કાળ સુધી ત્યાં જ રાખ્યા. અંતકાળે વિક્રમધન રાજાએ ધનકુમારને પોતાના રાજ્ય ઉપર અભિષિક્ત કર્યો ત્યારથી ધનકુમાર શ્રાવક ધર્મ અને પૃથ્વીનું પણ પાલન કરવા લાગ્યો.

ધનકુમારની દીક્ષા અને સ્વર્ગગમન

અન્યદા ઉદ્યાનપાળે આવી ધનકુમારને કહ્યું, " પ્રથમ આવેલા હતા તે મુનિ ઉદ્યાનમાં પધારેલા છે." તે સાંભળી ધનકુમાર ધનવતીને સાથે લઈ તત્કાળ ઉદ્યાનમાં ગયો અને મુનિને વાંદી દેશના સાંભળી. પછી જયન્ત નામના કુમારને ગાદી સોંપી પોતે ધનવતી સાથે દીક્ષા લીધી. ધનકુમાર મુનિ ગુરુની સાથે રહી દુસ્તર તપ કરવા લાગ્યા. અનુક્રમે ગીતાર્થ થયેલા ધનકુમાર રાજર્ષિને ગુરુએ આચાર્ય પદ આપ્યું. ઘણા રાજાઓને પ્રતિબોધ આપી, ધનકુમાર રાજર્ષિએ ધનવતી સાથે અનશન ગ્રહણ કર્યું. એક માસને અન્તે મૃત્યુ પામી તેઓ બન્ને સૌ ધર્મ દેવલોકમાં દેવ થયા.

## ત્રીજો ભવ–ચિત્રગતિ વિદ્યાધર ચોથો ભવ–દેવ

ચિત્રગતિ વિદ્યાધરનો જન્મ

વૈતાઢ્ય પર્વત ઉપર સુરતેજ નામના નગરમા સૂર નામે વિદ્યાધર રાજા રાજ્ય કરતો હતો. તેને વિદ્યુન્મતિ નામની રાણી હતી. તેની કુક્ષિને વિષે ધનકુમારનો જીવ સૌ ધર્મ દેવ લોકમાંથી ચ્યવી પુત્રપણે ઉત્પન્ન થયો. પૂર્ણ માસે વિદ્યુન્મતિ માતાએ પુત્રરત્નને જન્મ આપ્યો. પિતાએ તેનુ નામ ચિત્રગતિ પાડ્યું.

## રત્નવતીના પતિ અંગે ભવિષ્યવાણી

આ અરસામાં શિવ મંદિર નામના નગરમાં અનંગસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શશીપ્રભા નામે રાણી હતી. તેની કુક્ષિને વિષે ધનવતીનો જીવ સૌ ધર્મ દેવલોકથી ચ્યવી પુત્રીપણે અવતર્યો. પૂર્ણ માસે રાણીએ પુત્રીને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ રત્નાવતી પાડયું. એક વખત અનંગસિંહે એક નિમિત્તિયાને પૂછ્યું. " આ કન્યાનો વર કોણ થશે. નિમિત્તિયાએ

કાંઇક વિચારીને કહ્યું, " જે તમારી પાસેથી ખડગ રત્ન લઇ લેશે અને સિદ્ધાયતનમાં વંદન કરતાં જેની ઉપર દેવો પુષ્પવૃષ્ટિ કરશે, તે પુરુષ આ તમારી પુત્રા રત્નવતીને પરણશે " મારી પાસેથી પણ ખડગ રત્ન આંચકી લેશે એવો અદ્‌ભુત પરાક્રમી મારો જામાત્રા થશે, એમ જાણી પ્રસન્ન થયેલા રાજાએ નિમિત્તિયાને ખુશી કરી વિદાય આપી.

## સુમિત્રને અપર માતાએ આપેલું ઝેર

આ અરસામાં ચક્રપુર નગરમાં સુગ્રીવ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને યશસ્વી અને ભદ્રા નામની બે રાણીઓ હતી. યશસ્વતીને સુમિત્ર નામનો પુત્ર હતો. ભદ્રાના પુત્રનું નામ પદ્મ હતું. સુમિત્ર ગુણવાન અને ભદ્રિક પ્રકૃતિનો હતો પદ્મ ક્રૂર અને અવિનયી હતો. એક વખત ભદ્રારાણીએ વિચાર કર્યો. " જયાં સુધી સુમિત્ર જીવતો છે ત્યાં સુધી મારા પુત્રને રાજ્ય મળશે નહિ." એમ વિચારી તેણે સુમિત્રને ઝેર આપ્યું. રાજાને આની તરત ખબર પડી. તેણે ભુવા, વૈદ્યો બોલાવ્યા પણ ઝેર ન ઉતર્યું. "ભદ્રાએ સુમિત્રને ઝેર આપ્યું છે " એ વાતની ખબર નગરજનોને પડી ગઈ તેથી ભદ્રા નાસી ગઇ રાજાએ પુત્રને નિમિત્તે અનેક પ્રકારે જિનપૂજા અને શાન્તિ પૌષ્ટિક કર્મ કરાવ્યાં પુત્રના સદ્‌ગુણ સંભારી સંભારી રાજા વિલાપ કરવા લાગ્યો.

### ચિત્રગતિએ સુમિત્રને આપેલું જીવતદાન

એ વખતે ચિત્રગતિ વિદ્યાધર આકાશમાં ક્રીડા નિમિત્તે ફરતો હતો તે વિમાન સહિત ત્યાં આવી ચડયો. તેણે આખા નગરને શોકાતુર જોયું. પછી વિષે સંબંધી સર્વ વૃત્તાન્ત સાંભળી તે વિમાનમાંથી નીચે ઉતર્યો અને વિદ્યાથી મંત્રિત જળ વડે તેણે કુમારની ઉપર સિંચન કર્યું. તત્કાળ નેત્ર ઉઘાડી સ્વસ્થ હૃદયે

સુમિત્ર બેઠો થયો અને 'આ શું છે?' એમ પૂછવા લાગ્યો. ત્યારે રાજાએ તેને સર્વ વૃત્તાન્ત કહી બતાવ્યો, આ પછી ચિત્રગતિનો વૃત્તાન્ત મંત્રીના પુત્ર સર્વને કહ્યો બધા આનંદ પામ્યા. ચિત્રગતિ અને સુમિત્ર બન્ને મિત્રો બન્યા. આ અરસામાં કેવળી ભગવાન પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળી બન્ને મિત્રોએ શ્રાવકના બાર વ્રત લીધાં. સુગ્રીવને વૈરાગ્ય આવ્યો. તેણે તેનું રાજ્ય સુમિત્રને સોંપ્યું અને પોતે દીક્ષા લીધી. સુમિત્રે રાજ્યનો થોડો ભાગ પદ્મને આવ્યો અને સુખ પૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

અન્યદા સુમિત્રની એક બહેન જે કલિંગ દેશના રાજા સાથે પરણાવી હતી તેને અનંગસિંહ રાજાનો પુત્ર અને રત્નવતીનો ભાઈ કમળ હરી ગયો. "પોતાની બ્હેનનું હરણ થવાથી સુમિત્ર શોકમાં છે." એવા ખબર એક ખેચરના મુખથી તેના મિત્ર ચિત્રગતિએ સાંભળ્યા. એટલે 'હું તમારી બહેનને શોધીને થોડા વખતમાં લઈ આવીશ.' આ પ્રમાણે ખેચરો દ્વારા સુમિત્રને ધીરજ આપી. ચિત્રગતિ તેની શોધમાં તત્પર થયો. પછી કમળે તેનું હરણ કર્યું છે' એવી ખબર જાણીને ચિત્રગતિ સર્વ સૈન્ય સાથે શિવમંદિર નગરે આવ્યો. ત્યાં તેણે કમળને મારી નાંખ્યો. આથી તેને અનંગસિંહ સાથે યુદ્ધ થયું તેમાં ચિત્રગતિએ અનંગસિંહ પાસેથી ખડગ ખુચવી લીધુ અને સુમિત્રને તેની બહેન પાછી લાવી આપી, ત્યાર બાદ સુમિત્રે દીક્ષા લીધી અને કાળ ધર્મ પામી સુમિત્ર મુનિ દેવ થયો.

ચિત્ર ગતિ અને રત્નવતીનાં લગ્ન.

એક વખત ચિત્ર ગતિ કુમાર યાત્રા માટે સિદ્ધાયતન ગયો, રત્નવતી સહિત અનંગસિંહ વિદ્યાધર પણ આવ્યો હતો. તે વખતે દેવલોકમાંથી આવેલા સુમિત્ર દેવે ચિત્રગતિ ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

ખેચરો હર્ષ પામીને ચિત્રગતિની પ્રશંશાકરવા લાગ્યા એટલે અનંગસિંહ રાજાએ પણ પોતાની પુત્રીના વર તરીકે તેને ઓળખ્યો. ચિત્રગતીને જોઈ અનંગાસેંહની પુત્રી રત્નવતી કામાતુર થઈ. ઘેર આવીને અનંગસિંહ રાજાએ સૂરરાજા પાસે, રત્નવતીનો વિવાહ ચિત્રગતિ સાથે કરવા માટે એક દૂત મોકલ્યો. સૂર રાજાએ અનંગસિંહની માગણી સ્વીકારી. પછી મહોત્સવ પૂર્વક તેમનાં લગ્ન કરવામાં આવ્યા.

ચિત્ર ગતિ અને રત્નવતીની દીક્ષા અને સ્વર્ગગમન

અન્યદા સૂરચક્રીએ ચિત્રગતિને ગાદીએ બેસાડી દીક્ષાલીધી અને ઘાતીકર્મનો ક્ષય કરી સૂરચંક્રી મોક્ષપદ પામ્યા. ચિત્રગતિ અનેક ખેચર પતિઓ ને પોતાના સેવકો બનાવી પોતાનું અખંડ શાસન ચલાવવા લાગ્યો. એક સમયે તેનો કોઈ સામન્ત રાજા મૃત્યુ પામ્યો. તેના બે પુત્રો પિતાના મૃત્યુ પછી રાજ્યને માટે લડવા લાગ્યા. તે સાંભળી ચિત્રગતિ ત્યાં ગયો અને બન્નેને રાજ્ય વહેંચી આપ્યું, તેમજ યુક્તિવાળી વાણીથી સમજાવીને તેમને સન્માર્ગે સ્થાપિત કર્યા. તથાપિ એક વખત તેઓ વનના હસ્તિની જેમ યુદ્ધ કરી મૃત્યુ પામ્યા. તે સાંભળી ચિત્ર ગતિને વૈરાગ્ય આવ્યો. તેણે રત્નવતીના મોટા કુંવર પુરંદરને ગાદી આપી રત્નવતી અને પોતાના બે ભાઇઓ સાથે દીક્ષા લીધી. ચિરકાળ તપ કરી છેવટે અનશન કરી મૃત્યુ પામે ચિત્રગતિ માહેન્દ્ર કલ્પમાં દેવ થયો. રત્નવતી પણ તેજ દેવલોકમાં દેવ થઈ

## પાંચમો-ભવ-અપરાજિત રાજા છઠ્ઠો ભવ-દેવ

પશ્ચિમ મહાવિદેહમાં પદ્મ નામના વિજયમાં સિંહપૂર નામે નગર હતું ત્યાં હરિનંદી નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રિય-

દર્શના નામે રાણી હતી. ચિત્રગતિ વિદ્યાધરનો જીવ માહેન્દ્રદેવલોકથી ચ્યવી પ્રિયદર્શનાની કુક્ષિ વિષે પુત્ર પણ ઉત્પન્ન થયો પૂર્ણ માસે પ્રિયદર્શના માતાએ પુત્ર રત્નને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ અપરાજિત પાડયું આ અરસામાં મંત્રીને વિમળબોધ નામે પુત્ર થયો. અપરાજિત અને વિમળ બોધ પરમ મિત્ર હતા.

અપરાજિતે કરેલો કોશલદેશના સૈનિકોનો પરાભવ

એક વખતે તે બન્ને મિત્રો અશ્વારૂઢ થઈ ક્રીડા કરવા માટે બહાર ગયા. તેમની તીવ્ર ગતિવાળા અશ્વો તેમને એક દૂરના મોટા જંગલમાં લઇ ગયા ત્યાં પહોંચતાં અશ્વો શ્રાન્ત થઈ ને ઊભા રહ્યા, એટલે તેઓ એક વૃક્ષની નીચે ઘોડા પરથી ઉતરી પડયા. પછી રાજપુત્ર અપરાજિતે પોતાના મિત્ર વિમળ બોધને કહ્યું, " આ અશ્વો આપણ ને અહીં લાવ્યા તે સારૂં થયું નહીંતો અનેક આશ્ચર્યથી પૂર્ણ એવી પૃથ્વી શી રીતે જો વાત ? આપણે બહાર જવાની રજા માગત, તો આપણાં માતાપિતા આપણને કદી પણ રજા આપત નહીં, તેથી આ ઠીક થયુ છે. " રાજપુત્રના આ વચન ને મંત્રીપુત્રે 'એવ મસ્તુ' કહી ટેકો આપ્યો. તેવામાં રક્ષણ કરો, રક્ષણ કરો એમ પોકાર કરતો કોઇ પુરૂષ ત્યાં આવ્યો. તેને શરણે આવેલો જોઈ કુમારે કહ્યું 'ભય પામીશ નહી'" મંત્રી પુત્રે કહ્યું, "તમે આ વિચાર્યા વગર બોલ્યા છો કારણ કે આ પુરૂષ અન્યાયી નીકળશે. તો સારૂં નહિ કહેવાય " અપરાજિત બોલ્યો "ન્યાયી હોય કે અન્યાયી હોય પણ જો તે શરણે આવે તો તેની રક્ષા કરવી એવો સદાક્ષાત્ર ધર્મ છે" એવામાં "મારો, મારો" એમ બોલતા કોશલ રાજાના સૈનિકો આવ્યા. અપરાજિતે તેમને હરાવી નસાડી મૂકયા. આથી સુકોશલ રાજા જાતે લડવા આવ્યો. પણ અપરાજિતને જોતા ખ્યાલ આવ્યો કે આ તો મારા મિત્ર હરિનંદીનો પુત્ર છે. તેણે અપરાજિતનું

સન્માન કર્યું અને પોતાને ત્યાં લઇ જઇ કનકમાલા નામની પોતાની પુત્રી પરણાવી.

## સૂરકાન્ત વિદ્યાધરનો પરાભવ

સુકોશલને ત્યાંથી છૂપી રીતે વિમલ બોધને લઈ અપરાજિત નીકળી ગયો એક વખત કાલિકા દેવીના મંદિરની નજીક કોઇ સ્ત્રીનું રૂદન તેના સાંભળવામાં આવ્યું. કુમાર તે શબ્દના અનુસારે ચાલ્યો. ત્યાં અગ્નિની પાસે બેઠેલી એક સ્ત્રી અને તીક્ષ્ણ ખડગ ખેંચીને ઊભેલો એક પુરૂષ તેના જોવામાં આવ્યો. અપરાજિતે તે પુરૂષ ને હરાવી સ્ત્રીનું રક્ષણ કર્યું. બન્ને મિત્રોનું પરાક્રમ દેખી ઘાયલ થયેલો પુરૂષ ખુશ થયો. અને તેણે અપરાજિતને એક મણિ અને મૂલિકા આપ્યા અને મંત્રી પુત્રને બીજો વેશકરી શકાય એવીગુટિકા આપી. કુમારના પૂછવાથી ઘાયલ પુરૂષે કહ્યું "હું શ્રીષેણ વિદ્યાધરનો સૂરકાન્ત નામે પુત્ર છું અને આ કન્યા રથનુપુર નગરના અમૃત-સેન રાજાની કુંવરી રત્નમાલા છે" એ અરસામાં રત્નમાલા ને શોધવા નીકળેલા તેના માતાપિતા ત્યાં આવી પહોંચ્યા. મંત્રીપુત્રે તેમના પૂછવાથી તેમને સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો. અમૃતસેન રાજાએ ખુશ થઇ પોતાની કન્યા રત્નમાલા કુમાર અપરાજિતને પરણાવી પછી સસરાની રજા લઈ અપરાજિત મિત્ર સહિત આગળ ચાલ્યો.

## અપરાજિતનું હરણ

માર્ગે ચાલતાં બન્ને મિત્રો એક અટવીમાં આવ્યા. ત્યાં કુમારને તરસ લાગી તેથી મંત્રીપુત્ર વિમળબોધ જળ લેવા ગયો. જળ લઇ આવ્યો ત્યારે તેણે કુમારને તે સ્થળે જોયો નહિ તેથી તે આમ તેમ તેની શોધ કરવા લાગ્યો. તેવામાં તેને વિદ્યાધરો મળ્યા. તેમણે મંત્રીપુત્ર વિમળબોધને કહ્યું,

"ભુવન ભાનુ નામના વિદ્યાધર રાજાને કમલની અને કુમુદિની નામે બે કુંવરીઓ છે તેમનો વર તમારા પ્રિયમિત્ર અપરાજિત થશે એવું કોઇ જ્ઞાનીએ કહેલું છે. તે ઉપરથી અમારા સ્વામી એ તેને લાવવાને માટે અમને મોકલ્યા હતા. અમે તે વનમાં આવ્યા અને તમે જળ લેવા ગયા એટલે અમે અપરાજિત કુમારનું હરણ કરી તેને અમારા સ્વામી પાસે લઈ ગયા. અમારા સ્વામીએ પોતાની બે પુત્રીના વિવાહ માટે તેમને યાચના કરી પણ તમારા વિરહના દુઃખથી કુમાર મૌન રહ્યા. એટલે ભુવન ભાનુ વિદ્યાધરે તમને લાવવાની અમને આજ્ઞા કરી. હવે ઊભા થાઓ અને સત્વર ત્યાં ચાલો, કેમકે તે બન્ને રાજકુમારી અને રાજકુમારનો વિવાહ થવા તમારે આધીન છે" આવાં તેમનાં વચન સાંભળી વિમળબોધ તેમની સાથે કુમાર પાસે આવ્યો પછી શુભ દિવસે અપરાજિત બન્ને વિદ્યાધર કન્યાઓ પરણ્યો, કેટલોક કાળ ત્યાં રહી રાજકુમાર દેશાંતર જવા નીકળ્યો

અપરાજિત અને વિમળબોધ ચાલતા ચાલતા શ્રીમંદિરપુર આવ્યા. ત્યાં છરીના પ્રહારથી પીડા પામેલા સુપ્રભ નામના રાજાને કુમારે મણિ અને મૂલિકા વડે સજ્જ કર્યો. તેથી પ્રસન્ન થયેલા રાજાએ તેને પોતાની રંભા નામની કન્યા પરણાવી.

## કેવળીની ભવિષ્યવાણી

રંભા સાથે ક્રીડા કરતાં કેટલોક કાળ નિર્ગમન કરી રાજપુત્ર પૂર્વની જેમ મંત્રીપુત્ર સાથે ગુપ્તરીતે તે નગરમાંથી નીકળી ગયો. ત્યાંથી કુંડપુર સમીપે આવ્યાં. ત્યાં એક કેવળજ્ઞાની મુનિ તેમના જોવામાં આવ્યા. તેમને ત્રણ પ્રદક્ષિણા કરી નમી પાસે બેસી ધર્મદેશના સાંભળી. દેશના પૂર્ણ થયા પછી નમસ્કાર કરી અપરાજિતે પૂછ્યું, " હું ભવ્ય છું કે અભવ્ય ? " કેવળી બોલ્યા, " તું ભવ્ય છે. આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં તું બાવીશમો તીર્થંકર

થઇશ અને આ તારો મિત્ર વિમળબોધ તારો મુખ્ય ગણધર થશે" તે સાંભળી તેઓ બન્ને ખુશી થયા. પછી તે મુનિની સેવા કરવા તેઓ કેટલાક દિવસ ત્યાંજ રહ્યા. કેવળીએ ત્યાંથી વિહાર કર્યો એટલે તેઓ બન્ને પણ સ્થાને સ્થાને જિનચૈત્યોને વંદન કરતા વિચરવા લાગ્યા.

## પ્રીતીમતીનો સ્વયંવર

જનાનંદ નામના નગરમાં જિતશત્રુ નામે એક રાજા હતો. તેને ધારિણી નામે રાણી હતી. રત્નવતીનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને ધારિણી રાણીની કુક્ષિમાં પુત્રીપણે અવતર્યો પૂર્ણમાસે રાણીએ એક પુત્રીને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ પ્રીતિમતી પાડયું અનુક્રમે તે યૌવન વય પામી અને સર્વકલા તથા વિદ્યામાં નિપુણ બની. તેણે એવી પ્રતિજ્ઞા કરી કે જે પુરૂષ મને વિદ્યામાં જિતશે તેને હું પરણીશ રાજાએ સ્વયંવર મંડપ રચાવ્યો અને દેશ દેશના રાજાઓ અને વિદ્યાધરોને આમંત્રણ આપ્યું. રાજાઓ સમયસર ત્યાં આવ્યા અને સૌ પોતપોતાના સ્થાને ગોઠવાયા. અપરાજિતકુમાર પણ મંત્રી પુત્ર સાથે વિદ્યાધરની આપેલી ગુટિકાના પ્રયોગથી રૂપ પરાવર્તન કરી યોગ્ય સ્થાને બેઠો. વરમાળા સાથે પ્રીતિમતી પ્રતિહારીને લઈ સ્વયંવર મંડપમાં આવી રાજાઓ રૂપ તેનું અને તેજ જોઈ ચિત્રવત સ્થિર થયા. પ્રતિહારીએ રાજાઓના નામગોત્ર ઉચ્ચારી તે તે રાજાઓને ઓળખાવ્યા. આ પછી પ્રીતિમતીએ પ્રશ્નો પૃછયા. સર્વ રાજકુમારો મૌન રહ્યા. કોઈ પ્રશ્નોના જવાબ આપી શકયું નહિ. તુરત જ અપરાજિત ઊભો થયો અને તેણે પ્રીતિમતીના પ્રશ્નોના જવાબ આપી તેને જીતી લીધી. પ્રીતિમતીએ તરત જ વરમાળા તેના કંઠમાં આરોપી રાજાઓએ તલવારો ખેંચી અને બોલી ઉઠયા. "આવા કુબડાને

પરણવું હતું તો અમને શા માટે બોલાવ્યા ?" સ્વયંવર મંડપ યુદ્ધમંડપ બન્યો. અપરાજિતે સર્વ રાજાઓને હંફાવ્યા. તેવામાં સોળપ્રભા નામના રાજાએ અપરાજિતને ઓળખ્યો અને કહ્યું, "આ સામાન્ય માણસ નથી પણ હરિનંદી રાજાનો પુત્ર છે." અપરાજિત અને વિમળબોધે પોતાનું સાચું રૂપ પ્રગટ કર્યું એટલે રાજાઓએ શસ્ત્રો નીચે મૂકી દીધાં. જિતશત્રુ રાજાએ ઉત્સવપૂર્વક પ્રીતિમતીના લગ્ન અપરાજિત સાથે કર્યાં અને હરીફરાજાઓ સ્વજન થઈ વિવાહમંડપમમાં આવ્યા. જિતશત્રુ રામના મંત્રીએ પોતાની પુત્રી વિમલબોધને પરણાવી. રાજાઓ સ્વસ્થાને ગયા. કુમાર અને મંત્રીપુત્ર થોડો સમય ત્યાં રહ્યા.

અન્યદા હરિનંદી રાજાનો દૂત ત્યાં આવ્યો. કુમારે માતાપિતાનું કુશળ પૂછ્યું એટલે દૂત નેત્રમાં અશ્રુ લાવી બોલ્યો, "તમારા માતાપિતાનું શરીર ધારણ માત્ર કુશળ છે, કેમકે તમારા પ્રવાસ દિનથી આરંભીને તેમના નેત્ર અશ્રુ વડે પૂર્ણ રહ્યા કરે છે તમારૂં અલૌકિક ચરિત્ર લોકો પાસેથી સાંભળી તેઓ ક્ષણવાર ખુશ થાય છે. પણ પાછો તમારો વિયોગ યાદ આવવાથી મૂર્છા પામી જાય છે. તમારો અહીંનો વૃત્તાન્ત સાંભળી મને તેનું વાસ્તવિકપણું જાણવા માટે અહીં મોકલ્યો છે, તો હવે તમે માતાપિતાને ખેદ આપવા યોગ્ય નથી" દૂતનાં આવાં વચન સાંભળી કુમાર બોલ્યો. "માતાપિતાને આવું દુઃખ આપનાર મારા જેવા અધમ પુત્રને ધિક્કાર છે." પછી જિતશત્રુ રાજાની રજા લઇ અપરાજિતકુમાર ત્યાંથી ચાલ્યો. તે વખતે બે પુત્રીઓને લઈ ભુવનભાનુ રાજા ત્યાં આવ્યો તેમજ જે જે રાજકન્યા અપરાજિત પરણ્યો હતો તેમને લઈને તેમના પિતાઓ પણ ત્યાં આવ્યા પછી પ્રીતિમતી અને બીજી પત્નીઓનીઓથી તથા અનેક ભૂચર અને

ખેચર રાજાઓથી વીંટાયેલો ભૂચર, ખેચર સૈન્યથી ભૂમિ અને આકાશને આચ્છાદન કરતો અપરાજિત કુમાર સિંહપુર આવી પહોંચ્યો. હરિનંદી રાજાએ સામા જઇને કુમારને આલિંગન કરી ખોળામાં બેસાડી વારંવાર તેના મસ્તક પર ચુંબન કર્યું. પછી માતાએ નેત્રમાં અશ્રુ લાવી પ્રણામ કરતા કુમારના પૃષ્ઠ ઉપર કર વડે સ્પર્શ કર્યો અને તેના મસ્તક પર ચુંબન કર્યું. પ્રીતિમતી વગેરે વધૂઓએ પોતાના સાસુ સસરાના ચરણમાં નમી પ્રણામ કર્યા એટલે વિમળબોધે તેમનાં નામ લઇ લઈ સૌને ઓળખાવી પછી અપરાજિતે સાથે આવેલા ભૂચર અને ખેચરોને વિદાય આપી અને પોતે માતાપિતાને આનંદ આપતો ત્યાં રહી સુખે ક્રીડા કરવા લાગ્યો.

## અપરાજિતની દીક્ષા અને સ્વર્ગારોહણ

અન્યદા હરિનંદી રાજાએ અપરાજિતકુમારને ગાદીએ બેસાડી દીક્ષા લીધી. અપરાજિત રાજાને પ્રીતિમતી પટ્ટરાણી થઈ, વિમળબોધ મંત્રી થયો અને બે અનુજ બંધુઓ મંડલેશ્વર થયા અપરાજિત રાજાએ પ્રથમથી સર્વ રાજાઓને દબાવ્યા હતા તેથી તે સુખે રાજ્ય કરવા લાગ્યો. નવીન ચૈત્યો, રથયાત્રાઓ અને ધાર્મિક કાર્યો કરવા પૂર્વક અપરાજિત રાજા કાળ નિર્ગમન કરે છે તેવામાં તેણે એક શ્રેષ્ઠિ પુત્રને આનંદપૂર્વક સુખ ભોગવતો જોયો, પણ બીજે જ દિવસે તેણે તેના મૃત્યુના સમાચાર સાંભળ્યા આથી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેણે પ્રીતિમતી રાણી, વિમળબોધ મંત્રી અને સૂર અને સોમ નામના બે ભાઈઓ સાથે દીક્ષા લીધી. રૂડી રીતે ચારિત્ર પાળી ચારે જણ અગિયારમાં દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

## સાતમો ભવ–શંખ રાજા
## આઠમો ભવ–દેવ

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. ત્યાં શ્રીષેણ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રીમતી નામે રાણી હતી. અન્ય દાતે રાણીએ રાત્રિના શેષ ભાગે સ્વપ્નમાં શંખના જેવો ઉજ્વળ પૂર્ણચંદ્ર પોતાના મુખ કમળમાં પ્રવેશ કરતો જોયો, પ્રાતઃકાળે તે વૃત્તાન્ત તેણે પોતાના પતિ શ્રીષેણ રામને જણાવ્યો. રાજાએ સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવ્યા. તેઓએ કહ્યું, "આ સ્વપ્નથી ચંદ્રની જેમ સર્વ શત્રુરુપ અંધકારનો નાશકરે તેવો એક પુત્ર દેવીને થશે.' તેજ રાત્રિએ અપરાજિતનો જીવ આરણ દેવલોકથી ચ્યવીને શ્રીમતી રાણીની કુક્ષિમાં પુત્ર પણે અવતર્યો. યોગ્ય કાળે સર્વ લક્ષણોથી પવિત્ર એવા એક પુત્રને રાણીએ જન્મ આપ્યો. પિતાએ તેનું નામ શંખ પાડયું. અનુક્રમે તે કુમાર મોટો થયો એટલે તેણે સર્વકળાઓ લીલામાત્રમાં સંપાદન કરી લીધી. શ્રીષેણ રાજાના મંત્રી સુબુદ્ધિને ત્યાં વિમળ બોધનો જીવ દેવ લોકમાંથી ચ્યવી પુત્ર પણે ઉત્પન્ન થયો. ત્યાં તેનું નામ મતિ પ્રભ રાખવામાં આવ્યું. રાજપુત્ર અને મંત્રી પુત્રને પૂર્વ ભવની પેઠે અહીં પણ મૈત્રિ થઇ.

### પલ્લીપતિએ સ્વીકારેલી શરણાગતિ

એક વખત લોકોએ શ્રીષેણ આગળ ફરિયાદ કરી કે. "હે રાજન્ આપના રાજ્યમાં સમરકેતું નામનો પલ્લીપતિ લૂંટ ચલાવે છે. અમે સર્વ તેનાથી ત્રાસી ગયા છીએ. આપ અમારૂં રક્ષણ કરો." સભામાં બેઠેલા શંખ કુમારે પલ્લી પતિને પકડી લાવવાનું માથે લીધું મંત્રી પુત્ર અને રાજકુમાર લશ્કર સહિત પલ્લી પતિના કિલ્લે પહોંચ્યા પલ્લીપતિ કિલ્લો છોડી બહાર સંતાયો. અગમ બુદ્ધિ

શંખકુમારે થોડા લશ્કરને પહેલાં અંદર મોકલ્યું અને લશ્કર સાથે પોતે બહાર સંતાઈ રહ્યો. પલ્લીપતિ 'શંખકુમારને પકડો પકડો, એમ બૂમો પાડતો જેવો કિલ્લામાં પેઠો કે તુરત પાછળથી અને આગળથી કુમારે લશ્કર સહિત તેને ઘેરી લીધો. પલ્લીપતિએ શરણાગતિ સ્વીકારી. તેણે દંડ આપવાનું કબૂલ કર્યું અને રાજકુમારની માફી માગી.

પલ્લી પતિ સાથે કુમાર પાછો વળ્યો. સાયં કાળ થતાં માર્ગમાં તેણે પડાવ નાખ્યો, અર્ધ રાત્રે કુમાર શય્યા ઉપર હતો તેવામાં કોઈ કરૂણ સ્વર તેના સાંભળવામાં આવ્યો; તેથી તરત હાથમાં ખડગ લઈ સ્વરને અનુસારે તે ચાલ્યો. આગળ જતાં આધેડવયની એક સ્ત્રીને તેણે રુદન કરતી જોઈ, એટલે તેને કહ્યુ, 'હે ભદ્ર ! રોનહીં તારા દુઃખનું જે કારણ હોય તે કહે.' તેણે કહ્યું, હે કુમાર ! ચંપાપુરીના જિતારિ રાજાને યશોમતિ નામે પુત્રી છે. તેણે યૌવનવય પામતાં, શંખકુમારનાં ગુણ સાંભળી તેને પરણવાનો નિશ્ચય કર્યો. જિતારિ રાજાએ પુત્રીની વાત, કબુલ કરી અને તે હસ્તિના પુર નગરમાં શ્રીષેણ રાજા પાસે શંખકુમારની સાથે વિવાહનું નક્કી કરવા માણસ મોકલે છે તેવામાં તેને મણિ શેખર વિદ્યાધરે હરી. હું રાજકુમારીના હાથે વળગી પડી. અહીં સુધી તો હું આવી પણ તેણે મને તરછોડી નીચે નાખી દીધી. હું ય શોમતિની ધાવમાતા છું. મારા વગર તે બિચારી દુઃખી થતી હશે તેથી હું રડું છું" શંખકુમારે તેને આશ્વાસન આપ્યું અને કહ્યું, "હમણાં જ હું યશોમતિને લાવી આપું છું" કુમાર ઊપડયો અને મણિશેખરને વિશાલ પર્વતના શિખર ઉપર પકડયો. મણિશેખર કન્યા તરફ મુખ કરી બોલ્યો, "જો આ શંખકુમાર ! હમણાંજ તેને દેવલોકમાં મોકલું છું"

એટલામાં તો શંખકુમારનું બાણ આવ્યુ અને મણિશેખરને વંટોળથી વૃક્ષ પડે તેમ જમીન પર પાડી નાંખ્યો. મણિશેખરે મોમાં તૃણ લઈ તેની ક્ષમા માગી અને કુમારનો દાસ બની કહેવા લાગ્યો, "મારા ઉપર ઉપકાર કરી તમે વૈતાઢય પર્વત ઉપર આવો. ત્યાં તમે શાશ્વત ચૈત્યોના દર્શન કરી શકશો. વિદ્યાઓની પણ તમને પ્રાપ્તિ થશે," કુમારે આ વિજ્ઞપ્તિ કબુલ રાખી અને બે ખેચરોને મોકલી સૈન્ય હસ્તિનાપુર રવાના કર્યું અને ધાવમાતાને બોલાવી લીધી.

## શંખકુમારના લગ્ન

પછી કુમાર યશોમતિ અને ધાવમાતાને સાથે લઈ, મણિશેખર સહિત વૈતાઢય પર્વતના દેવાલયોને વાંદી મણિશેખરના નગરે ગયો. અહીં તેણે ઘણી વિદ્યાઓ મેળવી. ઘણા વિદ્યાધરોએ પોતાની પુત્રીઓ પણ શંખકુમારે કહ્યું આપવા કહ્યું, "જિતારિ રાજાને યશોમતિ સોંપ્યા કે તેને પરણ્યા વિના હું કોઈને પરણીશ નહિ" આથી મણિશેખર વગેરે વિધાધરો પોતાની પુત્રીઓ સહિત શંખકુમાર અને યશોમતિને લઈ ચંપામાં આવ્યાં. જિતારિ રાજાએ યશોમતિના લગ્ન શંખ સાથે ખૂબ ધામધૂમ પૂર્વક કર્યાં. પછી કુમાર વિધાધરપુત્રીઓ પરણ્યો. ચંપાપુરીમાં વાસુપૂજ્ય પ્રભુના ચૈત્યોની યાત્રા કરી કેટલાક દિવસ બાદ યશોમતિ વગેરે સ્ત્રીઓ સહિત શંખકુમાર હસ્તિનાપુર આવ્યો.

## શંખકુમારની દીક્ષા અને સ્વર્ગગમન

અપરાજિતકુમારના પૂર્વજન્મના અનુજ બંધુ સુર અને સોમ જે આરણ દેવલોકમાં ઉત્પન્ન થયા હતા તે ત્યાંથી ચ્યવીને યશોધર અને ગુણધર નામે આ જન્મમાં પણ તેના (શંખકુમારના) અનુજ બંધુ થયા. સમય જતાં શ્રીષેણે શંખકુમારને રાજય સોંપી દીક્ષા

લીધી. અને ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ગ્રામાનુંગ્રામ વિચરતા શ્રીષેણ કેવળી હસ્તિનાપુર પધાર્યા. શંખકુમાર પરિવાર સહિત વાંદવા આવ્યો અને દેશનાને અન્તે પૂછ્યું, "હે ભગવન! મને આ યશોમતિ ઉપર વધુ મમત્વ શાથી છે?" કેવળીએ ધનદેવના ભવથી માંડી સાતે ભવનો સંબંધ કહી બતાવ્યો અને કહ્યું, "આગામી ભવમાં તમે નેમિનાથ નામના બાવીશમા તીર્થંકર થશો અને આ યશોમતિ રાજિમતિ થશે." શંખ રાજર્ષિ વૈરાગ્ય પામ્યો. પુત્ર પુંડરિકને રાજય સોંપી, બે ભાઈઓ, યશોમતિ અને મંત્રી સાથે દીક્ષા લીધી. વીશ સ્થાનક તપ આરાધી શંખ રાજર્ષિએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. અન્તે અણશણ કરી. શંખ મુનિ તથા યશોમતિ અપરાજિત વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

દીક્ષા અને સ્વર્ગગમન

## વસુદેવ ચરિત્ર

આ ભરતક્ષેત્રમાં મથુરા નામે એક નગરી છે તે નગરીમાં હરિવંશને વિષે પ્રખ્યાત રાજા વસુના પુત્ર બૃહદ્ધ્વજ પછી ઘણા રાજાઓ થઈ ગયા. પછી યદુ નામે એક રાજા થયો. યદુને શૂર નામે પુત્ર થયો અને તે શૂરને શૌરિ અને સુવીર નામે બે વીર પુત્રો થયો. શૂર રાજાએ શૌરિને રાજય સોંપી, સુવીરને યુવરાજપદ આપી, દીક્ષા લીધી. શૌરી મથુરા છોડી કુશાર્ત દેશમાં સૌર્યપુર વસાવી રાજ કરવા લાગ્યો. શૌરિને અંધકવૃષ્ણિ વગેરે પુત્રો થયા. અને આ અંધકવૃષ્ણિને સુભદ્રાદેવીથી સમુદ્રવિજય વસુદેવ વગેરે દશ પુત્રો થયા અને એ દશે પુત્રો દશાર્હના નામે પ્રસિદ્ધ થયા. આ ઉપરાંત અંધકવૃષ્ણિને કુંતી અને માદ્રી નામે બે પુત્રીઓ થઈ તેણે કુંતીને પાંડુ વેરે પરણાવી અને માદ્રી દમઘોષ રાજાને આપી.

શૂરનો બીજો પુત્ર સુવીર જે મથુરામાં રહ્યો હતો તેને ભોજવૃષ્ણિ વગેરે પુત્રો થયા સુવીરે મથુરાનું રાજ્ય ભોજવૃષ્ણિને આપ્યું અને પોતે સૌવીરપુર વસાવીને રહ્યો. ભોજવૃષ્ણિને ઉગ્રસેન નામે પુત્ર થયો. આ રીતે યદુરાજાના વંશજો મથુરા, સૌર્યપુર અને સૌવીરપુરમાં રાજ્ય કરવા લાગ્યા.

## વસુદેવનો પૂર્વભવ

એક વખત અંધક વૃષ્ણિ રાજાએ સુપ્રતિષ્ઠ નામના અવધિજ્ઞાની મુનિને પ્રણામ કરી અંજલિ જોડી આ પ્રમાણે પૃછ્યું, "મારે વસુદેવ નામે દશમો પુત્ર છે. તે અત્યંત રૂપ અને સૌભાગ્યવાળો છે, તેમજ કળાવાન અને પરાક્રમી છે તેનું કારણ શું ?" સુપ્રતિષ્ઠ બોલ્યા, "મગધ દેશમાં નંદિગ્રામમાં એક ગરીબ બ્રાહ્મણ હતો તેને સોમિલા નામે સ્ત્રી હતી. તેમને નંદિષેણ નામે એક પુત્ર થયો તેને બાલ્ય વયમાંજ નંદિષેણે માતા પિતાનું સુખ ગુમાવ્યું. નંદિષેણ મોટા પેટવાળો, લાંબા દાંતવાળો, ખરાબ નેત્રવાળો અને ચોરસ માથાવાળો હતો તેથી તેના સ્વજનોએ તેને છોડી દીધો, મામાને દયા આવી એટલે તેને પોતાને ઘેર રાખી મોટો કર્યો. મામાને સાત કન્યાઓ પરણવા લાયક થયેલી હતી એટલે તેના મામાએ તેને કહ્યું હતું, 'હું તને એક કન્યા આપીશ' કન્યાના લોભથી તે મામાના ઘરનું બધું કામ કરતો હતો આ ખબર સાંભળી કન્યાઓએ નંદિષેણ ને પરણવાની ના પાડી. નંદિષેણને ખેદ થયો અને તે આત્મહત્યા કરવા ઉપવનમાં ગયો. ત્યાં સુસ્થિત નામના એક મુનિને જોઈને તેમને વંદન કર્યું જ્ઞાનથી તેનો મનોભાવ જાણી મુનિ બોલ્યા " તું આત્મહત્યા કરીશ નહિ આત્મહત્યાથી કાંઈ સુખ મળતું નથી સુખના અર્થીએ તો ધર્મ કરવો જોઇએ. દીક્ષા લઈએ કરેલો ધર્મજ

ભવોભવમાં સુખના હેતુ ભૂત થાય છે." આ પ્રમાણે સાંભળી તે પ્રતિબોધ પામ્યો અને મુનિપાસે દીક્ષા લીધી ગીતાર્થ થઇને તેણે સાધુઓનું વૈયાવૃત્ય કરવાનો અભિગ્રહ કર્યો.

" બાળ અને ગ્લાન પ્રમુખ મુનિઓની વૈયાવૃત્ય કરનારા અને તેમાં કદી પણ ખેદ નહિ પામનારા તે નંદિષેણ મુનિની અન્યદા ઇંદ્રે સભામાં પ્રશંસા કરી મિથ્યાત્વી દેવ તેની પરીક્ષા કરવા ગ્લાન સાધુનું રૂપ લઇ આવ્યો નંદિષેણે ગ્લાન સાધુને ઉપાડયા કે તુરત વિષ્ટાથી તેણે તેનું શરીર ભરી દીધું અને ગુસ્સે થઈ તેણે નંદિષેણને તરછોડયો નંદિષેણે ધીર જ રાખી તેની ખૂબ વૈયાવચ્ચ કરી આથી દેવ તેની ક્ષમા માગી દેવ લોક ગયો આમ નંદિષેણ તપ કરી, તપના ફળનું સ્ત્રીઓને વલ્લભ થાઉં એવું નિયાણું કરી, મૃત્યુ પામી, મહાશુક્ર દેવલોકમાં દેવ થયો અને ત્યાંથી આવી તમારો પુત્ર વસુદેવ થયો છે "

વસુદેવનો પૂર્વભવ સાંભળી અંધક વૃષ્ણિ અને ભોજ વૃષ્ણિએ દીક્ષા લીધી

## કંસનો પૂર્વ ભવ

ભોજ વૃષ્ણિએ દીક્ષા લીધી એટલે મથુરામાં ઉગ્રસેન રાજા થયા, તેને ધારિણી નામે રાણી હતી. એક વખત ઉગ્રસેન રાજા બહાર જતા હતા તેવામાં માર્ગમાં બેઠેલા કોઈ માસોપવાસ તાપસ ને તેણે દીઠો તે તાપસને એવો અભિગ્રહ હતો કે 'માસોપવાસને પારણે પહેલા ઘરપાંથી જ ભિક્ષા મળે તો તેનાથી માસો પવાસનું પારણું કરવું; ત્યાં નમળે તો બીજે ઘેરથી ભિક્ષા લઈ કરવું નહિં આવી હકીકત સાંભળી ઉગ્રસેન રાજા તેને પારણાનું નિમંત્રણ આપી

પોતાને ઘેર ગયા. તાપસ પારણા માટે રાજગૃહે આવ્યો પણ રાજા તે વાત ભૂલી ગયા એટલે કાઈએ તેનો સત્કાર કર્યો નહિ એટલે તાપસ પાછો ફર્યો અને તેણે બીજા મહિનાના ઉપવાસ આદર્યા રાજાને તાપસને પારણા માટે કરેલ નિમંત્રણ યાદ આવ્યું અને તે ફરી તાપસ પાસે ગયા અને તેમની ક્ષમા માગી અને ફરી પાછું તેમને નિમંત્રણ આપ્યું દૈવયોગે પાછા પ્રથમની જેમ ભૂલી ગયા અને તાપસ પારણું કર્યા વગર આશ્રમમાં પાછો આવ્યો તે સ્મરણમાં આવતાં રાજાએ પાછા પૂર્વની જેમ તેને ખમાવ્યો અને ફરીથી નિમંત્રણ આપ્યું તે વખતે પણ રાજા ભૂલી ગયો એટલે તાપસને ક્રાધ ચઢયો તેથી તેણે નિયાણું બાંધ્યું કે " આ તપના પ્રભાવ વડે હું ભવાંતરમાં આનો વધ કરનાર થાઉં " પછી અણશણ કરી, તે મૃત્યુ પામ્યો અને ઉગ્રસેનની સ્ત્રી ધારિણીની કુક્ષિવિષે પુત્ર પણે ઉત્પન્ન થયો ગર્ભના પ્રભાવથી અન્યદા રાણીને પતિનું માંસ ખાવાનો દોહદ થયો. દોહદ ન પૂર્ણ થવાથી દિવસે દિવસે ક્ષય પામતી અને કહેવાને લજ્જા પામતી ધારિણીએ અન્યદા બહુ કષ્ટે તે દોહદ પોતાના પતિને જણાવ્યો. પછી મંત્રીઓએ રાજાને અંધારામાં રાખી તેના ઉદર પર સસલાનું માંસ રાખી તેમાંથી છેદી છેદીને રાણીને આપવા માંડયું જ્યારે તેનો દોહદ પૂર્ણ થયો ત્યારે તે પાછી મૂળ પ્રકૃતિમાં આવી અને બોલી કે, ' હવે પતિ વિના આ ગર્ભ અને જીવિત શા કામનાં છે ? ' છેવટે જ્યારે તે પતિ વિના મરવાને તૈયાર થઇ ત્યારે, મંત્રીઓએ કહ્યું, "દેવી ! આત્મહત્યા કરશો નહિ. અમે તમારા પતિને સાત દિવસમાં સજીવન કરી બતાવશું" સાતમે દિવસે મંત્રીઓએ ઉગ્રસેન ને બતાવ્યા એટલે રાણીએ મોટો ઉત્સવ કર્યો. પૂણમાસે રાણીએ પુત્રને જન્મ આપ્યો. પણ પુત્ર ક્રૂરકર્મી હોવાની માન્યતાથી પોતાના તથા રાજાના નામથી અંકિત થયેલી

વીંટી તથા પત્રિકા સાથે તેને પેટીમાં નાખી, તેણે દાસીની પાસે તે પેટી યમુના નદીના જળમાં વહેતી મૂકાવી અને જન્મીને મૃત્યુ પામ્યો છે એમ રાણીએ રાજાને કહ્યું.

યમુના નદી પેલી પેટીને તાણતી તાણતી શૌર્યપુરના દ્વાર પાસે લઈ ગઈ અને તે શુભદ્ર શેઠના હાથમા આવી. તેણે પેટીમાંથી બાળકને કાઢી તેની પત્ની ને સોંપ્યો અને કાંસાની પેટીમા આવેલો હોવાથી તેનું નામ કંસ રાખ્યું. કંસ ઘણો કજીયાખોર હોવાથી શેઠે તેને વસુદેવ કુમારને સોંપ્યો. સેવક છતાં જતે દિવસે તે વસુદેવનો મિત્ર થઇ ગયો અને તેની પાસે રહી સર્વ કળાઓમાં પારંગત થયો.

આ અરસામાં સુવસુરાજે નાગપુરમાં રાજ્ય સ્થાપ્યું. ત્યાં તેને બૃહદરથ નામે પુત્ર થયો આ બૃહદરથના વંશમાં જરાસંધ નામે પ્રતિવાસુદેવ થયો. તેણે ત્રણ ખંડમાં પોતાની આણ પ્રવર્તાવી એક વખત સમુદ્ર વિજય રાજાની સભામાં જરાસંધનો દૂત આવ્યો. તેણે રાજાને કહ્યું, "સિંહપુર નગરના સિંહરથને બાંધી મારી સભા માં હાજર કરશે તેને હું જીવયશાકુંવરી અને ઈચ્છિત નગર આપીશ" એમ જરાસંધે તમને મારી મારફને કહેવડાવ્યું છે. વસુદેવે સમુદ્ર વિજય રાજાને વિનતી કરી કહ્યું "આપ મને રજા આપો તો હું આ કામ પાર પાડું." સમુદ્રવિજયે થોડી આના કાની બાદ રજા આપી વસુદેવે કંસ અને લશ્કર સાથે સિંહપુર તરફ પ્રયાણ કર્યું સિંહ રથ લશ્કર સહિત સાથે આવ્યો. આ યુદ્ધમાં કંસ વસુદેવનો સારથી હતો છતાં તેણે કટોકટિના પ્રસંગે સારથી પણું છોડી દઈ સિંહ રથને બાંધી, વસુદેવના રથમાં નાંખ્યો અને સિંહ રથનું રાજ્ય કબજે કર્યું જીત મેળવી વસુદેવ સમુદ્રવિજય

પાસે આવ્યો. સમુદ્રવિજયે વસુદેવ ને એકાંતમાં કહ્યું, "જ્ઞાનીના વચનથી હું જાણુ છું કે જરા સંધની પુત્રી જીવયશા ઉભય કુળનો ક્ષય કરનારી થશે. માટે ઇનામમાં આ કન્યા તું કંસને અપાવ જે, કારણ કે સિંહરથને જીતવામાં મુખ્યત્વે એનો ફાળો છે પરન્તુ વસુદેવે કહ્યું. 'તે વણિક પુત્ર છે' આથી સમુદ્ર વિજયે સુભદ્ર શેઠને બોલાવ્યો, અને તેને કંસની ઉત્પત્તિ પૂછી. એટલે તેણે કંસનો સર્વ વૃત્તાન્ત કંસના સાંભળતાં પ્રથમથી કહી આપ્યો પછી સુભદ્ર વણિકે ઉગ્રસેન રાજા અને ધારિણી રાણીની મુદ્રિકાઓ અને પત્રિકા સમુદ્ર વિજય રાજાને આપી. સમુદ્ર વિજયે તે પત્રિકા વાંચી તેમાં લખ્યું હતું કે "રામ ઉગ્રસેનની રાણી ધારિણીએ ભયંકર દોહદથી ભય પામી, પોતાના પતિની રક્ષા માટે, આ પ્રાણ પ્રિય પુત્રનો ત્યાગ કર્યો છે અને નામ મુદ્રા સહિત સર્વ આભૂષણો એ ભૂષિત એવા આ બાળપુત્રને કાંસાની પેટીનાં નાખીને યમુના નદીમાં વહેતો મૂકયો છે" આ પ્રમાણે પત્રિકા વાંચી સમુદ્ર વિજયે કહ્યું, "આ કંસ યાદવ છે અને ઉગ્રસેનનો પુત્ર છે; અન્યદા

મથુરાનો રાજા કંસ

તેનામાં આવું વીર્ય સંભવે જ નહિં" પછી રાજા સમુદ્ર વિજય કંસને સાથે લઈ અર્ધચક્રી જરા સંધ પાસે ગયો અને તેને સિંહરથ રાજા સોંપ્યો. અને કંસનું પરાક્રમ પણ જણાવ્યું. જરા સંધે પ્રસન્ન થઈ કંસને પોતાની પુત્રી જીવયશા પરણાવી. તે વખતે કંસે મથુરા પુરીની માગણી કરી તેથી તે નગરી પણ આપી જરા સંધે આપેલા સૈન્યને લઈ કંસ મથુરા આવ્યો. ત્યાં પોતાના પિતા ઉગ્રસેનને બાંધી પાંજરામાં પૂર્યો અને પોતે રાજા થયો. ઉપકારી સુભદ્ર શેઠને બોલાવી, સુવર્ણનું દાન આપી તેનો સત્કાર કર્યો.

એક દિવસ ધારિણી રાણીએ કંસને આવી કહ્યું, મેં જ તને કાંસાની પેટીમાં નાખી યમુનામાં વહેતો મૂકયો હતો તારા પિતા ઉગ્રસેનનો આમાં કોઇ અપરાધ નથી હું જ ખરી અપરાધી છું. તારે મને જે શિક્ષા કરવી હોય તે કર " કંસે આ વાત માની નહિ અને ઉગ્રસેનને પાંજરામાંજ રાખ્યો.

વસુદેવ તરફ સ્ત્રીઓનું આકર્ષણ

જરાસંધની વિદાય લઇ સમુદ્ર વિજય બંધુઓ સાથે પોતાના નગર શૌર્યપુર આવ્યા. શૌર્યપુરમાં સર્વ સ્વેચ્છાએ ભમતા વસુદેવ કુમારને જોઈ તેમના સૌંદર્યથી મોહિત થયેલી નગરની સ્ત્રીઓ જાણે મંત્ર કૃષ્ટ હોય તેમ તેની પાછળ ચાલવા લાગી. વસુદેવનું સૌન્દર્ય સ્ત્રીઓને કામણ રૂપ હતું તેથી નગરના મહાજને રાજા પાસે આવી એકાન્તમાં કહ્યું, "તમારા લઘુ બન્ધુ વસુદેવના રૂપથી નગરની સ્ત્રીઓએ મર્યાદા મૂકી દીધી છે. જે કોઈ સ્ત્રી વસુદેવને એકવાર પણ જુએ છે તે પરવશ થઈ જાય છે, તો એ કુમારને વારંવાર નગરમાં ફરતા જુએ તેની તો વાતજ શી કરવી ?" રાજાએ મહાજન ને કહ્યું, " હું તમારી ઇચ્છા પ્રમાણે બંદો બસ્ત કરીશ " એમ સાન્ત્વન આપી સૌને વિદાય કર્યા એક વખત સમુદ્ર વિજય રાજાને વસુદેવ મળવા ગયા. વસુદેવ ને કહ્યું, " તારૂ શરીર કૃશ થઈ ગયું છે. હવે બહાર ફરવાનું ન રાખ ઘેર રહી સર્વ કલાને શીખી પ્રવીણતા મેળવ' વસુદેવે આ વાત કબૂલ રાખી અને ઘેર રહી ગીત નૃત્યાદિક વિનોદમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

## વસુદેવનો ગૃહત્યાગ

એક દિવસ ગંધ લઈ કુબ્જા નામની એક દાસી જતી હતી, તેને વસુદેવે પૂછયું. " આ ગંધ કોને માટે લઈ જાય છે !" કુબ્જા

બોલી, "આ ગંધ દ્રવ્ય રાજા સમુદ્રવિજયને માટે શિવાદેવીએ મોકલ્યું છે." વસુદેવે કહ્યું, "આ ગંધ દ્રવ્ય મારે પણ કામ આવશે" એમ કહી મશ્કરીમાં તેણે તે ગંધ દ્રવ્ય દાસી પાસેથી લઈ લીધું. કુબ્જા બોલી, "તમારામાં આવા કુલક્ષણ છે તેથી તો બંધનમાં પડયા છો" વસુદેવે પૂછ્યું, "શું કુલક્ષણ છે!" દાસીએ નગરજનોની બધી વાત આદિથી અંત સુધી કહી સંભળાવી. વસુ-દેવને લાગ્યું, "શું મારા વડીલ બન્ધુ મારે માટે એવો વિચાર ધરાવે છે કે સ્ત્રીઓની મારા તરફ રૂચિ કરાવવા હું નગરમાં ભમું છું! મારે અહીં રહેવું નકામું છે." દાસીને તેનું ગંધ દ્રવ્ય પાછું આપી જવા દીધી અને રાતે વેશપલટો કરી નગર બહાર નીકળી સ્મશાનમાં ગયો. અને પોતે અગ્નિપ્રવેશ કર્યો છે એવું થાંભલા પર લખી બ્રાહ્મણનો વેશધરી વસુદેવે ત્યાંથી પૃથ્વી ઉપર ફરવા માંડયું.

વસુદેવે અગ્નિપ્રવેશ કર્યો છે એ વાત નગરમાં પ્રસરતાં રાજા પ્રજા સૌ કકળી ઊઠયાં. રાજા તથા યાદવોએ તેનું મૃતકાર્ય કર્યું આમ છતાં સમુદ્રવિજય વસુદેવ બળી મરે એ વાત ન માની તેણે તેના વિશ્વાસુ નિમિત્તિયાને બોલાવી પૂછ્યું, "વસુદેવ જીવે છે કે મૃત્યુ પામ્યો છે!" નિમિત્તિઆએ નિમિત્ત જોઈ કહ્યું, "તમારો ભાઇ વસુદેવ જીવે છે. લાંબા સમયે તમને યુદ્ધમાં સામો લડતો મળશે"

## શ્યામા વગેરે સ્ત્રીઓ સાથે લગ્ન

વસુદેવ ભમતો ભમતો છેવટે એક ધોરી માર્ગ ઉપર આવ્યો. ફરતો ફરતો તે વિજયખેટ નગરમાં આવ્યો. ત્યાં સુગ્રીવ રાજાની શ્યામા અને વિજયસેના નામની બે કન્યાઓને તે કળામાં પરાભવ

પમાડી પરણ્યો. પછી વસુદેવ વિજયખેટથી નીકળ્યો અને ફરતાં ફરતાં અનુક્રમે એક અટવીમાં જળાવર્ત સરોવરમાં એક હાથીને તેણે ખેદ પમાડયો તેથી પ્રસન્ન થયેલા વિદ્યાધરે શ્યામા નામની કન્યા વસુદેવને પરણાવી.

ફરતાં ફરતાં વસુદેવને એક બ્રાહ્મણ મળ્યો. તેની સાથે તે ચંપાનગરીમાં ગયો. અહીં ચારૂદત્ત શેઠને સોંપેલ અમિત ગતિ વિદ્યાધરની ગંધર્વસેના નામની કન્યાને ગાંધર્વ વિદ્યામાં જીતી આથી ચારૂદત્તે વસુદત્ત સાથે તેનાં લગ્ન કર્યાં પછી ચારૂદત્તે ગંધર્વસેનાનો વૃત્તાન્ત કહ્યો.

" આ નગરમાં ભાનુ નામે શેઠની સુભદ્રા પુત્રીની કૃક્ષિથી હું ચારૂદત્ત નામે પુત્ર થયો. યૌવનવય પામતાં ફરવા જતાં મેં એક વિદ્યાધરને કદલીગૃહમાં એક ખેચરને ખીલે જડેલો દીઠો તેની સામે તલવાર ઉપર ત્રણ ઔષધિઓના વલય પણ મેં દીઠા પછી મેં મારી બુદ્ધિથી તેમાંની એક ઔષધિ વડે તે ખેચરને ખીલામાંથી મુક્ત કર્યો. બીજી ઔષધિ વડે તેના ઘા રૂઝાવી દીધા અને ત્રીજી ઔષધિ વડે તેને સચેત કર્યો. પછી તેણે પોતાની કથની કહેતાં જણાવ્યું. " મારૂં નામ અમિતગતિ વિદ્યાધર છે. હું સુકુમાલિકા નામની વિદ્યાધર કન્યા પરણ્યો હતો; પણ મારો મિત્ર ધૂમશિખ તેના ઉપર આસક્ત થયો. તેણે મારી આવી દશા કરી, સુકુમાલિકાને લઈ તે નાસી ગયો છે. આ મહાકષ્ટમાંથી તમે મને છોડાવ્યો છે, તો કહો હવે હું તમારૂં શું કામ કરૂં કે જેથી તમારા જેવા અકારણ મિત્રનો હું અઋણિ થાઉ" મેં કહ્યું. " તમારા દર્શનથી કૃતાર્થ છું." તે સાંભળી તે વિદ્યાધર ઉડીને તત્કાળ ચાલ્યો ગયો અને હું મારે ઘેર આવ્યો અને મિત્રોની સાથે સુખે ક્રીડા

કરવા લાગ્યો.

અનુક્રમે હું યૌવનવય પામ્યો એટલે પિતાએ મને મારા મામાની મિત્રવતી નામની પુત્રી પરણાવી. કળાની આસક્તિથી હું સ્ત્રીમાં ભોગાસક્ત થયો નહિ એટલે માતાપિતા મને મુગ્ધ જાણવા લાગ્યા. પછી તેમણે ચાતુર્યપ્રાપ્તિ માટે મને શૃંગારની લલિત ચેષ્ટામાં જોડી દીધો, તેથી હું ઉપવન વગેરેમાં સ્વેચ્છાએ વિચરવા લાગ્યો. એમ કરતાં વસન્તસેના નામની વેશ્યાને ઘેર હું બાર વર્ષ સુધી રહ્યો. ત્યાં અજ્ઞાનપણે મેં સોળ કરોડ સુવર્ણદ્રવ્ય ઉડાવી દીધું. છેવટે વેશ્યાએ મને નિર્ધન જાણીને તેના ઘરમાંથી કાઢી મૂક્યો ત્યાંથી ઘેર આવતાં માતાપિતાનું મૃત્યુ થયેલું જાણી ધૈર્યથી વ્યાપાર કરવા માટે મારી પત્નીનાં આભૂષણો ગ્રહણ કર્યાં પછી મારા મામાની સાથે વ્યાપાર અર્થે ચાલીને હું ઉશીરવતી નગરીએ આવ્યો. ત્યાં સ્ત્રીના આભૂષણો વેચીને મેં કપાસ ખરીદો તે લઇને હું તામ્રલિપ્તી નગરીએ જતો હતો ત્યાં માર્ગમાં દાવાનળ વડે કપાસ બળી ગયો તેથી મારા મામાએ મને નિર્ભાગી જાણી ત્યજી દીધો પછી અશ્વ ઉપર બેસી હું એકલો પશ્ચિમ દિશા તરફ ચાલ્યો ત્યાં માર્ગમાં મારો અશ્વ મરી ગયો. એટલે હું પાદચારી થયો. ચાલતા ચાલતા હું પ્રિયંગુ નગરમાં આવ્યો. ત્યાં મારા પિતાના મિત્ર સુરેન્દ્રદત્તે મને જોયો. તે મને પોતાને ઘેર તેડી ગયો. મેં તેની પાસેથી એક લાખ વ્યાજે લીધા અને કરિયાણાં લઈ વહાણ ભરી સમુદ્ર માર્ગે ચાલ્યો દ્વીપનગર વગેરેમાં ગમનાગમન કરી મેં આઠ કરોડ સુવર્ણ ઉપાર્જન કર્યું. તે દ્રવ્ય લઈને હું જળમાર્ગે સ્વદેશ તરફ વળ્યો. ત્યાં માર્ગમાં મારૂં વહાણ ભાંગી ગયું અને માત્ર એક પાટિયું મારા હાથમાં આવ્યું સાત દિવસે હું સમુદ્રકાંઠે પહોંચ્યો. ત્યાં રાજપુર નામના નગરની બહાર એક ત્રિદંડી સન્યા-

સીના સંપર્કમાં હું આવ્યો. ત્રિદંડીના વાસમાં રહી સિદ્ધરસ મેળવવાના અને સુવર્ણભૂમિમાં જવાનાં મેં ઘણા ફાંફા માર્યા. પણ નસીબ ચાર ડગલા આગળને આગળ. આથી કોઈ ઠેકાણે સફળતા ન મળી.

## નવકાર મંત્રનો પ્રભાવ

એક વખત મારા મિત્ર ઈન્દ્રદત્તો બે મેંઢા માર્યા એક મેંઢાને મરતી વખતે મેં નવકાર મંત્ર સંભળાવ્યો. રખડતો રખડતો હું એક પર્વત ઉપર ગયો ત્યાં પેલા અમિતગતિ વિદ્યાધર જે મુનિ થયા હતા. તેમને હું નમી બેઠો. તેવામાં એક દેવ આવ્યો. તેણે પહેલાં મને નમસ્કાર કર્યો અને પછી મુનિને નમ્યો. અમે પૂછ્યું. “આમ ઉલટું કેમ કર્યું ?” તેણે કહ્યું મારી વાત સાંભળો :–

પૂર્વ ભવમાં હું ઘેટો હતો. ઘેટાના ભવમાં ચારૂદત્તો મને નવકાર મંત્ર સંભળાવ્યો, તેથી હું સારા અધ્યવસાયથી મૃત્યુ પામી દેવ થયો. આથી મારા પરમ ઉપકારી ચારૂદત્તને મેં પ્રથમ નમસ્કાર કર્યો.

આ અરસામાં અમિતગતિના પુત્રો ત્યાં આવ્યા. તે એમને પિતાના જેવો માની તેમણે તેમની બહેન ગંધર્વ સેના આપી અને કહ્યું કે અમારા પિતાએ દીક્ષા લેતાં કહ્યું છે કે “મારા ભૂચરમિત્ર ચારૂદત્તને આ કન્યા આપજો. તે વસુદેવની વેરે પરણાવશે. કારણ કે આનો પતિ વસુદેવ થવાનો છે તે નિશ્ચિત છે. આથી હે વસુદેવ ! આ વણિક પુત્રી છે એમ ન માનશો. આ ગંધર્વસેન વિદ્યાધરની પુત્રી છે.”

## કનકવતી

આ ભરતક્ષેત્રમાં પેઢણપુર નામે નગર હતું. ત્યાં હરિશ્ચંદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને લક્ષ્મીવતી નામે રાણી હતી. રાણીને એક મનોહર અંગવાળી કુંવરી હતી. આ કુંવરીનો પૂર્વ ભવનો પતિ ધનપતિ કુબેર હતો. તેથી તેણે હરિશ્ચંદ્રના ઘરમાં કનકવૃષ્ટિ કરી આથી રાજાએ કુંવરીનું નામ કનકવતી રાખ્યું કનકવતીના મોહથી ધનદ અવસરે હરિશ્ચંદ્ર રાજાને ત્યાં આવતો અને કનકવતીને દેખી આનંદ પામતો.

કેળવણી

અનુક્રમે બાલ્યવયને છોડી કનકવતી કળા ગ્રહણ કરવાને યોગ્ય થઇ એટલે હરિશ્ચંદ્ર રાજાએ તેને કળા શીખવવા માટે શુભ દિવસે કોઈ યોગ્ય કળાચાર્યને સોંપી થોડા સમયમાં તે બધી કળાઓ શીખી ગઈ. અનુક્રમે કનકવતી યૌવનવય પામી. તેને જોઇ તેનાં માતાપિતા વરની શોધ માટે તત્પર થયાં. જ્યારે કોઇ યોગ્ય વર થઇયો નહિ ત્યારે તેમણે સ્વયંવરનો આરંભ કર્યો.

એક વખતે તે મૃગાક્ષી બાળા પોતાના મહેલમાં સુખેથી બેઠી હતી. ત્યાં અકસ્માત એક રાજહંસને ત્યાં આવેલો જોયો. કનકવતીએ તે હંસને પકડી લીધો. પછી દાસીને કહ્યું, " એક કાષ્ઠનું પિંજર લાવ કે જેમાં હું આ પક્ષીને મૂકું, કારણ કે પક્ષીઓ તે વિના એક ઠેકાણે સ્થાયી રહેતાં નથી. કનકવતીના કહેવાથી દાસી કાષ્ઠનું પિંજર લેવા ગઈ, એટલે તે હંસ માનુષી ભાષામાં બોલ્યો, ' હે રાજપુત્રી ! તું ચતુર છે, છતાં મને પિંજરામાં કેમ પૂરે છે. મને છોડી દે. હું તને એક પ્રિયના ખબર આપુ. " આ પ્રમાણે રાજહંસને મનુષ્યની ભાષા બોલતો જોઇ રાજકુમારી વિસ્મય પામી અને પ્રિય અતિથિની જેમ તેને ગૌરવતાથી આ પ્રમાણે કહ્યું, " હે હંસ !

તું તો ઉલટો પ્રસાદપાત્ર થયો માટે તે પ્રિય કોણ છે તે કહે ” હંસ બોલ્યો, “ કોશલ નગરીમાં ખેચરપતિ કોશલ રાજાને સુકોશલા નામે એક દુહિતા છે. તે સુકોશલાનો યુવાન પતિ શ્રેષ્ઠ સૌન્દર્યનું સ્થાન છે. તેને જોઈ સર્વ રૂપવાનની રેખા પણ ભગ્ન થાય છે. તેના નમૂનાનું રૂપ જો હોય તો માત્ર દર્પણમાં જ છે. બીજે નથી જેમ તે યુવાન રૂપ સંપત્તિ વડે નર શિરોમણિ છે, તેમ તું પણ રૂપ સંપત્તિથી સર્વ નારીમાં શિરોમણિ છે. તમારા બન્નેનો સમાગમ થાય તેવી ઇચ્છાથી તેનો વૃત્તાન્ત મેં તને જણાવ્યો છે. તારા સ્વયંવર વિષે સાંભળી મેં તેની પાસે પણ તારૂં રૂપ વર્ણવેલું છે તેથી તે સ્વેચ્છાએ તારા સ્વયંવરમાં આવશે. હવે તું મને છોડી દે તારા પતિને માટે હું પ્રયત્ન કરીશ.” કનકવતીએ તેને છોડી દીધો, એટલે તે આકાશમાં ઊડયો અને આકાશમાં રહી કનકવતીના ઉત્સંગમાં એક ચિત્રપટ નાખી કહ્યું, “ જેવો મેં તે યુવાન પુરૂષને જોયો છે, તેવો જ આ ચિત્રપટમાં આળેખેલો છે. તે જોઈને અહીં આવે ત્યારે તે પુરૂષને તું ઓળખી લેજે. તમારા સ્વયંવરનાં દિવસે તે યુવાન તમારી પાસે બીજાનો દૂત થઇ આવશે.”

## કુબેરના દુત તરીકે વસુદેવ

સ્વયંવરમાં હાજરી આપવા વસુદેવ પેટાલપુર આવ્યો હરિશ્ચંદ્રે તેને લક્ષ્મી રમણ ઉદ્યાનમાં ઉતારો આપ્યો આ અરસામાં આકાશમાંથી એક વિમાન ઉતર્યું અને તેમાંથી કુબેર દેવ બહારની કળ્યો તેણે સૌ પ્રથમ ઉદ્યાનમાં રહેલ પ્રાસાદમાં, બીરાજેલ પ્રતિમાને વંદન કર્યું. ત્યાર બાદ તેને જોવાની ઈચ્છાથી પાસે ઊભેલા વસુદેવને કહ્યું, “ કુમાર ! મારૂં એક કામ કર તું કનકવતીના આવાસમાં જા અને તેને કહે કે ધનપતિ કુબેર કહેવરાવે છે કે તું દેવી બની જા અને મને પરણ. મારા પ્રભાવથી તું રોકટોક વગર તેના આવાસમાં જઈ

શકીશ" વસુદેવે વિચાર કર્યો કે જે ને દેવો પણ ઇચ્છી રહ્યા છે તે કનકવતી કેવી હશે?" આમ વિચાર કરતો તે તુરત તેના આવાસમાં પહોંચ્યો. કનકવતી ઊભી થઈ પતિદેવ! સંબોધી પગે પડી વસુદેવે કહ્યું, "તું ભૂલે છે. તારો પતિ તો ધનદ છે. હું તો તેનો મોકલેલ દૂત છું. તેણે મારી દ્વારા કહેવડાવ્યું છે, "તું દેવાંગના બની મને પરણ." કનકવતી બોલી, 'તે ઈંદ્રના સામાનિક દેવ ક્યાં અને કીટક પ્રાય હું માનુષી ક્યાં? તેણે મારી પાસે જે તેમને દૂતપણું કરાવ્યું છે તે અનુચિત છે; કેમ કે પૂર્વે કોઈ પણ માનુષી સ્ત્રીને દેવતા સાથે એવો સંબંધ થયો નથી. ધનદ નામ સાંભળવાથી મારા પૂર્વ જન્મના સંબંધને લીધે મારૂં મન ઉત્કંઠા ધરે છે, પણ આ દુર્ગંધી ઔદારિક શરીરની દુર્ગંધને અમૃત-ભોજી દેવોસહન કરી શકતા નથી એવા શ્રી અરિહંત પ્રભુના વચન છે તેથ ।દૂતપણના મિષથી ગુપ્ત રહેલા તમેજ મારા પતિ છો. તમે કુબેર પાસે જઈને કહેજો કે હું માનુષી છું. તમારા દર્શનને પણ યોગ્ય નથી. વળી સાત ધાતુમય શરીરવાળી હું છું તેને તમે પ્રતિમા રૂપે પૂજય છે," પછી વારંવાર સત્કારતી કનકવતીને અનિમેષ નયને જોતો વસુદેવ તુરત ત્યાંથી અંતર્ધ્યાન થઈ ગયો અને કુબેરને મળ્યો કુબેરે તેના દેવો સમક્ષ વસુદેવની ધીરજ અને સત્યનિષ્ઠાની પ્રશંસા કરી તેને દેવદુષ્ય વસ્ત્ર, કનકકાન્તા વીંટી, મુગટ, કુંડલ, હાર, બાજુબંધ, નક્ષત્ર માળા, કંકણ કંદોરો વગેરે અનેક વસ્તુઓ આપી તેને ધનદ સદશ બનાવ્યો.

હરિશ્ચંદ્ર રાજાના હર્ષનો પાર ન હતો કારણ કે તેની સભામાં રાજાઓની સાથે સાક્ષાત્ કુબેરે પણ સ્થાન લીધું હતું. રાજપુત્રી કનકવતી રાજહંસની જેમ મંદ ગતિએ ચાલતી ચાલતી સ્વયંવર મંડપમાં આવી એક છેડાથી બીજા છેડા સુધી તેણે ધારી ધારીને

સર્વ રાજાઓ જોયા પણ ચિત્રપટમાં ચિત્રેલ વસુદેવની આકૃતિવાળો કોઈ રાજવી ન દીઠો. બે ત્રણ વાર જોઈ તે થાકી અને રડી કુબેરને કહેવા લાગી, "હે દેવ! હું તમારી પૂર્વજન્મની પત્ની છું, માટે તમે આવી રીતે મારી મશ્કરી ન કરો; કારણ કે જેને હું વરવાને ઇચ્છું છું તે વરને તમે અંતર્હિત કરી દીધા છે એમ મને લાગે છે. પછી કુબેરે હાસ્ય કરી વસુદેવને કહ્યું, "મહાભાગ! મેં તમને જે કુબેરકાન્તા નામે મુદ્રિકા આપી છે તે હાથમાંથી કાઢી નાખો. કુબેરની આજ્ઞાથી વસુદેવે તે મુદ્રિકા કાઢી નાખી. એટલે તે નાટકના પાત્રની જેમ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થયા. કનકવતીએ વરમાળા વસુદેવના કંઠમાં આરોપી સર્વત્ર આનંદ આનંદ ફેલાયો. કુબેર અને રાજાઓની હાજરીમાં વસુદેવ અને કનકવતીનાં લગ્ન થયાં.

## કનકવતીનો પૂર્વભવ—નળ દમયન્તી ચરિત્ર
## પહેલો ભવ મમ્મણરાજાની વીરમતી રાણી

વસુદેવે કુબેરને પૂછ્યું, "તમે અહીં કેમ આવ્યા?" કુબેરે વસુદેવને કહ્યું, "હે કુમાર! મારૂં અહીં આવવાનું કારણ સાંભળો."

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે અષ્ટાપદ ગિરિની પાસે સંગર નામે નગર હતું. તે નગરમાં મમ્મણ નામે રાજા હતો અને તેને વીરમતી નામે રાણી હતી. એક વખત એ રાજા રાણી સહિત શિકાર કરવા નગર બહાર નીકળ્યો. રસ્તામાં તેણે સંઘ ભેગા ચાલ્યા આવતા મળમલિન સાધુને જોયા એટલે. "આ મારે અપશુકન થયા" આ પ્રમાણે વિચારી તેણે સંઘ સાથે આવતા તે મુનિને રોકયા. પછી શીકાર કરી આવીને રાજા રાણી સાથે સ્વસ્થાને ગયો અને મુનિને બાર ઘડી સુધી દુઃખમય સ્થિતિમાં રાખ્યા. ત્યારપછી રાજદંપતીને દયા આવી; તેથી મુનિને પૂછ્યું, "તમે

ક્યાંથી આવ્યા છો ? અને ક્યાં જાઓ છો ?" મુનિ બોલ્યા, "હું રોહિતક નગરથી અષ્ટાપદ ગિરિ પર રહેલા અર્હંત બિંબને વાંદવા માટે જતો હતો, પણ તમે મને રોકી રાખ્યો એટલે હું અષ્ટાપદ જઈ શકયો નહીં. આ ધર્મ કાર્ય કરતાં મને અટકાવવાથી તમે ખોટું અંતરાય કર્મ બાંધ્યું." આ પ્રમાણે તે મુનિનાં વચન સાંભળી તે દંપતી લઘુ કર્મી હોવાથી તે શાન્ત થયા. મુનિએ તેમને જીવ-દયા પ્રધાન શ્રી આર્હંત ધર્મનો ઉપદેશ આપ્યો ત્યારથી તે આ ધર્માભિમુખ થયાં. પછી તેમણે તે મુનિને યોગ્ય સન્માનપૂર્વક સારા સ્થાનમાં નિવાસ કરાવ્યો. મુનિના બહુકાળના સંસર્ગથી તે દંપતીએ શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં. કેટલે કાળે તે મુની રાજારાણીની સંમતિ લઈ અષ્ટાપદ ગિરિ ગયા.

## બીજો ભવ–દેવી

એક વખત શાસનદેવી વીરમતીને ધર્મમાં સ્થિર કરવા અષ્ટાપદ લઇ ગઇ. ત્યાં ચોવીસે અરિહંતના બિંબને વાંદી પોતાના નગરે પાછી આવી. પછી ચોવીસે જીનને ઉદ્દેશી આંબેલ કર્યાં. તથા તપ ઉદ્યાપનમાં ચોવીસે જિનબિંબના રત્નયુક્ત સુવર્ણતિલક, સ્નાત્ર પૂર્વક, અષ્ટાપદગિરિ ઉપર ચોવીસે જિનના ભાલ ઉપર સ્થાપન કર્યાં આમ તપથી ભાવિત દંપતી બીજે ભવે દેવલોકમાં દેવ દેવી-પણે ઉત્પન્ન થયા.

## ત્રીજો ભવ–ધન્ય આહીરની ધુંસરી નામે પત્ની

મમ્મણ રાજાનો જીવ દેવલોકમાંથી ચ્યવી આ જમ્બુદ્વીપ ના ભરત ક્ષેત્રમાં બહલી નામના દેશમાં, પોતનપુર નામના નગરને વિષે, ધમ્મિલ નામના આ હિરની સ્ત્રી રેણુકાની કુક્ષિને વિષે પૂત્ર પણે ઉત્પન્ન થયો, પૂર્ણ માસે રેણુકાએ પુત્રને જન્મ આપ્યો પિતાએ તેનું નામ ધન્ય પાડયુ. ત્યાર પછી વીરમતી રાણીનો જીવ

દેવલોકથી ચ્યવી તે ધન્યની ધૂંસરી નામે સ્ત્રી થઈ ધન્ય હંમેશા અરણ્યમાં જઈ ભેંસો ચારતો હતો અન્યદા વર્ષા ઋતુ આવી મેઘ વરસતો હતો તેવે વખતે કાદવના સંપર્કથી હર્ષનાદ કરતી ભેંસો ચારવા માટે ધન્ય ચરણ્ય ગયો. વર્ષાદના જળને નિવારે તેવું છત્ર માથે ધરી ભેંસોને અનુસરતો ધન્ય અટવીમાં પર્યટન કરવા લાગ્યો. એ પ્રમાણે પરિભ્રમણ કરતાં એક પગે ઊભા રહીને કાઉસગ ધ્યાનમાં નિશ્ચળ રહેલા એક મુનિ ધન્યના જોવામાં આવ્યા. તે મુનિ ઉપવાસથી કૃશ થઈ ગયેલા હતા, વન હસ્તીની જેમ વૃષ્ટિને સહન કરતા હતા અને પવને હલાવેલા વૃક્ષની જેમ તેમનુ સર્વ અંગ શીતની પીડાથી કંપતુ હતું આ પ્રમાણે પરિસહને સહન કરતા તે મુનિને જોઈ ધન્યને અનુકંપા આપી તેથી તત્કાળ તેણે પોતાની છત્રી તેમના મસ્તક પર ધરી રાખી જયારે ધન્યે અનન્ય ભક્તિથી તેમની ઉપર છત્રી ધરી ત્યારે વસ્તીમાં રહેતા હોય તેમ તે મુનિનું વૃષ્ટિ કષ્ટ દૂર થઈ ગયું. મેઘ સતત વરસતો હતો, છતાં એ શ્રદ્ધાળુ ધન્યે લાબાં સમય સુધી છત્રી ધરી રાખી. વરસાદ બંધ થયો એટલે ધન્ય મુનિને લઈ નગરમાં આવ્યો. ધન્યે મુનિને દૂધથી પારણું કરાવ્યું.

## ચોથો ભવ યુગલીક

ધન્ય પાષાણ રેખા જેવું સ્થિર સમકિત ધારણ કરી પોતાની સ્ત્રી ધુસરીની સાથે ચિરકાળ શ્રાવક વ્રત પાળવા લાગ્યો. કેટલેક કાળે ધન્ય અને ધુસરીએ ચારિત્ર ગ્રહણ કર્યું અને સાત વર્ષ સુધી રૂડી રીતે પાળી સમાધિથી મૃત્યુ પામ્યા. મુનિને દૂધનું દાન કરવાથી ઉપાર્જન કરેલા પુણ્ય વડે તેઓ હિમવંત ક્ષેત્રમાં યુગલિયાપણે ઉત્પન્ન થયા. ત્યાંથી શુભ ધ્યાને મૃત્યુ પાપી તેઓ ક્ષીરડિંડીર અને ક્ષીરડિંડીરાના નામે દાંપત્યપણાથી શોભતાં દેવ દેવી થયાં.

## પાંચમો ભવ દેવી

ત્યાંથી ચ્યવીને ક્ષીરડિંડીર દેવ આ ભરતક્ષેત્રકળા કોશલ નામના દેશમાં કોશલા નગરીને વિષે, ઇક્ષ્વાકુકુળમાં જન્મ પામેલા નિષધ રાજાની સુંદરા રાણીની કુક્ષિથી નળ નામે પુત્ર થયો. તે રાજાને બીજો કુબર નામે પુત્ર થયો.

## છઠો ભવ નળરાજાની દમયંતી રાણી

વિદર્ભ દેશમાં કુંડિન નામે નગર હતું. ત્યાં ભીમરથ નામે રાજા હતો. તેને પુષ્પદંતી નામે રાણી હતી. અન્યદા શુભ સમયે ક્ષીરડિંડીરા દેવી દેવલોકમાંથી ચ્યવી, પુષ્પદંતી રાણીની કુક્ષિ વિષે પુત્રીપણે ઉત્પન્ન થઈ. તે વખતે મનોહર શય્યામાં સુખે સૂતેલી રાણીએ રાત્રિના પાછલા ભાગમાં શુભ સ્વપ્ન જોઈ રાજાને જણાવ્યું. "હે સ્વામિન! આજે રાત્રીએ સુખે સૂતા સ્વપ્નમાં વનાગ્નિએ પ્રેરેલો એક શ્વેત હસ્તી આપના ઘરમાં આવતો મેં દીઠો છે."

આ પ્રમાણે સાંભળી રાજાએ તેને કહ્યું, "આ સ્વપ્નથી એમ જણાય છે કે કોઈ પુણ્યાત્મા ગર્ભ આજે તમારી કુક્ષિમાં ઉત્પન્ન થયો છે. આ પ્રમાણે રાજારાણી વાર્તાલાપ કરતા હતા તેવામાં જાણે દેવલોકમાંથી ચ્યવીને એરાવણ હસ્તી આવ્યો હોય તેવો કોઇ હસ્તી ત્યાં આવ્યો. હસ્તીએ તત્કાળ રાજાને રાણી સહિત પોતાના સ્કન્ધ ઉપર ચડાવ્યા અને આખા નગરમાં ભમીને પાછો મહેલ પાસે આવ્યો અને ત્યાં રાજદંપતીને ઉતાર્યા. પછી તે ગજેન્દ્ર પોતાની મેળેજ બંધન સ્થાનમાં જઈ ઊભો રહ્યો.

ગર્ભ કાળ પૂર્ણ થયો શુભ દિવસે રાણીએ એક કન્યા રત્નને જન્મ આપ્યો. જ્યારે તે કન્યા માતાની કુક્ષિમાં હતી ત્યારે રાણીએ દાવાનળથી ભય પામીને આવેલા શ્વેત દંતી (હસ્તી)ને જોયો હતો તેથી પિતાએ તેનુ નામ દવદંતી (દમયન્તી) પાડયું. જ્યારે

તે કન્યાને આઠમું વર્ષ શરૂ થયું ત્યારે રાજાએ તેને શિક્ષણ આપવા માટે એક કળાચાર્યની નિમણુક કરી. દવદંતીએ ટૂંક સમયમાંજ સર્વકળા પ્રાપ્ત કરી સમજણી થઈ ત્યારથી દમયન્તી શાન્તિનાથ ભગવાનની પૂજા અને ધાર્મિક કાર્યો દરરોજ કરતી હતી.

દમયન્તીનો સ્વયંવર

દમયન્તી અઢાર વર્ષની થઇ ત્યારે ભીમરથ રાજાએ સ્વયંવર મંડપ તૈયાર કરાવ્યો અને દેશ દેશના રાજાઓને આમંત્રણ આપ્યું. રાજાઓ મંડપમાં આવી. એકઠા થયા પ્રતિહારીએ સર્વ રાજાઓની ઓળખાણઆપી.દમયન્તીએ નળરાજાના ગળામાં વરમાળા આરોપી. કૃષ્ણરાજને આ ન ગમ્યું. તે નળ રાજા સાથે લડવા તૈયાર થયો. પણ તેને પોતાની હાર કબુલ કરવી પડી. ભીમરથ રાજાએ નળ દમયન્તીનાં લગ્ન કય[illegible] ને દમયન્તીને નળ સાથે કોશલપુર તરફ રવાના કરી. માર્ગમાં સુર્યાસ્ત થતાં સર્વત્ર અંધકાર ફેલાયો. દમયન્તીએ લલાટને સાફ કરી તિલકથી પ્રકાશ ફેલાવ્યો લશ્કરે આગળ પ્રયાણ કર્યું અને અનુક્રમે મંડળી કોશલપુર પહોંચી.

કદંબ રાજાનો પરાભવ

કેટલાક સમય પછી નિષધ રાજાએ નળને રાજ્ય આપ્યું અને કુબરને યુવરાજ બનાવી દીક્ષા લીધી. પછી નળ રાજા પ્રજાને પુત્ર પુત્રીવત પાળવા લાગ્યો અને સર્વદા પ્રજાને સુખે સુખી અને દુઃખે દુઃખી રહેવા લાગ્યો. એક વખત નળ રાજાને સામંતોએ કહ્યું, "અહીંથી બસો યોજન ઉપર તક્ષશિલા નામે નગરી છે. તેમાં કદંબ નામે રાજા છે તે તમારી આજ્ઞા માનતો નથી. અર્ધ ભરતના વિજયથી ઉત્પન્ન થયેલા તમારા યશરૂપ ચંદ્રમાં તે એક દુર્વિનીત રાજા માત્ર કલંકરૂપ છે તમે તેની ઉપેક્ષા કરી તેથી ને રાજા શક્તિમાં વધી પડવાથી કષ્ટસાધ્ય થઈ પડયો છે તમે તેના ઉપર રોષથી કઠોર

મન કરી સેવા કરવાનું જણાવો ” આ પ્રમાણેનાં સામન્તોનાં વચન સાંભળી નળ રાજાએ એક દૂતને સૈન્ય સાથે તક્ષશીલા મોકલ્યો. દૂત ત્વરાએ ત્યાં પહોંચ્યો અને તેણે પોતાનો સ્વામી ન લાજે તેમ કદંબ રાજાને કહ્યું, “ હે રાજેન્દ્ર ! શત્રુરૂપ વનમાં દાવાનળ જેવા મારા સ્વામી નળરાજાની સેવા કરો અને વૃદ્ધિ પામો. તમારા તેજનો વધ કરો નહીં. તમારી કુળદેવીથી અધિષ્ઠિત થયેલાની જેમ હું તમને હિત વચન કહું છું કે નળરાજાની સેવા કરો. ” દૂતનાં આવાં વચન સાંભળી કદંબ રાજા બોલ્યો. “ શું નળરાજા મૂર્ખ છે. ઉન્મત્ત છે કે શું વાયડો થઈ ગયો છે કે મને બીલકુલ જાણતો નથી ? હે દૂત તું સત્વર જા જો તારો સ્વામી રાજયથી કંટાળ્યો હોય તો ભલે તે યુદ્ધ કરવાને તૈયાર થાય “ દૂતે તરતજ ત્યાંથી નીકળી નળરાજા પાસે આવીને કદંબના અહંકારી વચનો કહી સંભળાવ્યા એટલે નળરાજા એ કદંબ ઉપર ચઢાઈ કરી. તક્ષશિલા નગરીને પોતાના સૈન્યથી ઘેરી લીધી. યોદ્ધાઓને લડતા જોઈ નળે કદંબ રાજાને કહ્યું “ નિર્દોષ સૈનિકોને મારવાથી શો લાભ છે? આપણે બન્ને જ શત્રુઓ છીએ તો આપણે જ દ્વંદ્વયુદ્ધ કરીએ” પછી નળ અને કદંબ ભુજા યુદ્ધ વગેરેથી દ્વંદ યુદ્ધ કરવા લાગ્યા કદંબે જે જે યુદ્ધોની માગણી કરી તે તે બધા યુદ્ધોમાં વિજયી નળે તેને હરાવી દીધો. તે વખતે કદંબે વિચાર કર્યો, “ આ નળરાજા સાથે મેં બરાબર ક્ષાત્રવ્રત તોળી લીધુ. હવે તેણે મને અધમુઓ કરી નાખ્યો છે માટે પતંગીઆની જેમ તેના પરાક્રમ રૂપી અગ્નિમાં પડી શા માટે મરી જવું. તેથી હું અહીંથી પલાયન કરી વ્રત ગ્રહણ કરીશ.” મનમાં આવો વિચાર કરી કંદબ ત્યાંથી નાસી ગયો અને દીક્ષા લઈ કાઉસગ ધ્યાને રહ્યો. આથી નળે કદંબ મુનિની પ્રશંસા કરી. તેના સત્વથી પ્રસન્ન થઈ શિર નમાવ્યું અને તેના પુત્ર જય શક્તિને તેના રાજય ઉપર બેસાડયો. પછી બધા

રાજાએ એ મળી વાસુદેવની જેમ સર્વ રાજાઓને જીતનાર નળરાજાને ભરતાર્ધ પતિ પણાનો અભિષેક કર્યો. ત્યાંથી નળરાજા પોતાની કોશલા નગરીમાં આવ્યા. ત્યાં ભક્તિકુશળ સર્વરાજાઓએ આવી તેમને ભેટ ધરી.

## નળે ગુમાવેલું રાજ્ય

નળનો અનુજ બંધુ કુબર કુળમા અંગારા જેવો હતો તેને ભાઇનુ રાજ્ય પડાવી લેવું હતું તેથી તે નળરાજાના છિદ્રો શોધવા લાગ્યો. નળરાજા સદા ન્યાયવાન હતા તથાપિ તેને દ્યુત રમવા પર વિશેષ આસક્તિ હતી "હું આ નળરાજા પાસેથી સર્વ પૃથ્વી દ્યુત રમી જીતી લઉં એવા દુષ્ટ આશયથી કુબર હમેશાં પાસાથી નળને રમાડતો હતો. તેઓ બન્ને ઘણા સમય સુધી જુગાર રમ્યા તેમાં એક બીજાનો વિજય થયા કરતો હતો. એક વખત નળરાજા દૈવદોષથી કુબરને જીતી શકયા નહિ. અને કુબર વારંવાર તેની સોગઠીઓ મારવા લાગ્યો. નળ ધીમે ધીમે ગામડાં, કર્બટ અને કસબા વગેરે સર્વ ધુતમાં હારી ગયો. તેની લક્ષ્મીક્ષીણ થવા લાગી. આટલી હાનિ થયા છતાં જયારે નળે ધુત ક્રીડા છોડી નહિ ત્યારે બધા લોકો ખેદ પામવા લાગ્યા અને કુબર પોતાની ઇચ્છા પૂર્ણ થવાથી ઘણો હર્ષ પામવા લાગ્યો. સર્વ લોકો નળના અનુરાગી હતા તેથી તેઓ હાહાકાર કરવા લાગ્યા. એ હાહાકાર સાંભળી દમયન્તી પણ ત્યાં આવી. તેણે નળરાજા ને કહ્યું "હે નાથ! હું તમને પ્રાર્થના કરું છું કે મારી ઉપર પ્રસન્ન થાઓ અને ધુત ક્રીડા છોડી દો એ પાસા તમારા વરીની જેમ દ્રોહ કરનારા છે. આ પૃથ્વી સેંકડો યુદ્ધ કરીને મેળવેલી છે તે એક ધૃતક્રીડામાં ફુટેલા પ્રવાહની જેમ સહેજમાં ચાલી જાય છે. તે મને ઘણુ દુઃખ આપે છે." દમયન્તીની આ વાણી નળરાજાએ સાંભળી નહિ. જયારે પતિએ તેની અવજ્ઞા કરી ત્યારે તે રોતી રોતી કુલ

પ્રધાનો પાસે આવી અને કહ્યું. " આ નળરાજાને તમે ધુત ક્રીડાથી અટકાવો " પ્રધાનોના વચનની પણ નળરાજા ઉપર અસર થઈ નહિ. રાજય હારી ગયા પછી નળરાજા દમયન્તી સહિત અંતઃપુર પણ હારી ગયો. પછી કુબરે કહ્યું, " હે નળ! તુ સર્વસ્વ હારી ગયો છે માટે અહી રહીશ નહિ. મારી ભૂમિ છોડી દે, કેમકે તને તો પિતાએ રાજય આપ્યું હતું પણ મને તો ઘુતના પાસાએ રાજય આપ્યું છે." તેના આવા વચનો સાંભળી નળ માત્ર પહેરેલાં વસ્ત્ર સહિત જ ત્યાંથી ચાલી નીકળ્યો. તે વખતે દમયન્તી તેની પછવાડે જવા લાગી. કુબરે તેને જતી અટકાવી પણ મંત્રીઓની સલાહથી તેને નળ સાથે જવા દીધી એક સારથી અને રથ સાથે નળ નગર બહાર નીકળ્યો. માર્ગમાં રહેલા પાંચસો હાથ પ્રમાણવાળા એક થાંભલાનું ઉન્મૂલન કરી ફરી તેને આરોપ્યો. આ દશ્ય જોઈ નગરના વૃદ્ધ લોકોએ કહ્યું. " એક જ્ઞાની મુનિ કહેતા હતા કે જે આ થાંભલાનું ઉન્મૂલન કરી ફરી તેને આરોપશે તે અર્ધભરતનો સ્વામી થશે અને નળરાજા જીવતાં આ કોશલા નગરીનો બીજો કોઈ અધિપતિ થશે નહિ. " તે મુનિનાં આ પ્રમાણે કહેલા ભવિષ્યમાં ભરતાર્ધના સ્વામી થવું અને આ સ્તંભનું ઉખેડવું એ વાત તો મળતી આવી. પણ કુબર કોશલાનો રાજા થવાથી ત્રીજી વાત મળતી આવતી નથી. પરન્તુ જેની પ્રતીતિ આપણે નજરે જોઇ છે તે મુનિની વાણી અન્યથા થશે નહિ, કેમકે હજી કુબર સુખે રાજય કરશે કે નહિ તે કોણ જાણે છે ? કદી પાછા નળરાજાજ અહીં રાજા થઈ જાય; માટે એ પુણ્ય શ્લોક રાજાનું પુણ્ય સદા વૃદ્ધિ પામો. " આ પ્રમાણે લોકોનાં વચનો સાંભળતો અને દમયન્તીના આંસુથી રથને સ્નાન કરાવતો નળરાજા કોશલા નગરી છોડી ચાલી નીકળ્યો.

નળે કરેલો દમયન્તીનો ત્યાગ

આગળ ચાલતાં નળે દમયન્તીને કહ્યું, " આપણે ક્યાં જઇશું?"

દમયન્તીએ કહ્યું, "મારા પિતાને ત્યાં કુંદિનપુર ચાલો." પણ અશ્વોએ કુંડિનપુરનો માર્ગ છોડી અટવીમાં પ્રવેશ કર્યો. માર્ગમાં ભીલોના ઉપદ્રવમાં અશ્વ, રથ અને સારથી છૂટા પડયા. નળ અને દમયન્તીને ઉઘાડા પગે આગળ ચાલવું પડયું. રાત પડતાં પાંદડાની પથારીમાં દમયન્તીને સુવાડી નળ જાગતો બેઠો. દમયન્તી ઘસઘસાટ ઊંઘી ગઇ. નળ વિચાર કરવા લાગ્યો, "જે પુરૂષો શ્વસુરગૃહનું શરણ કરે છે તેઓ અધમ નર કહેવાય છે, તો આ દમયન્તીના પિતાને ઘેર આ નળ શા માટે જાય છે? તેથી હવે હૃદયને વજ્ર જેવું કરી આ પ્રાણથી પણ અધિક એવી પ્રિયાનો ત્યાગ કરી સ્વેચ્છાએ રંકની જેમ એકલો હું બીજે ચાલ્યો જાઉં. આ વૈદભીંને શિયળના પ્રભાવથી કાંઈ પણ ઉપદ્રવ નહિ થાય." આવો વિચાર કરી છરી કાઢી, નળે પોતાનું અર્ધ વસ્ત્ર છેદી નાખ્યું. અને પોતાના રૂધિરથી દમયન્તીના વસ્ત્ર ઉપર આ પ્રમાણે અક્ષર લખ્યા, "વડના વૃક્ષથી અલંકૃત એવી દિશામાં જે માર્ગ છે તે વૈદર્ભ દેશમાં જાય છે અને તેની વામ તરફનો માર્ગ કોશલ દેશમાં જાય છે, માટે તે બેમાંથી એક માર્ગે ચાલીને પિતા કે શ્વસુરને ઘેર જજે. હું તો તેમાંના કોઈ ઠેકાણે રહેવાનો ઉત્સાહ ધરાવતો નથી" આવા અક્ષરો લખી રૂદન કરતો અને ચોરની જેમ હળવે હળવે ડગલાં ભરતો નળ ત્યાંથી આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં પોતાની ઊંઘી ગયેલી પ્રિયાને જોવા લાગ્યો. તે વખતે તેણે વિચાર્યું. "આવા વનમાં આ અનાથ બાળાને એકલી સૂતી મૂકી હું ચાલ્યો જાઉ છું. પણ કોઇ ક્ષુધાતુર સિંહ કે વ્યાઘ્ર આવી તેનું ભક્ષણ કરશે તો તેની શી ગતિ થશે? માટે હમણાં તો હું રાત્રિ પૂર્ણ થતાં સુધી તેની રક્ષા કરૂં; પછી પ્રાતઃકાળે તે મારા બતાવેલા બે માર્ગમાંથી એક માર્ગે ચાલી જશે" આવો વિચાર કરી નળે ત્યાં રાત્રિ નિર્ગમન

કરી અને પત્નીના જાગ્રત થવાના સમયે ત્વરાથી ચાલતો અદૃશ્ય થઇ ગયો.

દમયંતીનો વિલાપ

અહીં રાત્રિના શેષ ભાગે દમયન્તીને એક સ્વપ્ન આવ્યું ફળેલા, અને ઘાટા પત્રવાળા આમ્રવૃક્ષ ઉપર ચઢી, ભ્રમરના શબ્દો સાંભળતી, તે ફળ ખાવા લાગી તેવામાં કોઈ વનના હાથીએ અકસ્માત આવી તે વૃક્ષનું ઉન્મૂલન કર્યું તેથી તે નીચે પડી ગઈ. આવા સ્વપ્નથી દમયન્તી એકદમ જાગી ગઈ. ત્યાં પોતાની પાસે નળ રાજા જોયા નહિ એટલે તે દશે દિશામાં જોવા લાગી. તેણીએ વિચાર્યું, "મારી ઉપર અનિવાર્ય દુઃખ અકસ્માત આવી પડ્યું; કારણ કે મારા પ્યારા પતિએ પણ મને આ અરણ્યમાં અશરણ ત્યજી દીધી." પછી તેણે મુક્ત કંઠે રૂદન કરવા માંડ્યું, "અરે નાથ! તમે મને કેમ છોડી દીધી? શું હું તમને ભારરૂપ થઈ પડત? જો તમે મશ્કરી કરવા કોઈ વેલના વનમાં સંતાઈ ગયા હો તો હવે પ્રકટ થાઓ, કેમકે લાંબા કાળ સુધી મશ્કરી કરવી તે પણ સુખને માટે થતી નથી. હે વનદેવતાઓ! હું તમને પ્રાર્થના કરૂં છું કે તમે મારા પર પ્રસન્ન થાઓ અને મારા પ્રાણેશને તેણે પવિત્ર કરેલા માર્ગને બતાવો. હે પૃથ્વી! તું માર્ગ આપ કે જેથી હું તારા દીધેલા વિવરમાં પ્રવેશી સુખી થાઉં." આ પ્રમાણે વિલાપ કરતી દમયન્તી પોતાના આંસુથી અરણ્યના વૃક્ષોને સિંચન કરવા લાગી.

તાપસપુરની સ્થાપના

ભીમસુતા અટવીમાં ભમતી હતી તેવામાં વસ્ત્રના છેડા ઉપર લખેલા અક્ષરો તેના જોવામાં આવ્યા એટલે તત્કાળ હર્ષ પામી તે વાંચવા લાગી. વાંચીને તેણે પતિના આદેશ પ્રમાણે પિતૃગૃહે જવાનું નક્કી કર્યું.

એક વખતે દમયન્તીએ માર્ગમાં એક સાર્થ જોયો. સાર્થ પતિને તેણે સઘળો વૃત્તાન્ત કહ્યો. એટલે તે તેને પોતાના તંબુમાં લઈ ગયો. થોડા વખત સાર્થની સાથે રહ્યા પછી તે જુદી પડી એક ગુફામાં રહી જિનબિંબની પૂજાપૂર્વક પોતાનો સમય વીતાવવા લાગી. સાર્થેશે દમયન્તીને સાર્થમાં ન દેખી તેથી તેના પગલાંને અનુસરી તેનો પત્તો મેળવવા તે ગુફા આગળ આવ્યો. ત્યાં દમયન્તીને સુખી દેખી તે આનન્દ પામ્યો અને પૂછ્યું, "તમે આ કયા દેવની પૂજા કરો છો ?" દમયન્તી બોલી "આ અરિહંત પરમેશ્વર છે. તે ત્રણ લોકના નાથ અને ભવિ પ્રાણીઓને કલ્પવૃક્ષ રૂપ છે. હું તેનું જ આરાધન કરૂં છું અને તેના પ્રભાવથી જ અહીં નિર્ભય રહું છું અને શિકારી પ્રાણીઓ મને કંઈ કરી શકતા નથી." પછી વૈદર્ભીએ વસંત સાર્થવાહને અરિહંતનું સ્વરૂપ અને અહિંસા વગેરે આર્હત ધર્મ કહી સંભળાવ્યો. વસન્ત સાર્થવાહે તથા બીજા કેટલાક તાપસોએ જૈન ધર્મ સ્વીકાર્યો. પછી સાર્થવાહે તે ઠેકાણે એક શહેર વસાવ્યું અને તેમાં પોતે તેમજ બીજા કેટલાક શાહુકારોએ આવીને નિવાસ કર્યો. ત્યાં પાંચસો તાપસો પ્રતિબોધ પામ્યા એટલે એ નગર તાપસપુર નામથી પ્રસિદ્ધ થયું. સાર્થવાહે ત્યાં શાન્તિનાથ પ્રભુનું ચૈત્ય કરાવ્યું.

એક વખત મધ્ય રાત્રિએ દમયન્તીએ પર્વત પર પ્રકાશ જોયો અને ત્યાં જતા દેવો અને અસુરોને પણ જોયા દમયન્તી તુરત જ સાર્થવાહ તથા તાપસો સાથે ત્યાં ગઈ અને ત્યાં રહેલા મુનિઓને વાંદયા. દેશનાના અન્તે તાપસના કુલ પતિએ પૂછ્યું. "ભગવાન કહો તમે શા કારણે દીક્ષા લીધી હતી ?" કેવળી બોલ્યા, "કોશલા નગરીમાં નળરાજાનો અનુજ બન્ધુ કુબર રાજય કરે છે તેનો હું પુત્ર છું. સંગાનગરીના રાજાએ બન્ધુમતી નામની પોતાની પુત્રી

મને આપી હતી. પિતાની આજ્ઞાથી ત્યાં જઈ હું તેને પરણ્યો. પછી તે નવોઢાને લઈ મારા નગર તરફ આવતો હતો ત્યારે માર્ગમાં એક મુનિ મળ્યા. મેં તેમને પૂછયું, "મારૂં આયુષ્ય કેટલું છે ?" એટલે તેમણે ઉપયોગ દઈ કહ્યું, "માત્ર પાંચ દિવસનું" આ પ્રમાણે મરણ નજીક જાણી હું તેના ભયથી કંપાયમાન થયો મુનિ બોલ્યા, "ભય પામીશ નહિ. તું મુનિ પણું ગ્રહણ કર. એક દિવસની દીક્ષા પણ સ્વર્ગ અને મોક્ષ આપે છે. પછી દીક્ષા લઈ, તેમની આજ્ઞાથી હું અહીં આવ્યો છું. અહીં શુકલ ધ્યાનમાં વર્તવાથી મારા ઘાતી કર્મનો ક્ષય થતાં મને કેવળજ્ઞાન થયું છે." આ પ્રમાણે કહી તે સિંહ કેશરી મુનિ યોગ નિરોધ કરી મોક્ષપદ પામ્યા.

એક વખતે કોઈ મુસાફરે દમયન્તી ને કહ્યું, "તારા પતિ ને મેં અહીં જોયો છે" દમયન્તી થોડે દૂર સુધી મુસાફર સાથે ચાલી પણ મુસાફર અદશ્ય થયો. દમયન્તી ગુફા અને મુસાફર બન્નેથી ભ્રષ્ટ થયેલી ચિંતા કરે છે તેવામાં તેને એક સાર્થ મળ્યો આ સાર્થ સાથે તે અચલપુર પહોંચી રાણી ચંદ્રયશા પોતાની માસી થાય એવી દમયન્તી ને ખબર ન હતી. પરન્તુ ચંદ્રયશાની દાસી રાજકુંવરી ચંદ્રાવતીની બહેનપણી તરીકે તેને લઈ આવી. એક વખત ચંદ્રયશાએ પોતાની પુત્રી ચંદ્રાવતીને કહ્યું, "આ તારી બહેન મારી ભાણેજ દમયન્તી જેવી છે, પણ તેનું અહીં આગમન સંભવતુ નથી, કારણ કે જે આપણા પણ સ્વામી નળરાજા છે તેની તે પત્ની થાય છે. વળી તેની નગરી અહીંથી ઘણી દુર છે, તો તેનું અહીં આગમન કેમ સંભવે ? અને તેની આવી દુર્દશા પણ કયાંથી હોય ?" દમયન્તીની ઈચ્છાથી ચંદ્રયશાએ તેને દાનશાળામાં દાન આપવાનું કામ સોંપ્યું તે હંમેશા યાચકોને દાન આપે છે અને પોતાનો કાળ નિર્ગમન કરે છે. એક વખત ભીમરથ રાજાનો હરિમિત્ર નામનો

બાહુક નળ દમયન્તીની શોધ કરતો અચલપુર આવ્યો તેણે દાન શાળામાં રહેલ દમયન્તી ને ઓળખી અને તેણે ચંદ્રયશાને દમયન્તીની વાત કહી ચંદ્રયશા ગાંડી ગાંડી બની ગઈ અને દમયન્તી ને કહેવા લાગી, "માસીને પણ તેં સાચી વાત ન કહી?" તેણે હેતથી તેનું કપાળ લુછ્યું એટલે તુરત કપાળમાં તિલકદ્વારા પ્રકાશ ફેલાયો. આથી સર્વને ખાતરી થઈ કે તે દમયન્તી જ છે.

## જૈન ધર્મનો પ્રભાવ

આ અરસામાં એક દેવ આકાશમાંથી ઊતરી ત્યાં આવ્યો અને વૈદર્ભાને અંજલિ કરી કહેવા લાગ્યો, "તમેં જે ચોરને બચાવ્યો હતો તે પિંગલ ચોર હું જ છું તમારી આજ્ઞાથી મેં દીક્ષા લીધી અને વિહાર કરતો હું તાપસપુર ગયો ત્યાં સમાધિ પૂર્વક મરણ પામી હું દેવ થયો છું. દેવ ગતિમાં ઉપજતાં અવધિજ્ઞાન વડે જાણવામાં આવ્યું કે તમે જ મને મૃત્યુમાંથી બચાવી દીક્ષા લેવાનો ઉપદેશ આપ્યો હતો. તેના પ્રભાવથી હું દેવતા થયો છું. જો તે વખતે તમે આ મહાપાપીની ઉપેક્ષા કરી હોત તો હું મૃત્યું પામી નરકે જાત પણ તમારા પ્રસાદથી હું સ્વર્ગલક્ષ્મી પામ્યો છું તેથી તમને નમસ્કાર કરવા આવ્યો છું તમારો વિજય થાઓ" આ પ્રમાણે કહી. સુવર્ણની વૃષ્ટિ કરી તે દેવ આકાશમાં અંતર્ધ્યાન થઈ ગયો આ પ્રમાણે શાક્ષાત્ આર્હત ધર્મના આરાધનનું ફળ જોઈ વિદ્વાન રાજા ઋતુપર્ણે તે ધર્મ અંગીકાર કર્યો.

માતા પિતા અને પુત્રીનું મિલન

હરિમિત્ર ચંદ્રયશાની રજા લઈ દમયન્તી ને કુંડિનપુર તેડી લાવ્યો દવદંતીને આવતી સાંભળી ભીમરાજા તેની સામા ગયા. સામેથી આવતા પિતાને જોતાં જ દવદન્તી વાહન ત્યજી દઈ પગે ચાલી સામે દોડી અને પિતાના ચરણ કમળમાં પડી પિતા, માતા અને

પુત્રીના નેત્રોમાં હર્ષના આંસુ આવ્યાં ત્યાર પછી રાજાએ નગરમાં જઇ દવંદતીના આગમનનો ઉત્સવ કર્યો અને સાત દિવસ સુધી દેવ અને ગુરુપૂજા વિશેષ પ્રકાર કરાવી આઠમે દિવસે વૈદાર્ય પતિએ દવદંતીને કહ્યું, "નળરાજા તને શીઘ્રમળે એવા પ્રયત્ન હું કરીશ"

દમયન્તીની ત્યાગ પછી નળનો વૃતાન્ત

આ બાજુ દમયન્તીને છોડી નળ જંગલમાંથી પસાર થતો હતો તેવામાં એક સર્પ તેને હાથે જોરથી ડસ્યો. આથી નળનું રૂપ કુબડું બની ગયું નળરાજા મનમાં દુઃખ લાવે છે તેવામાં એક દેવ પ્રગટ થયો અને તેને કહ્યું, "તું મનમાં દુઃખ ન ધર, મેં તને કુરૂપ એટલા માટે બનાવ્યો છે કે તને કોઈ પૂર્વ શત્રુ હેરાન ન કરે" આ દેવે તેને સુસુમારપુર નગરમાં મૂકયો. નળરાજા તે નગરની પાસે આવેલા નંદનવનમાં રહ્યો. ત્યાં એક સિદ્ધાયતન જેવું ચૈત્ય તેના જોવામાં આવ્યુ, તે ચૈત્યમાં કુબજ થયેલા નળે પ્રવેશ કર્યો. તેની અંદર નેમિનાથની પ્રતિમા જોઇ એટલે તેણે પુલકિત અંગે તેને વંદના કરી. પછી નળ સુસુમારનગરના દ્વાર પાસે આવ્યો તે વખતે એક ઉન્મત્ત હાથી બંધન તોડીને ભમતો હતો દધિપર્ણ રાજા તેને વશ કરવા અસમર્થ હતો એટલે તે કિલ્લા ઉપર ચડી ઊંચે સ્વરે બોલ્યો, "જે કોઈ આ મારા ગજેન્દ્રને વશ કરી દેશે તેને હું અવશ્ય વાંછિત આપીશ." કુબડા નળે હાથીને વશ કર્યો. રાજાએ તેને રાજસભામાં બોલાવ્યો અને પૂછ્યું "ગજ શિક્ષા સિવાય બીજી કોઇ કળા આવડે છે ? " તેણે કહ્યું, "હું સૂર્યપાક રસોઇ જાણું છું " રાજાએ તેને રસોઈ કરવા રાખ્યો જોતજોતામાં તેની સૂર્યપાક રસોઇની વાત ભીમરથ રાજાના કાન સુધી આવી. તેણે તેને જોવા રાજપુરુષ મોકલ્યો. "રાજપુરુષે પાછા આવી કહ્યું, "રસોઇઓ નળની સર્વ કળા જાણે છે, પણ નળનું

રૂપ તેનામાં નથી " દમયન્તીએ તેને જોવાનો આગ્રહ રાખ્યો. ભીમરાજાએ કહ્યું, " ફરી ખોટો સ્વયંવર માંડુ સાચો નળ હશે તો આવ્યા વિના નહિ રહે." રાજાએ સ્વયંવર માંડયો. સુસુમાર નગરના રાજાને પણ સ્વયંવરમાં આવવાનું નિમંત્રણ મોકલ્યુ. પણ દધિપર્ણ રાજા વિચારવા લાગ્યો કે એક દિવસમાં કુંડિનપુર કેવી રીતે પહોંચાય. કુબ્જે પહોંચાડી આપવાનું વચન આપ્યુ. રાજા કુબ્જ સાથે રથમાં બેઠો અને અશ્વ ચલાવવાની વિદ્યાથી પ્રાતઃકાળ થતાં તેણે દધિ પર્ણ રાજાને કુંડિનપુર પહોંચાડી દીધો

નળ દમયન્તી મિલન

"ભીમ રાજાને ખબર પડી કે દધિ પર્ણ કુબ્જ રસોઈયા સાથે આવી પહોંચ્યા છે એટલે તે મળવા ગયો અને સૂર્યપાક રસોઈ કરાવવાની દધિ પર્ણને વિજ્ઞપ્તિ કરી. કુબ્જે રસોઇ કરી. દમયન્તીએ કહ્યું "નળ સિવાય સૂર્યપાક રસોઇ કોઈ કરી શકે નહિ તેવું મુનિ વચન છે, આમ છતાં તેના શરીરના સ્પર્શે મારાં રૂવાં ખડાં થાય તો હું માનું કે નળ છે" કુબ્જે ભીમરાજાના કહેવાથી દમયન્તીના વક્ષસ્થળને સ્પર્શ કર્યો. દમયન્તીનાં રૂપે રૂવાં ખડાં થયાં. દમયન્તી બોલી, " તે વખતે તો મને સૂતી મૂકીને ચાલ્યા ગયા હતા. હવે કયાં જશો ? ઘણા લાંબા કાળે તમે મારી દષ્ટિએ પડયા છો." નળે સાચું રૂપ પ્રગટ કર્યું. સૌ આનંદ પામ્યા ભીમરથ રાજાએ પોતાનું રાજય નળને સોપ્યુ. આજ અરસામાં દમયન્તીને આસરો આપનાર ધનદેવ સાર્થવાહ પણ ત્યાં આવ્યો અને પછી સૌ ઉપકારી ને કુંડિનપુર બોલાવી સૌ એ આનંદ માન્યો

નળ દમયન્તીનું સ્વર્ગારોહણ

" ત્યાર બાદ નળ રાજાએ કુબરનો પરાભવ કરી પોતાનું રાજય પાછું મેળવ્યું અને કુબરે કરેલો અપકાર ભૂલી જઇ

તેને યુવરાજ બનાવ્યો. નળ રાજાએ સંપૂર્ણ ત્રણ ખંડનું રાજય મેળવ્યું અને લાંબો સમય ભોગાવ્યું. પછી દમયન્તી સાથે દીક્ષા લીધી અન્તકાળે નળ રાજર્ષિએ અણશણ કર્યું એટલે દમયન્તીએ પણ સ્નેહથી તેની પાછળ અણશણ કર્યું. નળ રાજર્ષિ મૃત્યુ પામી ધનદ થયો તે હું છું અને દમયન્તી તેની દેવી થઈ આયુષ્ય પૂર્ણ થતાં દમયન્તીનો જીવ ચ્યવી આ કનકવતી થયો. મારા અને તેના છ ભવના સ્નેહને લઈ હું તેની ઉપર પ્રેમ રાખું છું. હે વાસુદેવ ! આ કનકવતી કર્મ ખપાવી આજ ભવે મોક્ષ પામશે તેમ મને જ્ઞાનીએ કહ્યું હતું"

આ પછી વસુદેવ કનકવતી અને અનેક વિદ્યાધર કન્યાઓ સાથે પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યો.

### સમુદ્રવિજય અને વસુદેવનું મિલન

એક વખત ચરિષ્ટ પુરમાં રૂધિર રામએ પોતાની કન્યા રોહિણી માટે સ્વયંવર રચ્યો. સ્વયંવર મંડપમાં જરા સંઘ વગેરે અનેક રાજાઓ પધાર્યા. વસુદેવ પણ રૂપ પરાવર્તન કરી મંડપમાં દાખલ થયો. રોહિણી વરમાળા લઇ પ્રતિહારી સાથે સ્વયંવર મંડપમાં આવી તેણે બધા રાજાઓને બારી કાઈથી જોયા પછી વરમાળા એક વાજિંત્ર વગાડનાર કુબડા વસુદેવ ઉપર નાંખી. રાજાઓ ઝાંખા પડયા અને "મારો, મારો" કહી બુમો પાડવા લાગ્યા અને કહેવા લાગ્યા આવા કુબડા અને ઢોલીને તારે કન્યા આપવી હતી તો અમને શા માટે બોલાવ્યા એમ રૂધિર રામને કહેવા લાગ્યા. વસુદેવ બોલ્યો, " હું કુબડો અને ઢોલી ભલે રહ્યો, પણ આ સ્ત્રીનું હરણ કરવા જે આવશે તેને મારૂં ભુજાબળ બતાવીને મારૂં કુળ ઓળખાવીશ " જરા સંઘે સમુદ્રવિજયને તેની સાથે લડવા કહ્યું. સમુદ્રવિજય વસુદેવ સાથે લડવા તૈયાર થયા, વસુદેવે પોતાના નામથી અંક્તિ એક બાણ

કર્યું. તેમા લખ્યું. હતું, "કપટથી બહાર નિકળેલ વસુદેવ તમને નમન કરે છે" સમુદ્રવિજય તરત "ભાઈ, ભાઈ" કહી ભેટી પડયા. રોહિણીનો વસુદેવ સાથે વિવાહ થયો જરાસંધ વગેરે સૌએ લગ્નમાં હાજરી આપી. વસુદેવે રોહિણીને પૂછ્યું, "તેં મને શી રીતે ઓળખ્યો ?" રોહિણીએ કહ્યું "મેં પ્રજ્ઞપ્તિ વિદ્યાની સાધના કરી હતી તેથી તે વિદ્યાએ મને જણાવ્યું હતું કે "પડહ વગાડનાર ને તું વરમાળા પહેરાવજે. તે દશમો દશાર્હ હશે"

વસુદેવ સર્વ પત્નીઓ સહિત સૌર્યપુર નગરમાં આવ્યો સમુદ્રવિજયે તેનો આદર સત્કાર કર્યો અને તે સુખપૂર્વક પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યો

## કૃષ્ણ વાસુદેવ અને બળભદ્રરામ પૂર્વભવ

હસ્તિનાપુરમાં કોઈ શેઠ રહેતો હતો. તેને લલિત નામે એક પુત્ર હતો તે તેની માતાને ઘણો વહાલો હતો. એક વખત તે શેઠાણીને ઘણો સંતાપદાયક ગર્ભ રહ્યો. તેણે વિવિધ દ્રવ્યોપચારથી તે પાડવા માંડયો તો પણ તે ગર્ભ પડયો નહિ. સમયપૂર્ણ થયે શેઠાણીને પુત્ર આવ્યો તેને કોઇક સ્થળે મૂકી દેવાને માટે તેણે દાસીને આપ્યો. તે શેઠના જોવામાં આવતાં તેણે દાસીને પૂછ્યું, "આ શું કરે છે ?" દાસી બોલી. "આ પુત્ર શેઠાણીને અપ્રિય છે તેનો ત્યાગ કરાવે છે." તે જાણી શેઠે દાસી પાસેથી તે પુત્ર લઈ લીધો અને ગુપ્ત રીતે બીજા સ્થાને ઉછેરવા આપ્યો. પિતાએ તેનું નામ ગંગદત્ત પાડયું. તેને માતાથી છાની રીતે લલિત પણ રમાડતો હતો. વસંતોત્સવ સમયે લલિતે પિતાને કહ્યું, આજે ગંગદત્તને સાથે જમાડો તો સારૂં." શેઠ બોલ્યા, "જો તારી માતા જુએ તો સારૂં નહિ." લલિતે કહ્યું, "મારી માતા જુએ નહિ તેવો હું યત્ન કરીશ. પછી શેઠે તેમ કરવાની રજા આપી એટલે લલિતે ગંગદત્તને

પડદામાં રાખી જમવા બેસાડયો અને શેઠ તથા લલિત તેની આડા બેઠા. તેઓ જમતાં જમતાં ગંગદત્તને છુપી રીતે ભોજન આપવા લાગ્યા. તેવામાં અકસ્માત સખત પવને પેલા પડદાને ઉડાડયો એટલે ગંગદત્ત શેઠાણીના જોવામાં આવ્યો. તેણે તત્કાળ કેશ વડે તેને ખેંચ્યો અને સારી પેઠે મેથીપાક આપી ઘરના ખાળમાં નાખી દીધો. તે જોઇ લલિત અને શેઠ ઉદ્વેગ પામ્યા. પછી શેઠાણીથી છાની રીતે ગંગદત્તને ત્યાંથી લઇ નવરાવી બીજે ઠેકાણે મોકલ્યો.

તે સમયે કોઈ સાધુઓ ભિક્ષા માટે ફરતા ફરતા ત્યાં આવ્યા. તેમને પિતાપુત્રે શેઠાણીને તે પુત્ર ઉપર દ્વેષ થવાનું કારણ પૂછયું. એટલે એક સાધુ બોલ્યો. "એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. એક વખત લાકડાં લેવા તે બન્ને બહારગામ ગયા. લાકડાં ભરી પાછા વળતાં રસ્તામાં એક નાગણ પડી હતી. તેને જોઈ મોટાએ નાનાને કહ્યું, "ગાડું સાચવીને હાંકજે. નાગણ ન મરી જાય તે ધ્યાન રાખજે." તે સાંભળી પેલી નાગણને વિશ્વાસ આવ્યો. તેવામાં પેલો નાનો ભાઈ ત્યાં આવ્યો. તેણે જાણીબુઝીને નાગણ ઉપર થઇને ગાડું હાંકયું. "આ મારો વેરી છે" એમ ચિંતવન કરતી નાગણ મરણ પામી તમારી શેઠાણી થઇ. મોટોભાઈ મરી લલિત થયો અને નાનો ગંગદત્ત થયો. આથી શેઠાણીના તે બન્ને પુત્રો હોવા છતાં પૂર્વભવના કારણે લલિત ઉપર વહાલ છે. ગંગદત્ત ઉપર દ્વેષ છે. આ સાંભળી શેઠે બન્ને પુત્રો સાથે દીક્ષા લીધી અને ઉગ્ર તપ આચરવા માંડયું. પણ ગંગદત્તે માતાનો દ્વેષ સંભારી એવું નિયાણું બાંધ્યું કે "આ તપના પ્રભાવે હું આવતા ભવે વિશ્વવલ્લભ થાઉં." ત્રણે જણ મૃત્યુ પામી મહાશુક્ર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

## બળભદ્રરામ તથા કૃષ્ણ વાસુદેવનો જન્મ અને બાળક્રીડા

લલિતનો જીવ મહાશુક્ર દેવલોકથી ચ્યવી વસુદેવની પત્ની રોહિણીની કુક્ષિ વિષે પુત્રપણે ઉત્પન્ન થયો તે સમયે રોહિણીએ બળભદ્રના જન્મને સૂચવનારાં ચાર મહાસ્વપ્નમુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણ સમયે રોહિણીએ રોહિણીપતિ (ચંદ્ર) જેવા પુત્રને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ રામ પાડયું. પણ તે બળભદ્રના નામથી પ્રખ્યાત થયા. અનુક્રમે રામે સર્વકળાઓ સંપાદન કરી.

વસુદેવ અને દેવકીનાં લગ્ન

એક વખત વસુદેવ કંસના અતિઆગ્રહથી મથુરા આવ્યો. વાતવાતમાં કંસે વસુદેવને કહ્યું, "મારા કાકા દેવકને દેવકી નામે સ્વરૂપવાન કન્યા છે તેને તું પરણ." વસુદેવની સંમતિથી કંસને ત્યાં દેવકીનો વિવાહ ઉત્સવ મંડાયો. આ અરસામાં કંસના નાના ભાઇ અતિમુક્ત મુનિ વહોરવા પધાર્યા. કંસની પત્ની જીવયશાએ તે વખતે મદિરાપાન કર્યું હતું એટલે તેણે મુનિની અયોગ્ય મશ્કરી કરી. મુનિએ કહ્યું, "જેને નિમિત્ત આ ઉત્સવ મંડાયો છે તેનો સાતમો ગર્ભ તારા પતિ અને પિતાને મારશે." આ સાંભળી જીવયશા રડવા લાગી. કંસે આવી તેને પૂછયું, "શા માટે રડે છે?" જીવયશાએ મુનિએ ભાખેલી ભવિષ્ય વાણી કહી. કંસે વિચાર્યું, "હજી કંઈ બગડયું નથી. મારા મિત્ર વસુદેવને વિશ્વાસમાં લઉં અને વચન માગી લઉં" કંસ તુરત વસુદેવ પાસે ગયો અને તેને કહ્યું. "મારી એક માગણી સ્વીકાર" વસુદેવે કહ્યું, "જે હોય તે કહે તારાથી મારે શું અધિક છે?" કંસે દેવકીના પ્રથમ સાત ગર્ભની માગણી કરી. વસુદેવે તે સ્વીકારી આ પછી થોડા સમય બાદ અતિમુક્ત મુનિની ભવિષ્ય વાણી વસુદેવના

સાંભળવામાં આવી ત્યારે તેને લાગ્યું કે કંસ મને છેતરી ગયો. દેવકે વસુદેવને દેવકી પરણાવી અને દાયજામાં અનેક વસ્તુઓ સાથે દશ ગોકુળનો સ્વામી નંદ પણ આપ્યા.

આ અરસામાં ભદ્રિલપુરમાં નાગ નામે એક શેઠ રહેતો હતો. તેને સુલસા નામે સ્ત્રી હતી. તે બન્ને પરમ શ્રાવક હતા. એક ચારણમુનિએ સુલસાના સંબંધમાં તેની બાલ્યવયમાં કહ્યું હતું, "આ બાળાને મૃતપુત્રો થશે." આથી તેણે હરિણૈ ગમેષી દેવને આરાધ્યો. દેવે કહ્યું, "હું તને દેવકીના ગર્ભો જન્મ વખતે આપીશ અને તારા મૃતગર્ભો દેવકીને સોંપીશ." આ પછી દેવે જન્મ વખતે સુલસાના મૃતગર્ભો દેવકીને આપ્યા અને દેવકીના ગર્ભો સુલસાને સોંપ્યા સુલસાને ત્યાં દેવકીના છ પુત્રો મોટા થયા. દેવકીએ છ મરેલા બાળકોને જન્મ આપ્યો. કંસે મરેલાને મારવા સમાન તે બાળકોને શિલા ઉપર પછાડી આનંદ અનુભવ્યો.

## કૃષ્ણનો જન્મ

અન્યદા ઋતુસ્નાતા દેવકીએ નિશાને અન્તે સાત મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં તે તેવખતે પેલા ગંગદત્તનો જીવ મહાશુક્ર દેવલોકમાંથી ચ્યવી તેની કુક્ષિમાં પુક્ષ પણે અવતર્યો અનુક્રમે શ્રાવણ માસની કૃષ્ણ અષ્ટમીએ મધ્ય રાત્રે દેવકીએ કૃષ્ણવર્ણ વાળા પુત્રને જન્મ આપ્યો. પુત્રના પ્રભાવથી કંસે રાખેલા પહેરેગીરો ઘસઘસાટ ઊંઘી ગયા. વસુદેવ દેવકીના શયનગહમાં દાખલ થયો અને ગોકુલમાં નંદની પત્ની યશોદાને તે બાળક સોંપ્યો અને તુરત જન્મેલી યશોદાની બાળકી લાવી દેવકીને સોંપી. કંસે વિચાર્યું "મને મારનાર સાતમો ગર્ભ થવાનો હતો તે આ બાળા છે. આને હણવાથી શો ફાયદો. એમ વિચારી તે બાળાની એક બાજુની નાસિકા છેદીને દેવકીને પાછી સોંપી.

ગોપૂજાની ઉત્પત્તિ

અહીં કૃષ્ણ અંગને લીધે કૃષ્ણ એવા નામથી બોલાવાતો, દેવકીનો પુત્ર નંદને ઘેર વૃદ્ધિ પામવા લાગ્યો. એક માસ પછી દેવકીએ વસુદેવને કહ્યું, " હે નાથ ! તે પુત્રને મારે જોવો છે માટે હું આજ ગોકુળમાં જઈશ." વસુદેવે કહ્યુ. " જો તમે કારણ બતાવ્યા વગર ત્યાં જશો તો કંસના જાણવામાં આવશે માટે કોઇ પણ કારણ બતાવીને જવું ઉચિત છે; તેથી ઘણી સ્ત્રીઓ ને સાથે લઈ ગાયને માર્ગે ગોપૂજા કરતાં કરતાં તમે ગોકુળમાં જાઓ " દેવકી તે પ્રમાણે કરીને નંદના ગોકુળમાં આવી. ત્યાં શ્રીવત્સના લાંછનવાળો, નીલકમળ જેવી કાન્તિવાળો. પ્રફુલ્લિત કમળ જેવાં નેત્રો વાળો, કરને ચરણમાં ચક્રાદિકનાં ચિન્હોવાળો અને જાણે નિર્મળ કરેલું નીલમણિ હોય તેવો હૃદયાનંદન પુત્ર યશોદાના ઉત્સંગમા રહેલો તેણે જોયો. પછી દેવકી ગોપૂજાના મિષથી હમેશાં ત્યાં જવા લાગી ત્યારથી લોકોમાં ગોપૂજાનું વ્રત પ્રવર્ત્યું.

કૃષ્ણના પરાક્રમ

શકુન્ત અને પૂતના નામની બે વિધાધરની પુત્રીઓ સ્તન ઉપર ઝેર ચોપડી કૃષ્ણને મારવા આવી પણ તેમને સફળતા મળી નહિ. સૂર્યકના પુત્રે પણ પિતાનું વૈર લેવા કૃષ્ણને અર્જુન વૃક્ષથી પીસી નાખવા પ્રયત્ન કર્યો પણ બાલ કૃષ્ણે તે વૃક્ષ ઉખેડી નાખ્યું કૃષ્ણના ઉદર ઉપર દોરડી બાંધવાથી ગોવાળો તેને દામોદર કહી બોલાવવા લાગ્યા. આમ ગોકુળમાં કૃષ્ણ અતિ લોકપ્રિય થઈ પડયો. સૌ કોઈ પોતાનું કામ છોડી તેને રમાડવામાં આનંદ માનતા વસુદેવ વિચારવા લાગ્યા, " કૃષ્ણને ગમે તેટલો સંતાડીએ છીએ તો પણ તેના પરાક્રમોથી તે પ્રસિદ્ધિ પામતો જાય છે. માટે તેનાં રક્ષણ માટે કોઈ બુદ્ધિશાળી અને બળવાન પુરૂષ તેની પાસે મૂકવો જોઈએ." આથી તેણે

રોહિણીના પુત્ર રામને બોલાવ્યો અને બધી વાતથી વાકેફ કરી નંદને ત્યાં મૂકયો અહીં રામકૃષ્ણને જીવની પેઠે સાચવતો તેમજ ધનુર્વિદ્યા વગેરે કળાઓ પણ શીખવતો. જેમ જેમ કૃષ્ણવૃદ્ધિ પામતા ગયા તેમ તેમ ગોપાંગનાઓના ચિત્તમાં તેમને જોવાથી કામદેવનો વિકાર ઉત્પન્ન થવા લાગ્યો. કૃષ્ણને વચમાં બેસાડીને તેઓ તેના ફરતી કુંડી ખાઈને રાસડા ગાવા લાગી અને કમળ ફરતી ભમરીઓ ફરે તેમ નિર્ભર ચિત્તે તેઓ ફરવા લાગી. ગિરિ-શુંગ પર બેસીને વેણુને મધુર સ્વરે વગાડતા અને નૃત્ય કરતા કૃષ્ણ બલરામને વારંવાર હસાવતા હતા. જ્યારે ગોપીઓ ગાતી હતી અને કૃષ્ણ નાચતા હતા ત્યારે બલરામ હસ્તતાલ દેતા હતા. આ પ્રમાણે ત્યાં ક્રીડા કરતા રામ કૃષ્ણને અત્યંત સુખમાં અગિયાર વર્ષ વીતી ગયા.

## શ્રી નેમિનાથ ભગવાનનો જન્મ

શૌર્યપુર નગરમાં સમુદ્રવિજય રાજાની શિવાદેવી રાણીની કુક્ષિમાં, શંખનો જીવ અપરાજિત વિમાનથી ચ્યવી કારતક વદ બારસને દિવસે ચિત્રાનક્ષત્રમાં અવતર્યો. સુખે સુતેલાં શિવાદેવીએ ચૌદ મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં દેવોએ ચ્યવન કલ્યાણક ઉજવ્યું. પૂર્ણ માસે શ્રાવણ સુદ પાંચમને દિવસે, શિવાદેવીએ મરકત રત્નના સરખી કાન્તિવાળા, શંખ લંછનયુક્ત, પુત્રને જન્મ આપ્યો. છપ્પનદિગ કુમારિકા, ૬૪ ઇંદ્રો અને અસંખ્ય દેવોએ આચાર પ્રમાણે જન્મ કલ્યાણક ઉજવ્યું, સમુદ્રવિજય રાજાએ નગરમાં પુત્ર જન્મ મહોત્સવ ઉજવ્યો. શુભ દિવસે રાજાએ પુત્રનું નામ અરિષ્ટનેમિ પાડયું. કારણ કે પુત્ર ગર્ભમાં હતો ત્યારે શિવાદેવીએ ચૌદ સ્વપ્ન જોયા પછી અરિષ્ટ રત્નની ચક્રધારા જોઈ હતી.

અન્યદા દેવકી પાસે આવેલા કંસે તેના ઘરમાં નસિકા છેદેલી પેલી કન્યાને દીઠી તેથી ભય પામી તેણે પોતાને ઘેર આવી ઉત્તમ નિમિત્તિયાને બોલાવી પૂછ્યું. "દેવકીના સાતમા ગર્ભથી મારું મૃત્યુ થશે એમ એક મુનિએ કહ્યું હતું તે વૃથા થયું છે કે કેમ ?" નૈમિત્તિકે કહ્યું, "ઋષિનું કહેલું મિથ્યા થતું જ નથી, તેથી તમારો અંત લાવનાર દેવકીનો સાતમો ગર્ભ કોઈ પણ સ્થાને જીવતો છે એમ જાણજો. તેની પરીક્ષા માટે અરિષ્ટ નામનો તમારો બળવાન બળદ, કેશી નામનો મહાન અશ્વ દુર્દાંત ગધેડા અને ઘેટાને વૃંદાવનમાં છૂટા મૂકો એ ચારેને સ્વેચ્છાએ ક્રીડા કરતા કરતા જ મારી નાખશે તે જ દેવકીનો સાતમો ગર્ભ તમને હણનાર છે એમ જાણજો. વળી જે કાળીનાગને નાથશે, ચાણુર તથા મુષ્ટિક મલ્લનો વધ કરશે અને તમારા પદ્મોતર અને ચંપક નામના બે હાથીને મારશે તે જ તમને પણ મારશે."

કંસે સૌ પ્રથમ અશ્વ, વૃષભ, ગધેડા અને ઘેટાને છૂટા મૂકયા ફરતા ફરતા આ પશુઓ ગોકુળમાં આવ્યા અને તેમણે ચારેબાજુ ઉલ્કાપાત મચાવ્યો. કૃષ્ણે અરિષ્ટ વૃષભને શીંગડાથી પકડી મારી નાખ્યો. પછી કેશી અશ્વ જે ગાયોને મારતો ઘૂમતો હતો તેને ડોક પકડી મારી નાંખ્યો તેવામાં મેષ અને ખર ભટકતા ભટકતા કૃષ્ણની સામે થયા. કૃષ્ણે તે બન્નેને પણ એકી સાથે હણી નાખ્યા.

શાર્ઙ્ગ ધનુષ ચડાવ્યું

કંસને લાગ્યું કે દેવકીનો સાતમો ગર્ભ હરાયો હોવો જોઇએ અને તે આ કૃષ્ણ. આમ છતાં બીજા ઉપાયો યોજી નક્કી કરવાનું ધાર્યું. તેણે એવી ઉદ્‌ઘોષણા કરાવી કે, 'જે આ શાર્ઙ્ગ ધનુષ્ય ચડાવશે તેને દેવાંગના જેવી મારી બહેન સત્યભામા આપીશ." આ ઘોષણા સાંભળી દૂરદૂરથી ઘણા રાજાઓ ત્યાં આવ્યા પણ

કોઇ મનુષ્ય ચડાવવાને સમર્થ થયો નહિ. આ ખબર વસુદેવની સ્ત્રી મદનવેગાના પુત્ર અનાધષ્ટિએ સાંભળી એટલે તે કુમાર વેગવાળા રથમાં બેસી ગોકુળમાં આવ્યો. ત્યાં રામ, કૃષ્ણને જોઇ તેમના આવાસમાં એક રાત્રિ આનંદવાર્તા કરવા રહ્યો. પ્રાતઃકાળે મથુરાનો માર્ગ બતાવવા કૃષ્ણને સાથે લીધો. રસ્તામાં તેનો રથ એક વડના વૃક્ષ સાથે ભરાયો. અનાધુષ્ટિએ ઘણી મહેનત કરી પણ રથ ન નીકળ્યો. કૃષ્ણે ઝાડ ઉખેડી રથનો માર્ગ સાફ કર્યો. અનાધુષ્ટિ કૃષ્ણનું પરાક્રમ જોઈ બહુ ખુશ થયો રથ ઉપરથી નીચે ઉતરી તેણે કૃષ્ણને આલિંગન દીધું અને રથમાં બેસાડયો અનુક્રમે યમુના નદી ઉતરી મથુરાનગરીમાં પ્રવેશ કરી, શાઙર્ગ ધનુષ્યવાળી સભામાં તેઓ આવ્યા. અનાધુષ્ટિએ ધનુષ્ય પાસે જઈ તે ઉપાડવા માંડયું; પણ કાદવવાળી ભૂમિમાં જેનો પગ આવી ગયો હોય એવા ઊંટની જેમ તે પૃથ્વી પર પડી ગયો. તેનો હાર તૂટી ગયો, મુગટ ભાંગી ગયો અને કુંડળ પડી ગયા. તે જોઇ સત્યભામા અને બીજા સર્વે વિકસિત નેત્રે ખૂબ હસી પડયા પછી કૃષ્ણે પુષ્પમાળાની જેમ લીલામાત્રમાં તે ધનુષ્યને ઉપાડી લીધું અને તેની પણછ ચડાવી.

લોકો વાતો કરવા લાગ્યા કે નંદના પુત્ર કૃષ્ણે ધનુષ્ય ચડાવ્યું. આથી કંસને ખેદ થયો અને તેણે ધનુષ્ય મહોત્સવને બદલે બાહુયુદ્ધ કરવા સર્વ મલ્લોને આજ્ઞા કરી. રાજાઓ મલ્લયુદ્ધ જોવાની ઇચ્છાથી મંચો ઉપર આવીને બેઠા અને મોટા મંચ પર બેઠેલા કંસની સામે જોવા લાગ્યા. કંસનો દુષ્ટ ભાવ જાણી વસુદેવે પોતાના સર્વ જ્યેષ્ઠ બંધુઓને અને અક્રૂર વગેરે પુત્રોને ત્યાં બોલાવ્યા. કંસે તેમનો સત્કાર કરી ઊંચા મંચો ઉપર બેસાડયા.

કંસનો વધ કરવાની કૃષ્ણે લીધેલી પ્રતિજ્ઞા

મલ્લયુદ્ધના ઉત્સવની વાર્તા સાંભળી કૃષ્ણે રામને કહ્યું, "ચાલો આપણે મથુરામાં જઈ મલ્લયુદ્ધ જોઇએ" રામે યશોદાને કહ્યું, "જલદી પાણીની સગવડ કર." યશોદા આવા વિકટ પ્રસંગથી કંટાળેલી હોવાથી વિલંબ કરતી હતી તેથી ફરી રામે કહ્યું, "હે યશોદા ? તું અમારી શેઠ નથી. પણ દાસી છે. હુકમનો જલદી અમલ કેમ કરતી નથી ?" કૃષ્ણને રામના આ વચનથી ખોટું લાગ્યું. તેણે રામને માર્ગમાં વિનયથી પૂછ્યું, "મારી માતાને તમે દાસી કેમ કહી ?" રામે જવાબ આપતાં જણાવ્યું, "તું વસુદેવ અને દેવકીનો પુત્ર છે. નંદ અને યશોદા એ તો તારાં પાલક માતા પિતા છે. હું તારો ઓરમાન ભાઈ છું." કૃષ્ણે પૂછ્યું, "પિતાએ મને અહીં કેમ રાખ્યો છે ?" રામે જવાબમાં કંસનું ભ્રાતૃવધ સંબંધી બધું વૃત્તાન્ત કહી સંભળાવ્યું. તે સાંભળી કૃષ્ણે કંસને મારી નાખવાની પ્રતિજ્ઞા લીધી.

કૃષ્ણે કાળીનાગ નાથ્યો

માર્ગમાં યમુના નદી આવી. કૃષ્ણ સ્નાન કરવા પડયો કાલી નાગ તેની પાછળ પડયો. કૃષ્ણે કમળ નાળની પેઠે તેને પકડી લીધો. પછી વૃષભની જેમ તેને નાસિકામાં નાથી લીધો અને તેની ઉપર ચઢી કૃષ્ણે તેને ઘણીવાર જળમાં ફેરવ્યો. પછી તેને નિર્જીવ જેવો કરી અત્યંત ખેદ પમાડી કૃષ્ણ બહાર નીકળ્યો. રામ અને કૃષ્ણ મથુરા તરફ ચાલ્યા અને કેટલાક સમયે તે નગરીના દરવાજા પાસે આવ્યા.

રામ કૃષ્ણે બે હાથીઓ મારી નાખ્યા

તે વખતે કંસની આજ્ઞાથી મહાવતે પદ્મોત્તર અને ચંપક નામના બે હાથી તૈયાર રાખ્યા હતા તેને પ્રેરણા કરી તેથી તે બન્ને કૃષ્ણની સન્મુખ દોડયા. કૃષ્ણે દાંત ખેંચી કાઢી મુષ્ટિના પ્રહારથી

સિંહની જેમ પદ્મોત્તરને મારી નાખ્યો અને રામે ચંપકને મારી નાખ્યો. તે વખતે નગરજનો પરસ્પર વિસ્મય પામી બતાવવા લાગ્યા કે આ બન્ને અરિષ્ટ વૃષભ વગેરેને મારનાર નંદના પુત્રો છે. પછી બન્ને ભાઈઓ મલ્લોના અખાડામાં આવ્યા. ત્યાં એક મંચની ઉપર બેઠેલા લોકોને ઉઠાડી તે પર બન્ને ભાઈઓ બેઠા. પછી રામે કૃષ્ણને કંસ શત્રુ બતાવ્યો અને પછી કાકાઓ અને તેની પાછળ બેઠેલા પોતાના પિતાને ઓળખાવ્યા.

## કંસનો વધ

કંસની આજ્ઞાથી પ્રથમ તો તે અખાડામાં અનેક મલ્લો યુદ્ધ કરવા લાગ્યા. પછી કંસે પ્રેરેલો ચાણુર મલ્લ ઊંચે સ્વરે બોલ્યો, "જે કોઈ વીરપુત્ર હોય તે મારી બાહુ યુદ્ધની શ્રદ્ધા પૂરી કરે." જ્યારે કોઈ ન ઊઠયું, ત્યારે કૃષ્ણ તેની સામે જઇ ઊભો રહ્યો, લોકો બાર વર્ષના બાળકને જોઈ બોલવા લાગ્યા, "આ કીડી અને કુંજરનું યુદ્ધ થાય છે. આ કેમ કોઇ અટકાવતું નથી? આ મહા બળવાન મલ્લ હમણાં જોત જાતામાં આ બાળકને મારી નાખશે." કંસે ક્રોધથી કહ્યું, "આ ગોપ બાળક સ્વેચ્છાથી યુદ્ધ કરે છે તેમાં તેને કોણ વારે? તેમ છતાં જેને આની પીડા થતી હોય તે જુદા પડીને મને જણાવે" કંસના આવાં વચન સાંભળી સર્વજનો ચૂપ થઇ ગયા

ચાણુરના સામે કૃષ્ણે પ્રથમ વાગયુદ્ધ ચલાવ્યું. એટલે કંસ ભય પામ્યો અને તરતજ બીજા મુષ્ટિક મલ્લને પણ કૃષ્ણની સામે લડવા આજ્ઞા કરી. એટલે બળભદ્ર તરત ઊભા થઈ ત્યાં આવ્યા. કૃષ્ણ અને ચાણુર અને બળભદ્ર અને મુષ્ટિક આ ચારેના ચરણ ન્યાસથી પૃથ્વી કંપાયમાન થઈ અને કરસ્ફોટના શબ્દોથી બ્રહ્માંડ-મંડળ ફૂટી ગયો. ઘણીવાર યુદ્ધ ચાલ્યા પછી ચાણુરને કૃષ્ણે મારી નાંખ્યો. આ જોઈ કંસે સુભટોને આજ્ઞા કરી કે આ ગોવાળિયાઓને

મારી નાખો." એટલામાં કૃષ્ણે કહ્યું, "તારો કાળ નજીક આવ્યો છે" એમ કહી એક કૂદકો મારી તેના કેશ પકડી ભોંય નાંખ્યો આટલા નાના બાળકમાં આવું બળ જોઇ લોકો વિસ્મય પામ્યા. બધા રાજાઓમાંથી કોઈ તેને છોડાવવાની હિંમત કરી શકયું નહિ. પછી કૃષ્ણે તેના માથામાં પ્રહાર કરી કંસને મારી નાખ્યો. આ વખતે જરાસંધનું સૈન્ય તૈયાર હતું. તે કૃષ્ણને મારવાને માટે ધસી આવ્યું એટલે સમુદ્રવિજય લડવાને માટે તૈયાર થયા. સમુદ્રવિજયને આવતો જોઇ જરાસંધનું સૈન્ય નાસી ગયું.

માતા પિતા અને પુત્રોનું મિલન

પછી સમુદ્રવિજયની આજ્ઞાથી અનાધૃષ્ટિ રામકૃષ્ણને પોતાના રથમાં બેસાડીને વસુદેવને ઘેર લઇ ગયો. સર્વ યાદવો અને સમુદ્ર-વિજય વગેરે પણ વસુદેવને ઘેર ગયા અને સભા ભરી બેઠા વસુદેવ અર્ધાસન પર રામને અને ઉત્સંગમાં કૃષ્ણને બેસાડી નેત્રમાં હર્ષાશ્રુ લાવી તેમના મસ્તક પર વારંવાર ચુંબન કરવા લાગ્યા. તે વખતે વસુદેવના મોટા બંધુઓએ તેને પૂછ્યું, "આ શું ?" એટલે વસુદેવે અતિમુક્ત મુનિનાં વૃત્તાન્તથી માંડી બધો વૃત્તાન્ત જણાવ્યો. પછી રાજા સમુદ્રવિજયે કૃષ્ણને પોતાના ઉત્સંગમાં બેસાડ્યો અને તેના પાલન કરવાથી પ્રસન્ન થઇ રામની પ્રશંસા કરી તે વખતે દેવકી એક પુત્રીને લઇ ત્યાં આવી અને એક ઉત્સંગમાંથી બીજા ઉત્સંગમાં સંચરતા કૃષ્ણને તેણે દૃઢ આલિંગન કર્યું.

ભાઈ અને ભ્રાતૃપુત્રોની સંમતિથી સમુદ્રવિજયે કારાગૃહમાંથી છુટા કરીને ઉગ્રસેન રાજાને તેડાવી મંગાવ્યા અને તેની સાથે યમુનાને કાંઠે જઇ સર્વેએ કંસનું પ્રેતકાર્ય કર્યું. કંસની માતાએ અને બીજી પત્નીઓએ યમુના નદીમાં તેને જલાંજલિ આપી; પણ તેની જીવયશા કોપ કરીને બોલી, " આ રામકૃષ્ણ ગોપાળને

અને સર્વસંતાન સહિત દશાર્હોને હણાવીને પછી મારા પતિનું પ્રેતકાર્ય કરીશ; નહિ તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ." આવી પ્રતિજ્ઞા લઇ તે જીવયશા મથુરાથી નીકળી પોતાના પિતાને ત્યાં આવી. રામકૃષ્ણની અનુજ્ઞાથી સમુદ્રવિજયે ઉગ્રસેનને મથુરાનો રાજા બનાવ્યો, ઉગ્રસેને પોતાની પુત્રી સત્યભામા કૃષ્ણને આપી અને શુભ દિવસે તેનો યથાવિધિ વિવાહ કર્યો.

કેશને છુટા રાખી રોતી કકળતી જીવયશા જરાસંધની સભામાં આવી અને કહેવા લાગી, કે "મારા પતિને પેલા બે ગોવાળ પુત્રોએ મારી નાંખ્યો અને સમુદ્રવિજય આદિ દશે દશાર્હોએ તે ગોવાળોને સાથ આપ્યો." જરાસંધે કહ્યું. "કંસ ડાહ્યો અને પરાક્રમી છતાં ભૂલ્યો. જ્યારે મુનિએ કહ્યું કે દેવકીનો સાતમો ગર્ભ તને મારશે. ત્યારે તેણે દેવકીને મારી નાખવી જોઈતી હતી. ક્ષેત્રના અભાવે ખેતી કયાંથી થાય ? પુત્રી, તું ચિન્તા ન કર. તારા પતિના શત્રુઓને હું શિક્ષા કરીશ એમ કહી સોમ રાજાને મથુરા મોકલ્યો અને તેની મારફત કહેવડાવ્યું કે, "કંસને મારનાર રામ અને કૃષ્ણને અમને સોંપી દો." સમુદ્રવિજયે જવાબ આપ્યો. "રામ અને કૃષ્ણ નિર્દોષ છે. સૌ પ્રથમ કંસને જરાસંધે દબાવવો જોઈતો હતો, કારણ કે તેણે વસુદેવના જ પુત્રોને મારી નાખ્યા છે. આથી અમે નિર્દોષ અને પરાક્રમી રામ, કૃષ્ણને આપી શકીએ નહિ." સોમે કહ્યું, "તમારે તમારૂં રાજ્ય અને સુખ જોઈતાં હોય તો આ બે ભરવાડ પુત્રોને સોંપો. સ્વામી ભાવમાં સેવકે યુક્તાયુક્તનો વિચાર કરવાની જરૂર નથી." આ સાંભળી કૃષ્ણે કહ્યું, "જરાસંધ અમારો સ્વામી નથી. તારા સ્વામીને જઈ કહેજે કે તારે કંસ જેવા હાલ કરવા હોય તો ઉતાવળો થા." સોમ મથુરાથી પાછો ફર્યો અને તેણે સર્વ વાત જરાસંધને કહી.

બીજે દિવસે દશાર્હ પતિએ પોતાના સર્વ બાંધવોને એકઠા કરી ક્રોષ્ટુક નિમિત્તિયાને બોલાવીને આ પ્રમાણે પૂછ્યું, " અમારે ત્રિખંડ ભરત ક્ષેત્રના પતિ જરાસંધ સાથે ઘર્ષણ થયું છે, તો હવે તેનાં શાં પરિણામ આવશે તે કહો. " ક્રોષ્ટુકિ બોલ્યો, " આ પરાક્રમી રામ, કૃષ્ણ થોડા સમયમાં જરાસંધને મારી ત્રિખંડ ભરતના અધિપતિ થશે, પણ હમણાં તમે પશ્ચિમ દિશા તરફ સમુદ્રકિનારે થઈ જાઓ. ત્યાં જતા જ તમારા શત્રુઓના ક્ષયનો આરંભ થશે. માર્ગે ચાલતાં આ સત્યભામા જે ઠેકાણે બે પુત્રને જન્મ આપે તે ઠેકાણે એક નગરી વસાવીને તમે નિઃશંકપણે રહેજો" ક્રોષ્ટુકિના આવાં વચનથી સમુદ્રવિજયે ઉદ્‌ઘોષણા કરાવીને પોતાના સર્વ-સ્વજનોને પ્રયાણના ખબર આપ્યા અને અગિયાર કુળ ક્રોટી યાદવોને લઈ આગળ ચાલ્યા. ઉગ્રસેન રાજા પણ સમુદ્રવિજય સાથે ચાલ્યા. અનુક્રમે સર્વે વિન્ધ્યગિરિની મધ્યમાં થઈ સુખે આગળ ચાલવા લાગ્યા.

જરાસંધ યાદવોનું ઉદ્ધતપણું દેખી ક્રોપાયમાન થયો. તેણે કામકુમારને લશ્કર આપી મોકલ્યો. કામકુમારે પ્રતિજ્ઞા કરી કે હું તેમને અગ્નિ કે પર્વતમાં પેઠા હશે તોપણ પકડી મારીશ. વિંધ્યાચળની તળેટીમાં આવ્યો. ત્યાં સેંકડો ચિતાઓ સળગતી હતી. માત્ર એક સ્ત્રી રોતી હતી. તેણે તેને પૂછ્યું, " તું શા માટે રડે છે ? " તે બોલી, " કામકુમારના ભયથી આ યાદવો ચિતામાં પેઠા. હું પણ તેમાં પડી બળી મરવા માગું છું " કામકુમાર પ્રતિજ્ઞા પ્રમાણે ચિતામાં પેઠો અને બળી મર્યો. થોડીવારે સૈન્યે જોયું તો ન મળે પર્વત કે ન મળે ચિતા. સૈન્ય વિલખું પડયું અને કામકુમાર રહિત શ્યામ મોઢે જરાસંધ પાસે આવ્યું. યાદવો પણ કામકુમારનો વૃત્તાન્ત સાંભળી ખુશ થયા. માર્ગમાં એક વનમાં તેઓ

પડાવ કરી રહ્યા હતા. ત્યાં એક અતિમુક્ત નામના ચારણમુનિ આવ્યા. તેમને સમુદ્રવિજયે પૂછ્યું, "આ વિપત્તિમાં અમારૂં શું થશે?" મુનિ બોલ્યા, "ગભરાશો નહિ. તમારા પુત્ર અરિષ્ટનેમિ બાવીસમા તીર્થંકર થશે અને રામ, કૃષ્ણ બળરામ તથા વાસુદેવ થશે અને તે જરાસંધનો વધ કરશે" પછી મુનિએ અન્યત્ર વિહાર કર્યો. યાદવો ત્યાંથી નીકળી ગિરનાર પર્વતની વાયવ્ય દિશા તરફ છાવણી નાખી રહ્યા. અહીં સત્યભામાને બે પુત્રો થયા. પછી કૃષ્ણે સ્નાન કરી સમુદ્ર પૂજા કરી અઠ્ઠમ તપ કર્યો. ત્રીજી રાત્રિએ સુસ્થિત દેવ પ્રત્યક્ષ થઈ કહેવા લાગ્યો, "કહો તમારૂં શું કાર્ય કરૂં?" કૃષ્ણે કહ્યું, "પૂર્વના વાસુદેવની દ્વારકા નામે નગરી હતી તે તમે જળમાં ઢાંકી દીધી છે, તેથી હવે મારા નિવાસ માટે તેજ નગરીવાળું સ્થાન બતાવો. પછી તે સ્થાન બતાવી દેવ સ્વસ્થાને ગયો.

કુબેરે તે સ્થાને બાર યોજન લાંબી અને નવયોજન વિસ્તારવાળી નગરી બનાવી અઢાર હાથ ઊંચો, નવ હાથ ભૂમિમાં રહેલો અને બાર હાથ પહોળો, ફરતી ખાઈવાળો તેની આસપાસ કિલ્લો કર્યો. તેમાં એક માળ, બે માળ અને ત્રણ માળ વગેરે માળોવાળા ઘણા મહેલો બનાવ્યા અગ્નિ દિશામાં સ્વસ્તિકના આકારનો સમુદ્રવિજય રાજા માટે મહેલ બનાવ્યો. ઇશાન દિશામાં વસુદેવ માટે પ્રાસાદ રચ્યો. રાજમાર્ગની સમીપે ઉગ્રસેન રાજા માટે અતિ ઊંચો પ્રાસાદ બનાવ્યો. આ સર્વ પ્રાસાદોને કિલ્લાઓ હતા અને તેમાં ગજશાળાઓ અને અશ્વશાળાઓ હતી. તે સર્વની વચમાં ચોરસ, વિશાળ દ્વારવાળો પૃથિવીજય નામે બળદેવ માટે પ્રાસાદ બનાવ્યો અને તેની નજીક અઢાર માળનો સર્વતોભદ્ર નામે પ્રાસાદ કૃષ્ણને માટે રચવામાં આવ્યો. સરોવરો, વાપિકાઓ, ચૈત્યો, ઉદ્યાનો વગેરે નગરની શોભામાં વૃદ્ધિ કરતા હતાં.

## કૃષ્ણની પટરાણીઓ

એક વખત નારદજી ફરતા ફરતા કૃષ્ણના રાજમંદિરમાં આવ્યા. રામકૃષ્ણે વિધિથી તેમની પૂજા કરી. પછી તે અંતઃપુરમાં ગયા. ત્યાં સત્યભામા દર્પણ જોતી હતી તેથી તેણે આસન વગેરે આપી નારદનો સત્કાર કર્યો નહિ. તેથી નારદ ગુસ્સે થઈ ત્યાંથી ચાલ્યા ગયા અને મનમાં વિચાર કરવા લાગ્યા, "કૃષ્ણના અંતઃપુરની બધી સ્ત્રીઓ સદા મારી પૂજા કરે છે, પણ આ સત્યભામા પતિના પ્રેમને લીધે રૂપ યૌવનથી ગર્વિત થયેલ છે, તેથી દૂરથી મને જોઈ ઊભી તો થઈ નહિ, પણ મારી સામે દષ્ટિ પણ કરી નહિ માટે કોઈ તેનાથી અતિ રૂપવાળી શોકય લાવી તેનો ગર્વ ઉતારું." એવું વિચારી નારદ કુંડિનપુર નગરે આવ્યા કુંડિનપુરમાં ભીષ્મક નામે રાજા હતો. તેને યશોમતી નામે રાણી હતી. તેમને રૂકમી નામે પુત્ર હતો અને રૂકમિણી નામે બહુ સ્વરૂપવાન પુત્રી હતી. નારદ ત્યાં ગયા એટલે રૂકિમણીએ તેમને નમસ્કાર કર્યો. નારદે કહ્યું, "અર્ધ ભરતક્ષેત્રના પતિ કૃષ્ણ તારા પતિ થાઓ" રૂકિમણીએ પૂછયું, "તે કૃષ્ણ કોણ છે?" પછી નારદે કૃષ્ણના રૂપ, સૌભાગ્ય અને શૌર્ય વગેરે ગુણો કહી સંભળાવ્યા. તે સાંભળી રૂકિમણી કૃષ્ણ ઉપર અનુરાગી થઈ અને કૃષ્ણને ઝંખવા લાગી. પછી રૂકિમણીનું રૂપ ચિત્રપટમાં આલેખીને નારદ દ્વારકા આવ્યા અને કૃષ્ણને બતાવ્યું. તે જોઈ કૃષ્ણે પૂછયું, "આ કઈ દેવીનું રૂપ તમે પટમાં આલેખ્યું છે?" નારદ બોલ્યા આ દેવી નથી પણ માનુષી સ્ત્રી છે અને કુંડિનપતિ રૂકિમ રાજાની રૂકિમણી નામે બહેન છે. શ્રીકૃષ્ણે રૂકિમ પાસે રૂકિમણીનું માગુ કર્યું. રૂકિમએ ભરવાડ પુત્ર કહી તિરસ્કાર્યું અને રૂકિમણી શિશુપાલને આપી. શિશુપાલ રૂકિમણીને પરણવા આવ્યો રૂકિમણીના ફઇએ કૃષ્ણને ખબર

આપ્યા કે મહા સુદ આઠમને દિવસે ઉદ્યાનમાં અમે નાગપૂજાને બહાને જઈશું તો તમો ત્યાં આવી રૂકિમણીને લઈ જજો" કૃષ્ણ બળદેવ સાથે તે દિવસ કુંડિનપુર ગયા અને રૂકિમણીને પોતાનો વૃત્તાંત કહી રથમાં બેસાડી દ્વારકાના માર્ગે પ્રયાણ કર્યું. પાછળથી દાસીઓએ કહ્યું, "આ કૃષ્ણ રૂકિમણીને લઈ જાય છે. પકડો, પકડો" રૂકિમકુમાર તેમની પાછળ પડયો. કૃષ્ણ રૂકિમણી સહિત દ્વારિકા પહોંચ્યા અને બળદેવ લશ્કરનો સામનો કરવા રોકાયો અંતે બળદેવે રૂકિમકુમારને હરાવી તેનું માથું કેશરહિત કરી, તેને છોડી મૂકયો.

શ્રી કૃષ્ણે રૂકિમણીને દેવનિર્મિત દ્વારકા બતાવી અને સત્યભામાની નજીકના મહેલમાં રાખી. એક વખત સત્યભામાએ રૂકિમણીને જોવાની ઇચ્છા દર્શાવી. શ્રીકૃષ્ણે લક્ષ્મીગૃહમાં બતાવીશ એમ કહ્યું. પછી તેણે સમારકામના બહાના હેઠળ લક્ષ્મીની પ્રતિજ્ઞા દૂર કરી રૂકિમણીને ત્યાં ગોઠવી. કૃષ્ણ સત્યભામાં સાથે લક્ષ્મીગૃહમાં આવ્યો. સત્યભામાએ લક્ષ્મીદેવીના અલૌકિક રૂપની પ્રશંસા કરી અને વંદન કર્યું. ત્યારબાદ તેણે પૂછ્યું, "રૂકિમણી કયાં છે?" કૃષ્ણે રૂકિમણીને કહ્યું, "તું ઊભી થઈ તારી મોટી બહેનને નમસ્કાર કર" રૂકિમણી લક્ષ્મીના સ્થાનથી ઊઠી સત્યભામાને પગે પડી.

એક વખત નારદ ફરતા ફરતા આવી ચઢયા અને કહ્યું, "વૈતાઢય ગિરિ ઉપર જાંબવાન નામે એક ખેચરેન્દ્ર છે તેને જાંબવતી નામે કન્યા છે, પણ ત્રણ જગતમાં તેના જેવી કોઈ સ્વરૂપવાન કન્યા નથી. તે બાળા નિત્યક્રીડા કરવા ગંગા નદીમાં જાય છે. તે કન્યાને જોઈને હું તમને કહેવા માટે જ આવ્યો છું." તે સાંભળી કૃષ્ણ તુરત જ બળદેવ સહિત ગંગા કિનારે ગયા અને ત્યાં

જાંબવતીને જોઈ તેનું હરણ કર્યું. એટલે તત્કાળ મોટો કોલાહલ થયો. તે સાંભળી તેનો પિતા ખડગ લઈ ત્યાં આવ્યો. તેને કૃષ્ણના ભાઈએ જીતી લીધો અને કૃષ્ણની પાસે લાવીને મૂકયો. જાંબવાને પોતાની પુત્રી જાંબવતી કૃષ્ણને આપી અને પોતે અપમાન થવાથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી.

આયુસ્ખરી નામની નગરીમાં સૌરાષ્ટ્ર દેશનો રાજા રાષ્ટ્રવર્ધન રાજય કરતો હતો તેને સુસીમા નામે રૂપસંપત્તિની સીમા રૂપ પુત્રી હતી. નમુચિએ અસ્ત્રવિદ્યા સિદ્ધ કરી હતી તેથી તે કૃષ્ણની આજ્ઞા માનતો ન હતો. એક વખત તે સુસીમા સાથે પ્રભાસ તીર્થમાં સ્નાન કરવા ગયો. ત્યાં કૃષ્ણ નમુચિને હરાવી સુસીમાને લઈ આવ્યા. પછી તેની સાથે વિધિસર લગ્ન કર્યાં.

આમ શ્રીકૃષ્ણને સત્યભામા, રૂક્મિણી, જાંબવતી, સુસીમા વગેરે આઠ પટરાણીઓ થઈ.

સમય જતાં રૂક્મિણીને એક પુત્ર થયો. તેનું નામ પ્રદ્યુમ્ન રાખ્યું પ્રદ્યુમ્નનું તેના પૂર્વભવના વૈરી ધુમકેતુ દેવે જન્મતાંજ હરણ કર્યું અને વૈતાઢચ પર્વત ઉપર ભૂત રમણ ઉદ્યાનમાં તેને એકલો મૂકયો. તેવામાં ઉપરથી જતા કાલસંવર વિદ્યાધરનું વિમાન આકાશમાં અટકયું. તે નીચે ઉતર્યો અને તેણે પ્રદ્યુમ્નને લઈ પોતાની પત્ની કનકમાળાને આપ્યો. કનકમાળાએ તે પુત્રને પોતાના પુત્રની પેઠે ઉછેરી મોટો કર્યો.

રૂક્મિણીએ કૃષ્ણની પાસે આવીને પૂછ્યું, "તમારો પુત્ર કયાં છે?" કૃષ્ણે કહ્યું, "તમે હમણાંજ પુત્રને લઈ ગયા છો" રૂક્મિણી બોલી, "હું લઈ ગઈ નથી." ત્યારે કૃષ્ણે જાણ્યું કે જરૂર મને કોઈ છેતરી ગયું. પછી તરત જ પુત્રની શોધ કરાવી, પણ પુત્રના ખબર મળ્યા નહિ એટલે રૂક્મિણી મૂર્છા પામી પડી

ગઈ. થોડીવારે સંજ્ઞા પામીને તે પરિજન સાથે ઊંચે સ્વરે રૂદન કરવા લાગી. એક સત્યભામા સિવાય સર્વ યાદવો, તેમની પત્નીઓ અને બધો પરિવાર દુઃખી થઈ ગયો. કૃષ્ણ જેવા સમર્થ પુરુષને પણ પુત્રનો વૃત્તાન્ત કેમ ન મળે ? એમ બોલતી રૂક્મિણી દુઃખી કૃષ્ણને વધારે દુઃખી કરવા લાગી. એ પ્રમાણે સર્વ યાદવો સહિત કૃષ્ણ દુઃખી રહેતા હતા તેવામા એક દિવસ નારદ સભામાં આવ્યા. શ્રીકૃષ્ણે તેમને પુત્રનો પત્તો મેળવી લાવવાનું કહ્યું. નારદે બધે તપાસ કરી પત્તો ન મળવાથી તેણે સીમંધર સ્વામીને પૃછ્યું, "રૂક્મિણીનો પુત્ર હાલ ક્યાં છે ?" પ્રભુએ કહ્યું. "તે હાલ કાલસંવર વિદ્યાધરને ત્યાં છે અને સોળ વર્ષ બાદ તે રૂક્મિણીને મળશે." નારદે આ સમાચાર શ્રીકૃષ્ણ અને રૂક્મિણીને આપ્યા અને સીમંધર સ્વામી પાસેથી સાંભળેલા વૃત્તાન્ત મુજબ તેણે રૂક્મિણીને કહ્યું, "તેં લક્ષ્મીવતીના ભવમાં કૌતુકથી મયૂરના ઈંડાં રંગ્યાં હતાં. મયૂરી રંગેલાં ઈંડાંને ઓળખી શકી નહિ, તેથી તેને ઘણું દુઃખ થયું. પણ વરસાદથી ઈંડાં ધોવાયાં ત્યારે સોળ ઘડી બાદ તેણે પોતાનાં ઈંડાં ઓળખ્યાં. આમ પૂર્વ ભવમાં મયૂરીને સોળઘડીના કરાવેલા વિરહે તને પુત્રના સોળવર્ષના વિરહ થશે." રૂક્મિણી ત્યારબાદ પ્રભુભક્તિમાં લીન બની અને વિચારવા લાગી કે કુતુહલથી કરેલું પાપ સેંકડો ઘણું વૃદ્ધિ પામી જીવને ભોગવ્યા વિના છુટતું નથી.

## પ્રદ્યુમ્નનો મેળાપ

સોળ વર્ષ પછી સત્યભામાના પુત્ર ભાનુકના લગ્ન લેવાયાં. દ્વારિકામાં ચારે બાજુ આનંદ આનંદ વ્યાપી રહ્યો. માત્ર રૂક્મિણીની આંખો આંસુથી ઉભરાતી હતી. તે બોલી ઉઠી. "મારે પ્રદ્યુમ્ન પુત્ર હતો. આજે તેનાં લગ્ન હોત અને મારો પુત્ર દુર્યોધનની કન્યા

પરણત. પણ મારા પુત્રનું હરણ થયું તેથી તે કન્યા સત્યભામાનો પુત્ર ભાનુક પરણશે." આજ અરસામાં એક બ્રાહ્મણ બટુકમુનિ રૂક્મિણી પાસે આવ્યો અને કહેવા લાગ્યો, "હું સોળ વર્ષનો ભૂખ્યો છું. મને કંઈ ખાવા આપ." રૂક્મિણી બોલી મેં વર્ષનું તપ સાંભળ્યું છે. સોળ વર્ષનું તપ તો મેં કયાંય સાંભળ્યું નથી" તે બોલ્યો "જન્મથી મેં માતાનું દૂધ પણ પીધું નથી હું બહુ ભૂખ્યો છું. તારી પાસે જે હોય તે આપ." રૂક્મિણીએ લાડુ આપ્યા. બટુક ત્યાં બેસી ખાઈ ગયો.

એવામાં સત્યભામાની દાસીઓ રૂક્મિણી પાસે આવી અને કહેવા લાગી કે "જેનો પુત્ર પહેલો પરણે તેને બીજીએ તે લગ્નમાં તેને માથાના વાળ મુંડાવી આપવા તેવી તમારે અને સત્યભામાની વચ્ચે શરત થઇ હતી તે મુજબ સત્યભામાએ અમને તમારા વાળ લેવા મોકલી છે." તે સાંભળી પેલા કપટી સાધુએ તે દાસીઓના જ તથા સત્યભામાના પૂર્વે મુંડેલા કેશ વડે તે પાત્ર ભરી આપી તેમને સત્યભામા પાસે મોકલી. સત્યભામાએ તે દાસીઓને કેશ વિનાની જોઇ પૂછ્યું, "આ શું?' એટલે દાસીઓ બોલી, 'શું તમે નથી જાણતા કે જેવા શેઠાણી હોય તેવો જ પરિવાર હોય છે. પછી ભ્રમિત થયેલી સત્યભામાએ કેટલાક નાપિત લોકોને રૂક્મિણીને ઘેર મોકલ્યા. એટલે તે સાધુએ તેઓને શીર પરની ત્વચાપણ છેદાય તેમ વિદ્યાવડે મુંડીને કાઢી મૂકયા. તે નાપિતોને મુંડેલા જોઈ સત્યભામાએ ક્રોધથી કૃષ્ણની પાસે આવી કહ્યું, "તમે રૂક્મિણીના કેશ અપાવવાના જામીન થયા છો, માટે તે પ્રમાણે મને આજ તેના કેશ અપાવો અને એ કાર્ય માટે તમે પોતે જઇને રૂક્મિણીના મસ્તકને મુંડિત કરાવો." એટલે હરિ હસતા હસતા બોલ્યા, "તમે જ મુંડિત તો થયા છો." સત્યભામા બોલી, "હમણાં મશ્કરી કરવી

છોડી દો અને તેના કેશ મને અપાવો." પછી તે કાર્ય માટે કૃષ્ણે બળભદ્રને સત્યભામા સાથે રૂક્મિણીને ઘેર મોકલ્યા. ત્યાં પ્રદ્યુમ્ને વિદ્યાથી કૃષ્ણનું રૂપ વિકુર્વ્યું એટલે તેમને ત્યાં જોઇ રામ લજ્જા પામી પાછા વળ્યા. પૂર્વસ્થાને આવતાં ત્યાં પણ કૃષ્ણને જોઇ તે બોલ્યા, "તમે મારી મશ્કરી કેમ કરો છો ? તમે મને કેશ લેવા માટે ત્યાં મોકલી પાછા તમે પોતેજ ત્યાં આવ્યા, અને પાછા અહીં આવતા રહ્યા જેથી તમે સત્યભામાને અને મને બન્નેને સમકાળે શરમાવી દીધાં. કૃષ્ણે સોગન ખાઈને કહ્યું, "હું ત્યાં આવ્યો ન હતો." એમ કહ્યા છતાં પણ 'આ બધી તમારી જ માયા છે' એમ બોલતી સત્યભામા રીસ ચડાવીને પોતાના મહેલમાં ચાલી ગઈ. પછી તેને મનાવવા માટે કૃષ્ણ તેને ઘેર ગયા.

નારદે રૂક્મિણીને કહ્યું, "આ બ્રાહ્મણ બટુક નથી પણ તારો પુત્ર પ્રદ્યુમ્ન છે. તેને મેં ભાનુકના લગનના સમાચાર આપ્યા અને તારૂં દુઃખ જણાવ્યું તેથી તે અહીં અવસરે આવી પહોંચ્યો છે. આજે ભાનુક વેરે પરણાવવાની કન્યાનું તેણે હરણ કર્યું છે. બગીચો ફૂલરહિત કર્યો છે, ઘાસની દુકાનો ઘાસ વિનાની બનાવી છે. જળાશયો પાણી વિનાના બનાવ્યાં છે અને બધું ભોજન જાતે જ ઝાપટી ગયો છે." તેવામાં પ્રદ્યુમ્ન પોતાનું દેવ જેવું રૂપ પ્રગટ કરી માતાના ચરણમાં પડયો. રૂક્મિણીના સ્તનમાંથી દૂધની ધારા ચાલી. તત્કાળ તેણે પુત્રને આલિંગન કર્યું અને નેત્રમાં અશ્રુ લાવી તે વારંવાર પુત્રના મસ્તક પર ચુંબન કરવા લાગી. પછી પ્રદ્યુમ્ને કહ્યું, "હું મારા પિતાને કાંઈક આશ્ચર્ય બતાવું ત્યાં સુધી તમે મને ઓળખાવશો નહિ." હર્ષમાં વ્યગ્ર થયેલી રૂક્મિણીએ કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ. પછી પ્રદ્યુમ્ન રૂક્મિણીને એક માયા રથમાં બેસાડીને ચાલ્યો અને શંખ ફુંકીને જણાવ્યું,

"હું આ રૂક્મિણીનુ હરણ કરૂં છું. જો કૃષ્ણ બળવાન હોય તો તેની રક્ષા કરે" તે સાંભળી, 'આ કોણ દુર્બુદ્ધિ મરવાને ઈચ્છે છે?' એમ બોલતા કૃષ્ણ હાથમાં ધનુષ્ય લઈ સૈન્ય સહિત તેની પાછળ દોડયા. પ્રધુમ્ને વિદ્યાના સામર્થ્યથી તે ધનુષ્ય ભાંગી નાખી કૃષ્ણને આયુધ વગરના કરી દીધા તે વખતે હરિ ખેદ પામ્યા ત્યારે તેમની જમણી ભુજા ફરકી, એટલે તેમણે તે વાત રામને જણાવી. તે વખતે નારદે આવી કહ્યું, "આ રૂક્મિણી સહિત તમારા જ પુત્ર પ્રધુમ્ન છે તેથી યુદ્ધની વાર્તા છોડી દો." તત્કાળ પ્રધુમ્ન કૃષ્ણને નમી રામના ચરણમાં પડયો. તેઓએ ગાઢ આલિંગન કરી વારંવાર તેના મસ્તક પર ચુંબન કર્યું. નગરમાં લગ્નના ઉત્સવને બદલે પ્રધુમ્નનો પ્રવેશ મહોત્સવ ઉજવાયો.

## શામ્બ ચરિત્ર

દ્વારિકામાં પ્રધુમ્નના આવવાનો મહોત્સવ પ્રવર્તતો હતો તે વખતે દુર્યોધન રાજાએ આવી કૃષ્ણને વિજ્ઞપ્તિ કરી, "હે સ્વામી! મારી પુત્રી અને તમારી પુત્રવધૂનું કોઈએ હરણ કર્યું છે. માટે તેની શોધ કરાવો." કૃષ્ણે કહ્યું, "હું સર્વજ્ઞ નથી. જો સર્વજ્ઞ હોઉં તો કોઇએ હરણ કરેલા રૂક્મિણીના પુત્ર પ્રધુમ્નને જ હું કેમ ન જાણું?" તે વખતે પ્રધુમ્ને કહ્યું. "હું પ્રજ્ઞપ્તિ વિદ્યાથી તે વાત જાણી તેને અહીં લઈ આવીશ." એમ બોલી કન્યાને હાજર કરી. કૃષ્ણ તે કન્યા પ્રધુમ્નને જ આપવા લાગ્યા. પણ એ તો મારા નાનાભાઇની પત્ની થવાની હોવાથી વધૂ સમાન છે.' એમ કહી પ્રધુમ્ને તેને ભાનુક સાથે પરણાવી, પછી પ્રધુમ્નને પણ કૃષ્ણે ઘણી કન્યાઓ પરણાવી.

અન્યદા પ્રધુમ્નની મોટી સમૃદ્ધિ જોઇને અને તેની પ્રશંસા સાંભળીને સત્યભામા કોપગૃહમાં ગઈ. ત્યાં કૃષ્ણ આવ્યા એટલે તેને

જોઈને બોલી ઊઠયા, "હે સુંદરી! કોણે તારૂં અપમાન કર્યું છે. કે જેથી તું આમ ખેદ કરે છે" સત્યભામા બોલી, "મારૂં કોઇએ અપમાન કર્યું નથી. પણ મારે પ્રધુમ્નના જેવો પુત્ર નહિ થાય તો હું મરી જઇશ." કૃષ્ણે નૈગમેષી દેવને આરાધ્યો અને દેવે વરદાન આપ્યું કે "હું આ હાર આપું છું. તે તું જેને પહેરાવીને ભોગવીશ તે સ્ત્રીને પુત્ર થશે. કૃષ્ણે હર્ષ પામી સત્યભામાને શય્યા-સ્થાને આવવાનું કહેવરાવ્યું. પણ પ્રધુમ્નની યુક્તિથી જાંબવતી સત્યભામાનું રૂપ કરી કૃષ્ણ સાથે રહી આથી જાંબવતીને જે પુત્ર થયો તેનું નામ શાંબ પાડયું. સત્યભામાને એક બીજો પુત્ર થયો તેનું નામ ભીરૂ પાડયું.

એક દિવસે રૂકિમણીએ પોતાના ભાઈ રૂકિમની વૈદર્ભી નામની પુત્રીનો પોતાના પુત્ર પ્રધુમ્નની સાથે વિવાહ કરવાનું કહેવા સારૂ એક માણસને ભોજકટ નગરે મોકલ્યો. પણ પૂર્વનું વૈર સંભારી રૂકિમ બોલ્યો, "હું મારી પુત્રી ચંડાળને આપું તે સારૂં પણ કૃષ્ણ વાસુદેવના કુળમાં આપું તે યોગ્ય નથી." દૂતે આવી રૂકિમણીને રૂકિમએ કહેલાં વચનો યથાર્થ કહી સંભળાવ્યા આથી રૂકિમણી દુઃખી થઈ. પ્રધુમ્ને તેને દુઃખી જોઈ પૂછયું, "માતા? તમે કેમ ખેદ પામ્યાં છો?" એટલે રૂકિમણીએ ભાઈએ કહેલા શબ્દો કહી સંભળાવ્યા. પ્રધુમ્ન બોલ્યો, "માતા! તમે દુઃખી થશો નહિ. હું તેની પુત્રી પરણીશ." આ પ્રમાણે કહી શાંબને સાથે લઇ આકાશમાર્ગે પ્રધુમ્ન ભોજકટ નગરે ગયો. પછી એક કિંકરનું અને બીજાએ ચંડાળનું રૂપ ધર્યું. અને બન્નેએ ગાયન કરતા કરતા આખા શહેરમાં ફરીને સર્વ નગરજનોનાં મન હરિ લીધાં. તે ખબર સાંભળી રૂકિમ રાજાએ તે મધુર સ્વરવાળા ગાંધર્વ અને ચંડાળને પોતાની પાસે બોલાવ્યા અને પોતાના

ઉત્સંગમાં પુત્રી વૈદર્ભીને બેસાડી તે બન્નેનું ગાયન સાંભળ્યું રાજા અને વૈદર્ભી તેમના સંગીતથી આનન્દ પામ્યા. રૂકિમએ પૂછ્યું. "તમે કોણ છો?" તેઓએ કહ્યું, "અમે દેવ છીએ પણ દ્વારિકાની પ્રશંસા સાંભળી અમે દ્વારિકા, કૃષ્ણ અને કામદેવ સરખા પ્રધુમ્નને જોવા આવ્યા હતા. પાછા ફરતા અહીં આવી ચડયા તેવામાં દુર ખસો, દુર ખસો' તેવો લોકોનો અવાજ સંભળાયો. લોકો અને રાજા વગેરે સૌ નાસવા માંડયા. એક હાથી જે આવે તેને તોડતો, ભાંગતો આખા નગરમાં ભમી રહ્યો હતો. આ ચંડાલોએ તેને વશ કર્યો. રાજા પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો, "તમારે જે જોઇએ તે માગી લો." ચંડાલોએ કહ્યું, "આપતાં હોતો વૈદર્ભી આપો." રાજાને ક્રોધ ચડયો અને તેમને નગરની બહાર કઢાવી મૂકયા. ચંડાલો નગર બહાર ગયા પણ રાતે પ્રધુમ્ન વૈદર્ભીના આવાસમાં ગયો અને તેને કહ્યું. "તું ગભરાઈશ નહિ હું પ્રધુમ્ન છું." વૈદર્ભીએ તેને ઓળખ્યો અને ત્યાં જ ગાંધર્વ લગ્નથી દંપતી બન્યા, ભોગ ભોગવી પ્રધુમ્ન ચાલ્યો ગયો. વૈદર્ભી અતિ જાગરણ અને અતિશ્રમથી શ્રાન્ત થઇ સુઈ ગઈ અને મોડી ઊઠી. દાસીએ વૈદર્ભીની દશા રાજારાણીને કહી. રૂકિમ રાજા વૈદર્ભીને કહેવા લાગ્યો, "તું સાચું બોલ. તારા આવા ઢંગ કેમ છે? તું રાજપુત્રી થઈ દુરાચારિણી કેમ પાકી" તેણે કહ્યું, "તમારે જે કરવું હોય તે કરો. હું કાંઈ કહેવા માગતી નથી." રાજાને ક્રોધ ચડયો. તેણે નગર બહાર રહેલા પેલા બે ચંડાલોને બોલાવ્યા અને કહ્યું, "લઈ જાઓ આ મારી પુત્રીને" ચંડાલો તેને લઇ નગર બહાર નીકળ્યા રાજાનો ક્રોધ શમ્યો. તેનું હૃદય બળવા લાગ્યું અને મનમાં બબડવા લાગ્યો, "હું કેવો મૂર્ખ? જ્યારે રૂકિમણીએ આ પુત્રી પ્રધુમ્નને માટે માગી ત્યારે મેં ન આપી અને ક્રોધથી ચંડાલ સમ બની

ચંડાલને આપી." તેવામાં લોકોએ સમાચાર આપ્યા કે "સીમાડે શાંબ, પ્રદ્યુમ્ન અને વૈદર્ભી વિમાનમાં બેસી દ્વારિકા તરફ જવાની તૈયારી કરે છે." રાજા સામે ગયો અને સમજી ગયો કે આ બે ચંડાલ તે પ્રદ્યુમ્ન અને શાંબ." રાજા પ્રદ્યુમ્નને ઘેર લાવ્યો આદર સત્કાર કર્યો અને છેવટે દ્વારિકા રવાના કર્યા. ત્યાં જઈ પ્રદ્યુમ્ન રૂક્મિણીને પગે લાગ્યો અને કહ્યું, "તું જેને પુત્રવધૂ બનાવવા ઈચ્છતી હતી તે આ પુત્રવધૂ વૈદર્ભી."

શાંબ હમેશાં રમતાં રમતાં ભીરૂકને મારતો હતો અને જુગટું રમાડી તેની પાસેથી ઘણું ધન પડાવી લેતો હતો. એક દિવસ તેમ થવાથી ભીરૂક રડતો રડતો સત્યભામા પાસે આવ્યો, એટલે સત્યભામાએ જાંબની તે વર્તણૂક કૃષ્ણને જણાવી. કૃષ્ણે જાંબવતીને તે વાત કરી એટલે જાંબવતી બોલી. "મેં આટલા વખત સુધીમાં શાંબની ખરાબ વર્તણૂક વિષે કંઈ વખત સાંભળ્યું નથી અને તમે આ શું કહો છો?" કૃષ્ણે કહ્યું, "સિંહણ તો પોતાના પુત્રને સૌમ્ય માને છે. પણ તેના બાળકની ક્રીડા તો હાથીઓજ જાણે છે. અવસરે તારા પુત્રની ચેષ્ટા બતાવીશ."

તોફાની શાંબ

'ગોરસ લ્યો! ગોરસ લ્યો!' એમ બૂમ પાડતી એક ભરવાડણને શાંબે કહ્યું. "મારે ગોરસ જોઈએ છે" એમ કહી ભરવાડણને દેવાલય પાસે લાવ્યો. શાંબે કહ્યું. 'અંદર આવ.' ભરવાડણે કહ્યું, "હું અંદર નહિ આવું." શાંબે તેનો હાંથ પકડયો. ભરવાડે પાછળથી આવીને કહ્યું, "તું મારી સ્ત્રીને કેમ પકડે છે?" તત્કાળ કૃષ્ણ અને જાંબવતી પ્રગટ થયાં. અચાનક પોતાના માતા પિતાને જોઈ શાંબ મુખ સંતાડી નાસી ગયો. કૃષ્ણે આ પ્રમાણે શાંબની દુશ્ચેષ્ટા જાંબવતીને બતાવી. બીજે દિવસે કૃષ્ણે બળાત્કારે

શાંબને બોલાવ્યો ત્યારે તે એક કાષ્ઠનો ખીલો ઘડતો ઘડતો ત્યાં આવ્યો. કૃષ્ણે ખીલો ઘડવાનું કારણ પૂછ્યું ત્યારે તે બોલ્યો, "જે ગઈ કાલની મારી વાત કરશે તેના મુખમાં આ ખીલો નાખવો છે તેથી આ ખીલો ઘડું છું." આથી કૃષ્ણને ક્રોધ ચઢયો અને શાંબને નગર બહાર કાઢી મૂકયો.

સત્યભામાએ ભીરૂકને માટે પ્રયત્ન કરી નવાણુ કન્યાઓ મેળવી પછી સો પૂરી કરવા એક કન્યાની તપાસ કરવા લાગી. આ ખબર પ્રજ્ઞપ્તિ વિદ્યા વડે જાણી પ્રદ્યુમ્ને વિદ્યા બળથી એક મોટી સેના વિકુર્વી અને પોતે જિતશત્રુ નામે રાજા થયો. શાંબ દેવકન્યા જેવું રૂપ કરી તેની કન્યા બન્યો. એક વખતે સખીઓ સાથે ક્રીડા કરતી તે કન્યાને ભીરૂકની ધાત્રી-માતાએ દીઠી એટલે તે હકીકત ધાત્રીએ સત્યભામાને કરી. સત્યભામાએ દુત મોકલી જિતશત્રુ રાજા પાસે તેની માગણી કરી. જિતશત્રુ રાજાએ દૂતને કહ્યું, "જો સત્યભામા હાથે પકડીને મારી કન્યાને દ્વારિકા લઈ જાય અને વિવાહ વખતે ભીરૂકના હાથની ઉપર મારી કન્યાનો હાથ મૂકે, તો હું મારી કન્યા તેને આપું." સત્યભામાએ જિતશત્રુ રાજાની શરત સ્વીકારી તેની છાવણીમાં આવી. તે વખતે શાંબે પ્રજ્ઞપ્તિ વિદ્યાને કહ્યું, "આ સત્યભામા અને તેનો પરિજન મને કન્યારૂપે દેખે અને બીજા નગરજનો શાંબરૂપે એમ કર." એટલે પ્રજ્ઞપ્તિએ તેમ કર્યું. પછી સત્યભામાએ શાંબને દક્ષિણ હાથે પકડી દ્વારિકામાં પ્રવેશ કરાવ્યો. શાંબ સત્યભામાને મહેલે ગયો. ત્યાં તેણે કપટબુદ્ધિથી પાણીગ્રહણ સમયે ભીરૂકના દક્ષિણ કર ઉપર પોતાનો વામ કર રાખ્યો અને નવાણું કન્યાઓના ડાબા હાથ ઉપર પોતાનો જમણો હાથ રાખ્યો. તે રીતે શાંબે વિધિપૂર્વક અગ્નિની પ્રદક્ષિણા કરી. વિવાહ થઇ રહ્યા

પછી ભીરૂક વાસગૃહમાં ગયો, એટલે શાંબે ભ્રકુટી ચડાવી બીવરાવ્યો. જેથી તે નાસી ગયો. તેણે આવીને સત્યભામાને તે વાત કહી, પણ સત્યભામાએ માની નહિ. પછી પોતે જાતે આવી ત્યાં જોયું તો શાંબકુમાર ત્યાં બેઠેલો દીઠો. શાંબે સત્યભામાને પ્રણામ કર્યા એટલે તે બોલી. "તને અહીં કોણ લાવ્યું ?" શાંબ બોલ્યો, "માતા ! તમે જ મને હાથે પકડીને લાવ્યાં છો અને આ ૯૯ કન્યાઓ સાથે મારો વિવાહ પણ તમે જ કરાવ્યો છે. આ વિષે બધા દ્વારિકાના લોકો સાક્ષી છે." આ પ્રમાણે કહ્યું એટલે સત્યભામાએ ત્યાં આવતા નગરજનોને પૂછવા માંડયું. તેઓએ કહ્યું, "દેવી ! કોપ કરો નહિ. અમારી નજરે તમે શાંબને હાથ પકડી દ્વારિકા લાવ્યા છો અને તેનો જ આ કન્યાઓ સાથે તમે વિવાહ કરાવ્યો છે." આ પ્રમાણે લોકોની વાત સાંભળી સત્યભામા રોષથી ચાલી ગઈ. પછી કૃષ્ણે સર્વ લોકોની સમક્ષ તે કન્યાઓને શાંબની સાથે પરણાવી અને જાંબવતીએ મોટો ઉત્સવ કર્યો.

એક વખત શાંબે હસતાં હસતાં દાદા વસુદેવને કહ્યું. "તમે ઘણું રખડી રખડીને કન્યાઓ મેળવી અને હું વિના મહેનતે એકી સાથે નવાણું ઉઠાવી લાવ્યો." વસુદેવે કહ્યું. "તું નિર્લજ્જ છે. હું તો બાંધવનું દિલ ઊંચું દેખી નગર છોડી ચાલ્યો ગયો અને વૈભવપૂર્વક આવ્યો, તને તો તારા પિતાએ હાથ ખેંચી કાઢયો છતાં પાછો દોડયો આવ્યો." શાંબે દાદાની માફી માગી.

## પાંડવોની ઉત્પત્તિ અને દ્રૌપદી સ્વયંવર

ઋષભદેવ ભગવાનના વંશમાં ચિત્રવીર્ય થયો. તેને ધૃતરાષ્ટ્ર પાંડુ અને વિદુર નામે ત્રણ પુત્રો હતા. ધુતરાષ્ટ્ર રાજ્ય સંભાળતો હતો. તે શકુની રાજાની ગાંધારી વગેરે આઠ બહેનો પરણ્યો. તેથી તેને દુર્યોધન વગેરે સો પુત્રો થયા. પાંડુ કુન્તી અને માદ્રી નામની

બે સ્ત્રીઓ પરણ્યો. કુંતીથી તેને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન નામે ત્રણ પુત્રો થયા અને માદ્રીથી નકુલ અને સહદેવ નામે બે પુત્રો થયા.

એક વખત દ્રુપદ રાજાએ દ્રૌપદીનો સ્વયંવર રચ્યો. આ સ્વયંવરમાં, રામ, કૃષ્ણ, પાંડુ તેના પાંચ પુત્રો વગેરે ઘણા રાજાઓએ અને રાજકુમારો પધાર્યા. દ્રૌપદીએ પૂર્વભવના કર્મથી પ્રેરાઈને પાંચે પાંડવોના કંઠમાં વરમાળા નાખી. રાજાઓ અને રાજકુમારો આશ્ચર્ય પામ્યા અને બોલી ઊઠયા, " એક કુમારી ભર સભામાં પાંચ પતિને વરે એ મોટું કૌતુક છે.

દ્રૌપદીનો પૂર્વભવ

આ અરસામાં ચારણમુનિ પધાર્યા. તેમને રાજાઓએ પૂછ્યું, " આ દ્રૌપદી પાંચ પતિને કેમ વરી ? " મુનિ બોલ્યા તેમાં પૂર્વ-ભવ કારણ રૂપ છે. પૂર્વભવમાં આ દ્રૌપદી નાગશ્રી નામે સ્ત્રી હતી. તેણે મુનિને કડવું તુંબડું વહોરાવ્યું હતું અને તેથી તે મૃત્યુ પામી નરકમાં જઇ સાગરદત્ત શેઠને ત્યાં સુકુમારિકા નામે પુત્રી થઈ. તેને જિનદત્તના પુત્ર સાગર સાથે પરણાવવામાં આવી. સાગર તેનો સ્પર્શ કરતાં અગ્નિની પેઠે દાઝયો અને આવાસ છોડી નાઠો. આ પછી એક ભિખારીને સુકુમારિકા સોંપી પણ ભિખારી બોલ્યો, "હું ભીખ માગીશ પણ આનો તો સ્પર્શ નહિ કરૂં" પછી સુકુમારિકાએ દીક્ષા લીધી અને ઉગ્ર તપ આરંભ્યું. તપ દરમ્યાન એક વેશ્યાને પાંચ પુરુષોથી સેવાતી દેખી નિયાણુ બાંધ્યું કે "હું આ તપના પ્રભાવથી આવતા ભવમાં પાંચ પતિવાળી થાઉં. "સુકુમારિકા આલોચના વગર મૃત્યુ પામી આ દ્રૌપદી થઇ છે અને પૂર્વભવના નિયાણા મુજબ પાંચ પતિને વરી છે"

પાંડવોનો વનવાસ

પાંડુ રાજાના મૃત્યુ પછી યુધિષ્ઠિર રાજ્ય સંભાળવા લાગ્યો. પાંડુના મૃત્યુ પછી કૌરવો પાંડવોને ગણવા ન લાગ્યા અને કપટ જુગાર રમી તેમનું સર્વસ્વ હરણ કરી તેમને વનમાં કાઢયા. તેઓ ઘણા વરસ વનમાં ભટકી છેવટે પોતાના મોસાળમાં સમુદ્રવિજય રાજા પાસે ગયા.

## શ્રીકૃષ્ણનો રાજ્યાભિષેક

રાજગૃહ નગરમાં કેટલાક વેપારીઓ રત્નકંબલો લઈ ફરતા હતા. ફરતા ફરતા તેમને કોઇ જીવયશા પાસે લઇ આવ્યું. વેપારીઓએ કંબલો બતાવી. જીવયશાએ રત્નકંબલ અડધી કિમતે માગી. વેપારીઓએ કહ્યું, "અમે આ કૃષ્ણની દ્વારિકામાં વેચી હોત તો સારૂં. આના કરતાં ત્યાં પૈસા વધુ ઉપજતા હતા. છતાં વધુ લોભે તણાયા" જીવયશાનું ચિત્ત કંબલ પરથી ખસી દ્વારિકા અને કૃષ્ણના નામ પર ચોંટયુ. તેણે પૂછ્યું, "કોણ કૃષ્ણ? અને કઈ દ્વારિકા?" તેમણે કહ્યું વસુદેવ અને દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ દ્વારિકાના રાજા છે. આ દ્વારિકા જેવી સુંદર નગરી અમે ભૂતકાળમાં જોઈ નથી" આ સાંભળી જીવયશા જરાસંધ પાસે ગઈ અને કહેવા લાગી, "પિતાજી! કૃષ્ણ અને યાદવો જીવે છે અને વૈભવથી રાચે છે." જરાસંધે જીવયશાને કહ્યું, "હું હમણાંજ પ્રયાણ કરૂં છું અને શત્રુની ખબર લઉં છું" પછી ખંડીયા રાજાઓને ભેગા કરી જરાસંધે પ્રયાણ કર્યું. યાદવો અને જરાસંધ વચ્ચે ખૂનખાર જંગ ખેલાયો આ જંગમાં શિશુપાલ મરાયો અને કૃષ્ણના હાથે જરાસંધ મૃત્યુ પામ્યો જરાસંધના મૃત્યુબાદ શત્રુ સૈન્ય શરણે આવ્યું.

શંખેશ્વરા પાર્શ્વનાથ તીર્થ

જીતનું ઠેકાણું સેનપલ્લી હતું. તે યુદ્ધને અન્તે આનંદ

વર્તવાથી આનંદપુર નામે પ્રસિદ્ધ થયું. શ્રીકૃષ્ણે તેની નજીક શંખપુર નામનું નવીન નગર વસાવી ત્યાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર કરાવ્યું. તે મંદિર શંખેશ્વરા પાર્શ્વનાથના નામે પ્રસિદ્ધ થયુ પછી રહ્યું સહ્યું સમગ્ર ભરતાર્ધ કૃષ્ણે છ માસમાં જીતી લીધું અને કોટિ શિલા ઉપાડી. પછી શ્રીકૃષ્ણનો અર્ધચક્રીપણાનો અભિષેક રાજાઓએ કર્યો.

## પ્રભુ શ્રી અષ્ટનેમિ ચરિત્ર

શ્રી નેમિનાથ ભગવાન દ્વારિકામાં રામ, કૃષ્ણ, શિવાદેવી, સમુદ્રવિજય વગેરેને આનંદ પમાડતા વૃદ્ધિ પામવા લાગ્યા. આમ અનુક્રમે ભગવાન યૌવન વયને પામ્યા અને દશ ધનુષ્યની ઊંચાઇવાળા થયા. યૌવન વય પામેલા પ્રભુને માતાપિતા બાંધવો અને કૃષ્ણ-બળદેવ વગેરે સૌ પરણવાની પ્રાર્થના કરતા હતા પણ ભગવાન તે વાત ન સાંભળી હોય તેમ ગણકારતા ન હતા.

વૈરાગ્ય રસથી ભીંજાયેલ અંતઃકરણવાળા શ્રી નેમિકુમાર કૌતુક રહિત હતા, છતાં એક વખત મિત્રો સાથે ક્રીડા કરતા કરતા પ્રભુ કૃષ્ણવાસુદેવની આયુધશાળામાં ગયા ત્યાં કૌતુક દેખવાને ઉત્સુક થયેલા મિત્રોની વિનતીથી શ્રી નેમિકુમારે કૃષ્ણના ચક્રને આંગળીના અગ્રભાગ ઉપર કુંભારના ચાકડાની પેઠે ફેરવ્યું, ધનુષ્યને સહેલાઇથી નમાવ્યું, કૌમુદિકી નામની ગદાને લાકડીની પેઠે ઉપાડી પોતાના ખભા ઉપર રાખી, અને પાંચ જન્ય નામના શંખને પોતાના મુખ પર ધરી પૂર્યો (વગાડયો). તત્કાળ શંખનાદે આકાશ અને ભૂમિને પુરી દીધાં પર્વતોના શિખરો અને મહેલો કંપાયમાન થયા. કૃષ્ણ, રામ અને દશદશાર્હો

ક્ષોભ પામી ગયા. હાથીઓ બંધન સ્તંભોને ઉખેડી, સાંકળો તોડી ઘરોની પંક્તિને ભાંગતા નાસવા લાગ્યા, કૃષ્ણના ઘોડાઓ બંધનો તોડી અશ્વશાળામાંથી નાઠા; આખું શહેર બહેરૂં બની ગયું નગરજનો ત્રાસ પામ્યા અને શસ્ત્રશાળાના રક્ષકો મૃત થયા હોય તેમ પડી ગયા. આવા પ્રકારનો શંખ ધ્વનિ સાંભળી, "કોઈ શત્રુ ઉત્પન્ન થયો જણાય છે" એવા વિચારથી વ્યાકુળ ચિત્તવાળા કૃષ્ણ તુરત આયુધ શાળામાં આવ્યા. ત્યાં શ્રી નેમિકુમારને દેખી આશ્ચર્ય પામ્યા. પછી પોતાના ભુજાના બળની તુલના કરવા માટે કૃષ્ણે નેમિકુમારને કહ્યું, "હે બન્ધુ! આપણે બળની પરીક્ષા કરીએ." નેમિકુમારે તેમ કરવા સ્વીકાર્યું એટલે કૃષ્ણ નેમિકુમાર સાથે મલ્લના અખાડામાં આવ્યા. પ્રકૃતિથી દયાળુ એવા નેમિકુમારે વિચાર્યું કે "જો હું છાતીથી, ભુજાથી કે ચરણથી કૃષ્ણને દબાવીશ તો તેના શા હાલ થશે? તેથી જેવી રીતે તેને અનર્થ ન થાય, અને મારી ભુજાના બળને જાણે, તેવી રીતે કરવું યોગ્ય છે" આ પ્રમાણે વિચાર કરી નેમિકુમારે કૃષ્ણને કહ્યું; "વારંવાર પૃથ્વી પર આળોટવા વાળુ મલ્લયદ્ધ આપણને ન શોભે. છતાં બળની પરીક્ષા કરવી હોય તો એક બીજાના હાથ વાળવાનું રાખીએ" કૃષ્ણે વાત સ્વીકારી ને તુરત પોતાની ભુજા લાંબી કરી. કૃષ્ણે લાંબા કરેલા બાહુને નેમિકુમારે તો નેતરની લતાની પેઠે અથવા કમળના નાળચાની પેઠ લીલામાત્રમાં તુરત વાળી નાખ્યો. પછી નેમિકુમારે પોતાની વામ ભુજા ધરી રાખી. તે વખતે કૃષ્ણ તો વૃક્ષની શાખા જેવા શ્રી નેમિનાથ બાહુને વિષે વાંદરાની પેઠે લટકી રહ્યાં અને એ રીતે પોતાનું નામ હરિ (વાંદરો) યથાર્થ કર્યું.

કૃષ્ણે પોતાનું બળ ઘણી રીતે અજમાવ્યું, છતાં પ્રભુના ભુજા દંડને જરા પણ નમાવી શકયાં નહિં. છેવટે પ્રભુનો બાહુ સ્તંભ

છોડી કૃષ્ણ નેમિકુમારને આલિંગન દઇ આ પ્રમાણે બોલ્યા, "પ્રિય બન્ધુ ? જેમ બલભદ્ર મારા બળથી જગતને તૃણ સમાન માને છે, તેમ હું તમારા બળથી જગતને તૃણ સમાન માનું છું." એ પ્રમાણે કહી નેમિકુમારને વિસર્જન કર્યા પછી ચિંતાતૂર થઈ વિચારવા લાગ્યા, "આ મહાબલિષ્ઠ નેમિકુમાર મારા રાજ્યને લીલા માત્રમાં લઈ લેશે. ઘણાં કષ્ટો વેઠી મેળવેલા મારા રાજ્યનો ભોકતા તો એજ થશે. મૂર્ખ કેવળ કષ્ટના ભાગી થાય છે, પણ ફળતો બુદ્ધિમાન મેળવે છે; જુઓ, દાંત મુશ્કેલીથી ચૂર્ણ કરે છે અને જીભ ક્ષણમાં ગળી જાય છે. ત્યાર પછી કૃષ્ણ બલભદ્ર સાથે વિચારવા લાગ્યા, "વાસુદેવ હોવા છતાં વૃક્ષની શાખા સાથે લટકતા પંખીની પેઠે નેમિકુમારની ભુજા સાથે લટકી રહ્યો આવા મહાબલિષ્ઠ નેમિકુમાર આપણું રાજ્ય લઈ લેશે; માટે હવે શું કરવું ?" આ પ્રમાણે વિચાર કરે છે એવામાં આકાશમાં દેવવાણી થઈ કે, 'હે હરિ!' પૂર્વે શ્રી નેમિનાથ તીર્થંકરે કહ્યું હતું કે શ્રી નેમિનાથ બાવીશમા તીર્થંકર કુમારાવસ્થામાં જ દીક્ષા લેશે." આવી દેવવાણી સાંભળી કૃષ્ણ નિશ્ચિંત થયા.

એક વખત અંતઃપુરથી પરિવરેલા કૃષ્ણ નેમિકુમાર સાથે જલક્રીડા કરવા રૈવતાચલના ઉદ્યાનમાં ગયા. ત્યાં કૃષ્ણે પ્રેમથી પ્રભુને હાથે ઝાલી સરોવરમાં પ્રવેશ કરાવ્યો અને સુવર્ણની પીચકારીમાં કેશર મિશ્રિત જળ ભરી તે વડે પ્રભુને સિંચવા લાગ્યા. વળી કૃષ્ણે રૂકિમણી પ્રમુખ ગોપીઓને પણ કહી રાખ્યું હતું કે તમારે નેમિકુમાર સાથે નિશંકપણે ક્રીડા કરવી અને કોઇ પણ રીતે વિવાહ માટે સંમતિ મેળવવી. આ પ્રમાણે પોતાના પતિની આજ્ઞાથી ગોપીઓ પણ પ્રભુ સાથે ક્રીડા કરવા લાગી. કેટલીક સ્ત્રીઓ પ્રભુ ઉપર કેશર મિશ્રિત સુગંધી જળ છાંટવા લાગી

કેટલીક સ્ત્રીઓ પુષ્પોના દડાઓથી પ્રભુને વક્ષસ્થલમાં મારવા લાગી કેટલીક સ્ત્રીઓ હૃદયભેદી તીક્ષ્ણ કટાક્ષ બાણ ફેંકવા લાગી; અને કામકલાના વિલાસમાં ચતુર એવી કેટલીક સ્ત્રીઓ મશ્કરી વડે વિસ્મય પમાડવા લાગી. પછી તો બધી સ્ત્રીઓ એકઠી મળી પ્રભુને વ્યાકુળ કરવા માટે સુવર્ણાદિની પીચકારીઓમાં સુગંધી જળ ખૂબ ભરી ભરીને છાંટવા લાગી અને રમતમાં તન્મય બની ગયેલી સતત પરસ્પર હસવા લાગી. એટલામાં આકાશવાણી થઈ કે "હે સ્ત્રીઓ! તમે ભોળી છો, કેમકે આ પ્રભુને તો બાલપણમાં પણ ચોસઠ ઇંદ્રોએ યોજન પ્રમાણ પહોળા મુખવાળા મોટા હજારો કળશોથી મેરૂ પર્વત ઉપર અભિષેક કર્યો હતો, તો પણ તે પ્રભુ જરા પણ વ્યાકુળ થયા ન હતા; તો પછી તમે પ્રભુને કેમ વ્યાકુળ કરી શકશો?" પછી નેમિકુમાર પણ કૃષ્ણને તથા તે સર્વ ગોપીઓને જળ છાંટવા લાગ્યા તથા પુષ્પોના દડા મારવા લાગ્યા. એવી રીતે જળક્રીડા કરી રહ્યા બાદ સરોવરને કાંઠે આવી. શ્રી નેમિકુમારને સુવર્ણના સિંહાસન પર બેસાડી, બધી ગોપીઓ ચારે તરફથી ઘેરીને ઊભી રહી.

કૃષ્ણની પટરાણીઓએ પ્રભુને પરણાવા માટે મનાવવા કરેલા પ્રયત્નો.

તેઓમાંથી રૂકિમણી બોલી "હે નેમિકુમાર! અત્યંત સમર્થ એવા તમારા ભાઇ તો બત્રીશ હજાર સ્ત્રીઓ પરણ્યા છે, છતાં તમે આજીવિકા ચલાવવાના ભયથી ડરીને કાયર બની એક પણ કન્યા પરણતા નથી તે અયુક્ત છે; જો તમારી પત્નીનું ભરણપોષણ તમારાથી નહિ થાય તો જેમ તમારા ભાઈ પોતાની બત્રીશ હજાર સ્ત્રીઓનું ભરણપોષણ કરે છે. તેમ તમારી પત્નીનું ભરણપોષણ જરૂર કરશે; તેની ચિન્તા કરશો નહિ."

ત્યાર પછી સત્યભામા બોલી, "ઋષભદેવ વગેરે તીર્થંકરોએ

વિવાહ કર્યો હતો, રાજ્ય કર્યું હતું, વિષયો ભોગવ્યા હતા. તેમને ઘણા પુત્રો પણ થયા હતા અને તેઓ છેવટે મોક્ષપણ ગયા છે; પણ તમે તો આજ કોઈ નવા મોક્ષગામી થયા છો ! ખૂબ વિચાર કરો. મનોહર ગૃહસ્થપણાને જાણો અને લગ્ન કરી બાંધવોનાં મનને સ્વસ્થ કરો. તમે યોગ્ય સમયે ઈચ્છાનુસાર ખુશીથી બ્રહ્મચર્ય પાળજો, પણ અત્યારે અપ્રતિમ રૂપલાવણ્યથી ખીલી ઉઠેલા આ તમારા નવયૌવનને અરણ્યના પુષ્પની જેમ નિષ્ફળ ન ગુમાવો."

જાંબવતીએ કહ્યું, "હે કુમાર ! સાંભળો અને અમારાં કથનને ધ્યાનમાં લ્યો. પહેલાં તમારા જ વંશમાં વિભૂષણસમાન એવા મુનિ સુવ્રત નામના તીર્થંકર થઈ ગયા છે, તેઓ પણ ગૃહસ્થાવાસમાં રહી પુત્ર થયા પછી મોક્ષે ગયા છે. માટે તમે પણ વિવાહ કરો અને ગૃહસ્થાવાસ ભોગવ્યા પછી ઈચ્છા મુજબ કરજો." પદ્માવતીએ કહ્યું "ખરેખર આ જગતમાં સ્ત્રી વગરના પુરૂષની કાંઈ શોભા નથી. વાંઢા પુરૂષનો કોઈ વિશ્વાસ કરતું નથી. સ્ત્રી વિનાનો પુરૂષ ધૂર્ત ગણાય છે. માટે કાંઈ સમજો અને લગ્ન કરવાની અનુમતિ આપો." ગાંધારી બોલી, "ઘેર પધારેલા સગાંસંબંધીઓની પરોણાગત, ઉત્તમ માણસોનો મેળાવડો, પર્વના ઉત્સવ, ઘરનું કામકાજ, વિવાહનાં કૃત્યો, પોંખણું અને સભા વગેરે સ્ત્રી વગરનાં શોભતાં નથી." ગૌરીએ કહ્યું, "અજ્ઞાની પંખીઓ પણ આખો દિવસ પૃથ્વી પર ભટકી ભટકીને સાયંકાળે માળામાં પોતપોતાની સ્ત્રી સાથે સુખપૂર્વક રહે છે. શું તમે તે પંખીઓ કરતાં પણ મૂઢ દષ્ટિવાળા છો કે જેથી એક પણ સ્ત્રી અંગીકાર કરતા નથી." લક્ષ્મણા બોલી, "સર્વ અંગે સ્નાનાદિ શોભા કરવામાં વિચક્ષણ, પ્રેમરસથી મનોહર, વિશ્વાસનું પાત્ર અને દુઃખમાં સહાય કરનાર એવું પ્રિયા વગર બીજુ કોણ છે? સુસીમાએ કહ્યું "ઘેર પધારેલ પરોણા અને મુનિરાજાની સેવાભક્તિ

સ્ત્રી વગર બીજું કોણ કરે ? અને સ્ત્રી વગરનો પુરૂષ શોભા શી રીતે પામે ? માટે હે દિયર ! સમજો, સમજો અને પરણીને ગૃહસ્થાવાસ શોભાવો" આવી રીતની બીજી પણ ગોપીઓની વાણીની યુક્તિઓથી અને યદુઓના આગ્રહથી મૌન રહેલા પ્રભુને જરા હસતા મુખથી જોઇ અનિષિદ્ધમ્ અનુમતમ્ એટલે નિષેધ કર્યો નહિ માટે માન્યું છે એવા ન્યાયથી તે ગોપીઓએ હર્ષિત થઇ ઊંચે સ્વરે ઉદ્‌ઘોષણા કરી કે 'નેમિકુમારે લગ્ન કરવાનું સ્વીકાર્યું" ત્યાર પછી કૃષ્ણવાસુદેવે ઉગ્રસેન રાજા પાસે જઈ નેમિકુમાર માટે તેની પુત્રી રાજીમતીનું માગું કર્યું ઉગ્રસેને ઘણા જ હર્ષથી તે સ્વીકાર્યું. કૃષ્ણે તુરત સમુદ્રવિજય પાસે આવી તે ખબર આપ્યા. તે સાંભળી ખુશી થયેલા મહારાજા સમુદ્રવિજય બોલ્યા, "હે વત્સ ! તમારી પિતૃભક્તિ અને ભ્રાતૃવાત્સલ્ય જોઈ મને ઘણો હર્ષ થાય છે. વળી તમે નેમિકુમારને વિવાહ કરવાનું કબૂલ કરાવી અમારી હમેશાંની ચિંતા દૂર કરી છે" પછી મહારાજા સમુદ્રવિજયે જ્યોતિષીને બોલાવી લગ્નનો શુભ દિવસ પૂછયો. જ્યોતિષી બોલ્યો, "હે મહારાજા ! વર્ષાકાળમાં બીજાં પણ શુભ કાર્યો કોઇ કરતું નથી. તો પછી ગૃહસ્થોનું મુખ્ય કાર્ય જે વિવાહ તેની તો વાત જ શી કરવી ?" સમુદ્રવિજય બોલ્યા, "હે જ્યોતિષી ! આ વખતે જરાપણ કાલક્ષેપ કરવો યોગ્ય નથી, કારણ કે કૃષ્ણે ઘણી મહેનતે નેમિકુમારને વિવાહ માટે મનાવ્યા છે; માટે વિવાહમાં વિઘ્ન ન થાય એવો નજીકનો દિવસ હોય તે કહો" જોષીએ શ્રાવણ સુદ છઠનો દિવસ કહ્યો. પછી એ તિથિ ઉગ્રસેન રાજાને પણ કહેવરાવી. બન્ને ઠેકાણે વિવાહ યોગ્ય સામગ્રીઓ તૈયાર થવા લાગી. કૃષ્ણે આખા શહેરને શણગારી સ્વર્ગ સમાન સુશોભિત બનાવી દીધું. લગ્નને દિવસે શ્રી નેમિકુમારને ઉગ્રસેનને ઘેર લઈ જવાને તૈયાર કર્યા. ઉત્તમ શંગાર યુક્ત બનેલા

પ્રભુ શ્વેત અશ્વવાળા રથ ઉપર આરૂઢ થયા. પ્રભુને મસ્તકે ઉત્તમ છત્ર ધરવામાં આવ્યુ. બન્ને પડખે ચામરો વીંઝાવા લાગ્યા. અશ્વોના હણહણાટથી દિશાઓને ગજાવી રહેલા કુમારો પ્રભુની આગળ ચાલ્યા. બન્ને પડખે રાજાઓ હાથી ઉપર બેસી ચાલવા લાગ્યા. પછવાડે સમુદ્રવિજયાદિ દશાર્હો, કૃષ્ણ, બલભદ્ર વગેરે પરિવાર હતો ત્યારબાદ મહામૂલ્યવાળી પાલખીઓમાં બેસી શિવાદેવી માતા, સત્યભામા વગેરે અંતઃપુરની સ્ત્રીઓ તથા બીજી સ્ત્રીઓ મંગળગીત ગાતી ગાતી ચાલી આવી રીતે મોટી સમૃદ્ધિયુક્ત બનેલા શ્રી નેમિકુમારે આગળ ચાલતા સારથીને પૂછ્યુ, "મંગલના સમુહથી વ્યાપ્ત આ સફેદ મહેલ કોનો છે ? "સારથીએ કહ્યું, " કૈલાસના શિખર જેવો સફેદ મહેલ આપના સસરા ઉગ્રસેન રાજાનો છે, અને આપની પત્ની રાજીમતીની ચંદ્રાનના તથા મૃગલોચના નામની સખીઓ પરસ્પર વાતચીત કરી રહી છે. તે વખતે શ્રી નેમિકુમારને જોઈ મૃગલોચનાએ ચંદ્રાનના કહ્યું, " હે ચંદ્રાનના ! સ્ત્રી વર્ગમાં એક રાજીમતી જ પ્રશંસા યોગ્ય છે, કારણ કે તેને આવો સુંદર વર પરણશે,, ત્યારે ચંદ્રાનના મૃગલોચનાને કહેવા લાગી, " હે સખી ! વિજ્ઞાનને વિષે ચતુર એવો વિધાતા આવા અદ્ભૂત રૂપથી મનોહર એવી રાજીમતીને બનાવી જો આવા ઉત્તમ વરની સાથે તેનો મેળાપ ન કરાવે તો તે શી પ્રતિષ્ઠા પામે ?"

વાજીંત્રોના શબ્દ સાંભળી રાજીમતી પણ માતાના ઘરમાંથી સખીઓ પાસે આવી અને બોલી, " હે સખીઓ ! આડંબર સહિત આવતા કોઈ વરરાજાને જેમ તમે જોઇ રહી છો તેમ શું હું પણ જોવા ન પામું । એ પ્રમાણે કહી બળથી તે બન્ને સખીઓની વચ્ચે ઊભી રહી. સ્વાભાવિક સૌન્દર્યથી શોભી રહેલા અને રત્નજડિત આભૂષણોથી દેદીપ્યમાન બનેલા નેમિકમારને જોઈ રાજીમતી આશ્ચર્ય

સહિત વિચારવા લાગી, "શું આ પાતાલકુમાર છે? અથવા શું શાક્ષાત્ કામદેવ છે? અથવા શું સુરેન્દ્ર છે?, અથવા શું મારા પુણ્યનો સમૂહ આ મૂર્તિમાન થઈને આવ્યો છે? જે વિધાતાએ સૌભાગ્ય પ્રમુખ ગુણોથી ભરેલા આવા અનુપમ વરને બનાવ્યો છે, તે વિધાતાના હાથનું હું હર્ષથી લુંછણું કરૂં છું. આવી રીતે નેમિકુમાર સાથે એકી ટસે જોઇ રહેલી રાજીમતીનો અભિપ્રાય જાણી મૃગલોચનાએ પ્રીતિપૂર્વક હાસ્યથી કહ્યું. "ચંદ્રાનના ! જોકે આ વર ગુણોથી સંપૂર્ણ છે. છતાં તેમાં એક દુષણતો છે જ; પણ વરની અર્થી એવી રાજીમતીના સાંભળતાં તે કહી શકાય નહિ" ત્યારે ચંદ્રાનના બોલી કે, "સખી મૃગલોચના ! મેં પણ તે જાણ્યું છે, પરન્તુ અત્યારે તો મૌન જ ઉચિત છે" આવી રીતે પોતાની જ ઉપર હાંસી કરતી સખીઓની વાત સાંભળી લજ્જાએ કરી પોતાનું મધ્યસ્થપણું દેખાડતી બોલી, "હે સખીઓ ! જગતમાં અદ્ભૂત ભાગ્ય વડે ધન્ય એવી કોઈ પણ કન્યાનો આ ભર્તાર હો, પરન્તુ સમગ્ર ગુણો વડે સુંદર એવા આ વરમાં દુષણ કાઢવું એ તો દુધમાંથી પોરા કાઢવા જેવું છે જેમ ક્ષીર સમુદ્રમાં ખારાશ, કલ્પવૃક્ષમાં દુર્ગંધ, સૂર્યમાં અન્ધકાર, સુવર્ણમાં શ્યામતા, લક્ષ્મીમાં દારિદ્ર અને સરસ્વતીમાં મૂર્ખતા કદાપિ સંભવે નહિ, તેમ અનુપમ વરરાજામાં એક પણ દુષણ સંભવતું જ નથી તે સાંભળી બન્ને સખીઓ વિનોદપૂર્વક બોલી, "હે રાજીમતિ! પ્રથમ તો વર ગૌરવર્ણવાળો જોવાય, બીજા ગુણો તો પરિચય થયા પછી જણાય; પણ આ વરમાં તો તે ગૌરપણુ કાજળન રંગ જેવું દેખાય છે આ વર સર્વ ગુણ સંપન્ન હોવા છતાં તેમાં રહલું શ્યામતા રૂપી એક દુષણ તેના બધા ગુણોને ઢાંકી દે છે." તે સાંભળી રાજીમતી બન્ને સખીઓ પ્રતે ઈર્ષાસહિત બોલી. "હે સખી! આજ સુધી મને

ભ્રમ હતો કે તમે મહાચતુર અને ડહાપણવાળી છો, પણ મારો તે ભ્રમ અત્યારે ભાંગી ગયો છે; હવે તમે સાવધાન થઈને સાંભળો શ્યામપણામાં અને શ્યામવસ્તુનો આશ્રય કરવામાં ગુણ રહેલો છે, તથા ગૌરપણામાં તો કેવળ દોષ રહેલો છે; કેમ કે ભૂમિ, ચિત્રવેલી, અગર, કસ્તુરી, મેઘ, આંખની કીકી, કેશ, મશી અને રાત્રિ; એ સર્વ વસ્તુઓ શ્યામ રંગની છે, પણ મહા ફળવાળી છે, નેત્રમાં કીકી કપુરમાં અંગારો ચન્દ્રમાં ચિન્હ, ભોજનમાં મરી અને ચિત્રમ રેખા; એ સર્વે કીકી પ્રમુખ શ્યામ પદાર્થો નેત્રાદિ પદાર્થોને ગુણના હેતુભૂત છે. વળી કેવળ ગૌરપણામાં અવગુણ રહેલા છે દા. ત. લવણ ખરૂં છે, હિમ દહન કરે છે, અતિ સફેદ શરીરવાળો રોગી હોય છે અને ચૂનો પરવશ ગુણવાળો છે"

પશુઓનો આર્તસ્વર સાંભળી નેમિનાથનુ પાછા ફરવું

અહીં નેમિનાથે આવતાં આવતાં પ્રાણીઓનો કરૂણ સ્વર સાંભળ્યો. તેથી તેમણે સારથિને પૂછ્યું, "આ શું સંભળાય છે?" સારથિએ કહ્યુ, "આ તમારા વિવાહમાં ભોજનને માટે વિવિધ પ્રાણીઓ લાવેલા છે. મેંઢા વગેરે ભૂમિચરો, તેતર વગેરે ખેચરો અને ગામડાનાં તથા અટવીનાં પ્રાણીઓ અહીં ભોજન નિમિત્તે પંચત્વ પામશે. તેઓને રક્ષકોએ વાડામાં પૂરેલાં છે, તેથી તેઓ ભયથી પોકાર કરે છે, કારણ કે સર્વ જીવોને પ્રાણવિનાશનો ભય મોટામાં મોટો છે." પછી દયાવીર નેમિપ્રભુએ સારથિને કહ્યું, "જ્યાં એ પ્રાણીઓ છે ત્યાં મારો રથ લઈ જા." સારથીએ તત્કાળ તેમ કર્યું એટલે પ્રભુએ પ્રાણનાશના ભયથી ચકિત થઇ ગયેલાં વિવિધ પ્રાણીઓ ત્યાં જોયાં. કોઈને દોરડાથી ગ્રીવામાં બાંધેલાં હતાં, કોઈને પગે બાંધ્યાં હતાં, કોઈ ને પાંજરામાં પૂર્યા હતા અને કોઇને પાશમાં નાખેલાં હતાં. ઊંચા મુખવાળાં, દીન નેત્રવાળાં અને

કંપતા શરીરવાળાં પ્રાણીઓએ નેમિનાથ પ્રભુને જોઇ "પાહિ પાહિ રક્ષણ કરો, રક્ષણ કરો" એમ પોતપોતાની ભાષામાં બોલ્યાં. તે સાંભળી પ્રભુએ સારથિને આજ્ઞા કરી તેઓને છોડાવી મૂકયાં. તે પ્રાણીઓ પોતપોતાનાં સ્થાનમાં ચાલ્યાં ગયાં એટલે પ્રભુએ પોતાના રથને પોતાના ઘર તરફ વળાવ્યો.

વિવાહ માટે આગ્રહ કરતા શિવાદેવીને પ્રભુએ આપેલો ઉત્તર

આ વખતે નેમિકુમારને પાછા વળતા જોઈ સમુદ્ર વિજય, શિવાદેવી પ્રમુખ સ્વજનોએ તુરત રથને જતો અટકાવ્યો અને શિવાદેવી માતા આંખમાં આંસુ લાવી કહેવા લાગ્યાં, "હે જનની વલ્લભ વત્સ! હું પ્રાર્થના કરૂં છું કે તું કોઇ રીતે વિવાહ કરી અને વહુનું મુખ દેખાડ. મારી લાંબા વખતની ઇચ્છા પૂરી કર" ત્યારે નેમિકુમાર બોલ્યા, "હે માતાજી? તમે એ આગ્રહ મૂકી દો મારું મન મનુષ્ય સંબંધી સ્ત્રીઓને વિષે નથી, પણ મુક્તિ રૂપી સ્ત્રીનો સંગમ કરવા ઉત્કંઠાવાળુ અને આસક્ત થયેલું છે: કેમકે જે સ્ત્રીઓ રાગીને વિષે પણ રાગ રહિત છે તે સ્ત્રીઓને કોણ સેવે? પણ મુક્તિ રૂપી સ્ત્રી કે જે વિરાગીને વિષે રાગવાળી છે તેની હું ઇચ્છા કરું છુ."

રાજીમતીનો વિલાપ

આ ખબર સાંભળી રાજીમતી મૂર્છા ખાઈ પૃથ્વી ઉપર ઢળી પડી. તત્કાલ ભય પામેલી સખીઓ શીતલ જલથી સિંચન કરવા લાગી, પંખાથી પવન વીંજવા લાગી અને ચંદન રસથી વિલેપન કરવા લાગી. તેથી મહામુશ્કેલીએ રાજીમતી શુદ્ધિમાં આવીને બેઠી થઈ અને નેત્રમાંથી ચોધાર અશ્રુ વરસાવતી મોટા સ્વરે વિલાપ કરવા લાગી, "હે યાદવ કુળમાં સૂર્યસમાન! હે કરુણાનિધિ! મને અહિં છોડીને આપ કયાં ચાલ્યા? જો આપના જેવા ટેકીલા

મહાશયો પણ કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરશે, તો જરૂર સમુદ્ર પણ મર્યાદા મૂકી દેશે." વળી પોતાના હૃદયને કહેવા લાગી, "અરે! કઠોર અને નિર્લજ્જ હૃદય! જ્યારે આપણા સ્વામી અન્યત્ર રાગ વાળા થયા છે, ત્યારે તું હજુ પણ જીવે છે? વળી નીસાસા મૂકતી રાજીમતી પોતાના સ્વામીને ઉપાલંભ સહિત કહેવા લાગી "હે ધૂર્ત! સમગ્ર સિદ્ધોએ ભોગવેલી મુક્તિ રૂપી ગણિકામાં જો તમે આસક્ત હતા, તો પછી આવી રીતના વિવાહના આરંભથી તમે મને શા માટે વિડંબના કરી?"

રાજીમતીનો આવો હૃદયભેદક વિલાપ સાંભળી સખીઓ બોલી, "હે સખી? લોક પ્રસિદ્ધ એક વાત છે તે સાંભળ. જે શ્યામ હોય છે તે ભાગ્યે જ સરળ હોય છે, કદાપિ કોઈ શ્યામ સરળ હોય તો સમજવું કે વિધાતાએ ભૂલથી તેને સરળ કર્યો છે, બાકી મોટે ભાગે શ્યામળા કપટી જ હોય છે. આવા પ્રીતિ રહિતને વિષે તમે પ્રેમભાવ કેમ કરો છો? તમારે તેની સાથે શો સંબંધ છે? સ્નેહ વગરના, વ્યવહારથી વિમુખ, જંગલી પ્રાણીઓની જેમ ઘરે છતાં ગૃહવાસમાં બીકણ, દાક્ષિણ્ય વગરના અને સ્વેચ્છાચારી એવા નેમિકુમાર કદિ ચાલ્યા ગયા તો ભલે ગયા. આપણને તેના આવા સ્વભાવની પહેલેથી ખબર પડી તે ઠીક થયું. જો કદિ એ તમને પરણીને મમતા રહિત થયા હોત તો પછી કૂવામાં ઉતારીને દોર કાપવા જેવું થાત. તમે નેમિકુમારને માત્ર સંકલ્પથી જ અપાયા હતા, તેથી જ્યાં સુધી તેમણે તમારું પાણિગ્રહણ કર્યું નથી ત્યાં સુધી તમો કન્યારૂપ જ છો, માટે તમે આટલો બધો ખેદ કેમ કરો છો? પ્રીતીને વિષે તત્પર એવો કોઈ બીજો પતિ તમારા માટે શોધી કાઢીશું." સખીઓનાં આવાં વચન સાંભળી રાજીમતી પોતાના બન્ને કાન ઢાંકી કહેવા લાગી. "તમે મને ન સાંભળવ.

લાયક વચનો કેમ સંભળાવો છો! મારા પવિત્ર કુળને કલંક લાગે એવાં અને કુલટાના કુળને છાજે એવાં વચનો બોલી મને શા માટે દુ:ખી કરો છો? કદાચ સૂર્ય પશ્ચિમમાં ઊગે, સમુદ્ર માઝા છોડે અને પૃથ્વી પાતાલમાં પેસી જાય, તો પણ હું નેમિકુમાર સિવાય બીજો પતિ નહિ કરૂં. હું મન વચનથી તેમને વરી ચૂકી છું" વળી તે રાજીમતી નેમિકુમારને કહેવા લાગી, "આપ ઘેર આવેલા યાચકોને તેઓની ઈચ્છા ઉપરાંત આપો છો, પણ પ્રાર્થના કરતી એવી મે તો મારા હસ્ત ઉપર આપનો હસ્ત પણ ન મેળવ્યો." હવે વિરકત થયેલી રાજીમતી બોલી, "ત્રૈલોકય શ્રેષ્ઠ એવા શ્રી નેમિકુમારનો હસ્ત લગ્નમહોત્સવમાં તો મારા હસ્ત પર ન આવ્યો, તો પણ મારા દીક્ષામહોત્સવ સમયે તો તેમનો હસ્ત વાસક્ષેપ કરવા વડે મારા મસ્તક પર અવશ્ય થશે."

વિવાહ માટે સમુદ્ર વિજયનો આગ્રહ-પ્રભુનો ઉત્તર

હવે પરિવાર સહિત સમુદ્ર વિજય રાજા નેમિકુમારને કહેવા લાગ્યા, "હે વત્સ! એવો કોઈ નિશ્ચયવાદ નથી કે ન પરણેલાજ મોક્ષે જાય; કેમ કે પૂર્વે થઈ ગયેલા ઋષભાદિ તીર્થંકરો પણ વિવાહ કરી, ભોગ ભોગવીને પછી દીક્ષા સ્વીકારી મોક્ષે ગયા છે; તો તમારૂં બ્રહ્મચારીનું શું તેઓ કરતાં પણ ઊંચુ પદ થશે? શું પરણેલા મોક્ષે જતા નથી? માટે હે પિતૃવલ્લભ! અત્યારે વિવાહકરી અમારા મનોરથ પૂરા કર" તે સાંભળી નેમિનાથ પ્રભુ બોલ્યા, "ઋષભદેવાદિ તીર્થંકરોને ભોગાવલી કર્મો ભોગવવા માટે વિવાહ કરવો પડયો હતો, પણ મારાં ભોગાવલી કર્મો ક્ષિણ થયાં છે. વળી અનંતા જંતુઓનો સંહાર કરનારા અને સંસારને દુ:ખરૂપ કરનારા એવા એક સ્ત્રીના વિવાહ માટે આપ શા માટે આગ્રહ કરો છો?"

પ્રભુને દીક્ષા લેવાને એક વરસ બાકી રહ્યું ત્યારે પોતાના શાશ્વત આચાર પ્રમાણે પ્રભુને દીક્ષાનો અવસર જણાવવા માટે લોકાંતિક દેવોએ પ્રભુને કહ્યું, "હે સમૃદ્ધિશાલી! આપ જય પામો, જય પામો. હે કલ્યાણવંત! આપ જય પામો, જય પામો. હે કામદેવને જીતનારા અને સમસ્ત જંતુઓને અભયદાન દેનારા પ્રભુ! આપ જયવંતા વર્તો, અને હંમેશાંના મહોત્સવ માટે આપ ધર્મતીર્થ પ્રવર્તાવો."

દીક્ષા

પોતાનો દીક્ષા કાળ નજીક જાણી પ્રભુએ વાર્ષિકદાન આપ્યું. પછી ઉત્તરકુરૂ શિબિકામાં આરૂઢ થઈ રૈવતગિરિના સહસ્રામ્રવનમાં પધાર્યા અને શ્રાવણ સુદ છઠના દિવસે, ચિત્રા નક્ષત્રમાં એક હજાર રાજાઓની સાથે દીક્ષા લીધી. છઠ તપનું પારણું વરદત્ત બ્રાહ્મણને ત્યાં ક્ષીરાન્નથી કર્યું. પંચદિવ્ય પ્રગટ થયાં. વરદત્તે પારણાના સ્થાને રત્નપીઠીકા રચાવી. પછી બાલબ્રહ્મચારી નેમિપ્રભુએ ત્યાંથી અપ્રતિબદ્ધપણે જગતમાં વિહાર આરંભ્યો

રથનેમિનો વૃત્તાન્ત

શ્રી નેમિનાથ પ્રભુએ દીક્ષા લીધા પછી તેમનો અનુજબંધુ રથનેમિ રાજીમતીને જોઈ કામાતુર થયો. તેથી તે હંમેશાં રાજીમતીને અપૂર્વ વસ્તુઓ મોકલવા લાગ્યો. રાજીમતી એમ માનતી હતી કે રથનેમિ વડીલબંધુના સ્નેહને લીધે મારી ઉપાસના કરે છે અને રથનેમિ એમ માનતો કે રાજીમતી મારા ઉપરના રાગને લીધે મારી સેવા સ્વીકારે છે. શુભ આશયથી રાજીમતી તેને ઘેર જતી હતી ત્યારે રથનેમિ ભોજાઈની મશ્કરી કરતો. એક વખત તેઓ એકાંતમાં હતાં ત્યારે રથનેમિએ કહ્યું, "હું તને પરણવા તૈયાર છું છતાં તું શા માટે વૃથા યૌવન ગુમાવે છે? મારો ભાઈ તો ભોગથી અજ્ઞાત

હતો માટે તને તરછોડી. પણ હું તો તારા પર રાગવાળો છું."
આ સાંભળી રાજીમતીએ તેને ઘણો બોધ આપ્યો, પણ મદિરા પીધેલાની પેઠે તેના પર બોધની કંઇ અસર થઇ નહિ. એક વખત રાજીમતીએ તેને સમજાવવા માટે કંઠ સુધી દુધનું પાન કરી, રથનેમિ પાસે સુવર્ણ થાળ મંગાવી, મીંઢળ, ખાઈ, તેમાં વમન કર્યું. પછી રથનેમિને કહ્યું, "આ તમે પી જાઓ" ત્યારે રથનેમિએ કહ્યું, "શું હું શ્વાન છું?" રાજીમતીએ કહ્યું, "તારા વડીલબંધુએ મને વમન કરી છે તો મારો ઉપભોગ કરવાને કેમ ઇચ્છે છે?" તે સાંભળી રથનેમિ લજવાયો અને તેણે રાજીમતીની આશા છોડી દીધી.

શ્રી નેમિ પ્રભુને કેવળ જ્ઞાન

જગતના સર્વ જીવો પર સમદષ્ટિ રાખતા ભગવાને છદ્મસ્થ કાળમાં ચોપન દિવસ વીતાવ્યા પછી રૈવતગિરિના સહસ્રામ્રવનમાં પધાર્યા અને એક વૃક્ષની નીચે અઠમ તપ કરી કાઉસગ ધ્યાને રહ્યા. અહીં ઘાતીકર્મનો ક્ષય થતાં, આસો વદ અમાવાસ્યાના દિવસે, ચિત્રા નક્ષત્રમાં, પ્રભુને કેવળજ્ઞાન થયું. દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ કરી સમવસરણની રચના કરી. પ્રભુ પૂર્વદ્વારથી પ્રવેશી, એકસોવીસ ધનુષ્ય ઊંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દઈ, 'નમો તિત્થસ્સ' કહી, પૂર્વાભિમુખે સિંહાસન ઉપર આરૂઢ થયા. શ્રીકૃષ્ણ પરિવાર સહિત સમવસરણમાં આવ્યા અને ભગવાનને વાંદી, ઈન્દ્રની પાછળ બેઠા. દેશના પૂરી થયા બાદ શ્રીકૃષ્ણે રાજીમતિના રાગનું કારણ પૂછ્યું. ભગવાને પોતાનો તેની સાથેનો આઠ ભવનો સંબંધ કહ્યો.

તીર્થ સ્થાપના

વરદત્તકુમારે બે હજાર કુમારો સાથે દીક્ષા લીધી. વરદત્ત વગેરે ભગવાનના અગિયાર ગણધર થયા. યક્ષિણી. વગેરે સાધ્વીઓ થઇ.

વાસુદેવ, બળદેવ, શિવાદેવી, દેવકી વગેરે શ્રાવકવ્રતનો સ્વીકાર કરી શ્રાવક શ્રાવિકા થયાં. આમ ચતુર્વિધસંઘની સ્થાપના થઈ પ્રભુના શાસનમાં ગોમેધ નામે યક્ષ શાસનદેવ થયો અને અંબિકા નામે શાસનદેવી થઇ.

## દ્રૌપદી હરણ

એક વખત નારદે પાંડવોની સભામાં બરાબર યોગ્ય સત્કાર નહિ થવાથી ધાતકીખંડની અપરકંકા નગરીના પદ્મોતર રાજા પાસે દ્રૌપદીનું હરણ કરાવ્યું ત્યારે પાંડવોએ કૃષ્ણની મદદ માગી. કૃષ્ણ લવણસમુદ્રના સુસ્થિત દેવનું આરાધન કરી, તેની મદદથી સમુદ્ર ઉતરી, અમરકંકા ગયા. ત્યાં પ્રથમ પાંડવો એકલા તે રાજા સાથે યુદ્ધ કરવા ગયા પણ તેમને તો તે રાજાએ ક્ષણવારમાં હરાવી દીધા. પછી કૃષ્ણે ફક્ત શંખનાદથી અને ધનુષ્યના ટંકારથી તેને હરાવી નસાડી મૂકયો પરાભવ પામેલો તે રાજા દ્રૌપદીને શરણે ગયો. ત્યારે તેણે કહ્યું, "સ્ત્રીનો વેશ લઈ, તું મને આગળ કરીને, સોંપી, માફી માગીશ, તો જીવીશ." પછી તેણે તેમ કર્યું. ત્યાં ધાતકી ખંડમાં, મુનિ સુવ્રત સ્વામીના સમવસરણમાં કપિલ વાસુદેવ બેઠા હતા. તેમણે કૃષ્ણનો શંખનાદ સાંભળી પ્રભુને પૂછયું, હે સ્વામી! અમારા જેવો શંખનાદ કોનો." પ્રભુએ કહ્યું, "કૃષ્ણ વાસુદેવનો" કપિલે પૂછયું, "એકસ્થાને બે વાસુદેવ હોય ?" ભગવાને કહ્યું, "એક સ્થાને બે તીર્થંકર, બે ચક્રવર્તી તેમજ બે વાસુદેવ હોય નહિ, પણ પદ્મોત્તર રાજા દ્રૌપદીનું હરણ કરી લાવ્યો છે તેથી તેને લેવા સારૂ કૃષ્ણ આવ્યા છે." કપિલનો વિચાર કૃષ્ણનું આતિથ્ય કરવાનો હતો પણ પ્રભુએ જણાવ્યું કે બે વાસુદેવ એક ઠેકાણે ભેગા થાય જ નહિ. પછી કૃષ્ણ સમુદ્રમાં ઘણે દુર ગયા ત્યારે તે રાજાએ સમુદ્ર કિનારે આવી શંખનાદ કરી જણાવ્યું, "હું તમને મળવા આવું

છું માટે પાછા વળો" કૃષ્ણે શંખનાદથી જણાવ્યુ, "અમે ઘણે દુર ગયા છીએ, તેથી પાછા વળવું અશકય છે."

દ્રૌપદીને લઇ આવતા પાંડવોને કૃષ્ણે કહ્યું, "હું સુસ્થિતદેવની વિદાય લઈ આવું છું. તમે જાઓ." પછી પાંડવો ગંગા ઉતરી વિચારવા લાગ્યા, "કૃષ્ણનું બળ કેટલું છે તે જોઇએ" એમ વિચારી જે નાવમાં આવ્યા હતા તે નાવ પાછું ના મોકલ્યું. શ્રી કૃષ્ણ તરી સામે આવ્યા અને પાંડવોને પૂછયું. "તમે નાવમાં આવ્યા કે તરીને?" તેમણે કહ્યું, "નાવમાં." કૃષ્ણે પૂછયું, "નાવ પાછું કેમ ન મોકલ્યું?" તેમણે કહ્યું. "તમારા બળની પરીક્ષા કરવા" કૃષ્ણે કહ્યું, "અરે મૂર્ખો! અત્યાર સુધી જરાસંધ જોડે લડતાં અને દ્રૌપદીને પાછી લાવતાં મારૂં બળ જોયું નહિ?" પછી લોહ દંડ વડે પાંડવોનો રથ ભાંગીનાખી તેમને દેશપાર કર્યા અને તેમની ગાદીએ અભિમન્યુના દિકરા પરીક્ષતને બેસાડયો. પછી કુન્તીએ જઇ કૃષ્ણને વિનંતી કરી આથી વાસુદેવે પાંડવોને પૂર્વ સમુદ્રના તટ ઉપર વસવાની રજા આપી. પાંડવો ત્યારબાદ પાંડુ મથુરા વસાવી રહ્યા.

## તીર્થ સ્થાપના પછીના પ્રસંગો
## દેવકીને છ પુત્રનો મેળાપ

નેમિનાથ ભગવાન વિહાર કરતા ભદ્રિપુર નગરમાં આવ્યા. ત્યાં દેવકીજીના છ પુત્રો જે સુલસાને ઘેર મોટા થયા હતા તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી. તેઓ દીક્ષા લઈ દ્વારકા આવ્યા ત્યાં બબ્બે જણ જોડે વહોરવા જતાં, દેવકીજીને ઘેર ત્રણે જોડાં એક પછી એક ગોચરી લેવા આવ્યા. છએનું રૂપ કૃષ્ણના સરખું હોવાથી દેવકીજી પૂછવા લાગ્યાં, "મહારાજ! આપ ભૂલા પડયા છો?" તેમણે કહ્યું. "અમે છ ભાઈઓ છીએ તેથી તમને એમ લાગ્યું હશે." પછી નેમીનાથ પ્રભુને તે સંબંધી વૃત્તાન્ત પૂછયો ત્યારે તેમણે સર્વ

હકીકત કહી. છએ સાધુઓને જોઈ દેવકીના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. દેવકીએ કહ્યું, "મને એટલો ખેદ થાય છે કે મેં કોઈને રમાડયા નહિ" પ્રભુએ કહ્યું "તમે પૂર્વભવમાં તમારી શોકયનાં સાતરત્નો ચોર્યાં હતાં. પછી જયારે તે રોવા લાગી ત્યારે માત્ર એક રત્ન પાછું આપ્યું હતુ. તેથી તમારા સાતે પુત્રો તમારા હાથમાંથી ગયા અને કૃષ્ણ પાછા મળ્યા." આ પ્રમાણે સાંભળી દેવકી પોતાના પૂર્વભવનું કૃત્ય વખોડતી, પોતાને ઘેર ગઈ અને પુત્રની ઈચ્છાથી ખેદયુક્ત રહેવા લાગી. એક વખત કૃષ્ણે આવી પૂછયું. "તમે કેમ દુઃખી છો?" દેવકી બોલ્યાં, "મારૂં જીવન બધું નિષ્ફળ ગયું; કેમ કે તમે નંદ ને ઘેર મોટા થયા અને તમારા છ ભાઈઓ સુલસાને ઘેર મોટા થયા. મેં તો સાતમાંથી એકને પણ રમાડયો નહિ. બાળકનું લાલન પાલન કરવા હું પુત્ર ઈચ્છું છું."

## ગજ સુકુમાલ ચરિત્ર

કૃષ્ણે કહ્યું, "તમારા મનોરથ પૂર્ણ કરીશ" કૃષ્ણે નૈગમેષી દેવનું આરાધન કર્યું એટલે તેણે પ્રત્યક્ષ થઈ કહ્યું. "તમારી માતાને પુત્ર થશે. પણ યૌવન પામતાં દીક્ષા લેશે" એટલું કહી દેવ જતો રહ્યો પછી દેવકીને એક પુત્ર થયો. પિતાએ તેનું નામ ગજસુકુમાર પાડયું. અનુક્રમે તે મોટો થતાં, પોતાની ઇચ્છા વિરૂદ્ધ બે કન્યાઓ પરણ્યો. તેમાંની એક દ્રુમરાજાની પુત્રી પ્રભાવતી હતી અને બીજી સોમશર્મા બ્રાહ્મણની સોમા નામની કન્યા હતી એક વખત નેમિનાથ ભગવાન ત્યાં સમવસર્યા. તેમની દેશના સાંભળી વૈરાગ્યવંત થઈ ગજસુકુમારે દીક્ષા લીધી. તે માતાપિતાને અતિવલ્લભ હોવાથી કૃષ્ણ, દેવકી વગેરેએ ગાઢ સ્વરે રૂદન કર્યું.

કેવળજ્ઞાન અને મોક્ષ

જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે ગજસુકુમાર મુનિ પ્રભુની

આજ્ઞા લઈ, સાયંકાળે સ્મશાનમાં જઈ, કાઉસગધ્યાને રહ્યા. તેવામાં કાંઈક કારણે બહાર ગયેલા સોમશર્મા બ્રાહ્મણે તેમને દીઠા. તેમને જોઇ સોમશર્માએ ચિંતવ્યું, "આ ગજસુકુમાર ખરેખરો પાખંડી છે તેનો દીક્ષા લેવાનો વિચાર હતો છતાં મારી પુત્રીને દુઃખી કરવા જ તેને પરણ્યો" આમ ચિંતવી સોમશર્માએ બળતી ચિતાના અંગારાથી પૂરેલી એક ઘડાની ઠીબ તેના માથા ઉપર મૂકી તેનાથી અત્યંત દુઃખ થયા છતાં પણ ગજકુમારે તે સર્વ સમાધિપૂર્વક સહન કર્યું તેથી એ મુનિના કર્મ રૂપ સર્વ ઇંધન બળીને ભસ્મ થઈ ગયા અને તત્કાળ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી આયુષ્ય પૂર્ણ થવાથી તે મુનિ મોક્ષે ગયા.

સવારમાં કૃષ્ણ ગજસુકુમાળ મુનિને વાંદવા નેમિનાથ પ્રભુ પાસે આવ્યા અને પૂછ્યું, "મારો ભાઇ ક્યાં છે?" પ્રભુએ સર્વ વૃત્તાન્ત કહ્યું એટલે કૃષ્ણ મૂર્છિત થયા. થોડીવારે સંજ્ઞા પ્રાપ્ત થતાં પૂછ્યું, "મારે સોમશર્માને શી રીતે ઓળખવો." પ્રભુએ કહ્યું, "એ સોમશર્માની ઉપર તમે ક્રોધ કરશો નહિ, કારણ કે તમારા ભાઇને સદ્ય મોક્ષ પ્રાપ્ત થવામાં તે સહાયકારી થયો છે. હવે તમારે તેને ઓળખવો હોય તો અહીંથી પાછા વળીને નગરીમાં પ્રવેશ કરતાં, તમને જોઈ, જે મસ્તક ફાટીને મરણ પામે, તેને તમારા ભાઇનો વધ કરનાર જાણી લેજો." પછી કૃષ્ણે પોતાના ભાઈનો ઉત્તર સંસ્કાર કર્યો. ત્યાંથી ખેદયુક્ત ચિત્તે પાછા વળીને દ્વારકા નગરીમાં પેસતાં તેમણે પેલા સોમશર્મા બ્રાહ્મણને મસ્તક ફાટીને મરી જતો જોયો; એટલે તત્કાળ દોરડા બાંધી, માણસોની પાસે આખી નગરીમાં ફેરવાવી, ગીધ વગેરે પક્ષીઓને નવું બલિદાન આપવા માટે બહાર ફેંકાવી દીધો.

ગજકુમાલના શોકથી પ્રભુની પાસે ઘણા યાદવોએ અને

વસુદેવ વિના નવ દશાર્હોએ દીક્ષા લીધી. પ્રભુની માતા શિવાદેવીએ, નેમિનાથના સાત સહોદર બંધુઓએ અને કૃષ્ણના અનેક કુમારોએ પણ દીક્ષા લીધી. રાજીમતીએ પણ દીક્ષા લીધી કનકવતી, રોહિણી અને દેવકી વિના વસુદેવની સર્વ સ્ત્રીઓએ વ્રત ગ્રહણ કર્યું. કનકવતીને ઘરમાં જ કેવળજ્ઞાન થયું અને એક માસનુ અનશન કરી તે સાધ્વી મોક્ષે ગયાં.

## નભઃસેને સાગરચંદ્રને કરેલો ઉપસર્ગ

રામનો પૌત્ર અને નિષિધનો પુત્ર સાગરચંદ્ર વિરક્ત બુદ્ધિવાળો હોવાથી પ્રથમ તે અણુવ્રતધારી થયો હતો. તે શ્રાવકની અગિયાર પડિમા વહેવા લાગ્યો. એકવાર તેણે કાઉસગ કર્યો હતો ત્યારે હમેશાં તેના છિદ્રને જોનાર નભઃસેને તેને દીઠો; એટલે તેની પાસે આવી નભઃસેન બોલ્યો, "અરે પાખંડી ! અત્યારે આ તું શું કરે છે ? કમળમેળાના હરણમાં તેં જે કર્યું હતું તેનું ફળ હવે ભોગવ." એમ કહી તે દુરાશયી નભઃસેને તેના મસ્તક પર ચિતાના અંગારાથી પૂરેલો ઘડાનો કાંઠલો મૂકયો. તે ઉપસર્ગને સમ્યગભાવે સહન કરી, તેનાથી દગ્ધ થઇને, સાગરચંદ્ર પંચપરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરતાં કરતાં મૃત્યુ પામી દેવલોકમાં ગયા.

## ઈન્દ્રે કરેલ કૃષ્ણ પ્રસંશા

કૃષ્ણને દૈવી ભેરીની પ્રાપ્તિ

એક વખતે ઈન્દ્રે સભામાં કહ્યું, "કૃષ્ણ વાસુદેવ હમેશાં કોઈના પણ દોષને છોડીને માત્ર ગુણનું જ કીર્તન કરે છે. અને કદી પણ નીચ યુદ્ધ કરતા નથી." ઈન્દ્રના વચન પર શ્રદ્ધા નહિ રાખનાર કોઈ દેવતા તેની પરીક્ષા કરવા માટે તત્કાળ દ્વારકામાં આવ્યો. એ વખતે કૃષ્ણ રથમાં બેસીને સ્વેચ્છાએ ક્રીડા કરવા જતા હતા. ત્યાં માર્ગમાં તે દેવતાએ એક શ્વાનને મરેલો વિકુર્વ્યો. તેના શરીરમાંથી

ઘણી દુર્ગંધ ફેલાતી હતી અને લોકો દૂરથી પણ તે સહન કરી શકતા નહિ. તે શ્વાનને જોઈ કૃષ્ણે કહ્યું, "આ કૃષ્ણવર્ણી શ્વાનના મુખમાં પાંડુવર્ણી દાંત કેવા અત્યન્ત શોભે છે ?" પછી પેલા દેવે ચોર થઈ કૃષ્ણના અશ્વરત્નને હરી લીધું, તેની પાછળ કૃષ્ણના અનેક સૈનિકો દોડયા. તેમને પણ તે દેવે જીતી લીધા; એટલે કૃષ્ણ પોતે દોડી, તેની નજીક જઈ બોલ્યા, "અરે ચોર! મારા અશ્વરત્નને છોડી દે." દેવે કહ્યું, "મને યુદ્ધમાં જીતીને અશ્વ લ્યો" "કૃષ્ણે કહ્યુ, "તું રથમાં બેસ, કારણ કે હું રથી છું." દેવે કહ્યું, "મારે રથ કે હાથી વગેરેની કાંઇ જરૂર નથી; મારી સાથે યુદ્ધ કરવું હોય તો બાહુ (પાદ) યુદ્ધથી યુદ્ધ કરો." કૃષ્ણે કહ્યું "જા, અશ્વ લઈ જા, હું હાર્યો, કેમકે કદી સર્વસ્વનો નાશ થાય તો પણ હું અધમ યુદ્ધ કરવાનો નથી" આ સાંભળી તે દેવ સંતુષ્ટ થયો અને કૃષ્ણને વરદાન માગવાનું કહ્યું, કૃષ્ણે કહ્યું, "હમણાં મારી દ્વારકાપુરી રોગના ઉપસર્ગથી વ્યાપ્ત છે, તો તેની શાન્તિ માટે કાંઈક આપો" પછી દેવતાએ કૃષ્ણને એક ભેરી (નગારૂં). આપી કહ્યું, "આ ભેરી છ છ માસે તમારે નગરીમાં વગડાવવી આનો શબ્દ સાંભળવાથી પૂર્વના ઉત્પન્ન થયેલા સર્વવ્યાધિ અને ઉપસર્ગો નાશ પામશે અને છ માસ પર્યન્ત નવા વ્યાધિ વગેરે ઉપસર્ગો થશે નહિ" આ પ્રમાણે કહી તે દેવ સ્વસ્થાને ગયો.

શ્રીકૃષ્ણ છ છ મહિને આ ભેરી વગડાવતા અને દ્વારિકા નિરૂપદ્રવ રાખતા. પણ ભેરી પાલકને લોભ લાગ્યો; તેણે ભેરીના ટુકડા દ્રવ્ય લઈ બીજાને વેચી તેને સ્થાને બનાવટી ટુકડા જોડયા. આમ જતે દિવસે ભેરી નકામી નીવડી. શ્રીકૃષ્ણને આની ખબર પડતાં તેનો નાશ કર્યો અને અઠમ તપ કરી બીજી ભેરી મેળવી.

ધન્વંતરી અને વૈતરણી વૈદ્ય

કૃષ્ણે ધન્વંતરી અને વૈતરણી નામના બે વૈદ્યોને વ્યાધિની

ચિકિત્સા માટે રોકયા હતા. ધન્વનરી પાપવાળી ચિકિત્સા કરતો હતો અને વૈતરણી નિર્દોષ ચિકિત્સા કરતો હતો સાધુઓ જ્યારે ધન્વતરીને કહેતા કે આ ઔષધ અમારે વાપરવા યોગ્ય નથી ત્યારે તેઓને તે સામો જવાબ આપતો કે "હું સાધુને યોગ્ય આયુર્વેદ ભણ્યો નથી, માટે મારૂં વચન માનશો નહિ અને તે પ્રમાણે કરશો નહિ." વૈતરણી વૈદ્ય ભવ્ય જીવ હતો. તે જેને જે ચિકિત્સા કરવા યોગ્ય હોય બતાવતા અને ઔષધ પણ તેને યોગ્ય આપતા પ્રભુને પૂછવાથી શ્રીકૃષ્ણે જાણ્યું કે ધન્વ તરી મરીને સાતમી નરકે જશે અને ગૈતરણી ગૈદ્ય મરી વિંધ્યાચળમાં વાનર થશે અને ત્યાં ભૂલા પડેલા મુનિની ચિકિત્સા કરી દેવ થશે આ સાંભળી શ્રીકૃષ્ણ ધીમે ધીમે ભાવિક અને હળવા પરિણામી બન્યા.

## વર્ષાકાળમાં રાજમંદિરમાં રહેવાનો કૃષ્ણે લીધેલો અભિગ્રહ

અન્યદા વર્ષાઋતુના આરંભમાં શ્રી નેમનાથ પ્રભુ દ્વારકા સમીપે આવીને સમવસર્યા. કૃષ્ણે પ્રભુને પૂછ્યું, "તમે અને બીજા સાધુઓ વર્ષાઋતુમાં કેમ વિહાર કરતા નથી ?" પ્રભુ બોલ્યા. "વર્ષાઋતુમાં બધી પૃથ્વી વિવિધ જંતુઓથી વ્યાપ્ત થાય છે, તેથી જીવને અભય આપનારા સાધુઓ તે સમયમાં વિહાર કરતા નથી." કૃષ્ણે કહ્યું "હું પણ વર્ષાકાળમાં રાજમંદિરમાં જ રહીશ અને ગમનાગમનથી થતી જીવોની વિરાધના અટકાવીશ." આવો અભિગ્રહ લઈ કૃષ્ણે ત્યાંથી જઈ પોતાના રાજમંદિરમાં પ્રવેશ કર્યો અને દ્વારપાળોને આજ્ઞા કરી કે "વર્ષાઋતુના ચાર માસ પર્યન્ત કોઈને પણ રાજમહેલમાં આવવા દેવો નહિ."

## વીરો સાળવી

દ્વારકા નગરીમાં વીરો નામે એક સાળવી વિષ્ણુનો ભક્ત હતો

તે કૃષ્ણનાં દર્શન અને પૂજા કરીને જ ભોજન કરતો. કૃષ્ણના પૂર્વોક્ત હુકમથી દ્વારપાળે વર્ષાકાળમાં તેને કૃષ્ણ મંદિરમાં પ્રવેશ કરવા દીધો નહીં, તેથી તે રોજ દ્વારે જ બેસી રહીને કૃષ્ણને ઉદ્દેશીને પ્રતિદિન પૂજા કરતો, પણ કૃષ્ણનાં દર્શન ન થવાથી તે ભોજન કરતો નહીં. એ પ્રમાણે જ્યારે વર્ષાકાળ વીતી ગયો અને કૃષ્ણ રાજમહેલની બહાર નીકળ્યો, તે વખતે સર્વ રાજાઓ અને વીરો સાળવી દ્વાર પાસે આવીને ઊભા હતા. વીરા સાળવીને અતિ કૃશ થઈ ગયેલ જોઈને કૃષ્ણે પૂછ્યું, "તું કેમ કૃશ થઈ ગયો છે?" એટલે દ્વારપાળોએ તેનું કૃશ થવાનું જે યથાર્થ કારણ હતુ તે કહી જણાવ્યું. પછી કૃષ્ણે કૃપા કરીને તેને હમેશાં પોતાના મહેલમાં અસ્ખલિતપણે આવવા દેવાનો હુકમ કર્યો.

અન્યદા કૃષ્ણ પરિવાર સહિત શ્રી નેમિનાથને વાંદવા ગયા. ત્યાં ભગવન્તે કહેલો યતિધર્મ સાંભળીને કૃષ્ણ બોલ્યા, "હું યતિ ધર્મ પાળવા સમર્થ નથી. પણ બીજાઓને દીક્ષા અપાવવાનો અને તેની અનુમોદના કરવાનો મારે નિયમ હો. જે કોઈ દીક્ષા લેશે તેને હું અટકાવીશ નહિ પણ તેનો નિષ્ક્રમણોત્સવ કરીશ" આવો અભિગ્રહ લઈને વિષ્ણુ સ્વસ્થાને ગયા. આ અરસામાં એક વખત કૃષ્ણની કુંવરીઓ નમવા આવી. તેણે તેમને કહ્યું. "તમે દાસી થશો કે સ્વામિની?" કુંવરીઓએ કહ્યું, "સ્વામીની" કૃષ્ણે કહ્યું, "સ્વામિની થવું હોય તો દીક્ષા લો" કુંવરીઓએ કૃષ્ણનું વચન માન રાખ્યું અને દીક્ષા લીધી. પણ એક કુંવરીએ માની શિખવણીથી કહ્યું, "મારે દાસી થવું છે." કૃષ્ણે વિચાર્યું, "મારૂં સંતાન સંસારમાં રખડે તેમ ન થવું જોઈએ. મારે તે સંસારથી બચી સંયમ માર્ગે જાય તેવો સર્વ પ્રયત્ન કરવો જોઈએ." કુંવરીને તે વખતે તેણે રજા આપી પણ તે કુંવરીને કેટલાક દિવસ બાદ સાળવી વેરે પરણાવી

અને તેને કહ્યું, "તું તેની પાસે ઘરનું બધું કામ કરાવજે અને જો તારૂં ન માને તો ફટકારજે. પણ મારી કુંવરી છે એમ માની ઉપેક્ષા કરીશ તો તને સજા થશે." વીરો કૃષ્ણની કુંવરી મંજરીને પોતાને ઘેર લઈ ગયો. પણ મંજરી વીરા ઉપર હુકમ ચલાવવા લાગી અને બોલવા માંડી, "તું કોળી જેવો છે, ભાન વિનાનો છે." વીરાએ તેને ખૂબ માર માર્યો. તે રોતી રોતી પિતા પાસે આવી. પિતાએ કહ્યું, "તેં તારે હાથે દાસીપણું માગ્યું છે અને દાસીપણું તો આવુંજ હોય." પુત્રીએ પિતાને કહ્યું, "માફ કરો અને મને આ જડવીરાના કબજામાંથી છોડાવો અને સ્વામિપણુ અપાવો." કૃષ્ણે તેને પ્રભુ પાસે દીક્ષા અપાવી.

**શ્રીકૃષ્ણે મુનિવંદનથી ઉપાર્જેલ તીર્થંકર નામ કર્મ**

એક વખત કૃષ્ણે બધા સાધુઓને દ્વાદશાવર્ત વંદના કરવા માંડી, એટલે બીજા રાજાઓ તો થોડા થોડા મુનિઓને વાંદવાથી નિર્વેદ પામીને બેસી ગયા, પણ કૃષ્ણની માફક વીરાએ તો સર્વ સાધુઓને દ્વાદશાવર્ત વંદના કરી. પછી કૃષ્ણે પ્રભુને કહ્યું, "સર્વે મુનિઓને દ્વાદશાવર્ત વંદના કરવાથી આજે મને જેટલો થાક લાગ્યો છે તેટલો થાક ત્રણ સો સાઠ યુદ્ધો લડવામાં મને લાગ્યો ન હતો." એટલે સર્વજ્ઞ પ્રભુ બોલ્યા, "હે વાસુદેવ! તમે આજે ઘણું પુણ્ય, સમકિત અને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે. વળી સાતમી નરકને યોગ્ય કર્મ પુદ્ગળોને ખપાવીને ત્રીજી નરકને યોગ્ય આયુષ્ય તમે બાંધ્યું છે." કૃષ્ણે કહ્યું, "હે ભગવન્? ફરીવાર સર્વમુનિને વંદન કરું તો મૂર્ખની જેમ મારૂં નરકનું આયુષ્ય મૂળમાંથી ક્ષય થઇ જાય?" પ્રભુ બોલ્યા, "હવે જે વંદના કરો તે દ્રવ્ય વંદના થશે અને ફળ તો ભાવ વંદનાથી મળે છે, અન્યથા મળતું નથી" વીરાએ તમારી સાથે સર્વ સાધુને વંદના

કરી. છતાં દ્રવ્ય વંદન હોવાથી તેને ખાસ લાભ થયો નથી."

## ઢંઢણ મુનિ પૂર્વભવ

કૃષ્ણને ઢંઢણ નામની સ્ત્રીથી ઢંઢણ કુમાર નામે પુત્ર થયો હતો. એક દિવસ શ્રી નેમિનાથ પ્રભુ પાસેથી ધર્મ સાંભળી, સંસારથી વિરક્ત થઈ તેણે દીક્ષા લીધી. ઢંઢણ મુનિ પ્રભુ સાથે વિહાર કરવા લાગ્યા, પણ પૂર્વે બાંધેલ અંતરાય કર્મના ઉદયથી તે જ્યાં જાય ત્યાં તેને આહારાદિ કાંઈ મળે નહિ. એટલું જ નહિ પણ જે મુનિઓ તેની સાથે જાય તેમને પણ કાંઈ મળે નહિ. પછી સર્વ સાધુઓએ મળી શ્રી નેમિનાથ પ્રભુને પૂછ્યું, "આપના શિષ્ય અને કૃષ્ણ વાસુદેવના પુત્ર હોવા છતાં, ઢંઢણ મુનિને દ્વારકામાં ભિક્ષા કેમ મળતી નથી ? " પ્રભુ બોલ્યા, "પૂર્વે મગધદેશમાં ધાન્ય પૂરક નામના ગામમાં પારાસર નામે એક રાજ સેવક રહેતો હતો. તે ગામના લોકો પાસે રાજાના ખેતરો વવરાવતો હતો, પરંતુ ભોજન વેળા થવા છતાં અને ભોજન આવી ગયા છતાં, તે લોકોને ભોજન કરવા રજા આપતો નહિ, પણ ભૂખ્યા, તરસ્યા અને થાકેલા બળદો વડે તે ગામડીઆઓ પાસે હળ ખેડાવતો હતો, એ કાર્યથી તેણે અંતરાયકર્મ બાંધ્યું છે. તેના ઉદયથી તેને ભિક્ષા મળતી નથી" આ પ્રમાણે પ્રભુના વચન સાંભળી ઢંઢણમુનિને પશ્ચાત્તાપ થયો; તેથી તેણે પ્રભુ પાસે અભિગ્રહ લીધો કે "મારૂં અંતરાયકર્મ ક્ષય થશે અને મારા લબ્ધિથી આહાર મળશે ત્યારે જ ગ્રહણ કરીશ."

ઢંઢણમુનિને કેવળજ્ઞાન

એક વખત શ્રીકૃષ્ણ પ્રભુને વાંદી પાછા ફરતાં ઢંઢણમુનિને દેખી, હાથી ઉપરથી ઉતરી પગે લાગ્યા. આ જોઈ એક શેઠે તેમને મોદક વહોરાવ્યા ઢંઢણમુનિને લાગ્યું, "આજ મારૂં અંતરાકર્મ-

ક્ષીણ થયું." પછી પ્રભુ પાસે જઇ પૂછયું, "ભગવાન! મારૂં અંતરાયકર્મ ક્ષીણ થયું કે નહિ?" પ્રભુ બોલ્યા, "કૃષ્ણે તને વંદન કર્યું તેથી. ભિક્ષા મળી છે. હજી તારૂં અંતરાયકર્મ ક્ષીણ થયું નથી. ઢંઢણ ભિક્ષા નિર્જીવ ભૂમિ પર પરઠવવા લાગ્યા. તે વખતે 'અહો' જીવોના પૂર્વોપાર્જીત કર્મોનો ક્ષય થવો બહુ મુશ્કેલ છે, એમ વિચારતાં તે મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

## રાજીમતી અને રથનેમિ

એક વખત સાધ્વી રાજીમતી સાધ્વીઓ સાથે પ્રભુને વંદન કરવા ગિરનાર પર જતી હતી. માર્ગમાં અતિશય વરસાદ થવાથી બીજી સાધ્વીઓ જુદે જુદે સ્થાને વીખરાઇ ગઈ. વરસાદના જળથી ભીંજાયેલા વસ્ત્રવાળી રાજીમતી પણ જલના ઉપદ્રવ રહિત સ્થાનને શોધતી હતી એવામાં એક ગુફા જોઇ તેમાં દાખલ થઈ. અને તે ગુફામાં પહેલેથી દાખલ થયેલો રથનેમિને ન જોવાથી તેણે પોતાનાં ભીંજાયેલા વસ્ત્રો સૂકવવાને ચારે તરફ નાખ્યાં. દેવાંગનાઓના રૂપની પણ હાંસી કરનારા સૌન્દર્યવાળી અને સાક્ષાત્ કામદેવની સ્ત્રી જેવી અતિસુંદર રાજીમતીને વસ્ત્ર રહિત જોઇ કામાતુર થયેલા રથનેમિ તે વખતે પોતાનું મુનિપણું ભૂલી ગયા. શ્રી નેમિનાથથી તિરસ્કાર પામેલા કામદેવે તે વૈરનો બદલો તેમના ભાઇ રથનેમિ ઉપર લીધો અને કામ વિહ્વલ બનેલા રથનેમિ કુલ લજ્જા તથા ધીરજ છોડી રાજીમતીને કહેવા લાગ્યા, "હે સુંદરી! સર્વ અંગના ભોગસંયોગને યોગ્ય અને સૌભાગ્યના ખજાના રૂપ એવા આ તારા અનુપમ દેહને તું તપસ્યા કરી શા માટે શોષવી નાખે છે? તારી ઈચ્છાથી તું અહીં આવ, આપણે જન્મ સફળ કરીએ; અને પછી છેવટની અવસ્થામાં આપણે બંને તપવિધિ આચરશું. "આવા વચનો સાંભળી અને રથનેમિને જોઈ મહાસતી રાજીમતીએ તત્કાળ

વસ્રો વડે પોતાનું શરીર ઢાંકી દીધું અને બોલી "હે મહાનુભાવ! નરકનામાર્ગરૂપ આવો નીચ અભિલાષ તમે કેમ કરો છો? સર્વ સાવધત્યજી પાછા તેની વાંછા કરતા તમે શું શરમાતા નથી? અગંધન કુલમાં ઉત્પન્ન થયેલા સર્પો જે તિર્યંચ જાતિના છે, તેઓ પણ પ્રાણાન્તે વમેલાને પાછું ઇચ્છતાં નથા. તો વમેલાને પાછું ઇચ્છતા તમોને કાંઇ વિચાર ના આવ્યો? રથનેમિ સમજો, સમજો. મહાભાગ્યયોગે મળેલા આ મુનિવ્રતનું ભાન ન ભૂલો." ઇત્યાદિ વાક્યો વડે રાજીમતીએ પ્રતિબોધિત કરેલા મહામુનિ રથનેમિ પાછા શુભ ધ્યાનમાં સ્થિર થયા. અને નેમિનાથ પ્રભુ પાસે પ્રાયશ્ચિત આલોચી તીવ્ર તપ તપી, મોક્ષે ગયા. રાજીમતી પણ વિશુદ્ધ ભાવથી દીક્ષા આરાધી, અન્તે મોક્ષપદ પામ્યા.

## પાલક અને શાંબનું નેમિનાથ પ્રભુને વંદન

એક વખત નેમિનાથ ભગવાન રૈવતગિરિ પર સમવસર્યા તે ખબર જાણી કૃષ્ણે પાલક અને શાંબ વગેરે પુત્રોને કહ્યું. "જે સવારે વહેલા ઊઠી સૌથી પ્રથમ પ્રભુને વાંદશે તેને હું વાંછિત આપીશ." તે સાંભળી. શાંબકુમારે પ્રાતઃકાળે શય્યામાંથી ઊઠી, ઘરમાં જ રહી ભાવથી પ્રભુને વંદન કર્યું. પાલકે વહેલા ઊઠી, મોટા અશ્વ ઉપર બેસી, ઉતાવળા ગિરનાર પર જઈ પ્રભુને વંદના કરી. પછી કૃષ્ણ પાસે આવી તેણે દર્પક નામના અશ્વની માગણી કરી કૃષ્ણે કહ્યું, "શ્રી નેમિ પ્રભુ જેને પ્રથમ વંદના કરનાર કહેશે તેને અશ્વ આપીશ કૃષ્ણે પ્રભુ પાસે જઇ પૂછ્યુ, "આપને પ્રથમ કોણે વંદના કરી છે? પ્રભુ બોલ્યા, "પાલકે દ્રવ્યથી અને શાંબે ભાવથી પ્રથમ વંદના કરી છે" કૃષ્ણે પૂછ્યુ, "એ કેવી રીતે?" એટલે પ્રભુ બોલ્યા કે "પાલક અભવ્ય છે અને જાંબવતીનો પુત્ર શાંબ ભવ્ય છે" તે સાંભળી કૃષ્ણે કોપ કરી, ભાવરહિત પાલકને કાઢી મૂકયો અને શાંબને ઉત્તમ અશ્વ આપ્યો.

## દ્વારકાનો અગ્નિથી નાશ

એક વખત શ્રીકૃષ્ણે નેમિનાથ પ્રભુને પૂછ્યું, " આ દ્વારકાનો, મારો અને યાદવોનો નાશ શી રીતે થશે?" પ્રભુ બોલ્યા, " ભાવી પ્રબળ છે તે કોઈનાથી ફેરવાંતું નથી આ શોરીપુરની બહાર કોઇ પવિત્ર તાપસ રહે છે એક વખતે તેણે યમુના દ્વીપમાં જઈ કોઇ નીચ કુળની કન્યા સેવી. તેનાથી તેને દ્વીપાયન નામે એક પુત્ર થયો છે. બ્રહ્મચર્યને પાળનાર અને ઈન્દ્રિયોનું દમન કરનાર તે દ્વાપાયન ઋષિ યાદવોના સ્નેહથી દ્વારિકા સમીપ રહેશે. તેને કોઇ વખત શાંબ વગેરે યાદવ કુમારો, મદિરાથી અંધ થઈ મારશે. તેથી ક્રોધાંધ થયેલ તે દ્વૈપાયન, દેવ થઈ, યાદવો સહિત, દ્વારકા ભસ્મીભૂત કરશે અને તમારા ભાઇ જરાકુમારના હાથે તમારૂં મૃત્યુ થશે"

શ્રીકૃષ્ણ જેવા હજારોના પાલકના મૃત્યુ કલંકથી બચવા જરાકુમારે દ્વારિકા છોડી કોઈ નિર્જન જંગલમાં આશ્રય લીધો અને કૃષ્ણે દ્વારિકામાં ઉદ્દઘોષણા કરી કે દારૂ અને સાધનોનો ત્યાગ કરો દારૂ પીનાર રાજ્ય ગુનેગાર ગણાશે" લોકોએ દારૂ અને દારૂના સાધનો ફેંકી દીધાં.

એક વખત સિદ્ધાર્થ નામના સારથીએ બળદેવને કહ્યું "દ્વારકા અને યાદવોનો નાશ હું જોઈ શકીશ નહિ; માટે મને દીક્ષા લેવાની રજા આપો." બળદેવે કહ્યું, " હું તારો વિયોગ શી રીતે સહન કરીશ? હું તને છોડવાને અશક્ત છું તથાપિ તને રજા આપું છું પણ જો તું તપસ્યા કરીને દેવ થાય તો મને સંકટ સમયે સહાય કરજે" એમ કહી તેને રજા આપી. એટલે સારથીએ દીક્ષા લીધી.

અહીં દ્વારકાના લોકોએ જે કુંડમાં મદિરા નાંખી દીધી હતી ત્યાં વિવિધ વૃક્ષોના સુગંધી પુષ્પોથી તે ઘણી સ્વાદિષ્ટ થઈ. એક વખત, વશાખ માસમાં શાંબકુમારનો કોઈ નોકર ફરતો ફરતો ત્યાં

આવ્યો. તેણે કુંડમાંથી મદિરા પીધી. તેના સ્વાદથી હર્ષ પામી, તેમાંથી એક મસક ભરી તે શાંબકુમાર પાસે લાવ્યા. શાંબકુમારે તે પીધી અને બીજા પણ ઘણા યાદવોએ ત્યાં જઈ તે સ્વાદિષ્ટ મદિરા પીધી. પછી ત્યાં તેમણે ક્રીડા કરતા દ્વપાયન ઋષિને જોયો. તેને જોઈને શાંબકુમાર બોલ્યો, "આ અમારી નગરીને બાળી નાખનાર છે. માટે એને જ મારી નાંખો." એટલું કહેતામાં તો સર્વ યાદવો તેના ઉપર તુટી પડયા. અને મૃતપ્રાય કરી દઈ ત્યાંથી ઘેર આવ્યા કૃષ્ણ આ વાત સાંભળી મનમાં અતિ ખેદ ધરી, બળદેવ સાથે, દ્વપાયન પાસે આવ્યા અને દ્વૈપાયનને નમ્રવાણી વડે શાન્ત કરવા લાગ્યા, પરન્તુ તેનો ક્રોધ શમ્યો નહીં અને કહેવા લાગ્યો, "હે કૃષ્ણ! મેં દ્વારકાંને બાળી નાખવાનુ નિયાણું કર્યું છે, માટે તમારૂં સઘળું કહેવું નકામું છે. દ્વારકામાંથી તમારા બે સિવાય કોઈનો છૂટકારો થશે નહિ." પછી કૃષ્ણ, બળદેવ પશ્ચાતાપ કરતા ઘેર આવ્યા બીજે દિવસે કૃષ્ણે નગરમાં ઘોષણા કરાવી કે હવેથી સર્વ લોકોએ ધર્મમાં તત્પર રહેવું. પછી સર્વ જનોએ ધર્મ કાર્ય કરવાનો આરંભ કર્યો. આ અરસામાં નેમિનાથ પ્રભુ ગિરનાર પર આવી સમો સર્યા.

## શાંબ પ્રધુમ્ન વગેરેની દીક્ષા

ત્યાં કૃષ્ણ વગેરે વાંદવા ગયા. દેશનાને અન્તે શાંબ, પ્રધુમ્ન, નિષેધ, રૂક્મિણી, જાંબુવતી વગેરે ઘણાં સ્રી પુરૂષોએ દીક્ષા લીધી. પછી કૃષ્ણના પૂછવાથી પ્રભુએ કહ્યું, "દ્વૈપાયન આજથી બારમે વર્ષે દ્વારકાં બાળશે." આ સાંભળી કૃષ્ણ વિચાર કરવા લાગ્યા કે "સમુદ્રાવિજય વગેરેને ધન્યવાદ ઘટે છે કારણ કે તેમણે દીક્ષા લઇ સ્વશ્રય સાધ્યું. મને ધિક્કાર છે કે હું રાજ્યમાં લુબ્ધ થઈ પડી રહ્યો છુ" કૃષ્ણનો આવો આશય જાણી પ્રભુ બોલ્યા, " કદીપણ વાસુદેવો દીક્ષા લેતા જ નથી. તેઓ હમેશાં નરકગામીજ હોય છે. તમે પણ અહીંથી

મૃત્યુ પામી ત્રાજી નારકીમાં જશે અને ત્યાંથી નીકળી આ ભરતમાં તીર્થંકર થશે. બળભદ્ર અહીંથી મૃત્યુ પામીને બ્રહ્મદેવલોક જશે. ત્યાંથી ચ્યવી પાછા મનુષ્ય થશે. ત્યાં પાછા રાજા થઈ તમારા જ તીર્થમાં મોક્ષે જશે."

દ્વૈપાયન મૃત્યુ પામી અગ્નિકુમાર દેવતા થયો. પૂર્વનું વૈર સંભાળી તે દ્વારકા આવ્યો, ત્યાં સર્વ લોકો ધર્મકાર્યમાં સાવધાન થયેલા જોઈ ઉપસર્ગ કરવાને અશક્ત થયો અગિયાર વર્ષ તેણે લોકોનાં છિદ્ર જોવામાં ગાળ્યાં. જ્યારે બારમું વર્ષ આવ્યું ત્યારે લોકોએ વિચાર્યું, "આપણા તપથી દ્વૈપાયન ભ્રષ્ટ થઈ નાસી ગયો." એમ વિચારી મદ્યપાન કરતાં અને અભક્ષ ખાતાં તેઓ સ્વેચ્છાએ ક્રીડા કરવા લાગ્યાં, તે વખતે છિદ્રને જોનાર દ્વૈપાયનને અવકાશ મળ્યો એટલે તેણે તરતજ યમરાજના દ્વાર જેવા અને કલ્પાંત કાળ જેવા વિવિધ ઉત્પાતો કરવા માંડયા. રામ અને કૃષ્ણના હળ અને ચક્ર વગેરે આયુધો નાશ પામ્યા. પછી દ્વપાયને સંવર્ત વાયુ વિકુર્વ્યો. તે વાયુએ કાષ્ટ અને તૃણ વગેરે ચારે દિશામાંથા લાવી નગરીમાં નાંખ્યાં, જે લોકો નાસવા માંડયા તેમને પણ પાછા નગરીમા લાવીને નાંખ્યાં. પછી દ્વપાયને અગ્નિ પ્રગટ કર્યો અને સર્વ યાદવોને તથા આખી દ્વારકાને સળગાવી દીધી. તે વખતે કૃષ્ણે વસુદેવ, દેવકી અને રોહિણીને અગ્નિથી બચાવવા રથમાં બેસાડયા. પણ દ્વપાયને રથ સ્તંભિત કર્યો એટલે કૃષ્ણે તેમને રથમાંથી ઉતારી, ચલાવી નગર બહાર લઇ જવા માંડયા એટલે નગર દરવાજાના કમાડો બંધ થયાં. કૃષ્ણે તેમને નગર બહાર લઈ જવા માટે ઘણા નિષ્ફળ પ્રયાસો કર્યા ત્યારે દ્વ પાયન આવીને બોલ્યો, "હે રામકૃષ્ણ ? મેં તમને કહ્યું હતું કે તમારા બે સિવાય કોઈ બચશે નહિ. માટે વૃથા પ્રયાસ શા માટે કરો છો ?" પછી વસુદેવ, દેવકી અને રોહિણીએ

કહ્યું. "અત્યારથી જ અમારે શ્રી નેમિનાથનું જ શરણ છે અને અમે ચતુર્વિધ આહારના પચ્ચખાણ કરીએ છીએ." એમ મનમાં ધર્મ ધ્યાન ધરતાં અગ્નિમાં બળી ગયાં અને મૃત્યુ પામી સ્વર્ગમાં ગયાં

દ્વારકામાં પ્રબળ અગ્નિ ફેલાયો. તેની જવાળાઓ આકાશમાં પ્રસરી. રામકૃષ્ણ તટસ્થ રહી જોવા લાગ્યા. કૃષ્ણે રામને કહ્યું, "ભાઈ મને ધિક્કાર છે. આ નગરનું રક્ષણ કરવા હું સમર્થ નથી. હવે આપણે શું કરીશું ?" રામે કહ્યું, "આ વખતે આપણા ખરા સગાં પાંડવો છે માટે તેમને ઘેર જવું" કૃષ્ણે કહ્યું, "મેં તેમને દેશ નિકાલની સજા કરી છે; માટે ત્યાં શું મોઢું લઈને જઈએ ?" રામે કહ્યું, "તેઓ એવા સદ્દગુણી છે કે કોઈના અવગુણને કદી સંભારતા જ નથી. માટે ત્યાં જવાથી આપણો સત્કાર થશે" આ પ્રમાણે વિચારી બન્ને ભાઇ પાંડુ મથુરા નગરી જવા માટે નૈઋત્ય દિશા તરફ ચાલ્યા. રસ્તામાં હસ્તીકલ્પ નગરમાં તેઓ ગયા. ત્યા દુર્યોધનનો ભાઈ તેમને ઓળખીને તેમને મારવા માટે આવ્યો. તે જોઇ રામ-કૃષ્ણે તેનો પરાભવ કર્યો, પણ પોતાનો સગો જાણી તેને જીવતો રહેવા દીધો. ત્યાંથી નીકળી આગળ ચાલતાં કૃષ્ણને ઘણી તરસ લાગી. ત્યારે બળરામ તેમને એક ઝાડ નીચે બેસાડી પાણી લેવા ગયા; એટલે કૃષ્ણ એક પગ બીજા જાનુ ઉપર ચઢાવી, પીળું વસ્ત્ર ઓઢી સુઈ ગયા. એટલામાં જરાકુમાર ફરતો ફરતો ત્યાં આવ્યો. તેણે સૂતેલા કૃષ્ણને મૃગ જાણી ચરણ તળમાં તીક્ષ્ણ બાણ માર્યું બાણ વાગતાંજ કૃષ્ણ વેગથી બેઠા થઇ બોલ્યા, "મને નિરપરાધીને, છળ કરીને કહ્યા વગર કોણે બાણ માર્યું ?" જરાકુમારે ત્યાં આવીને જોયું તો કૃષ્ણને દીઠા. મહાપશ્ચાતાપ કરતો જરાકુમાર મોટે સ્વરે રૂદન કરવા લાગ્યો. કૃષ્ણે કહ્યું, "ભાઈ, ભવિષ્ય બળવાન છે. હવે તમે અહીંથી ચાલ્યા જાઓ. નહીં તો રામ આવશે તો તમને મારશે

યાદવ કુલમા ફક્ત તમે જ રહ્યા છો. તમો પાંડવોને ત્યાં જાઓ હું મારા કૌસ્તુભ મણિની નિશાની આપું છું" પછી જરાકુમાર પોતાનું બાણ ખેંચી લઇ, મણિ લઈ ચાલતો થયો અને કૃષ્ણ મૃત્યુ પામી ત્રીજી નારકીએ ગયા.

અહીં રામ પાણી લઈને આવ્યા ત્યારે ભાઇને મૃત્યુ પામેલો જોઇ અતિશય સ્નેહને લીધે મૂર્છા ખાઈ, ધરણી ઉપર ઢળી પડયા; પથી સંજ્ઞા પામી અતિકરૂણ સ્વરે પોકે પોક મૂકી રડવા લાગ્યા અત્યંત મોહને લીધે, કૃષ્ણનું મૃતક ખાંધે મૂકી ગાંડા માણસની જેમ જયાં ત્યાં ફરવા લાગ્યા. એમ ફરતા ફરતા છ માસ થયા એટલે સિદ્ધાર્થ નામના દેવે ત્યા આવી બલરામને અનેક દષ્ટાન્તોથી સમજાવ્યા કે કૃષ્ણ મૃત્યુ પામ્યા છે. પછી બલભદ્રે તેનો ઉપકાર માની, કૃષ્ણની દહનક્રિયા કરી પોતે નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લીધી અને રૂડી રીતે પાળી બ્રહ્મદેવલોકે દેવ થયા, ત્યાં ઉત્પન્ન થતાં જ અવધિ જ્ઞાને જોયું તો કૃષ્ણને ત્રીજી નારકીમાં દીઠા. ભ્રાતૃસ્નેહથી વૈક્રિય શરીર કરી ત્યાં આવી કહેવા લાગ્યા "હું તમારો ભાઈ રામ છું અને તમારી રક્ષા કરવા અહીં આવ્યો છુ" એમ કહી તેમને ઉપાડયા એટલે તે વધુ દુઃખી થવા લાગ્યાં. ત્યારે કૃષ્ણે કહ્યું, "જે કર્મ ઉપાર્જન કરેલા છે તે ભોગવવાં પડશે. પૂર્વે નેમિનાથ પ્રભુએ કહ્યું હતું તે હમણાં પ્રત્યક્ષ છે માટે તમે હવે ભરતક્ષેત્રમાં જાઓ અને મારો ત્યાં તિરસ્કાર થાય છે તેને બદલે આપણી પૂજા થાય તેમ કરો" પછી રામ ભરતક્ષેત્રમાં આવી કહેવા લાગ્યા, "હે લોકો! તમે અમારી પ્રતિમા કરો પૂજા કરો. અમો બન્ને વિદ્યમાન છીએ. અમે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરનારા છીએ. અમે જ દ્વારકા રચી હતી અને પાછી સંહારી પણ અમે જ લીધી" એમ કહી તે પાછા સ્વર્ગમાં

ગયા. ત્યારથી તેમની વાણી સાંભળી લોકો તેમના ભક્ત બન્યા.

પાંડવો મોક્ષપદ પામ્યા.

જરાકુમાર પાંડવોની પાસે આવ્યો અને રામ, કૃષ્ણ તથા દ્વારકા સંબંધી સર્વ સમાચાર કહ્યા. તે સાંભળી શોકમાં નિમગ્ન થઈ. તેમણે કૃષ્ણની પ્રેત ક્રિયા કરી; પછી જરાકુમારને ગાદીએ બેસાડી ધર્મઘોષ આચાર્ય પાસે પાંચ પાંડવો અને દ્રૌપદીએ દીક્ષા લીધી. નેમિનાથ પ્રભુ નિર્વાણપદ પામ્યા, સાંભળી શોક કરતા તેઓ સિદ્ધગિરિ ઉપર આવ્યા અને ત્યાં અનશન કરી, કેવળજ્ઞાન પામી, મોક્ષ પામ્યા; સાધ્વી દ્રૌપદી મૃત્યુ પામી બ્રહ્મ દેવલોકમાં ગયાં.

નેમિનાથ પ્રભુનું નિર્વાણ.

અનુક્રમે વિહાર કરતાં નેમિનાથ પ્રભુ પોતાનો નિર્વાણ સમય સમીપ જાણી ગિરનાર પર આવ્યાં. ત્યાં પાંચસો છત્રીસ મુનિઓ સાથે પ્રભુએ પાદોગમન અનશન શરૂ કર્યું અને અશાડ સુદ આઠમે, ચિત્રા નક્ષત્રમાં, સાયંકાળે પ્રભુ તે મુનિઓ સાથે નિર્વાણ પદ પામ્યા.

## શ્રી નેમિનાથ પ્રભુનો પરિવાર

શ્રી નેમિનાથ પ્રભુને નીચેનો પરિવાર થયો.

| | | |
|---|---|---|
| ગણધર | ૧૧ | અગિયાર |
| સાધુ | ૧૮૦૦૦ | અઢાર હજાર |
| સાધ્વી | ૪૦૦૦૦ | ચાલીસ હજાર |
| ચૌદપૂર્વધારી | ૪૦૦ | ચારસો |
| અવધિજ્ઞાની | ૧૫૦૦ | પંદરસો |
| વૈક્રિયલબ્ધિવાળા | ૧૫૦૦ | પંદરસો |

| | | |
|---|---|---|
| કેવળજ્ઞાની | ૧૫૦૦ | પંદરસો |
| મનઃપર્યવજ્ઞાની | ૧૦૦૦ | એક હજાર |
| વાદી | ૮૦૦ | આઠસો |
| શ્રાવક | ૧૬૯૦૦૦ | એક લાખ ઓગણ સિત્તોર હજાર |
| શ્રાવિકા | ૩૩૯૦૦૦ | ત્રણ લાખ ઓગણ-ચાલીસ હજાર |
| શાસનદેવ | | ગોમેધ |
| શાસનદેવી | | અંબીકા |

## શ્રી નેમિનાથ પ્રભુના તીર્થમાં થયેલા શ્રી બ્રહ્મદત્ત ચક્રવર્ત્તી ચરિત્ર–પૂર્વભવ

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં સાકેતપુર નામે નગર હતું. તે નગરમાં ચંદ્રાવતંસ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને મુનિચંદ્ર નામે એક કુંવર હતો. તેણે સાગરચંદ્ર નામના મુનિ પાસે દીક્ષા લીધી. એક વખત તે મુનિ ગુરુની સાથે વિહાર કરતા ચાલ્યા. માર્ગમાં ભિક્ષા માટે એક ગામમાં ગયા. ભિક્ષા લઇને આવે તે પહેલાં સાર્થે પ્રયાણ કર્યુ. સાર્થની પાછળ જતાં મુનિ અટવીમાં ભૂલા પડયા. તેવામાં તેમને ચાર ગોવાળો મળ્યા. ગોવાળોએ તેમની સારી સેવા કરી એટલે મુનિએ તેમને દેશના આપી. તે સાંભળી ચારે જણે દીક્ષા લીધી અને રૂડી રીતે પાળી. તેમાંથી બે જણે ધર્મની જુગીપ્સા કરી, છતાં તપના પ્રભાવથી તેઓ દેવલોકમાં ગયા.

દેવલોકમાંથી ચ્યવી તે બન્ને ગોવાળો જીવદશપુર નગરમાં એક બ્રાહ્મણની દાસીની કુક્ષિ વિષે યુગલપુત્રપણે ઉત્પન્ન થયા. યૌવન વય પામતા પિતાની આજ્ઞાથી તેઓ ક્ષેત્રની રક્ષા કરવા ગયા.

રાત્રે તેઓ ક્ષેત્રમાં સૂઈ ગયા હતા ત્યારે એક સર્પ એક ભાઇને કરડયો. પછી તે સર્પની બીજોભાઈ શોધ કરવા લાગ્યો એટલે તે સર્પ તેને પણ કરડયો; તેના ડંશનો પ્રતિકાર ન થવાથી તે બિચારા મૃત્યુ પામ્યા.

બન્ને ભાઈઓ મૃત્યુ પામી બીજા ભવમાં હરિણીની કુક્ષિ વિષે મૃગપણે ઉત્પન્ન થયા. અહીં પણ તેઓ પરસ્પર અતિ સ્નેહયુક્ત થયા.

એક દિવસ કોઈ શિકારીના બાણથી મૃત્યુ પામી ત્રીજાભવમાં હંસીની કુક્ષિને વિષે હંસપણે ઉત્પન્ન થયા. તે ભવમાં પણ તેઓ પરસ્પર સ્નેહવાળા થયા. તેઓ ગંગા કિનારે રહેલા કમળના તંતુ ખાઈ પોતાનું જીવન પસાર કરતા હતા તેવામાં કોઈક શિકારીએ તેમને મારી નાંખ્યા.

ચોથા ભવે ધર્મની નિન્દા કરવાના ફળથી કાશીમાં એક ચંડાળને ઘેર ચિત્ર સંભુતિ નામે ઉત્પન્ન થયા. તેઓને પરસ્પર અત્યંત સ્નેહ હોવાથી તેઓ કદી પણ જુદા પડતા નહિ. તે સમયે કાશીમાં શંખ નામે રાજા હતો. તેને નમુચિ નામે પ્રધાને રાજાનો મોટો અપરાધ કર્યો. તેથી રાજાએ તેને મારી નાખવા ચંડાળને સોંપી દીધો. તેણે નમુચિને કહ્યું, "જો તું મારા પુત્રોને ભોંયરામાં રહી ગુપ્ત રીતે ભણાવે તો હું તારી ગુપ્તપણે રક્ષા કરૂ." નમુચિએ ચંડાળનુ તે વચન કબૂલ કર્યું. પછી નમુચિ ચિત્ર અને સંભુતિને વિવિધ કળાઓનો અભ્યાસ કરાવવા લાગ્યો કેટલેક દિવસે અનુરાગી થયેલી તે ચંડાળની સ્ત્રી સાથે નમુચિ રમવા લાગ્યો. તે વાત જાણવામાં આવતા ચંડાળે તેને મારવાનો નિશ્ચય કર્યો. તે વાતની ચિત્ર સંભુતને ખબર પડવાથી તે ચંડાળના

પુત્રોએ ભય બતાવી નમુચિને નસાડી મુકયો. ત્યાંથી નાસીને નમુચિ હસ્તિનાપુર આવ્યો ત્યાં સનત્કુમાર ચક્રીએ તેને પોતાનો પ્રધાન બનાવ્યો.

ચિત્ર અને સંભૂત બીજી કલાઓ સાથે સંગીતકલામાં પણ પ્રવીણ થયા હતા. એક વખત આ બન્ને ભાઈઓ નગરના ચોકમા વીણા વગાડવા લાગ્યો; વીણાના નાદે નગર ગાંડું બન્યું. કોઈએ તેમની નાતજાત જોઈ નહિ અને જેમ વાંસળીના અવાજે હરણ ભેગાં થાય તેમ નગરની પડદામાં રહેનારી સ્ત્રીઓ પણ ઘરનું કામ કાજ મૂકી તેમનું સંગીત સાંભળવા લાગી. લોકોનાં ટોળે ટોળાં તેમની પાછળ ભમવા લાગ્યા. આથી આભડછેટથી ભય પામનારા લોકોએ રાજાને સર્વવાત જણાવી; રાજાએ તે બે ભાઈઓને નગરમાં નહિ પેસવાનો હુકમ કર્યો.

એક વખત કાશીમાં કૌમુદી મહોત્સવ હતો. લોકોનાં ટોળે ટોળાં ગીત ગાતાં ગાતાં નીકળ્યા; ચિત્ર સંભૂત પણ માથે બુરખો ઓઢી નગરમાં દાખલ થયા અને તીણા સ્વરે તેમણે પણ ગીત આરંભ્યું, તેમના ગીત આગળ સર્વનાં ગીત ઝાંખા થયાં. લોકોનાં ટોળેટોળાં તેમની આગળ જમા થયાં. તેમાં કોઈ કૌતુકીને આ ગાનાર કોણ છે તે જાણવાની ઈચ્છા થઈ. તેણે બુરખો ખેંચી કાઢયો લોકોએ જોયું તો બુરખામાંથી બીજું કોઈ ન નીકળતાં ચંડાળ પુત્રો નીકળ્યા. પછી નગરજનોએ લાકડી અને ઢેખાળાથી તેમને કૂટવા માંડયા એટલે શ્વાનની જેમ તેઓ ડોક નીચી કરી નગરમાંથી નીકળી ગયા.

ચિત્ર સંભૂતના ગાત્ર લોકના મારથી ઢીલાં થયાં તેમ તેની સાથે તેમનાં મન પણ ઢીલાં થયાં. તેમને લાગ્યું, "લોકોને આપણી કળા પસંદ છે પણ આ શરીરમાં રહેલ હોવાથી ત્યાજ્ય છે.

લોકોની દૃષ્ટિએ આપણાં શરીર ઘૃણા પાત્ર છે તો આપણે આ શરીરને રાખી શું કામ છે? " એમ વિચારી આત્મહત્યા કરવા તેઓ એક પર્વત ઉપર ચડયા. તેવામાં તેમને એક મુનિ મળ્યા. તેઓએ મુનિને પોતાનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો મુનિ બોલ્યા, "આત્મહત્યા કરવાથી તમારા શરીરનો નાશ થશે, પણ સેંકડો જન્મથી ઉપાર્જને કરેલા તમારાં અશુભ કર્મોનો કોઇ નાશ થશે નહિ. જો તમારે આ શરીરનો ત્યાગ કરવો હોય તો સ્વર્ગ અને મોક્ષાદિના કારણરૂપ પરમ તપ કરો" મુનિની શિખામણ તેમને પસંદ પડી અને તેમણે દીક્ષા લીધી. છઠ અઠમ વગેરે તપ કરીને તેમણે પૂર્વ કર્મની સાથે પોતાની કાયાને પણ શોષવી નાખી.

સંભૂતિ મુનિને ઉપસર્ગ

વિહાર કરતાં કરતાં એક વખત તેઓ હસ્તિનાપુર આવ્યા. માસ ક્ષમણને પારણે સંભૂતિ મુનિ નગરમાં ભિક્ષા માગવા ગયા ઈર્યાસમિતિપૂર્વક ઘેર ઘેર ભમતા તે મુનિ માર્ગમાં નમુચિ મંત્રીના જોવામાં આવ્યા. એટલે "આ ચંડાળનો પુત્ર મારો વૃત્તાન્ત જાહેર કરશે" એવી ચિંતા મંત્રીના ચિત્તમાં ઉત્પન્ન થઇ. આથી તેણે સેવકોને મુનિને નગર બહાર કાઢી મૂકવાની આજ્ઞા કરી. ધાન્યના પુંજને કૂટે તેમ તે સેવકોએ મુનિને કૂટયા, એટલે તે ત્યાંથી ઉપ-વનમાં જવા ઉતાવળા ચાલ્યા, તથાપિ સેવકોએ તેમને છોડયા નહિ આથી મુનિને ક્રોધ ચઢયો. તત્કાળ મુનિના મુખમાંથી તેજોલેશ્યા ઉત્પન્ન થઈ; તે વીજળીના મંડળની જેમ આકાશને પ્રકાશતી મોટી મોટી જવાળાઓથી ઉલ્લાસ પામવા લાગી. તેજોલેશ્યા ધારણ કરતા મુનિને પ્રસન્ન કરવા માટે નગરજનો અને રાજા સનત્કુમાર ત્યાં આવ્યા આ ખબર જાણીને ચિત્ર મુનિ પણ આવ્યા તેમણે મધુર ભાષણ વડે સંભૂતિમુનિને શાન્ત કર્યા. અને તેમને ઉદ્યાનમાં

લઈ ગયા. પછી તેઓ પશ્ચાતાપ કરવા લાગ્યા કે "માત્ર આહારને માટે ઘેર ઘેર ફરવાથી મોટું દુઃખ થાય છે. આ શરીર આહાર વડે પોષણ કરવા છતાં પણ પરિણામે નાશવંત છે ત્યારે યોગીઓને શરીરની કે આહારની શી જરૂર છે ?" આવું વિચારી બન્ને મુનિઓએ ચતુર્વિધ આહારનાં પચ્ચખ્ખાણ કર્યાં મુનિનો ક્રોધ શાન્ત થયો, પણ રાજાને તપાસ કરતાં માલમ પડ્યું કે નમુચિ મંત્રીએ મુનિનો અપરાધ કર્યો હતો તેથી તેને પકડી મુનિ પાસે લાવવામા આવ્યો. સંભૂતિ મુનિએ મૃત્યુમુખમા જતા નમુચિને છોડાવ્યો. આમ છતાં કર્મચંડાળ નમુચિને ચક્રીએ નગર બહાર કાઢી મૂકયો.

સંભૂતિમુનિનું નિયાણું

એક વખત ચોસઠ હજાર સપત્નીઓનો પરિવાર લઈને સનત ચક્રવર્ત્તીનું સ્ત્રી રત્ન સુનંદા મુનિને વાંદવા આવી. સંભૂતિ મુનીને વંદન કરતાં તેના વાળની લટ મુનિના ચરણને સ્પર્શી; તત્કાળ મુની રોમાંચીત થઇ ગયા. સંભૂતિ મુનિએ નીયાણું બાંધ્યું કે, "જો મારા કરેલા દુષ્કર તપનું ફળ હોય તો ભાવી જન્મમાં આવા સ્ત્રી રત્નનો પતિ થાઉં" આ વાતની ખબર ચિત્રમુનિને પડી. તેણે તેમને સમજાવ્યા અને કહ્યું મિથ્યા દુષ્કૃત દઈ તમારૂં ચિત ધ્યાન માર્ગે વાળો. પણ આ સમજાવટ તેની વિષયેચ્છા આગળ નિષ્ફળ નીવડી. પછી બન્ને મુનિ પરિપૂર્ણ અનશતને પાળી આયુઃકર્મનો ક્ષય થતાં મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં દેવ થયા ચિત્રનો જીવ પહેલા દેવલોકમાંથી ચ્યવી પુરીમતાલ નગરમાં એક ધનાઢ્ય વણિકનો પુત્ર થયો અને સંભૂતનો જીવ કાંપિલ્ય નગરના બ્રહ્મરાજાની ચુલનીદેવીની કુક્ષિ વિષે પુત્રપણે અવતર્યો. સુખે સૂતેલાં ચુલની દેવીએ રાત્રિના શેષ ભાગે ચૌદ મહાસ્વપ્નો જોયાં. પૂર્ણ માસે

ચુલની માતાએ પુત્ર રત્નને જન્મ આપ્યો. પિતાએ તેનું નામ બ્રહ્મદત્ત પાડયું.

બ્રહ્મરાજાને ચાર પ્રિય મિત્રો હતા. કાશી દેશનો રાજા કટક, હસ્તિનાપુરનો રાજા કણેરૂદત્ત, કોશલદેશનો રાજા દીર્ઘ અને ચંપા નગરીનો રાજા પુષ્પચૂલ. આ પાંચે મિત્રો પોતાના અંતઃપુર સહિત એક એક વર્ષ એક બીજાના નગરમાં રહેતા એક વખત આ મિત્રો કાંપિલ્યનગરમાં આનંદપૂર્વક જીવન પસાર કરતા હતા. તેવામાં અચાનક બ્રહ્મરાજા શૂળથી મરણ પામ્યા આથી ચારે મિત્રોએ વારા ફરતી કાંપિલ્ય નગરમાં રહી બ્રહ્મદત્ત ઉમર લાયક થાય ત્યા સુધી રાજ્ય સાચવવાનું માથે લીધું. પ્રથમ વર્ષ આ કાર્ય દીર્ઘે સંભાળ્યુ પણ દીર્ઘને ચુલનીદેવી સાથે રાજ્યકાર્યને અંગે વધુ પરિચય થતાં તે તેણીમા આસક્ત થયો.

બ્રહ્મદત્ત દીર્ઘ અને ચુલનીનું દુષ્કૃત્ય સમજી ગયો. તે એક વખત અંતઃપુરમાં કાગડો અને કોકિલાને લઈ ગયો અને તેમને મારતા કહ્યું, " આ કાગડા અને કોકિલાની પેઠે જે માણસો વ્યભિચાર કરશે તેને હું શિક્ષા કરીશ." આ સાભળી એકાંતમાં ચુલનીને દીર્ઘ રાજાએ કહ્યું, "હું કાગડો અન તું કોકીલા છે એમ સમજજે, તેથી આ કુમાર આપણને શિક્ષા કરશે" ચુલની દેવી બોલી. "એ બાળકના બોલ ઉપરથી ભય પામશો નહિ" અન્યદા વળી બ્રહ્મદત્ત એક ભદ્ર જાતિની હાથણી સાથે હલકા હાથીને લાવી કહેવા લાગ્યો, "આવા અપરાધ કરનારને હું જીવતો હણી નાખીશ એક વખત હંસીની સાથે બગલાને બાંધી અંતઃપુરમાં લઈ જઈ બ્રહ્મદત્ત કહેવા લાગ્યો "આની પેઠે કોઇ રમશે તેને હું સહન કરીશ નહિ" દીર્ઘને હવે ધીરજ રહી નહિ. તેણે ચૂલનીને કહ્યું, "આ કુમાર મોટો થશે ત્યારે આપણને અવશ્ય વિઘ્નકર્તા થશે માટે

તેને મારી નાખવો જોઈએ." ચુલની બોલી, "આવા રાજ્ય ધૂરંધર પુત્રને કેમ મારી નખાય ? તિર્યંચ પણ પોતાના પ્રાણની જેમ પુત્રોની રક્ષા કરે છે." દીર્ઘ બોલ્યો, "તેની ઉપર મોહ રાખ નહિ. હું છતાં તારે પુત્ર થવા કાંઈ દુર્લભ નથી" દીર્ઘના આવાં વચન સાંભળી રતિસ્નેહને પરવશ થયેલી ચુલની ડાકણની જેમ પુત્રનું વાત્સલ્ય ત્યજી દઈ તેમ કરવાને કબૂલ થઈ. તેણે વિચાર્યું, આ કુમારને મારી નાંખવો, પણ લોકમાં નિંદા થવા દેવી નહિ." પછી ગુપ્ત રીતે એક લાક્ષા ગૃહ (લાખનું ઘર) બનાવ્યુ અને બ્રહ્મદત્તના લગ્ન પછી જ્યારે તેમાં તે સૂઈ રહે ત્યારે તેને ફુંકી મારવાની ગોઠવણ કરી. આ વાત રાજભક્ત ધનુમંત્રીના ખ્યાલમાં આવી ગઈ. આથી તેણે વૃદ્ધાવસ્થાનું બહાનું કાઢી દીર્ઘ પાસેથી રજા લઇ, એક દાનશાળા કાઢી અને કોઈ ન જાણે એવી રીતે લાખના ઘરની બહાર નીકળતું એક ગુપ્ત ભોંયરૂં બનાવ્યું. પછી પોતાના પુત્ર વરધનુને બ્રહ્મદત્તની રક્ષા માટે સર્વ વાત કહી તેની પાસે રાખ્યો.

બ્રહ્મદત અને બન્ધુમતીના લગન

શુભ મુહુર્તે બ્રહ્મદત્તનાં લગ્ન પુષ્પચુલ રાજાની કન્યા પુષ્પવતી સાથે થયાં. રાજાને કાવત્રાની ખબર પડી ગઇ હતી તેથી તેણે પોતાની કન્યા પુષ્પવતીને બદલે એક દાસીને મોકલી. વરવધૂ લાખના ઘરમાં ઊંઘે છે એમ માની દીર્ઘ અને ચુલનીના સેવકોએ લાક્ષાગૃહ સળગાવ્યું. વરધનુ એક પત્થર ઉપર પાટુ મારી, તેને દૂર કરી ભોંયરા દ્વારા બ્રહ્મદત્ત સાથે બહાર નીકળ્યો અને તેને ટૂંકમાં દીર્ઘ અને ચુલનીના કાવત્રાની અને પોતાના પિતાએ બનાવી રાખેલ ભોંયરાની વાત કહી. પછી બન્ને જણા માથું મુંડાવી, ગુરુ શિષ્ય થઇ, બ્રાહ્મણનો વેશ ધરી એક ગામમાં ગયા. કોઈ ઉત્તમ બ્રાહ્મણે

તેમને ભાગ્યશાળી જાણી નિમંત્રણ આપ્યું અને તેણે રાજા જેવી ભક્તિ કરી ભોજન કરાવ્યું. પછી તે બ્રાહ્મણની સ્ત્રીએ કુમારના મસ્તક પર અક્ષત નાખી બે શ્વેતવસ્ત્ર અને એક અપ્સરા જેવી કન્યા આગળ ધરી. વરધનુ બોલ્યો, "કસાઈ આગળ ગાયની જેમ આ પરાક્રમ કે કળામાં અજ્ઞાત જનના કંઠમાં આ કન્યાને તું શું જોઇ બાંધે છે?" એટલે બ્રાહ્મણ બોલ્યો, "આ મારી બંધુમતી નામે કન્યા છે. તેનો આ પુરૂષ સિવાય બીજો કોઇ વર નથી, કારણ કે નિમિત્તિઆએ મને જણાવ્યું હતું કે વસ્ત્રથી જેણે પોતાનુ શ્રીવત્સ લાંછન ઢાંકેલું હોય એવો જે પુરૂષ તારે ત્યાં ભોજન કરવા આવે. તેને તારે આ કન્યા આપવી." પછી તે બન્ધુમતી કન્યા સાથે બ્રહ્મદત્તનો વિવાહ થયો. તે રાત્રિ બન્ધુમતી સાથે રહી તેને આશ્વાસન આપી બીજે દિવસે કુમાર ત્યાંથી બીજે જવા ચાલ્યો. તેવામાં તેને ખબર પડી કે દીર્ઘે તેના સેવકોને તેમને પકડવા ઠેર ઠેર મોકલ્યા છે. આથી બ્રહ્મદત્ત અને વરધનુ મુખ્ય માર્ગ છોડી અટવી માર્ગે વળ્યા. આ અરસામાં બ્રહ્મદત્ત તૃષાતુર થવાથી પાણી માટે વરધનુ ફાંફાં મારતો હતા તેવામાં દીર્ઘના સૈનિકોએ તેને પકડી લીધો. બ્રહ્મદત્ત ત્યાંથી નાસી છૂટયો અને એક ઋષિના આશ્રમમાં આવ્યો કુળપતિએ તેને પૂછ્યું, " તમારી આકૃતિ અત્યંત મનોહર જણાય છે. તો મરૂદેશમાં કલ્પવૃક્ષની જેમ તમારૂં અહીં આગમન કેમ થયું ?" બ્રહ્મદત્તે તે મહાત્માને પોતાનો સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો એટલે કુલપતિએ કહ્યું, "હું તારા પિતાનો લઘુ બંધુ છું. માટે તું અહીં રહે અને તારો કાળ નિર્ગમન કર,' બ્રહ્મદત્ત ત્યાં રહ્યો અને શસ્ત્ર, શાસ્ત્ર અને અસ્ત્ર વગેરે વિદ્યાઓ શિખ્યો.

ઋષિના આશ્રમમાં બ્રહ્મદત્તનો વિદ્યાભ્યાસ

એક વખત બ્રહ્મદત્ત તાપસોની સાથે જંગલમાં ફળાદિ લેવા

ગયો. અહીં તેણે એક મહોન્મત્ત હાથી દેખ્યો. તાપસકુમારો નાઠા પણ બ્રહ્મદત્ત તેની સામે ગયો અને તેને વિવિધ કલા વડે વશ કર્યો આ અરસામાં વરસાદ પડયો. બ્રહ્મદત્ત હાથી ઉપર બેસી જંગલની નદી ઓળંગી સામે કાંઠે આવ્યો. ત્યાં તેણે એક ઉજ્જડ નગર દેખ્યું. નગરની અંદર એક વંશજાળ પાસે પડેલી તલવારને ઉપાડી બ્રહ્મદત્તે વંશજાળ ઉપર ઘા કર્યો. તેવામાં તો ત્યાં તેણે એક સાધકનુ શબ જોયું. કુમાર દિલગીર થઈ આગળ ચાલ્યો. ત્યાં તેણે એક કન્યા જોઈ તેને પૃછયું, "તું કોણ છે અહીં શા માટે રહે છે?', તેણે કહ્યું, "હું પુષ્પચૂલ રાજાની પુષ્પાવતી નામની પુત્રી છું. મારા પિતાએ મને બ્રહ્મદત્તને આપી છે. પણ હું બ્રહ્મદત્તને ત્યાં જાઉં તેટલામાં તો નાટયોન્મત્ત નામનો વિદ્યાધર મને હરી ગયો અને અહીં રાખી વંશજાળમાં વિદ્યા સાધે છે." બ્રહ્મદતે હસીને કહ્યું, "તે વિદ્યાધર તો મારે હાથે મૃત્યુ પામ્યો છે. મારૂં નામ બ્રહ્મદત્ત છે" પછી બન્ને ગાંધર્વ લગ્ન કરી સુખમગ્ન બન્યાં.

પુષ્પવતી સાથે લગ્ન

બ્રહ્મદત્ત અને પુષ્પવતી પોતાનો સમય સુખમાં પસાર કરે છે તેવામાં કોઈક સ્ત્રીઓનો અવાજ સંભળાયો. બ્રહ્મદત્તે પુષ્પવતીને પૃછયું, "આ કોનો અવાજ છે?" પુષ્પવતીએ કહ્યું, "નાટયોન્મત્ત વિદ્યાધરની ખંડા અને વિશિખા નામની બે બહેનોનો અવાજ છે તે બહેનો આજે તેમના ભાઈનાં લગ્ન કરવા માટે લગ્ન સામગ્રી લઈને આવી છે, પણ તેમને કયાં ખબર છે કે લગ્ન કરનાર ભાઈ સ્વર્ગે સિધાવ્યો છે તમે ક્ષણવાર દૂર ખસી જાઓ, એટલે હું તમારા ગુણનું કીર્તન કરી તેમનો તમારા ઉપરનો રાગ વિરાગનો ભાવ જાણી લઉં. જો તેમનો તમારા ઉપર રાગ થશે તો હું તમને રાતી ધજા બતાવીશ અને વિરાગ હશે તો શ્વેત ધજા બતાવીશ જો હું

શ્વેત ધજા બતાવું તો તમારે બીજી તરફ ચાલ્યા જવું અને રાતી ધજા બતાવું, તો અહીં આવવું" બ્રહ્મદત્ત બોલ્યો, "હું બ્રહ્મરાજાનો કુમાર છું; તેથી એ સ્ત્રીઓ તોષ કે રોષ પામવાથી મને શું કરી શકવાની છે? " પુષ્પવતી બોલી, "હું તે વિદ્યાધર કન્યાઓ માટે કહેતી નથી, પણ તેમના સંબંધી ખેચરો તમારી સાથે વિરોધ કરે નહિ માટે કહું છુ'" પછી બ્રહ્મદત્ત એક બાજુ છુપાઈ રહ્યો. થોડીકવારમાં પુષ્પવતીએ શ્વેત ધજા બતાવી એટલે કુમાર તે જોઈ પ્રિયાનો આગ્રહ હોવાથી હળવે હળવે બીજે ચાલ્યો ગયો.

બ્રહ્મદત્ત અને શ્રીકાન્તાના લગ્ન

ત્યાંથી આગળ ચાલતાં તે માનસ સરોવરને કાંઠે આવ્યો. સરોવરમાં સ્નાન કરી આગળ વધે એટલામાં તેણે એક સુંદરી દીઠી બન્નેની દ્રષ્ટીઓ પરસ્પર મળી અને તેમાંથી પરસ્પર અનુરાગ બંધાયો. કુમાર દેવરૂપ કન્યાનો વિચાર કરે છે એટલામાં તો એક દાસી આવીને કહેવા લાગી, "તમે મારી સાથે ચાલો" દાસી કુમારને પલ્લીપતિ રાજાના મંત્રી પાસે લઈ ગઈ અને કહ્યું, "શ્રી કાન્તા રાજકુમારીએ આ મહાભાગને પતિ તરીકે પસંદ કર્યો છે. રાજાએ કાંઇપણ પૂછપરછ કર્યા વિના શ્રીકાન્તા સાથે બ્રહ્મદત્તના લગ્ન કરાવ્યાં અને તેને જુદું નિવાસ સ્થાન આપ્યું. કુમારે પત્નીને પલ્લીપતિ સંબંધી વૃત્તાંત પૂછયો ત્યારે શ્રીકાન્તાએ કહ્યું, "મારા પિતા વસંતપુરના રાજા શબરસેનના પુત્ર છે, પણ જ્યારે તે ગાદી ઉપર આવ્યા ત્યારે તેમનાં ગોત્રીઓ તેમને હેરાન કરવા લાગ્યા, આથી કંટાળી તે આ પ્રદેશ જીતી લઈ પોતાનો નિર્વાહ કરે છે.

વરધનુ નો વૃત્તાંત

સમય જતાં પલ્લીપતિ સાથે બ્રહ્મદત્ત પણ એક ગામ લૂંટવા ગયો. ત્યાં અચાનક વરધનુનો ભેટો થયો. તે પ્રથમ તો બ્રહ્મદત્તને

પગે વળગી ડૂસકે ડૂસકે રોવા લાગ્યો થોડીવાર પછી તેણે કહ્યું, "હું તમારે માટે પાણી લઈ આવતો હતો તેવામાં દીર્ઘના સૈનિકોએ મને પકડયો અને કહ્યું "તું બ્રહ્મદત્તને બતાવ" મેં કહ્યું, "બ્રહ્મદત્તને વાઘ ખાઈ ગયો છે." તેઓએ મને તે સ્થાન બતાવવા કહ્યું. હું તેમને લઇ તમે જે સ્થળે હતા તે સ્થળે આવ્યો અને તમને સંજ્ઞા કરી ભગાડયા. પછી મુખમાં ગુટિકા રાખી હું નિશ્ચેષ્ટ થઇ ભૂમિ ઉપર પડયો. થોડો વખત તેમણે મને ઢંઢોળ્યો. પણ પછી તેમને લાગ્યું કે આ મરી ગયો છે તેથી મને મૂકી ચાલતા થયા. તેમના ગયા પછી મેં મોમાંથી ગુટિકા કાઢી અને તમને શોધવા ફરવા લાગ્યો. તેવામાં એક તાપસે મને સમાચાર આપ્યા કે " લાક્ષાગૃહ બળી ગયા પછી દીર્ઘે તપાસ કરી તો તેમાંથી એકજ મૃતક નીકળ્યું દીર્ઘ ચમકયો તેણે તમારી અને બ્રહ્મદત્તની તપાસ આરંભી તેમજ તમારા પિતા ધનુને પકડવા સૈનિકો મોકલ્યા અગમચેતી ધનુમંત્રી અદશ્ય થઈ ગયો પણ તમારા માતા પકડાઇ ગયાં દીર્ઘે તેને હાલ ચંડાળના પાડામાં રાખી છે હું ત્યાં ગયો અને ગુટિકા પ્રયોગથી તેને નિશ્ચેષ્ટ બનાવી. રક્ષકો તેને મૃત્યુ પામેલી માની બાળવા જતા હતા તેવામાં મેં સાધકનું રૂપ કરી મૃતક માગ્યું. તેમણે તે મને આપ્યું. એટલે મેં થોડીવારે ગુટિકા કાઢી માતાને હતાં તેવા બનાવ્યાં અને પિતાના મિત્ર દેવશર્માને ઘેર રાખ્યાં આ પછી તમારી શોધ કરતો ફરતો હતો તેવામાં તમે મને મળ્યા." બ્રહ્મદત્ત પોતાનો વૃત્તાંત કહે છે તેવામાં તો સમાચાર આવ્યા કે દીર્ઘના સૈનિકો તમારી શોધ માટે આવ્યા છે. સમાચાર સાંભળી બન્ને મિત્રો જીવ બચાવવા નાઠા અને કોશાંબી નગરી પાસે આવ્યા.

તે નગરીના ઉદ્યાનમાં તે નગરના રહેનારા સાગરદત્ત શેઠના અને બુદ્ધિલના કુકડાની લડાઈ થતી હતી. તેમાં હાર જીત ઉપર

એક લક્ષ દ્રવ્યનું પણ (શરત) કરવામાં આવ્યું હતું. તે વાત બન્ને કુમારોના જાણવામાં આવી બન્ને કુકડા ખેંચવાના સાણસા હોય તેવા તીક્ષ્ણ નખોથી અને ચાંચોથી ઉછળી ઉછળીને યુદ્ધ કરતા હતા. સાગરદત્તનો કુકડો જાતિવાન હતો. બુદ્ધિલનો કુકડો જાતિવાન ન હતો થોડીવાર યુદ્ધ થયા પછી બ્રહ્મદત્તે બુદ્ધિલના કુકડાના પગમાં યમરાજના દૂત જેવી તીક્ષ્ણ લોઢાની સોયો જોઈ. તેની બુદ્ધિલને ખબર પડતાં તેણે ગુપ્ત રીતે અર્ધ લાખ દ્રવ્ય બ્રહ્મદત્તને આપવાનું કહ્યું, પણ તે ન સ્વીકારતાં, તે વૃત્તાન્ત લોકોને જણાવ્યો. પછી બ્રહ્મદત્તે પેલી લોઢાની સોયો ખેંચી લઈ બુદ્ધિલના કુકડાને સાગરદત્તના કુકડા સામે ફરીવાર યુદ્ધ કરવા મોકલ્યો એટલે સોય વગરના બુદ્ધિલના કુકડાને સાગરશેઠના કુકડાએ ક્ષણવારમાં હરાવ્યો. સાગર જીતાડનાર બ્રહ્મદત્તને પોતાને ઘેર લઈ ગયો. તેવામાં વત્સા નામની તાપસી આવી વરધનુને કહેવા લાગી, “આ નગરના શેઠની પુત્રી રત્નાવળી બ્રહ્મદત્તને જોયા પછી બેચેન બની છે. અને તેણે મારી દ્વારા બ્રહ્મદત્તને પરણવા આ પત્ર મોકલ્યો છે.” બ્રહ્મદત્ત તેનો સ્વીકાર કર્યો તેવામાં દીર્ઘના સૈનિકો બ્રહ્મદત્તને શોધવા આવ્યા છે એવું સાગરના ખ્યાલમાં આવ્યું એટલે તેણે ગુપ્ત રીતે રત્નાવળી સાથે બન્ને મિત્રોને ભોંયરામાં ધકેલ્યા અને ત્યાંથી ગુપ્ત માર્ગે રવાના કર્યા.

વરધનુ ગુમ

રત્નાવલી (રત્નવતી)ના કહેવાથી બ્રહ્મદત્ત મંત્રી પુત્ર વરધનુને સારથી પદ આપી રથ મગધપુર તરફ હંકાર્યો. માર્ગમાં કંટક સુકંટનામના બે ચોરના માણસોએ બ્રહ્મદત્ત વગેરે પર આક્રમણ કર્યું. પણ બ્રહ્મદત્તે સ્વપરાક્રમથી તેમને નસાડી મૂકયા. પછી મંત્રી પુત્રે બ્રહ્મદત્તને કહ્યું, “તમે થાકી ગયા હશો માટે આ રથમાં જ બે ઘડી

સૂઈ જાવ," રત્નવતી અને બ્રહ્મદત્ત રથમાં સૂઈ ગયા. પ્રભાત સમયે તેઓ એક નદી કિનારે આવ્યા. ત્યા ઘોડાઓ થાક લાગવાથી ઊભા રહ્યા અને બ્રહ્મદત્ત પણ જાગી ગયો. જાગીને જોયું તો રથ હાંકનાર મંત્રી પુત્ર બ્રહ્મદત્તની નજરે ન પડયો. એટલે તે 'જળ લેવા ગયો હશે એવુ ધારી તેણે વારંવાર ઘણી બૂમો પાડી, પણ તેનો જવાબ મળયો નહિ અને રથના અગ્ર ભાગ આગળ તેના હાથ લોહીથી ખરડાયા; બ્રહ્મદત્તને લાગ્યુ કે વરધનુ મૃત્યુ પામ્યો તે રડી ઊઠયો અને 'વરધનુ, વરધનુ એમ બુમો પાડવા લાગ્યો. રત્નાવળીએ પતિને આશ્વાસન આપતાં કહ્યું, "જંગલની સામે મગધપુરમાં મારા કાકા રહે છે ત્યાં જઈ તપાસ કરશું." બ્રહ્મદત્તે આગળ પ્રયાણ કર્યું. થોડા વખતમાં તે મગધ દેશના સીમાડાના ગામમાં આવ્યો બ્રહ્મદત્તે ગામના નાયકને વરધનુની તપાસ કરવા કહ્યું. નાયકે ઘણી તપાસ કરી પણ વરધનુનો પત્તો લાગ્યો નહિ. તે રાત્રિએ ચોરોએ ગામમાં ધાડ પાડી. બ્રહ્મદત્તે ચોરોને મારી હઠાવી ગામની રક્ષા કરી.

ખંડા અને વિસિમા સાથે વિવાહ

બીજે દિવસે ગ્રામણીને લઈ કુમાર રાજગૃહી આવ્યો. ત્યાં રત્નાવલીને તાપસના આશ્રમમાં રાખીને તેણે નગરમાં પ્રવેશ કર્યો તેને જોઈ ગામમાં બેઠેલી સ્ત્રીઓ કહેવા લાગી. હે નાથ! અમને છોડી કયાં ચાલ્યા જાઓ છો." બ્રહ્મદત્તે કહ્યું. "મેં તમારો સ્વીકાર કયારે કર્યો અને છોડી કયારે ?" સ્ત્રીઓએ કહ્યું. "અમે ખંડા વિશિમા નામની બે વિદ્યાધરીઓ છીએ. પુષ્પવતીએ અમને તમારા રૂપ–પરાક્રમની વાત કરી અનુરાગી બનાવી પણ તેણે ઉતાવળથી લાલ ધજાને બદલે સફેદ ધરી તેથી તમે ચાલ્યા ગયા. અમે તમારી ખૂબ તપાસ કરી પણ પત્તો ન લાગ્યો એટલે અહીં રહીએ છીએ. બ્રહ્મદત્ત ગાંધર્વ વિવાહથી તેમને પરણ્યો. રાત રહી તેમને કહ્યું

"હાલ તમે પુષ્પવતી સાથે રહો. હું રાજ્ય મેળવીશ ત્યારે તમને બોલાવી લઇશ.' તુરત આવાસ અને સ્ત્રીઓ અંતર્ધાન થઈ.

વરધનુનુ પુનઃ મિલન

પછી બ્રહ્મદત્ત તાપસના આશ્રમમાં રાખેલી રત્નવતી (રત્નાવલી) ને શોધવા ગયો. પણ ત્યાં તે જોવામાં આવી નહિ. લોકોએ કહ્યું કે તે તમારી રાહ જોઈ થાકી રડતી હતી તેથી અમે મગધપુરમાં તેના કાકાને ઘેર રાખી છે. બ્રહ્મદત્ત તેના કાકા ધનાવહને ત્યાં ગયો કાકાએ બ્રહ્મદત્તને રત્નાવળી ધામધૂમથી પરણાવી.

વરધનુ નહિ મળવાથી બ્રહ્મદત્ત ચિંતાતુર રહેતો હતો. ઘણી ઘણી તપાસ પછી તેણે માન્યુ કે "વરધનુ મૃત્યું પામ્યો છે" આથી તેના શ્રેયાર્થે તેણે બ્રાહ્મણોને દાન દેવા માંડયું, દાનશાળામાં વરધનુ બટુક થઇ દાન લેવા આવ્યો. બ્રહ્મદત્ત તેને ઓળખી ભેટી પડયો. વરધનુએ પોતાનું વૃત્તાન્ત જણાવતાં કહ્યું, "તે પલ્લીમાં ચોરોના બાણથી હું રથ ઉપરથી ઉછળી ઘાસમાં પડયો. થોડા સમયે ભાન આવ્યું એટલે ગુપ્ત રીતે જંગલ પસાર કરી તમારી શોધ કરતો અહીં આવ્યો છું." બ્રહ્મદત્ત પણ પોતાનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો.

મગધપુરમાં બ્રહ્મદત્તે હાથીના ઝપાટામાં આવી પડેલ શ્રેષ્ઠિ પુત્રી શ્રીમતીને બચાવી આથી રંજીત થઇ રાજાએ પોતાની પુત્રી બ્રહ્મદત્તને આપી. વરધનુના લગન મંત્રા પુત્રી નંદા સાથે કરવામાં આવ્યાં.

બ્રહ્મદત્ત વારાણસીમાં

કેટલાક દિવસ પછી તેઓ વારાણસી નગરીમાં આવ્યાં બ્રહ્મદત્તને આવેલો સાંભળી વારાણસીનો રાજા કટક ગૌરવતાથી સામો આવીને પોતાને ઘેર લઇ ગયો અને પોતાની કટકવતી

નામની કન્યા તેમજ ચતુરંગ સેના બ્રહ્મદત્તને આપી. બ્રહ્મદત્તને વારાણસી આવેલો જાણી ચંપા નગરીનો રાજા કહેણુદત્ત, ધનુમંત્રી અને બીજા રાજાઓ પણ ત્યાં આવ્યા. પછી વરધનુને સેનાપતિ બનાવી બ્રહ્મદત્તે દીર્ઘરાજા પાસેથી રાજ્ય લઇ લેવા પ્રયાણ કર્યું "તે વખતે દીર્ઘરાજાની સાથે તમારે બાલ્યમૈત્રી છે તે તમારે છોડી દેવી જોઈએ નહિ." એમ દીર્ઘ રાજાના દૂતે કટકને કહ્યું. તે સાંભળી કટક રાજા બોલ્યો, "પૂર્વે બ્રહ્મરાજા સહિત અમે પાંચે સહોદર જેવા મિત્રો હતા. બ્રહ્મરાજા સ્વર્ગે ગયા પછી એમનું બધું રાજ્ય, રક્ષણ કરવા માટે, દીર્ઘરાજાને સોંપ્યું, એટલે તે જાણે પોતાનું જ રાજ્ય હોય તેમ તેને ભોગવવા લાગ્યો માટે એ દીર્ઘને ધિક્કાર છે; કેમકે સાચવવા સોંપેલા પદાર્થને તો ડાકણ પણ ખાતી નથી. બ્રહ્મરાજાના પુત્ર રૂપ થાપણના સંબંધમાં દીર્ઘ રાજાએ જે મોટું પાપ આચર્યું છે. તેવું પાપ કોઇ ચંડાળ પણ કરે નહિ. માટે તું જઈ તારા દીર્ઘરાજાને કહે કે બ્રહ્મદત્ત લશ્કર લઈને આવે છે, માટે તેની સાથે યુદ્ધ કર અથવા નાસી જા." આ પ્રમાણે કહી દૂતને વિદાય કર્યો.

ચુલનીની દીક્ષા અને મુક્તિ

બ્રહ્મદત્ત લશ્કર લઇ ચઢી આવ્યો. તેની અને દીર્ઘ વચ્ચે ખૂનખાર યુદ્ધ થયું. આ યુદ્ધના સમાચાર સાંભળી ચુલની લાજી ઉઠી. તેને ભાન થયું કે જગતમાં અધમમાં અધમ માણસને ન શોભે તેવું કાર્ય કરી મેં મારી જાત, કુળ અને પિતૃકુલને લજવ્યું છે વૈરાગ્ય પામી તેણે દીક્ષા લીધી. કુકર્મના ક્ષય માટે આકરો તપ કર્યો અને અન્તે મુક્તિપદ પ્રાપ્ત કર્યું.

બ્રહ્મદત્તને ચક્રવર્તીત્વ પ્રાપ્તિ

સૈનિકોના યુદ્ધ પછી દીર્ઘ પોતે સામે આવ્યો. પણ પુણ્ય

પ્રબળતાથી બ્રહ્મદત્તના હાથમાં તુરત દૈવી ચક્ર આવ્યું. બ્રહ્મદત્ત તે ચક્ર દીર્ઘ પર મૂકતા દીર્ઘ જમીન ઉપર ઢળી પડયો યુદ્ધમાં બ્રહ્મદત્તનો વિજય થયો વર્ષો પછી બ્રહ્મદત્તે પિતાના નગરમાં પ્રવેશ કર્યો. પ્રજાએ તેનો ભાવભીનો સત્કાર કર્યો. અનુક્રમે બ્રહ્મદત્તને ચૌદ રત્ન મળ્યા. તેણે છ ખંડ સાધ્યા અને ચક્રવર્ત્તી બન્યો.

ભોજન પ્રિય બ્રાહ્મણનો વૃત્તાન્ત

એક વખત એક ગરીબ બ્રાહ્મણ બ્રહ્મદત્તને દ્વારે આવ્યો. રાજપુરૂષોએ તેને રાજદ્વારમાં પ્રવેશ કરવા ન દીધો. આથી બ્રાહ્મણે જૂના જોડાનું તોરણ બનાવ્યું ચક્રવર્તી મહોત્સવ પછી બહાર નીકળ્યા ત્યારે જૂના જોડાનું તોરણ જોઈ પૂછ્યું, "મે પાંદડા પુષ્પના તોરણ જોયાં છે. પણ જોડાનું તોરણ પહેલીવાર જોઉં છું. જોડાનું તોરણ કરનાર કોણ છે?" રક્ષકોએ કહ્યું, "એક બ્રાહ્મણ આપનું નામ રટતો બાર વર્ષથી આપને ઝંખે છે." બ્રહ્મદત્તે તેને બોલાવી પૂછયું, "શું કામ છે?" બ્રાહ્મણે કહ્યું, "આપ વૈભવ પામી ભૂલી ગયા છો પણ આપની નાસભાગમાં તમારી સાથે રખડવામાં મારા જોડાના તળીયાં ઘસાઈ તુટી ગયાં છે. "બ્રહ્મદત્તે તેને મિત્ર તરીકે ઓળખ્યો અને કહ્યું, "તારે જોઈએ તે માગ." તેણે કહ્યું, "મને ભોજન આપો." ચક્રીએ કહ્યું "આવું અલ્પ શું માગ્યું? કોઈ દેશ માગી લે. એટલે જિહ્વાલંપટ બ્રાહ્મણ બોલ્યો. "રાજ્યનું ફળ પણ ભોજન જ છે, માટે મને તમારા ઘરથી આરંભીને આખા ભરતક્ષેત્રમાં ઘેર ઘેર ભોજન અંતે એક દીનાર દક્ષિણામાં મળે એવો હુકમ કરો. તે સાંભળી ચક્રીએ વિચાર્યું, "આ બ્રાહ્મણની યોગ્યતા એટલી જ જણાય છે." પછી તેણે બ્રાહ્મણને પોતાને ઘેરથી પહેલે દિવસે દીનાર અને ભોજન અપાવ્યું. ચક્રીની આજ્ઞાથી તે બ્રાહ્મણે ભરતક્ષેત્રમાં અનુક્રમે બધે ઘેર ભોજન કરવા

માંડ્યુ અને એવું ચિંતન કરવા માંડયું કે 'બધે જમીને પાછો ફરીને રાજાને ઘેર જમીશ;' પણ તેને ચિરકાળે પણ રાજ ભોજન મેળવ્યું નહિ. એવી રીતે વ્યર્થ કાળ ગુમાવતો તે ભટ અન્યદા મૃત્યુ પામ્યો.

બ્રહ્મદત્તને પૂર્વ ભવોનું સ્મરણ

એક દિવસ બ્રહ્મદત્ત ચક્રવર્તી રાજસભામાં બેઠો હતો, તેવામાં એક દાસીએ આવીને દેવાંગનાએ ગુંથ્યો હોય તેવો એક વિચિત્ર પુષ્પનો દડો તેને આપ્યો. તેને જોઈ બ્રહ્મદતને વિચાર આવ્યો. "આવો પુષ્પદડો કોઈ ઠેકાણે પૂર્વે મેં જોયેલો છે. એમ વારંવાર ઉહાપોહ કરતાં તેને પૂર્વના પાંચ ભવ બતાવનારૂં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયુ. તત્કાળ તે મૂર્છા પામ્યો. તે વખતે તેને યાદ આવ્યું કે પૂર્વે આવો દડો મેં સૌ ધર્મ દેવલોકમાં જોયો હતો. પછી સ્વસ્થ થઇ ચિંતવવા લાગ્યો. "હવે મારો પૂર્વ જન્મનો ભાઈ મને કયાં મળશે?" પછી તેને ઓળખવા માટે બ્રહ્મદત્તે અર્ધા શ્લોકની સમશ્યા આ પ્રમાણે રચી आश्व दासौ मृगौ हंसा मातंगा वमरौ तथा।' અને ઉદઘોષણા કરાવી કે જે આ અર્ધ શ્લોકની સમશ્યા પૂરી કરશે તેને હું મારૂં અર્ધું રાજ્ય આપીશ, પણ કોઇ તેને પૂરો કરી શકયું નહિ.

આ અરસામાં ચિત્રનો જીવ સૌધર્મ દેવલોકમાંથી ચ્યવી પુરિમતાલ નગરમાં શેઠને ત્યાં પુત્રપણે જન્મ્યો હતો. ત્યાં તેણે જાતિ સ્મરણ જ્ઞાન પામી દીક્ષા લીધી. વિહાર કરતા કરતા આ મુનિ કાંપિલ્ય નગરના ઉદ્યાનમાં પધાર્યા. કાઉસગ ધ્યાને રહેલ મુનિના કાનમાં 'आश्व दासौ मृगौ" ની પંક્તિ પડી. કાઉસગ પાળ્યા બાદ તેનો ઉત્તરાર્ધ एषा नौ षष्ठिका जातिरन्योऽन्याम्यां वियुक्तयोः

કહી પાદપૂર્તિ કરી. કોશવાહકે રાજાને મુનિએ પૂરેલ પૂર્તિની બીના જણાવી. બ્રહ્મદત્ત ત્યાં આવ્યો અને છઠ્ઠભવના બાંધવને જોઈ આનંદ પામ્યો. મુનિએ દેશના આપતાં જણાવ્યું, "હે રાજા! તેં બહારના શત્રુઓને જીત્યા પણ હવે અંતરંગ શત્રુઓને પણ જીતો અને સ્વકલ્યાણ સાધો ચક્રીએ કહ્યું, "તપના બળે મળેલ આ રાજ્યલક્ષ્મીનો આપ મારી પેઠે ઉપયોગ કરી મારા બાંધવ બની રાજ્યલક્ષ્મીના ભાગીદાર બનો." મુનિએ કહ્યું, "ભવોભવ રખડાવનાર તારી ઋદ્ધિ અમને ન ખપે." ચક્રીને ધર્મ માર્ગે વાળવા મુનિએ ઘણા પ્રયત્ન કર્યા. પણ બ્રહ્મદત્તને ભાઈ ઉપરના પ્રેમ સિવાય બીજો ધર્મપ્રેમ ન જાગ્યો.

નાગકન્યાનો દુરાચાર જોઇ બ્રહ્મદત્તે કરેલી શિક્ષા

એક વખત ચક્રી યવનરાજ તરફથી ભેટ મળેલ અશ્વ ઉપર બેઠો કે તુરત તે અશ્વ ચક્રીને જોતજોતામાં અટવીમાં લઇ ગયો. ત્યાં તેણે એક સ્વરૂપવાન કન્યા જોઈ. આ કન્યા સંબંધી વધુ વિચાર કરે તેવામાં તો તેણે નાગણીનું રૂપ કર્યું અને બીજા ગોનસ નાગ સાથે ભોગ ભોગવવા લાગી. રાજાને આ કૃત્યથી સ્ત્રી ઉપર ક્રોધ ચડયો અને તેને ચાબુક મારી. નાગકન્યા ક્રોધિત થઈ પતિને કહેવા લાગી, "બ્રહ્મદત ચક્રીએ મારી પાસે દુષ્ટ વાસનાની માગણી કરી. મેં ન સ્વીકારી તેથી તેણે મારા ઉપર પ્રહાર કર્યો." નાગરાજ પ્રિયાનું ઉપરાણું લઈ ચક્રીને ત્યાં આવ્યો; આ વખતે ચક્રી પોતાની પ્રિયાને નાગકન્યાની ગોનસ સાથેના ભોગની વાત કરી રહ્યો હતો. નાગદેવ સમજી ગયો કે "બ્રહ્મદત્ત નિર્દોષ છે" પ્રગટ થઈ તેણે ચક્રીને કહ્યું, "માગ, માગ, જે માગે તે આપું" ચક્રીએ કહ્યું, "મારે કંઈ જોઈતું નથી. મારે જોઈએ છે માત્ર મારા રાજયમાં ચોરી, વ્યભિચાર અને અપમૃત્યુનો નાશ" નાગે કહ્યું,

"આ માગણી તો પરોપકારી થઈ. તું મારી પાસે કંઈ અંગત માગણી કર." નાગના આગ્રહથી ચક્રીએ પશુપક્ષીની ભાષા સાંભળી સમજી શકવાની માગણી કરી. નાગદેવ તે વરદાન કોઈને ન કહેવાની શરતે આપ્યું અને જણાવ્યું કે "તું આ વાત કોઈને કરીશ તો મૃત્યું પામીશ." પછી નાગદેવ સ્વસ્થાને ગયો.

એક વખત બ્રહ્મદત્ત પોતાની વલ્લભાની સાથે શંગાર ગૃહમાં ગયા. ત્યાં ગૃહગોધા (ગરોળી)એ ગહગોધને કહ્યુ', "રાજાના વિલેપન-માંથી થોડું લાવી આપો જેથી મારો દોહદ પૂરો થાય. ગહગોધે કહ્યું, "તે અંગરાગ (વિલેપન) લેવા જતાં જરૂર હું મૃત્યુ પામુ" આ પ્રમાણે તેઓની વચ્ચે થતી વાતચીત સાંભળી ચક્રી હસી પડયા એટલે રાણીએ રાજાને પૂછ્યું, "તમે અકસ્માત કેમ હસ્યા ?" હવે તે કહેવાથી મૃત્યુ થાય એવો ભય હોવાથી રાજાએ કહ્યું, એમ જ રાણી બોલી, "આ હસવાનું કારણ મને અવશ્ય કહેવું જોઈશે. નહિ તો હું મરણ પામીશ." રાજાએ કહ્યું, "તે કારણ તમને ન કહેવાથી તમે તો મરશો કે નહીં, પણ તે કહેવાથી હુ તો જરૂર મરી જઇશ." રાજાના આ વચન પર શ્રદ્ધા ન આવવાથી રાણી બોલી, "તે કારણ તો મને જરૂર કહો. તે કહેવાથી કદી આપણે બન્ને સાથે મરીશું તો આપણી બન્નેની સરખી ગતિ થશે, માટે ભલે તેમ થાય." આ પ્રમાણે સ્ત્રીના દુરાગ્રહમાં પડેલા રાજાએ સ્મશાનમાં ચિતા રચાવી. અને રાણીને કહ્યું, "ચિતાની આગળ જઈ, મરવા તત્પર થઈ હું તે વાત તને કહીશ" પછી ચક્રી રાણી સાથે ગજારૂઢ થઈ ચિતા પાસે આવ્યા. તે વખતે નગરજનો સજળ નેત્રે તેમને જોઇ રહ્યા. એ વખતે ચક્રીની કોઈ કુળદેવી એક મેંઢાનુ અને એક સગર્ભા મેઢાનુ રૂપ વિકુર્વી ચક્રવર્ત્તીને પ્રતિબોધ આપવા માટે ત્યાં આવી. આ રાજા સર્વ પ્રાણીની ભાષા જાણે છે' એવું

જાણીને ગર્ભવતી મેંઢીએ પોતાની જ ભાષામાં મેંઢાને કહ્યું, "આ જવના ઢગલામાંથી એક જવનો પુળો તમે લઈ આવો. મારે તેનું ભક્ષણ કરી મારો દોહદ પૂરો કરવો છે." મેંઢો બોલ્યો, આ જવનો ઢગલો તો ચક્રીના ઘોડા માટે રાખેલ છે. તેથી તે લેવા જતાં તો મારૂં મત્યુ થાય. મેંઢી બોલી, "તમે એ જવ નહિ લાવશો તો હું મરી જઈશ." એટલે મેંઢે કહ્યું, "જો તું મરી જઇશ તો હું બીજી મેંઢી લાવીશ." મેંઢી બોલી, "જુઓ બ્રહ્મદત્ત ચક્રવર્તી પોતાની સ્રીને માટે મરવા તૈયાર થયો છે. એનોજ ખરો સ્નેહ છે તમે તો સ્નેહ વગરના છો" મેંઢો બોલ્યો, "એ રાજા અનેક સ્રીઓનો પતિ છે; તે છતાં એક સ્રી માટે મરવાને ઈચ્છે છે, તે તો તેની મૂર્ખતા જ છે; હું કાંઇ તેના જેવો મૂર્ખ નથી. કદી તે રાણી સાથે મરશે તો પણ ભવાંતરમાં તે બન્નેનો યોગ થશે નહિ, કારણ કે પ્રાણીઓની ગતિ તો કર્મને આધીન હોવાથી ભિન્ન ભિન્ન માર્ગવાળી છે." મેંઢાની વાણી સાંભળી ચક્રવર્ત્તીએ વિચાર્યું, "અહો ! આ મેંઢો પણ આવું કહે છે; તો પછી હું એક સ્રીથી મોહિત થઈ શા માટે મરૂં ?" પછી હું તારે માટે મરીશ નહિ, એમ રાણીને કહી ચક્રી સ્વસ્થાને ગયા.

ચક્રીના ભોજનથી બ્રાહ્મણને થયેલ ઉન્માદ

બ્રહ્મદત્તનુ મૃત્યુ

એક વખત કોઈ પૂર્વના પરિચિત બ્રાહ્મણે આવી બ્રહ્મદત્તને કહ્યું 'હે ચક્રી ! જે ભોજન તું જમે છે તે ભોજન મને આપ" ચક્રીએ કહ્યું, "મારૂં અન્ન ઘણું દુર્જર છે' કદી ચિરકાળે જરે છે તો પણ ત્યાં સુધી તે મહા ઉન્માદ કરે છે" બ્રાહ્મણ બોલ્યો, "ચક્રી તું અન્નનું દાન આપવામાં પણ કૃપણ છે." આવું તે બ્રાહ્મણનું વચન સાંભળી રાજાએ તે બ્રાહ્મણને કુટુંબ સહિત પોતાનું ભોજન

જમાડયું. ચક્રીના આહારે તે ભાન ભૂલ્યો અને સ્ત્રી, પુત્રી, પુત્રવધૂનો પણ વિચાર કર્યા વગર સૌ સાથે ભોગાસક્ત બન્યો ચક્રી અન્ન જીર્ણ થતાં નશો ઉતર્યો અને તેને પોતાના અવિવેક માટે લજ્જા ઉપજી. પોતાની ભૂલનો વિચાર ન કરતાં બ્રાહ્મણને ચક્રી પ્રત્યે વૈર જાગ્યું અને નિશાન તાકવામાં હોશિયાર ગોવાપુત્રને સાધી બે કાંકરા વડે બ્રહ્મદત્તની આંખો ફોડાવી નાખી ચક્રીના આરક્ષકોએ ગોવાળ બાળકને પકડયો ત્યારે તેણે આ કામ માટેના ખરા ગુનેગાર બ્રાહ્મણને બતાવ્યો. બ્રહ્મદત્તે બ્રાહ્મણ અને તેના કુટુંબનો નાશ કર્યો અને મંત્રીઓને હુકમ કર્યો કે તેમણે દરરોજ પોતાની આગળ બ્રાહ્મણોની આંખોનો થાળ ધરવો. દયાળુ મંત્રીઓ રાજાની આગળ આંખના જેવાં શ્લેષ્માતક ફળનો થાળ ધરતા. ચક્રી બ્રાહ્મણની આંખો માની દાંત પીસી ફોડતો, આમ સોળ વર્ષ સુધી મનથી પાપ કરતો અધર્મી બ્રહ્મદત્ત મૃત્યુ પામી સાતમી નરકે ગયો.

અન્તે બે ભાઈઓમાંથી એક ભાઈ ધર્મચક્રી બની મુક્તિપદ પામ્યો. બીજો બાન્ધવ ષટખંડ સાધી, ચક્રી બની સાતમી નરકે સિધાવ્યો.

## શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

કમઠે ધરણેન્દ્રે ચસ્વોચિતં કર્મ કુર્વતિ ।
પ્રભુસ્તુલ્ય મનોવૃતિઃ પાર્શ્વનાથ શ્રિયેડસ્તુ વઃ ॥

પોતપોતાની લાયકાત પ્રમાણે કામ કરતા કમઠ અને ધરણેન્દ્ર દેવ ઉપર સરખી મનોવૃત્તિવાળા–સમભાવવાળા શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમારી સંપત્તિ માટે હો

રોગ–જલ–જલણ–વિસ–હર–
ચોરારિ–મઈદ–ગય–રણ ભયાઈ

પાસ-જિણ-નામ-સંકિત્તણેણ

પસમંતિ સવ્વાઇં

રોગ, પાણી, અગ્નિ, સર્પ, ચોર, હાથી સંગ્રામ (વગેરે)થી ઉત્પન્ન થતા સર્વ ભયો પાર્શ્વનાથ ભગવંતનું નામ લેવાથી જ નાશ પામે છે (શાન્ત થઈ જાય છે).

ઉવસગ્ગંતે કમઠાઽસુરમ્મિ
ઝાણાઉ જો ન સંચલિઓ
સુર, નર, કિન્નર જુવઈહિં
સંથુઓ જયઉ પાસ જિણો

કમઠ અસુરના ઉપસર્ગ પછી પણ જેઓ ધ્યાનથી ચલિત થયા નથી, તે દેવો, મનુષ્યો અને કિન્નરોની જુવાન સ્રીઓ વડે સ્તુતિ કરાયેલા પાર્શ્વનાથ પ્રભુ જય પામો.

ઉવસગ્ગ હરં પાસં
પાસં વંદામિ કમ્મ ઘણ મુક્કં
વિસહર વિસ નિન્નાસં
મંગલ કલ્લાણ આવાસં
વિસહર ફુલિંગ મંતં
કંઠે ધારેઈ જો સયા મણુઓ
તસ્સ ગહ-રોગ-મારી-
દુટ્ઠ-જરા જંતિ ઉવસામં
ચિટ્ઠઉ દૂરે મંતો
તુ જઝ પણામો ત્રિ બહુ ફલો હોઈ
નરતિરિ એસુ વિ જીવા
પાવંતિ ન દુક્ખ દોગચ્ચં

વિઘ્નોને હરનાર, પાર્શ્વ નામનો યક્ષ જેમને સેવક છે એવા,

કર્મોના બોજા વગરના. પ્રાણીઓ (સર્પો વગેરે)ના ઝેરને નાશ કરનારા અને મંગળ અને કલ્યાણના ઘર સમાન શ્રી પાર્શ્વનાથ પ્રભુને હું વંદન કરું છુ.

જે માણસ ઝેરનો નાશ કરનાર ફુલીંગ (નામનો) મંત્ર હંમેશાં કંઠમાં ધારણ કરે છે (બોલે છે) તેના દુષ્ટ ગ્રહ, રોગ, મરકી અને વૃદ્ધાવસ્થા (રૂપ કષ્ટો) શાન્ત થાય છે.

(અરે ! એ) મંત્ર તો દૂર રહ્યો, પરંતુ આપને (કરવામાં આવેલો) પ્રણામ (માત્ર) પણ ઘણું ફળ આપનાર થાય છે (કે જેથી) મનુષ્ય તથા તિર્યંચોમાંના કોઈપણ જીવો દુઃખ અને દુર્ગતિ (દારિદ્ર) પામતા નથી.

પાસહ સમરણ જો કુણઈ
સંતુટ્ઠ હિય એણ
અટ્ઠુતર તસ વાહિ ભય
નાસઈ તસ્સ દૂરેણ

જે પાર્શ્વનાથ પ્રભુનું પ્રસન્ન હૃદયથી સ્મરણ કરે છે, તેની ૧૦૮ રોગોની બીક દૂર નાસી જાય છે.

પ્રાગ્ભાર સંભૃત નભાંસિ રજાંસિ
રોષાદુત્થાપિતાનિ કમઠેન શઠેન યાનિ ।
છાયાઽપિતૈસ્તવ ન નાથ હતા હતાશો
ગ્રસ્તસ્ત્વમીભિરયમેવ પરં દુરાત્મા ॥

લુચ્ચા કમઠે ખીજાઈને આકાશમાં ખૂબ ફેલાઈ રહે તેમ જે ધૂળ ઉડાડી હતી, હે નાથ ! તે ધૂળ આપના છાંયડાનોય લેશમાત્ર નાશ કરી શકી નહીં, પરંતુ નિરાશ થયેલા એ દુષ્ટને જ એણે (રજે) ઘેરી લીધો. (પાપ બાંધી સંસારમાં રખડ્યો).

યદ્ગ ગર્જદૂર્જિત ઘનૌઘમદભ્રભીમં

ભ્રશ્યત્તડિન્મુસલ માંસલ ઘોર ધારમ્ ।
દૈત્યેન મુક્તમથ દુસ્તર વારિ દધ્રે
તેનૈવ તસ્ય જિન ! દુસ્તરવારિ કૃત્યમ્ ॥

ગર્જના કરતાં મોટા મોટા વાદળોવાળું, ઘણું જ ભયંકર પડતી વીજળીઓવાળું, સાંબેલા જેવી ભયંકર જાડી ધારવાળું–મૂસળધાર અને ન તરી શકાય તેવું પાણી કમઠ દૈત્યે વરસાવ્યું ખરું, પરન્તુ હે જિનેશ્વર પ્રભો ! તે જ પાણીએ તેના માટે ન તરી શકાય એવા પાણીનું કાર્ય કર્યું (સંસારરૂપી પાણી ન તરી શકે, તેવી તેની સ્થિતિ થઇ).

ધ્વસ્તોર્ધ્વ કેશ વિકૃતાડડકૃતિ મર્ત્ય
મુણ્ડપ્રાલમ્બભૃદ્ભયદ વક્ત્ર વિનિર્યદગ્નિઃ ।
પ્રેતવ્રજઃ પ્રતિ ભવન્તમપીરિતોયઃ
સોડસ્યાડભવત્પ્રતિભવં ભવ દુઃખ હેતુઃ ॥

વિખરાયેલા ઊંચા વાળથી ભયંકર લાગતી આકૃતિવાળી માણસની ખોપરીઓની લટકતી માળા ધારણ કરનારા અને બિહામણા મોઢામાંથી અગ્નિ કાઢતા ભૂતોનું ટોળું આપના ઉપર છોડયું, તે પંચભૂતોનું ટોળું જ એ (કમઠ)ને દરેક ભવમાં સંસારના દુઃખનું કારણ થઈ પડયું.

**શ્રી પાર્શ્વનાથ પ્રભુના પૂર્વભવ**

પહેલો ભવ પુરોહિત પુત્ર મરૂભૂતિ
બીજો ભવ–હાથી ત્રીજો ભવ-દેવ ચોથો ભવ-કિરણવેગ વિદ્યાધર

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે પોતનપુર નામનુ નગર હતુ તેમાં અરવિંદ નામે રાજા હતો. તેને વિશ્વભૂતિ નામે એક શ્રાવક બ્રાહ્મણ પુરોહિત હતો. તે પુરોહિતને કમઠ અને મરૂભૂતિ નામે બે પુત્રો હતા. નાનો પુત્ર મરૂભૂતિ સંસારની અસારતાને જાણીને સંન્યાસી જેમ ભોજનથી વિમુખ થાય તેમ વિષયથી વિમુખ થયો

અને સ્વાધ્યાય તથા પૌષધ વગેરે વિધિમાં તત્પર થઈને અહોરાત્ર પૌષધાગારમાં રહેવા લાગ્યો મોટો પુત્ર કમઠ વિષયી થઈ પોતાના નાના ભાઇની સ્ત્રીને સેવવા લાગ્યો. તેની મરૂભૂતિને ખબર પડતાં રાજાને નિવેદન કર્યું. રાજાએ તેને ગધેડા ઉપર બેસાડી નગરમાં ફેરવી કાઢી મૂકયો. કમઠ લજ્જાથી દુઃખી થઈ તાપસ થયો. મરૂભૂતિ તે જાણી પશ્ચાતાપ કરતો ભાઈને ખમાવવા ગયો. પણ કમઠે તો પોતાને થયેલી વિડંબના સંભારી એક શિલા ઉપાડી મરૂભૂતિના માથામાં મારી તેથી મરૂભૂતિ આર્ત્તધ્યાને મરણ પામી વિંધ્યાચળ પર્વતમાં હાથી થયો. હાથીનો જીવ શુભધ્યાને મરણ પામી સહસ્રાર દેવલોકમાં દેવ થયો.

પ્રાગ્વિદેહના સુકચ્છનામના વિજયને વિષે રહેલા વૈતાઢયગિરિ પર તિલકા નામે એક ધનાઢય નગરી છે તે નગરીમાં ખેચરપતિ નામે રાજા હતો. તેને કનકતિલકા નામે પટ્ટરાણી હતી. મરૂભૂતિનો જીવ જે દેવલોકમાં દેવ હતો તે ચ્યવીને કનકતિલકા દેવીની કુક્ષિ વિષે પુત્રપણે અવતર્યો. યોગ્ય અવસરે સંપૂર્ણ નરલક્ષણવાળા એક પુત્રને તેણે જન્મ આપ્યો. પિતાએ તેનું કિરણવેગ એવું નામ પાડયું, કિરણવેગ મોટો થતાં તેને કિરણતેજ નામે પુત્ર થયો. કિરણતેજને ગાદીએ બેસાડી કિરણવેગે દીક્ષા લીધી. અનુક્રમે અંગધારી શ્રુતસ્કંધ હોય તેવા તે ગીતાર્થ થયા. અન્યદા ગુરૂની આજ્ઞાથી એકલવિહારી થઈને મુનિ આકાશગમન શક્તિવડે પુષ્કરવર દ્વીપમાં આવ્યા. ત્યાં શાશ્વત અર્હંતોને નમીને વૈતાઢયગિરિની પાસે હેમગિરિની ઉપર તે પ્રતિમા ધારણ કરીને રહ્યા. તીવ્ર તપ તપતાં પરિષહોને સહન કરતાં અને સમતામાં મગ્ન રહેતાં એવા તે કિરણવેગ મુનિ ત્યાં રહ્યા રહ્યા પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યા. એક દિવસે સર્પે મુનિને ડંશ દીધો તે વખતે કિરણવેગ

મુનિ ચિંતવવા લાગ્યા કે, "અહો આ સર્પ કર્મના ક્ષય માટે મારો પરમ ઉપકારી છે, જરાપણ અપકારી નથી. લાંબો કાળ જીવીને મારે કર્મનો ક્ષય જ કરવાનો છે, તો તે હવે અલ્પ સમયમાં કરી લઉ" આ પ્રમાણે વિચારી આલોચનાં કરી, બધા જગજીવોને ખમાવીને નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં ધર્મ ધ્યાનસ્થ એવા તે મુનિએ તત્કાળ અનશન કર્યું. ત્યાથી કાળ કરી કિરણવેગ મુનિ બારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

પાંચમો ભવ દેવ છઠ્ઠો ભવ રાજકુમાર વજ્રનાભ મુનિ સાતમો ભવ દેવ

જંબુદ્વીપમાં પશ્ચિમ મહાવિદેહમાં શુભકરા નામની નગરીને વિષે વજ્રવીર્ય નામે રાજા હતો તેની લક્ષ્મીવતી નામે રાણીની કુક્ષીને વિષે કિરણવેગ મુનિનો જીવ આવીને અવતર્યો. યોગ્ય અવસરે લક્ષ્મીવતીએ પુત્રને જન્મ આપ્યો, તેનું વજ્રનાભ એવું નામ પાડયું. તેણે મોટો થયા પછી ક્ષેમકર જીનેશ્વરની પાસે દીક્ષા લીધી. તીવ્ર તપસ્યા કરી વજ્રનાભ મુનિએ શ્રુતનો અભ્યાસ કર્યો. પછી ગુરૂની આજ્ઞાથી એકલવિહાર પ્રતિમાને ધારણ કરતાં અને તીવ્ર તપસ્યાથી કૃશ શરીરવાળા મુનિ અનેક નગર વગેરેમાં વિહાર કરવા લાગ્યા, અનુક્રમે મુનિને આકાશગમનની લબ્ધિ પ્રાપ્ત થઈ. એક વખતે આકાશમાર્ગે ઉડીને તે મુનિ સુકચ્છ નામના વિજયમાં આવ્યા. ત્યાં પૂર્વભવના વૈરી એક ભીલના બાણથી ઘાયલ થયા આર્ત્તધ્યાન રહિત એવા તે મુનિ નમોઽર્હદ્ભ્યઃ એમ બોલતા પ્રતિલેખના કરીને પૃથ્વી પર બેસી ગયા. પછી સમ્યગ આલોચના કરીને તે મુનિએ અનશન વ્રત ગ્રહણ કર્યું. પછી વિશેષ પ્રકારે મમતા રહિત થઈ ને સર્વ જીવોને ખમાવ્યા. એ પ્રમાણે ધર્મધ્યાનમાં રત થઇ મૃત્યુ પામી તે મુનિ દેવલોકમાં દેવ થયા.

આઠમો ભવ સુવર્ણબાહુ ચક્રવર્તી

વજ્રનાભનો જીવ દેવલોકથી ચ્યવીને જંબુદ્વીપમાં પૂર્વ

વિદેહને વિષે પૂરાણપુર નગરના કુલિશ બાહુ નામના રાજાના સુદર્શના નામે રાણીની કુક્ષીને વિષે અવતર્યો. તે વખતે રાત્રિના પ્રાંત ભાગમાં સુખે સૂતેલ દેવીએ ચક્રવર્તીના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્નો જોયાં. યોગ્ય અવસરે સુદર્શનાએ પુત્રને જન્મ આપ્યો. પિતાએ તેનુ નામ સુવર્ણ બાહુ પાડયું અનુક્રમે તે યૌવન વય પામ્યો. એક વખત વક્રઅશ્વ સુવર્ણ બાહુને ઘણે દૂર લઈ ગયો. ત્યાં તે રત્નપુરના ખેચરેન્દ્રની કન્યાને પરણ્યો ત્યાંથી વૈતાઢયગિરિ પર રત્નપુર નગરના અનેક વિદ્યાધરોની કન્યાઓ પરણ્યો ત્યાંથી તે બધી કન્યાઓને લઈને પોતાને નગર પાછો ફર્યો. અનુક્રમે સુવર્ણબાહુને રાજ કરતાં ચૌદ રત્ન પ્રાપ્ત થયાં. તેણે ચક્રના માર્ગને અનુસરીને છ ખંડ પૃથ્વી સાધી લીધી. ઘણાં વર્ષ રાજ કરી સુવર્ણ-બાહુએ જગન્નાથ તીર્થંકર પાસે દીક્ષા લીધી. પછી અર્હંત ભક્તિ વગેરે કેટલાક સ્થાનકોને સેવીને તે સુવર્ણબાહુ મુનિએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

નવમો ભવ દેવ

એક વખત વિહાર કરતા તે મુનિ ક્ષીરવર્ણા નામની અટવીમાં આવ્યા.ત્યાં તેજથી સૂર્ય જેવા સુવર્ણ બાહુમુનિ સૂર્યની સન્મુખ દષ્ટિ સ્થિર રાખી કાયોત્સર્ગ કરીને આતાપના લેવા લાગ્યાં. તે સમયે એક સિંહ મુનિ ઉપર ધસી આવ્યો. મુનિએ તેને દૂરથી આવતો જોઈ ચતુર્વિધ આહારના પચ્ચખ્ખાણ લઈ, આલોચના કરી, સર્વ પ્રાણીને ખમાવ્યા અને સિંહના ઉપર કિંચિત પણ વિકાર લાવ્યા વગર ધર્મધ્યાનમાં સ્થિર થયા. પછી કેશરીસિંહે વિદીર્ણ કરેલા તે મુનિ મુત્યુ પામીને દશમા દેવલોકમાં મહપ્રભ નામના વિમાનને વિષે દેવ થયા.

## દશમો ભવ—શ્રી પાર્શ્વનાથ પ્રભુ

### પાર્શ્વનાથ પ્રભુનો જન્મ

સુવર્ણબાહુનો જીવ વારાણસી નગરીમાં, ઈક્ષ્વાકુ વંશના અશ્વસેન રાજાની વામાદેવી પટ્ટરાણીને કુખે, ચૈત્ર સુદ ચૌદશે, વિશાખાનક્ષત્રે, દેવલોકમાંથી ચ્યવીને અવતર્યો, તે સમયે વામાદેવીએ ચૌદ મહાસ્વપ્નો જોયાં. સવારમાં રાણીએ રાજાને વાત કરી. રાજાએ સ્વપ્ન લક્ષણ પાઠકોને બોલાવી સ્વપ્નોનો અર્થ પૂછયો. સુપન પાઠકોએ કહ્યું, "સ્વામી! તમારે ત્રિભુવન પૂજ્ય એવા પુત્રની પ્રાપ્તિ થશે." અનુક્રમે પોષ વદ દશમે વામાદેવી માતાએ સર્પના લંછનવાળા નીલવર્ણા પુત્રને જન્મ આપ્યો. તત્કાળદિક કુમારીકાઓએ આવી સૂતિકા કર્મ કર્યું. ઇંદ્રાદિક દેવોએ પ્રભુનો જન્માભિષેક કર્યો.

પ્રભુ જ્યારે ગર્ભમાં હતા, ત્યારે વામાદેવી માતાએ એક દિવસ કૃષ્ણ પક્ષની રાત્રીએ પડખે થઈને એક સર્પને જતાં જોયો હતો. પછી તે વાત તરતજ પતિને કહી હતી; તે સંભારીને અને એ ગર્ભનો પ્રભાવ હતો એમ નિર્ણય કરીને રાજાએ કુમારનું પાર્શ્વ એવું નામ પાડયું.

પાર્શ્વ કુમારના દેહમાંથી નીલમના જેવી એક અદ્ભુત તેજ રેખા પ્રગટતી હતી. તેથી તેમનો દેહ નીલવર્ણનો જણાતો હતો. પંચધાવથી ઉછરતા પાર્શ્વકુમાર મોટા થયા. તે વખતે તેમના શરીરમાંથી નીકળતી નીલવર્ણની કાન્તિ વધારે તેજસ્વી બની તેમની લાંબી ભુજાઓ અને વિશાળ છાતી દુશ્મનોને ડરાવવા લાગી. ઉદારતા, ધૈર્ય અને પરાક્રમને લીધે તેઓ સૌના મનનું આકર્ષણ કરવા લાગ્યા. ગંભીરતા, જ્ઞાન અને સદ્ગુણોને લીધે તે સૌના મન પર અજબ પ્રભાવ પાડવા લાગ્યા.

રૂપગુણથી આકર્ષાઇ પાર્શ્વકુમારને પરણવાના પ્રભાવતીના નિર્ણયનો માતાપિતાએ વધાવી લીધો.

કુશસ્થલની રાજકુમારી પ્રભાવતી તેમના આ રૂપગુણ પર મોહિત થઈ. પ્રભાવતીના માતાપિતાએ સખીઓ દ્વારા આ જાણ્યું ત્યારે તેને સ્વયંવરા તરીકે પાર્શ્વકુમાર પાસે મોકલવાનો નિર્ણય કર્યો અને તે અંગે સઘળી તયારીઓ કરવા માંડી.

કલિંગના રાજાએ કુશસ્થલને ઘેરો ઘાલ્યો.

પ્રભાવતીનું રૂપ અપાર હતું. લાવણ્ય અમાપ હતું. વિદ્યા અને કલાની પણ તે ઉત્તમ જાણકાર હતી. આજ સુધીમાં કેટલાક રાજાઓ તેને વરવાનો મન સૂબો કરી ચૂકયા હતા, પણ પુત્રીની ઈચ્છાને માન આપનાર પ્રસેનજિત રાજાએ તે સર્વને સાફ ઈન્કાર સુણાવ્યો હતો એટલે જ્યારે એ સમાચાર બહાર આવ્યા કે પ્રભાવતી પાર્શ્વકુમારને પરણવા માટે સામી જાય છે ત્યારે ભારે ચકચાર પેદા થઈ. તેમાં કલિંગનો બળવાન રાજા યવન સૌથી આગળ પડયો. ભરસભામાં તે બોલ્યો, "હું છતાં પ્રભાવતીને પરણનાર પાર્શ્વકુમાર કોણ છે? અને તે કુશસ્થળનો પતિ કોણ છે કે જે મને પ્રભાવતી ન આપે? જો યાચકની જેમ કોઈ તે વસ્તુ લઈ જશે, તો વીરજનો તેનું સર્વસ્વ ખૂંચવી લેશે" આ પ્રમાણે કહીને અનન્ય પરાક્રમવાળા તે યવને ઘણું સૈન્ય લઈ કુશસ્થળ પાસે આવીને તેને ફરતો ઘેરો નાખ્યો.

પ્રસેનજિતની વિનતીથી અશ્વસેન રાજાએ કુશસ્થલ મદદ મોકલી

રાજા પ્રસેનજિત બહાદુર હતો. પણ કલિંગની સેના ઘણી મોટી હોવાથી આખર સુધી તેની સામે ટકી શકે એમ ન હતો. તેથી પોતાના વિશ્વાસુ દૂતને મોકલી તેણે અશ્વસેન રાજા પાસે મદદની માગણી કરી.

અશ્વસેન રાજા સાચા ક્ષત્રિય હતા એટલે તેમણે મદદ મોકલવાનો નિર્ણય કર્યો અને તે માટે સૈન્યને તૈયાર કર્યું. એ વખતે પાર્શ્વકુમારે પિતાને પ્રણામ કરી નમ્રતાપૂર્વક જણાવ્યું કે યુદ્ધમાં અજોડ એવા આપને કુશસ્થલ સુધી જવાની જરૂર નથી. આજ્ઞા હોય તો હું જ આ સૈન્યની સરદારી લઈ ત્યાં જઈશ અને યવનરાજની સાન ઠેકાણે લાવીશ.

પુત્રના અતિ આગ્રહને પિતાએ નમતું આપ્યું પાર્શ્વકુમાર વારાણસીના લશ્કરની સરદારી લઇ કુશસ્થલ ગયા અને નજીકના પહાડની છાયામાં લશ્કરે મુકામ કર્યો.

દુશ્મનને પ્રથમ ચેતવણી આપવી અને તે ન સમજે તો જ તેની સાથે યુદ્ધ કરવું એ ક્ષત્રિયોની નીતિ હતી. તેથી પાર્શ્વકુમારે બીજા દિવસે સવારે એક દૂતને બધી વાતની સમજ આપી યવનરાજ પાસે મોકલ્યો. આ દૂતે યવનરાજ પાસે પહોંચી જણાવ્યું કે "હે રાજન ! વારાણસીના મહારાજકુમાર શ્રી પાર્શ્વ તમને મારા મારફત કહેવડાવે છે કે પ્રસેનજિત રાજાએ મારા પિતાનું શરણ અંગીકાર કર્યું છે માટે તેમની સાથે લડવાનું છોડી દો અને જલદી તમારા ઠેકાણે પાછા ચાલ્યા જાઓ જો વિના વિલંબે તેમ કરશો તો તમારો અપરાધ માફ કરવામાં આવશે."

કલિંગરાજે ઘેરો ઉઠાવી લીધો

યવનરાજે પહેલાં તો પાર્શ્વકુમાર સાથે લડી લેવાનો નિર્ણય કર્યો પણ એક વૃદ્ધ મંત્રીની સલાહ માની પાર્શ્વકુમાર પાસે મૈત્રીની માગણી કરી. પાર્શ્વકુમારે તે સ્વીકારી અને કલિંગરાજા ઘેરો ઉઠાવી સ્વદેશ પાછા ફર્યા.

યવનરાજે ઘેરો ઊઠાવી લીધો. કુશસ્થલની પ્રજા હર્ષ ઘેલી બની. રાજા પ્રસેનજીત અને પ્રભાવતીના આનંદનો પાર રહ્યો નહિ

તેઓ સ્વજન પરિવાર સાથે પાર્શ્વનાથને સત્કાર કરવા સામે ગયા. ત્યાં રાજા પ્રસેનજીતે કહ્યું, "આપ સમયસર આવી પહોંચ્યા એટલે અમારૂં રક્ષણ થયું. આમ આપે અમારા ઉપર મોટી કૃપા કરી છે. હવે વધારે કૃપા કરીને, મારી પુત્રી પ્રભાવતીનો આપ સ્વીકાર કરો."

પાર્શ્વકુમાર મેઘના નિર્ઘોષ જેવી ધીરવાણી વડે બોલ્યા, "હે રાજન ! પિતાની આજ્ઞાથી હું માત્ર તમારી રક્ષા કરવા અહીં આવેલ છું; તમારી કન્યા પરણવાને આવેલ નથી; માટે હે કુશ-સ્થળપતિ? તમે એ વિષે વૃથા આગ્રહ કરશો નહીં. પિતાનાં વચનનો અમલ કરીને હવે અમે પાછા પિતાની પાસે જઈશું"

પાર્શ્વકુમારના આવા શબ્દો સાંભળી પ્રસેનજિતે વિચાર્યું કે 'આ કુમાર તો નિઃસ્પૃહ જણાય છે. પરન્તુ પિતાની આજ્ઞાને તે અવશ્ય માથે ચડાવશે' એટલે તેણે કહ્યું. "હું અશ્વસેન રાજાની ચરણવંદના કરવા ચાહું છું. તેથી રજા હોય તો આપની સાથે આવું."

પાર્શ્વકુમારનુ લગ્ન

પાર્શ્વકુમારે તેમાં સંમતિ આપી એટલે પ્રસેનજિત રાજા પ્રભાવતીને સાથે લઇ વારાણસી આવ્યા અને ત્યાં અશ્વસેન રાજાને વંદન કરીને પ્રભાવતીનો સ્વીકાર કરવા વિનંતી કરી અશ્વસેનના આગ્રહથી પાર્શ્વકુમારે લગ્ન માટે સંમતિ આપી. પ્રભાવતીનો મનોરથ આખરે પૂરો થયો હતો એટલે તેના હર્ષમાં મણા ન હતી અશ્વસેન અને વામાદેવીએ પુત્રને વિવાહિત થયેલો નિહાળ્યો હતો એટલે તેમના આનંદને અવધિ ન હતી.

પાર્શ્વકુમાર અને પ્રભાવતી વિવિધ ક્રીડા કરતાં આનંદમય દિવસો પસાર કરવા લાગ્યા.

એક વખતે ભગવાન પાર્શ્વનાથ મહેલ ઉપર ઝરૂખામાં બેસી નગરનું અવલોકન કરતા હતા તેવામાં પુષ્પ વગેરે પૂજાની સામગ્રી સાથે નગરના લોકો એક દિશા તરફ જતા દેખી પાસે ઊભેલા સેવકને પૂછયું, "આ લોકો ક્યાં જાય છે?" તેણે કહ્યું, "કોઈક ગામડામાં રહેનારો કમઠનામનો બ્રાહ્મણનો પુત્ર હતો. નાનપણમાં તેના માતાપિતા મરી ગયા હતા. દરિદ્ર અને નિરાધાર થઈ ગયેલા કમઠે ઉપર દયા લાવી લોકો તેનું ભરણપોષણ કરતા હતા. એક વખત રત્નજડિત ઘરેણાથી વિભૂષિત થયેલા નગરના લોકોને દેખી કમઠે વિચાર્યું, 'અહો! આ સઘળી રિદ્ધિ પૂર્વજન્મના તપનું ફળ છે. માટે હું તાપસ થઈ તપ કરું' એમ વિચારી કમઠ પંચાગ્નિ તપ વગેરે કષ્ટ ક્રિયાઓ કરનારો તાપસ થયો. હે સ્વામી તેજ કમઠ તાપસ ફરતો ફરતો નગરની બહાર આવ્યો છે, તેની પૂજા કરવા આ લોકો જાય છે."

આ પ્રમાણે સાંભળી પાર્શ્વનાથ પ્રભુ પણ તેને જોવા પરિવાર સહિત ગયા. ત્યાં તીવ્ર પંચાગ્નિના તાપથી તપ કરી રહેલો કમઠ પ્રભુના જોવામાં આવ્યો. તે સ્થળે અગ્નિકુંડમાં નાખેલા કાષ્ઠની અંદર બળતા એક મોટા સર્પને ત્રણ જ્ઞાનધારી શ્રી પાર્શ્વનાથ પ્રભુએ પોતાના જ્ઞાનથી જોયો, તેથી કરૂણા સાગર પ્રભુ બોલ્યા કે, "અહો અજ્ઞાન! અહો અજ્ઞાન! હે તાપસ! તું દયા વગરનું આ ફોગટ કષ્ટ શા માટે કરે છે? જે ધર્મમાં દયા નથી, તે ધર્મ આત્માને અહિત કર થાય છે. કહ્યું છે કે, દયા રૂપી મોટી નદીને કાંઠે ઊગેલા તૃણના અંકુરો સરખા બધા ધર્મ છે; જો તે દયા રૂપી નદી સૂકાઈ જાય, તો તે તૃણાંકુર સમાન ધર્મો કેટલીવાર સુધી ટકી શકે? માટે હે તપસ્વી! દયા વિના વૃથા કલેશકારક કષ્ટ શા માટે કરે છે?"

તે સાંભળી કમઠ ક્રોધ કરી બોલ્યો, "હે ક્ષત્રિય! રાજપુત્રો તો હાથી ઘોડા વગેરે ખેલવી જાણે મોજશોખમાં મશગૂલ રહેતા રાજકુમારો ધર્મ શું કહેવાય એ ન જ જાણે; ધર્મને અમે તપોધનો જ જાણીએ."

પ્રભુએ સર્પને બચાવી ધરણેન્દ્ર બનાવ્યો

આ પ્રમાણે કમઠના વચનો સાંભળી ક્ષમાસાગર પ્રભુએ નોકર પાસે અગ્નિકુંડમાંથી બળતું કાષ્ટ બહાર કઢાવી, તેને કુહાડા વડે યતનાપૂર્વક ચીરાવ્યું, એટલે તેમાંથી તુરતજ તાપ વડે આકુળ વ્યાકુળ બનેલો અને મરણ પ્રાય થઇ ગયેલો સર્પ નીકળ્યો. પ્રભુની આજ્ઞાથી નોકરે તે સર્પને નવકાર મંત્ર તથા પ્રત્યાખ્યાન સંભળાવ્યુ તે સાંભળી સર્પ તેજ ક્ષણે સમાધિપૂર્વક મરણ પામી નાગાધિપ ધરણેન્દ્ર થયો. પછી લોકો પાર્શ્વપ્રભુ પર પ્રશંસાનાં પુષ્પો વરસાવવા લાગ્યા. કમઠ તાપસ લોકોથી હેલના પામી, ભગવન્ત ઉપર દ્વેષ કરતો બીજે સ્થળે ચાલ્યો ગયો, અને તપ તપી, મરણ પામી ભવનવાસી મેઘકુમાર દેવોમાં મેઘમાલી દેવ થયો.

પાર્શ્વનાથ પ્રભુએ દીક્ષા લીધી

ત્રીશ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહી પાર્શ્વપ્રભુ દીક્ષા લેવા તત્પર થયા. પ્રભુને દીક્ષા લેવાને એક વરસ બાકી રહ્યું ત્યારે લોકાંતિક દેવોએ પોતાના સાશ્વત આચાર પ્રમાણે, પ્રભુને દીક્ષાનો અવસર જણાવવા બોલ્યા, "હે સમૃદ્ધિશાળી! આપ જય પામો, જય પામો હે કલ્યાણવંત આપ જય પામો, જય પામો. હે પ્રભુ! આપનું કલ્યાણ થાઓ. હે ભગવાન! આપ બોધ પામો, દીક્ષા, સ્વીકારો હે નાથ! તીર્થ પ્રવર્તાઓ" તે સાંભળી પ્રભુએ વાર્ષિક દાન આપવા માંડયું. પછી શક્રાદિક ઇંદ્રોએ અને અશ્વસેન પ્રમુખ રાજાઓએ પ્રાર્શ્વનાથ પ્રભુનો દીક્ષાભિષેક કર્યો. પછી દેવ અને

માનવોએ વહન કરવા યોગ્ય એવી શિબિકામાં બેસી પ્રભુ આશ્રમપદ નામના ઉદ્યાન સમીપ આવ્યા ઉદ્યાનમાં પ્રવેશ કરી, શિબિકા પરથી ઉતરી, પ્રભુએ આભૂષણાદિક સર્વ ત્યજી દીધું અને ઇન્દ્રે આપેલું એક દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કર્યું. પોષ માસની કૃષ્ણ એકાદશીએ શ્રી પાર્શ્વ પ્રભુએ અષ્ટમ તપ કરીને ત્રણસો રાજાઓની સાથે દીક્ષા લીધી. તત્કાળ પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

બે દિવસ બાદ પ્રભુ કોપકટ નામના ગામમાં પધાર્યા અને ધન્યને ત્યાં તેમણે પારણું કર્યું. પારણાને સ્થાને ધન્યે રત્નપીઠ સ્થાપી.

કલિકુંડ તીર્થ

ભગવાન વિહાર કરતા કરતા કાદંબરી અટવીમાં આવ્યા. અને ત્યાં રહેલ કુંડ સરોવરને કાંઠે કાઉસ્સગ ધ્યાને રહ્યા. ભગવાન ધ્યાનમાં લીન હતા તેવામાં મહી ધર નામે હાથી સરોવરમાં પાણી પીવા આવ્યો. તેણે પ્રભુને જોયા કે તરતજ તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું અને તે વિચારવા લાગ્યો "આ મહાપુરૂષના દર્શનથી જગતમાં એવી કઈ વસ્તુ છે કે જે પ્રાપ્ત ન થાય. હું પૂર્વજન્મમાં હેમ નામે કુલપુત્ર હતો. મારૂં શરીર વામન હતું તેથી લોકોની મશ્કરી સહન ન થઈ શકવાથી હું જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં મને એક મુનિ મળ્યા. મેં મુનિ પાસે દીક્ષાની માગણી કરી પણ મુનિએ મને સાધુપણા માટે અયોગ્ય માની દીક્ષા ન આપી પરંતુ શ્રાવક વ્રત આપ્યું. અંતકાળે આર્ત ધ્યાનથી મૃત્યુ પામી, વામન રૂપના તિરસ્કાર અને મોટી કાયાના પ્રેમને લીધે આ ભવમાં હું હાથી થયો. હું જો અત્યારે માનવ હોત તો પ્રભુને મારૂં સમગ્ર જીવન અર્પી સ્વકલ્યાણ સાધત. પણ હાલ તો હું પશુ છું એટલે લાચાર છું."

પછી તે હાથીએ સરોવરમાં સ્નાન કરી, કમલના પુષ્પ લઈ, પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ, તેમની પુષ્પ પૂજા કરી, પોતાના આત્માને ધન્ય માનતો સ્વસ્થાને ગયો. પછી દેવોએ પણ પ્રભુની પૂજા કરી.

આ અરસામાં કોઈએ ચંપાનગરીના રાજા કરકંડુને ખબર આપી કે નજીકમાં પ્રભુ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે. કરકંડુ ભગવાનના કાઉસ્સગ્ગ સ્થાને આવ્યો અને ભગવાનને વંદન કર્યું પણ પ્રભુ તો ધ્યાન ધરતા મૌન રહ્યા. પ્રભુના વિહાર બાદ સ્મૃતિ ચિન્હ તરીકે કરકંડુ રાજાએ ત્યાં એક પ્રાસાદ બંધાવ્યો અને નવહાથની પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠાપૂર્વક સ્થાપન કરી. જતે દિવસે તે સ્થાન કલિકુંડ તીર્થ નામે પ્રસિદ્ધ થયું. પ્રભુની પૂજા કરનાર હાથી મૃત્યુ પામી આ તીર્થનો રક્ષક વ્યંતરદેવ થયો. ત્યારથી આ તીર્થ ખૂબ જ પ્રભાવશાળી અને ચમત્કારિક બન્યું.

## અહિછત્રા તીર્થ

પાર્શ્વપ્રભુ ગ્રામાનુગ્રામ વિચરતા શિવપુરી નગરીના કોશામ્બ નામના વનમાં પધાર્યા અને ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. આ સમયે દેવલોકમાં ધરણેન્દ્ર પોતાને મળેલી દેવઋદ્ધિ જોઈ વિચારવા લાગ્યા કે આ ઋદ્ધિ મને કયા કર્મથી મળી. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં તેને પ્રભુનો પૂર્વભવનો ઉપકાર યાદ આવ્યો. તે તુરત ભગવાનના કાઉસ્સગ્ગ સ્થાને આવ્યો. પ્રભુને ધૂમધખતા તડકામાં ઊભેલા જોઈ, ભક્તિથી સહસ્રફણાવાળું નાગરૂપ ધરી પ્રભુના મસ્તક ઉપર રહ્યો અને ભગવાન ઉપર છાયા વિસ્તારી તડકાને દૂર કર્યો. નિર્મોહી ભગવાને કાઉસ્સગ્ગ પૂરો થયા પછી ત્યાંથી વિહાર કર્યો. પણ તે સ્થાને જતે દિવસે, લોકોએ એક નગર વસાવ્યું જે અહિછત્રાનગરી તરીકે પ્રસિદ્ધ થયું, અને ત્યાં જે જિનમંદિર બંધાવ્યું તે અહિછત્રા તીર્થ તરીકે જાણીતું થયું.

## કુર્કટેશ્વર તીર્થ

વિહાર કરતાં કરતાં પ્રભુ રાજપુર નગર નજીક કાઉસ્સગ્ગ

ધ્યાને રહ્યા. તેવામાં તે નગરના રાજા ઈશ્વરને સેવકે સમાચાર આપ્યા કે પ્રભુ અહીં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે. ભગવાનને વાંદવા રાજા હર્ષભેર આવ્યો. ભગવાનને દેખતાં તેનું મગજ ભમવા લાગ્યું અને તે મૂર્છા ખાઈ જમીન ઉપર પડ્યો. મૂર્છા ઉતરતાં તે બોલ્યો કે, "મને પ્રભુને દેખી જાતિ સ્મરણ જ્ઞાન થયું છે. હું પૂર્વભવમાં વસંતપુર નગરમાં દત્ત નામનો બ્રાહ્મણ હતો. કોઢ રોગથી કંટાળી હું જીવનનો અન્ત આણવા ગંગામાં ડુબી મરવા ગયો કે તુર્ત આકાશમાર્ગે જતા મુનિએ મને રોક્યો. મુનિ નીચે ઊતર્યા અને મને કહેવા લાગ્યા કે દુઃખનું ઔષધ મૃત્યુ નથી પણ ધર્મ છે. મેં તેમની પાસેથી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

"એક વખત હું જીનમંદિરે ગયો. ત્યાં મેં પ્રભુનાં દર્શન કર્યાં અને ત્યારબાદ મુનિને વંદન કરી તેમની પાસે બેઠો. આ સમયે પુષ્પકલિક નામના એક શ્રાવકે મુનિને પૂછયું, "આવા રોગી માણસો દેરાસરમાં આવી શકે ખરા ?" મુનિએ જવાબ આપ્યો કે 'અવગ્રહનું પાલન અને આશાતનાનો ત્યાગ કરી ખુશીથી આવી શકે." પછી પુષ્પકલિકે મુનિને પૂછયું, "આ માણસ મરીને કઈ ગતિ પામશે ?" મુનિએ જવાબ આપ્યો. "આ દત્ત બ્રાહ્મણ મરી મરઘો થશે." આ શબ્દો સાંભળી હું રડી પડ્યો, અને કહેવા લાગ્યો કે "ભગવન્ત ! આ ભવમાં તો હું કોઢથી પીડાઉં છું. અને આવતા ભવમાં તિર્યંચ થઈશ. ભગવાન ! મારે કોઈ તરવાનો ઉપાય નહીં હોય ?" મુનિએ જવાબ આપ્યો, "તારે બહુ શોક કરવાનું કારણ નથી. તિર્યંચના ભવમાં તને મુનિને દેખી જાતિ સ્મરણ જ્ઞાન થશે અને ત્યાં તું અનશન કરી મૃત્યુ પામી રાજપુર નગરનો રાજા થઈશ. પ્રભુ દર્શનના પ્રતાપે મને આ પૂર્વભવો યાદ આવ્યા છે."

પ્રભુએ કાઉસ્સગ્ગ પાળી વિહાર કર્યો. પણ રાજાએ આ સ્થાનની સ્મૃતિ માટે એક ચૈત્ય બંધાવ્યું અને તેમાં પાર્શ્વ પ્રભુની પ્રતિમાને પ્રતિષ્ઠાપૂર્વક સ્થાપન કરી. જતે દિવસે આ સ્થાન

કુર્કટેશ્વર નામના તીર્થ તરીકે જાણીતું થયું અને ત્યાં વસાવેલું નગર કુર્કટેશ્વર નગર કહેવાયું.

**પાર્શ્વપ્રભુને થયેલા ઉપસર્ગો**

પાર્શ્વપ્રભુને થયેલા ઉપસર્ગો બે પ્રકારના હતા–અનુકૂળ અને પ્રતિકૂળ. દેવ દેવીઓએ નાટક દેખાડવાં, દેવીઓ અને સ્ત્રીઓએ આલિંગન કરવાં, ભોગની પ્રાર્થના કરવી વગેરે અનુકૂળ ઉપસર્ગો કહી શકાય. દેવ, મનુષ્ય વગેરેએ ભય બતાવવા, પ્રહાર કરવા વગેરે પ્રતિકૂળ ઉપસર્ગોની કોટિમાં મૂકી શકાય. દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી આવા પ્રકારના ઉત્પન્ન થયેલા તે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને પ્રભુએ નિર્ભયપણે, દીનતારહિતપણે અને કાયાની નિશ્ચલતા રાખી સહન કર્યા. ઉપસર્ગ કરનાર ઉપર પ્રભુ ગુસ્સે થયા નહિ. પાર્શ્વનાથ પ્રભુને થયેલ ઉપસર્ગોમાં કમઠે કરેલો ઉપસર્ગ નીચે જણાવ્યા પ્રમાણે થયો.

વિહાર કરતાં કરતાં પાર્શ્વપ્રભુ એક વખતે કોઈ તાપસના આશ્રમમાં પધાર્યા, અને ત્યાં રાત્રિએ કૂવાની નજીકમાં વડવૃક્ષ નીચે પ્રતિમા ધ્યાને સ્થિત થયા. હવે પેલો કમઠ તાપસ મરીને મેઘમાલી દેવ થયો હતો, તેણે આ અવસરે પ્રભુને ધ્યાન મગ્ન જોયા. તે નીચ દેવ પૂર્વભવનું વૈર સંભારી પ્રભુને ઉપદ્રવ કરવા તત્કાલ ત્યાં આવ્યો.

**મેઘમાલી દેવે પાર્શ્વપ્રભુને કરેલ ઉપસર્ગ**

ક્રોધથી ધમધમી રહેલા તે નીચ દેવે વેતાલ, સિંહ, વીંછી, સર્પ વગેરે જુદાં જુદાં રૂપ વિકુર્વી, તેઓ વડે પ્રભુને ઘણા ઉપસર્ગો કર્યા; છતાં ધ્યાનમાં લીન રહેલા પ્રભુ તે ઉપસર્ગોથી જરાપણ ક્ષોભ પામ્યા નહિ. પ્રભુની આવી દઢતા જોઈ મેઘમાલીને ઉલટો વધારે ક્રોધ ચડયો; તેથી તેણે આકાશમાં કાળરાત્રિ જેવો ભયંકર મેઘ વિકુર્વ્યો. તેમાં યમદેવની જીભ સમાન વીજળીઓ ચારે દિશામાં ચમકવા લાગી. બ્રહ્માંડ ફાટી જાય એવી ઘોર ગર્જનાઓ થવા લાગી, અને તે મેઘ કલ્પાંત કાળના મેઘની પેઠે મુશળધારાએ વરસવા લાગ્યો.

આકાશ અને પૃથ્વી જળમય થઈ ગઈ; અને પૂરવેગથી ચાલતા જલ પ્રવાહોમાં મોટા મોટા વૃક્ષો પણ ઉખડી જઈ તણાવા લાગ્યા. તે જલ ક્ષણવારમાં પ્રભુના ઘૂંટણ સુધી પહોંચ્યું, ક્ષણવારમાં કટિ સુધી આવ્યું, અને ક્ષણવારમાં તો પ્રભુની નાસિકાના અગ્ર ભાગ સુધી પહોંચી ગયું. છતાં ધ્યાનમગ્ન પ્રભુ જરાપણ ચલિત થયા નહિ. આ અવસરે ધરણેન્દ્રનું આસન કંપ્યું. તેથી તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું તો પરમોપકારી પ્રભુને ઉપસર્ગ થતો જોયો. તત્કાલ ધરણેન્દ્ર પોતાની પટ્ટરાણીઓ સહિત પ્રભુ પાસે આવ્યો અને પ્રભુને ભક્તિપૂર્વક નમસ્કાર કરી, પ્રભુના મસ્તક ઉપર ફણાઓ રૂપે છત્ર ધર્યું; આવી ભક્તિ કરનાર ધરણેન્દ્ર ઉપર અને ઘોર ઉપસર્ગ કરનાર મેઘમાલી ઉપર સમભાવમાં લીન બનેલા પ્રભુની મનોવૃત્તિ તુલ્ય હતી. પછી અમર્ષ સહિત વરસતા મેઘમાલીને ધરણેન્દ્રે કહ્યું, " અરે દુર્મતિ ! પોતાના અનર્થ માટે આ તેં શું આરંભ્યું છે? હું ભગવંતનો સેવક છું. તેથી તારા આવા દુષ્કૃત્યને સહન કરવાનો નથી. એ પરમકૃપાળુએ કાષ્ઠમાં બળતા એવા મને ઉગારી નમસ્કાર મંત્ર સંભળાવી, ઈન્દ્ર બનાવ્યો અને તને પાપથી અટકાવ્યો; આવા ઉપકારી ઉપર પણ તું નિષ્કારણ શત્રુતા શા માટે ધારણ કરે છે. ત્રણ જગતને તારવાને સમર્થ એવા એ પ્રભુ જલથી ડુબવાના નથી, પણ મને લાગે છે કે અગાઢ ભવ-સાગરમાં તુજ બુડવાનો છે" એ પ્રમાણે કહી ધરણેન્દ્રે મેઘમાલીને ફીટકાર આપી હાંકી મૂકયો.

પાર્શ્વપ્રભુને કેળવજ્ઞાન

ધરણેન્દ્રના આવાં વચન સાંભળી ભયભીત બનેલો મેઘમાલી તત્કાળ સર્વ જલ સંહરી લઈ, પ્રભુનું શરણ કરી, પ્રભુના ચરણમાં આવીને પડયો, અને અંજલિ જોડી પ્રભુ પાસે પોતાના અપરાધ ખમાવી સ્વસ્થાને ચાલ્યો ગયો. ધરણેન્દ્ર પણ પ્રભુને વંદન કરી પોતાના સ્થાને ગયો. ભગવાન ત્યાંથી વિહાર કરતા અનુક્રમે વારાણસી પૂરી સમીપ આવી આશ્રમપદ નામના ઉદ્યાનમાં ઘાતકી વૃક્ષની નીચે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. ત્યાં દીક્ષાના દિવસથી ૮૪ દિવસો

વ્યતીત થયે પ્રભુને ચૈત્ર માસની કૃષ્ણ ચતુર્થીએ પૂર્વાહ્નકાળે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે શક્ર પ્રમુખ દેવતાઓએ આસન કંપથી તે હકીકત જાણી, ત્યાં આવી સમવસરણની રચના કરી. સમવસરણમાં રત્નસિંહાસન પર બીરાજી પ્રભુએ દેશના આપી.

**અશ્વસેન, વામાદેવી, પ્રભાવતી વગેરેની દીક્ષા**

પ્રભુની દેશના સાંભળી ઘણાએ દીક્ષા લીધી અને ઘણા શ્રાવક બન્યા. અશ્વસેન રાજાએ પણ પ્રતિબોધ પામી તત્કાળ પોતાના લઘુ પુત્ર હસ્તિસેનને રાજ્ય સોંપી દીક્ષા લીધી. વામાદેવી અને પ્રભાવતીએ પણ પ્રભુની દેશના સાંભળી, સંસારથી વિરક્ત થઈ મોક્ષ સાધન કરાવનારી દીક્ષા લીધી. પ્રભુને આર્યદત્ત વગેરે દશ ગણધરો થયા. પ્રભુએ તેમને સ્થિતિ, ઉત્પાદ અને વ્યયરૂપ ત્રિપદી કહી સંભળાવી. તે ત્રિપદી સાંભળી તેમણે દ્વાદશાંગીની રચના કરી.

**પાર્શ્વપ્રભુનો પરિવાર**

શ્રી પાર્શ્વપ્રભુને સોળ હજાર સાધુઓ, અડત્રીશ હજાર સાધ્વીઓ, ત્રણસો પચાસ ચૌદ પૂર્વધારી, એક હજારને ચારસો અવધિજ્ઞાની, સાડા સાતસો મનઃપર્યવજ્ઞાની, એક હજાર કેવળ-જ્ઞાની, અગિયારસો વૈક્રિયલબ્ધિવાળા, છસો વાદીઓ, એક લાખને ચોસઠ હજાર શ્રાવકો અને ત્રણ લાખ અને સીત્તોતેર હજાર શ્રાવિ-કાઓનો પરિવાર થયો.

**પાર્શ્વપ્રભુનું નિર્વાણ**

પોતાનો નિર્વાણ સમય નજીક જાણી પાર્શ્વપ્રભુ સંમેતશિખર ગિરિએ પધાર્યા. ત્યાં બીજા તેત્રીસ મુનિઓ સાથે પ્રભુએ અનશન ગ્રહણ કર્યું. શ્રાવણમાસની શુક્લ અષ્ટમીએ, પાર્શ્વપ્રભુ તેત્રીશ મુનિઓ સાથે મોક્ષે ગયા.

ગૃહસ્થપણામાં ત્રીસ વર્ષ અને વ્રત પાળવામાં સીત્તેર વર્ષ એમ સો વરસનું આયુષ્ય શ્રી પાર્શ્વનાથપ્રભુએ ભોગવ્યું.

---

* પંડિત શ્રી વીરવિજયકૃત શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજામાં પાર્શ્વ-નાથ પ્રભુનું જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.

ઓમ્ ઋષભ, અજીત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચન્દ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાન્તિ, કુંથું, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમી, પાર્શ્વ, વર્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા

જેમના રાગદ્વેષરૂપી દોષો ક્ષીણ થઇ ગયા છે એવા વીતરાગ દેવની ભક્તિ કરવાથી આરોગ્ય, સમ્યગ દર્શનનો લાભ અને સમાધિમરણ પામી શકાય છે.

દેવાધિદેવની સ્તુતિ કરવાથી અનેક જન્મોની પરંપરાથી બંધાયેલું પ્રાણીઓનું પાપ ક્ષણવારમાં નાશ પામે છે.

જેમ લોકમાં, તીવ્ર અગ્નિના સંયોગથી ખાણમાંથી નીકળેલું સોનું આદિ ધાતુઓ શુદ્ધ બને છે, તેમ જીનેશ્વર દેવના ધ્યાનથી ભવ્ય પ્રાણીઓ ક્ષણવારમાં શરીરને છોડી દઇ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે.

હે પ્રભુ ! આપના ચરણ કમળની મારે ભવોભવ સેવા હોજો. તમને પ્રણામ કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મોનો ક્ષય, સમાધિમરણ અને સમ્યક્ત્વનો લાભ થાઓ.

સિદ્ધાણં બુદ્ધાણં પારગયાણં પરંપર ગયાણં
લોઅગ્ગ મુવગયાણં નમો સયા સવ્વ સિદ્ધાણં

ચંદ્રો કરતાંયે અત્યંત નિર્મળ, સૂર્ય કરતાંયે અધિક પ્રકાશ ફેલાવનારા, મોટામાં મોટા સમુદ્રથીએ ખૂબ ગંભીર એવા હે સિદ્ધો ! મને મોક્ષ આપો.

જેના પ્રભાવથી જગતમાં વિજય પ્રાપ્ત થાય છે, સાત અંગવાળું રાજ્ય મળે છે અને સૌભાગ્યનો લાભ થાય છે, તેમજ પરભવમાં દેવેન્દ્રપણું અને ચક્રવર્તીપણું મળે છે તે શ્રી સિદ્ધચક્ર ભગવંત અમને સિદ્ધિ આપો.

સિદ્ધચક્રની આરાધનામાં ઉદ્યત એવા ભક્તિશાળી આત્માઓ જે જે વસ્તુની ઈચ્છા કરે છે તે તે પ્રાપ્ત કરે છે. સિદ્ધચક્રની આરાધનાથી શ્રી જિનશાસનનું સમ્યક આરાધન થાય છે કારણ કે આ જિનશાસનના સારભૂત કહેવાય છે.

ચત્તારિ સરણં પવજ્જામિ—
અરિહંતે સરણં પવજ્જામિ,
સિધ્ધે સરણં પવજ્જામિ,
સાહુ સરણં પવજ્જામિ,
કેવલિ—પન્નતં ધમ્મ' સરણં પવજ્જામિ.